# જૈન
# સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ
## ભાગ-૧

: પ્રણેતા :
શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા

: સંપાદક :
આ. શ્રી વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

: પ્રકાશક :
આ. શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર-સૂરત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીને નમઃ ॥
॥ શ્રી ભદ્ર-ૐકાર-ભુવનભાનુસૂરિ સદ્ગુરુભ્યો નમોઃ ॥

આચાર્ય શ્રીૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ મૌક્તિક : ૨૭

# જૈન
# સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ
## ભાગ-૧

## (ખંડ-૧)
### સાર્વજનીન સાહિત્ય


—: પ્રણેતા :—

**હીરાલાલ રસિકદાસ કાપડિયા**


●

—: સંપાદક :—

**આચાર્ય શ્રી વિજયમુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**

●


—: પ્રકાશક :—

**આચાર્ય શ્રી ૐકારસૂરિજ્ઞાનમંદિર**
**ગોપીપુરા, સૂરત.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**JAIN SANSKRIT SAHITYANO ITIHAS**

Author :
KAPADIA HIRALAL RASIKLAL

Editor :
Ac. Munichandrasuri M. S.

–: પ્રકાશક :–
આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર
સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧
ફોન : ૨૪૨૬૫૩૧, ૨૪૦૧૪૬૮
E-Mail : omkarsuri@rediffmail.com

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| ૐકાર સાહિત્યનિધિ<br>વિજયભદ્રચેરીટેબલ ટ્રસ્ટ<br>હાઈવે, મુ. ભીલડીયાજી (જિ. બનાસકાંઠા)<br>ફોન : ૯૫૨૭૪૪-૨૩૩૧૨૯ | આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર<br>સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧<br>ફોન : ૨૪૨૬૫૩૧, ૨૪૦૧૪૬૮<br>E-Mail : omkarsuri@rediffmail.com |
| સરસ્વતી પુસ્તક ભંડાર<br>હાથીખાના, રતનપોળ અમદાવાદ-૧<br>ફોન : ૨૫૩૫૬૬૯૨ | સાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ<br>જૈન દેરાસર માર્ગ, સાન્તાક્રુઝ (વેસ્ટ)<br>મુંબઈ-૪૦૦૦૫૪. ફોન : ૨૬૪૯૪૨૩૪ |

: પ્રકાશન વર્ષ :
વીર સંવત-૨૫૩૦
વિક્રમસંવત ૨૦૬૦
ઈસ્વીસન ૨૦૦૪

કિંમત
રૂા. ૨૫૦-૦૦

: કમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ :
ભરત ગ્રાફીક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ-૧,
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

AC Shree Omkarsuri Gyan Mandir Granthavali-27

# A HISTORY OF THE SANSKRIT LITERATURE OF THE JAINAS

## VOLUME I

Secular

**Hiralal Rasikdas Kapadia** [M. A.]

Formely Lecturer in Mathematics and subsequently Professor of Ardhamagadhi and University Teacher For Ph. D. in Ardhamagadhi

Editor :

**Ac Vijay Munichandrasuri**

Published by :

**Acharya Omkarsuri Gyan Mandir - Surat.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સમ્મતિ પત્ર

પૂ. આ. ભ. **શ્રી યશોદેવસૂરિ** મ.સા.ની પ્રેરણા અને પ્રયાસથી આ ગ્રંથનું પ્રકાશન શ્રીમુક્તિ-કમલ-જૈન મૌહનમાલા વડોદરાથી થયું હતું. પૂ. આ. ભ. શ્રીએ પણ આના પુનઃ પ્રકાશન માટે સહર્ષ સંમતિ આપી છે. પૂજ્યશ્રીને ભાવભરી વંદના.

[ પ્રસ્તુત ગ્રન્થના પુનઃપ્રકાશન માટે શ્રી કાપડિયાના સુપુત્રોએ સમ્મતિ આપી છે. એ બદલ તેઓના આભારી છીએ.

આ કાર્ય શ્રી રમણલાલ ચી. શાહે પોતાનું સમજીને કરી આપ્યું છે. તેઓને પણ ખૂબ ધન્યવાદ ! પ્રકાશક.]

**પરમ પૂજ્યશ્રી મુનિચન્દ્રસૂરિજી મ. સા.**

**જત ડૉ. રમણભાઈ શાહ દ્વારા જાણવા મળ્યું કે અમારા પિતાશ્રી સ્વ. ડૉ. હીરાલાલ રસીકદાસ કાપડિયાએ લખેલ ગ્રંથ "જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ" (ભા.૧-૨-૩) આપ શુદ્ધિ-વૃદ્ધિ સાથે એક જ વોલ્યુમમાં પ્રકાશિત કરવા ઈચ્છો છો, કારણ કે આ ગ્રંથ હાલ અપ્રાપ્ય છે. આ ગ્રંથ પ્રકાશિત કરવા માટે અમારા તરફથી કોઈ પણ અપેક્ષા વગર સહર્ષ સંમતિ આપીએ છીએ.**

લી.
બિ. હી. કાપડિયા
**V. H. Kapadia**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી કુન્થુનાથસ્વામિને નમઃ

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

ભાગ ૧,૨,૩ના

પ્રકાશનનો સંપૂર્ણ લાભ

**શ્રી શાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ**

**જૈન દહેરાસર માર્ગ, શાન્તાક્રુઝ (વેસ્ટ),**

**મુંબઇ-૪૦૦ ૦૫૪. ફોન : ૨૬૪૯૪૨૩૪**

(જ્ઞાનદ્રવ્યમાંથી) લીધો છે.

ધન્યવાદ !

લી. પ્રકાશક.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ" ભાગ– ૧,૨,૩ ડૉ. **હીરાલાલ કાપડિયાએ** તૈયાર કર્યા હતા.

આ ત્રણ ભાગોનું પ્રકાશન પૂ. આ. ભ. શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મ. સા., પૂ. આ. ભ. શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મ. સા., મુનિપ્રવરશ્રી **યશોવિજયજી** મ. સા. (હાલ પૂ. આ. ભ. શ્રી યશોદેવસૂરિ મ. સા.) ની પ્રેરણા અને માર્ગદર્શન પ્રમાણે **"શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા"** વડોદરા દ્વારા ઈ. સ. ૧૯૫૬, ઈ. સ. ૧૯૬૭ અને ઈ. સ. ૧૯૭૦માં થયું હતું.

ઘણાં વર્ષોથી દુર્લભ બનેલા આ ગ્રંથોનું પુનઃપ્રકાશન કરતાં અમને ઘણો હર્ષ થાય છે.

પૂ. આ. ભ. **શ્રી અરવિન્દસૂરિ મ. સા.**, પૂ. આ. ભ. **શ્રી યશોવિજયસૂરિ મ. સા.** આદિના માર્ગદર્શન મુજબ અમારી ગ્રન્થમાલામાં વિવિધ ગ્રન્થો પ્રગટ થતાં રહે છે.

પ્રસ્તુત ગ્રન્થનું સંપાદન પૂ. આ. ભ. **શ્રી વિજયમુનિચન્દ્રસૂરિ મ. સા.** એ કર્યું છે. તેઓશ્રીએ શ્રી કાપડિયાના લખાણને એ જ પ્રમાણે રહેવા દીધું છે. જ્યાં નવી વિગતો, હકીકતફેર કે સુધારો જરૂરી જણાયો ત્યાં તેઓશ્રીએ ચોરસ કૌંસ [ ] માં સુધારા, ઉમેરા વગેરે મુક્યા છે.

આ પ્રકાશનથી જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ જાણવામાં ઘણી સહાય થશે. અભ્યાસીઓ આ ગ્રંથનો વધુને વધુ ઉપયોગ કરે એ જ અભિલાષા...

•

**લી.**
**ટ્રસ્ટીગણ**

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ
આ. ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સૂરત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## • આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર – ગ્રંથવાલી




- શ્રી સમસ્ત વાવપથક જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-
  ગુરુસ્મૃતિ પ્રતિષ્ઠા સ્મૃતિ
- શેઠ શ્રી ચંદુલાલ કક્લચંદ પરિવાર (વાવ) (બનાસકાંઠા)
- શેઠ શ્રી ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવાર
- પાલીતાણા ચાતુર્માસ સમિતિ (જુનાડીસા) જ્ઞાનદ્રવ્યમાંથી
- શ્રી ધર્મોત્તેજક પાઠશાળા – શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ
- સૂઈગામ જૈન સંઘ – સૂઈગામ (બનાસકાંઠા)
- શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ –
  વાંકડિયા વડગામ (રાજસ્થાન)
- શ્રી ગરાંબડી જૈન સંઘ – ગરાંબડી (બનાસકાંઠા)
- શ્રી રાંદેર રોડ જૈન સંઘ – સુરત.

### પ્રભુવાણી પ્રસાર અનુમોદક

- શ્રી મોરવાડા જૈન સંઘ–મોરવાડા (બ.કાં.)
- શ્રી ઉમરા જૈન સંઘ–સુરત
- શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ–સુરત

### પ્રભુવાણી પ્રસાર ભક્ત

શ્રી દેશલપુર (કંઠી) શ્રી પાર્શ્વચન્દ્રગચ્છ (મુનિભવનચન્દ્રજીની પ્રેરણાથી)
શ્રી ધ્રાગંધ્રા શ્રી પાર્શ્વચન્દ્રસૂરીશ્વરગચ્છ (મુનિભુવનચન્દ્રજીની પ્રેરણાથી)

**પત્રવ્યવહાર : સેવંતીલાલ એ. મહેતા**
આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૦૨૬૧-૨૪૨૬૫૩૧, ૨૪૩૯૦૨૪
**E-mail :omkarsuri@rediffmail.com**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બે બોલ

**વર્ષો** અગાઉ જાણીતા પીઢ કર્મઠ સાહિત્યકાર શ્રીયુત **મોહનલાલ દ.** દેસાઈકૃત. 'જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' **મે**ક્ડોનલકૃત 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' અને એના જેવાં અન્યાન્ય જૈન અજૈન પુસ્તકોને જોઇને એક સ્ફુરણા થયેલી કે પ્રાકૃત તેમજ સંસ્કૃત સાહિત્યને લગતા જૈનધર્મના તમામ ગ્રંથોનું, તેના પરિચય સાથે એક સંસ્કરણ તૈયાર થવું જોઇએ. તે પછી તો જેઓને શ્રેષ્ઠ-શ્રેષ્ઠતમ કોટિના ગણી શકાય, તેવો વિદ્વાનો, ખાસ કરીને અજૈન વિદ્વાનોના હાથે લખાયેલાં ઇતિહાસ વિષયક પુસ્તકો અને તેમાંનાં પ્રકરણો આંખે ચઢવા માંડ્યાં, અને જ્યારે એમાં જૈન સાહિત્ય તેમજ તેના સાંસ્કૃતિક વિષય અંગેની અલ્પજ્ઞતા અને અજ્ઞાનતા જોઇ, ત્યારે તો તે માટે મને ભારે દુઃખ થયું અને આપણા શ્રીસંઘની બેદરકારી માટે શરમ પણ ઊપજી. અરે ! કેટલાક લેખકોએ તો જાણે-અજાણે પણ, જૈનધર્મના મર્મની સમજણોના અભાવે, તેના સિદ્ધાન્તો અને સંસ્કૃતિને ભારે અન્યાય આપતી વિકૃત રજૂઆતો પણ કરેલી જોઇ, ત્યારે તો મારી પૂર્વોક્ત ભાવના બળવત્તર બની ગઇ. આમાં મને ચોક્કસપણે એ પણ લાગ્યું પહેલા અપરાધી જો કોઇ હોય તો તે જૈન ધર્મ-સંસ્કૃતિના ઉપાસકો તરીકે ગણાતા આપણે જ છીએ, જેમણે પોતાની અજોડ, અદ્ભુત, અનુપમ અને વિશ્વોપકારક સાહિત્યની કીમતી સમૃદ્ધિને, પ્રસિદ્ધિનો જોઇએ તેવો પ્રકાશ આપ્યો નથી. પરિણામે ભગવાન્ જિનેશ્વરદેવની મુદ્રાથી અંકિત, આપણા સંગીન અને મૌલિક સાહિત્યની પુનિત અને નિર્મળ ગંગા, યોગ્ય આત્માઓના હૃદય-નયનપથ સુધી બરાબર પહોંચી શકી નથી અને એનો સુયોગ્ય વિદ્વાનોને પણ, બહુ ઓછો લાભ મળ્યો છે. આમ છતાંયે મારે એ કહેવું જ જોઇએ કે આજ સુધીમાં જેટલું જૈન સાહિત્ય પ્રસિદ્ધ થયું છે તે પણ વિપુલ પ્રમાણમાં છે અને છેલ્લા દશકામાં તો આધુનિક દૃષ્ટિએ સંપાદિત થયેલું સાહિત્ય પણ ઠીક ઠીક પ્રમાણમાં બહાર પડી ચૂક્યું છે, છતાં આજના વિદ્વાન લેખકો તેને લક્ષ્યપૂર્વક વાંચતા નથી, સમજતા નથી અને ઉપર ઉપરથી વાંચીને ઇધર-તિધરથી ઉઠાવીને પોતાના ગ્રંથમાં માત્ર બે ત્રણ પાનાં, જૈન-દર્શન, સાહિત્યને લગતાં લખવાનાં રાખ્યાં હોય તે ભરી દે છે અને પોતાની જાતને સંતોષ મનાવે છે. પણ આ રીતે માત્ર પાનાં ભરવાથી જૈન સાહિત્યને ક્યારેય ન્યાય કે સંતોષ આપી શકાતો નથી. અને આ જ કારણે બીજા નંબરના અપરાધી તરીકે હું લેખકોને સૂચવી શકું !

**પ**ણ હવે બન્નેએ નિરપરાધી બનવું જોઇએ. જૈનસંઘ તરફથી તો છેલ્લા દશ વર્ષમાં અનેકદેશીય સાહિત્ય બહાર પડ્યું છે ને હવે એ દિશામાં સારા પ્રમાણમાં પ્રયત્નો જારી પણ છે. એટલે હવે લેખકોને પોતાનો ધર્મ બજાવવાનો રહે છે. એટલે કે તેઓએ જૈન સાહિત્યનો ઊંડા ઉતરીને મનનપૂર્વક *ઠીક ઠીક* અનુગમ કરવો જ *જોઇશે એના મૌલિક ઉદ્દેશો ને ઉચ્ચતમ સિદ્ધાંતો*, એની પરિભાષાઓ ને અજોડ ખૂબીઓ અને વળી, એના સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેને, ખૂબ ખૂબ અર્થપૂર્ણ રીતે સમજવા જોઇશે.

જૈન દર્શન એ એક નિરાલું દર્શન છે. એની સર્વજ્ઞમૂલક ખૂબીઓ અનન્ય છે. મધ્યસ્થભાવે આમૂલચૂલક અધ્યયન કર્યા વિના એનું સાચું રહસ્ય લાધશે નહિ અને એનું સાંસ્કૃતિક ગૌરવ પણ સમજાશે નહીં. અન્ય સંસ્કૃતિઓના અધ્યયન સાથે ભારતની આ મહાન્ સંસ્કૃતિનું અધ્યયન નહિ થાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં સુધી અન્ય સાંસ્કૃતિક અધ્યયનો અપૂર્ણ જ રહેશે અને વિદ્વાનોને તે ચમકતાં નહિ જ લાગે. આ વાત હું જ કહું છું એમ નથી પણ આજના માધ્યસ્થ્યવૃત્તિ ધરાવનારા અજૈન વિદ્વાનો પણ આ જ હકીકતને જાહેરમાં જોરશોરથી કહે છે. એટલે અજૈન વિદ્વાનોને મારી વિનંતિ છે. કે તેઓ જરી-પુરાણા થયેલા અસત્ પૂર્વ ગ્રહોને હવે ઝડપથી છોડે, પરાયા ભાવને તિલાંજલિ આપે, અને જૈન સંસ્કૃતિનું અધ્યયન-અધ્યાપન કરવા-કરાવવામાં, પૂરતો રસ અને ઉત્સાહ દાખવે.

આ ઠેકાણે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણા કેટલાય ભારતીય વિદ્વાનોને એ પ્રતીતિ થઇ છે કે જૈન સાહિત્યમાં સાર્વદેશીય અને સાર્વક્ષેત્રીય હકીકતનો અખૂટ ખજાનો ભર્યો છે. એટલે તે તરફ હવે તેઓનું ઠીક ઠીક પ્રમાણમાં આકર્ષણ વધતું ચાલ્યું છે. તેઓ જૈન-સંસ્કૃતિના અધ્યયનમાં રસ લઇ રહ્યા છે, અને અધ્યયનની વિશિષ્ટ દિશાને ખુલ્લી કરી મોકળી કરી રહ્યા છે. અને તેમના જ હાથે-

"જૈનસંઘ પાસે વિપુલ સાહિત્ય સમૃદ્ધિ નથી, અને સાર્વદેશીય સાહિત્ય-સર્જન છે જ કયાં?"

ઇત્યાદિ જે જે ગેરસમજ ભર્યા અભિપ્રાયો, ખોટી રીતે બંધાયા હતા અને તેથી કેટલાકના હાથે જે અસંબદ્ધ વિધાનો બોલાયાં, લખાયાં અને છપાયાં હતા, એનાં પરિમાર્જનની શરૂઆત પણ થઇ ચૂકી છે. એ ખરેખર! એક અતિ આનંદનો વિષય છે.

જૈનસંઘને મારી સૂચના છે-વિનંતિ છે કે, વર્તમાન પરિસ્થિતિ, જૈન સંસ્કૃતિના પ્રકાશ અને પ્રચાર માટે તો એટલી અને એવી અનુકૂળ છે કે, જો જૈન સંસ્કૃતિના પ્રચાર અને પ્રકાશ માટે, વિવિધ પ્રકારે હરણફાળ ભરવામાં આવે તો જૈન સંસ્કૃતિનો પ્રવાહ વિશ્વભરમાં વહેતો કરી શકાય અને એ પ્રવાહમાં અનેક આત્માઓ ડૂબકી મારીને પાવન બની શકે ! પણ અફસોસની વાત એ છે કે, વર્તમાન કલહ-કંકાસમાં અટવાઇ ગયેલા જૈનસંઘના સૂત્રધારોને પ્રચારનું મૂલ્ય સમજાયું જ નથી. અને જેઓને સમજાયું હશે તેઓ સક્રિય પ્રયત્નશીલ નથી. પરિણામે વર્તમાનની સાનુકૂળ પરિસ્થિતિનો સર્વાંગી લાભ શ્રીસંઘ ઉઠાવી શકતો નથી એ બીના જેટલી ખેદજનક છે તેટલી જ દુઃખદ છે આ દુઃખદ પરિસ્થિતિનો જલ્દી અંત લાવવો જોઇએ.

આટલી વાત તો પ્રાસંગિક હૈયે હતી, તેમાંથી થોડીક હોઠે આવી અને કલમે અહીં ટપકાવી.

હવે મૂળ મુદ્દા પર આવું.

આ પુસ્તક પ્રકાશક સંસ્થાના સૂત્રધારોને, વર્તમાન સમયમાં જાહેર પ્રજાને પોતાના સમૃદ્ધ વારસાનાં દર્શન કરાવવાની અને જૈનધર્મની સેવામાં પોતાનો યત્કિંચત્ ફાળો નોંધાવવાની, જૈન સંસ્કૃતિ અને સાહિત્યની પ્રૌઢતા, પ્રખરતા અને ગંભીરતા જોવાની ભાવના પ્રગટી અને જાણીતા સુરતનિવાસી, અનેક કૃતિઓના સંશોધક, સંપાદક અને અનુવાદક, વિદ્વાન લેખક શ્રીયુત હીરાલાલ રસિકલાલ કાપડિયાને મળવાનું થયું ત્યારે તેઓએ પોતાના પ્રકાશિત પ્રાકૃત ભાષાના ઇતિહાસની જેમ, જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખવાની પ્રેરણા કરી, અને પોતાની પાસે તેની કાચી સામગ્રી સારા પ્રમાણમાં હોવાનું પણ જણાવ્યું. અર્થાત્ આ વિષયમાં તેમણે ઘણી સારી તૈયારી બતાવી. પૂજ્ય ગુરુદેવો અને સંસ્થાના કાર્યકરોને આ વાત કરતાં, પ્રસ્તુત વાતને તેઓએ સહર્ષ વધાવી લીધી. પછી શ્રી કાપડિયા સાથે, તેની રૂપરેખા, કાર્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મર્યાદાને ગ્રંથમર્યાદા નક્કી થઇ. પછી એમણે કાર્ય શરૂ કર્યું. રૂપરેખા તો ઠીક જળવાઇ, પણ બાકીની મર્યાદાઓ જળવાઇ ન શકી. ગ્રંથમર્યાદા તો ત્રિગુણાધિક થઇ ગઇ, જેથી ત્રણ ખંડો પાડવાનું નક્કી થયું, અને પરિણામે સંસ્થા આજે તેનો પેલો ભાગ જ પ્રસિદ્ધ કરી રહી છે. આ પ્રકાશન દ્વારા જૈન સંસ્કૃત સાહિત્યની વિશાળતાનો અને તેની અનેકવિધ ખૂબીઓનો અર્થાત્ જૈન વિદ્વાનોએ વિદ્યા-કલા અને સાહિત્યના કેટકેટલાં ક્ષેત્ર ઉપર કલમ ચલાવી છે તેનો ખ્યાલ મળશે, અને ઘણા ભ્રમો, અધૂરા ખ્યાલો દૂર થશે અને વળી આ પ્રકાશનથી જૈન-જૈનેતર વિદ્વાન વાચકોને પ્રચૂર માહિતીઓ અને અનુભવો પણ મળશે. આશા છે કે, જૈન-અજૈન જનતા, આવા ઉપયોગી પ્રયત્નનો જરૂર સમાદર કરશે.

આ ગ્રંથમાં ઉઠાવેલા પ્રબલ પરિશ્રમ અંગે વિદ્વાન્ લેખક શ્રી કાપડિયાને સહર્ષ ધન્યવાદ આપું છું, અને તેમની જૈન સાહિત્યની શેષ સેવાઓનું વિધવિધ રીતે દર્શન કરાવવાની તેમની અખૂટ ભાવના સફળ બને એવી શુભેચ્છા સેવું છું.

આટલું કહ્યા બાદ એક વાતનું સંસૂચન કરવાનું ઉચિત સમજું છું તે એ કે–

ઇતિહાસ–સાહિત્ય વગેરે એવી ચીજ છે કે, એમાં પૂરેપૂરા નિર્ણયો લેવાયા જ છે એવું નથી હોતું. જે હોય છે તેમાં કેટલાક એવા પણ હોય છે કે જે સંપૂર્ણ રીતે સાચા ન પણ હોય, આનુમાનિક પણ હોય, ને છેવટે સંભવિત પણ રાખવામાં આવ્યા હોય. મારે અહીં એ કહેવું જોઇએ કે, વિદ્વાનોએ કેટલાક સંયોગોમાં ઉપરોક્ત સ્થિતિને માન્ય રાખી છે, પણ તે એવા સાધનો અને સાહિત્ય માટે કે જે અપ્રાપ્ય હોય અને જેની હકીકતો મળતી ન હોય ! પરંતુ આમાં, કેટલીક પ્રકાશિત અને લભ્ય કૃતિઓ માટે એવું બને ત્યારે તે કેમ ગમે ? અને આથી અમુક કૃતિ પ્રત્યક્ષ રીતે એક માહિતી આપતી હોય ત્યારે આ પ્રકાશનમાં બીજી જ માહિતી જણાવતી હોય ! ક્યાંક ક્યાંક તો ઉલ્ટી જ હકીકત પણ રજૂ થઇ હોય. વળી, કેટલીક પ્રાકૃત કૃતિઓને સંસ્કૃત માનીને, અજૈન કૃતિને જૈન ગણીને, પ્રકાશિત કૃતિને અપ્રકાશિત સમજીને પરિચય અપાયો છે. ક્યાંક અનૈતિહાસિક વિધાન પણ નજરે ચઢી જાય છે.

આ માટે આપણા માનનીય લેખક વિદ્વાને, થોડોક વધુ પરિશ્રમ કરીને. જો સંસ્થાઓની સૂચીઓ મેળવી લીધી હોત, અને થોડી વધુ જાંચ કરી હોત તો, સૂચિત ક્ષતિઓથી આ સંસ્કરણને જરૂર બચાવી શકાયું હોત! અને આવું અતિપરિશ્રમ અને વ્યય સાધ્ય પ્રકાશન, શહાદતો (References) માટેનું પ્રામાણિક સાધન બની ગયું હોત !' અને આ ગ્રંથ લખાવવા પાછળ સંસ્થાની જે ભાવના અને લક્ષ્ય હતું તે વધુમાં વધુ રીતે પાર પડ્યું હોત ! અસ્તુ !

અન્તે જૈન શ્રીસંઘને વિનંતિ કે, સંઘના પ્રત્યેક અંગને, પોતાની અણમોલ સાહિત્ય સંપત્તિનું દર્શન થાય અને તેમાંથી અનેકવિધ કલ્યાણકર પ્રેરણાઓ મેળવે, એ માટે આ પ્રકાશનને જરૂર વસાવી લે.

**શ્રીયશોવિજય** મ. સા.
માટુંગા (મુંબઇ) જેઠ સુદિપૂર્ણિમા
વિ. સં. ૨૦૧૦

[પ્રથમ આવૃત્તિમાંથી સાભાર.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ ૐર્હં ॥

॥ જયઉવીર સચ્ચઉરી મંડળ ॥ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી સિદ્ધિ-ભદ્ર-વિલાસ-જનક-ૐકાર-હ્રીઁકાર-ભદ્રંકર-અરવિંદ-યશોવિજય-જિનચન્દ્રવિજયેભ્યો નમઃ ॥

# સંપાદકીય નિવેદન

શ્રી હીરાલાલ કાપડિયા દ્વારા રચિત જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ–૧નું પુનઃપ્રકાશન થઈ રહ્યું છે ત્યારે ઘણો હર્ષ થાય છે.

ઈતિહાસનું આલેખન અતિ જટીલ કાર્ય છે.

ત્રિપુટી મહારાજે ત્રીસથી ચાલીસ હજાર ગ્રંથો, લેખો, પ્રશસ્તિઓ આદિના અધ્યયન પછી 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ–૧,૨,૩,૪ દ્વારા (વિ.સં. ૨૦૦૯ થી ૨૦૩૯ સુધીમાં) આચાર્યો, રાજાઓ, શ્રેષ્ઠિઓ આદિની પરંપરાને આલેખી છે.

મોહનલાલ દલીચંદ દેસાઈએ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ" લખી જૈન સાહિત્યકારોએ રચેલા ગ્રંથોની વિસ્તૃત નોંધ આપી છે.

શ્રી હીરાલાલ કાપડિયાએ આ સાહિત્યમાંથી સંસ્કૃત ભાષામાં રચાયેલા સાહિત્યનો વિભાગવાર પરિચય આપ્યો છે.

એમાં પણ આ પ્રથમ વિભાગમાં સાર્વજનીન સાહિત્યનો પરિચય આપ્યો છે.

આ ગ્રંથ દ્વારા આપણને સંસ્કૃત વ્યાકરણ વગેરે વિષયોમાં જૈન ગ્રંથકારોએ કેટલા અને કેવા ગ્રંથો રચ્યા છે, એ ગ્રંથો કોના કોના દ્વારા ક્યારે સંપાદિત, સંશોધિત અને પ્રકાશિત થયા છે તે અને એ ગ્રંથોની વિશેષતા, અન્ય ગ્રંથો સાથે એની તુલના વગેરે શ્રી કાપડિયાએ આ ગ્રંથમાં આપી છે.

કોઈ પણ ગ્રન્થ અને ગ્રન્થકાર કે પ્રકાશક વગેરેની વિગત સહેલાઈથી અભ્યાસીઓ મેળવી શકે માટે ગ્રંથકાર, લેખક, સંપાદક, સંશોધક વગેરેની અકારાદિ સૂચી પૃષ્ઠાંકો સાથે પ્રથમ પરિશિષ્ટમાં આપી છે.

બીજા પરિશિષ્ટમાં ગ્રંથો, લેખો વગેરેની અકારાદિ સૂચિ આપી છે. આ બન્ને પરિશિષ્ટમાં ત્રણ વિભાગ દ્વારા શ્વેતાંબર (અને યાપનીય), દિગંબર અને અજૈન ગ્રંથ-ગ્રંથકારોની વિગતો જુદી જુદી આપી છે. ત્રીજા પ્રકીર્ણ નામોના પરિશિષ્ટમાં પ્રકાશકો અન્ય વ્યક્તિઓ વગેરેની અકરાદિ સૂચિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પુનર્મુદ્રણ–

આજથી પચાસ વર્ષ પૂર્વે જ્યારે સાધન સામગ્રી ઓછી હતી અને મુદ્રણ વ્યવસ્થા સુગમ ન હતી ત્યારે પણ ટાંચા સાધનો દ્વારા પણ જે ઇતિહાસો લખાયા છે એવું કાર્ય કરવાવાળા આજે આપણને ક્યાંય નજરે પડતાં નથી. પરંતુ વર્ષોથી દુર્લભ બનેલા આ ગ્રંથોને સુલભ કરવા પુનર્મુદ્રણ / પુનઃપ્રકાશનની પ્રવૃત્તિ જોવા મળે છે.

જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ–૧,૨ અને ૩નું પુનઃપ્રકાશન તાજેતરમાં (૨૦૫૬, ૨૦૫૭, ૨૦૫૯માં) યશોવિજય જૈન આરાધના ભવન દ્વારા પાલીતાણાથી થયું. **जैन साहित्य का बृहद् इतिहास** ના ૧ થી ૭ ભાગોનું પુનર્મુદ્રણ પાર્શ્વનાથ શોધપીઠ વારાણસીથી થયું છે.

**भ. पार्श्वनाथ की परंपरा का ईतिहास** –લે. જ્ઞાનસુંદર. આનું ત્રણ ભાગમાં પુનઃ પ્રકાશન પં. શ્રી રત્નસેનવિજયજીના સંપાદનપૂર્વક દિવ્યસંદેશ-મુંબઇથી થયું છે.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પ્રવચન પ્રકાશન-પુનાથી પુનર્મુદ્રિત થયો છે.

(આ પુનઃપ્રકાશન પ્રાયઃ ફોટો ઝેરોક્ષ પદ્ધતિથી મર્યાદિત નકલોમાં થયું હોવાથી અપ્રાપ્ય બની ગયું છે. આ ઇતિહાસનું ઓફસેટ પદ્ધતિથી મોટી સાઇઝમાં પુનઃપ્રકાશન કાર્ય શરૂ થયું છે. અને આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિમાં ટુંકમાં પ્રગટ થશે.) અમને થયું કે કાપડિયાના ઇતિહાસના ભાગોનું પણ પુનઃપ્રકાશન થવું જોઇએ. આ બાબત મેં સુહૃદ્‌વર આચાર્યપ્રવર શ્રી રત્નસુન્દરસૂરિ મ. સા. ને જણાવી.

તેઓનો ઉત્તર આવ્યો કે આના પુનઃપ્રકાશન સંપાદન વગેરે બાબતો આપ જ સંભળો અને આના પ્રકાશન-ખર્ચનો લાભ શ્રી સાંતાક્રુઝ જૈન તપાગચ્છ સંઘને આપો.

આ પછી શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (પશ્ચિમ) ના ટ્રસ્ટીવર્યો રૂબરૂ મળીને આ ગ્રંથ સારામાં સારી રીતે પ્રકાશિત કરવા અને એનો સંપૂર્ણલાભ સંઘના જ્ઞાનખાતામાંથી લેવાની ભાવના વ્યક્ત કરી.

આ પછી આ ગ્રંથનું કાર્ય તુરંત શરૂ થયું. પ્રથમ ભાગ આપના હાથમાં છે. ભાગ ૨ અને ૩ પણ આ જ ગ્રંથાવલિમાં આના અનુગામિ બનીને આની સાથે જ પ્રગટ થઇ રહ્યા છે.

## લેખકશ્રીનો પરિચય :

શ્રી હીરાલાલ કાપડિયાના પરિચય માટે શ્રી રમણલાલ સી. શાહનો લેખ અન્યત્ર આપ્યો છે તેમાંથી લેખકશ્રીના જીવન અને સાહિત્ય વિશે વિશેષ પરિચય મળી જશે.

## આનંદદાયક સમાચાર :

શ્રી હીરાલાલભાઈએ લખેલા બધા લેખો વગેરે સાહિત્ય પ્રગટ થઇ શક્યું નથી. જે છપાયું છે તે પણ જુદા જુદા અનેક પત્ર, પત્રિકાઓના વિવિધ અંકોમાં પ્રગટ થયું હોવાથી વાચકો માટે અતિદુર્લભ બન્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવા અનેક સ્થળેથી પ્રગટ થયેલા લેખોનો સંગ્રહ કરી પ્રકાશિત કરવાનું આયોજન પં. જિતેન્દ્રકુમાર બી. શાહ (ડાયરેક્ટર લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર) એ ગોઠવ્યું છે.

લગભગ ૫૦૦ જેટલા લેખો પાંચ વોલ્યુમમાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈ શ્રુતનિધિ દ્વારા પ્રકાશિત થવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રગટ થતાં શ્રી કાપડિયાનું દુર્લભ સાહિત્ય સુલભ થશે.

## પ્રસ્તુત સંસ્કરણ :

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ફોટો-ઝેરોક્ષ પદ્ધતિથી એમનો એમ પ્રગટ થયો છે. भ. पार्श्वनाथ की परंपरा का ईतिहास અને જૈ. સા. બૃહદ્ ઇતિહાસ સાત ભાગોનું પણ સુધારા-વધારા વિના પુનર્મુદ્રણ જ થયું છે. જૈન પરંપરાનો ઇતિહાસ બીજી આવૃત્તિમાં પુનરુક્તિ દૂર કરી રાખી સંક્ષેપીકરણ કર્યું છે. ક્યાંક સામગ્રીનો સ્થળ-બદલો કરાયો છે. પણ નવી કોઇ વિગતો જોડવામાં આવી નથી. જ્યારે પ્રસ્તુત પ્રકાશનમાં અનેકવિધ સામગ્રી જોડવામાં આવી છે.

છેલ્લા બે-ત્રણ દશકામાં વિપુલ પ્રમાણમાં સાહિત્યનું પ્રકાશન થયું છે.

અનુસંધાન (એપ્રિલ-૨૦૦૩)ના અંકમાં આ. શીલચન્દ્રસૂરિ મ. સા. લખે છે કે–

સદ્ગત વિદ્વાન પ્રા. હીરાલાલ રસીકદાસ કાપડિયાએ "જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" લખ્યો છે, તેમાં એક સ્વતંત્ર ગ્રન્થ લખીને ઉમેરવો પડે તેટલી કૃતિઓ તો તે પછી પ્રકાશમાં આવી ગઇ છે. અને પ્રકાશમાં ન આવેલી કૃતિઓનો જથ્થો તો હજી એવા કેટલા ગ્રન્થ માગશે તેની કલ્પના જ કરવી પડે.

પ્રસ્તુત સંસ્કરણમાં નવા પ્રગટ થયેલા સંસ્કૃત સાહિત્યની મળે તેટલી વિગત મુકવા અમે પ્રયાસ કર્યો છે. કેટલાક પ્રકાશનોની વિગત ગ્રંથમાં તે તે ગ્રંથની વિગત હોય ત્યાં જ આપી છે. કેટલાકની પ્રકરણના છેડે આપી છે. આ વિગતોમાં આવતાં ગ્રંથ, ગ્રંથકાર, પ્રકાશક આદિ નામો તે તે પરિશિષ્ટમાં ઉમેરી દેવાયા છે.

## પૃષ્ઠાંકો વિષે :

પ્રથમ સંસ્કરણનો આજ સુધી ઉપયોગ થતો રહ્યો છે. શ્રી હીરાભાઈએ પણ એમના અનેક ગ્રંથો લેખોમાં પ્રથમ સંસ્કરણના પેજ નંબરો આપ્યા છે. એટલે પ્રથમ સંસ્કરણના પેજ નંબર પણ આ દ્વિતીય સંસ્કરણમાં મળી શકે તે માટે દરેક પેજમાં P કરીને જુના સંસ્કરણના પેજ નંબર લખ્યા છે.

આ સંસ્કરણના પેજ ૧ માં P ૧થી P ૨ પહેલાનું લખાણ જુના સંસ્કરણમાં ૧નં. પેજમાં છે.

જે લીટી સામે P પછી જે અંક લખ્યો છે તે પંક્તિથી જુના સંસ્કરણનું તે પેજ શરૂ થાય છે. એમ સમજવું.

આ ઉપરાંત એકી પેજના મથાળે હેડીંગમાં પણ પ્ર. આ. પછી જુના સંસ્કરણના કયાથી ક્યા પૃષ્ઠનું લખાણ આ બે પૃષ્ઠોમાં છે તે જણાવ્યું છે. જુના અને નવા સંસ્કરણના પૃષ્ઠાંકોમાં ગેરસમજ ન થાય તે માટે અમે ત્રણે ભાગમાં સર્વત્ર જુના સંસ્કરણ માટે ૧, ૨, ૩ એમ ગુજરાતી અંકો અને નવા સંસ્કરણ વિષે 1, 2, 3 એ રીતે અંગ્રેજીમાં વપરાતા અંકો વાપર્યા છે. વાચકોએ આની ખાસ નોંધ લેવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ટિપ્પણો વિષે :

શ્રી હીરાલાલભાઈએ એમની પદ્ધતિ મુજબ જે ગ્રંથ કે ટીકાના પ્રકાશનની વિગત અગાઉ આપી હોય તો તે સ્થળે ટિપ્પણમાં આ પ્રકાશિત છે જુઓ પૃ. અમુક ટિપ્પણ અમુક.

અમે આવા સ્થળે તે તે પેજમાં બતાવેલી વિગત ઉમેરી દીધી છે. અને જુઓ પૃ. વાળી વિગત કાઢી નાંખી છે.

દાખલા તરીકે આ સંસ્કરણમાં **પૃ. ૧૨૯ થી ટિ. ૧ અને ૩ માં 'આ ગુજરાતી અનુવાદ સહિત સારાભાઈ નવાબ દ્વારા પ્રકાશિત છે.'**

આ ટિપ્પણો જુના સંસ્કરણમાં પૃ. ૨૧૨ ટિ. ૧ અને પૃ. ૨૧૩ ટિ. ૧ તરીકે છે. ત્યાંનું લખાણ આ પ્રમાણે છે.

**'આ ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૧૧.'**

આવા અનેક સ્થળે અમે પૃ. નંબર કાઢી નાંખીને તે પૃષ્ઠમાં બતાવેલી વિગત ત્યાં મુકી દીધી છે. જેથી વાચકોને સરળતા રહે.

## સંપાદકીય ઉમેરણ :

૧. શ્રી હીરાલલાભાઈએ પાછળથી મળેલી વિગતો પરિશિષ્ટ, અનુલેખ, પૂરવણી, વૃદ્ધિપત્ર આદિમાં જોડી છે. અમે આ બધી વિગતો તે તે સ્થળે મુકી દીધી છે.

૨. જ્યાં જ્યાં વિશેષ વિગતો અમારા ધ્યાનમાં આવી ત્યાં અમે તે વિગતો તે તે સ્થળે ચોરસ કૌંસમાં [ ] ઉમેરી છે. આ વિગતો ટુંકમાં આવી છે.

A. તે ગ્રંથનું નવું સંસ્કરણ બહાર પડ્યાની વિગત જુઓ પૃ. 8 છેલ્લી ૨ પંક્તિ, પૃ. 14 ટિ. ૧, પૃ.16 ટિ.૨, પૃ. 20 પં.૧૭-૧૮, પૃ. 39 ટિ.૧-૨, પૃ. 44 ટિ.૬, પૃ.46 ટિ.૧૧, પૃ.52 ટિ.૧, પૃ.53 ટિ.૭, પૃ.73 ટિ.૩, પૃ.76 ટિ.૮, પૃ.92 ટિ.૪, પૃ.108 ટિ.૨ વગેરે.

B. નવા અપ્રગટ ગ્રન્થની વિગત પૃ.27 પં.૧૫-૧૬, પૃ.70 પં.૧, પૃ.88 પં.૨૦થી, પૃ.114 પં.૬થી, પૃ.117 પં.૧૨થી, પૃ.125 ટિ.૨.

C. નવા પ્રગટ ગ્રન્થની વિગત. પૃ.77 પં.૯, પૃ.106 પં.૧૯થી, પૃ.108 ટિ.૪, પૃ.111 પં.૧૦, પૃ.144 પં.૮

D. ગ્રન્થ પ્રસિદ્ધ થવાની વિગત. પૃ.33 પં.૮થી, પૃ.51 ટિ.૧, પૃ.72 પં.૧૩,૨૨, પૃ.102 પં.૫

E. ગ્રન્થ અપ્રસિદ્ધ હોવાની વિગત પૃ. 87 પં. ૨૩,૨૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

F. તે વિષયમાં આધુનિક વિદ્વાનના લેખ, નિબંધ, ગ્રંથની વિગત. પૃ.37 ટિ.૪

G. તે ગ્રંથ ઉપર થયેલા વિવેચન, અનુવાદ વગેરેની વિગત. પૃ.57 ટિ.૪, પૃ.88 પં.૨૨, પૃ.107 પં.૫થી

H. તે ગ્રંથનું સંશોધન-સંપાદન ચાલુ હોય તેની વિગત પૃ.68 ટિ.૪,૮.

I. તે ગ્રંથની મુદ્રણયોગ્યપ્રતિ તૈયાર થયાની વિગત પૃ.68 પં.૩

J. તે ગ્રંથકારના અન્ય ગ્રંથોની વિગતમાં ઉમેરો પૃ.69 પં.૧૪

K. ગ્રંથકાર-ટીકાકાર વિષે વિશેષ વિગત પૃ.78 પં.૧૧

L. ગ્રન્થની હસ્તલિખિત પ્રતિ વિષે પૃ.88 પં.૫

## અનુવાદ :

ઇતિહાસ ગ્રંથોના પુનર્મુદ્રણો થતા રહ્યા છે તેમ એના અનુવાદનો પણ પ્રારંભ થયો છે.

વારાણસીથી **जैन संस्कृत साहित्य का ईतिहास** ભાગ ૧ થી ૭ બે વાર પ્રગટ થયેલા. તે ૭ ભાગોનું ગુજરાતીમાં ભાષાંતર કરાવી પ્રગટ કરવાનો પ્રારંભ '૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ' પાલિતાણા દ્વારા થયો છે. ભા. ૧ અને ભા. ૨ પ્રગટ થયા છે. આ. ભ. શ્રી ચંદ્રોદયસૂરિ મ. સા., આ. ભ. શ્રી સોમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી આ પ્રકાશન કાર્ય થઈ રહ્યું છે. અનુવાદ કાર્ય પ્રો. રમણીકભાઈ શાહ અને પ્રો. નગીનભાઈ શાહ કરી રહ્યા છે. આમ ગુજરાતી વાચકો માટે આ ઇતિહાસ ગ્રંથો ઉપયોગી બની રહેશે.

## ઋણસ્વીકાર - ધન્યવાદ :

પરમકૃપાળુ પરમાત્મા અને પૂ. આ. ભ. **શ્રી અરવિંદસૂરિ** મ. સા., પૂ. આ. ભ. **શ્રી યશોવિજયસૂરિ** મ. સા., પૂ. ગુરુદેવ **શ્રી જિનચન્દ્રવિજયજી** મ. સા. આદિના મંગલ આશીર્વાદના પ્રતાપે જ આ ગ્રંથ સંપાદન કાર્ય શક્ય બન્યું છે.

ઉપકારી દેવ-ગુરુના ચરણે અનંત અનંત વંદના.

સંપાદનના આ શ્રમસાધ્ય કાર્યમાં પ્રુફ-વાંચન, પરિશિષ્ટો તૈયાર કરવા, પૃષ્ઠાંકો બદલવામાં અનેક મુનિરાજો, સાધ્વીજીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સહાયક બન્યા છે. સહુનો આભાર. શ્રુતભક્તિની અનુમોદના !

જુદા જુદા અનેક જ્ઞાનભંડારોના ગ્રંથો, સૂચીપત્રો વગેરેનો અમે ઉપયોગ કર્યો છે. તે બધાં અને વિશેષતઃ કોબા સ્થિત આ. **કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર**ના કોમ્પ્યુટરમાં સંચિત વિગતો વગેરેની માહિતી અમને ઉપલબ્ધ કરી આપવા માટે વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી **અજયસાગરજી** મ. તથા જ્ઞાનમંદિરના સંચાલકો, કાર્યકરો વગેરે વિશેષ ધન્યવાદને પાત્ર છે !

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં

ક્ષતિઓ તરફ ધ્યાન દોરવા વિદ્વાનોને વિનંતી.

પ્રસ્તુત ગ્રંથનો ઉપયોગ કરી જૈન સાહિત્યના વિપુલ વૈભવને જાણીએ, માણીએ, પીછાણીએ, અવગાહીએ એ જ આશા સાથે.

**આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
**જસવંતપુરા, જિ. જાલોર રાજસ્થાન**
**મા. સુ. ૬, વિ. સંવત ૨૦૬૦**
**(આ. વિજયભદ્રંકરસૂરિ મ.સા. સ્વર્ગવાસ દિન)**

પૂ. આ. ભ. **શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજ સા.** ના
શિષ્યરત્ન **મુનિરાજશ્રી જિનચન્દ્ર વિ. મ. સા.** ના
વિનેય **આ. વિજયમુનિચન્દ્રસૂરિ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org








સ્વ. પ્રો. હિરાલાલ રસિકદાસ કાપડિયા

(૧૮૯૪-૧૯૭૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સ્વ. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા
# એક પરિચય

લે. રમણલાલ ચી. શાહ

સ્વ. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા (ઈ.સ. ૧૮૯૪-૧૯૭૯) એટલે જૈન સાહિત્ય-સંશોધનના ક્ષેત્રે વીસમી સદીમાં થઈ ગયેલી એક વિરલ વિભૂતિ. જેમણે કૉલેજ કે યુનિવર્સિટીની કક્ષાએ પ્રાકૃત-અર્ધમાગધીનો વિષય નહોતો લીધો છતાં કૉલેજ અને યુનિવર્સિટીની કક્ષાએ એ વિષયનું અધ્યાપનકાર્ય કર્યું હતું, જેઓ પોતે પી.એચ.ડી. થયા નહોતા છતાં પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક બન્યા હતા અને ડિ. લિટ્.ની ડિગ્રી માટે નિર્ણાયક (રેફરી) બન્યા હતા, જેમણે સિત્તેરથી વધુ ગ્રંથો અને એક હજારથી વધુ લેખો લખ્યા હતા, જેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન કે વિભાગીય પ્રમુખસ્થાન કે ઓરિએન્ટલ કોન્ફરન્સનું પ્રમુખસ્થાન કે પ્રાકૃત-અર્ધમાગધી વિભાગનું પ્રમુખસ્થાન અધિકારપૂર્વક પ્રાપ્ત કરી શક્યા હોત, પરંતુ માન-સત્કાર કે એવાં પદો માટે હંમેશાં નિઃસ્પૃહ અને અલિપ્ત રહ્યા હતા, તથા એ માટે ક્યારેય આયાસ કર્યો નહોતો કે આકાંક્ષા સેવી નહોતી, એવા પ્રો. હીરાલાલભાઈએ પોતાનું સમગ્ર જીવન સતત આર્થિક સંઘર્ષોની વચ્ચે વિદ્યાવ્યાસંગને માટે સંપૂર્ણપણે સમર્પિત કરી દીધું હતું. માત્ર જૈન સાહિત્ય જ નહિ, ઈતર સાહિત્યનો અને સાહિત્યેતર વિષયોનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. એમની પ્રતિભા એવી બહુમુખી હતી કે કોઈપણ વિષયમાં એમને અચૂક રસ પડે જ અને એવા વિષય પર પોતે ઉચ્ચસ્તરીય લેખ લખી શકે. એમનું સાહિત્ય વાંચતાં આશ્ચર્ય થાય કે અહો, એમણે કેટલા બધા વિષયોનું કેટલું બધું વાંચ્યું છે ! પાને પાને એમણે સંદર્ભો આપ્યા જ હોય. આટલું બધું એમણે ક્યારે વાંચ્યું હશે ? એવો પ્રશ્ન થાય. એમની સાથે કોઈ પણ વિષયની વાત કરીએ તો જાણે માહિતીનો સ્રોત વહેવા લાગે. એમાં પણ એમની ચીવટ અને ચોકસાઈ એટલી બધી કે આપણે એ માટે એમના ઉપર સંપૂર્ણપણે આધાર રાખી શકીએ.

હીરાલાલભાઈનો જન્મ ૨૮મી જુલાઈ ૧૮૯૪ના રોજ (વિ.સં. ૧૯૫૦ના અષાઢ વદ અગિયારસના દિવસે) સુરતમાં થયો હતો. એમના પિતાનું નામ રસિકદાસ અને માતાનું નામ ચંદાગૌરી હતું. તેઓ સુરતમાં ત્યારે નાણાવટમાં રહેતા હતા.

રસિકદાસને પાંચ સંતાનો હતાં, ત્રણ દીકરા અને બે દીકરી. એમાં સૌથી મોટા તે હીરાલાલ. બીજા બે દીકરા તે મણિલાલ અને ખુશમનભાઈ. બે દીકરીઓ તે નયનસુખ અને શાન્તાબહેન. રસિકદાસના પાંચે સંતાનો બહુ તેજસ્વી હતાં.

સદ્ભાગ્યે હીરાલાલભાઈની જન્મકુંડળી એમનાં સ્વજનો પાસેથી મળી છે. ભવિષ્યમાં કોઈને આ કુંડળીના આધારે એમના જીવનનો અભ્યાસ કરવો હોય તો તે ઉપયોગી થઈ શકે એ આશયથી એક દસ્તાવેજી માહિતી તરીકે આ કુંડળી અહીં આપી છે. હીરાલાલભાઈનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હતો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આ ગ્રહોનાં અંશ આ પ્રમાણે છે : સૂર્ય-૧૨, ચંદ્ર-૧૩, મંગળ-૨૦, બુધ-૧, ગુરુ-૨, શુક્ર-૯ શનિ-૨૬, રાહુ-૧૧)




રસિકદાસના પિતા તે વરજદાસ અને એમના પિતા તે દુલ્લભદાસ. એમની પેઢીનાં નામ આ પ્રમાણે મળે છે : રસિકદાસ–વરજદાસ–દુલ્લભદાસ–હરકિશનદાસ–ગુલાબચંદ–ઝવેરશા–કસ્તુરશા–લખમીશા.

રસિકદાસના વડવાઓ ઈસ્વીસનની અઢારમી સદીમાં ભાવનગરથી સૂરત વેપારાર્થે આવીને વસેલા. આ વડવાઓના પણ વડવાઓ મૂળ ઉત્તર ગુજરાતમાં પાટણના વતની હતા. તેઓ વૈષ્ણવ ધર્મ પાળતા હતા. તેઓ સ્થળાંતર કરતા કરતા કાઠિયાવાડમાં આવેલા. ત્યાંથી કેટલાક સૂરત આવીને વસેલા. એમની જ્ઞાતિ દશા દિશાવળ હતી. આ જ્ઞાતિના કેટલાક સભ્યો જૈન ધર્મ પાળતા અને કેટલાક વૈષ્ણવ ધર્મ. તેઓ વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર રહેતો. એમની જ્ઞાતિ પાટણ, ભાવનગર, સૂરત, મુંબઈ વગેરે શહેરો અને આસપાસનાં ગામોમાં પથરાયેલી રહી છે. દુલ્લભદાસે વેપારાર્થે સૂરતમાં આવીને નાણાવટમાં વસવાટ ચાલુ કરેલો.

દુલ્લભદાસના પુત્ર વરજદાસના જીવનમાં એક ઘટના એવી બની કે જેથી તેઓ વૈષ્ણવ મટીને જૈન બની ગયા હતા. એક વખત સૂરતના પોતાના ઘરના વાડામાં ખોદકામ કરતાં ધાતુની એક નાની જિનપ્રતિમા નીકળી. પોતે વૈષ્ણવ હતા એટલે આ પ્રતિમાનું શું કરવું તે વિશે વિચાર કરતાં છેવટે એવો નિર્ણય લીધો કે પ્રતિમાને તાપી નદીમાં પધરાવી દેવી. તેઓ પ્રતિમા લઈને નદીએ ગયા. નદીના સહેજ ઊંડા પાણીમાં જઈને પ્રતિમા જાતે પધરાવવી જોઈએ એટલે કિનારે એક જોડ કપડાં મુકી તેઓ નદીમાં ઊતર્યા. કમર સુધીના પાણીમાં જઈને તેમણે પ્રાર્થના કરીને પ્રતિમા પધરાવી. ત્યાર પછી તેઓ પાછા ફરતા હતા ત્યારે લાગ્યું કે પોતાના ધોતિયામાં કોઈ પથરો ભરાઈ ગયો છે. એમણે એ હાથમાં લઈને જોયું તો પેલી પ્રતિમા જ હતી. પ્રતિમા પોતે એવી ચીંવટપૂર્વક પાણીમાં પધરાવી હતી કે ધોતિયામાં ભરાઈ જાય એવી કોઈ શક્યતા નહોતી. એટલે એમને આ ઘટનાથી આશ્ચર્ય થયું. પ્રતિમા હાથમાં લઈ ફરી તેઓ ઊંડા પાણીમાં ગયા અને પ્રતિમા ચોક્કસાઈપૂર્વક આઘે પધરાવી. પછી પાણીમાં પાછા ફરતા હતા ત્યાં ફરીથી એમને લાગ્યું કે ધોતિયાનો છેડો ખેંચાય છે. પ્રતિમા પાછી તો નહિ આવી હોય ને ? પાણીમાં હાથ નાખીને વસ્તુ બહાર કાઢી તો એમના આશ્ચર્ય વચ્ચે એ જ પ્રતિમા જોવા મળી. બે વખત આવું બન્યું એથી વરજદાસ એકદમ વિચારે ચઢી ગયા. હવે પ્રતિમા પધરાવવી કે નહિ તેની વિમાસણ થઈ. છેવટે એમ નિર્ણય કર્યો કે કોઈની સલાહ લઈને પછી પ્રતિમા પધરાવવી. ઘરે આવીને એમણે બધાંને વાત કરી. બધાંનો એવો મત પડ્યો કે કોઈક જૈન સાધુ મહારાજને પૂછીને પછી એ કહે તેમ કરવું કે જેથી મનમાં વહેમ ન રહી જાય. બીજે દિવસે વરજદાસ પ્રતિમા લઈને પાસેના ઉપાશ્રયમાં એક જૈન સાધુ ભગવંત પાસે ગયા. વિગત જાણીને સાધુ મહારાજે કહ્યું કે 'એવું અનુમાન થાય છે કે તમારા મકાનના આગળના કોઈક માલિકોમાંથી કોઈકને ત્યાં ઘરદેરાસર હશે અને તેઓએ કોઈક આપત્તિના પ્રસંગમાં પ્રતિમાને જમીનમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભંડારી દીધી હશે. આ અખંડિત પ્રતિમા નમિનાથ ભગવાનની છે. તમારા હાથે જમીનમાંથી બહાર આવી છે અને તમે એને નદીમાં બે વખત પધરાવવા છતાં એ તમારી પાછળ આશ્ચર્યકારક રીતે આવી છે એટલે એમાં કોઈ સંકેત લાગે છે. પ્રતિમાને તમારું ઘર છોડવું નથી.' ઘણું મંથન કર્યા પછી વરજદાસે નિર્ણય કર્યો કે પોતાના મકાનમાં ઘરદેરાસર (ગૃહચૈત્ય) કરાવવું અને ત્યાં જિનપ્રતિમાની વિધિસર પ્રતિષ્ઠા કરાવવી. એ પ્રમાણે નિર્ણય કરીને એમણે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેમના કુટુંબે જૈન ધર્મ અંગીકાર કર્યો. આ ઘટના પછી જેમ જેમ ચડતી થતી ગઈ તેમ તેમ ઉત્તરોત્તર જૈન ધર્મમાં એમની શ્રદ્ધા દૃઢ થતી ગઈ. એમના પુત્ર રસિકદાસને તો આ જૈન ધર્મ જન્મથી જ વારસામાં મળ્યો હતો.

રસિકદાસનું કુટુંબ સંસ્કારી અને ધર્મપરાયણ હતું. સૂરતમાં એમનો કાપડનો વેપાર હતો. નાણાવટમાં એમની કાપડની દુકાન હતી. કાપડના એમના વેપારને કારણે એમની અટક કાપડિયા થઈ ગઈ. એની પહેલાં એમની અટક શી હતી તે જાણવા મળતું નથી. પરંતુ 'શાહ', 'મહેતા' અથવા 'પટણી' અટક હોવાનો સંભવ છે એમ એમનાં કુટુંબીજનો કહે છે. અંગ્રેજોના આગમન પૂર્વે લોકોમાં અટકનું બહુ મહત્ત્વ નહોતું.

રસિકદાસની આર્થિક સ્થિતિ મધ્યમ કક્ષાની થઈ ગઈ હતી. એમનો કાપડનો વેપાર જેમતેમ ચાલતો હતો. આથી જ એમણે પોતાના ત્રણે તેજસ્વી દીકરાઓને પોતાના કાપડના વ્યવસાયમાં ન જોડતાં, મુંબઈ મોકલીને કોલેજ અને યુનિવર્સિટીનું શિક્ષણ અપાવીને ત્યાંના શિક્ષણક્ષેત્રમાં મોકલ્યા હતા. એમની બન્ને દીકરીઓ મેટ્રિક સુધી ભણી હતી, જે એ જમાનામાં અસાધારણ ઘટના ગણાતી.

હીરાલાલભાઈ ભણવામાં એટલા તેજસ્વી હતા કે મિડલસ્કૂલમાં અને હાઈસ્કૂલમાં એમને શિષ્યવૃત્તિ મળી હતી. એમણે ૧૯૧૦માં વર્નાક્યુલર ફાઈનલ અને મેટ્રિક્યુલેશનની એમ બંને પરીક્ષા સાથે આપી હતી. અને બંનેમાં સારા માર્કસ સાથે તેઓ ઉત્તીર્ણ થયા હતા. હીરાલાલભાઈ ૧૯૧૦માં મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. ત્યારે કૉલેજનો ચાર વર્ષનો અભ્યાસક્રમ હતો : પ્રિવિયસ, ઈન્ટર, જુનિયર અને સિનિયરનો.

ઈન્ટર આર્ટસની પરીક્ષામાં સારા માર્ક્સ મળતાં હીરાલાલભાઈને શિષ્યવૃત્તિ મળી હતી. વળી ગણિતના વિષયમાં સૌથી વધુ માર્ક્સ મેળવવાને માટે એમને 'કામા પ્રાઈઝ' મળ્યું હતું. આ પ્રાઈઝને લીધે જ તેઓ ગણિત જેવો અત્યંત કઠિન વિષય બી.એ.માં પણ લેવા પ્રેરાયા હતા. ૧૯૧૪માં તેઓ ગણિતના વિષય સાથે પરીક્ષામાં બેઠા અને બી.એ. ઓનર્સની ડિગ્રી પ્રાપ્ત કરી. એમાં પણ ઘણા સારા માર્ક્સ સાથે તેઓ પાસ થયા અને આગળ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી એટલે એમ.એ.માં પણ તેમણે એ જ વિષય રાખ્યો હતો. ત્યારે એમ.એ.નો અભ્યાસ જાતે કરવો પડતો. તૈયારી થાય ત્યારે વિદ્યાર્થીઓ અગાઉથી નામ નોંધાવીને પરીક્ષા આપી શકતા. હીરાલાલભાઈને એ તૈયારી કરતાં ચાર વર્ષ લાગ્યા.

૧૯૧૮માં ગણિતના વિષય સાથે હીરાલાલભાઈ મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થયા. ગણિતનો વિષય એટલો કઠિન ગણાતો કે બી. એ. માં જ બહુ ઓછા વિદ્યાર્થીઓ એ વિષય લેતા અને એમ.એ.માં તો એથી પણ ઓછા વિદ્યાર્થીઓ રહેતા. વળી એ વિષયના પ્રશ્નપત્રો એટલા અઘરા નીકળતા કે કેટલીવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો કોઈ વિદ્યાર્થી પાસ ન થઈ શકે. હીરાલાલભાઈ એમ.એ. થયા એ વર્ષે ગણિતના વિષયમાં પાસ થનાર ફક્ત તેઓ એકલા જ હતા.

હીરાલાલભાઈ બી.એ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હતા ત્યારે ઓગણીસ વર્ષની વયે, ઇ.સ. ૧૯૧૩માં (વિ. સં. ૧૯૬૯)માં વૈશાખ વદ તેરસના રોજ એમનાં લગ્ન ભાવનગરના, એમની દશા દિશાવળ જ્ઞાતિના શેઠ શ્રી છોટાલાલ કલ્યાણદાસનાં દીકરી ઈન્દિરાબહેન સાથે થયાં હતાં. ઈન્દિરબહેનની ઉંમર ત્યારે પંદર વર્ષની હતી. એમનો જન્મ ભાવનગરમાં ઈ. સ. ૧૮૯૮ (વિ. સં. ૧૯૫૪માં) માહ સુદ સાતમના રોજ થયો હતો. એમનું કુટુંબ વૈષ્ણવ ધર્મ પાળતું હતું.

ઈન્દિરાબહેને નાની વયમાં જ માતાપિતા ગુમાવ્યાં હતાં. આથી એમનો ઉછેર એમના મોટા ભાઈ રાવસાહેબ વૃંદાવન છોટાલાલ જાદવ અને એમનાં પત્ની સન્મુખગૌરીની છત્રછાયામાં થયો હતો.

ઈન્દિરાબહેન ભણવામાં તેજસ્વી હતાં. શાળામાં તેઓ પ્રથમ નંબરે આવતાં. એમણે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેર વર્ષની વયે એમણે ભાવનગરના દશા દિશાવળ કેળવણી મંડળ તરફથી યોજાયેલી નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિબંધનો વિષય હતો 'મા-બાપની છોકરાઓ પ્રત્યેની ફરજ અને છોકરાંઓની મા-બાપ પ્રત્યેની ફરજ' આ સ્પર્ધામાં એમનો નિબંધ સર્વશ્રેષ્ઠ ગણાયો હતો અને એમને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

શાળામાં ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યા. પછી ઈન્દિરાબહેને ઘરે રહીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો. લગ્ન પછી એમણે ઈ.સ. ૧૯૧૭માં પોતાની જ્ઞાતિના એ જ કેળવણી મંડળ તરફથી યોજાયેલી નિબંધ સ્પર્ધામાં 'પોતે કરેલા ખાસ પ્રવાસનું વર્ણન' એ વિષય પર નિબંધ લખી પ્રથમ પારિતોષિક મેળવ્યું હતું.

૧૯૧૮માં એમ. એ. થયા પછી હીરલાલભાઈને મુંબઈની વિલસન કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે નિમણૂંક મળી હતી. એ દિવસોમાં શાળા અને કૉલેજમાં અધ્યાપક તરીકે નોકરી કરનાર માટે બી.ટી. (આજની બી.એડ.)ની ડિગ્રી ફરજિયાત હતી. હીરાલાલભાઈ પાસે એ ડિગ્રી નહોતી. પરંતુ અરજી કરનાર ઉમેદવારોમાં તેમના માર્ક્સ સૌથી સારા હતા અને એમનો ઈન્ટરવ્યૂ પણ એવો સારો ગયો હતો કે કૉલેજ યુનિવર્સિટીની ખાસ પરવાનગી મેળવીને બી.ટી.ની ડિગ્રી વગર ગણિતના પ્રાધ્યાપક તરીકે એમની નિમણૂંક કરી હતી.

કૉલેજમાં નોકરી મળતાં તેઓ ઈન્દિરાબહેન સાથે મુંબઈ રહેવા આવ્યા હતા. ભૂલેશ્વરમાં ભગતવાડીમાં તેમણે એક મકાનમાં ત્રીજે માળે ડબલ રૂમ ભાડે રાખી હતી. તેઓ ત્યાંથી પગે ચાલીને રોજ વિલસન કૉલેજમાં જતા. એ દિવસોમાં તેઓ કોટ, પેન્ટ, ટાઈ, બુટ, મોજાં વગેરે પહેરતા. ઘરમાં પહેરણ અને ધોતિયું પહેરતા. તેઓ ધાર્મિક વૃત્તિના હતા એટલે કૉલેજમાં જતાં પહેલાં રોજ સવારે નાહીને પાસે આવેલા ચિંતામણિ પાર્શ્વનાથ કે ગોડીજી પાર્શ્વનાથના દેરાસરે પૂજા કરવા જતા. સવારના શાક વગેરે લાવવાનું કામ પણ જાતે કરતા. વિલસન કૉલેજમાં ભણાવ્યા પછી એમણે ધોબીતળાવ પર આવેલી સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું અને ત્યાર પછી બે વર્ષ એ જ વિસ્તારમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાજુમાં આવેલી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું હતું. આમ ૧૯૧૮થી ૧૯૨૪ સુધી હીરાલાલભાઈ ગણિતના વિષયના પ્રાધ્યાપક રહ્યા હતા.

ગણિતના વિષયમાંથી પ્રાકૃતના વિષય તરફ હીરલાલભાઈ કેવી રીતે વળ્યા એ પણ એક રસિક ઘટના છે. તેઓ ગણિતનો વિષય કૉલેજમાં ભણાવતા હતા તે દરમિયાન કુટુંબના ધર્મસંસ્કાર તથા સાધુ-ભગવંતો સાથેના પરચિયથી એમને જાણવા મળ્યું હતું કે જૈન શાસ્ત્રગ્રંથોમાં ગણિતાનુયોગ નામનો વિભાગ છે. આથી એ વિષયમાં પ્રવેશવાની એમને સહજ રુચિ થઈ. પરંતુ એ બધું સાહિત્ય તો અર્ધમાગધી ભાષામાં હતું. આથી એમણે સ્વબળે અર્ધમાગધી પણ શીખવા માંડ્યું. દરમિયાન એમને એવો વિચાર પણ આવ્યો કે જૈન ગણિતાનુયોગની કેટલીક વાતો જો અંગ્રેજીમાં મૂકવામાં આવે તો ઘણા લોકો સુધી, ખાસ તો એ વિષયના વિદ્વાનો સુધી પહોંચે. આથી એમણે 'Jain Mathematics' એ વિષય પર સંશોધન લેખ તૈયાર કરવા માટે મુંબઈ યુનિવર્સિટીને અરજી કરી. તે મંજૂર થઈ અને એમને રિસર્ચ ગ્રાન્ટ મળી. આથી તેઓ એ વિષયમાં પૂરા મનથી લાગી ગયા અને થોડા વખતમાં જ પ્રાકૃત ભાષાના રસિયા બની ગયા.

હીરલાલભાઈ કૉલેજમાં ગણિતનો વિષય ભણાવતા હતા, પરંતુ બી.એ. અને એમ.એ.માં એ વિષય લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ ઓછી રહેતી હોવાનો કારણે પ્રાધ્યાપક તરીકેની નોકરીની અનિશ્ચિતતા રહેતી. વિલસન કૉલેજના યુરોપિયન પ્રિન્સિપાલ પોતે ગણિતના વિષયના પ્રાધ્યાપક હતા. એટલે એમને હીરાલાલભાઈ પ્રત્યે સદ્‌ભાવ હતો. તેઓ હીરાલાલભાઈને નભાવતા. પરંતુ પછી એ નોકરી છોડવાનો વખત આવ્યો. અલબત્ત ત્યાર પછી એમને તરત બીજે નોકરી મળી ગઈ. પણ મનમાં ખાતરી થઈ ગઈ કે આગળ જતાં મુશ્કેલી આવશે. આથી એમણે પોતાનું ધ્યાન પ્રાકૃત ભાષા તરફ વાળ્યું. એવામાં પૂનાના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરની જાહેરાત આવી. તેઓને સરકાર તરફથી મળેલી જૈન ધર્મની, અર્ધમાગધીમાં લખાયેલી હસ્તપ્રતોનું વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરાવવું હતું. એ માટે હીરાલાલભાઈએ અરજી કરી અને બી.એ. તથા એમ. એ. માં એમનો અર્ધમાગધી વિષય ન હોવા છતાં એમની એ વિષયની સજ્જતા જોઈને હસ્તપ્રતોના કામ માટે સંસ્થાએ એમની નિમણૂક કરી હતી.

ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં ૧૯૩૦ થી ૧૯૩૬ના ગાળા સુધીમાં થોડો થોડો વખત મુંબઈથી પૂના જઈને અને ત્યાં રહીને એમણે હસ્તપ્રતોનું કામ કરવા માંડ્યું હતું. એ રીતે તેઓ બધું મળીને સાડા ત્રણ વર્ષ પૂનામાં રહ્યા હતા. ત્યાં એમણે એ સંસ્થાની જૈન ધર્મની સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં લખાયેલી આશરે સાડાત્રણ હજાર હસ્તપ્રતોનું સૂચીપત્ર (Descriptive Catalogue) તૈયાર કરી આપ્યું, જે એ સંસ્થા તરફથી પ્રકાશિત થયેલું છે. આ રીતે સાડા ત્રણ હજાર હસ્તપ્રતોનાં પાનેપાનાં એમના હાથમાં ફરી ગયાં. હસ્તપ્રતોની લિપિ વાંચવાનું કામ ઘણું શ્રમભરેલું છે. આ કામ કરવાથી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની એમની સજ્જતા વધતી ગઈ. એમનું શબ્દજ્ઞાન પણ વધતું ગયું. પ્રાકૃત ભાષાનો એમણે કોઈ શૈક્ષણિક સંસ્થામાં વ્યવસ્થિત અભ્યાસ કર્યો નહોતો. એ વિષયમાં એમણે કોઈ ડિગ્રી પણ મેળવી નહોતી. એમ છતાં કુટુંબના સંસ્કાર, દૃઢ મનોબળ, ખંત, ઉત્સાહ સૂઝ ને અભ્યાસથી એમણે પ્રાકૃત-અર્ધમાગધી ભાષા પર, અસાધારણ પ્રભુત્વ મેળવી લીધું હતું. એમાં પૂનાના હસ્તપ્રતોના કામે ઘણી સહાય કરી. પ્રાકૃત ભાષા માટે એમની પ્રીતિ એટલી બધી વધી ગઈ કે એને માટે સંસ્કૃત શબ્દ 'પ્રાકૃત' બોલવાને બદલે 'પાઈય' શબ્દ બોલવો અને લખવો એમને વધુ ગમતો. પાઈયમાં બોલવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે લખવું એ એમને મન રમત વાત થઈ ગઈ. એમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ લખ્યું અને એનો શબ્દકોશ પણ તૈયાર કરીને છપાવ્યો. આ રીતે ગણિત ઉપરાંત વ્યાકરણ અને શબ્દકોશ પણ એમના રસના વિષયો બની ગયા. આગળ જતાં એમણે 'પાઈય (પ્રાકૃત) ભાષા અને સાહિત્ય' એ નામનો ગ્રંથ લખ્યો. એમાં એમણે પ્રાકૃત ભાષાનું સ્વરૂપ, એના પ્રકારો અને એમાં લખાયેલા સાહિત્યનો સવિગત પરિચય આશરે અઢીસો પેટાશીર્ષક હેઠળ આપ્યો છે.

હીરાલાલભાઈ અને ઈન્દિરાબહેનનું દામ્પત્યજીવન કેટલું મધુર હતું. તેની પ્રતીતિ તો હીરાલાલભાઈએ એમનાં અંગ્રેજી પુસ્તક 'The student's English Paiya Dictionary'ની અર્પણ પત્રિકા વાંચતાં થાય છે. આ પુસ્તક એમણે ઈન્દિરાબહેનને અર્પણ કર્યું છે અને એની અર્પણપત્રિકા પ્રાકૃત ભાષામાં લખી છે, જે નીચે પ્રમાણે છે :

पणामपत्तिमा-जीए मज्झ नाणाराहणम्मि सययमणेगहा सुगमत्तणं कडं तीए मे धम्मपदिणीए इन्दिराए पणमिज्झइ साणन्दं इमो विज्जत्थिणो अङ्गिल-पाइय सद्दकोसो हीरालालेण सिरि रसिकदास तणएण वीरसंवच्छरे २४६७ मे नाण पञ्चमीए इन्दुवासरे (४-११-४०)

રસિકદાસના ત્રણે દીકરાઓ મુંબઈ રહેવા ગયા હતા. બીજી બાજુ સૂરતમાં એમની તબિયત સારી રહેતી નહોતી અને દુકાન પણ બરાબર ચાલતી નહોતી. આથી તેઓ પત્ની સાથે મુંબઈમાં હીરાલાલભાઈ સાથે રહેવા આવી ગયા.

આ બાજુ પૂનાના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરનું કાર્ય પૂરું થઈ જતાં અને આવક બંધ થતાં હીરાલાલભાઈ માટે ફરી પાછો કુટુંબના નિર્વાહનો સવાલ ગંભીર બની ગયો હતો. તેમાં માતાપિતા સૂરતથી રહેવા આવેલાં. બંને નાના ભાઈઓ અને બંને બહેનોનાં લગ્નના ખર્ચ થોડે થોડે વખતે આવેલા. બીજા વ્યવહારો કરવાના આવતા. પોતાના સંતાનોને ભણાવવાનો ખર્ચ હતો. કમાણી કંઈ જ નહિ અને ખર્ચ તો વધતા જ જતા હતા. માથે દેવું થતું જતું હતું. આવી તંગ પરિસ્થિતિમાં કામકાજ વગરના હીરાલાલભાઈ વારંવાર નિરાશ થઈ જતા. એમ કરતાં કરતાં તનાવ અને તીવ્ર હતાશાને લીધે તેઓ માનસિક રીતે ભાંગી પડવા લાગ્યા. તેમને નર્વસ બ્રેકડાઉન જેવું થઇ ગયું હતું. આવી માનસિક દશામાં એમના વિષમ દિવસો પસાર થતા હતા. એવામાં એક દિવસ આપઘાત કરવાનો વિચાર એમના મનમાં આવી ગયો. તેઓ મકાનના કઠેડા ઉપર ચઢી પડતું મૂકવા જતા હતા ત્યાં એમનું સતત ધ્યાન રાખનાર એમનાં પત્ની ઈન્દિરાબહેને તરત પાસે દોડી જઈ એમનું પહેરણ ખેંચીને નીચે ઉતાર્યા અને ઘરમાં લઈ આવ્યાં. ત્યાર પછી તેઓ સતત હીરાલાલભાઈની સંભાળ રાખવા લાગ્યાં અને સાંત્વન આપવા લાગ્યા. આ માનસિક માંદગી બે વર્ષ ચાલી એની અસર હીરાલાલભાઈના શરીર ઉપરાંત એમની બુદ્ધિશક્તિ અને સ્મરણશક્તિ ઉપર થઈ. કુટુંબીજનોએ એક કુશળ વૈદ્યના ઉપચાર ચાલુ કર્યા. વૈદ્ય એક ઔષધિ દૂધમાં પલાળીને રોજ સવારના ખાવા માટે આપી હતી. એમ કરતાં ધીરે ધીરે એમની માનસિક સ્વસ્થતા વધતી ગઈ અને સ્મરણશક્તિ પણ પાછી આવવા લાગી. બે વર્ષને અંતે તેઓ પહેલાંના જેવા જ સ્વસ્થ થઈ ગયા. સ્મૃતિશક્તિ બરાબર સારી થઈ ગઈ. ત્યાર પછી તેઓ પોતાનું લેખનકાર્ય પહેલાંની જેમ જ વ્યવસ્થિત રીતે કરવા લાગ્યા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરાલાલભાઈનાં ચારે સંતાનો ભણવામાં તેજસ્વી હતાં. એમને ભણાવવાનો ખર્ચ વધતો જતો હતો, પરંતુ પોતાને કોઈ નોકરી મળતી નહોતી. સંશોધનકાર્ય માટે યુનિવર્સિટી તરફથી મુકરર રહેલી સહાય મળતી. પણ એવી નજીવી રકમમાંથી કુટુંબનું ભરણપોષણ ક્યાંથી થાય ? એવામાં એક સગાની ભલામણથી સૂરતના એક મહિલા વિદ્યાલયમાં એમને એક શિક્ષક તરીકેની નોકરી મળી ગઈ એટલે તેઓ સપરિવાર સૂરત આવીને રહ્યા. સૂરતમાં સમય મળતો હોવાથી એમની તથા ઈન્દિરાબહેનની લેખનપ્રવૃત્તિ ફરીથી ચાલુ થઈ.

ઈન્દિરાબહેનમાં લેખનશક્તિ તો હતી, પણ લગ્ન પછી સંયુક્ત કુટુંબનું જીવન, સૂરત, મુંબઈ, પૂના એમ જુદે જુદે સ્થળે ઘર વસાવવું, ઘરકામ કરવું, સંતાનોને ઉછેરવાં અને પતિ હીરાલાલભાઈની સારસંભાળ રાખવી તથા એમનાં લખાણોની નકલ કરી આપવી, ગ્રંથોમાંથી સંદર્ભો કાઢી આપવા વગેરેમાં એમનો સમય વપરાઈ જતો. આથી તેઓ ખાસ કશું લખી શકેલાં નહિ, પરંતુ સૂરત આવવાનું થયું ત્યાર પછી એમને કેટલોક સમય મળવા લાગ્યો. એ વખતે એમણે 'પ્રાચીન અને અર્વાચીન સમયની સ્ત્રીઓનો પહેરવેશ' એ વિષય ઉપર એક સચિત્ર પુસ્તક તૈયાર કર્યું જે ૧૯૩૯માં પ્રકાશિત થયું છે. આ પુસ્તક વાંચતાં પ્રતીતિ થાય છે કે આટલા એક નાના વિષયનો કેટલો બધો ઊંડો અભ્યાસ એમણે કર્યો છે ! એમાં કેટલી બધી પારિભાષિક માહિતી એમણે આપી છે, જેમાંની કેટલીક તો હવે કાલગ્રસ્ત થઈ ગઈ છે. કોઈ યુનિવર્સિટીના પીએચ.ડી.ના શોધપ્રબંધ જેટલી યોગ્યતા આ ગ્રંથ ધરાવે છે. આ ગ્રંથ પછી એમની લેખનપ્રવૃત્તિ ફરી શાન્ત થઈ ગઈ, કારણ કે એમણે બધો સમય હીરાલાલભાઈના લેખનકાર્યમાં સહાયરૂપ થવામાં જ સમર્પિત કર્યો હતો.

મહિલા વિદ્યાલયની નોકરી અને લેખનકાર્ય ચાલતાં હતા તે દરમિયાન એમ.ટી.બી. કૉલેજના પ્રાધ્યાપક અને આચાર્ય શ્રી એન. એમ. શાહે હીરાલાલભાઈમાં અંગત રસ લીધો. પ્રાકૃત ભાષામાં હીરાલાલભાઈએ જે સંગીન કાર્ય કર્યું તેને પરિણામે એમને સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં આચાર્ય શ્રી એન. એમ. શાહે પ્રાકૃત-અર્ધમાગધી વિષયમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂક અપાવી. હીરાલાલભાઈએ બી.એ. અને એમ.એ.માં પ્રાકૃતનો વિષય લીધો નહોતો અને યુનિવર્સિટીના નિયમ મુજબ તો જેમણે બી.એ. અને એમ.એ.માં પ્રાકૃતનો વિષય લીધો હોય તે જ કૉલેજમાં એ વિષય ભણાવી શકે. પરંતુ હીરાલાલભાઈએ પ્રાકૃત ભાષાના વિષયમાં જે સંશોધન લેખો લખ્યા હતા અને પૂનામાં એ વિષયમાં જે સંગીન કાર્ય કર્યું હતું તે જોતાં, એમની સજ્જતા અને યોગ્યતાની પ્રતીતિ થતાં મુંબઈ યુનિવર્સિટીએ એ વિષયમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરવાની અપવાદરૂપે છૂટ એમ.ટી.બી. કૉલેજને આપી હતી. આ ઘટના પણ એ વાતની ખાતરી કરાવે છે કે તેઓ જે વિષયનો અભ્યાસ કરતા તેમાં ઘણાં ઊંડા ઊતરતા અને તેમાં લેખન-અધ્યયન કરવાની તથા અધ્યાપન કરાવવાની યોગ્યતા પ્રાપ્ત કરતા.

હીરાલાલભાઈએ પહેલાં મુંબઈમાં ગણિતના વિષયના અને પછીનાં વર્ષોમાં સૂરતમાં એમ.ટી.બી. કૉલેજમાં પ્રાકૃત-અર્ધમાગધીના વિષયના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. આ પ્રાકૃત ભાષાનો વિષય લેનારા વિદ્યાર્થીઓ પણ હંમેશા ઘણાં જ ઓછાં રહ્યાં છે. આથી ઈતર વિષયોના પ્રાધ્યાપકોને જેટલું કામ રહે તેટલું ગણિત કે પ્રાકૃતના પ્રાધ્યાપકોને ન રહે. એટલે હીરાલાલભાઈને પહેલેથી જ લેખન-વાંચન માટે ઘણો અવકાશ રહ્યો અને એમની રુચિ પણ એ પ્રમાણે ઘડાતી રહી હતી. તેઓ ગ્રંથો વસાવતા કે જેથી જ્યારે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ગ્રંથ જોવો હોય તે તરત ઘરમાં હાજર હોય. એમનો ગ્રંથસંગ્રહ વિશાળ હતો. તેઓ સવારે સાડાનવથી દસ વાગ્યા સુધીમાં જમી લેતા અને પછી વાંચવા-લખવા બેસી જતા. એક સાથે ઘણાં પુસ્તકોનાં સંદર્ભ જોવાના હોય એટલે તેઓ પલંગમાં ઈસ્કોતરો રાખી તેના પર લખતા અને પોતાની આજુબાજુ જરૂરી પુસ્તકો રહેતાં લેખના વિષય પ્રમાણે પુસ્તકો બદલાતાં. એમનાં પત્ની અને સંતાનો તેઓ મંગાવે તે પુસ્તક અભરાઈ કે કબાટમાંથી કાઢી લાવતા. હીરાલાલભાઈ સ્ટીલની ટાંકવાળા હોલ્ડરથી, ખડિયામાં તે બોળી બોળીને લખતા. તેઓ બજારમાંથી લાલ, ભૂરી, કાળી શાહીની ટીકડીઓ લાવી હાથે શાહી બનાવીને મોટા ખડિયામાં ભરી લેતા. તેમણે જિંદગીભર હોલ્ડરથી જ લખ્યું છે. ઈન્ડિપેનની શોધ થયા પછી પણ તેમણે હોલ્ડરથી જ લખવાનું ચાલું રાખ્યું હતું. લખતી વખતે તેઓ પાસે ચણા-દાળિયા રાખતા. લખતાં થાક લાગે ત્યારે વચ્ચે તે ખાઈ લેતા. લખવા માટે તેઓ નવા કોરા કાગળ અનિવાર્ય હોય ત્યારે જ વાપરતા. એકંદરે તો ગાંધીજીની કરકસરની ભાવનાથી પ્રભાવિત થયેલા એટલે છાપેલા કાગળોની પાછળની કોરી બાજુમાં પોતાના લેખ લખતા. કેટલીક વાર તેઓ ટપાલમાં આવેલી નિમંત્રણ પત્રિકાઓ ઈત્યાદિના કોરા હાંસિયામાં મુદ્દા ટપકાવી લેતા અને પીન ભરાવીને રાખતા.

એ જમાનામાં અંગ્રેજીમાં લખાયેલા સંશોધનલેખો પ્રકાશિત કરવા માટે માત્ર ગુજરાત જ નહિ, સમગ્ર ભારતમાં ખાસ કોઈ સામાયિકો નહોતાં. બહુધા એવા વિદ્વદ્ભોગ્ય સંશોધન લેખો યુનિવર્સિટીઓનાં જર્નલોમાં છપાતા. યુનિવર્સિટીઓમાં સંશોધન દાન (Research Grant)ની વ્યવસ્થા હતી. ભિન્ન ભિન્ન પ્રકારની શિષ્યવૃત્તિઓ પણ એ માટે અપાતી. પ્રાકૃત-અર્ધમાગધી ભાષા અને જૈન સાહિત્યના વિષયોમાં અંગ્રેજી ભાષામાં સંશોધન લેખો લખનાર વિદ્વાનો ત્યારે ગુજરાતમાં જૂજ હતા એટલે એ વિષયમાં હીરાલાલભાઈને મુંબઈ યુનિવર્સિટીમાંથી શિષ્યવૃત્તિ કે સંશોધન દાન મળતાં. એ માટે તેઓ વિવિધ વિષયો તૈયાર કરતા. સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં તેઓ ભણાવતા હતા તે દરમિયાન તથા એ કૉલેજમાંથી નિવૃત્ત થયા તે પછી એમણે કેટલુંક લેખનકાર્ય મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમે કર્યું હતું. હીરાલાલભાઈએ સંશોધનદાનની યોજના હેઠળ ભિન્ન ભિન્ન સમયે નીચે પ્રમાણે અંગ્રેજીમાં સંશોધનગ્રંથો તૈયાર કર્યા હતા, જે યુનિવર્સિટીએ અથવા અન્ય કોઈ સંસ્થાએ પ્રકાશિત કર્યા હતા.

(1) The Jain Mathematics. (2) Outlines of Paleography. (3) The Jain System of Education. (4) The Doctrine of Ahimsa in the Jain Canon. (5) Reconstruction of Ardhamagadhi Grammar. (6) A History of the Canonical Literature of the Jainas.

મુંબઈ યુનિવર્સિટીએ હીરાલાલભાઈને વખતોવખત સંશોધનદાન આપ્યું હતું. એ દર્શાવે છે કે યુનિવર્સિટીની એ વિષયની સમિતિને એમના સંશોધનકાર્યથી પૂરો સંતોષ થયો હતો. એમનું સંશોધનકાર્ય અભ્યાસનિષ્ઠ, પ્રમાણભૂત, તટસ્થ અને નાની નાની જાણવા જેવી ઘણી બધી વિગતોથી સભર હતું.

હીરાલાલભાઈએ આ રીતે ૧૯૩૯ થી ૧૯૪૯ સુધી એમ.ટી.બી. કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું. તેમની સજ્જતા એવી હતી કે યુનિવર્સિટીએ પછીથી એમની પીએચ.ડી.ના ગાઈડ તરીકે નિમણૂંક કરી હતી. તદુપરાંત 'સ્પ્રિન્જર સ્કોલરશીપ'ના રેફરી તરીકે એમની નિમણૂંક કરી હતી. જે એ દિવસોમાં ઘણું મોટું માન ગણાતું. યુનિવર્સિટી પ્રાકૃત ઉપરાંત સંસ્કૃત ભાષાના વિષયમાં પણ એમ.એ.ની કક્ષાએ પરીક્ષક તરીકે એમની નિમણૂંક કરતી હતી. શિક્ષણ ક્ષેત્રે તેઓ કેવું ઉચ્ચ સ્થાન ધરાવતા હતા તે આ બધી વિગતો ઉપરથી જોઈ શકાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરાલાલભાઈ ધર્મશ્રદ્ધાવાલા હતા. તેઓ એક મહારાજશ્રીએ બતાવ્યા પ્રમાણે સવારસાંજ ધૂપદીપ સાથે પોણો કલાક અનુષ્ઠાનપૂર્વક મંત્રજાપ કરતા. તેઓ જૈનધર્મ વિશે સારી જાણકારી ધરાવતા હતા એટલે ઘણા બધા આચાર્ય ભગવંતો અને મુનિ મહારાજોના નિકટના સંપર્કમાં આવ્યા હતા. તેઓ સૂરતમાં નાણાવટમાં, મુંબઈમાં અને ફરી સૂરતમાં ગોપીપુરામાં સાંકડી શેરીમાં અને પછી કાયસ્થ મહોલ્લામાં રહ્યા હતા. એટલે ત્યાં ચાતુર્માસ અર્થે પધારેલા આચાર્ય ભગવંતો વગેરેને મળવાનું થતું. શેષકાળમાં સૂરતમાંથી પસાર થતાં સાધુ-સાધ્વીઓને પણ વંદન કરવા તેઓ જતા. યુવાનીના દિવસોમાં જૈન ધર્મ વિશેની જાણકારી માટે અથવા પોતે કંઈ લખ્યું હોય તો તે બતાવવા માટે પણ મુંબઈમાં સાધુસાધ્વીઓ પાસે જતા. એમને યુવાન વયે મુંબઈમાં કાશીવાળા વિજયધર્મસૂરીશ્વરજી સાથે ગાઢ પરિચય થયો હતો. એમના બે શિષ્યો તે ન્યાયવિશારદ મુનિશ્રી ન્યાયવિજયજી તથા ન્યાયવિશારદ મુનિશ્રી મંગલવિજયજી પાસે હીરાલાલભાઈએ જૈન દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. આથી હીરાલાલભાઈ તેઓને પોતાના વિદ્યાગુરુ તરીકે ઓળખાવતા. આ ઉપરાંત શ્રી મોહનલાલજી મહારાજ, શ્રી દાનસૂરિજી મહારાજ, શ્રી પ્રેમસૂરિજીદાદા, નેમિસૂરિજી મહારાજ, શ્રી આનંદસાગરસૂરિજી (સાગરજી મહારાજ), શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ, શ્રી લાવણ્યસૂરિજી મહારાજ, શ્રી કસ્તૂરસૂરિજી મહારાજ વગેરે સાથે તથા તેઓના શિષ્યો-પ્રશિષ્યો સાથે એમને ગાઢ સંબંધ રહ્યો હતો. વિજયરામચંદ્રસૂરિજીએ એક વાર એમને કહ્યું હતું કે 'તમારા જેવા શાસ્ત્રજ્ઞાતા તો અમારી પાસે પાટ ઉપર શોભે. તમે જો દીક્ષા લેવા તૈયાર થાવ તો તમારા કુંટુંબના ભરણપોષણની જવાબદારી સંઘ પાસે હું કરાવી આપું. એ માટે એક લાખ રૂપિયાની રકમ પહેલાં અપાવું.' પરંતુ ચારિત્ર્યમોહનીય કર્મના ઉદયને કારણે હીરાલાલભાઈ દીક્ષા લઈ શક્યા નહોતા.

એમ.ટી.બી. કૉલેજમાંથી નિવૃત્ત થયા પછી હીરાલાલભાઈએ પોતાના જીવનનાં ઘણાં વર્ષ સુરતમાં રહીને સ્વાધ્યાય, સંશોધન, લેખન ઈત્યાદિ પ્રકારના વિદ્યાવ્યાસંગમાં પસાર કર્યાં હતાં. નોકરી છોડ્યા પછી આવકનું કોઈ સાધન રહ્યું નહોતું. લેખનમાંથી ખાસ કોઈ આવક થતી નહિ. લેખોનો પુરસ્કાર આપવાની પ્રથા ત્યારે નહિવત્ હતી. તેમાં વળી આવા સંશોધન લેખો માટે પુરસ્કારની અપેક્ષા રાખવી જ વ્યર્થ હતી. એ લેખો ક્યાંક છપાય એ જ એનું ઈનામ હતું. આથી હીરાલાલભાઈ પોતાની નહિ જેવી બચતમાંથી પોતાનો જીવનવ્યવહાર ચલાવતા. નવા નવા ગ્રંથો ખરીદીને વસાવવાનો યુગ હવે પૂરો થયો હતો. પોતાની પાસેના હવે બિનજરૂરી થયેલા ગ્રંથો પુસ્તકવિક્રેતાઓને આપીને બદલામાં નવા ગ્રંથો લેવાનું ચાલું થયું હતું. હીરાલાલભાઈનું જીવન એકદમ સાદું અને સંયમી હતું. એમાં એમના પત્ની ઈન્દિરાબહેનનો ઉષ્માભર્યો સહકાર રહેતો. હીરાલાલભાઈ કહેતા કે 'હું લક્ષ્મી (ઇન્દિરાનો એક અર્થ લક્ષ્મી) પતિ હોવા છતાં મારે અને લક્ષ્મીને કાયમ બારમો ચંદ્રમા રહ્યો છે.' હીરાલાલભાઈ હાથે ધોયેલાં સૂતરાઉ ખાદીનાં સફેદ પહેરણ, ધોતિયું અને ટોપી પહેરતા. એમનો જીવનવ્યવહાર સંતોષપૂર્વક ચાલતો. આવી નબળી આર્થિક સ્થિતિમાં પણ એમણે ધન માટે ક્યાંય લોલુપતા કે લાચારી બતાવી નથી. એમનાં દીકરા-દીકરી સૂરત બહાર નોકરીએ લાગી ગયાં હતાં. એટલે એમની જવાબદારી કે ચિંતા પોતાને માથે રહી નહોતી. આવા દિવસોમાં પણ હીરાલાલભાઇની વિદ્યાવ્યાસંગની પ્રવૃત્તિ યથાવત્ રહી હતી. સૂરતમાં એમને ઘેર જ્યારે જ્યારે હું ગયો છું ત્યારે આ મેં નજરે નિહાળ્યું છે. જે દિવસે કોઈ લેખ તૈયાર થઈ જાય તે દિવસે આનંદ આનંદ. રોજ સવારથી તેઓ લેખનકાર્યમાં લાગી ગયા હોય. બપોરના ભોજન પછી પણ એ ચાલુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય. સાંજના ચાર વાગ્યા પછી રોજ નિયમિત તેઓ નજીકના કોઈક ઉપાશ્રયે જઈને કોઈક સાધુભગવંત સાથે જ્ઞાનગોષ્ઠી કરતા અથવા કોઈ ગ્રંથાલયમાં જઈ ગ્રંથો વાંચતા. આ રીતે એમનો દિવસ પૂરો થતો. તેઓ રાતના વહેલા સૂઈ જતા. ઉજાગરો ભાગ્યે જ કરતા. નાટક-સિનેમા જોતા નહિ અને સગાસંબંધીઓને ત્યાં અનિવાર્ય હોય તો જ જતા.

હીરાલાલભાઈને વિદ્યાવ્યાસંગની એટલી બધી ધૂન હતી કે કેટલીક વાર તો તેઓ એમાં જ ખોવાયેલા રહેતા. ગણિતના વિદ્યાર્થી અને અધ્યાપકને જ્યાં સુધી કોઈ દાખલાનો જવાબ ન જડે ત્યાં સુધી એ દાખલો એમના મનમાં રમ્યા જ કરતો હોય તેવું હીરાલાલભાઈના જીવનમાં પહેલાં ગણિતમાં અને પછી સાહિત્ય સંશોધનના વિષયમાં પણ બનતું. તેઓ ખાતા હોય ત્યારે ખબર ન હોય કે ભાણામાં શું પીરસાયું છે. એમને ન્હાવું હોય તો ઇન્દિરાબહેન બાથરૂમમાં પાણી, સાબુ, ટુવાલ, કપડાં વગેરેની બધી તૈયારી કરી આપે ત્યારે હીરાલાલભાઈ સ્નાન કરે. આ રીતે પોતાના ધૂની લેખક પતિની ઘણી જવાબદારી ઇન્દિરાબહેને સ્વેચ્છાપૂર્વક હોંશથી ઉપાડી લીધી હતી. લેખનકાર્યમાં પણ ઇન્દિરાબહેને પુસ્તકો ગોઠવવાં, લેખોની ફાઈલો રાખવી વગેરે ઘણી મદદ જીવનભર હીરાલાલભાઈને કરી હતી અને ઓછી આવક થઇ ગઈ ત્યારે પણ ઘર સારી રીતે સંભાળી લીધું હતું. એમણે એક ભારતીય સન્નારીનો આદર્શ પૂરો પાડ્યો હતો.

નિવૃત્તિનાં વર્ષોમાં આર્થિક સંજોગોને કારણે હીરાલાલભાઈમાં કેટલીક વ્યાવહારિક સ્પષ્ટતા આવી ગઇ હતી. એક વખત હું મારા એક પત્રકાર મિત્ર સાથે સૂરતમાં એમને ઘરે મળવા ગયો હતો. મેં મારા પત્રકાર મિત્રનો પરિચય કરાવ્યો. પછી પત્રકાર મિત્રે પોતાના સામયિકની એક નકલ એમને આપી. નકલ જોઈ લીધા પછી એમણે એ પત્રકાર મિત્રને પાછી આપી. પત્રકારે કહ્યું, આપ રાખો, આપને માટે એ ભેટ નકલ છે. હીરાલાલભાઈએ કહ્યું, 'ભેટનકલ પણ હું રાખતો નથી. મને એવા અનુભવો થયા છે કે ચાર છ મહિના સામયિક ભેટ તરીકે મોકલ્યા પછી પત્રકારો તરફથી લવાજમ ભરવા માટેના ઉપરાઉપરી કાગળો આવતા હોય છે. ક્યારેક તો કડવો ઠપકો પણ આપતા હોય છે. એટલે મેં નક્કી કર્યું છે કે કોઇ સામિયકની ભેટ નકલ પણ ન લેવી ટપાલમાં આવતાં સામિયકો હું ટપાલીને પાછાં આપી દઉં છું. તંત્રી સાથે વાદવિવાદમાં ઊતરવાનું મને ન પરવડે. એટલે તમારું સામિયક પાછું આપ્યું છે તેથી માઠું ન લગાડશો. એક વખત એવો હતો કે સામયિક ભેટ આવે તો પણ હું એનું લવાજમ ભરતો. હવે એ વખત ગયો છે.'

હીરાલાલભાઈના જ્યેષ્ઠ પુત્ર, ડૉ. બિપિનચંદ્રે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને એમ.એ. થયા પછી, 'ઋગ્વેદમાં સોમરસ' એ વિષય પર શોધપ્રબંધ લખીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. ત્યારપછી એમણે વલ્લભવિદ્યાનગરની કૉલેજમાં અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં સંસ્કૃત અને અર્ધમાગધી વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. જર્મન ભાષાના પણ જાણકાર ડૉ. બિપિનચંદ્રે જૈન ધર્મના વિવિધ વિષયો પર લેખો લખ્યા છે, જે 'જૈન ધર્મનાં સ્વાધ્યાય-સુમન'ના નામથી ગ્રંથસ્થ થયેલા છે.

હીરાલાલભાઈના સુપુત્રી મનોરમાબહેને એમ.એ. અને બી.ટી. સુધીનો અભ્યાસ કર્યા પછી, સૂરત તથા મુંબઈમાં શિક્ષિકા તરીકે કામ કર્યું હતું. તેઓ અપરિણીત રહ્યાં હતાં. એમણે આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિ (સાગરજી મહારાજ)નું જીવનચરિત્ર લખ્યું હતું તથા કેટલાંક ગ્રંથાવલોકન લખ્યાં હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરાલાલભાઇના બીજા પુત્ર ડૉ. વિબોધચંદ્રની શૈક્ષણિક કારકિર્દી પણ તેજસ્વી હતી. મેટ્રિકની પરીક્ષામાં, સૂરત કેન્દ્રમાં ગુજરાતી વિષયમાં પ્રથમ આવી તેમણે પારિતોષિક મેળવ્યું હતું. એમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી બાયોકેમિસ્ટ્રીના વિષયમાં સંશોધન કરીને શોધપ્રબંધ લખીને એમ.એસસી.ની અને ત્યારપછી પૂનાની નેશનલ કેમિકલ લેબોરેટરીમાં વનસ્પતિશાસ્ત્ર (Natural Products)ના વિષયમાં, સંશોધન કરીને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી અને નિવૃત્તિવય સુધી ત્યાં જ રહ્યા હતા. એમણે કરેલું સંશોધન ઈન્ટરનેશનલ જર્નલોમાં પ્રકાશિત થયું છે.

હીરાલાલભાઇના ત્રીજા પુત્ર નલિનચંદ્રે મુંબઈ યુનિવર્સિટીની બી.એસસી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને, વિ.જે.ટી.આઇ.માં ડાઇંગ અને બ્લીચીંગનો ડિપ્લોમા મેળવ્યો હતો. મુંબઈમાં આઇ.સી.આઇ.માં કાર્ય કર્યા પછી, તેમણે સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી હતી.

ખાનપાનની ચીવટપૂર્વકની નિયમિતતાના કારણે જીવનભર હીરાલાલભાઇની તબિયત સારી રહી હતી. પણ લેખનવાંચનની સતત પ્રવૃત્તિને લીધે એમની આંખોને ઘણો શ્રમ પડતો. યુવાન વયે જ એમને ચશ્માં આવી ગયાં હતા. એમ છતાં એમની વાંચનલેખનની પ્રવૃત્તિ એકધારી જ રહ્યા કરી હતી. દર થોડાં વર્ષે, એમનાં ચશ્માંનો નંબર વધતો જતો હતો. કૉલેજના અધ્યાપન કાર્યમાંથી તેઓ નિવૃત્ત થયા ત્યારે એમનાં ચશ્માનો નંબર પંદર સુધી પહોંચી ગયો હતો. એટલા જાડા કાચવાળા ચશ્મા પહેરીને પણ તેઓ સ્વાધ્યાયમાં મગ્ન રહેતા. વાંચવા માટે બિલોરી કાચ રાખતા. ચશ્માં એમના શરીરનું અનિવાર્ય અંગ બની ગયું હતું. ચશ્માં વગર સરખું દેખાય નહિ. પાંસઠની ઉંમર પછી એમને આંખે મોતિયો ચાલુ થયો હતો. એટલે તો વળી મુશ્કેલીમાં વધારો થયો. બોંતેર વર્ષની વયે બંને આંખે મોતિયો પાકતાં, એમણે ઓપરેશન કરાવી, મોતિયો ઉતરાવ્યો હતો. ત્યાર પછી પણ આંખે કંઇક ને કંઇક તકલીફ ચાલતી રહેતી. એમ છતાં એમનું લેખનવાંચનનું કાર્ય જીવનના અંત સુધી ચાલ્યું હતું.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં, નાજુક તબિયત અને અન્ય પ્રતિકુળતાઓને કારણે તથા સંતાનો મુંબઇ અને પૂનામાં હોવાથી, હીરાલાલભાઈ તથા ઈન્દિરાબહેન, પોતાનું સૂરતનું ઘર કાયમને માટે બંધ કરી દઇને ૧૯૭૨માં પોતાના પુત્રને ત્યાં મુંબઈ રહેવા આવી ગયાં હતાં. હવે એમની સ્વાધ્યાય અને લેખનની પ્રવૃત્તિ મંદ પડી ગઈ હતી, પરંતુ બંધ પડી નહોતી. તેમના લેખો પ્રકાશિત થવામાં જે ગતિ હતી તેના કરતાં લેખનની ગતિ વિશેષ રહી હતી. એટલે જ્યારે પણ એમને પૂછીએ ત્યારે એમની પાસે, કેટલાક અપ્રકાશિત લેખો તો પ્રકાશન માટે તૈયાર હોય જ. વળી એની સાથે સાથે સ્ફૂરેલા નવા નવા વિષયો માટે, તૈયાર કરેલી ટાંચણ-યાદી પણ હોય જ.

હીરાલાલભાઈએ સાડા છ દાયકાના લેખનકાર્ય દ્વારા, વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. એમાં વૈવિધ્ય પાર વિનાનું છે. તેઓ પોતે જ 'હીરક-સાહિત્ય-વિહાર' નામની પોતાની પુસ્તિકામાં જણાવે છે કે 'ગણિત જેવો શુષ્ક વિષય પણ મને તો ખૂબ રસપ્રદ જણાયો છે. એટલે જ્ઞાનની કોઈપણ શાખા પ્રત્યે મને અરુચિ થવા પામી નથી. આને લીધે મારો વિદ્યાવ્યાસંગ કોઈ એક જ દિશા કે ક્ષેત્ર પૂરતો પરિમિત બન્યો નથી. આથી કરીને હું આજે પણ જાતજાતના વિષય પર લેખ લખવા લલચાઉં છું.'

હીરાલાલભાઈએ પોતાની લેખનપ્રવૃત્તિ, ૧૯૨૦ના ગાળામાં શરૂ કરી દીધી હતી. એમણે સંસ્કૃત, અર્ધમાગધી. ગજરાતી અને અંગ્રેજી એમ ચાર ભાષામાં, કાવ્યો, સમશ્લોકી પદ્યાનુવાદો, ગદ્યાનુવાદો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંપાદન, સંશોધન, જીવનચરિત્ર, ઈતિહાસ, નિબંધ, કથા, સૂચિપત્ર ઇત્યાદિ પ્રકારનું પુષ્કળ લેખનકાર્ય કર્યું છે.

એમણે ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કેળવણી, લિપિશાસ્ત્ર, વ્યાકરણ, કોશ, ભાષાવિજ્ઞાન, છન્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, સંગીત, ગણિત, જ્યોતિષ, પાકશાસ્ત્ર, વૈદક, પ્રાણીશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, સમાજરચના, વસ્ત્રાલંકાર, રમતગમત, રીતરિવાજો, પર્વો, પક્ષીઓ, લોકસાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ, સદાચાર વગેરે અનેક વિષયો ઉપર પોતાની કલમ ચલાવી છે અને એક હજારથી વધુ લેખો આપણને આપ્યા છે. એમના જમાનામાં ઝેરોક્ષની શોધ નહોતી થઈ અને કાર્બન કોપી કરવામાં વાર ઘણી લાગતી. એટલે પોતાના લેખો છાપવા માટે મોકલાવ્યા પછી, એની નકલ પોતાની પાસે રહેતી નહિ. એમના કેટલાયે લેખો છપાયા નથી અને પાછા આવ્યા પણ નથી. એમના છપાએલા લેખોની યાદી 'હીરક-સાહિત્ય-વિહાર'માં જે છપાઈ છે તેના ઉપર નજર ફેરવતાં જ ખ્યાલ આવે છે કે હીરાલાલભાઈ પાસે કેટકેટલા વિષયો પર અધિકૃત જાણકારી હતી. વિવિધ પ્રકારની માહિતીનો તેઓ જાણે ખજાનો ધરાવતા હતા. એમની સાથે કોઈપણ વિષયની વાત કરીએ તો કંઈક નવું જ જાણવા મળે.

હીરાલાલભાઈના ઘણા લેખો 'ગુજરાત મિત્ર', 'પ્રતાપ', 'સાંજ વર્તમાન', વગેરે દૈનિકોમાં છપાયા છે. તદુપરાંત 'જૈન ધર્મ-પ્રકાશ', 'જૈન', 'જૈન-સત્ય-પ્રકાશ', 'આત્માનંદ પ્રકાશ', 'સિદ્ધચક્ર', ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક, 'ગુજરાતી'માં અને કેટલાંયે સામયિકોના દીપોત્સવી અંકોમાં છપાયા છે. હીરાલાલભાઈની લેખનપ્રસાદીનો પ્રારંભ, સંસ્કૃત ભાષામાં કાવ્યરચનાથી થયેલો. વિલસન કૉલેજમાં તેઓ પ્રાધ્યાપક હતા ત્યારે ૧૯૨૦ થી ૧૯૨૩ના ગાળામાં કૉલેજના અર્ધવાર્ષિક મુખપાત્ર Wilsonianમાં એમનાં 'परीक्षापर्व', 'अहो वैचित्र्यम्' ઇત્યાદિ નામના કાવ્યો સંસ્કૃતમાં છપાયેલાં છે. પચીસ વર્ષની ઉંમરે, સંસ્કૃત ભાષા પર તેઓ કેવું સરસ પ્રભુત્વ ધરાવતા હતા તેની પ્રતીતિ આ કાવ્યો કરાવે છે. પ્રાકૃત-અર્ધમાગધી ભાષા તો જાણે એમની બીજી માતૃભાષા હોય એટલી સરસ રીતે તેઓ તેમાં લખી-બોલી શકતા. પાઇય (પ્રાકૃત) ભાષા માટે હીરાલાલભાઈનો પ્રેમ અનન્ય હતો.

હીરાલાલભાઇએ ઇ. સ. ૧૯૩૮માં પ્રકાશિત કરેલ પોતાના પુસ્તક 'પતંગપુરાણ યાને કનકવાની કથની' વાંચતાં આશ્ચર્યથી મુગ્ધ થઈ જવાય છે. જૈન શાસ્ત્રોના અભ્યાસી લેખક પતંગ જેવા ક્ષુલ્લક વિષય પર લખવા બેસે તો તેમાં પણ રસ લઈ કેટલા બધા ઓતપ્રોત થઈ શકે છે તે આ ગ્રંથ વાંચતાં જોવા મળે છે. એક નાનો નિબંધ કે લેખ લખી શકાય એવા વિષય પર એક સમર્થ સંશોધક લખવા પ્રવૃત્ત થાય તો કેટલીબધી નાની નાની વિગતોમાં કેટલા ઊંડા ઊતરી શકાય છે તે આ ગ્રંથમાં સાક્ષાત્ જોવા મળે છે. આ ગ્રંથના દોઢસોથી વધુ પેટાશીર્ષકો પરથી જ ખ્યાલ આવી શકે કે કેટકેટલી માહિતી આ ગ્રંથમાં સમાવી લેવામાં આવી છે. અનેક પાદનોંધો અને પરિશિષ્ટો સહિત લખાયેલો આ ગ્રંથ એ વિષયનો એક શોધપ્રબંધ બની રહે છે. પતંગ વિષે પોતાને લખવાનું કેમ મન થયું તે વિશે ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે નોંધ્યું છે : 'હું આજથી ૨૫ વર્ષ ઉપર એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગણિત શીખતો હતો ત્યારે કનકવાને લગતા કેટલાક પ્રશ્નોનો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવાનું મને મન થયું.'

લેખકે જાતઅનુભવ પરથી તથા અન્યને પૂછીને પુષ્કળ માહિતી આ ગ્રંથમાં આપી છે. એ માહિતી મેળવવા માટે એમણે એ વિષયમાં ઠીક ઠીક વાંચી લીધું હતું અને અનેક લોકોને પૂછીને પણ માહિતી એકત્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી હતી. એમણે પ્રસ્તાવનમાં લખ્યું છે કે 'મારા જૂના મહોલ્લામાં નાણાવટમાં નવલશાના કોઠા આગળ જવાનું થયું અને મારા સદ્ગત પિતાના એક બાલસ્નેહી અને કનકવાના શોખીન અને ઉસ્તાદને મળવાનું થયું. એમનું નામ છગનલાલ છબીલદાસ. એમની પાસેથી પતંગ-માંજો વગેરેની નવીન બાબતોની માહિતી મળી હતી !

આ ગ્રંથ સાચવવા જેવો અને પુનર્મુદ્રિત કરવા જેવો છે.

હીરાલાલભાઈએ આગમો અને આગમસાહિત્ય વિશે ગુજરાતી અને અંગ્રેજીમાં વિવિધ પ્રકારના લખો લખ્યા છે. એમાં ૧૯૪૮ છપાયેલો એમનો 'આગમોનું દિગ્દર્શન' નામનો ગ્રંથ મહત્ત્વનો છે. એમાં પિસ્તાલીસ આગમસૂત્રોનો સવિગત પરિચય આપવામાં આવ્યો છે તથા આગમો વિશે લખાયેલા વિવરણાત્મક સાહિત્યનો પણ પરિચય આપવામાં આવ્યો છે.

આગમ સાહિત્યના વિવિધ વિષયો પર એમણે અંગ્રેજીમાં ઘણા લેખો લખ્યા છે. અનુવાદરૂપે કે લેખરૂપે અંગ્રેજી ભાષામાં એમનું યોગદાન ઘણું મોટું છે. એમના જમાનામાં કોઈએ અંગ્રેજીમાં આટલું બધું લેખનકાર્ય કર્યું નથી. એ ફરીથી ગ્રંથસ્વરૂપે પ્રકાશિત કરવા જેવું છે.

હીરાલાલભાઈએ વડોદરાની મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીના સંગીત વિભાગના ઉપક્રમે ૧૯૫૫માં 'સંગીત, નૃત્ય અને નાટ્યસંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથો' એ વિષય પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન પૂ. શ્રી યશોવિજયજી (હાલ પૂ. યશોદેવસૂરિજી)ની પ્રેરણાથી ગ્રંથરૂપે ૧૯૭૩માં પ્રકાશિત થયું છે. એમાં એમણે સાત સ્વરો. એનાં કુળ, એના દેવતા, નાટ્ય, ગેય અને અભિનેય અલંકારો, મૂર્ચ્છનાઓ, રાસ, વાદ્યો, રાગ, ગીત, નૃત્ય નાટક ઈત્યાદિ વિશે ઝીણવટભરી પારિભાષિક માહિતી આધાર સાથે આપી છે. આ વિષયમાં પણ હીરાલાલભાઈની સજજતા કેટલી બધી હતી તેની ખાતરી આ પુસ્તક વાંચતાં થાય છે.

હીરાલાલભાઈએ **'શ્રી હરિભદ્રસૂરિ'**, **'યશોદોહન'** અને **'વિનયસૌરભ'** નામના ત્રણ ગ્રંથો આપ્યા છે, જેમાં એમણે અનુક્રમે સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અને શ્રી વિનયવિજયજી મહારાજના જીવન અને કવનનો સવિસ્તર પરિચય કરાવ્યો છે. 'શ્રી હરિભદ્રસૂરિ' લગભગ ચારસો પાનાનો ગ્રંથ છે. ૧૯૬૩માં તે પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા તરફથી પ્રકાશિત થયો છે. એમાં શ્રી હરિભદ્રસૂરિના જીવન વિશે તથા એમની કૃતિઓ વિશે લગભગ ત્રણસોથી વધુ પેટાશીર્ષક હેઠળી માહિતી આપવામાં આવી છે. શ્રી હરભિદ્રસૂરિ વિશે આટલી બધી માહિતી અન્ય કોઈ એક જ ગ્રંથમાં હજુ સુધી જોવા નથી મળી. 'યશોદોહન' ગ્રંથ એમણે વર્તમાનકાળના પૂ. શ્રી યશોદેવસૂરિની પ્રેરણાથી લખ્યો હતો. એમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવન અને કવન વિશે પુષ્કળ માહિતી આપવામાં આવી છે. 'વિનય-સૌરભ' પ્રમાણમાં નાનો ગ્રંથ છે. એમાં રાંદેરના શ્રી વિનયવિજયજી મહારાજના જીવનકવનનો પરિચય આપવામાં આવ્યો છે.

હીરાલાલભાઈએ ભગવાન મહાવીર સ્વામી વિશે જુદે જુદે સમયે કેટલાક લેખો લખ્યા હતા. આવા કેટલાક લેખો, વાર્તાલાપો, સ્તુતિઓ ઈત્યાદિનો એક સંગ્રહ પૂ. શ્રી વિજયકસ્તુરસૂરિના શિષ્ય પૂ. શ્રી વિજયચંદ્રોદયસૂરિની પ્રેરણાથી 'જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર'ના નામથી ૧૯૬૯માં પ્રકાશિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં તીર્થંકરોનાં લાંછનો અને લક્ષણો, આઠ પ્રાતિહાર્ય, મહાવીર સ્વામીના વિવિધ ભવોના સગાં, મહાવીર સ્વામીના પૂર્વ ભવના બે વૈરીઓ, મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ, વીર વર્ધમાનસ્વામીના વર્ષાવાસ, મહાવીર સ્વામીની સાધનાની પરાકાષ્ઠા, મહાવીર સ્વામીના જીવનની વિશિષ્ટ ઘટનાઓ ઇત્યાદિ પચીસેક લેખો તથા 'વીરથુઇ'નો ગુજરાતી ભાવાનુવાદ ઈત્યાદિ આપવામાં આવ્યાં છે. આ બધામાંથી ઘણી બધી પારિભાષિક માહિતી આપણને સાંપડે છે અને લેખકનું વાંચન કેટલું બધું વિશાળ હશે એની પ્રતીતિ કરાવે છે.

હીરાલાલભાઈ જેમ સમર્થ સંશોધક છે તેમ મર્મજ્ઞ કવિ પણ છે. એમની સાહિત્યિક કારકિર્દી સંસ્કૃતમાં કાવ્યરચનાથી થઈ હતી. એમણે જુદે જુદે વખતે ભિન્ન ભિન્ન પ્રકારની કાવ્યરચના કરી હતી. એમણે આગમોનાં પદ્યોનો અનુવાદ ગુજરાતી પદ્યોમાં કર્યો છે. આ ઉપરાંત એમણે વિવિધ પ્રકારનાં કાવ્યો લખ્યાં છે, જેનો વિષય મુખ્યત્વે ધાર્મિક રહ્યો છે. એમણે સવાસોથી વધુ જે કાવ્યો લખ્યાં છે તેમાં ૩૬ કાવ્યો તો હરિયાળીના પ્રકારનાં છે. આ પ્રકારની કૃતિઓમાં એમનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. 'હરિયાળી-સંચય' નામનો એમનો સંગ્રહ ૧૯૬૯માં પ્રકાશિત થયો છે. હરિયાળીનો પ્રકાર ઉખાણાં જેવો છે. એટલે એવી કવિતાનું વિવરણ સામાન્ય વાચક માટે આવશ્યક છે. એમણે આ હરિયાળીઓનાં વિવરણ પણ સાથે આપેલાં છે.

જૈન સાહિત્ય અત્યંત વિશાળ છે. જૈનોનું મુખ્ય સાહિત્ય અર્ધમાગધીમાં છે, પરંતુ સંસ્કૃત ભાષામાં લખાયેલું જૈન સાહિત્ય પણ અત્યંત વિપુલ છે. જ્યાં સુધી એની વ્યવસ્થિત પ્રકાશિત માહિતી ન સાંપડે ત્યાં સુધી જૈન-અજૈન સર્વમાં એવો ભ્રમ રહે કે જૈનોએ સંસ્કૃત ભાષામાં બહુ ખેડાણ કર્યું નથી. આથી કેટલાંક વર્ષ, પૂર્વે પૂ. શ્રી યશોદેવસૂરિએ હીરાલાલભાઈને **'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ'** લખી આપવાનું સૂચન કર્યું હતું અને તે મુજબ હીરાલાલભાઈએ તે લખી આપ્યો હતો. એ ત્રણ ભાગમાં છપાયો છે. એમાં વ્યાકરણ, કોશ, નામમાલા, અલંકારશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, કામશાસ્ત્ર, સ્થાપત્ય, ગણિત, નિમિત્ત, વૈદક, પાક, નીતિશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, ન્યાય, યોગ, અધ્યાત્મ, મંત્રશાસ્ત્ર, અનુષ્ઠાનવિધિ, ધ્યાન, કાવ્ય, સ્તોત્ર, મહાકાવ્ય, ચંપૂકાવ્ય, ગદ્યકૃતિઓ ઇત્યાદિ વિષયના અનેક ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે. આ દળદાર ઇતિહાસનો પ્રથમ ભાગ ૧૯૫૬માં અને છેલ્લો ભાગ ૧૯૭૦માં છપાયો હતો, કારણ કે જેમ જેમ નાણાંની વ્યવસ્થા થતી ગઈ તેમ તેમ પ્રકાશન કાર્ય આગળ ચાલતું ગયું હતું.

જીવનની ઉત્તરાવસ્થામાં આંખો નબળી હોવા છતાં, ઇતિહાસના આ ગ્રંથલેખનનું અને પ્રૂફ સુધારવાનું કાર્ય એમણે પંદર વર્ષ સુધી કર્યું હતું. (આ ગ્રંથ શુદ્ધિ-વૃદ્ધિ સાથે નવેસરથી એક જ વોલ્યુમમાં કોઈ સંસ્થાએ છપાવવાનું કાર્ય ઉપાડી લેવા જેવું છે) એમના હાથે આ એક બહુમૂલ્ય સાહિત્યસેવા થઈ છે.

જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખ્યા પછી હીરાલાલભાઈએ જૈન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવાનું ચાલુ કર્યું હતું, પરંતુ એ કાર્ય પુરુ થઈ શક્યું નહિ અને જેટલું લખાયું તે પણ ક્યાં કેવી રીતે લુપ્ત થઈ ગયું તેની કશી ખબર એમના અવસાન પછી મળી નથી. તેઓ ૧૯૭૬માં પૂના પોતાના પુત્ર વિબોધચંદ્રને ત્યાં ગયા હતા. ત્યારે ટ્રેઇનમાં એમના લખાણો અને પુસ્તકોની એક બેગ ગુમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ ગઈ હતી. તદુપરાંત એમના અવસાન પછી એમના પુત્ર નલિનચંદ્ર પાસેથી એક જૈન પત્રકાર અપ્રસિદ્ધ લેખોની ફાઈલો લઈ ગયા હતા. પરંતુ થોડા વખતમાં જ એ પત્રકારનું અવસાન થતાં એ ફાઈલ પાછી મળી નહોતી.

હીરાલાલભાઈએ જીવનભર અનેકવિધ વિષયો પર વાંચન અને લેખન કર્યા કર્યું હતું. ઘણીખરી વાર લેખનના નિમિત્તે એમનું વાંચન થયું છે અથવા કંઈક નવું વાંચવામાં આવે તો એ વિશે વધુ માહિતી સાથે લખવાનું એમને મન થયા કરતું. એમને એક પછી એક વિષયો સતત સ્ફુરતા રહેતા હતા. જે વિષય પર લખવું હોય તે અંગેની માહિતી એમની પાસે તૈયાર હોય જ. એમણે ક્યારેય માત્ર સપાટી પરનું છીછરું લખાણ કર્યું નથી. દરેક વિષયના ઊંડાણમાં તેઓ ઊતર્યા છે. એમની પાસેથી કંઈક વિશેષ જાણકારી હંમેશા મળ્યા કરી છે. સંદર્ભો માટે એમની પાસે સરસ ગ્રંથસંગ્રહ હતો. એટલે ઘરમાં બેઠાં બેઠાં જ તેઓ પુસ્તકો પર નજર ફેરવીને પોતાના વિષયના સંદર્ભો મેળવી લેતા. કેટલીયે માહિતી, શ્લોકો, ગાથાઓ વગેરે એમને કંઠસ્થ હતાં. એમનું લખાણ પદ્ધતિસરનું, ચોક્કસાઈવાળું અને ચીવટપૂર્વકનું રહેતું. એટલે લગભગ ઘણાખરા ગ્રંથોમાં એમણે સંકેતોની સમજણ આપી જ છે, જેથી ભાષાનો બહુ વિસ્તાર કરવો ન પડે.

હીરાલાલભાઈની લેખનશૈલી અનોખી હતી. પોતે ગણિતના પ્રાધ્યાપક હતા. ચોક્કસાઈની ટેવ એમનામાં હોય એ સ્વાભાવિક હતું. નિરાધાર કશું લખવું નહિ એ એમની પ્રકૃતિ હતી. ગણિતના દાખલાઓમાં એક પણ આંકડો વધારાનો હોય કે એક આંકડો ઓછો હોય તે ન જ ચાલે. ગણિતમાં બધું મુદ્દાસર અને ક્રમાનુસાર જ લખવાનું હોય. આવા મહાવરાને લીધે હીરાલાલભાઈ જ્યારે કોઈ એક વિષય પર લેખ લખવા બેસે ત્યારે બધા જ મુદ્દાઓ એમણે ક્રમાનુસાર આવરી લીધા હોય. આથી જ કોઈ એક મુદ્દાને એમણે બહુ વિકસાવ્યો હોય એવું ખાસ જોવા ન મળે. એમનો કોઈ લેખ પેટાશીર્ષકો વગરનો હોય નહિ. બીજી બાજુ દરેક મુદ્દા વિશે જો કંઈ વધારાની પ્રકીર્ણ માહિતી આપવાની હોય અને તે મૂળ લખાણમાં ન લેવાની હોય તો તે પાદનોંધમાં તેઓ આપતા. આથી જ એમનાં લખાણો પાદનોંધોથી સભર છે. ક્યારેક તો લેખના દરેક પાને પાદનોંધ હોય. એમણે પાદનોંધો એટલી બધી (સાલ, આવૃત્તિ, પૃષ્ઠ નંબર, તારીખ ઇત્યાદિ સહિત) આપી હોય કે એમની માહિતીને કોઈ પડકારી શકે નહિ. બીજી બાજુ એ બધી પાદનોંધો વાંચતાં આશ્ચર્ય થાય કે અહો ! આ લેખકે ક્યાં, ક્યાંથી કેટલી બધી માહિતી એકત્ર કરી છે !

હીરાલાલભાઈ કોઈપણ નવા વિષય પર તરત બેસીને ક્રમાનુસાર લખીને લેખ પૂરો કરતા એવું બહું ઓછું બનતું. જે વિષય પર લેખ લખવો હોય તેના મુદ્દા તૈયાર કરતા અને જુદા જુદા કાગળ પર તેની માહિતી ટપકાવી લેતા. તે પછી બધા મુદ્દાઓને ક્રમાનુસાર ગોઠવી લેખ તૈયાર કરી લેતા. કોઈક મુદ્દા વિશે માહિતી ન મળી હોય તો પાદનોંધમાં એનો ઉલ્લેખ કરતા. એમનું લખાણ હંમેશા મુદ્દાવાર, મુદ્દાસર અને વ્યવસ્થિત રહેતું. અનેક વિષયોનું રસપૂર્વક વાંચન કર્યું હોવાને લીધે તથા સાડા ત્રણ હજાર હસ્તપ્રતો વાંચી હોવાને લીધે અને પોતાની સ્મૃતિ સતેજ હોવાને કારણે તેઓ કોઈપણ વિષય ઉપર લેખ કે ગ્રંથ લખવા બેસે એટલે તે માટેની સામગ્રી ક્યાં ક્યાંથી ઉપલબ્ધ છે એની જાણકારી એમની પાસે હોય જ. આમ છતાં લેખનશ્રમ કરવાનો ઉત્સાહ ન હોય તો આટલું બધું કામ થાય નહિ. એટલે જ એમણે એકલે હાથે જે કાર્ય કર્યું છે તે જોઈ સહેજે આશ્ચર્ય થાય એમ છે. આપણે માટે દુઃખની વાત એટલી છે કે એમની સાહિત્યજગતમાં જેટલી કદર થવી જોઇતી હતી તેટલી થઈ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનમાં અંતિમ વર્ષોમાં હીરાલાલભાઈ તથા ઈન્દિરાબહેન એમના સૌથી નાના પુત્ર નલિનચંદ્રના ઘરે મુંબઈમાં વરલી ઉપર 'મધુહંસ' નામના બિલ્ડિંગમાં કાયમ માટે રેહવા આવી ગયાં હતાં. ત્યારે હજુ હીરાલાલભાઈની તબિયત સારી હતી અને રોજ બે વાર ચાર દાદર ચઢતા-ઊતરતા. પરંતુ પછી ૮૫મા વર્ષે એમને અશક્તિ વરતાવા લાગી. એમનો દેહ ક્ષીણ થવા લાગ્યો. ૧૯૭૯ના માર્ચ મહિનામાં તેઓ પથારીવશ થઈ ગયા. તબીબી ઉપચારો ચાલુ થયા પણ તબિયતમાં સુધારો થયો નહિ. શૌચાદિ ક્રિયા પણ પથારીમાં કરાવવી પડતી. સ્વજનોએ હોસ્પિટલમાં દાખલ થવા માટે કહ્યું, પરંતુ ત્યાં જવાની એમની બિલકુલ ઇચ્છા નહોતી. એમ કરતાં બે અઠવાડિયાં થઈ ગયાં. છેવટે જ્યારે ડૉક્ટરની સલાહ અનુસાર હૉસ્પિટલમાં લઈ જવાનો સ્વજનોનો મક્કમ નિર્ણય થયો એ વખતે એમણે પોતાના બહેન શાંતાબહેનને બોલાવીને સમજાવ્યાં કે 'મને ચાર દિવસ પછી હૉસ્પિટલમાં લઈ જાવ, ત્યાં સુધી હું મારી આરાધના કરી લઉં.' શાન્તાબહેને બધાંને સમજાવ્યાં અને હૉસ્પિટલમાં જવાનું ચાર દિવસ પછી રાખવામાં આવ્યું. હીરાલાલભાઈએ સંથારાની જેમ એ દિવસથી અન્ન, જળ, ઔષધ વગેરેનો પચ્ચખ્ખાણપૂર્વક ત્યાગ કરી દીધો. આ વાતની ખબર પડતાં, મુંબઈમાં બિરાજમાન એક આચાર્ય ભગવંતે ઘરે આવી માંગલિક સંભળાવ્યું. પછી એમણે એક શાસ્ત્રજ્ઞ શ્રાવકને હીરાલાલભાઈ પાસે મોકલ્યા. તેઓ રોજ આવીને હીરાલાલભાઈને નિર્યામણા કરાવતા હતા. એમ કરતાં ચોથે દિવસે એટલે કે તા. ૨૩મી માર્ચ, ૧૯૭૯ના રોજ સવારે પોણાચાર વાગ્યે બ્રાહ્મ મૂહુર્તે ૮૫ વર્ષની વયે એમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. હૉસ્પિટલમાં ન જવાનો પોતાનો સંકલ્પ સમાધિપૂર્વક એમણે પાર પાડ્યો હતો.

હીરાલાલભાઈ અને ઇન્દિરાબહેને સાડા છ દાયકાનું દામ્પત્યજીવન ભોગવ્યું. હવે ઈન્દિરાબહેનની તબિયત બગડી હતી. એમણે ૧૨મી સપ્ટેમ્બર ૧૯૮૨ના રોજ ૮૪ વર્ષની વયે દેહ છોડ્યો. યુવાન વયે હીરલાલભાઈની કારકિર્દીનું ઘડતર મુંબઈમાં થયું. એમના દામ્પત્યજીવનનો પૂર્વકાલ મુંબઈમાં વીત્યો હતો અને બંનેએ અંતિમ શ્વાસ પણ મુંબઈમાં લીધા હતા.

સ્વેચ્છાએ અકિંચન રહી, સાદાઈ અને સરલતાપૂર્વક હીરાલાલભાઈએ સરસ્વતી દેવીની આજીવન અવિરત ઉપાસના અનન્યભાવે કરી હતી. આ શ્રુતોપાસક શ્રાવકના હસ્તે જૈન સાહિત્યના ક્ષેત્રે જે લેખનકાર્ય થયું છે તે અજોડ છે. એમનો યુગ એમની કદર કરી શક્યો નહિ. પણ જેમ જેમ એમનું સાહિત્ય પ્રકાશમાં આવશે અને ગ્રંથસ્થ થશે અને ગ્રંથોની પુનરાવૃત્તિઓ થશે તેમ તેમ ભાવિ પ્રજા એમની અવશ્ય યોગ્ય કદર કરશે. જૈન સાહિત્યના ઇતિહાસમાં એમનું નામ અને સ્થાન અવિસ્મરણીય રહેશે.

**[સાંપ્રત સહચિંતન ભા. ૧૩માંથી ટૂંકાવીને સાભાર.]**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષય-સૂચી

## પૃ. 43-79 ઉપોદ્‌ઘાત


પ્રકાશકીય 6
ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ 7
બેબોલ (મુનિશ્રી યશોવિજયજી મ. સા.) 8-10
સંપાદકીય નિવેદન 11-16
શ્રી કાપડિયાનો પરિચય 17-32
(લે. રમણલાલ ચી. શાહ)
વિષયસૂચી 33
વિસ્તૃત વિષયાનુક્રમ ભાગ-૧ 34-43
શુદ્ધિ-પત્રક 43
પ્રકાશિત ગ્રંથો 44
[1]૧૩ પર્યાય, મહત્ત્વ અને ઉપયોગિતા
(અ) **નિવેદન** : પ્રથમ[2] અંશ :– 45-56
ઉત્થાનિકા, સુયોગ, અભ્યાસ, યોગ્યતા,'પાઇય'ના અર્થની વ્યાપકતા, અભિલાષા. યોજના-પુસ્તકના બે ખંડ અને એનાં નામ, સાર્વજનીન સાહિત્યની વ્યાખ્યા અને એનાં અંગો (Technical Sciences), ધાર્મિક સાહિત્યની વ્યાખ્યા અને એનાં ચાર ઉપખંડ, ધાર્મિક સાહિત્યના નવ વર્ગ અને તેની સમજણ, લલિત અને લલિતેતર સાહિત્ય, કેટલીક સામગ્રીનું વિભાગદીઠ વિભાજન, જૈન સાહિત્યનો પરિચય આપતી વેળા કાલક્રમને, નહિ કે સંપ્રદાને અપાયેલું પ્રાધાન્ય, જૈન સંસ્કૃત સાહિત્યના પાંચ પ્રકારની ગોઠવણી અંગે વિચારણા, સાધ્ય ને સાધન, 'વિજ્ઞાન' નામના પંદરમા પ્રકરણના વિષયોનો ક્રમ, વ્યાકરણનાં સૂત્રથી ગર્ભિત કૃતિઓ, **અમરકોશ** (શ્લો.૧)ની પાદપૂર્તિરૂપ કૃતિ, દ્વયાશ્રય-કાવ્ય, **ત્રૈવિદ્યગોષ્ઠી**, કૃતિઓના પરિચયની પદ્ધતિ, પ્રકાશનોની નોંધ, પ્રકાશનોનો પરિચય આપનારી ચારકૃતિ, માનાર્થ પ્રયોગ, ગ્રંથકારાદિને લગતી ત્રણ સૂચીની સમજણ, ''જૈનગ્રંથ'' એટલે શું?, નામોનો વિનિમય, અકારાદિ ક્રમના પ્રકાર, અટકને પ્રાધાન્ય તેમજ વિવરણોનાં વિશિષ્ટ નામોનું સૂચન 56
(આ) **મૂલ્યાંકન** : 57-59
ગ્રંથપ્રણયનનો હેતુ, જૈન સાહિત્યની વિશાળતા અને વિવિધતા, મધ્યયુગનો અધંકારપાટ, શ્રમણાદિનો ફાળો, પાઇય, સંસ્કૃત અને ગુજરાતીમાં કૃતિઓ રચનારા જૈન ગૃહસ્થોનાં નામ તેમજ સૈકાદીઠ સાહિત્યનો ફાલ અને વિષયદીઠ વિકાસક્રમ દર્શાવવા માટેનો પ્રયાસ.
**જૈન મૌલિક ગ્રંથોનું મૂલ્યાંકન** : 59
પંદર વિષયો અને એને અંગેની
કૃતિઓની સંખ્યા 59
ચિત્રકળા 61
વ્યાકરણાદિનું વિહંગાવલોકન 61
ત્રણ અને ચાર વિષયની એકકર્તૃક કૃતિઓ 74
સૈકાદીઠ ફાલ 74
**નિવેદન** : દ્વિતીય અંશ- 75
રચનાસમયની સૂચી અને કર્તવ્ય 75
પ્રયાસ તેમજ ભારતીય સાહિત્યના તથા સંસ્કૃત સાહિત્યના ઇતિહાસને લગતા વિવિધ ભાષાઓમાં રચાયેલાં પુસ્તકોની સૂચી 76
પ્રસ્તુત પુસ્તકની આવશ્યક્તા 77
ઋણસ્વીકાર 78
પૂર્તિ 79
અલંકારચૂર્ણિ 79
યંત્રરાજ 80


૧. આ પૃષ્ઠાંક છે.

૨. દ્વિતીય અંશ માટે જુઓ પૃ. ૬૮-૭૪.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિસ્તૃત વિષયાનુક્રમ ભાગ-૧


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રકરણ ૧: પ્રાસ્તાવિક** | ૧-૪ |
| જગતની અનાદ્યનન્તતા | ૧ |
| સાહિત્યની ભાષાનો ઉદ્ભવ | ૧ |
| ભાષાઓનું વર્ગીકરણ | ૨ |
| ૫ ભાષા કોની? | ૨ |
| 'જૈન' સંસ્કૃત | ૩ |
| ઉપલબ્ધ સાહિત્યની ઇયત્તા | ૩ |
| પુસ્તકની મર્યાદા | ૩-૪ |
| સંસ્કૃત કૃતિઓના સાત વર્ગ | ૪ |
| **૬૦ પ્રકરણ ૨ : વ્યાકરણ** | ૫-૩૪ |
| વ્યાકરણના પર્યાયો | ૫ |
| વેદનાં છ અંગ | ૫ |
| વ્યાકરણનો ઉદ્ભવ | ૫ |
| (૧) વ્યાકરણો | ૫ |
| (૧) અજૈનઐંદ્ર **(ઐન્દ્ર)** વ્યાકરણ | ૫-૬ |
| (૨) જૈન **ઐન્દ્ર** વ્યાકરણ અને એની ઉત્પત્તિ | ૬-૭ |
| (૩) **સદ**પાહુડ (શબ્દપ્રાભૃત) | ૭-૮ |
| (૪) **જૈનેન્દ્ર** વ્યાકરણ યાને **પંચા**ધ્યાયી: દિ૦ પૂજ્યપાદનો પરિચય, બે વાચના, અસલી સૂત્રપાઠની ટીકાઓ, સ્વોપજ્ઞ ન્યાસ ને ભાષ્ય, મહાવૃત્તિ, શબ્દાંભોજ-ભાસ્કર, **પંચ**વસ્તુ, | ૭-૧૨ |
| (૪-અ) **શબ્દા**ર્ણવપ્રક્રિયા તેમજ જૈનેન્દ્ર વ્યાકરણની અનિટ્સ્વરાન્તકારિકા | |
| ભગવદ્વાગ્વાદિની | ૧૨ |
| (૫) **વિશ્રા**ન્તવિદ્યાધર: આ જૈન કૃતિ છે? **વામ**નનો સમય, સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ અને **મલ્લ**વાદીનો ન્યાસ | ૧૨-૧૩ |
| (૬) (જૈન) **શાક**ટાયન **શબ્દા**નુશાસન : **શાક**ટાયનનું વાસ્તવિક નામ એમની કૃતિઓ, સ્વોપજ્ઞ **અ**મોઘવૃત્તિ, ન્યાસનું કર્તૃત્વ, ચિન્તામણિ અને એની ટીકા, પ્રક્રિયાઓ: પ્રક્રિયાસંગ્રહ, શાકટાયન-ટીકા અને રૂપસિદ્ધિ, લિંગાનુશાસનને ધાતુપાઠ | ૧૩-૧૭ |
| (૭) **પંચગ્રંથી** યાને **બુદ્ધિ**સાગર: પરિમાણ, રચનાનો હેતુ, વ્યાકરણનાં પાંચે અંગોની છન્દોબદ્ધ રચના અને ઉલ્લેખો. | ૧૭-૧૮ |
| (૮) હૈમપંચાંગ વ્યાકરણ : સ્વોપજ્ઞવૃત્તિ, પ્રક્રિયાઓ અને સારાંશ. | ૧૮-૧૯ |
| (૯) **ભદ્રે**શ્વર-વ્યાકરણ : **ભદ્રે**શ્વરસૂરિનું પ્રાધાન્ય. | ૧૯ |
| (૧૦) ગણરત્નમહોદધિ: સ્વોપજ્ઞવૃત્તિ, **વ**ર્ધમાન-સૂરિકૃત **સિદ્ધ**રાજ-વર્ણન, **પા**ણિનિ વગેરેની પ્રશંસા અને અજ્ઞાતકર્તૃક અવચૂરિ. | ૧૯ |
| (૧૧) **શબ્દા**નુશાસન યાને મુષ્ટિવ્યાકરણ: સ્વોપજ્ઞવૃત્તિ, હાથીપોથીઓ, **મુ**ષ્ટિવ્યાકરણનાં રસનાસમય, ઉપયોગ અને પ્રભાવ તથા વિષમપદવિવરણ | ૨૦-૨૨ |
| (૧૨) પ્રેમલાભ-વ્યાકરણ: યોજનાની સ્વતંત્રતા. | ૨૨ |
| (૧૨અ) **બા**લબોધવ્યાકરણ: એનાં છ વિવરણો તેમજ **કા**તન્ત્રની વૃત્તિરૂપ આ વ્યાકરણ હોવાનો સંભવ. | ૨૨ |
| (૧૩) **વિદ્યા**નન્દ-વ્યાકરણ:કર્તાનો પરિચય, ગુર્વાલીમાં આ વ્યાકરણનો 'સર્વોત્તમ' તરીકે ઉલ્લેખ, આ વ્યાકરણનાં ત્રણ નામાંતરો અને એના કર્તાનું અન્ય નામ.. | ૨૨ |
| ઔદાર્યચિન્તામણિ: 'પાઇય' (પ્રાકૃત) ભાષાનું વ્યાકરણ, દિ૦ **શ્રુ**તસાગરનો પરિચય, એમણે પોતાને માટે વાપરેલાં વિશેષણો અને એમની કૃતિઓ.. | ૨૩-૨૪ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૧૫) **ચિન્તામણિ** વ્યાકરણ કર્તાની શિષ્યપરંપરા અને વિવિધ કૃતિઓ, પાઇય ભાષાનું વ્યાકરણ અને સ્વોપજ્ઞવૃત્તિ.. | ૨૪-૨૬ |
| (૧૬) **શબ્દભૂષણ**: પદ્યાત્મક વ્યાકરણ અને મુસ્લિમ માટેની આ રચના.. | ૨૬ |
| (૧૭) **શબ્દાર્ણવ**: વ્યાકરણ કે કોશ અને સ્વોપજ્ઞટીકા.. | ૨૭ |
| ગણદર્પણ૦, નૂતનવ્યાકરણ, પ્રયોગમુખવ્યાકરણ | ૨૮ |
| [૨] ઔક્તિકો | ૨૮-૩૦ |
| **મુગ્ધાવબોધ**: કુલમંડનસૂરિની જીવનરેખાને કૃતિઓ | ૩૦ |
| **વાક્યપ્રકાશ**: ઉદયધર્મકૃત મહાવીરસ્તવન અને **વાક્યપ્રકાશ**ની પાંચ ટીકાઓ પર અન્ય **ઔક્તિકો** | ૩૦-૩૧ |
| [૩] આંશિક વ્યાકરણો: | ૩૧-૩૨ |
| (૧) ઉપસર્ગમંડન: **મં**ડનનો પરિચય અને એમની કૃતિઓ | ૩૨ |
| (૨) **ધાતુમંજરી** : **સિદ્ધિચન્દ્રગણિ**નો પરિચય અને એમની મૌલિક અને વિવરણાત્મક કૃતિઓ. | ૩૨-૩૩ |
| (૩) **મિશ્રલિંગકોશ**, **મિશ્રલિંગનિર્ણય** કિંવા **લિં**ગાનુશાસન: કર્તા **કલ્યાણસાગર**. | ૩૩ |
| (૪) ઉણાદિપ્રત્યય: કર્તા દિગંબર છે? અને સ્વોપજ્ઞ ટીકા. | ૩૩ |
| **પારસી(ક)ભાષાનુશાસન**: ફારસી ભાષાનું વ્યાકરણ અને એના કર્તા વિક્રમસિંહ | ૩૩ |
| **કર્ણાટક-શબ્દાનુશાસન**: દિ૦ **અકલંક**કૃત કાનડી ભાષાનું વ્યાકરણ, વૃત્તિ અને વ્યાખ્યાન [૪] પરિશિષ્ટો. | ૩૩-૩૪ |
| પરિશિષ્ટ ૧ : **ચંદ્ર** વ્યાકરણ: કર્તા **ચન્દ્રગોમિ** (બૌદ્ધ) અને સ્વોપજ્ઞવૃત્તિ. | ૩૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રકરણ ૩: હૈમ પંચાંગ વ્યાકરણ** | ૩૫-૫૯ |
| 'સિદ્ધહેમચંદ્ર' નામના બે અંશના અર્થ | ૩૫ |
| હેમચન્દ્રસૂરિની જીવનરેખા. | ૩૫ |
| (अ) સૂત્રપાઠ **સિ૦**હેની રૂપરેખા, એનું પરિમાણ, રચનાની યોજના, સંજ્ઞા અને સૂત્રોનું સંતુલન તેમજ પાંત્રીસ પદ્યો. | ૩૬-૩૯ |
| સ્વોપજ્ઞ લઘુવૃત્તિ, **પ્ર**કાશિકા અને લઘુવૃત્તિનાં વિવરણો | ૩૯-૪૦ |
| **ર**હસ્યવૃત્તિ | ૪૦ |
| કાયસ્થ **કા**કલની વૃત્તિ | ૪૧ |
| **મ**ધ્યમવૃત્તિ | ૪૧ |
| બૃહદ્વૃત્તિ (**ત**ત્ત્વપ્રકાશિકા) તેમજ એની સ્વોપજ્ઞ લઘુવૃત્તિ તથા **અ**મોઘવૃત્તિ સાથે સરખામણી. | ૪૧-૪૨ |
| સત્તાવન ન્યાયો અને એને અંગેની વૃત્તિ અને અવચૂરિ. | ૪૨ |
| (अ) ગણપાઠ: | ૪૨ |
| બૃહદ્વૃત્તિની અવચૂર્ણિકા, એનું **ક**નકપ્રભકૃત ન્યાસ સાથે સામ્ય, બૃહદ્વૃત્તિને લગતાં વિવરણો અને સંક્ષેપ. | ૪૩ |
| બૃહન્ન્યાસ, **શ**બ્દમહાર્ણવકિંવા **ત**ત્ત્વપ્રકાશિકા-પ્રકાશ. | ૪૪ |
| વિવિધ લઘુન્યાસો ઇત્યાદિ. | ૪૪ |
| પ્રાકૃતરૂપસિદ્ધિ, પ્રાકૃતવૃત્તિઢુંઢિકા ઇત્યાદિ. | ૪૫ |
| પ્રક્રિયા-ગ્રન્થો. | ૪૫ |
| પ્રક્રિયાથી લાભાલાભ. | ૪૫-૪૬ |
| હૈમ (લઘુ) પ્રક્રિયા: **વિ**નયવિજયગણિનો પરિચય અને એમની કૃતિઓ. | ૪૬-૪૭ |
| હૈમપ્રકાશ યાને હૈમ પ્રક્રિયાબૃહન્ન્યાસ. | ૪૭ |
| **મે**ઘવિજયગણિકૃત ત્રણ **હૈમ**પ્રક્રિયા: **ચ**ન્દ્રપ્રભા યાને **હૈ**મકૌમુદી ઇત્યાદિ. | ૪૭-૪૮ |
| હૈમપ્રક્રિયા શબ્દસમુચ્ચય ઇત્યાદિ | ૪૮ |
| **હૈ**મવિભ્રમ તથા એની વૃત્તિ (**ત**ત્ત્વપ્રકાશિકા) અને અવચૂર્ણિ | ૪૮-૫૦ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સિદ્ધસારસ્વત (**સિ૦** હે૦નો ઉદ્ધાર) | ૫૦-૫૧ |
| ઉણાદિ સૂત્રો | ૫૧ |
| (इ) ઉણાદિગણસૂત્રો અને એની સ્વોપજ્ઞ ટીકા. | |
| **ઉ**ણાદિનામમાલા. | ૫૨ |
| (ई) ધાતુપાઠ. | ૫૩ |
| ધાતુ પારાયણ ઇત્યાદિ | ૫૩ |
| **ધા**તુરત્નાકર અને ઉક્તિરત્નાકર.. | ૫૩-૫૪ |
| (उ) લિંગાનુશાસન | ૫૪ |
| (उ) હૈમલિંગાનુશાસન અને એની સ્વોપજ્ઞ વૃત્તિ. | ૫૪ |
| દુર્ગપદપ્રબોધ ઇત્યાદિ. | ૫૫ |
| **હૈમ** વ્યાકરણનાં સન્માન, પ્રચાર અને ઓટ. | ૫૫-૫૬ |
| પ્રકીર્ણક કૃતિઓ. | ૫૬-૫૯ |
| **સ્યાદિશબ્દસમુચ્ચયઃ** અમરચન્દ્રસૂરિનો પરિચય અને એમના ગ્રંથો. | ૫૬-૫૭ |
| **ન્યાયર્થમંજૂષા** અને એનો સ્વોપજ્ઞ ન્યાસ. | ૫૭ |
| **ક્રિ**યારત્નસમુચ્ચયઃ ગુણરત્નસૂરિની મૌલિક અને વિવરણાત્મક કૃતિઓ તેમજ એમની જીવનરેખા. | |
| **ક**વિકલ્પદ્રુમઃ અજૈન કૃતિનું અનુકરણ. | ૫૮-૫૯ |
| **તિ**ઙ્ન્વયોક્તિ | ૫૯ |
| કેટલાંક પ્રકાશનો | ૫૯ |
| **પ્રકરણ ૪ : કોશ યાને નામામાલા** | ૬૦-૭૭ |
| ભાષાની સમૃદ્ધિ, નિઘંટુ અને એના અર્થ તથા ત્રિવિધ કોશ. | ૬૦ |
| [૧] એકાર્થક નામમાલા. | ૬૦-૬૧ |
| (૧) **અ**મરકોશ. | ૬૦ |
| (૨) **ધ**નંજય-નામમાલાઃ **ધ**નજંયનો પરિચય, એમની કૃતિઓ તથા એમનો સમય તેમજ **ધ**નંજય-નામમાલાનું ભાષ્ય. | ૬૧-૬૨ |
| (૩) **નિ**ઘણ્ટસમય (**ધ**નંજયનો) | ૬૨ |
| (૪) **ધ**નપાલીય કોશઃ **ધ**નપાલનાં સગાંવહાલાંને એમનો કૃતિકલાપ. | ૬૨-૬૪ |
| (૫)**બુદ્ધિ**સાગરીય**નિ**ઘંટુઃ આ કૃતિની અનુપલબ્ધિ. | ૬૪ |
| (૬)**અ**ભિધાન-ચિન્તામણિઃ ચાર હૈમ કોશો, **અ૦**ચિ૦ની યોજના, મહત્ત્વ, વિષય, ઉપયોગ અને રચનાસમય તેમજ સ્વોપજ્ઞ વિવૃતિ તથા અન્યકર્તૃક સાત ટીકાઓ. | ૬૪-૬૭ |
| બીજક નામની ત્રણ કૃતિઓ અને પ્રતીકાવલી. | ૬૬-૬૭ |
| શેષનામમાલા યાને શેષસંગ્રહનામમાલા અને એની બે ટીકા. | ૬૭ |
| **શિ**લોંછ અને એની ટીકા | ૬૭ |
| (૭)**સુ**ન્દરપ્રકાશ,**પ**દાર્થ ચિન્તામણી કિંવા**શ**બ્દાર્ણવ. | ૬૮ |
| (૮) **શ**બ્દભેદનામમાલા. | ૬૮-૬૯ |
| (૯) **ના**મસંગ્રહ, **ના**મમાલાસંગ્રહ કિંવા **વિ**વિક્તનામસંગ્રહઃ | ૬૮ |
| **ભા**નુચન્દ્રગણિની જીવનરેખા અને એમની મૌલિક અને વિવરણાત્મક કૃતિઓ. | |
| (૧૦) **શ**બ્દસંદોહસંગ્રહ | ૬૯ |
| (૧૧) **શા**રદીય નામમાલા યાને **શા**રદીયાભિધાનમાલા. | ૬૯ |
| **હ**ર્ષકીર્તિસૂરિનો પરિચય અને એમની કૃતિઓ. | ૬૯ |
| (૧૨) શેષનામમાલા યાને **શે**ષસંગ્રહનામ-માલાઃ કર્તા સાધુકીર્તિ. | ૬૯ |
| (૧૩)**શ**બ્દરત્નાકરઃ**સા**ધુસુન્દરગણિની કૃતિઓ. | ૬૯ |
| લઘુતમનામકોશ | ૬૯ |
| આંશિક કોશો. [નામકોશ] | ૭૦ |
| [અ] | |
| (૧) **પં**ચવર્ગસંગ્રહનામમાલાઃ શુભશીલગણિની કૃતિઓ. | ૭૦ |
| (૨) **દ્વ્**યક્ષરનામમાલાઃ | ૭૦ |
| (૩) **પં**ચવર્ગ પરિહારનામમાલાઃ આઠ સ્થાન અને વાક્ચાતુર્ય | ૭૦ |
| (૪) **અ**પવર્ગ-નામમાલાઃ જિનભદ્રસૂરિનો પરિચય. | ૭૧ |
| (૫) અન્ય **અ**પવર્ગનામમાલા. | ૭૧ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| [આ] | |
| (૧) સટીક **નિઘણ્ટુશેષ**: નિઘણ્ટુના અર્થ, અજૈન નિઘણ્ટુઓ અને વનસ્પતિના છ ભેદ. | ૭૧-૭૨ |
| (૨-૪) **નિઘણ્ટુસંગ્રહ**, **ઔષધીનામમાલા** અને **બીજનિઘણ્ટુ**. | ૭૨ |
| [૨] **અનેકાર્થક કોશો.** | ૭૨-૭૪ |
| (૧) **અનેકાર્થનામમાલા**: એની સંક્ષિપ્ત ટીકા. | ૭૨ |
| (૨) હૈમ **અનેકાર્થનિઘણ્ટુ**. | ૭૩ |
| (૩) **અનેકાર્થસંગ્રહ**: યોજના, રચનાસમય તેમજ અનેકાર્થકૈરવાકર કૌમુદી વગેરેવૃત્તિ ઇત્યાદિ. | ૭૩-૭૪ |
| વિશ્વલોચનકોશ | ૭૪ |
| (૪) **અનેકાર્થનામમાલા**. | ૭૪ |
| એકાક્ષર નિઘણ્ટુ | ૭૫ |
| [૩] **એકાક્ષરી નામમાલા.** | ૭૪-૭૭ |
| (૨) **અમરચન્દ્રસૂરિની એકાક્ષરનામમાલા**. | ૭૫ |
| (૩) એકાક્ષર નામમાલા સુધાકલશની જીવન રેખા અને કૃતિઓ | ૭૫ |
| અવ્યયૈકાક્ષર નામમાલા | ૭૫ |
| એકાક્ષરકોષ | ૭૫ |
| (૪) અમરકૃત એકાક્ષર નામમાલિકા | ૭૬ |
| (૫-૬) બે **એકાક્ષરનામમાલા** | ૭૬ |
| અભિધાનરાજેન્દ્રકોશ | ૭૫-૭૬ |
| **પારસીકનામમાલા** યાને **શબ્દવિલાસ** | ૭૭ |
| સંદિગ્ધ કૃતિઓ. | ૭૭ |
| **પ્રકરણ ૫: છન્દઃ શાસ્ત્ર** | ૭૮-૮૮ |
| પદ્યાત્મક કૃતિ પહેલી કે ગદ્યાત્મક ? | ૭૮ |
| (૧) **પૂજ્યપાદ**નું છન્દઃશાસ્ત્ર. | ૭૮ |
| (૨) જયદેવચ્છન્દસ્: જયદેવનો સંપ્રદાય, એમનો સમયનિર્ણય, જયદેવચ્છદસ્ સંબંધી ઉલ્લેખો અને એનાં **હર્ષટ**ની વિવૃત્તિ ઇત્યાદિ વિવરણો. | ૭૮-૮૧ |
| (૩) કાનડી દિ૦ **જયકીર્તિ**નું છન્દો-ऽनुशासनः | ૮૧-૮૨ |
| (૪) **બુદ્ધિસાગરસૂરિ**નું છન્દઃશાસ્ત્રઃ | ૮૩ |
| (૫) **રાજશેખર**નું છન્દઃશેખર | ૮૩ |
| (૬) સમાનનાયક કૃતિ | ૮૩ |
| (૭) હૈમ છન્દોऽનુશાસનઃ **છન્દશ્ચૂડા-મણિ**, **યશોવિજય-ગણિ**ની વૃત્તિ અને વર્ધમાનસૂરિની ટીકા.. | ૮૩-૮૬ |
| (૮) અજ્ઞાતનકર્તૃક **રત્નમંજૂષા**: ભાષ્યઃ | ૮૬-૮૭ |
| (૯) છન્દોરત્નાવલીઃ કર્તા અમરચન્દ્રસૂરિ | ૮૭ |
| (૧૦) છન્દોऽનુશાસનઃ **વાગ્ભટ**ની સ્વોપજ્ઞવૃત્તિ **ગાહાલક્ખણ** અને **છન્દકોસ**ની એકેક સંસ્કૃત ટીકા | ૮૭ |
| **છન્દઃ**શાસ્ત્ર સંબંધી અન્ય બાર કૃતિઓ અને કેટલીકનાં વિવરણો. | ૮૮ |
| કેટલાંક નવાં પ્રકાશનો | ૮૮ |
| **પ્રકરણ ૬: અલંકારશાસ્ત્ર(કાવ્યશાસ્ત્ર)** | ૮૯-૧૦૭ |
| 'અલંકાર'ના અર્થો. | ૮૯ |
| આગમોમાં અલંકારો. | ૮૯ |
| (૧) કવિશિક્ષાઃ કર્તા **બપ્પભટ્ટિસૂરિ**. | ૮૯-૯૦ |
| (૨) **અજિતસેન**કૃત **શૃંગારમંજરી** | ૯૦ |
| (૩) **વાગ્ભટાલંકાર**: વાગ્ભટ પહેલાનો પરિચય, દસ શ્વેતાંબરીય ટીકા, એક દિગંબરીય ટીકા અને બે અજૈન ટીકા તેમજ બે ગુજરાતી બાલાવબોધ. | ૯૦-૯૨ |
| (૪) હૈમ **કાવ્યાનુશાસન**: નામ, વિભાગ, વિષયને રચનાસમય, તથા **અલંકારચૂડામણિ** અને **વિવેક**, **કાવ્યાનુશાસન**ની વિવિધ સમીક્ષા તેમજ **અ૦ચૂ૦**ની યશોવિજયતૃત વૃત્તિ. | ૯૨-૯૭ |
| (૫) **જયમંગલસૂરિ**કૃત **કવિશિક્ષા** | ૯૭ |
| કલ્પલતા, પલ્લવ, વિવેક | ૯૭ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૬) **અમરચન્દ્રસૂરિની કાવ્યકલ્પલતા:** કવિશિક્ષા ઇત્યાદિ ત્રણ સ્વોપજ્ઞવૃત્તિઓ તેમજ **મકરન્દ** અને **યશોવૃત્તિ**. | ૯૭-૯૯ |
| (૭) કલ્પલતા: **પલ્લવ અને વિવેક** | ૯૯-૧૦૧ |
| (૮) **અલંકારપ્રબોધ:** કર્તા **અમરચન્દ્રસૂરિ** | ૧૦૨ |
| (૯) **કવિશિક્ષા:** કર્તા **વિનયચંદ્ર** | ૧૦૨ |
| ચોર્યાશી દેશોની રૂપરેખા | ૧૦૨ |
| (૧૦) **અલંકાર મહોદધિ:** | ૧૦૨-૧૦૩ |
| **નરચન્દ્રસૂરિનો** પરિચય ને એમનો કૃતિકલાપ તથા સ્વોપજ્ઞવૃત્તિ અને **અર્થાલંકારવર્ણન**. | ૧૦૨-૧૦૩ |
| (૧૧) **કાવ્યનુશાસન:** કર્તા વાગ્ભટ | ૧૦૩-૧૦૪ |
| વાગ્ભટ બીજાનો પરિચય અને એમની કૃતિઓ તેમજ સ્વોપજ્ઞ **અલંકારતિલક**. | |
| (૧૨) **ભાવદેવસૂરિકૃત અલંકારસાર, અલંકારસંગ્રહ** યાને **કાવ્યાલંકારસંગ્રહ:** | ૧૦૪ |
| **ભાવદેવસૂરિની** કૃતિઓ. | |
| (૧૩) **અલંકારમણ્ડન**. | ૧૦૪ |
| (૧૪) **શાન્તિચન્દ્રકૃત** કવિતામદ-પરિહાર: એની સ્વોપજ્ઞવૃત્તિ | ૧૦૫ |
| (૧૫) **અલંકારચિન્તામણિ:** એની ટીકા | ૧૦૫ |
| (૧૬) **અલંકારસંગ્રહ:** કર્તા અમૃતનંદિ | ૧૦૫ |
| (૧૭) **કાવ્યલક્ષણ**. | ૧૦૫ |
| (૧૮) **કાવ્યામ્નાય:** આ **શું ચન્દ્રાલોકની** ટીકા છે? | ૧૦૬ |
| (૧૯-૨૧) અવશિષ્ટ કૃતિઓ: | ૧૦૬ |
| ચાર આંશિક કૃતિઓ | ૧૦૬-૧૦૭ |
| રૂપકમંજરી, બે રૂપકમાલા અને **વક્રોક્તિ-પંચાશિકા** | ૧૦૬-૧૦૭ |
| કેટલાંક નવાં પ્રકાશનો | ૧૦૭ |
| **પ્રકરણ ૭: નાટ્યાશાસ્ત્ર** | ૧૦૮-૧૧૧ |
| **નાડયવિહિપાહુડ** | ૧૦૮ |
| દ્વિકર્તૃક **નાટ્યદર્પણ:** | ૧૦૮-૧૧૦ |
| **રામચન્દ્રસૂરિના** સોપ્રબંધો, અગિયાર દૃશ્ય કાવ્યો, વીસેક સ્તવો અને ત્રણ દ્વાત્રિંશિકા તેમજ ગુણચન્દ્રગણિની સહકર્તૃક કૃતિઓ.. | |
| સ્વોપજ્ઞ વિવૃતિ તેમજ એની **દશરૂપક** અને હૈમ **કાવ્યાનુશાસન** સાથે તુલના.. | ૧૧૦-૧૧૧ |
| કેટલાંક નવાં પ્રકાશનો | ૧૧૧ |
| **પ્રકરણ ૮: સંગીતશાસ્ત્ર** | ૧૧૨-૧૧૪ |
| સંગીત સંબંધી લેખો. | ૧૧૨ |
| (૧) **સંગીતસમયસાર** | ૧૧૨ |
| (૨-૩) **સંગીતોપનિષદ્** અને **સંગીતોપનિષત્સારોદ્ધાર** | ૧૧૨-૧૧૩ |
| વીણાવાદનનું વ્યસન. | ૧૧૩ |
| (૪-૭) **સંગીતમણ્ડન, સંગીતદીપક, સંગીતરત્નાવલી** અને **સંગીતસહપિંગલ**. | ૧૧૩ |
| સંગીત, નૃત્ય અને નાટ્ય સંબંધી જૈન ઉલ્લેખો. | ૧૧૪ |
| કેટલાંક નવાં પ્રકાશનો | ૧૧૪ |
| **પ્રકરણ ૯: કામશાસ્ત્ર** | ૧૧૫ |
| કામવિષયક કૃતિની અલ્પ સંખ્યા હોવાનું કારણ. | ૧૧૫ |
| (૧) **કન્દર્પચૂડામણિ** | ૧૧૫ |
| (૨-૩) **કામપ્રદીપ** અને **કોકપ્રકશસાર** | ૧૧૫ |
| ([1]નર્બુદાચાર્યાની **કોકશાસ્ત્ર-ચોપાઇ**) | |
| **પ્રકરણ ૧૦:સ્થાપત્ય અને મુદ્રાશાસ્ત્ર** | ૧૧૬-૧૧૭ |
| શિલ્પશાસ્ત્રને લગતાં પ્રકીર્ણક ઉલ્લેખો | ૧૧૬ |
| **વત્થુસારપયરણ** | ૧૧૭ |
| **શિલ્પશાસ્ત્ર** | ૧૧૭ |
| **દવ્વપરિક્ખા** | ૧૧૭ |
| મુદ્રાશાસ્ત્ર સંબંધી સંસ્કૃત કૃતિનો અભાવ | ૧૧૭ |
| કેટલાંક નવાં પ્રકાશનો | ૧૧૭ |


૧-૨. આ ટિપ્પણગત વિગત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રકરણ ૧૧: ગણિતશાસ્ત્ર** | ૧૧૮-૧૨૧ |
| (ગણિતની શાખાઓ) | ૧૧૮ |
| (૧) ગણિતસારસંગ્રહઃ | ૧૧૮-૧૧૯ |
| આઠ વ્યવહારોનું નિરૂપણ અને સ્ખલન, ગ્રન્થનો સત્કાર તેમજ સંસ્કૃતમાં બે તથા કાનજી અને તેલુગુમાં એકેક ટીકા.. | |
| ડૉ. દત્તના લેખો. | ૧૨૦ |
| (૨) **યલ્લાચાર્યકૃત** ગણિતસંગ્રહ | ૧૨૦ |
| ગણિતશાસ્ત્ર | ૧૨૦ |
| (૪) ગણિયસાર | ૧૨૦ |
| (૩) ગૃહસ્થે રચેલું પાત્ર ગણિત | ૧૨૦ |
| ઠક્કર ફેરુની કૃતિઓ | ૧૨૦ |
| તિલક | ૧૨૦ |
| **સિદ્ધ**ભૂપદ્ધતિની ટીકા. | ૧૨૦-૧૨૧ |
| **વીર**સેનનો પરિચય તેમજ એમની ધવલા અને જયધવલા નામની ટીકાઓ. | ૧૨૧ |
| (૫) **ને**મિચન્દ્રીય **ક્ષે**ત્રગણિત | ૧૨૧ |
| **તત્ત્વાર્થ**સૂત્રના ભાષ્ય વગેરેમાં ભૂમિતિને લગતાં છ કારણો. | ૧૨૧ |
| બૈજિક યાને રેખાગણિત | ૧૨૧ |
| **પ્રકરણ ૧૨: નિમિત્તશાસ્ત્ર** | ૧૨૨-૧૩૯ |
| નિમિત્તશાસ્ત્રની વ્યાપકતા. | ૧૨૨ |
| નિમિત્તના આઠ અને છ પ્રકારો. | ૧૨૨ |
| [૧] જ્યોતિષ | ૧૨૩-૧૨૭ |
| (૧-૨) **પ્રશ્ન**પ્રકાશ અને **કાલ**જ્ઞાનઃ | ૧૨૩-૧૨૪ |
| **પાદલિપ્ત**સૂરિનો પરિચય અને એમનો કૃતિકલાપ. | |
| (૩) **ઋ**ષિપુત્રની કૃતિ | ૧૨૪ |
| જ્યોતિર્જ્ઞાનવિધિ | ૧૨૪ |
| (૪) **ભુવનદીપક** યાને ગ્રહભાવપ્રકાશઃ એનાં પાંચ વિવરણો. | ૧૨૪-૧૨૫ |
| (૫) **આરંભસિદ્ધિ** યાને **વ્યવહારચર્યા**ઃ | ૧૨૫-૧૨૬ |
| ઉદયપ્રભસૂરિનો પરિચય ને એમની કૃતિઓ તેમજ સુધી શૃંગાર (આરંભસિદ્ધિની ટીકા) | |
| (૬) જ્યોતિઃસાર યાને **નારચન્દ્ર જ્યોતિઃસાર**ઃ | ૧૨૬ |
| **નરચન્દ્ર**સૂરિની કૃતિઓ અને **સાગરચન્દ્ર**નું ટિપ્પણ. | ૧૨૬ |
| (૭) **હેમપ્રભસૂરિકૃત ત્રૈલોકયપ્રકાશ**ઃ | ૧૨૬ |
| ચાર નામાંતરો | |
| (૮) **જન્મસમુદ્ર** યાને **જન્માંભોધિ**ઃ | ૧૨૬ |
| **બે**ડા નામની સ્વોપજ્ઞ વૃત્તિ | |
| (૯) **પ્રશ્નશતક**ઃ સ્વોપજ્ઞ અવચૂર્ણિ | ૧૨૬ |
| (૧૦) **ઠક્કર ફેરુ**નો **જ્યોતિઃસાર**ઃ સ્વોપજ્ઞવૃત્તિ | ૧૨૭ |
| (૧૧) **હર્ષકીર્તિસૂરિકૃત જ્યોતિઃસાર**ઃ | ૧૨૭ |
| **હર્ષકીર્તિસૂરિકૃત** ટીકાઓ | |
| (૧૨-૧૫) ચાર **જન્મપત્રીપદ્ધતિ** | ૧૨૭ |
| (૧૬) **માનસાગરી-પદ્ધતિ** | ૧૨૭ |
| [૨] **સામુદ્રિક-શાસ્ત્ર** | ૧૨૮-૧૩૧ |
| (૧) સામુદ્રિકતિલકઃ | ૧૨૮ |
| જગદેવની કૃતિઓ | |
| (૨) સામુદ્રિક-શાસ્ત્ર **વિવેકવિલાસ સાથે સામ્ય** | ૧૨૯ |
| (૩) **પાર્શ્વચન્દ્રકૃત હસ્તકાણ્ડ** | ૧૨૯ |
| (૪) **હસ્તસંજીવન** યાને **સિદ્ધજ્ઞાન**ઃ | ૧૩૦-૧૩૧ |
| સ્વોપજ્ઞ ટિપ્પણને **સામુદ્રિકલહરી** નામની સ્વોપજ્ઞ વિવૃતિ | |
| લોકકલ્પ | ૧૩૧ |
| (૩) **શકુનશાસ્ત્ર** | ૧૩૧-૧૩૩ |
| (૧) **નરપતિજયચર્યા** | ૧૩૧ |
| શકુનરહસ્ય | ૧૩૨ |
| (૨) **માણિક્યસૂરિકૃત શકુનશાસ્ત્ર** યાને **શકુનસારોદ્ધાર** | ૧૩૨ |
| (૩-૯) શકુનશાસ્ત્ર સંબંધી અન્ય સાતકૃતિઓ | ૧૩૨-૧૩૩ |
| (૪) **સ્વપ્નશાસ્ત્ર** | ૧૩૩ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૧) જગદેવકૃત **સ્વપ્નશાસ્ત્ર** | ૧૩૩ |
| **સુમણિસત્તરિયાની વૃત્તિ** | ૧૩૩ |
| (૨) **સ્વપ્નપ્રદીપ** યાને **સ્વપ્નવિચાર** | ૧૩૩ |
| (૫) **રમલશાસ્ત્ર** | ૧૩૪ |
| (૧-૩) ત્રણ રમલશાસ્ત્ર | ૧૩૪ |
| (૪) **પાશક-કેવલી** ૨ કૃતિઓ | ૧૩૪ |
| (૬) અંગવિદ્યા | ૧૩૪ |
| (૧-૨) **અંગચેષ્ટાવિદ્યા** અને **અંગસ્ફુરણ-વિચાર** | ૧૩૪ |
| (૭) **પ્રશ્નવિચાર** | ૧૩૪-૧૩૭ |
| **પણ્હાવાગરણ**ની ત્રણવૃત્તિઃ ચૂડામણિ, **લીલાવતી** અને દર્શનજ્યોતિર્વૃત્તિ | ૧૩૪ |
| (૧) ચન્દ્રોન્મલીન અને એની ટીકા | ૧૩૪ |
| તીર્થકેવલિપ્રશ્ન આદિ | ૧૩૫ |
| આયજ્ઞાનતિલક વગેરે | ૧૩૬ |
| (૨) **ફલાફલવિષયક પ્રશ્નપત્રક** | ૧૩૬ |
| (૩) **મેઘવિજયકૃત** ઉદયદીપિકા | ૧૩૭ |
| (૪) **મેઘવિજયકૃત પ્રશ્નસુન્દરી** | ૧૩૭ |
| (૮) પ્રકીર્ણક | ૧૩૭-૧૩૯ |
| (૧) **મેઘવજિયકૃત** વર્ષ પ્રબોધ યાને **મેઘમહોદય**: રચનાસમય અને અવતરણો | ૧૩૭-૧૩૮ |
| પંચાંગતત્ત્વ આદિ | ૧૩૯ |
| (૨) ઉસ્તરલાવયંત્ર અને એની ટીકા | ૧૩૯ |
| **પ્રકરણ ૧૩ : વૈદ્યકશાસ્ત્ર** | ૧૪૦-૧૪૪ |
| (૧) **સમન્તભદ્રકૃત સિદ્ધાન્તરસાયનકલ્પઃ** | ૧૪૦ |
| **અમૃતનન્દિ**નો પારિભાષિક શબ્દકોશ | |
| (૨-૭) **પૂજ્યપાદ**, **પાત્રકેસરી**, **સિદ્ધસેન**, **દશરથગુરુ**, મેઘનાદ અને **સિંહનાદ**ની એકેક કૃતિ | ૧૪૦ |
| (૮) **વૈદ્યકગ્રન્થ** | ૧૪૦ |
| નાડીપરીક્ષા વગેરે | ૧૪૦-૧૪૧ |
| (૯-૧૧) **કલ્યાણકારક** નામની ત્રણ કૃતિઓ | ૧૪૨ |
| **અજૈન** વૈદ્યક ગ્રન્થોની વૃત્તિઓ | ૧૪૨ |
| (૧૨) **યોગચિન્તામણિ**, **વૈદ્યકસારસંગ્રહ** કિંવા **વૈદ્યકસારોદ્ધાર** | ૧૪૩ |
| (૧૩) હસ્તરુચિકૃત **વૈદ્યવલ્લભ** | ૧૪૩ |
| (૧૪) **યોગરત્નાકર** (ગુજરાતી) | ૧૪૩ |
| (૧૫-૨૧) **દ્રવ્યાવલી-નિઘણ્ટુ**, **વૈદ્યકલ્પ**, **વૈદ્યકસાર**, **સિદ્ધયોગમાલા**, **રસપ્રયોગ**, **રસચિન્તામણિ** અને **માધરાજપદ્ધતિ** | ૧૪૩-૧૪૪ |
| (૨૨-૨૯) આઠ સંદિગ્ધકૃતિઓ | ૧૪૪ |
| **પ્રકરણ ૧૪ : પાકશાસ્ત્ર** | ૧૪૫ |
| **નલપાકદર્પમ** અને **ક્ષેમકુતૂહલ** (અજૈન કૃતિઓ) તેમજ **પોરાગમ** | ૧૪૫ |
| પ્રગટ કરવા યોગ્ય ગ્રંથો | ૧૪૫ |
| **પ્રકરણ ૧૫ : વિજ્ઞાન** | ૧૪૬-૧૪૮ |
| [૧] | |
| **અમરચન્દ્રકૃત કલાકલાપ** | ૧૪૬ |
| [૨] | |
| (૧) **હંસદેવકૃત મૃગપક્ષશાસ્ત્ર** | ૧૪૬ |
| (૨) જગદેવકૃત **ગજપ્રબન્ધ** | ૧૪૬ |
| (૩-૫) જગદેવકૃત **તુરંગપ્રબન્ધ**, **ભોજ**કૃત **શાલિહોત્ર** અને અજ્ઞાતકર્તૃક**અશ્વાદિગુણ** | ૧૪૬-૧૪૭ |
| (૬-૭) **શ્વાનસપ્રતિકા** અને **શ્વ-રુદિત** | ૧૪૭ |
| (૭[અ]) **કાકરુત** (ગુજરાતી) | ૧૪૭ |
| [૩] | |
| (૧) ધનુર્વિદ્યાઃ એની વૃત્તિ | ૧૪૮ |
| [૪] | |
| (૧) **સમસ્તરત્નપરીક્ષા** | ૧૪૮ |
| (૨) **રત્નપરીક્ષા** | ૧૪૮ |
| (૩) **હીરકપરીક્ષા** | ૧૪૮ |
| (૪) ઠક્કર ફેરુકૃત **ધાતુપરીક્ષા** | ૧૪૮ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| [૫] | |
| (૧-૬) મષીવિચાર, લેખપદ્ધતિ, લેખન-પ્રકાર, વિજ્ઞાનચન્દ્રિકા, વિજ્ઞાનર્ણવ અને વિજ્ઞાનાર્ણવોપ-નિષદ્ | ૧૪૮ |
| **પ્રકરણ ૧૬ : નીતિશાસ્ત્ર** | ૧૪૯-૧૬૩ |
| 'નીતિ'ના અર્થ | ૧૪૯ |
| (૧) સામાન્ય નીતિ | ૧૪૯-૧૫૧ |
| (૧) પ્રશ્નોત્તરરત્નમાલ યાને રત્નમાલિકાઃ | ૧૪૯-૧૫૦ |
| ચાર વિવરણો અને મૂળ કૃતિનાં રૂપાંતરો | |
| (૨) સમાનનામક કૃતિ | ૧૫૦ |
| (૩) નીતિશાસ્ત્રઃ | ૧૫૦ |
| તિલકપ્રભસૂરિની કૃતિઓ. | |
| (૪) નીતિધનદઃ | ૧૫૦-૧૫૧ |
| ધનદનાં સગાંવહાલાં અને એમની બે અન્યકૃતિઓ. | |
| (૫-૧૧) નીતિશાસ્ત્ર, નીતિસાર નામની ત્રણ કૃતિ, નીતિસારસમુચ્ચય, નીતિરસાયન અને નીતિગ્રન્થ. | ૧૫૧ |
| (૧૨) મલ્લિષેણકૃત સજ્જન ચિત્તવલ્લભઃ | ૧૫૧ |
| એની સંસ્કૃત અને કાનડી ટીકા | |
| (૧૩) શિવકોટિકૃત રત્નમાલા. | ૧૫૧ |
| (૨) સુભાષિત | ૧૫૧ |
| (૧) સૂક્તિસમુચ્ચય | ૧૫૧ |
| (૨) સુભાષિતરત્નસન્દોહઃ | ૧૫૨ |
| અમિતગતિ બીજાની કૃતિઓ | |
| (૩) હેમચન્દ્રવચનામૃત | ૧૫૨-૧૫૩ |
| (૪)સૂક્તિમુક્તાવલી, સિન્દૂરપ્રકર યાને સોમશતકઃ સિન્દૂરપ્રકરનાં આઠ વિવરણો તેમજ મૂળ કૃતિનાં ઈટાલિયન અનુવાદ અને અનુકરણો | ૧૫૩-૧૫૪ |
| (૫) અમરચન્દ્રકૃત સૂક્તાવલી | ૧૫૫ |
| (૬-૭) વિવેકકલિકા અને વિવેકપાદપ | ૧૫૫ |
| (૮) તિલકપ્રભકૃત સુભાષિતાવલી | ૧૫૫ |
| (૯) મન્મથસિંહકૃત સૂક્તરત્નાકર | ૧૫૫ |
| (૧૦) વસ્તુપાલકૃત સૂક્તિસમુચ્ચય | ૧૫૫ |
| (૧૧) લક્ષ્મણકૃતસૂક્તાવલી યાનેસૂક્ત-સંગ્રહ | ૧૫૬ |
| (૧૨) અજ્ઞાતકર્તૃક સૂક્તમુક્તાવલી | ૧૫૬ |
| (૧૩) સૂક્તાવલી યાને કર્પૂરપ્રકરઃ એનાં ચારેક વિવરણ | ૧૫૬ |
| (૧૪) અજ્ઞાતકર્તૃક સૂક્તમુક્તાવલી | ૧૫૭ |
| (૧૫) સૂક્તસંગ્રહઃ એની અવચૂરિ | ૧૫૭ |
| (૧૬) હીરવિજયકૃત સૂક્ત-રત્નાવલી | ૧૫૭ |
| (૧૭) હેમવિજયકૃત સૂક્તમુક્તાવલીઃ એમની અન્ય કૃતિઓ | ૧૫૭ |
| (૧૮) સિદ્ધિચન્દ્રકૃત સૂક્તિરત્નાકર | ૧૫૮ |
| (૧૯) સૂક્તિ(ક્ત)દ્વાત્રિંશિકાઃ એનું સ્વોપજ્ઞ વિવરણ | ૧૫૮ |
| (૨૦) કસ્તૂરીપ્રકરઃ એની સ્વોપજ્ઞવૃત્તિ | ૧૫૮ |
| કર્પૂરપ્રકરણ | ૧૫૮ |
| (૨૧) હિંગુલપ્રકરઃ એનો અનુવાદ તથ વિનયસાગર તે કોણ ? | ૧૫૮-૧૫૯ |
| (૨૨-૨૫) સદ્ભાષિતાવલી, સુભાષિતવિજય-મતશાસ્ત્ર, આર્યાગાથા, સુભાષિતરત્નકોશ અને સૂક્ત-મુક્તાવલી યાને સૂક્તિમુક્તાવલી | ૧૫૯ |
| (૨૬) સૂક્તરત્નાવલીઃ એની સ્વોપજ્ઞવૃત્તિ તેમજ ક્ષમા-કલ્યાણની જીવનરેખા અને એમની મૌલિક અને વિવરણાત્મક કૃતિઓ | ૧૫૯-૧૬૦ |
| (૨૭-૪૪) સુભાષિતપદ્યરત્નાકર, જૈ સૂક્તસન્દોહ તેમજ અન્ય સોળ કૃતિઓ | ૧૬૦-૧૬૧ |
| (૩) રાજનીતિ | ૧૬૨-૧૬૩ |
| (૧) નીતિવાકયામૃતઃ એની ટીકા અને સોમદેવસૂરિની અન્ય કૃતિઓ | ૧૬૨-૧૬૩ |
| (૪) પ્રકીર્ણક | ૧૬૩ |
| (૧) બુદ્ધિસાગર | ૧૬૩ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રકરણ ૧૭ : અજૈન લાક્ષણિક સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો** | ૧૬૪ |
| જૈન માનસ | ૧૬૪ |
| અજૈનકૃતિઓ અંગે જૈનોનો ફાળો | ૧૬૫ |
| (૧) પાણિનીય **અષ્ટાધ્યાયી**: **શબ્દાવતાર** ન્યાસ, કાશિકા અને એની પંજિકા | ૧૬૫-૧૬૬ |
| (૨) **વિશ્રાન્તવિદ્યાધર**: મલ્લવાદીનો ન્યાસ | ૧૬૭ |
| (૩) **કાતન્ત્ર**: એની ચૌદેકવૃત્તિ, કલાપવ્યાકરણ-સંધિગર્ભિતસ્તવ અને એની અવચૂરિ તેમજ **સં**ગ્રામસિંહકૃત **બા**લશિક્ષા | ૧૬૭-૧૬૯ |
| (૪) **નરેન્દ્રાર્યકૃત સારસ્વત** વ્યાકરણ. **ભો**જનવ્યાકરણ, **સારસ્વત** ઉપરની ઓગણીસ અને **સિદ્ધાન્તચન્દ્રિકા** ઉપરની પાંચ જૈન ટીકા, **સારસ્વતમણ્ડન**, **સારસ્વત**નો ધાતુપાઠ, **વીરસ્તવ** અને એની ટીકા, જિનચન્દ્રકૃત સિદ્ધાન્તરત્નિકા તેમજ **સારસ્વતવિભ્રમ**ની અવચૂર્ણિ | ૧૬૯-૧૭૩ |
| **અનિટ્કારિકા**: એનાં ત્રણ વિવરણ આદિ | ૧૭૩ |
| **ભૂ**-ધાતુ: | ૧૭૩ |
| (૫) **અમરસિંહકૃત અમરકોશ આ**શાધરકૃત ટીકા ને 'શંખેશ્વર' પાર્શ્વનાથની સ્તુતિ | ૧૭૩ |
| (૬) **શ્રુ**તબોધ: એની છ ટીકા | ૧૭૪ |
| (૭) કેદારકૃત વૃત્તરત્નાકર: એની છ ટીકા | ૧૭૪-૧૭૫ |
| (૮) દંડિકૃત **કાવ્યદર્શ**: **ત્રિ**ભુવન-ચન્દ્રની ટીકા | ૧૭૫-૧૭૬ |
| (૯) **રુદ્રટકૃત કાવ્યાલંકાર**: | ૧૭૬-૧૭૭ |
| **નમિસાધુની વૃત્તિ ને આશાધરકૃત નિબન્ધન** | |
| (૧૦) **મમ્મટ**કૃત **કાવ્યપ્રકાશ**: એની **સંકેતા**દિ છ ટીકા, **સંકેત**નું **અ૦ચૂ૦** અને **વિવેક** સાથે સામ્ય તેમજ **કાવ્યપ્રકાશ**નો અભ્યાસ. | ૧૭૭-૧૭૮ |
| (૧૧) **ભોજ**કૃત **સરસ્વતી કણ્ઠાભરણ**: **આજડ**કૃત **પદ**પ્રકાશ | ૧૭૮-૧૭૯ |
| (૧૨) જયદેવકૃત **ચન્દ્રાલોક**: **કાવ્યામ્નાય** | ૧૭૯ |
| (૧૩) **ધર્મદાસ**કૃત **વિદગ્ધમુખમણ્ડન**: એની સાત ટીકા અને બાલાવબોધ | ૧૭૯ |
| (૧૪) **શ્રી**ધરકૃત ગણિતસાર. એની વૃત્તિ. | ૧૭૯-૧૮૦ |
| (૧૫) **શ્રી**પતિકૃત ગણિતતિલક યાને ગણિતપાટી: **સિંહાતિલકસૂરિ**ની વૃત્તિ | ૧૮૦ |
| (૧૬) વરાહનિહિરનું લઘુજાતક: એની વૃત્તિ | ૧૮૦ |
| (૧૭) **શ્રી**પતિકૃત જાતક(કર્મ)પદ્ધતિ: **સુમતિહર્ષ**ની ટીકા, અન્ય કૃતિઓ. | ૧૮૦ |
| (૧૮) **હરિભટ્ટ**કૃત **તાજિકસાર**: **સુમતિહર્ષ**કૃત ટીકા. | ૧૮૧ |
| (૧૯) **ભાસ્કર**કૃત **કરણકુતૂહલ**: **સુમતિહર્ષ**ની ગણકકુમુદકૌમુદી. | ૧૮૧ |
| (૨૦) કાલિદાસકૃત જ્યોતિર્વિદાભરણ: **ભાવરત્ન**ની સુબોધિનીગ | ૧૮૧ |
| (૨૧) **મહાદેવ**કૃત **મહાદેવીસારણી**: **ધનરાજ**કૃત **દીપિકા** ઇત્યાદિ. | ૧૮૧ |
| (૨૨) **વિવાહપટલ**: અમરનો બાલાવબોધ. | ૧૮૧ |
| (૨૩) ગણેશકૃત ગ્રહલાઘવ: એનાં ટીકા અને ટિપ્પણ તેમજ **યશસ્વત્સાગર**ની કૃતિઓ | ૧૮૧ |
| (૨૪) **દિનકર**ની ચન્દ્રાર્કી: **કૃપાવિજય**ની વૃત્તિ | ૧૮૨ |
| (૨૫) ભટ્ટોત્પલની ષટ્પંચાશિકા: **મહિમોદય**ની ટીકા. | ૧૮૨ |
| (૨૬) **હરિભટ્ટ**કૃત **ભુવનદીપક**: **લક્ષ્મીવિજય**નો બાલાવબોધ. | ૧૮૨ |
| (૨૭) **રાજર્ષિભટ્ટ**કૃત **ચમત્કારચિન્તામણિ**: **અભયકુશળ**ની બાલાવબોધિની | ૧૮૨ |
| (૨૮) **હોરામકરન્દ**: **સુમતિહર્ષ**ની ટીકા | ૧૮૨ |
| (૨૯) **વસન્તરાજીયશકુન**, **શકુનનિર્ણય** યાને **શકુનાર્ણવ**: **ભાનુચન્દ્રગણિ**ની વૃત્તિ. | ૧૮૨ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૩૦) **વાગ્ભટકૃત અષ્ટાંગહૃદયઃ** | | (૩૨) **વરરુચિકૃત યોગશતઃ** | ૧૮૩ |
| **આશાધરકૃત** ટીકા.· | ૧૮૩ | **પૂર્ણસેનની** વૃત્તિ. | ૧૮૪ |
| (૩૧) **નાગાર્જુનકૃત આશ્ચર્યયોગમાલા** | | **ભર્તૃહરિકૃત નીતિશતક.** | ૧૮૪ |
| યાને **યોગરત્નમાલાઃ** ગુણાકરની વિવૃતિ. | ૧૮૩ | ધનસારની ટીકા અને સર્વાર્થ સિદ્ધિમણિમાલા. | ૧૮૫ |


## પરિશિષ્ટ : ૧


| | | | |
|---|---|---|---|
| **ગ્રંથકારોની સૂચી** | ૧૮૬-૧૯૯ | (આ) દિગમ્બર | ૧૯૪-૧૯૫ |
| (અ) શ્વેતામ્બર અને યાપનીય ગ્રંથકાર | ૧૮૬-૧૯૩ | (ઈ) અજૈન | ૧૯૬-૧૯૯ |


## પરિશિષ્ટ : ૨


| | | | |
|---|---|---|---|
| **ગ્રંથો અને લેખોની સૂચી** | ૨૦૦-૨૩૫ | (આ) દિગમ્બરગ્રંથો | ૨૨૫-૨૩૦ |
| (અ) શ્વેતામ્બર અને યાપનીય ગ્રંથો | ૨૦૦-૨૨૫ | (ઈ) અજૈનગ્રંથો | ૨૩૦-૨૩૫ |


## પરિશિષ્ટ : ૩


| | | | |
|---|---|---|---|
| **પ્રકીર્ણક વિશેષનામો** | ૨૩૬-૨૫૩ | **સંકેતસૂચી** | ૨૫૪-૨૫૫ |


# શુદ્ધિ-પત્રક

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ | પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | ૨૬ | ચિત્રાલંકાર | [ચિત્રાલંકાર | ૧૨૧ | ૨૩ | વ્યાખ્યા | વ્યાખ્યા] |
| ૩૪ | ૨૮ | નં. ૫૧ | નં. ૫૧] | ૧૪૪ | ૨૩ | તત્ત્વાર્થ | [તત્ત્વાર્થ |
| ૬૩ | ૩૦ | ટિ: ૫ | ટિ. ૭ | ૧૪૪ | ૨૪ | ગંગા | ગંગા] |
| ૧૦૬ | ૨૧ | પ્રકાશ | પ્રકાશન | ૧૪૫ | ૧૪ | શ્રી હિમાંશુ | [શ્રી હિમાંશુ |
| ૧૦૭ | ૧૨ | केशरिया | [केशरिया | ૧૪૮ | ૨૦ | રુપ્ય | રૂપ્ય |
| ૧૦૭ | ૨૬ | જિ.આ.દ્ર. | જિ.આ. ટ્રસ્ટ | ૧૮૫ | ૧૩ | પાણિનીય | [પાણિનીય |
| ૧૦૭ | ૨૭ | ભારતી | ભારતી] | ૧૮૫ | ૧૫ | વઘટીકા | વધટીકા |
| ૧૧૪ | ૯ | કાવ્યાનુ | [કાવ્યાનુ | ૧૮૫ | ૨૦ | સાધુ આનંદ સાગરજી | સાધુ.] |
| ૧૧૪ | ૩૧ | 1972 A.D. | 1972 A.D. ] | ૨૧૪૨/૩૨ | | મેધમાલા | મેઘમાલા |
| ૧૧૫ | ૯ | જ. સા. | જૈ. સા. | ૨૧૪૨/૩૩ | | મેધમાલા | મેઘમાલા |
| ૧૨૧ | ૧૪ | Aspects | [Aspects | ૨૧૪૨/૩૩ | | મેધમાલા | મેઘમાલા |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આચાર્ય શ્રી વિજયમુનિચન્દ્રસૂરિ સંપાદિત-સંકલિત
## પ્રકાશિત ગ્રંથો

હીરસૌભાગ્ય (સટીક)
પ્રવચન સારોદ્ધાર વિષમપદ વ્યાખ્યા
દસસાવગચરિયં
ધર્મરત્નકરંડક
કથારત્નાકર
પ્રભાવકચરિત્ર (ગુજરાતી ભાષાંતર)
ઉપમિતિ કથોદ્ધાર કર્તા : પં. શ્રી હંસરત્નગણી
વીરનિર્વાણ સંવત ઔર જૈન કાલગણના : લે. પં. કલ્યાણવિજય ગણી
શ્રમણ ભગવાન મહાવીર : પં. કલ્યાણવિજય ગણી
જીવાજીવાભિગમ આ. હરિભદ્રસૂરિટીકા (મુદ્રણાલયમાં)
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ લે. મોહનલાલ દેસાઈ

દસવૈકાલિકસૂત્ર : પૂ. આ. ભ. શ્રી ભદ્રંકરસૂરિ મ. સા. ના વિવેચન સાથે
કર્મગ્રંથ ૧ થી ૫ : રમ્યરેણુ, શાંતિનાથ ચરિત્ર-સાનુવાદ : રમ્યરેણુ,
દાનોપદેશમાલા-સવિવેચન : રમ્યરેણુ

## પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરિ મ. સા.ની વાચનાઓ

દરિસણ તરસિએ ભા. ૧
દરિસણ તરસિએ ભા. ૨
આપ હિ આપ બુઝાય
ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો
આતમજ્ઞાની શ્રમણ કહાવે
આત્માનુભૂતિ
બિછુરત જાયે પ્રાણ
સો હિ ભાવ નિર્ગ્રંથ
મેરે અવગુણ ચિત્ત ન ધરો
પ્રભુનો પ્યારો સ્પર્શ
અસ્તિત્વનું પરોઢ
અનુભૂતિનું આકાશ

—: પ્રાપ્તિસ્થાન :—

આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧. ફોન : ૨૪૨૬૫૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપોદ્ઘાત

ઉપોદ્ઘાત, પ્રસ્તાવના અને ભૂમિકા એ સામાન્ય રીતે પર્યાયવાચક શબ્દો ગણાય છે. તેમ છતાં **'ઉપોદ્ઘાત'** એ વધારે ગૌરવશાળી શબ્દ ગણાય છે. એને માટે અંગ્રેજીમાં ઈન્ટ્રોડક્શન (Introduction) શબ્દ વપરાય છે.

'ઉપોદ્ઘાત' એ ગ્રંથનું મહત્ત્વનું અંગ છે. આના સમર્થનાર્થે એટલું જ કહેવું બસ થશે કે નિર્યુક્તિકાર **ભદ્રબાહુસ્વામી** એ જે **આવસ્સય**ની નિજ્જુત્તિ રચી છે. તેનો પ્રારંભ એના અંશરૂપ ઉવગ્ઘાયનિજ્જુત્તિ (ઉપોદ્ઘાત-નિર્યુક્તિ)થી કરાયો છે.

'ઉપોદ્ઘાત' એ ગ્રંથના પ્રવેશ-દ્વારની ગરજ સારે છે અને સાથે સાથે એના હાર્દ ઉપર પ્રકાશ પાડે છે-એના નિષ્કર્ષની રજૂઆત કરે છે. આ બાબતોને લક્ષ્યમાં રાખી હું અહીં ઉપોદ્ઘાત લખું છું. સૌથી પ્રથમ હું એને બે વિભાગોમાં વિભક્ત કરું છું. (૧) નિવેદન અને (૨) મૂલ્યાંકન. નિવેદન દ્વારા મેં કઇ પરિસ્થિતિમાં આ પુસ્તક રચવાનું માથે લીધું-એને અંગે મારી શી તૈયારી હતી તેમજ આ પુસ્તકની રચના મેં કઇ પદ્ધતિએ કરી છે એ બે મુખ્ય બાબતો હું વિચારવા ઇચ્છું છું. તેમ કર્યા પછી 'મૂલ્યાંકન' રૂપ બીજા વિભાગમાં હું ચાર બાબત વિચારીશ.

(૧) જૈન સંસ્કૃત સાહિત્યમાં શ્રમણવર્ગ અને શ્રાવક-વર્ગમાંથી કોનો કેવો અને કેટલો ફાળો છે?
(૨) જૈન સંસ્કૃત સાહિત્યનો યુગદીઠ ફાલ શો છે ?
(૩) એ સાહિત્યનાં વિવિધ અંગોનો વિકાસક્રમ કેવો છે ?
(૪) એનો નિષ્કર્ષ કેવો છે ?

## (અ) નિવેદન



**ઉત્થાનિકા**– આ પૃથ્વી ઉપરના સમસ્ત જીવોમાં મનુષ્યો એની વાણી અને વિચારશક્તિને લઇને અગ્રસ્થાન ભોગવે છે. આ બે અમૂલ્ય સાધનોના સદુપયોગ દ્વારા એ સમગ્રવિશ્વનું કલ્યાણ કરી શકે એવું એનામાં સામર્થ્ય છે, પરંતુ એના આવિર્ભાવમાં બાહ્યપરિસ્થિતિની અનુકૂળતા પણ જેવો તેવો ભાગ ભજવતી નથી.

**સુયોગ**– સામાન્ય મનુષ્યોનો વિચાર કરીશું તો જણાશે કે એની શક્તિનો વિકાસ એની ઐચ્છિક પ્રવૃત્તિને પલ્લવિત, પુષ્પિત અને ફલિત કરવા માટે કેવું સ્થાન મળે છે તે ઉપર આધાર રાખે છે. સૌ કોઇને સર્વદા આંતરિક યોગ્યતા અને માનસિક વલણ અનુસાર જ કાર્યો કરવાનાં મળે એવો સુયોગ સાંપડવો મહામુશ્કેલ છે. સદ્ભાગ્યે મારા જીવનના એક ક્ષેત્રમાં તો મને આ જાતનો સુયોગ ઓછેવત્તે અંશે પણ પ્રાપ્ત થયો છે.

ઐચ્છિક વિષય તરીકે **'ગણિત'** પસંદ કરી બી.એ.ની પરીક્ષામાં અને આગળ જતાં એમ. એ. માટે પણ એ જ વિષય ચાલુ રાખી એ પરીક્ષામાં પણ હું ઉત્તીર્ણ થયો. પરીક્ષાની દૃષ્ટિએ તો ગણિતના અભ્યાસની આ પૂર્ણાહૂતિ ગણાય. મારું ગણિતનું જ્ઞાન કટાઇ ન જાય એટલું જ નહિ પણ એમાં હું ઉત્તરોત્તર વૃદ્ધિ કરી શકું એવો સુયોગ પણ મને એમ.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ તરત જ સને ૧૯૧૮માં ગણિતના અધ્યાપક તરીકે મુંબઇની **વિલ્સન** કૉલેજમાં મારી નિમણુંક થવાથી મળ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અભ્યાસ**– ગણિતશાસ્ત્ર એ વિચારશક્તિને વ્યવસ્થિત, વિકસિત અને કેન્દ્રિત કરવામાં સબળ ફાળો આપે છે. આથી ગણિતજ્ઞને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિહરવું સુગમ થઇ પડે છે. ગમે
P-૧૫ તેમ પણ મને આ ક્ષેત્રે પ્રથમથી જ આકર્ષ્યો છે, એને લઇને "શાસ્ત્રવિશારદ" જૈનાચાર્ય સ્વ. વિજયધર્મસૂરિજીનું મુંબઇમાં ચાતુર્માસ થતાં એમના વિદ્વાન શિષ્યોના-ખાસ કરીને 'ન્યાયતીર્થ' 'ન્યાયવિશારદ' ઉપાધ્યાય સ્વ.મંગળવિજયજી અને 'ન્યાયવિશારદ' 'ન્યાયતીર્થ' મુનિરાજશ્રી ન્યાયવિજયજીના જ્ઞાનનો આ દિશામાં મેં લાભ લીધો. એથી હું તત્ત્વજ્ઞાન અને સાહિત્યના વિશિષ્ટ અને સમુચિત અભ્યાસ માટે શ્રીગણેશ માંડી શક્યો.

સને ૧૯૨૩માં **"મુંબઇ વિદ્યાપીઠ"** તરફથી ગણિતશાસ્ત્રને અંગે સંશોધનદાન (Research grant) મળતાં જૈન સાહિત્ય વિષે વિચારવાની મને અમૂલ્ય તક મળી. સાથે સાથે એ અરસામાં ઉપર્યુક્ત **ન્યાયવિજયજી**ની **ન્યાયકુસુમાંજલિ**ના અંગ્રેજી અને ગુજરાતી અનુવાદો તેમજ સ્પષ્ટીકરણો તૈયાર કરવાનો લાભ મળતાં હું કલમ પકડતાં શીખ્યો.

**યોગ્યતા**–મારા અભ્યાસને દૃઢીભૂત કરવા માટે અને એનો યથેષ્ટ વિકાસ સાધવા માટે મેં એક પછી એક નાની મોટી કૃતિઓ તૈયાર કરવા માંડી. તેમ થતાં જૈન સાહિત્યથી ધીમે ધીમે વધારે ને વધારે પરિચિત બનતો ગયો. અનેકવિધ ભાષાઓમાં રચાયેલા આ વિશાળ ક્ષેત્રને પહોંચી વળવા માટે મારામાં બળ હતું નહિં. પરંતુ મારી પરિસ્થિતિએ મને પુણ્યપત્તન (પૂના)ના "ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા-સંશોધન-મંદિર" દ્વારા મુંબઇ સરકારની માલિકીની પાંચેક હજાર જૈન હસ્તલિખિત પ્રતિઓનું વિસ્તૃત અને વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરવા જેવું ભગીરથ કાર્ય ઉપાડવા પ્રેર્યો. આનું પરિણામ એ આવ્યું કે હું જૈન સાહિત્યના ઇતિહાસની આછી રૂપરેખા આલેખવા જેટલી શક્તિ મેળવી શક્યો. તેમ થતાં મેં જૈન સાહત્યને **'આગમિક'** અને **'અનાગમિક'** એમ બે વર્ગમાં વિભક્ત કરી પ્રથમ વર્ગને અનુલક્ષીને એનો ઇતિહાસ અંગ્રેજીમાં આલેખ્યો, અને "મુંબઇ વિદ્યાપીઠ" તરફથી પ્રકાશન-
P-૧૬ દાન (Publication grant) મળતાં એ સને ૧૯૪૧માં મેં પ્રસિદ્ધ પણ કર્યો. આ કાર્ય થતું હતું. તે દરમ્યાન અનાગમિક સાહિત્યનો પણ અંગ્રેજીમાં ઇતિહાસ રચવા માટેની સામગ્રી હું તૈયાર કરતો ગયો. આ ઇતિહાસનું કાર્ય તો આજે કેટલાંયે વર્ષો થયાં પૂરું થયું છે, પરંતુ એના પ્રકાશન-ખર્ચને પહોંચી વળવા જેવી મારી આર્થિક પરિસ્થિતિ નહિ હોવાથી એ આજે તો અપ્રકાશિત છે. આ કાર્ય ઉપાડી લેવા માટે મેં વિવિધ સંસ્થાઓને પત્રો લખ્યા તેમજ જૈન કોમને ઉદ્દેશીને [1]લેખ પણ લખ્યો, પરંતુ અત્યાર સુધી તો એના પ્રકાશન માટે કશો પ્રબંધ થયો નથી. એથી મને સ્વાભાવિક રીતે થોડોક તો ખેદ થાય જ ને? વિશેષ ખેદ તો એ થાય છે કે મુંબઇ વિદ્યાપીઠે આ પુસ્તક અંગે પ્રકાશન-દાન આપવાની બબ્બેવાર ઇચ્છા દર્શાવી છતાં તેનો હું લાભ લઇ શકયો નથી.

અનાગમિક સાહિત્યના ઇતિહાસ માટે મેં લીધેલો પરિશ્રમ સર્વથા નિષ્ફળ ગયો નથી એ આનંદની વાત છે, કેમકે એમાં પીરસેલી સામગ્રીનો થોડોક ઉપયોગ [2]**પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને**

૧. આનું નામ "અનાગમિક સાહિત્યનો ઇતિહાસ" છે. એ લેખ "આત્માનંદ પ્રકાશ" (પુ.-૪૭ અં.૧૦)માં *પ્રસિદ્ધ કરાયો છે.*

૨. આના પ્રકાશનનો તમામ ખર્ચ મેં પૂરો પાડ્યો છે, જોકે પ્રકાશક તરીકે મારું નામ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સાહિત્ય** નામના મારા પુસ્તકમાં તેમજ આ પ્રસ્તુતમાં પણ કરી શક્યો છું. એવી રીતે [1]**આગમોનું દિગ્દર્શન** નામનું મારું પુસ્તક પણ મને પ્રસ્તુત પુસ્તક લખવામાં અંશતઃ ઉપયોગી નીવડ્યું છે.

**'પાઇય'**ના **અર્થની વ્યાપકતા**–જૈન સાહિત્યના પાઇય, સંસ્કૃત અને દ્રાવિડ એમ ભાષાદૃષ્ટિએ મુખ્ય ત્રણ ખંડો પડે છે. 'પાઇય'નો અર્થ વ્યાપક સ્વરૂપે વિચારાય તો એ ભાષાથી મરહટ્ઠી (માહારાષ્ટ્રી), સોરસેણી (શૌરસેની), માગહી (માગધી), પેસાઇ (પૈશાચી), અને ચૂલિયાપેસાઇ (ચૂલિકાપૈશાચી) એ પાંચ જ કે એ ઉપરાંત અવહટ્ઠ (અપભ્રષ્ટ) નામની છટ્ઠી ભાષા કે પાલિ શુદ્ધાં સમજવાની છે એમ નહિ, P-૧૭
પરંતુ આપણા દેશની વિવિધ પ્રાદેશિક ભાષાઓ સુધી એના ક્ષેત્રનો વિસ્તાર છે.

પાલિ અને પ્રાદેશિક ભાષાઓને બાદ કરતાં અન્ય ભાષાઓમાં રચાયેલી કૃતિઓ વિષે મેં ઉપર્યુક્ત બે પુસ્તકમાં વિચાર કર્યો છે અને એ દ્વારા [2]અદ્ધમાગહી (અર્ધમાગધી) વગેરે પાઇય ભાષામાં રચાયેલા સાહિત્ય પૂરતો સામાન્ય પરિચય તો હું જગત્ સમક્ષ રજૂ કરી શક્યો છું. આમ મેં પ્રથમ ખંડ માટે નમ્ર પ્રયાસ કર્યો છે.

બીજો ખંડ એટલે જૈન ગ્રન્થકારોએ સંસ્કૃત ભાષામાં સર્જેલું વિવિધ અને વિપુલ સાહિત્ય. આનો પરિચય થોડે ઘણે અંશે પણ આ પુસ્તક પૂરો પાડે છે. એ તૈયાર કરવાનું કામ મને ''શ્રીમુક્તિ-કમલ-જૈન-મોહન-માલા''ના કાર્યાધિકારી **શ્રીલાલચંદ નંદલાલ** વકીલ તરફથી તા. ૬-૮'-૫૨ ને રોજ સોંપાયું હતું અને મેં તમામ લખાણ તા. ૧૬-૧૨'-૫૩ને રોજ એમને પહોંચતું કર્યું હતું. ગયે વર્ષે સપ્ટેમ્બર માસમાં એનું મુદ્રણ કાર્ય શરૂ કરાયું હતું.

**અભિલાષા**–ત્રીજો ખંડ [3]દ્રાવિડભાષામાં ગુંથાયેલા સાહિત્યને લગતો છે એટલે એનો ઇતિહાસ તો હું સ્વતન્ત્રપણે હાલ તુરંત આલેખી શકું તેમ નથી. આથી અત્યારે તો મારે પ્રાદેશિક ભાષાઓમાં-ખાસ કરીને ગુજરાતીમાં રચાયેલી જૈન કૃતિઓનો વિષયદીઠ ઇતિહાસ તૈયાર કરવાનું કામ બાકી રહે છે. આ માટે ઉપયોગી થઇ પડે એવા મારા કેટલાક લેખો પ્રસિદ્ધ થયા છે અને કેટલાક છપાયા વિનાના મારી પાસે છે. આ તેમજ બીજી આવશ્યક સામગ્રી એકત્રિત થતાં આ ઇતિહાસનું કાર્ય પણ કરી શકાય. P-૧૮
જો આ સંસ્થા કે અન્ય કોઇ એનો પ્રકાશનાર્થે પ્રબંધ કરવા તૈયાર થશે તો એ હું સાનંદ હાથ ધરીશ.

**યોજના**– પ્રસ્તુત પુસ્તક મેં બે ખંડમાં વિભક્ત કર્યું છે અને એનાં ''[4]સાર્વજનીન સાહિત્ય'' અને ''ધાર્મિક સાહિત્ય'' એવાં નામ અનુક્રમે યોજ્યાં છે. ''સાર્વજનીન'' શબ્દ જ સૂચવે છે તેમ આ ખંડમાં રજૂ કરાયેલા વિષયો સૌ કોઇને માટેના છે તેમજ સૌ કોઇને ઉપયોગી થાય તેવા છે. એમાં સાંપ્રદાયિકતાને માટે અવકાશ નથી. આમ એ બિનસાંપ્રદાયિક (secular) છે. બાકી એ વાત તો સાચી છે કે લેખકની પોતાની ધાર્મિક માન્યતાઓનું આછું પ્રતિબિમ્બ તો કોઇપણ કૃતિમાં પ્રકટ કે પ્રચ્છન્ન સ્વરૂપે પ્રાયઃ પડે જ.

૧. આના પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ મેં પૂરો પાડ્યો છે.

૨. 'કલિકાસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **સિદ્ધહેમચન્દ્ર** (અ.૮, પા. ૧, સૂ.૩)માં આ ભાષાને 'આર્ષ પ્રાકૃત' કહી છે.

૩. 'દ્રાવિડ'થી કાનડી, તામિલ, તેલુગુ અને મલયાલમ એ ચાર ભાષા ગણાવાય છે. પ્રો. એ. **ચક્રવર્તી**એ "Jaina Literature in Tamil" નામનો નિબંધ લખ્યો છે અને એ ''જૈન સિદ્ધાંત ભવન'' તરફથી આરાથી ઇ. સ. ૧૯૪૩માં છપાવાયો છે.

૪. ''સાર્વજનીન''નો અર્થ સર્વજનોને હિતકારી એવો પણ થાય છે પણ એ અર્થ અહીં સર્વાંશે અભિપ્રેત નથી. અહીં તો સાર્વજનિક એ અર્થમાં મેં આનો પ્રયોગ વિશેષતઃ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાર્વજનીન સાહિત્ય એ સર્વદેશીય સાહિત્ય છે અને એમ હોવાથી એમાં નીચે મુજબનાં શાસ્ત્રોને મેં સ્થાન આપ્યું છે.

વ્યાકરણ, કોશ, છંદઃશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર (કાવ્યશાસ્ત્ર), નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, કામશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, સ્થાપત્ય, મુદ્રાશાસ્ત્ર, વૈદ્યક, પાકશાસ્ત્ર, વિજ્ઞાન અને નીતિશાસ્ત્ર.

આ બધાં શાસ્ત્રો લાક્ષણિક સાહિત્યનાં અંગો ગણાય છે. એને અંગ્રેજીમાં "Technical Sciences" કહે છે.

સમગ્ર સાહિત્યમાંથી સાર્વજનીન સાહિત્ય બાદ કરતાં બાકી જે રહે તેને મેં અસાર્વજનીન કે એકદેશીય કે સાંપ્રદાયિક ન કહેતાં 'ધાર્મિક' કહ્યું છે. 'સાંપ્રદાયિક' એવો પ્રયોગ ખોટો નથી, પણ
P-૧૯ કેટલાકને એમાં અન્ય પ્રકારની ગંધ આવે છે. એથી મેં એ જતો કર્યો છે. ધાર્મિક સાહિત્યમાં પ્રાયઃ વિષયની મહત્તાની અપેક્ષાએ એમાં એના લેખકની ધર્મભાવનાનું વર્ચસ્વ વિશેષ હોય છે. એ લેખકને જે ધર્મ પ્રિય છે- આત્મોન્નાતિ માટે એને જે માર્ગનું દર્શન કરાવવું ઉચિત જણાયું છે તે માર્ગને સચોટ રીતે રજૂ કરવાની એની પ્રબળવૃત્તિ હોય છે. આમ એ સાહિત્યધાર્મિક છે એટલે એ સર્વદેશીય નહિ પણ એકદેશીય છે અને સાંપ્રદાયિક છે, કેમકે ભિન્ન વાતાવરણમાં ઉછરેલા અને અન્ય માર્ગે મુક્તિ મેળવવાનો મનોરથ સેવનારને જૈનમાર્ગ રુચિકર ન જણાય તો તેમાં નવાઇ નહિ.

આ ''ધાર્મિક સાહિત્ય'' નામના દ્વિતીયખંડના મેં ચાર ઉપખંડ[૧] પાડ્યા છે. (૧) લલિત સાહિત્ય(Belles-Lettres), (૨) દાર્શનિક સાહિત્ય, (૩) અનુષ્ઠાનાત્મક સાહિત્ય અને (૪) અવશિષ્ટ સાહિત્ય. અન્ય રીતે વિચારતાં સમગ્ર ''ધાર્મિક સાહિત્ય''ના નવ વર્ગો પાડી શકાય.

(૧) શ્રવ્ય કાવ્યો, (૨) દૃશ્ય કાવ્યો (નાટકો ઇત્યાદિ), (૩) ઐતિહાસિક સાહિત્ય, (૪) દાર્શનિક સાહિત્ય, (૫) ઔપદેશિક (Didactic) સાહિત્ય, (૬) આધ્યાત્મિક સાહિત્ય, (૭) મંત્રશાસ્ત્ર અને કલ્પ, (૮) વિધિવિધાન (ક્રિયાકાંડ) અને (૯) પ્રકીર્ણક.

અહીં 'શ્રવ્ય' કાવ્યોથી જિનચરિત્રો, પુરાણો અને અન્ય મહાકાવ્યો, દ્વ્યાશ્રય-કાવ્યો, અનેકસંધાન-કાવ્યો, લઘુ-કાવ્યો, ખંડ-કાવ્યો, ચંપૂઓ અને સ્તુતિસ્તોત્રો તેમજ કથાઓ, ચરિત્રો અને પ્રબંધો સમજવાનાં છે.

ઐતિહાસિક સાહિત્યમાં ઐતિહાસિક પ્રબંધો અને વિજ્ઞપ્તિપત્રો ઉપરાંત શિલાલેખો વગેરે ઐતિહાસિક સામગ્રીનો સમાવેશ કરાયો છે.

દાર્શનિક સાહિત્યથી ખાસ કરીને ન્યાય અને તત્ત્વજ્ઞાન (દર્શનમીમાંસા) એ બે અભિપ્રેત છે.

P-૨૦ સાહિત્યના (૧) લલિતં અને (૨) લલિતેતર એમ પણ બે વિભાગ પડાય છે.[૨] તેમાં **'લલિત'** સાહિત્યથી શ્રવ્ય અને દૃશ્ય કાવ્યો, વાર્તાઓ[૩] ઇત્યાદિ સમજવાનાં છે, જ્યારે લલિતેતર સાહિત્યથી

---

૧. વ્યાકરણ ઇત્યાદિ લાક્ષણિક સાહિત્ય ઉત્કીર્ણ સ્વરૂપે જણાતું નથી એથી એના ઉપખંડ પડાયા નથી.

૨. આ બે વિભાગ પાડી એના ઉપપ્રકારોની સમજણ શ્રી. ઇશ્વરલાલ, ર. દવેએ રચેલો અને સને ૧૯૫૨માં પ્રકાશિત થયેલો **ગુજરાતી સાહિત્યિનો સંક્ષિપ્ત ઇતિહાસ** (ભા. ૨, પૃ.૯) પૂરી પાડે છે.

૩. આમાં કથાઓ, ટુચકાઓ, નવલિકા, નવલકથા, મહાનવલ ઇત્યાદિનો સમાવેશ કરાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇતિહાસ, તત્ત્વચિંતન, બોધપ્રધાન સાહિત્ય, ભાષા-શાસ્ત્ર ઇત્યાદિ સમજવાનાં છે. લલિત સાહિત્યમાં રસ કેન્દ્ર સ્થાને હોય છે અને એ કલ્પના, ઊર્મિ, સૌંદર્ય ઇત્યાદિ તત્ત્વો વડે શોભે છે.

જૈનોને હાથે સર્જાયેલા સંસ્કૃત સાહિત્યની વિશાળતાનો મને પૂરેપૂરો ખ્યાલ નહિ હોવાથી અને એવો ખ્યાલ આપનારું કોઇ વિશિષ્ટ સાધન પણ નહિ જણાયાથી એકબાજુ આ સાહત્યિના ઇતિહાસનું કલેવર ધારવા કરતાં વધારે વધી ગયું એથી અને બીજી બાજુ આ પુસ્તક એક જ હપ્તે અને તે પણ સત્વર પ્રકાશિત કરવાનો પ્રબંધ થઇ શકે તેમ ન હતું એથી પૃ.૧-૪૮ છપાઇ જતાં એ ત્રણ હપ્તે પ્રસિદ્ધ કરવાનું નક્કી કરાયું અને એને લઇને ''અજૈન કૃતિઓનાં જૈન વિવરણો'' નામનું જે અંતિમ પ્રકરણ હતું તેને, ત્રણે પરિશિષ્ટોને તેમજ આ ઉપોદ્‌ઘાતના ખાસ કરીને મૂલ્યાંકનરૂપ અંશને ત્રણ ભાગોમાં વિભક્ત કરવાની યોજના હાથ ધરાઈ[૧]. એ યોજના મુજબ પ્રસ્તુત પુસ્તક ત્રણ વિભાગમાં પ્રસિદ્ધ થનાર છે. પ્રથમ વિભાગમાં ''સાર્વજનીન સાહિત્ય'' નામના પ્રથમ ખંડનો સર્વાંશે સમાવેશ કરાયો છે, બીજા વિભાગમાં ''ધાર્મિક સાહિત્ય'' નામના દ્વિતીયખંડના પ્રથમ ઉપખંડ નામે 'લલિત સાહિત્ય'ને સ્થાન અપાયું છે, અને ત્રીજા (અંતિમ) વિભાગમાં એ ખંડના બાકીના ઉપખંડોને લગતું નિરૂપણ રજૂ કરાયું છે.

જૈનોના 'શ્વેતાંબર' અને 'દિગંબર' એ બે વિભાગો આજે પણ મોજુદ છે અને સુપ્રસિદ્ધ છે, P-૨૧
પરંતુ એક વેળા 'યાપનીય' તરીકે ઓળખાવાતા જૈનો પણ હતા, એ ત્રણેના સાહિત્યનો પૃથક્ પૃથક્ પરિચય ન આપતાં એ ત્રણેના સાહિત્યનો એક સાથે સામટો સૈકાદીઠ મેં વિચાર કર્યો છે. શ્વેતાંબરોનો, યાપનીયોનો તેમજ દિગંબરોનો ફાળો કેટકેટલો છે એ સહેલાઇથી જુદો જાણી શકાય તે માટે મેં પરિશિષ્ટમાં એ રીતે નોંધ લીધી છે.

જૈનોએ જે જાતજાતના વિષય પરત્વે કૃતિઓ સંસ્કૃત ભાષામાં રચી છે. એના મુખ્ય બે વિભાગો પાડી શકાય. (૧) મૂળ કૃતિઓ અને (૨) વિવરણાત્મક કૃતિઓ. બીજા વિભાગના ચાર પેટાવિભાગો પડાય.

(૧) જૈન સંસ્કૃતકૃતિઓ અંગેનાં સંસ્કૃત વિવરણો.
(૨) જૈન પાઇયકૃતિઓ પરત્વેનાં સંસ્કૃત વિવરણો.
(૩) અજૈન સંસ્કૃતકૃતિઓ ઉપરનાં સંસ્કૃત વિવરણો.
(૪) અજૈન[૨] પાઇયકૃતિઓ પરત્વેનાં સંસ્કૃત વિવરણો.

આમ એકંદર પાંચ પ્રકારનું જે સંસ્કૃત સાહિત્ય જૈનોએ રચ્યું છે તેને કયા ક્રમે રજૂ કરવું એ પ્રશ્ન મને આ કાર્ય મેં સ્વીકાર્યું તેવામાં મૂંઝવતો હતો. એનું એક કારણ એ હતું કે જે અજૈન કૃતિઓ ઉપર જૈન વિવરણો મળે છે તે મૂળ પ્રકૃતિઓનો ખપ પૂરતો પરિચય તો જરૂર જ આપવો એવી પ્રકાશન-સંસ્થા તરફથી મુનિશ્રી યશોવિજયજીએ દર્શાવેલી સબળ ઇચ્છાને મારે માન આપવાનું હતું.

---

૧. આને લઇને અંતિમ પ્રકરણનાં નિમ્નલિખિત ત્રણ પ્રકરણો પડાયાં છે
(અ) અજૈન લાક્ષણિક સાહિત્યમાં જૈન સંસ્કૃત વિવરણો.
(આ) અજૈન સાહિત્યમાં જૈન સંસ્કૃત વિવરણો.
(ઇ) અજૈન દાર્શનિક સાહિત્યમાં જૈન સંસ્કૃત વિવરણો.

૨. વિચારો **ગઉડવહ**ની હરિપાલકૃત ટીકા અને **સંનેહયરાસ** નામની મુસ્લિમ કૃતિના વિવરણો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત પાંચ પ્રકારના સાહિત્ય પૈકી પાઇય કૃતિનાં સંસ્કૃત વિવરણોરૂપ બે પ્રકારને બાજુએ રાખતાં બાકીના ત્રણના ક્રમને અંગે નીચે મુજબના ત્રણ માર્ગ મને સ્ફૂર્યા હતા.

P-૨૨ (૧) સૌથી પ્રથમ જૈન ગ્રન્થકારની મૂળ કૃતિનો પરિચય આપી સાથે સાથે જ એ વિષયની જે અજૈનકૃતિને લક્ષીને જે વિવરણાત્મક સાહિત્ય એમણે યોજ્યું હોય તેનો વિચાર કરવો અને એ રીતે પ્રત્યેક વિષયનું તે ગ્રન્થકાર પૂરતું સળંગ વક્તવ્ય રજૂ કરવું.

(૨) પ્રકરણના બે વિભાગો પાડી બીજા વિભાગમાં અજૈનકૃતિના વિવરણાત્મક સાહિત્યનો ઉલ્લેખ કરવો.

(૩) વિવિધ વિષયોને લગતી જે જે અજૈનકૃતિઓ ઉપર જૈન વિવરણો છે તેનો પુસ્તકનાં અંતમાં એક સામટો એક સ્વતન્ત્ર પ્રકણરૂપે પૂર્વે ચર્ચાયેલા વિષયના ક્રમે વિચાર કરવો.

અહીં જે ત્રણ માર્ગ સૂચવાયા છે તે પૈકી પ્રથમ માર્ગ ગ્રહણ કરાય તો અજૈનકૃતિઓનો સંક્ષિપ્ત પરિચય તે સ્થળે આપવાની વાત તો જતી કરવી પડે. નહિ તો આ પુસ્તકની યોજના પાછળનો આશય યથાયોગ્ય સ્વરૂપે જળવાઇ ન રહે અને જૈનોનો અજૈનકૃતિઓને અંગે જે મહત્ત્વનો ફાળો છે તેનો ભાગ્યે જ ખ્યાલ આવે.

બીજો માર્ગ પસંદ કરાય તો તેમાં બે વાંધા આવે. (૧) કાલક્રમે વિષયની અખંડિતતા જળવાઇ ન રહે અને (૨) જૈનોનો અજૈનકૃતિઓને અંગેના ફાળાનો ખ્યાલ તો આવે પણ એ કટકે કટકે રજૂ થતો હોવાથી એનો એકદમ પરિપૂર્ણ ખ્યાલ ન આવે.

ત્રીજો માર્ગ સ્વીકારવાથી જૈનોનો ફાળો તો સમગ્રપણે જોવા જાણવાની તક મળે પરંતુ 'જૈન' અને 'અજૈન' એવા સાહિત્ય અંગે પણ ભેદો પડાય તેનું શું ? એવો પ્રશ્ન કોઇ ઉઠાવે. આનો ઉત્તર એ છે કે એ ભેદો તો સમગ્ર સંસ્કૃત સાહિત્યંનો ઇતિહાસ લખનાર ન પાડે તો હજી ચાલે, પરંતુ પ્રસ્તુત પુસ્કનું નામ જ અને ઉદ્દેશ કહી આપે છે તેમ એ બે ભેદો તો જૈનોના ફાળાના મૂલ્યાંકન
P-૨૩ અંગે જરૂરી જ છે એટલે પાડવા જ પડે. આમ આનું સમાધાન થઇ શકે એટલે પહેલા બે માર્ગ કરતાં આ ત્રીજો માર્ગ સમુચિત જણાય છે.

આમ એક યા બીજી રીતની જે આપત્તિ ત્રણે માર્ગ માટે સૂચવી શકાય તેનો તોડ મેં એમ કાઢ્યો છે. કે કોઇપણ વિષયનો સળંગ પરિચય આપતી વેળા જે અજૈનકૃતિને અંગે વિવરણાત્મક સાહિત્ય હોય તેની તેના પ્રણેતાના ઉલ્લેખ વેળા નોંધ કરવી, પરંતુ મૂળકૃતિના નામોલ્લેખ ઉપરાંત એ વિષે વિશેષ કશું ત્યાં ન કહેતાં અજૈનકૃતિઓનાં જૈન સંસ્કૃત વિવરણોને અંગે લખાયેલ સ્વતન્ત્ર પ્રકરણ જોઇ લેવાની ભલામણ જરૂર જણાય તો ટિપ્પણ દ્વારા કરવી.

આ પુસ્તકમાં જે સાહિત્ય રજૂ થયું છે તેની ભાષાના સંસ્કૃત અને પાઇય એ બે ભેદને લઇને વિવરણોના બે પ્રકારો પડે છે. (૧) સંસ્કતકૃતિઓનાં સંસ્કૃત વિવરણો અને (૨) પાઇયકૃતિઓનાં સંસ્કૃત વિવરણો. આ બંનેનું નિરૂપણ ભેગું આપવું કે કેમ એ પ્રશ્ન પણ પ્રસ્તુત પુસ્તકની યોજના વિચારતાં ઉપસ્થિત થયો હતો. એનો તોડ મેં એવો કાઢ્યો છે કે બંનેને પૃથક્સ્થાન આપવું જેથી **ચંદ્રર્ષિ** અને **શીલાંકસૂરિ** જેવાને એ દ્વારા સ્થાન મળી રહે, કેમકે આ સૂરિઓની એકે સંસ્કૃત સ્વતંત્ર રચના કે સંસ્કૃત ગ્રન્થના વિવરણરૂપ રચના હજી સુધી તો મળી આવી નથી. આને લઇને "જૈન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાઇયકૃતિઓનાં સંસ્કૃત વિવરણો'' એ નામથી મેં એક પૃથક્ પ્રકરણ રચ્યું છે, અને એ વિવરણોનો ઉલ્લેખ પૂર્વેનાં પ્રકરણોમાં યથાસ્થાન તે તે પાઇયકૃતિઓના વિવરણકારનો સૈકો વિચારતી વેળા શક્ય હતું ત્યાં કર્યો છે. જૈનોનાં સંસ્કૃત વિવરણોથી વિભૂષિત અજૈન પાઇયકૃતિઓ ગણીગાંઠી છે, અને તે પણ કાવ્યોને અંગેની જ હોય એમ લાગે છે. આથી એને માટે સ્વતંત્ર પ્રકરણ ન યોજતાં મેં ''અજૈન 'લલિત'· સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો'' નામના પ્રકરણમાં એનો સમાવેશ કર્યો છે. સંસ્કૃત કાવ્યોનો વિષય પૂર્ણ થતાં એના પછી આને સ્થાન આપ્યું છે.

આ પુસ્તકનો વિષય જૈન સંસ્કૃત સાહિત્ય છે એટલે એમાં સમસંસ્કૃત કૃતિઓનું નિરૂપણ તો હોય જ અને છે, પરંતુ એવી પણ કેટલીક જૈનકૃતિઓ છે કે જે સંપૂર્ણતયા સંસ્કૃતમાં નથી. આવી કૃતિઓમાં (૧) અર્ધસંસ્કૃત, (૨) સંસ્કૃત વગેરે અનેક (બે કરતાં વધારે) ભાષાઓમાં રચાયેલી કૃતિઓ એટલે કે અનેકભાષાત્મક **(Poly-glott)** કૃતિઓ, (૩) ચૂણિઓ અને (૪) મુખ્યતયા પાઇયમાં રચાયેલી પરંતુ કોઇ કોઇવાર· સંસ્કૃતિમાં કંડિકાઓ રજૂ કરતી કૃતિઓનો-**ધવલા** વગેરેનો સમાવેશ થાય છે. આ ચારે જાતની કૃતિઓ પૈકી છેલ્લી બે જાતની કૃતિઓને મેં અહીં સ્થાન આપ્યું નથી. જ્યારે પહેલી બેના વિચાર માટે મેં સ્વતંત્ર પ્રકરણ ન યોજતાં એનો યથાસ્થાન નિર્દેશ કર્યો છે, કેમકે એની સંખ્યા અલ્પ છે અને એનો સંબંધ કાવ્યો સાથે-મુખ્યતયા સ્તુતિસ્તોત્રો સાથે છે. તેમ છતાં આની એક સળંગ નોંધ હોય તો સારું એમ વિચારી સમસંસ્કૃત અર્ધસંસ્કૃત અને અનેકભાષાત્મક કૃતિઓની ક્રમવાર સૂચી બીજા વિભાગમાં મેં આપી છે. P-૨૪

લલિત સાહિત્યના નિરૂપણને અંગે મને જે ચાર પ્રશ્નો સ્ફૂર્યા હતા અને એનો મેં જે તોડ કાઢ્યો હતો તે બાબતને પ્રસ્તુત પુસ્તક ત્રણ વિભાગમાં પ્રસિદ્ધ કરવાનું નક્કી થતાં મેં અહીંથી જતી કરી દ્વિતીય વિભાગના ઉપોદ્ઘાતમાં સ્થાન આપ્યું છે.

**સાધ્ય અને સાધન**– સાહિત્યની સૃષ્ટિનાં બે મુખ્ય અંગ છે. (૧) સાહિત્યનું સર્જન અને (૨) એને માટેના આવશ્યક બોધની સામગ્રી. આમાં સામગ્રીરૂપ સાહિત્યને એક રીતે સાધ્યની કોટિમાં મૂકી શકાય તો બીજી રીતે વિચારતાં એને સાધનની કોટિમાં સ્થાન અપાય. આથી એમ કહી શકાય કે વ્યાકરણ, કોશ, છંદ અને અલંકારને અંગેના ગ્રન્થો એ સાધ્ય તેમજ સાધન બંનેની ગરજ સારે છે P-૨૫ અને તેમ હોવાથી-એ સાધનરૂપ હોવાથી પ્રસ્તુત સાહિત્યના ઇતિહાસમાં મેં એનાથી શરૂઆત કરી છે.

**'વિજ્ઞાન'** નામના પંદરમાં પ્રકરણમાં વિવિધ વિષયોને લગતી કૃતિઓ આપતી વેળા મેં વિષયની પ્રાયઃ મહત્તા કે વ્યાપકતાને લક્ષ્યમાં રાખી વિષયોનો ક્રમ ગોઠવ્યો છે અને એ ક્રમ લક્ષ્યીને કાલક્રમ રાખ્યો છે. એમાં મેં એક જ વિષયની કૃતિઓનો એકસાથે પરિચય આપ્યો છે.

સત્તરમાં (અંતિમ) પ્રકરણમાં વ્યાકરણના સૂત્રોથી ગર્ભિતકૃતિઓને તેમજ **અમરકોશ**ના આદ્ય પદ્યની પૂર્તિરૂપ કૃતિને પણ મેં સ્થાન આપ્યું છે, જો કે આ કૃતિઓ તે તે મૂળ અજૈન ગ્રન્થોનાં વિવરણરૂપ નથી. આનાં ત્રણ કારણ છે.

(૧) આ પ્રકારની કૃતિઓની સંખ્યા ગણીગાંઠી છે.

(૨) આ કૃતિઓનું પરિમાણ અલ્પ છે.

---

૧. આ જાતની કૃતિઓની નોંધ મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** (પૃ.૨૧૫-૨૧૮)માં લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) આ કૃતિઓ કંઇ કોઇ લલિત કાવ્યની પાદપૂર્તિરૂપ નથી કે જેથી એ સાહિત્યના નિરૂપણના પ્રસંગે એનો વિચાર કરી શકાય.

**દ્વયાશ્રય-કાવ્ય–** કેટલાક જૈન ગ્રંથકારોએ **ભટ્ટિકાવ્ય**ની જેમ 'દ્વયાશ્રય-કાવ્ય' રચ્યાં છે અને એ દ્વારા વ્યાકરણના વિષયને સ્થાન આપ્યું છે. આ પરિસ્થિતિમાં એ પ્રશ્ન કોઇ ઉઠાવે કે આ પુસ્તકના ત્રીજા પ્રકરણમાં 'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિકૃત દ્વયાશ્રયકાવ્ય**ને[1] અને સત્તરમાં પ્રકરણમાં
P-૨૬ **જિનપ્રભસૂરિકૃત દ્વયાશ્રયકાવ્ય**ને[2] કેમ સ્થાન અપાયું નથી? આનો ઉત્તર એ છે કે આ જાતનાં કાવ્યોમાં વ્યાકરણ ઉપરાંત કાવ્યતત્ત્વ પણ અગ્રસ્થાન ભોગવે છે એટલે એકીવખતે તો ગમે તે એકને જ પ્રાધાન્ય આપી એનો પરિચય આપી શકાય. વિશેષમાં આ કૃતિઓનાં નામમાં 'કાવ્ય' એવો અંશ જોડી એનો જેમ વ્યવહાર કરાય છે તેમ વ્યાકરણ જોડીને કરાતો નથી. વળી કાવ્યોના પરિચય માટે દ્વિતીયખંડનો પ્રથમ ઉપખંડ છે જ એટલે અહીં એ દ્વયાશ્રય-કાવ્યોનો પરિચય આપ્યો નથી. તેમ છતાં જો આ ન્યૂનતા જ જણાતી હોય તો આ ઉપોદ્‌ઘાત દ્વારા એની હું નોંધ તો લઉં છું.

**ત્રૈવિધગોષ્ઠી–** આ કૃતિ વ્યાકરણ, છંદ, કાવ્યશાસ્ત્ર અને તર્ક એમ ચાર વિષયોને સ્પર્શે છે એટલે એનો પરિચય અહીં કે દ્વિતીયખંડના દ્વિતીયઉપખંડમાં આપી શકાય. આ બે વિકલ્પમાંથી મેં બીજો વિકલ્પ સ્વીકાર્યો છે, કેમકે આ કૃતિમાં તત્ત્વનું-દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપનું નિરૂપણ સૌથી વધારે પ્રમાણમાં છે. તેમ છતાં બાકીના ત્રણ વિષયની સંક્ષિપ્ત રૂપરેખા તો પૃ. ૩૦૧-૩૦૨, ૩૦૪ અને ૩૦૫-૩૦૬ મેં આલેખી છે.

**કૃતિઓના પરિચયની પદ્ધતિ–** આ પુસ્તકમાં મેં જે વિવિધ કૃતિઓનો પરિચય આપ્યો છે તેમાં સ્વતન્ત્ર જૈનકૃતિનો પરિચય આપતી વેળા મેં સૌથી પ્રથમ એનાં નામાંતર હોય તો તે સાથે સાથે દર્શાવી એના રચના સમયનો-એના ગ્રંથકારે નિર્દેશેલા કે કામચલાઉ અનુમનાયેલા સમયનો ઉલ્લેખ કર્યો છે. ત્યારબાદ એના કર્તાનું નામ મળતું હોય તો તેનો નિર્દેશ કરી એમના ગુરુ વગેરેની અને સાંસારિક સંબંધી માહિતી જાણવામાં હોય તો તેની તેમજ એમની અન્ય કૃતિની નોંધ લીધી છે. અમુક અમુક ગ્રન્થકારની કૃતિઓની સંખ્યા ઘણી મોટી હોય એવે પ્રસંગે મેં એ કૃતિઓનાં નામ ગણાવ્યાં નથી, કેમકે તેમ કરવા જતાં એ પૈકી જેટલી કૃતિઓ પ્રકાશિત થયેલી હોય તેની
P-૨૭ નોંધ મારે મેં સ્વીકારેલી પદ્ધતિ અનુસાર ટિપ્પણીમાં કરવી પડે અને એમ કરવા જતાં તો ગ્રન્થના મૂળ લખાણ અને ટિપ્પણીનું સમતોલપણું જળવાઇ ન રહે.

ગ્રન્થકાર વિષે પરિચય આપ્યા બાદ એની પ્રસ્તુત કૃતિના બાહ્ય કલેવરનો-એના શાબ્દિક[3]

૧. આ **સિદ્ધહેમચંદ્ર** નામના વ્યાકરણમાંના સંસ્કૃત અને પાઇય ભાષાને લગતા નિયમો ઉપર પ્રકાશ પાડે છે. સાથે સાથે એ [મૂલરાજથી માંડી] 'પરમાર્હત' **કુમારપાલ**ને અંગે માહિતી પૂરી પાડે છે.

૨. આ **કાતંત્ર** વ્યાકરણની **દુર્ગસિંહે** રચેલી વૃત્તિના સ્પષ્ટીકરણની ગરજ સારે છે. એમાં **શ્રેણિક**નરેશ્વરનું ચરિત્ર આલેખાયું છે.

૩. નામ અને ભાષા એ પણ શાબ્દિક સ્વરૂપનાં અંગ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વરૂપનો એટલે કે એનાં પરિમાણ, વિભાગ અને રચના-શૈલીનો અને ત્યાર પછી એના આંતરિક કલેવરનો-આર્થિક સ્વરૂપનો અર્થાત્ એનાં વિષય, સંતુલન વિવરણ ઇત્યાદિનો મેં વિચાર કર્યો છે.

વિવરણાત્મક સાહિત્યનો મૂળકૃતિ સાથે ઘણો ગાઢ સંબંધ હોવાથી મૂળકૃતિની સાથે સાથે જ, નહિ કે કાલાનુક્રમે પૃથક્ વિચાર કરાયો છે.

ટિપ્પણમાં પ્રકાશનને અંગે અને સાક્ષીરૂપે કંઇ લખાણ હોય તો તેનાં નામ, સ્થળ ઇત્યાદિ વિષે મેં નોંધ લીધી છે.

**પ્રકાશનો**– કેટલાક જૈન ગ્રંથ એક જ વ્યક્તિ કે સંસ્થાતરફથી ફરી ફરીને પ્રકાશિત કરાયા છે તો કેટલાક જૈન ગ્રંથનાં સંસ્કરણોના પ્રકાશક ભિન્ન-ભિન્ન છે. આમ જે કેટલાક ગ્રન્થ એક કરતાં વધારે વાર છપાયા છે એ દરેકની નોંધ કરવા માટે તે તે પ્રકાશન જોવા જાણવા મળે તેમ નહિ હોવાથી તેમજ આ પુસ્તકની મર્યાદા ઇત્યાદિ જોતાં એની આવશ્યકતા પણ નહિ જણાયાથી ઘણી ખરી વાર કોઇ એક જ પ્રકાશનની નોંધ લઇ મેં સંતોષ માન્યો છે. કેટલાક ગ્રંથો પ્રકાશિત હોવા છતાં તેના પ્રકાશકાદિનો ઉલ્લેખ અહીં ન થયો હોય એમ બનવા જોગ છે, કેમકે મુદ્રિત જૈન ગ્રન્થોનું વિગતવાર અદ્યતન સૂચીપત્ર પ્રસિદ્ધ કરાયું હોય એમ જણાતું નથી એટલું જ નહિ, પણ કેટલીયે જૈન સંસ્થાઓએ પોતપોતાનાં સૂચીપત્રો પણ સાહિત્યના ઇતિહાસ માટે કામ લાગે એવાં પ્રકાશિત કરેલાં જણાતાં નથી. આ પરિસ્થિતિમાં નિમ્નલિખિત પુસ્તકોની હું નોંધ લઉં છું. P-૨૮

(૧) Essai de Bibliographie Jaina આ ફ્રેન્ચ કૃતિના રચનાર ડૉ. એ. ગેરિનો (Guerinot) છે. એમાં ઇ. સ. ૧૮૯૫ સુધીમાં છપાયેલાં જૈન પુસ્તકોની માહિતી અપાઇ છે.

(૨) [1]**શ્રીશ્વેતાંબરીય જૈનગ્રન્થ માર્ગદર્શક** ([2]**જૈન ગ્રન્થગાઇડ**)-આની યોજના **શ્રીવિજયાનન્દસૂરિજી** (**આત્મરામજી** મહારાજ)ના શિષ્ય ઉપાધ્યાય **વીરવિજયજી**ના શિષ્ય **વિનયવિજયજી**એ કરી છે. એમાં એમણે ૫૫ ગ્રન્થોનો પરિચય આપ્યો છે અને એમાં આલેખાયેલા લગભગ ૪૭૫ વિષયોનો એમણે ઉલ્લેખ કર્યો છે. વળી એમણે ગ્રન્થના કર્તા, પ્રકાશન, પ્રકાશનસ્થળ ઇત્યાદિની પણ નોંધ લીધી છે.

(૩) [3]**મુદ્રિત જૈન શ્વેતાંબરાદિ ગ્રન્થ નામાવલિ** ([4]**ગાઇડ**)–આના યોજક **શ્રીવર્ધમાન** સ્વરૂપચંદ છે. આ કૃતિમાં સંસ્કૃત, પાઇય, ગુજરાતી વગેરે ભાષામાં રચાયેલાં ત્રણેકહજાર પુસ્તકોની અને કેટલાક નકશાની નોંધ છે. વિશેષમાં ડૉ.**ગેરિનો**ના ઉપર્યુક્ત પુસ્તકમાં જે ગ્રંથકારો અને ગ્રન્થોનો ઉલ્લેખ છે તે બંનેની અલગ અલગ સૂચી અપાઇ છે. આ ઉપરાંત એ ફ્રેન્ચ વિદ્વાનની કૃતિ નામે Repertoire de Epigraphie Jaina આધારે કયા નગર કે ગામના કેટલા શિલાલેખ ઇ. સ. ૧૮૯૫ સુધીમાં છપાયા છે તેની અહીં નોંધ લેવાઇ છે.

---

૧. આ કૃતિ "જૈન આત્મનન્દ સભા" એ ભાવનગરથી ઇ. સ. ૧૯૧૪માં પ્રસિદ્ધ કરી છે.

૨. આ કૌંસગત લખાણ મૂળ લેખકનું છે, મારું નથી.

૩. આ કૃતિ "**શ્રીમદ્ બુદ્ધિસાગર** ગ્રંથમાલા"ના ગ્રંથાંક ૧૦૬ તરીકે "અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડલ" તરફથી ઇ. સ. ૧૯૨૬માં પ્રકાશિત કરાઇ છે.

૪. આ કૌંસગત લખાણ મૂળ લેખનું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P-૨૯ (૪) Jinaratnakos'a [An Alphabetical Register of Jaina Works & Authors] (Vol. 1) આ પુસ્તક પ્રો. **હરિ દામોદર** વેલણકરે અંગ્રેજીમાં રચ્યું છે. એમાં એમણે જૈનોના મુખ્યતયા સંસ્કૃત અને પાઇયમાં રચાયેલા પ્રકાશિત તેમજ અપ્રકાશિત ગ્રન્થોની અકારાદિ ક્રમે નોંધ લીધી છે. પ્રકાશિત ગ્રંથો માટે પ્રકાશકના નામ, **પ્રકાશનવર્ષ** ઇત્યાદિનો અને અપ્રકાશિત ગ્રન્થોની હાથપોથીઓ માટે ભંડારોનો એમણે ઉલ્લેખ કર્યો છે.

**માનાર્થ પ્રયોગ**– આજથી સોએક વર્ષ પૂર્વે થઇ ગયેલા ગ્રન્થકારો, રાજમહારાજાઓ વગેરેને અંગે કેટલાક વિદ્વાનો તરફથી સામાન્ય રીતે એકવચનનો પ્રયોગ કરાતો જોવાય છે. મેં ગ્રન્થકારો પૂરતી તો આ પ્રથા અપનાવી નથી અર્થાત્ એમને વિષે મેં માનાર્થે બહુવચનનો પ્રયોગ કર્યો છે અને એ દ્વારા મેં એમના પ્રત્યેનો મારો આદર તેમજ એમની કૃતિ પ્રત્યેનો મારો અનુરાગ વ્યક્ત કર્યો છે.

આધુનિક શ્રમણવર્ગ મોટે ભાગે જૈન મુનિવરોનાં નામ આગળ **'શ્રી'** શબ્દ યોજે છે.[3] આ
P-30 સંબંધમાં મેં આ શબ્દ વિદ્યમાન તેમજ આજથી લગભગ અડધા સૈકાની અંદર કાલધર્મ પામેલા મુનિવરો માટે યોજ્યો છે. બાકી એથી પ્રાચીન મુનિવરોનો નિર્દેશ કરતી વેળા મેં એ શબ્દ વાપર્યો નથી. તેમ છતાં એમને અંગેનું મારું બહુમાન એક યા બીજી રીતે દર્શાવવા મેં પ્રયાસ કર્યો છે.

**'શ્રી'**– કેટલીવાર મુનિવરોનાં નામમાં 'શ્રી' એ માનાર્થક શબ્દ નહિ હોઇ એમના અંશરૂપે એ જોવાય છે. જેમકે **શ્રીચંદ્ર.** આજે એનો એ પ્રમાણે નિર્ણય કરવામાં કોઇ કોઇવાર મુશ્કેલી નડે છે એટલે આવા સંયોગમાં 'શ્રી' શબ્દ નહિ વાપરવાનો મારો નમ્ર મત આવકાર્ય ગણાશે.

આ પુસ્તકને બને તેટલે અંશે પરિપૂર્ણ અને ઉપયોગી બનાવવાના હેતુથી મેં ત્રણ પરિશિષ્ટો આપ્યાં છે. (૧) ગ્રંથકારોની સૂચી, (૨) ગ્રંથોની અને લેખોની સૂચી અને (૩) પ્રકીર્ણક વિશેષ નામોની સૂચી, પ્રથમ સૂચીને મેં ત્રણ વર્ગમાં વિભક્ત કરી છે. (અ) શ્વેતાંબર અને યાપનીય, (આ) દિગંબર અને (ઇ) અજૈન. બીજી સૂચી માટે પણ આ પદ્ધતિ મેં સ્વીકારી છે. ત્રીજી સૂચીમાં તીર્થંકરોનાં, જાતજાતના સંપ્રદાયના, અનુયાયીઓનાં, મુનિવરોનાં, ગચ્છોનાં, નૃપાદિક ગૃહસ્થોનાં, બિરુદોના, ભૌગોલિક સ્થળોનાં, સંપાદકોનાં, પ્રકાશકોનાં, પ્રકાશન-સંસ્થાઓનાં, સામયિકોનાં, સંસ્કૃતભાષાના કેટલાક પ્રકારોનાં પ્રકાશકોનાં, તેમજ કેટલીક સંસ્કૃતેતર ભાષાઓનાં નામ અપાયાં છે. વિશેષમાં **વીરસંવત્** અને **શક**સંવત્ એ બે સંવતોની તેમજ ભારતની આધુનિક પ્રાદેશિક ભાષાઓમાં તથા વિદેશી ભાષાઓમાં રચાયેલાં ભાષાંતર (અનુવાદ) અને રૂપાંતરોની તેમજ પ્રસ્તાવનાની નોંધ આ પરિશિષ્ટમાં મેં લીધી છે.

'યાપનીય' સંપ્રદાયના ગ્રંથકારો અને ગ્રંથોની નોંધ બીજા બેની જેમ સ્વતન્ત્ર રીતે ન લેતાં મેં

૧. આ પુસ્તકનો પ્રથમ ખંડ (વિભાગ) ''ભાં. પ્રા. સં. મં.'' તરફથી "Government Oriental Series Class C No. 4" તરીકે પૂનાથી ઇ. સ. ૧૯૪૪માં પ્રસિદ્ધ કરાયો છે. બીજો વિભાગ હજી સુધી અપ્રકાશિત છે.

કન્નડમાં રચાયેલા જૈન ગ્રંથોની-ખાસ કરીને એના પ્રણેતાઓની નોંધ આર. **નરસિંહાચાર્યે કર્ણાટકકવિચરિતે**માં ત્રણ વિભાગમાં લીધી છે. એ બેંગ્લોરથી ઇ. સ. ૧૯૨૪ અને ત્યાર પછી પ્રકાશિત થયા છે.

૨. આ કૌંસગત લખાણ મૂળ લેખકનું છે.

૩ કેટલીક વાર કૃતિઓનાં અને પ્રકાશકસંસ્થાઓનાં નામ આગળ પણ ''શ્રી શબ્દનો વ્યવહાર કરાયેલો જોવાય છે પણ મેં એની સ્વતંત્ર નોંધ લેતી વેળા ''શ્રી'' શબ્દ ત્યાંથી જતો કરી એને પાછળ સ્થાન આપ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્વેતાંબરની સાથે સાથે લીધી છે, કેમકે એક તો એ સંપ્રદાયની કૃતિઓ અલ્પ પ્રમાણમાં છે અને બીજું એનાં મંતવ્યોનો ઝોક શ્વેતાંબરીય સિદ્ધાન્ત તરફનો છે.

શ્વેતાંબર ગ્રંથકારો પૈકી મુનિવરોનાં નામ પ્રથમ પરિશિષ્ટમાં આપતી વેળા મેં કૌંસમાં P-૩૧
યથાશક્ય એમના ગચ્છનો નિર્દેશ કર્યો છે. આમ કરવાનું કારણ એ છે કે ગચ્છદીઠ ફાળાની તારવણી કરવી હોય તો તે સુગમ થઇ પડે.

અભારતીય નામો ગુજરાતીમાં દર્શાવતી વેળા મેં એના શુદ્ધ ઉચ્ચાર જાણવાની તક મળે એ માટે અંગ્રેજી જોડણી પણ આપી છે.

"જૈન ગ્રંથ"થી અત્ર ત્રણ પ્રકારના ગ્રંથ અભિપ્રેત છે.

(૧) જેના કર્તા જૈન હોય અને જેનો વિષય જૈનધર્મ કે સાહિત્ય હોય..
(૨) જૈના કર્તા જૈન હોય પરંતુ જેની રચના અજૈન કૃતિને ઉદ્દેશીને હોય. પછી એ લખાણ એ મૂળ (અજૈન) કૃતિના વિવરણ, અનુવાદ, સારાંશ કે પરિચયરૂપે હોય.
(૩) જેના લેખક અજૈન હોય પરંતુ વિષય જૈનધર્મ કે સાહિત્યને લગતો હોય.

આ વિવક્ષાને લક્ષ્યમાં લેતાં અને શ્વેતાંબરત્વને પ્રાધાન્ય આપતાં નીચેની હકીકત ફલિત થાય છે.

(૧) લેખક શ્વેતાંબર હોય અને લખાણ શ્વેતાંબર મંતવ્યને અનનુસરતું હોય તો તે લખાણ **'શ્વેતાંબરકૃતિ'** ગણાય.
(૨) લેખક દિગંબર હોય અને લખાણ દિગંબર મતને અનુરૂપ હોય તો તે લખાણ **'દિગંબરકૃતિ'** ગણાય.
(૩) લેખક અજૈન હોય અને વિષય પણ અજૈન સંપ્રદાય અનુસાર હોય તો તે **'અજૈનકૃતિ'** ગણાય.
(૪-૫) લેખક શ્વેતાંબર હોય અને લખાણ દિગંબર કે અજૈનકૃતિને લગતું હોય તો તે **'શ્વેતાંબરકૃતિ'** ગણાય. જેમકે **અષ્ટસહસ્રીવિવરણ** અને **રઘુવંશ**ની ટીકા.
(૬) લેખક અજૈન કે દિગંબર હોય પણ લખાણ શ્વેતાંબર મંતવ્ય કે સાહિત્યને લગતું હોય તો તે P-૩૨
**'શ્વેતાંબરકૃતિ'** ગણાય. દા. ત. **જિનરત્નકોશ** અને **મણિ.**

ગ્રંથકાર અથવા ગ્રંથ જૈન છે કે અજૈન એનો નિર્ણય જ્યાં થઇ શક્યો નથી એવા પ્રસંગે એનો 'જૈન' તરીકે કામચલાઉ નિર્દેશ કર્યો છે. એવી રીતે જ્યાં શ્વેતાંબર કે દિગંબર વિષે અંતિમ નિર્ણય થઇ શક્યો નથી ત્યાં તેને શ્વેતાંબર ગણી લઇ નિર્દેશ કરાયો છે.

**નામોનો વિનિમય–** ગ્રંથકારોનાં અને ગ્રંથોનાં નામોની સંપ્રદાયદીઠ તારવણી કરવા માટે પૂરતાં સાધનો મને નહિ મળવાંથી એ બનવા જોગ છે કે જે કેટલાંક નામોને મેં જૈન તરીકે નોંધ્યાં હોય તે ખરી રીતે અજૈનનાં હોય અને એવી રીતે શ્વેતાંબર અને દિગંબર નામો માટે પણ બનવા પામ્યું હોય. આ પરિસ્થિતિમાં નામોની જે ફેરબદલી કરવાની રહે છે તે સૂચવવાનું કાર્ય હાલ તુરત તો હું સાધનસંપન્ન સુજ્ઞજનોને ભળાવું છું.

**અકારાદિ ક્રમ–** પરિશિષ્ટોમાં અંગ્રેજી વગેરે વિદેશી ભાષામાં લખાયેલાં [૧] નામો સિવાયનાં

૧. આ નામો ગુજરાતી અને હિન્દીમાં નિર્દેશાયેલાં નામ પછી રોમન લિપિમાં તે તે પરિશિષ્ટના અંતમાં અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામો નાગરી લિપિ અનુસારે અકારાદિ ક્રમે મેં આપ્યાં છે. તેમ કરતી વેળા સંસ્કૃત-અંગ્રેજી અને સંસ્કૃત-ગુજરાતી જેવા કોશોમાં દૃષ્ટિગોચર થતી પદ્ધતિ મેં સ્વીકારી છે અને એથી **સાર્થ ગુજરાતી જોડણીકોશ** જેવોમાં અકારાદિ ક્રમ માટે અપનાવાયેલી પદ્ધતિથી અંશતઃ અને **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**માં અનુસારાયેલી [૧]પદ્ધતિથી અધિક પ્રમાણમાં ભિન્નતા રહે છે.

P-૩૩ **અટકને પ્રાધાન્ય**– આધુનિક સમયના ગૃહસ્થોને તેમની અટક દ્વારા સંબોધવાની આજકાલ પ્રથા હોવાથી તેમજ કેટલાકનાં પૂરા નામ જાણવામાં નહિ હોવાથી મેં એમની નોંધ લેતી વેળા એમની અટકને અગ્રસ્થાન આપ્યું છે.

કેટલીક વ્યક્તિઓનાં નામ પ્રથમ પરિશિષ્ટમાં ('ગ્રંથકાર' તરીકે) તેમજ ત્રીજા પરિશિષ્ટમાં પણ અપાયાં છે. આમ આ નામ બેવડાવાનું કારણ એ છે કે વ્યક્તિનો ગ્રંથકાર તરીકે નિર્દેશ હોય ત્યારે એનું નામ એ નામાવલીમાં અને એ વ્યક્તિનો ઇતર સ્વરૂપે નિર્દેશ હોય ત્યારે એનું નામ ત્રીજા પરિશિષ્ટમાં આપવું સમુચિત હોવાથી મેં તેમ કર્યું છે. એક જ વાક્યમાં બંને જાતનો નિર્દેશ હોય તેવા પ્રસંગે પ્રાયઃ "ગ્રંથકાર" તરીકે જ નોંધ લીધી છે.

'સંસ્કૃત' શબ્દનો ઉલ્લેખ ત્રીજા પરિશિષ્ટમાં નથી. આનું કારણ એ છે કે આ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ હોઇ એ નામ તો લગભગ પ્રત્યેક પૃષ્ઠ ઉપર સહજ આવે એટલે એ નોંધવાનો શો અર્થ ?

**વિવરણોનાં વિશિષ્ટ નામો**– સંસ્કૃત કે પાઇયમાં રચાયેલી કૃતિના સંસ્કૃતમાં કરાતા સ્પષ્ટીકરણને વિવિધ નામે ઓળખાવાય છે. જેમકે [૨]ટીકા, વૃત્તિ, [૩]વિવૃત્તિ, વિવરણ, વ્યાખ્યા અને [૪]બાલાવબોધ. આ પૈકી વૃત્તિ શબ્દ વૃત્ ધાતુ ઉપરથી તેમજ વિવૃત્તિ અને વિવરણ એ બે શબ્દો વૃ ધાતુ ઉપરથી ઉદ્ભવ્યા છે.

શબ્દાર્થ પૂરતા સંક્ષિપ્ત વિવેચનને **'અવચૂરિ'** કે **'અવચૂર્ણિ'** કહે છે. એને માટે **'અવચૂરિકા'** અને **'અવચૂર્ણિકા'** શબ્દ પણ વપરાય છે. **'ટિપ્પણી'** અને **'ટિપ્પન'** એ એના પર્યાય ગણાય છે.

કેટલાક ટીકા રચનાર પોતાની ટીકાનો ટીકા જેવા સામાન્ય નામે ઉલ્લેખ ન કરતાં એનું વિશિષ્ટ
P-૩૪ નામ યોજે છે. આવી પ્રથાને લઇને કેટલાક ગ્રન્થનાં વિવરણોનાં વિશિષ્ટ નામ મળે છે. એથી એ વિવરણોની નોંધ મેં તે તે ગ્રન્થના પેટામાં ન લેતાં એનાં સ્વતન્ત્ર નામે જ કરી છે. વિશેષમાં આ વિવરણાત્મક ગ્રન્થ છે, નહિ કે મૌલિક એ દર્શાવવા મેં* (ફૂદડી) જેવા ચિહ્નથી એ નામ અંકિત કર્યું છે.

## (આ) મૂલ્યાંકન

"નિવેદન" અંગે મારું વક્તવ્ય આગળ ચલાવું તે પૂર્વે "મૂલ્યાંકન"નો વિષય હવે હું હાથ ધરું છું. એ પૂર્ણ થતાં નિવેદનને લગતી બાકીની બાબત રજૂ કરીશ.

**ગ્રંથપ્રણયનનો હેતુ**– પ્રાચીન સમયના જૈન શ્રમણવર્યોને 'ગ્રંથકાર' બનવાની કે કહેવડાવવાની

---

૧. આ પદ્ધતિ શાસ્ત્રીય નથી તેમજ સમુચિત પણ નથી એવું મારું નમ્ર મંતવ્ય છે.

૨. હિન્દી ટીકાઓ-સ્પષ્ટીકરણને ભાષાટીકા, વચનિકા ઇત્યાદિ નામે ઓળખવાય છે.

૩. કેટલીકવાર 'વિવૃત્તિ' શબ્દ પણ વપરાયેલો જોવાય છે.

૪. સામાન્ય રીતે આ ગુજરાતીમાં હોય છે. એને 'ટબ્બો' પણ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જરા યે લાલસા હતી નહિ. એઓ તો પોતાના શિષ્યપરિવારને આત્મોન્નતિમાં સહાયક થઇ પડે એવો બોધ સચોટ કરાવવા માટે સદા ઉત્સુક રહેતા. આથી પુવ્વગય (પૂર્વગત)થી જે જે વિષયનું કાર્ય સરે તેમ હતું તે તે વિષયમાં એમણે તે તે ગ્રંથો પોતાના શિષ્યપરિવારના પઠન-પાઠન માટે પસંદ કર્યા અને એ દિશામાં નવીન ગ્રન્થો સર્જવા એઓ લલચાયા નહિ, પરંતુ, આગળ જતાં આ સ્થિતિમાં ફેર પડ્યો. સાંપ્રદાયિક સ્પર્ધા જાગી અને અજૈનો તરફથી જૈનોની સાહિત્યિક સંપત્તિ વિષે ટકોર[1] થતાં પ્રત્યેક વિષયને અંગે સ્વતંત્ર ગ્રન્થ રચવાની એમને ફરજ પડી. એ પહેલાં એકંદર રીતે વિચારતાં એમ કહી શકાય કે જૈન દર્શનનાં મૂળભૂત મંતવ્યો વિષે ખોટા આક્ષેપો થવાથી અને ગેરસમજ ફેલાવાતી હોવાથી એના પ્રતિકારરૂપે જૈન શ્રમણોને તત્ત્વજ્ઞાન પરત્વે તાર્કિક દૃષ્ટિએ ગ્રન્થો રચવા માટે કલમ હાથમાં ઝાલવી પડી હતી.

જૈન સાહિત્યના સર્જક શ્રમણોને ધન, કીર્તિ કે કહેવાતી સેવાની એષણા ન હતી. એમણે પરોપકારાર્થે અને કેટલીક વાર સાહિત્યના અનુરાગની ખાતર ગ્રન્થો રચ્યા છે. એથી કરીને એમાં ગંભીરતા, સરળતા, સુબોધકતા અને સમુચિતતા આગળ તરી આવે છે. P-૩૫

**જૈન સાહિત્યની વિશાળતા અને વિવિધતા**– આજે જે જૈન સાહિત્ય ઉપલબ્ધ છે તે જોતાં એમ બેધડક કહી શકાય કે ભારતીય વાઙ્મયની વિવિધ શાખાને સમૃદ્ધ કરવા માટે ઇસવી સનની પહેલી સદીની શરૂઆતથી માંડીને તે આજ દિન સુધી પ્રાયઃ પ્રત્યેક શતાબ્દીમાં જૈનો તરફથી એક યા બીજા સ્વરૂપે ફાળો અપાયો છે. આ સંબંધમાં હું પ્રો. મોરિસ વિંતર્નિત્સ (Mauri ce Winternitz)ના જર્મન[2] પુસ્તકના અંગ્રેજી અનુવાદ નામે A History of Indian Literature (Vol. II. p. 483)માંની નિમ્નલિખિત કંડિકા રજૂ છું.

"There is scarcely any province of Indian Literature in Which the Jains have not been able to hold their own. Above all, they have developed a voluminous narrative Literature, they have written epics & novels, they have composed dramas & hymns; sometimes they have written in the simple language of the people, at other times they have competed, in highly elaborate poems, with the best masters of ornate court poetry, & they have also produced important works of Scholarship."

**મધ્ય યુગનો અંધકાર-પટ**– શ્રમણ ભગવાન **મહાવીરસ્વામી**ના નિર્વાણ (ઇ.સ. પૂર્વે ૫૨૭) પછીની દસ શતાબ્દીઓ તેમજ છેલ્લી દસ શતાબ્દીઓને અંગે જૈનોની સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિ ઉપર પણ પ્રકાશ પાડનારાં સાધનો સારા પ્રમાણમાં મળી આવ્યાં છે. એ બાદ કરતાં બાકીની શતાબ્દીઓ[3] (ઇ.સ. ૪૭૩ ઇ. સ. ૯૫૬) ઉપર તો અંધકાર-પટ પથરાયો હોય એમ લાગે છે. આ લગભગ ૫૦૦ વર્ષનો વચગાળાનો સમય રાષ્ટ્રિય ઇતિહાસની દૃષ્ટિએ તો ખૂબ જાહોજલાલીવાળો જણાય છે. તેમ છતાં જૈન ધર્મની અને વિશેષતઃ તો શ્વેતાંબર સંપ્રદાયની સાહિત્ય અને સ્થાપત્ય P-૩૬

૧. જુઓ પૃ. ૩૨-૩૩.

૨. Geschichte der Indischen Litteratur.

૩. ભારતવર્ષના ઇતિહાસમાં આ સમયને કેટલાક 'મધ્યયુગ' તરીકે ઓળખાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરત્વે શી સ્થિતિ હતી તે વિષે ચોક્કસ માહિતી યથેષ્ટ પ્રમાણમાં મળતી નથી એમ વિદ્વાનોનું કહેવું છે.[1] એમ કહેવાય છે કે આ યુગના બે [2]ચીની મુસાફરો પૈકી એકે દક્ષિણ ભારતના થોડાક દિગંબરો વિષે સૂચન કર્યું છે તેને બાજુએ રાખીએ તો સમગ્ર જૈન સમાજ, શ્રમણસુમદાય, [3]સાહિત્ય કે સ્થાપત્ય વિષે ભાગ્યે જ કશી નોંધ લીધી છે.

ચૈત્યવાસીઓની માલિકીનાં જિનમંદિરોમાંથી ઉત્કીર્ણ સામગ્રી ભાગ્યે જ મળી શકે. કેટલાક પ્રાથમિક વિદેશી સંશોધકોએ કેટલાંયે જૈન સ્તૂપો, ગુફાઓ, પ્રતિમાઓ વગેરેને 'બૌદ્ધ'માની લેવાની ભૂલ કરી છે એમ વિન્સન્ટ સ્મિથ અને ડૉ. ફલીટ જેવાએ કહ્યું છે.

**શ્રમણાદિનો ફાળો**– ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં એમ ભાસે છે કે જૈન સાહિત્ય એ
P-૩૭ મુખ્યતયા જૈન શ્રમણોએ-નિર્ગ્રંથોએ આ ક્ષેત્રમાં સેવેલા પરિશ્રમનું મનોરમ ફળ છે. જૈન ગૃહસ્થોનો-શ્રાવકવર્ગનો ફાળો પ્રમાણમાં અલ્પ છે. પુરુષ અને સ્ત્રી એમ બે જાતિનો વિચાર કરતાં દરેક દેશમાં જોવાય છે તેમ અહીં આપણા દેશમાં પણ લેખિકાઓની સંખ્યા ગણીગાંઠી છે. જૈન સાહિત્યના સર્જનમાં ભાગ્યે જ દસેક સ્ત્રીઓનો હિસ્સો હશે. પ્રથમ-આદર્શ તૈયાર કરનાર તરીકે પણ નારીઓની સંખ્યા ગણીગાંઠી જોવાય છે. એમાં **ઉપમિતિભવપ્રપંચાકથા**નો પ્રથમ-આદર્શ તૈયાર કરનાર **ગણા** સાધ્વી જેવી વિદૂષી બહુ જ થોડી છે.

[4]**જૈન ગૃહસ્થોની કૃતિઓ**– જૈન ગૃહસ્થો એટલે ગર્ભશ્રીમંત જ એમ નહિ. એમાંના ઘણા ખરાને તો આજીવિકા અર્થે-પોતાના કુટુંબ પરિવારના નિર્વાહ માટે પરિશ્રમ કરવાનો હોય. વળી અનેકવિધ સાંસારિક પ્રવૃત્તિઓમાં એમને ભાગ લેવાનો હોય. આને લઈને સાહિત્યની યથેષ્ટ ઉપાસના માટે-વિદ્યાવિલાસી જીવન જીવવા માટે-એમને પૂરતો સમય ક્યાંથી મળે? આ ઉપરાંત એઓ જે કૃતિ રચે તેના પ્રચાર માટે પણ એમને કોઈ ઉદાર દિલના ધનાઢ્યનો કે કોઈ રાજા જેવાનો આશ્રય લેવાનો રહે. વિશેષમાં એમણે રચેલી કૃતિ સચવાઈ રહે એવો પ્રબંધ પણ ભાગ્યે જ થઈ શકે. આવી પરિસ્થિતિમાં વિક્રમની ૧૮મી સદીની પૂર્વે થઈ ગયેલા જૈન ગૃહસ્થોએ રચેલી કૃતિઓ જે થોડીક પણ મળે છે તે આનંદનું ચિહ્ન ગણાય. આવી પાઈયકૃતિઓમાં કવિવર **ધનપાલની પાઈયલચ્છી નામમાલા,**
P-૩૮ **ઉસભપંચાસિયા** ઇત્યાદિ કૃતિઓ, ભાંડાગારિક [5]**નેમિચંદ્રે** ૧૬૧ ગાથામાં રચેલું [6]**સંક્રિસયગપયરણ** અને એમનું [7]**પાસનાહથોત્ત** અને ઠક્કર ફેરુની **દવ્વપરિક્ખા, વત્થુસારપયરણ** વગેરે કૃતિઓનો સમાવેશ થાય છે. સંસ્કૃતકૃતિઓ રચનારા તરીકે નીચે મુજબનાં નામ ગણાવી શકાય.

---

૧. જુઓ **પ્રાચીન જૈન લેખસંગ્રહ**ના દ્વિતીયવિભાગની પ્રસ્તાવના (પૃ.૧૧).

૨. **યવનચંગ (Yuan Chwang)** ઉર્ફે **હ્યુએન** સંગ અને **(Hien Tsang)** ઇત્સિંગ.

૩. શ્વેતાંબરીય આગમિક સાહિત્ય આ સમયમાં સર્જાયું છે પણ અનાગમિક સાહિત્યનું શું ?

૪. આ સંબંધમાં 'દક્ષિણવિહારી' **અમરવિજયજી**ના શિષ્ય સ્વ. **ચતુરવિજયજી**એ "જૈન ગૃહસ્થોની સાહિત્યસેવા" એ નામના લેખમાં વિસ્તારથી વિચાર કર્યો છે. આ લેખ "જૈન સત્યપ્રકાશ" (વ. ૭, અં. ૧-૩, પૃ. ૧૬૪-૧૭૪)માં છપાયો છે. એમાં **પાર્થપરાક્રમવ્યાયોગ** રચનાર પ્રહ્લાદનદેવનો ઉલ્લેખ છે તો શું તેઓ જૈન છે ? **અહ્લાદ**ને **પાર્શ્વજિનસ્તોત્ર** રચ્યાનો આ લેખમાં ઉલ્લેખ છે.

૫. એમના પુત્ર તે 'ખરતર' ગચ્છના **જિનપતિસૂરિ** પછી એ ગચ્છના નાયક બનેલા **જિનેશ્વરસૂરિ** (વિ. સં. ૧૨૪૫-વિ. સં. ૧૩૩૧) છે.

૬-૭. આ બે કૃતિઓ તેમજ આ **નેમિચંદ્રે અપભ્રંશમાં રચેલું 'જિણવલ્લહસૂરિ-ગુરુગુણવણ્ણણ' ષષ્ટિશતક પ્રકરણ**માં છપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અંનતપાલ** (દિ.), **આજડ**, **આશાધર** (દિ.), **આસડ** (શ્રીમાળી), [૧]***આહ્લાદ** (મંત્રી), **કુમારપાલ** (નૃપતિ), **ચંડપાલ** (પોરવાડ વણિક,) **જગદેવ** (પોરવાડ વણિક), **જગદેવ** (પોરવાડ વણિક), **ઠક્કર ફેરુ**, **દલપતિરાય**, **દુલર્ભરાજ** (જગદેવના પિતા,) **ધનદ** (**મંડન** મંત્રીના કાકાના પુત્ર), **ધનંજય** (દિ.), **ધનપાલ** (વિપ્ર), **ધર્મશ્રેષ્ઠી**, **નંદલાલ**, **નરપતિ**, **નેમિચંદ્ર**, **પદ્માનંદ**, **મંડન** (મંત્રી શ્રીમાળી), **મન્મથસિંહ**, **માઘસિંહ**, **યશઃપાલ** (મંત્રી, મોઢ), ***યશોવીર** (મંત્રી), **વસ્તુપાલ** (મહામાત્ય વણિક), **વાગ્ભટ** (**બાહડ**), **વાગ્ભટ** (દિ.?), **વિક્રમસિંહ**, ***વિજયપાલ** (પોરવાડ વૈશ્ય, **સિદ્ધપાલ**ના પુત્ર), ***શિવનાગ** (કરોડપતિ), ***શ્રીપાલ** (પ્રજ્ઞાચક્ષુ, પોરવાડ વૈશ્ય, વિજયપાલના પિતામહ અને સિદ્ધપાલના પિતા), **સંગ્રામસિંહ** (ભંડારી, ઓસવાલ) અને **સિદ્ધપાલ** (**શ્રી**પાલના પુત્ર).[૨]

**વિશિષ્ટ બાબત**– પ્રસ્તુત પુસ્તક એ એક પ્રકારનો ઇતિહાસ છે એટલે એમાં કાલક્રમને પ્રાધાન્ય આપવાની નીતિને મેં સ્વીકારી છે અને તદનુસાર મેં વિવિધ વિષયોને લગતી કૃતિઓનો સૈકાદીઠ વિચાર કર્યો છે, પણ જો હું આટલેથી જ અટકું તો એ સર્વાંશે પરિપૂર્ણ ન ગણાય. આથી અહીં નીચે મુજબની બે બાબત આલેખું છું. P-૩૯

**(૧) સૈકાદીઠ સાહિત્યનો ફાલ**– આ દ્વારા હું પ્રાયઃ પ્રત્યેક. સૈકામાં-યુગમાં કયા કયા વિષયના ક્ષેત્રમાં કેવું કેવું અને કેટકેટલું ખેડાણ થયું છે તે સૂચવીશ.

**(૨) વિષયદીઠ વિકાસક્રમ**– પ્રત્યેક વિષયની સાંગોપાંગ છણાવટ અને રજૂઆતને લક્ષ્યમાં લેતાં એનો જ્યાં વિકાસક્રમ દર્શાવી શકાય ત્યાં એની ચર્ચા કરવાનો ઇરાદો રખાયો છે.

આ જાતનું સાંગોપાંગ આલેખન તે તે વિષયનો પરિપૂર્ણ અભ્યાસ માંગી લે છે એટલે એ મહાભારત કાર્યને તો હું પહોંચી વળું તેમ નથી. એથી એની આછી રૂપરેખા આલેખી અને કેટલીકવાર તો થોડુંક માર્ગદર્શન કરીને મારે વિરમવું પડે તેમ છે. એમાં મારી શક્તિની, સમયની અને સાધનોની મર્યાદા કારણભૂત છે. આ ન્યૂનતા દૂર કરવા માટે હું વિશેષજ્ઞોને સાદર વિનવું છું.

**જૈન મૌલિક ગ્રંથોનું મૂલ્યાંકન**– આ પ્રથમખંડમાં સત્તર પ્રકરણો અને એની પુરવણી છે. એ દ્વારા મેં જે ગ્રંથોનો પરિચય આપ્યો છે તેના મુખ્ય બે વર્ગ પાડી શકાય. (૧) મૌલિક અને ૯૨) વિવરણાત્મક. પહેલાં સોળ પ્રકરણમાં મેં મુખ્યત્યા મૌલિક જૈન ગ્રંથોની અને સાથે સાથે એ પૈકી જેનું જેનું વિવરણાત્મક સાહિત્ય હોય તેના તેના એ સાહિત્યની પણ નોંધ લીધી છે, જ્યારે સત્તરમાં-અંતિમ પ્રકરણમાં તો આ કાર્ય મેં કેવળ અજૈન ગ્રંથો પૂરતું જ કર્યું છે અહીં તો હું મોટે ભાગે જૈન મૌલિક સંસ્કૃત ગ્રંથોનો જ વિચાર કરીશ.

**પંદર વિષયો અને એને અંગેની કૃતિઓની સંખ્યા**– આ ખંડમાં 'વ્યાકરણ'થી માંડીને 'નીતિશાસ્ત્ર' સુધીના પંદર વિષયોને મેં સ્થાન આપ્યું છે. એનાં નામ તેમજ એને અંગેની મૌલિક જૈન સંસ્કૃતકૃતિઓ તથા જૈન વિવરણથી વિભૂષિત અજૈનકૃતિઓની સંખ્યા નીચે મુજબ છે. P-૪૦

૧. *ફૂદડી જેવા આ ચિહ્નથી અંકિત ગૃહસ્થની કૃતિ આ ખંડમાં નોંધાઇ નથી.

૨. વિક્રમની સત્તરમી સદી સુધીમાં ગુજરાતીમાં કૃતિ રચનારા પૈકી કેટલાકના નામ હું નીચે મુજબ ગણાવું છું. **અમીપાલ**, **ઋષભદાસ**, **ખીમો**, **ગોડીદાસ**, **ભીમ** (ભાવસાર), **લીંબો**, **વચ્છ** (ભંડારી), **વસ્તિક**, **વાનો**, **શાન્તિદાસ**, **સોલાણ** અને **હીરાણંદ**.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | નામ | [1]જૈનકૃતિઓ | [2]અજૈનકૃતિઓ | કુલસંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વ્યાકરણ | ૩૦[3] | ૫[4] | ૩૫ |
| ૨ | કોશ | ૪૩[5,6] | ૧ | ૪૪ |
| ૩ | છન્દ | ૨૨[7] | ૨ | ૨૪ |
| ૪ | અલંકાર | ૨૭[8] | ૬ | ૩૩ |
| ૫ | નાટ્યશાસ્ત્ર | ૧ | ૦ | ૧ |
| ૬ | સંગીત | ૭ | ૦ | ૭ |
| ૭ | કામશાસ્ત્ર | ૩ | ૦ | ૩ |
| ૮ | સ્થાપત્ય | ૧ | ૦ | ૧ |
| ૯ | મુદ્રાશાસ્ત્ર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ગણિત | ૬ | ૨ | ૮ |
| ૧૧ | નિમિત્ત | ૪૯ | ૧૩ | ૬૨ |
| ૧૨ | વૈદ્યક | ૩૬ | ૨ | ૩૮ |
| ૧૩ | પાકશાસ્ત્ર | ૧ | ૦ | ૧ |
| ૧૪ | વિજ્ઞાન | ૨૧ | ૦ | ૨૧ |
| ૧૫ | નીતિ | ૫૮[9] | ૧ | ૫૯[10] |

P-૪૧

૧-૨. આ કૃતિઓની સંખ્યા કામચલાઉ છે, કેમકે અમુક અમુક કૃતિ મૌલિક છે કે વિવરણાત્મક તેનો તેમજ અમુક અમુક કૃતિ જૈન છે કે અજૈન તેનો અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે.

૩. આ પૈકી છ કૃતિ આંશિક છે.

૪. **વિશ્રાંતવિદ્યાધર** જૈન કૃતિ ન જ હોય તો પાંચને બદલે 'છ' અને ત્રીસને બદલે 'ઓગણત્રીસ' જોઇએ.

૫. આ પૈકી પાંચ કોશ આંશિક છે.

૬. **લોકસંવ્યવહાર** કોશ હોય તો આ સંખ્યા બરાબર છે, નહિ તો એક ઓછી ગણાવી જોઇએ.

૭. **સંગીતસહપિંગલ** એ છન્દની તેમજ સંગીતની પણ એમ બે વિષયની કૃતિ હોય એમ લાગે છે એટલે એનો અહીં તેમજ સંગીતમાં ઉલ્લેખ કરાયો છે. આમ આ કૃતિ બેવડાઇ છે.

૮. **કાવ્યવ્યામ્નાય**મૌલિક જૈનકૃતિ ગણી લીધી છે. ચારકૃતિ આંશિક છે.

૯. **લોકસંવ્યવહાર** નીતિનો ગ્રંથ હોય તો ૫૮ને બદલે ૫૯ જોઇએ અને કુલ સંખ્યા ૫૯ને બદલે ૬૦ની જોઇએ.

૧૦. ઉપલક દૃષ્ટિએ ૩૩૭ કૃતિ થાય પરંતુ **સંગીતસહપિંગલ** નામની કૃતિ બેવાર ગણાઇ હોવાથી ખરી રીતે ૩૩૬ કૃતિ ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચિત્રકળા**– લલિત કળા (Fine arts)ના વિવિધ પ્રકારો છે. એમાં જેમ સંગીત-કળા અને શિલ્પ-કળાને સ્થાને છે તેમ ચિત્રકળાને પણ છે. તેમ છતાં મેં વિષયો ગણાવતી વેળા એનો ઉલ્લેખ કર્યો નથી. તેનું કારણ એ છે કે કેટલાં યે ચિત્રો કામોદ્દીપક અને સંસારવર્ધક બને તેમ હોવાથી મહર્ષિ **બુદ્ધે** પોતાના શિષ્યોને આ કળાથી અલિપ્ત રહેવા જેમ સૂચવ્યું હતું તેમ જૈન શ્રમણોને માટે પણ જૈન શાસ્ત્રમાં એવાં વિધાન જોવાય છે. આ પરિસ્થિતિમાં જૈન શ્રમણે તો શું પણ જૈન ગૃહસ્થે સુદ્ધાં સંસ્કૃતમાં કે પાઇયમાં ચિત્રકળા અંગે સ્વતંત્ર પુસ્તક રચ્યું હોય એમ જાણવામાં નથી એટલે એનો ઉલ્લેખ ક્યાંથી હોય ? બાકી આ આધુનિક સમયમાં તો [1]જૈન ચિત્રકળાનો પરિચય આપનારાં સચિત્ર પુસ્તકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રકાશિત થયેલા જોવાય છે. એ પૈકી સોળ પ્રકાશનોની સૂચી 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **સુ**ખસાગરજીના શિષ્ય મુનિશ્રી P-૪૨
કાન્તિસાગરજીએ "[2]**खोज की पगडण्डियां**" નામના પુસ્તક (પૃ. ૫૮-૫૯)માં આપી છે.

## (૧) વ્યાકરણ : ૩૦ જૈનકૃતિઓ (વિ. સં. પૂર્વે ૬૪૬-લ. વિ.સં. ૧૮૦૦)

આપણે માનવીઓ વિશ્વના જેટલા ભાગમાં આજે હરીફરી શકીએ તેમ છે. તેટલા ભાગમાં આધુનિક ગણતરી પ્રમાણે એશિયા વગેરે પાંચ ખંડમાં ઓછેવત્તે અંશે પ્રચલિત ભાષાઓની સંખ્યા [3]૨૮૦૦ છે. ભાષાના બંધારણનો બોધ કરાવવા માટે તેમજ તેમાં અનુચિત વિકૃતિ થતી અટકાવવા માટે વ્યાકરણની રચના આવશ્યક છે. કોઇપણ ભાષાનું વ્યાકરણ તે જ ભાષામાં રચાય એ સ્વાભાવિક ઘટના છે અને એ ભાષા બોલનારને માટે તો એ રાજમાર્ગ છે. આજકાલ આપણી દુનિયાના બંને છેડા આધુનિક સાધનોને લઇને પહેલાંની જેમ દૂર રહ્યા નથી. આ પરિસ્થિતિમાં કેટલીક ભાષાનાં વ્યાકરણો તે જ ભાષામાં ન રચાતાં અન્ય ભાષામાં પણ રચાયાં છે અને રચાય છે. કેટલીક ભાષા માટે આમ માધ્યમ (Medium) એક કરતાં વધારે છે.

સંસ્કૃત ભાષાના બે પ્રકાર ગણાવાય છે. (૧) **ઋગ્વેદ** વગેરેની ભાષા અને (૨) **રઘુવંશ** વગેરેની ભાષા. આ બંને પ્રકારની ભાષાને અનુક્રમે **"वैदिकसंस्कृत"** અને **"लौकिकसंस्कृत"** તરીકે ઓળખાવાય છે. વૈદિકસંસ્કૃત ભાષાનું સ્વતંત્ર અને સાંગોપાંગ વ્યાકરણ કોઇએ પણ-વૈદિક ધર્માવલંબીએ P-૪૩
સુદ્ધાં-[4]સંસ્કૃતમાં રચ્યું હોય એમ જણાતું નથી. આનું કારણ એ હશે કે આ ભાષામાં રચાયેલું સાહિત્ય

૧. સમવસરણનું ચિત્ર આજથી લગભગ બારસો વર્ષ ઉપર તો આલેખાતું એમ **आवस्सय** અને એની નિજ્જુત્તિ (ગા.૫૬૦)ની **શ્રીહરિભદ્રસૂરિકૃત** ટીકા (પત્ર-૨૩૩ આ)માંનો નિમ્નલિખિત ઉલ્લેખ જોતાં જણાય છે.
**"पूर्वाचार्योपदेशलिखितपट्टकादिचित्रकर्मबलेन तु सर्वा एव देव्यो न निषीदन्ति ॥"**

૨. આ પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઇ. સ. ૧૯૫૩માં પ્રકાશિત કરાયું છે. એમાં જૈનાશ્રિત ચિત્રકલા, બૌદ્ધ ધર્માશ્રિત ચિત્રકલા, મહાકોસલનાં જૈન-ભિત્તિ-ચિત્ર, ભારતીય શિલ્પ અને ચિત્રકલામાં કાષ્ઠનો ઉપયોગ અને રાજસ્થાનમાં સંગીત એ બાબતો આ પુસ્તકના ત્રણ ખંડો પૈકી પ્રથમ ખંડ નામે "લલિતકલા"માં રજૂ થઇ છે.

૩. જુઓ **ભગવદ્ગોમંડલ** (ભા. ૭, પૃ.૬૬૯૯). આ ઇ. સ. ૧૯૫૩માં પ્રકાશિત ભાગમાં આ સંખ્યા "ફ્રેંચ એકેડેમિ' પ્રમાણે હોવાનો ઉલ્લેખ છે.

૪. વૈદિકભાષાનું વ્યાકરણ ગુજરાતીમાં પણ રચાયું હોય તેમ જાણવામાં નથી. અંગ્રેજીમાં તો આર્થર એન્થનિ મેક્ડોનલે (Arthur Anthony Macdonell) A Vedic Grammar for Students રચ્યું છે અને એ ઇ. સ. ૧૯૧૬માં પ્રકાશિત થયું છે. વિલિયમ ડ્વાઇટ વ્હિટનિએ (William Dwight Whitney) A Sanskirt Grammar રચ્યું છે. અને એની પહેલી આવૃત્તિ ઇ. સ. ૧૮૭૯માં અને પાંચમી આવૃત્તિ ૧૯૨૪માં પ્રસિદ્ધ કરાઇ છે. એમાં વેદની અને બ્રાહ્મણની ભાષાઓનો પણ વિચાર કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમુક વર્ગ પૂરતું જ મર્યાદિત મનાયું છે. બ્રાહ્મણવર્ણની વનિતાઓને પણ વેદના પઠન-પાઠનનો અધિકાર અપાયો નથી. તો ઇતરવર્ણની વનિતાઓની તો વાત જ શી કરવી? ગમે તેમ પણ વૈદિકભાષાનો સંબંધ સાંપ્રદાયિક સાહિત્ય સાથે છે એમ મનાતું હોવાથી સર્વોપયોગી વ્યાકરણ રચનારા જૈન ગ્રંથકારો તો એને સ્થાન ન આપે એ સ્વભાવિક નહિ તો ક્ષંતવ્ય તો ગણાય જ. 'પાલિ' ભાષા એ પાઇયનો એક પ્રકાર છે. તેમ છતાં એનું પણ સંસ્કૃતમાં વ્યાકરણ પાઇયનું સ્વતંત્ર વ્યાકરણ રચનાર વરરુચિ વગેરેએ પણ રચ્યું નથી. તે પણ **'પાલી'** એ બૌદ્ધોની જ ભાષા મનાયાને લઇને હશે. **સિ.હે.**માં 'કલિ.' **હેમચન્દ્રસૂરિએ** આ પાલિને કે વૈદિકસંસ્કૃત ભાષાને સ્થાને આપ્યું નથી એટલું જ નહિ, પરંતુ જૈન આગમોની "અર્દ્ધમાગહી" ભાષાનું પણ સર્વાંગીણ અને સ્વતંત્ર નિરૂપણ એમણે કર્યું નથી તો તે પણ આવી પરિસ્થિતિને આભારી હશે.

પ્રસ્તુત પુસ્તકની અપેક્ષાએ સંસ્કૃતભાષાનાં સંસ્કૃતમાં રચાયેલાં વ્યાકરણો મુખ્ય ગણાય. ત્યાર
P-૪૪ પછીનું સ્થાન એ ભાષા સાથે નિકટ સંબંધ ધરાવનારી પાઇય ભાષાના સંસ્કૃતમાં રચાયેલાં વ્યાકરણોને મળે. પ્રસંગવશાત્ ફારસી અને કાનડી ભાષાનું એકેક વ્યાકરણ જૈનોએ સંસ્કૃતમાં રચેલું હોવાથી એનો પણ આ પુસ્તકમાં પૃ.૫૬માં પરિચય અપાયો છે. આ ઉપરાંત સંસ્કૃત ભાષાનાં વ્યાકરણ ગુજરાતી, હિંદી વગેરે ભારતીય પ્રાદેશિક ભાષામાં તેમજ અંગ્રેજી વગેરે અભારતીય ભાષાઓમાં રચાયેલાં છે એ પૈકી જુની ગુજરાતીરૂપ માધ્યમ દ્વારા રચાયેલી અને 'ઔક્તિક' તરીકે ઓળખવાતી પાંચકૃતિઓને પણ આ પુસ્તકમાં સ્થાન અપાયું છે. એમાં **મુગ્ધાવબોધ** અને **વાક્યપ્રકાશ** એ[2] બે ઔક્તિકો વિશેષ મહત્ત્વનાં જણાય છે અને એ બંને પ્રકાશિત છે.

પાઇય ભાષાના મરહટ્ઠી ઇત્યાદિ છ પ્રકાર છે. આ વિવિધ પ્રકારોને અંગે સંસ્કૃતમાં વ્યાકરણ રચાયાં છે. **ઔદાર્યચિન્તામણિ** અને **ચિન્તામણિ** એ પાઇયના બે સ્વતંત્ર જૈન વ્યાકરણો છે અને એ બંનેના કર્તા દિગંબર છે. આવી અર્દ્ધમાગધી પૂરતી એક આધુનિક કૃતિ તે **જૈન-સિદ્ધાન્ત-કૌમુદી** છે. (જુઓ ટિ. ૧) અને એના કર્તા શ્વેતાંબર છે. બાકી સંસ્કૃતની સાથે સાથે એક જ ગ્રન્થરૂપે પાઇયનું અને ખાસ કરીને અપભ્રંશનું વ્યાકરણ તો 'કલિ.' **હેમચંદ્રસૂરિએ** રચ્યું છે અને એને **સિદ્ધહેમચન્દ્ર**૦માં આઠમા અધ્યાય તરીકે સ્થાન આપ્યું છે.

**સં**સ્કૃતભાષાનાં પુષ્કળ વ્યાકરણો સંસ્કૃતમાં રચાયાં છે. આ પ્રકારના વ્યાકરણનાં પાંચ અંગ ગણાવાય છે. (૧) સૂત્રપાઠ, (૨) ગણપાઠ, (૩) ધાતુપાઠ, (૪) લિંગાનુશાસન અને (૫) ઉણાદિસૂત્ર. એમાં સૂત્રપાઠ મુખ્ય છે. એથી તો એ એક જ અંગ પૂરતી કૃતિ પણ 'વ્યાકરણ' કહેવાય છે. પાંચે
P-૪૫ અંગોના નિરૂપણરૂપ વ્યાકરણ 'પંચાંગી' કહેવાય છે. એના બે પ્રકાર પડે છે. (૧) એકકર્તૃક અને (૨) અનેકકર્તૃક. પ્રથમ પ્રકારનાં ત્રણ પંચાંગી વ્યાકરણો છે. (૧) **શાકટાયન,** (૨) **બુદ્ધિસાગર** અને (૩) **સિદ્ધહેમશમ. ઐંદ્ર** અને **સદ્દપાહુડ** એ બે જૈન વ્યાકરણો તો ક્યારનાં લુપ્ત થઇ ગયાં છે એટલે એ બેમાં તેમજ નિમ્નલિખિત અનુપલબ્ધ જણાતાં ચાર જૈન વ્યાકરણોમાં કેવળ સૂત્રપાઠને જ સ્થાન અપાયું હશે કે એ બધાં 'પંચાંગી' હશે તે જાણવું બાકી રહે છે.

૧. આનું સ્વતંત્ર વ્યાકરણ સંસ્કૃતભાષામાં 'શતાવધાની' રત્નચંદ્રજીએ રચ્યું છે અને એનું નામ **જૈનસિદ્ધાંતકૌમુદી** રાખ્યું છે. એ વ્યાકરણ ઇ. સ. ૧૯૨૫માં પ્રકાશિત કરાયું છે.

૨. બાકીનાં ત્રણ પૈકી એકના કર્તા **સૌમ**પ્રભસૂરિ અને બીજાના **જિન**ચંદ્ર છે, જયારે ત્રીજાના કર્તાનું નામ જાણવામાં નથી. વિશેષમાં આ ત્રણે અપ્રકાશિત છે. અજ્ઞાતકર્તૃક ઔક્તિકની એક હાથપોથી તો અહીંના (સુરતના) હુકમમુનિજીના ભંડારમાં હોવાનું કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]વિશ્રાંતવિદ્યાધર, [2]ભદ્રેશ્વર, [3]પ્રેમલાભ અને **નૂતન**વ્યાકરણ.

**જૈનેન્દ્ર** અને **મુષ્ટિ-વ્યાકરણ**માં સૂત્રપાઠ તો છે જ. **બાલબોધ, વિદ્યાનન્દ** અને **શબ્દભૂષણ**માં પણ તેમ હશે. **શબ્દાર્ણવ** વ્યાકરણ જ હોય તો એ માટે પણ એમ જ સમજવાનું રહે છે. **શબ્દભૂષણ** પદ્યાત્મક રચના છે.

પ્રક્રિયા-ગ્રન્થોનો મુખ્ય સંબંધ સૂત્રપાઠની જ સાથે છે. એ એની સાધનિકાની દૃષ્ટિએ ગોઠવણી છે.

ગણપાઠ પૂરતી સ્વતન્ત્ર મુખ્ય કૃતિ છેઃ **ગણરત્નમહોદધિ** અને **ગણદર્પણ.** વિશેષમાં આ બંને પદ્યાત્મક છે. **ઉપસર્ગમંડન** વ્યાકરણ-વિષયક કૃતિ હોય તો એ કૃતિ પણ એક રીતે ગણપાઠ સંબંધી ગણાય.

ધાતુપાઠને અંગે **સિદ્ધિચન્દ્રગણિકૃત ધાતુમંજરી** છે.

લિંગાનુશાસન તરીકે **મિશ્રલિંગકોશ** છે.

ઉણાદિસૂત્ર પરત્વે [4]**વસુનન્દિકૃત ઉણાદિપ્રત્યય** છે.

આમ ગણપાઠાદિને લગતી કૃતિઓ છ છે. એ પૈકી છેલ્લી ચારને માટે મેં 'આંશિક' એવો નિર્દેશ કર્યો છે. P-૪૬

**આદ્ય વ્યાકરણ–** આપણા આ દેશમાં વ્યાકરણોની રચના ઘણા પ્રાચીન સમયથી હાથ ધરાઇ છે. તેમ છતાં ભગવાન **મહાવીરસ્વામી**ની પૂર્વે કોઇ જૈને-મુનિવરે કે ગૃહસ્થે-સંસ્કૃતમાં વ્યાકરણ રચ્યું હોય એમ જણાતું નથી. એ હિસાબે [5]**ઐંદ્રવ્યાકરણ** એ **વીર**શાસનની સ્થાપના કરતાં પહેલાનું છે અને [6]**સંદપાહુડ વીર**શાસન સ્થપાતાં રચાયું છે. એ જૈનોનાં સૌથી પ્રાચીન-વ્યાકરણો છે પરંતુ એ બેમાંથી એકે આજે તો ઉપલબ્ધ નથી. આથી ઉપલબ્ધ સાહિત્યનો વિચાર કરતાં જણાય છે કે દિ. દેવનન્દિએ જે [7]**જૈનેન્દ્ર-વ્યાકરણ** રચ્યું છે તે સમગ્ર ઉપલબ્ધ જૈનવ્યા-કરણોની અપેક્ષાએ પ્રાચીનતમ ગણાય. એવી રીતે 'યાપનીય' સંપ્રદાયનું આદ્ય વ્યાકરણ તે યાપનીય **શાકટાયન**કૃત [8]**શબ્દાનુશાસન** છે. શ્વેતાંબરોનું ઉપલબ્ધ થતું સૌથી પ્રથમ વ્યાકરણ તે **બુદ્ધિસાગરસૂરિ**કૃત [9]**બુદ્ધિસાગર** છે. જૈન ન્યાસોમાં તો દિ. **દેવનન્દિ**એ **પાણિનિ**કૃત **અષ્ટાધ્યાયી** ઉપર [10]**શબ્દાવતાર** નામનો રચેલો ન્યાસ સૌથી પ્રાચીન છે. જ્યારે **વિશ્રાન્તવિદ્યાધર** ઉપર **મલ્લવાદી**એ રચેલો [11]યાસ એ સૌથી પ્રથમ શ્વેતાંબરીય ન્યાસ છે.

**સર્વોત્તમ વ્યાકરણ–** સમસ્ત જૈન-વ્યાકરણોમાં **'કલિ.' હેમચન્દ્રસૂરિ**કૃત સિ૦ હે૦ **નામનું** વ્યાકરણ એની સાંગોપાંગતા, સરળતા અર્થમાધુર્ય ઇત્યાદિને લઇને કળશરૂપ છે. એ એક વેળા ગુજરાતનું પ્રધાનતમ વ્યાકરણ હતું અને આજે પણ છે. એ વ્યાકરણ પાણિનીય **અષ્ટા૦** ઇત્યાદિથી ચડિયાતું છે એમ **પ્રબંધચિન્તાણિમાં** નિમ્નલિખિત પદ્યમાં સૂચવાયું છે. P-૪૭

---

૧. આ અજૈન છે એવું માનવા માટે કોઇ સબળ પ્રમાણ જણાતું નથી.

૨-૩ આ બંનેની નોંધ **જૈન ગ્રન્થાવલી**માં છે અને **જિનરત્નકોશ**ના પ્રથમવિભાગ (પૃ.૨૮૦)માં **પ્રેમલાભ**નો ઉલ્લેખ છે, બાકી એની એકે હાથપોથી કોઇ સ્થળે મળતી હોય તો તેની એમાં નોંધ નથી. આથી મેં એને 'અનુપલબ્ધ' કહ્યાં છે.

૪. એઓ દિગંબર હશે.

૫. જુઓ. પૃ. ૬-૭. ૬. જુઓ. પૃ. ૭-૮. ૭. જુઓ. પૃ. ૮-૧૧. ૮. જુઓ. પૃ. ૧૩-૧૪.

૯. જુઓ. પૃ. ૧૭-૧૮. ૧૦. જુઓ. પૃ. ૯. ૧૧. જુઓ. પૃ. ૧૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"भ्रातः! संवृणु पाणिनिप्रलपितं कातन्त्रकन्था वृथा । मा कर्षीः कटु शाकटायनवचः क्षुद्रेण चांद्रेण किम् ? ॥
किं कण्ठाभरणादिभिर्बठरयस्यात्मानमन्यैरपि? । श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥"

આ પદ્ય દ્વારા **અષ્ટા૦**ને પ્રલાપ. [1]**કાતનન્ત્ર**ને કન્થા, **શાકટાયન**ને કટુ, **ચાન્દ્ર**ને ક્ષુદ્ર અને **સરસ્તવતીકંઠાભરણ**ને જડતાપોષક કહ્યાં છે.

**સિ૦ હે૦**ની બૃહદ્‌વૃત્તિની અવચૂર્ણિકામાં કહ્યું છે (જુઓ પૃ.૪૩) કે **સિ૦ હે૦** અતિવિસ્તીર્ણ કે વિપ્રકીર્ણ નથી તેમજ એ **કાતન્ત્રની જેમ** સંકીર્ણ પણ નથી.

**પ્રભાવકચરિત**— (શૃંગ-૨૨, શ્લો. ૮૨)માં કહ્યું છે કે અત્યારે જે **કલાપક** લક્ષણ અર્થાત્ વ્યાકરણ પ્રવૃત્ત છે તે સંક્ષિપ્ત છે અને એમાં શબ્દની નિષ્પત્તિ જેવી જોઈએ તેવી નથી. વળી **પાણિનિ** એ વેદનું અંગ છે. એમ કહી બ્રાહ્મણો ગર્વથી એ વ્યાકરણ ઉપર ઈર્ષ્યા કરી ભણાવતા નથી માટે તમે નવું વ્યાકરણ રચો.

વ્યાકરણોની રચના મુખ્યતયા સૂત્રાત્મક હોવાથી એ ગદ્યમાં હોય એ સ્વભાવિક છે. તેમ છતાં જૈનોને હાથે નીચે મુજબનાં બે વ્યાકરણો પદ્યમાં યોજાયાં છે.

P-૪૮ (૧) બુદ્ધિસાગરસૂરિકૃત **બુદ્ધિસાગર** (વિ. સં. ૧૦૮૦).

(૨) દાનવિજયકૃત **શબ્દભૂષણ** (લ. વિ. સં. ૧૭૭૦).

**ભોજવ્યાકરણ** પદ્યમાં છે ખરું પણ એ કંઈ સ્વતન્ત્ર-મૌલિક કૃતિ નથી. એ તો **સારસ્વત** વ્યાકરણના વિવરણરૂપ છે.

**સિદ્ધહેમચન્દ્રની સર્વોત્તમતા**— સહસ્રાવધાની મુનિસુંદરસૂરિએ વિ. સં.૧૪૫૫માં બાલ્યાવસ્થામાં જીભની પટુતા કેળવવા માટે જે [2]**ત્રૈવિદ્યગોષ્ઠી** યાને [3]**ત્રૈવિદ્યગોષ્ઠિકા** રચી છે તેમાં (પત્ર-૨, અ ૨-આમાં) એમણે નીચે મુજબના ક્રમે ૨૦ વ્યાકરણોનો ઉલ્લેખ કર્યો છે.

(૧) **ઐન્દ્ર**, (૨) **જૈનેન્દ્ર**, (૩) **સિદ્ધહેમચન્દ્ર**, (૪) **ચાંદ્ર**, (૫) **પાણિનિ** (૬) **સારસ્વત**, (૭) **શાકટાયન**, (૮) **વામન**, (૯) **વિશ્રાંત**, (૧૦) **બુદ્ધિસાગર**, (૧૧) [4]**સરસ્વતીકણ્ઠાભરણ**, (૧૨) **વિદ્યાધર**, (૧૩) **મુષ્ટિવ્યાકરણ**, (૧૪) **કલાપક**, (૧૫) [5]**ભીમસેન**, (૧૬) **શિવ**, (૧૭) **ગૌડ**, (૧૮) **નન્દિ**, (૧૯) **જયોત્પલ** અને (૨૦) **જયદેવ**.

---

૧. આ કાતન્ત્ર વ્યાકરણની રચના પ્રક્રિયા અનુસાર છે. જુઓ संस्कृत व्याकरण शास्त्रका इतिहास (ભા.-૧, પૃ.૩૭૫).

૨. આ નામ અંતમાંના દ્વિતીય પદ્યમાં છે. એ નીચે મુજબ છે.
"शरशरमनु (१४५५) मितवर्षे स्वस्यान्येषां च शैशवे सुधियाम् । जिह्वापटिमोपकृते विदधे त्रैविद्यगोष्ठीयम् ॥ २ ॥"

૩. આ નામ પ્રારંભમાં બીજા પદ્યમાં છે.

૪. આ નામનું અલંકારશાસ્ત્ર રચનારા **ભોજ**દેવની આ કૃતિ છે. એમાં ચચ્ચાર પાદવાળા આઠ-અધ્યાય છે અને ૬૪૨૧ સૂત્રો છે. પહેલા સાત-અધ્યાયમાં લૌકિક શબ્દોને સ્થાન અપાયું છે, જ્યારે આઠમા-અંતિમ અધ્યાયમાં સ્વરપ્રકરણ અને વૈદિક શબ્દોનું અન્વાખ્યાન છે. આ વ્યાકરણ પાણિનીય **અષ્ટા૦** અને **ચંદ્ર** વ્યાકરણને આધારે રચાયું છે. આ વ્યાકરણમાં પરિભાષા, લિંગાનુશાસન, ઉણાદિ અને ગણપાઠનું તે તે અધિકારમાં નિરૂપણ છે એ એની વિશેષતા ગણાય છે.

૫. **પાણિનિ**એ રચેલા મનાતા **ધાતુપાઠ**ને અંગે ધાતુઓના અર્થ જે **ભીમ**સેને આપ્યા છે એ **ભીમ**સેન અત્ર અભિપ્રેત હોય તો DCGCM (Vol. II. Pt. I, Nos. 208-217) જોવું ઘટે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશેષમાં પત્ર ૮-આમાં એમણે કહ્યું છે કે જો તમને લક્ષણાનુગામિની (અર્થાત્ વ્યાકરણવિષયક) ગોષ્ઠી ગમતી હોય તો હાલમાં બધાંયે લક્ષણોમાં (વ્યાકરણોમાં) **શ્રીસિદ્ધહેમચન્દ્ર** જ લક્ષણ મુખ્ય છે એમ તજજ્ઞોનું કહેવું છે. આમ અહીં એમણે **સિ૦ હે૦**ને સર્વોત્તમ વ્યાકરણ કહ્યું છે. P-૪૯

**સિદ્ધહેમચન્દ્ર સર્વોત્તમ કે વિદ્યાનંદ વ્યાકરણ ?** – સહસ્રાવધાની **મુનિસુંદરસૂરિ**એ વિ.સં. ૧૪૬૬માં રચેલી **ગુર્વાવલી**ના નિમ્નલિખિત ૧૭૧માં પદ્યમાં વિ. સં. ૧૩૧૨ કરતાં પહેલાં રચાયેલા વિદ્યાનંદ વ્યાકરણનું મૂલ્ય આંક્યું છે.

**"विद्यानन्दाभिधं तेन कृतं व्याकरणं नवम् । भाति सर्वोत्तमं स्वल्पसूत्रं बह्वर्थसङ्ग्रहम् ॥१७१॥"**

આમ અહીં **વિદ્યાનન્દ** વ્યાકરણને નવીન કહ્યું છે. વિશેષમાં આ વ્યાકરણમાં સૂત્ર થોડાં અને અર્થ ઘણો છે અને એ સમયે **મુનિસુંદરસૂરિ** સામે જે જે [1]વ્યાકરણો હશે, (**સિ૦ હે૦** તો હતું જ) તેમાં આ વ્યાકરણ એમને 'સર્વોત્તમ' જણાયાનો ઉલ્લેખ છે.

**જિનરત્નકોશ**ના પ્રથમવિભાગમાં આ વ્યાકરણની નોંધ નથી એટલે એની કોઇ હાથપોથી પણ આજે ઉપલબ્ધ છે કે કેમ તે જાણવું બાકી રહે છે. આમ જ્યારે આ વ્યાકરણ મારા તો જોવામાં જ આવ્યું નથી તો એનું જે મૂલ્યાંકન **મુનિસુંદરસૂરિ**એ કર્યું છે તે ચકાસી જોવાની વાત હું જતી કરું છું. બાકી નવાઇની વાત તો એ છે કે કે **ત્રૈવિદ્યગોષ્ઠી**માં **વિદ્યાનન્દ** વ્યાકરણનો ઉલ્લેખ સરખો યે નથી. તેમ છતાં એને **ગુર્વાવલી**માં **સિ૦ હે૦** કરતાં પણ ચડિયાતું કહ્યું છે.

આથી પ્રશ્ન ઉદ્‌ભવે છે કે શું વિ. સં. ૧૪૫૫માં દર્શાવેલા અભિપ્રાયને વિ. સં. ૧૪૬૬માં બદલી નાંખવા માટે **મુનિસુંદરસૂરિ**ને કોઇ સબળ કારણ મળ્યું હશે કે પહેલો ઉલ્લેખ બાલ્યાવસ્થાનો હોવાથી આગળ ઉપર-અગિયાર વર્ષે એ સમુચિત ન જણાતાં એમણે ભિન્ન અભિપ્રાય દર્શાવ્યો ? P-૫૦

**પ્રક્રિયા-ગ્રન્થ**– વ્યાકરણના સૂત્રપાઠગત સૂત્રોનો ક્રમ સાધનિકા માટે ભાગ્યે જ યોગ્ય હોય એટલે એના અર્થીઓ માટે પ્રક્રિયા-ગ્રંથ યોજાય એ સ્વાભાવિક છે. આવું કાર્ય પ્રત્યેક વ્યાકરણને અંગે થઇ તો શકે, પરંતુ વિશેષ પ્રચારમાં આવનારા અને મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતા વ્યાકરણ માટે આ ઘટના સહજ બને. **પાણિનિ**કૃત **અષ્ટા૦** માટે કેટલાકને મતે બૌદ્ધ **ધર્મકીર્તિ**એ લ. વિ. સં. ૧૧૪૦માં **રૂપાવતાર** નામનો પ્રક્રિયા-ગ્રંથ રચ્યો છે અને **ભટ્ટોજિ** દીક્ષિતે વિ.સં. ૧૫૧૦થી ૧૫૭૫ના ગાળામાં **સિદ્ધાંતકૌમુદી** નામનો પ્રક્રિયા-ગ્રંથ રચ્યો છે અને **નરેન્દ્રાચાર્યે** લ. વિ. સં. [2]૧૩૦૦માં રચેલા **સારસ્વત** વ્યાકરણ પરત્વે **અનુભૂતિસ્વરૂપાચાર્યે** પ્રક્રિયા-ગ્રંથ રચ્યો છે તેમ ઉપલબ્ધ જૈન-વ્યાકરણો પૈકી દિ. દેવનન્દિકૃત **જૈનેન્દ્ર** વ્યાકરણ ઉપર **શ્રુતનન્દિ**એ તેમજ **ચારુકીર્તિ**એ એકેક પ્રક્રિયા-ગ્રંથ રચ્યો છે અને **શાકટાયન** વ્યાકરણને અંગે **અભયચંદ્રે** પ્રક્રિયા-સંગ્રહ, **ભાવસેને** **શાકટાયન-ટીકા** અને દયાપાલમુનિએ **રૂપસિદ્ધિ** એમ ત્રણ પ્રક્રિયા-ગ્રંથો રચ્યા છે તેમજ **સિ૦ હે૦**ને અંગે **વિનયવિજયગણિ**એ **હૈમલઘુપ્રક્રિયા** અને **મેઘવિજયગણિ**એ **ચંદ્રપ્રભા** ઇત્યાદિ ત્રણ કૃતિ અને **વીરસેને** **હૈમપ્રક્રિયા** રચી છે. આમ **સિ૦ હે૦**ને અંગે [3]આધુનિક રચનાઓ બાદ કરતાં પાંચ પ્રક્રિયા-ગ્રંથો રચાયા છે.

૧. વીસ વ્યાકરણોનો ઉલ્લેખ **ત્રૈવિદ્યગોષ્ઠી**માં છે. જુઓ. પૃ.૨૦ (ઉપો૦).
૨. જુઓ **સં૦ વ્યા૦ ઇ૦** (ભા.-૧, પૃ.-૪૫૩.) ૩. જુઓ પૃ.-૪૭-૪૮.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરથી એ ફલિત થાય છે કે જૈન-વ્યાકરણો પૈકી ત્રણ જ વ્યાકરણ અંગે પ્રક્રિયા-ગ્રંથ છે. સૌથી વધારે પ્રક્રિયા-ગ્રન્થ **સિ૦ હે૦**ને લક્ષીને છે અને એવી રચના વિ. સં. ૧૭૧૦ પહેલાં કોઈએ કર્યાનું જણાતું નથી (**વીર**સેનનો સમય જાણવામાં નથી.) એવી રીતે **જૈનેન્દ્ર** વ્યાકરણ પરત્વે **વિક્રમ**ની બારમી સદી પહેલાં અને **શાકટાયન**ને અંગે **વિક્રમ**ની અગિયારમી સદી પહેલાં કોઈ પ્રક્રિયા-ગ્રંથ રચાયો લાગતો નથી. જો આમ કહેવું વાસ્તવિક હોય તો જૈન વ્યાકરણોમાં પ્રક્રિયા-ગ્રન્થથી વિભૂષિત થનારા વ્યાકરણ તરીકે **શાકટાયન** વ્યાકરણ સૌથી પહેલું છે.

**સિ૦ હે૦**નો ઉદ્ધાર કરી **સિદ્ધ-સારસ્વત** નામનું નવીન વ્યાકરણ દેવાનન્દસૂરિએ લ. વિ. સં. ૧૨૭૫માં રચ્યું. એ પૂર્વે કોઈએ તેમ કર્યું છે ખરું ?

**પાંચ અજૈન વ્યાકરણો**– આપણા આ દેશમાં સંસ્કૃત ભાષાનાં સંસ્કૃતમાં વ્યાકરણો જે રચાયાં છે તેમાં વૈદિક હિંદુઓનો સબળ ફાળો છે. અહીં એમણે રચેલાં નિમ્નલિખિત ચાર વ્યાકરણો વિષે વિચાર કરાયો છે.

(૧) **ઐંદ્ર**, (૨) **અષ્ટા૦** (૩) **કાતન્ત્ર** અને (૪) **સારસ્વત**.

**ઐંદ્ર** વ્યાકરણ સિવાય બાકીનાં સંપૂર્ણ મળે છે. **કાતન્ત્ર**નો અને ખાસ કરીને **સારસ્વત** વ્યાકરણનો જૈનોમાં જેટલો પ્રચાર થયેલો જણાય છે તેટલો **અષ્ટા૦નો** થયો નથી.

P-૫૨ **ઉવસ્સગ્ગહરથોત્ત**ની દ્વિજ**પાર્શ્વ**દેવગણિએ રચેલી લઘુ ટીકામાં એ ગણિએ **કાતન્ત્ર**ના સૂત્રો આપ્યાં છે. વળી **તત્ત્વાર્થસૂત્ર** ઉપર દિ.**શ્રુત**સાગરે રચેલી **તત્ત્વાર્થવૃત્તિમાં** એ મુનિએ માટે ભાગે **કાતન્ત્ર**નાં અને કોઈ કોઈવાર **પાણિનિ**કૃત **અષ્ટા૦**નાં સૂત્રો આપ્યાં છે.

પાંચમું અજૈન વ્યાકરણ તે **ચન્દ્ર** વ્યાકરણ છે. એ બૌદ્ધ રચના છે અને એ મહત્ત્વની છે. **ઉસભપંચાસિયા** વગેરે રચનારા **ધ**નપાલે આ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. **બુદ્ધિ**સાગરસૂરિ વગેરે શ્વેતાંબર વૈયાકરણોએ પોતપોતાનું વ્યાકરણ રચતી વેળા આ વ્યાકરણનો ઉપયોગ કર્યો હતો.

**પાઇય, કાનડી અને ફારસી ભાષાનાં સંસ્કૃત વ્યાકરણો**– બધાંયે જૈન સંસ્કૃત વ્યાકરણો કંઈ કેવળ એ જ ભાષાનાં જ વ્યાકરણો નથી. **સિ૦ હે૦** તો સંસ્કૃત ભાષાનું વ્યાકરણ હોવા ઉપરાંત પાઈય ભાષાના વિવિધ પ્રકારોને લગતું અમુક કક્ષાનું તો વ્યાકરણ છે જ.

**સિ૦ હે૦**ની પૂર્વેનાં કોઈ જૈન વ્યાકરણમાં પાઈય ભાષાના વ્યાકરણને સ્થાન અપાયું હોય એમ જણાતું નથી એટલું જ નહિ પણ આ ભાષાને અંગેનું સ્વતન્ત્ર વ્યાકરણ તો દિ. **શ્રુત**સાગરકૃ[૧] **ઔદાર્યચિંતામણિ** કરતાં પહેલાં કોઈ રચાયું હોય એમ જાણવામાં નથી.

દિ. **અ**કલંકે 'કાનડી' ભાષાનું વ્યાકરણ સંસ્કૃતમાં રચ્યું છે[૨]. એવી રીતે 'પારસીક' (ફારસી) ભાષાનું સંસ્કૃત વ્યાકરણ ગૃહસ્થ **વિક્રમસિંહે** રચ્યું છે[૩].

વ્યાકરણોનું વિહંગાવલોકન પૂરું થાય છે એટલે લગભગ વિ. સં. ૧૮૦૦ સુધીમાં રચાયેલાં વ્યાકરણોને વિષેની કેટલીક હકીકત હું નીચે મુજબ કોષ્ટક દ્વારા સૂચવું છું.

૧. જુઓ પૃ. ૨૩.
૨. જુઓ પૃ. ૩૩
૩. જુઓ પૃ. ૩૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P-૫૩




## (૨) કોશ : ૪૨ જૈન કૃતિ (લ. વિ. સં. ૧૦૦૦-વિ. સં. ૨૦૦૫) P-૫૪

સંસ્કૃત શબ્દોના સંસ્કૃતપર્યાય રજૂ કરતા સંસ્કૃત કોશ યાને નામમાલાને લગતી કૃતિઓના મુખ્ય બે વર્ગ પાડી શકાય તેમ છે. (૧) એકાર્થક નામમાલા અને (૨) અનેકાર્થક નામમાલા. પ્રથમ વર્ગના એકાક્ષરી અને અનેકાક્ષરી એમ બે પેટાવર્ગ પાડતાં નામાલાના ત્રણ પ્રકાર ઉદ્ભવે છે. આ ત્રણ જાતની નામમાલા પૈકી 'અનેકાક્ષરી' નામમાલામાંની કેટલીક અમુક જ પ્રકારના શબ્દો કે અમુક જ વિષયને રજૂ કરે છે અને એ દૃષ્ટિએ 'આંશિક' નામમાલા છે. એના શબ્દ અને વિષયની દૃષ્ટિએ બે ભેદ પડે છે. આ વાત ઝટ સમજાય તે માટે હું એને નીચે મુજબ રજૂ કરું છું અને એની સંખ્યા દર્શાવવાની સાથે સાથે શ્વેતાંબર અને દિગંબર કૃતિની સંખ્યા પણ નોંધું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




P-૫૫ **પદ્યાત્મક રચના–** આ તમામ નામમાલાઓ પદ્યાત્મક છે. આ ઘટના મુખ્યતયા નામમાલા કંઠસ્થ કરવાની અનુકૂળતાને આભારી જણાય છે.

શ્વેતાંબર અનેકાક્ષરી એકાર્થક કોશોમાં જેમ 'અનષ્ટુભ્' છન્દમાં ૧૮૮ પદ્યોમાં રચાયેલો **લઘુતમનામકોશ** સૌથી નાનો છે તેમ દિગંબર કોશોમાં **ધનંજયનામમાલા** છે. ત્રણેક દસકા ઉપર કેટલાયે શ્વેતાંબર મુનિઓ (દા.ત. **શ્રીવિજયપ્રતાપસૂરિજી**) પોતાના પ્રાથમિક અભ્યાસ દરમ્યાન આ નામમાલા કંઠસ્થ કરતા હતા એ એની અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગિતા સૂચવે છે.

**પ્રથા–** જેમ મુખ્યતયા અજૈનોમાં **અમરકોશ** કંઠસ્થ કરવાની પ્રથા આજે પણ જોવાય છે તેમ ખાસ કરીને શ્વેતાંબરોમાં-તેરાપંથની કેટલીક સાધ્વીઓમાં સુદ્ધાં-**અભિધાનચિંતામણિ** મોઢે કરવાની પ્રથા છે.

**ન્યૂનતા– અભિ૦ ચિ૦**માં કેટલાક શબ્દો પૂરતી ન્યૂનતા જણાતાં **શેષનામમાલા** અને **શિલોંછ**ની રચના કરાઇ અને એ દ્વારા એ કોશને પરિપૂર્ણ બનાવવા પ્રયાસ કરાયો, પરંતુ હજી પણ કોઇ કોઇ શબ્દ (દા.ત. [4]પાટીર) એમાં જણાતા નથી.

વિશેષમાં આ તેમજ અન્ય જૈન કોશો જે મેં અહીં નોંધ્યા છે. તેમાં જૈનોના [5]પારિભાષિક શબ્દો.

૧. પારસીક કોશ પણ છે.

૨. **નાનાર્થ-કોશના** કર્તા **અસં**ગને દિગંબર અને **નાનાર્થસંગ્રહ**ને અનેકાર્થક ગણી આ સંખ્યા દર્શાવાઇ છે.

૩. **શબ્દભેદનામમાલા** આંશિક કોશ હોય તો નવને બદલે 'દસ' જોઇએ અને સંપૂર્ણની સંખ્યા વીસને બદલે 'ઓગણીસ' જોઈએ.

૪. આ શબ્દ **યશોવિજયગણિકૃત જ્ઞાનસાર**ના "ભાવપૂજાષ્ટક" નામના ૨૯મા અષ્ટકના દ્વિતીય પદ્યમાં વપરાયો છે.

૫. દાર્શનિક સાહિત્યને લગતો પારિભાષિક શબ્દોનો કોશ પણ સત્વર રચાવો જોઇએ પણ એ વાત હું અહીં જતી કરું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહુજ અલ્પ પ્રમાણમાં નજરે પડે છે. આથી પહેલી તકે બે કાર્ય થવાં જોઇએ. (૧) ખૂટતા શબ્દો રજૂ થવા જોઇએ અને (૨) કંઇ નહિ તો કથાનુયોગને લગતી જૈન સંસ્કૃત કૃતિઓમાં આવતા પારિભાષિક શબ્દો અર્થ સહિત અપવા જોઇએ. આ તો એક કામચલાઉ પુરવણીની વાત થઇ. બાકી બીજાં બે વિશેષ મહત્ત્વનાં કાર્ય કરવાં જેવાં છે. એક તો જૈનોના પ્રૌઢ અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોના નિર્દેશપૂર્વકનો કોશ જોઇએ. બીજો કોશ વિશેષ પ્રયાસ માંગી લે તેમ છે, કેમકે એમાં સમય અને સ્થાનને લઇને જે શબ્દના અર્થમાં પરિવર્તનો થયાં હોય તેની પણ નોંધ હોવી ઘટે. ખરી રીતે તો સમગ્ર જૈન તેમજ અજૈન સંસ્કૃત સાહિત્યને લક્ષીને આ બીજી જાતનો મહાકોશ રચાવો જોઇએ, એ કાર્ય સુગમ બને તે માટે પણ જૈન વિભાગ તો જુદો તૈયાર થવો ઘટે. P- ૫૬

**ફારસીકોશ**– જેમ ફારસી ભાષાનું સંસ્કૃત વ્યાકરણ **વિક્રમસિંહ** નામના જૈને રચ્યું છે તેમ આ ભાષાનો શબ્દકોશ કેટલાકને મતે **સ**પાદલક્ષ નામના જૈને રચ્યો છે. P-૫૭

## (૩) છન્દઃશાસ્ત્રઃ ૨૨ જૈનકૃતિ (વિક્રમની છઠ્ઠી સદીથી ચૌદમી સદી)

છંદને અંગે જે બાવીસ જૈન કૃતિઓ રચાઇ છે એમાં દસેક સંદિગ્ધ છે. **પૂ**જ્યપાદ તેમજ **બુદ્ધિસાગરસૂરિ**એ રચેલું એકેક **છન્દઃશાસ્ત્ર** હજી સુધી તો મળી આવ્યું નથી. આથી છન્દઃશાસ્ત્રને લગતી બાકીની ઉપલબ્ધ કૃતિઓમાં **જ**યદેવ અને દિ. **જયકીર્તિ**ની કૃતિઓ સૌથી પ્રાચીન ગણાય. એ પછીની કૃતિઓ તે **છન્દઃશેખર, હૈમ છન્દોડનુશાસન** ઇત્યાદિ છે. આ બધી કૃતિઓમાં હૈમ **છંદોડનુશાસન** એની સ્વોપજ્ઞવૃત્તિ વગેરેને લઇને ઘણું અગત્યનું સ્થાન ભોગવે છે.[3]

ઉપર્યુક્ત પૂજ્યપાદ એ સર્વાર્થસિદ્ધિના કર્તા જ હોય તો છન્દઃશાસ્ત્રની સ્વતન્ત્ર રચનાની શરૂઆત વિક્રમની છઠ્ઠી સદીથી ગણાય. વિક્રમની ચૌદમી સદી પછી કોઇ સ્વતન્ત્ર નોંધપાત્ર રચના થઇ હોય એમ જણાતું નથી.

છન્દઃશાસ્ત્રને અંગે જેમ પદ્યાત્મક રચના મળે છે. તેમ હૈમ છન્દોડનુશાસન જેવી કૃતિ ગદ્યમાં-સૂત્રરૂપે યોજાયેલી મળી આવે છે. કંઠસ્થ કરનારની દૃષ્ટિએ પદ્યાત્મક કૃતિ વિશેષ અનુકૂળ ગણાય.

**કાનડી છન્દઃશાસ્ત્ર**– જેમ કાનડી ભાષાનું સંસ્કૃતમાં વ્યાકરણ મળે છે (જુઓ. પૃ.-૫૬) તેમ જયકીર્તિકૃત **છન્દોડનુશાસન** કેટલાક કાનડી છંદો ઉપર પ્રકાશ પાડે છે.

---

૧. આવા શબ્દો **શબ્દરત્નમહોદધિ** નામના સંસ્કૃત-ગુજરાતી કોષમાં અપાયા છે. આ મહકાય કોશના સંગ્રાહક પંન્યાસ **શ્રીમુક્તિવિજયગણિ** (જન્મવર્ષ વિ. સં. ૧૯૪૨) છે. આ કોશ "શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન ગ્રંથમાલા"માં બે ભાગમાં અનુક્રમે ઇ. સ. ૧૯૩૭ અને ઇ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કરાયો છે (એની એક નકલ મને પં **સંપત્‌વિજયજી** તરફથી ભેટ મળી હતી). [તાજેતરમાં આ. ભ. હેમપ્રભસૂરિ મ. સા.ની પ્રેરણાથી આનું પુનઃપ્રકાશન કેટલાક શબ્દો ઉમેરવાપૂર્વક ત્રણ ભાગમાં થયું છે.] વિ. સં. ૧૯૫૬માં ભાવનગરથી **દોલતરાય** મગનલાલ શાહે પ્રસિદ્ધ કરેલો અને **સાવઇલાલ** વિ. છોટાલાલ વો'રોએ યોજેલો **શબ્દચિંતામણિ** નામનો સંસ્કૃત-ગુજરાતી કોશ અપ્રાપ્ય બનતાં એ ખોટ પૂરી પાડવાના ઉદ્દેશથી આ કોશ યોજાયો હતો.

૨. આવો કોશ હોય તો **તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ.૫, સૂ.૪૨)માંના 'અનાદિ' અને 'આદિમાન્' શબ્દના અર્થ ઉપર પ્રકાશ પડે આ બે શબ્દના પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ અર્થને અંગે થોડીક ચર્ચા પં. **સુખલાલે** એમના ગુજરાતી વિવેચન (પૃ. ૨૪૮-૨૪૯, તૃતીય આવૃત્તિ, ઇ. સ. ૧૯૪૯)માં કરી છે.

૩. જુઓ પૃ.૮૨-૮૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P-૫૮

## (૪) અલંકારશાસ્ત્રઃ ૨૯ જૈન કૃતિ (વિક્રમની નવમી સદીથી અઢારમી સદી)

કાવ્યશાસ્ત્રને અંગે જે ૨૯ કૃતિઓ છે તેમાં ચાર આંશિક છે. આ શાસ્ત્રમાં શ્વેતાંબરોનો ફાળો દિગંબરો કરતાં વિશેષ છે, કેમકે દિ. કૃતિ ગણીગાંઠી છે **બપ્પભટ્ટિસૂરિ** કરતાં પહેલાં આ વિષયની કોઇ સ્વતન્ત્રકૃતિ રચાઇ હોય એમ જણાતું નથી.

'થારાપદ્ર' ગચ્છના **નમિસાધુએ રુદ્રટકૃત કાવ્યાલંકાર** ઉપર વિ. સં. ૧૧૨૫માં ટીકા રચી. એમને હાથે આ જાતનું દ્વાર યોગ્ય પ્રમાણમાં ખુલ્લું મૂકાતાં આગળ ઉપર આ માર્ગે અન્ય જૈન લેખકો વિવરણકાર તરીકે વિહરે છે. એ દરમ્યાનમાં **વાગ્ભટ** અને 'કલિ૦' **હેમચન્દ્રસૂરિ** જેવા તો સ્વતંત્ર કૃતિ પણ રચે છે.

સમસ્ત કૃતિઓમાં હૈમ **કાવ્યનુશાસન** સૌથી મોખરે છે. એની બે સ્વોપજ્ઞ ટીકા એની મહત્તામાં વૃદ્ધિ કરે છે. આ **કાવ્યાનુશાસન** ગદ્યમાં સૂત્રરૂપે છે. એટલે પદ્યાત્મક કૃતિઓમાં તો **અલંકારમહોદધિ** ઉત્તમ છે.

P-૫૯

## (૫) નાટ્યશાસ્ત્ર : ૧ જૈન કૃતિ (લ. વિ. સં. ૧૨૦૦)

નાટ્યશાસ્ત્રને અંગે **નાટ્યદર્પણ** ઉપરાંત કોઇ સ્વતંત્ર ગ્રંથ જૈનોએ રચ્યો હોય એમ જણાતું નથી એટલે એ વિષે વિશેષ કહેવાનું રહેતું નથી.

## (૬) સંગીતશાસ્ત્ર : ૭ જૈન કૃતિ (વિ. સં. ૧૩૫૦- લ. વિ. સં. ૧૫૦૦)

સંગીતશાસ્ત્રને લગતી સાત કૃતિઓ છે. તેમાંની ચાર તો. લ. વિ. સં. ૧૩૫૦થી લ. વિ. સં. ૧૪૯૦ના ગાળામાં રચાયેલી છે. બાકીની ત્રણ કૃતિ વિષે વિશેષ માહિતી મળી શકી નથી. આ પરિસ્થિતિમાં આ બધી કૃતિમાં દિ. **પાર્શ્વચન્દ્રની** કૃતિને હું અગ્ર સ્થાન આપું છું.

**સુધાકલશની** બંને કૃતિ અત્યારે તો અપ્રસિદ્ધ છે અને એમાંની પહેલી તો અદ્યાપિ અપ્રાપ્ય છે એટલે બીજી પ્રસિદ્ધ કરાય તો આ દિશામાં વિશેષ પ્રકાશ પડે.

## (૭) કામશાસ્ત્રઃ ૩ જૈન કૃતિ (વિક્રમની ૧૭મી સદી)

કામશાસ્ત્રને અંગે જૈન કૃતિઓ ત્રણથી વધારે નથી અને તેમાં બે તો અપ્રકાશિત છે. વળી **કંદર્પચૂડામણિ** જૈને કૃતિ હોય તો પણ તે વિ. સં. ૧૬૩૩ની રચના છે. આ વિષય જૈનોને હાથે એમના ધાર્મિક વલણને લઇને લગભગ અણખેડાયેલો જ રહ્યો છે એમ કહું તો કેમ ?

## (૮) સ્થાપત્ય : ૧ જૈન કૃતિ (ઉ. વિ. સં. ૧૪૦૦)

**એકસંધિએ શિલ્પશાસ્ત્ર** નામની કૃતિ રચી છે. એ ઉપરાંત કોઇ જૈને આ વિષયની કોઇ કૃતિ રચ્યાનું જણાતું નથી તેમજ ઉપર્યુક્ત કૃતિ વિષે વિશેષ માહિતી મને મળી શકી નથી એટલે મૂલ્યાંકન અંગે હું કશું કહેતો નથી.

---

૧. **શૃંગાર-ચંદ્રિકા, શૃંગાર-મંજરી** અને **નેમિકુમારના** પુત્ર **વાગ્ભટે** રચેલું **કાવ્યાનુશાસન.** આ **વાગ્ભટ** દિગંબર હશે એવી સંભાવના "जैन साहित्य और इतिहास" (પૃ.-૪૮૭)માં કરાઇ છે.

૨. આમાંથી એક અવતરણ **યશોવિજયગણિએ પ્રતિમાશતક** (શ્લોક.-૧૬)ની સ્વોપજ્ઞવૃત્તિ (પત્ર-૬૫)માં આપ્યું છે એમ એ વત્તિગત નિમ્નલિખિત પાઠ ઉપરથી જાણી શકાય છે.

" 'पर्यायोक्तव्यंग[ग्य]स्योक्तिः पर्यायोक्तम्' इति हैमवचनात्" "व्यङ्ग्यस्य पर्यायोक्तम्" એ **હેમકાવ્યાનુશાસનના** છટ્ઠા-અધ્યાયનું નવમું સૂત્ર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૯) મુદ્રાશાસ્ત્ર

આ શાસ્ત્ર માટે તો કોઇ જૈને સંસ્કૃત કૃતિ રચી જ જણાતી નથી તો મૂલ્યાંકનની વાત જ શી કરવી ?

## (૧૦) ગણિતશાસ્ત્ર : ૬ જૈન કૃતિ (લ. વિ. સં. ૯૦૦-લ. વિ. સં. ૧૪૦૦) P-૬૦

ગણિતશાસ્ત્રને અંગેની આઠકૃતિ પૈકી છ ના કર્તા જૈન છે[1] અને એ છ યે કૃતિ સંસ્કૃતમાં છે એમ માની લઇએ તો પાટીગણિતની ચાર અને ક્ષેત્રગણિતની[2] બે કૃતિ છે એમ કહેવાય. આ બધી કૃતિઓમાં લ. વિ. સં. ૯૦૦માં રચાયેલ **ગણિતસારસંગ્રહ** વિશેષતઃ નોંધપાત્ર છે. એ પૂર્વે વિદ્યાવારિધિ **ઉમાસ્વાતિ** જેવા જૈન ગણિતજ્ઞો થઇ તો ગયા છે પણ એમની કોઇ સ્વતન્ત્રકૃતિ હજી સુધી તો મળી આવી નથી.

જૈનભૂગોળ અને ખગોળ જોતાં ગણિતની અને ખાસ કરીને ક્ષેત્રગણિતની મહત્ત્વની કૃતિઓ સર્જાયાની આશા તો રખાય, પણ કોણ જાણે કેમ એ દિશામાં **વિક્રમ**ની ચૌદમી સદી પછી અંધકારપટ છવાયો હોય એમ લાગે છે. આજે થોડાક જૈન ગૃહસ્થો ગણિતની વિવિધ શાખાના સારા જાણકાર છે પણ એમાં સંસ્કૃત ગ્રંથ રચે તેવા તો કોઇક જ છે ને? આથી અત્યારે તો ગણિતશાસ્ત્રની વિવિધ શાખાઓ ઉપર પ્રકાશ પાડતી સબળ સંસ્કૃતકૃતિ રચાય એવો સંભવ બહુ જ ઓછો છે.

## (૧૧) નિમિત્તશાસ્ત્ર; ૪૯ જૈનકૃતિ (લ. વિ. સં. ૧૭૫-લ. વિ. સં. ૧૭૫૫)

નિમિત્તશાસ્ત્ર સંબંધી જૈન કૃતિઓને આપણે આઠ વિભાગમાં વિભક્ત કરી શકીએ. (૧) જ્યોતિષ (ફલાદેશ), (૨) સામુદ્રિક, (૩) શકુન, (૪) સ્વપ્ન, (૫) રમલ, (૬) અંગવિદ્યા, (૭) પ્રશ્નવિચાર અને (૮) પ્રકીર્ણક. આ વિભાગોની કૃતિઓની સંખ્યા અનુક્રમે નીચે પ્રમાણે છે.

[3]૧૬, ૪, ૯, ૯, ૩, ૨, ૪ અને ૨.

નિમિત્તશાસ્ત્રની આદ્ય બે કૃતિઓ નામે **પ્રશ્નપ્રકાશ** અને **કાલજ્ઞાન** **વિક્રમ**ની બીજી સદીમાં થઇ ગયેલા **પાદલિપ્ત**સૂરિની રચના છે, પરંતુ એ સંસ્કૃતમાં છે કે કેમ તે જાણવું બાકી રહે છે. વિશેષમાં એમાંથી એકે કૃતિ હજી સુધી તો મળી આવી નથી. P-૬૧

જ્યોતિષની કૃતિઓમાં નિમ્નલિખિત કૃતિઓ નોંધપાત્ર જણાય છે.

ગ્રહભાવપ્રકાશ, **આરંભસિદ્ધિ**, **નારચંદ્ર**, **જ્યોતિ**સાર અને **માનસાગરીપદ્ધતિ**.

વિ. સં. ૧૨૧૬થી લ. વિ. સં. ૧૭૩૫ના ગાળામાં સામુદ્રિકશાસ્ત્ર સંબંધી કૃતિઓ રચાઇ છે. તેમાં **હસ્તસંજીવન** મોખરે છે.

---

૧. **ગણિતસાર** અને **ગણિતતિલક** એ બે તો અજૈનકૃતિ છે.

૨. **સિદ્ધભૂપદ્ધતિ** જૈનની ક્ષેત્રગણિતને અંગેની કૃતિ હોય એમ લાગે છે.

૩. **પ્રશ્નપ્રકાશ** એ પ્રશ્નવિચારની કૃતિ હોય તો આ સંખ્યા ૧૫ની અને પ્રશ્નવિચારની કૃતિઓની સંખ્યા પાંચની ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકુનશાસ્ત્રને અંગે **સમંતભદ્રે** રચેલી કૃતિ નામે **લોકકલ્પ** તો મળતી નથી એટલે **નરપતિજયચર્યા** આ વિષયની પ્રથમ કૃતિ ગણાય.

વિ. સં. ૧૨૨૦માં રચાયેલું **સ્વપ્નશાસ્ત્ર** એ સ્વપ્નશાસ્ત્રની આદ્ય કૃતિ હોય એમ લાગે છે. નિમિત્તશાસ્ત્રોમાં **મેઘમહોદય** એકંદર રીતે વિશેષ મહત્ત્વની કૃતિ છે.

નિમિત્તશાસ્ત્ર સંબંધી કોઇ વિશિષ્ટ કૃતિ **વિક્રમની ૧૮મી સદી** પછી રચાયેલી જણાતી નથી. વિશેષમાં આ શાસ્ત્રને અંગે કોઇ દિગંબરે **કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ** ઉપરાંત મહત્ત્વની કોઇ કૃતિ સંસ્કૃતમાં રચી હોય એમ જાણવા જોવામાં નથી. જો એમ જ હોય તો તેનું શું કારણ ?

નિમિત્તશાસ્ત્રને અંગે જેટલી જૈન કૃતિઓ રચાઇ છે એટલી લાક્ષણિક સાહિત્યના કોઇ અંગ વિષે રચાયેલી જણાતી નથી. વળી આ વિષયની તેર-અજૈનકૃતિઓ ઉપર જૈન વિવરણો રચાયાં છે એટલે વ્યાકરણ વગેરેને લગતી અજૈનકૃતિઓનાં જૈન વિવરણોમાં આ વિવરણોની સંખ્યા સૌથી વધારે છે.

P-૬૨

## (૧૨) વૈદ્યકશાસ્ત્ર : ૩૬ જૈન કૃતિ (લ. વિ. સં. ૬૦૦–લ. વિ. સં. ૧૭૧૦)

વૈદ્યકને અંગે સાત કૃતિઓ **કલ્યાણકારક**માં નોંધાયેલી છે પરંતુ **વૈદ્યકગ્રન્થ** તેમજ **કલ્યાણકારક** જે **પૂજ્યપાદ**ની રચના ગણાય છે તે પૈકી એકે આ સાત કૃતિમાં આવી જાય છે કે નહિ તેનો નિર્ણય કરવો બાકી રહે છે. એને સ્વતન્ત્ર ગણીએ તો **પૂજ્યપાદે** ઓછામાં ઓછી ત્રણ અને વધારેમાં વધારે પાંચ કૃતિ રચેલી ગણાય કેમકે 'પૂજ્યપાદ' એવા કર્તાના નામવાળી કૃતિઓ પૈકી કેટલી એકકર્તૃક છે તેની તપાસ કરવી બાકી રહે છે. ઉપર્યુક્ત નવ કૃતિઓમાંની એક તે **સમંતભદ્રે** રચેલો **સિદ્ધાન્ત-રસાયનકલ્પ** છે. એ સૌથી પ્રાચીન જણાય છે. ત્યાર પછીનો વૈદ્યકગ્રંથ તે દિ. ઉગ્રસેનકૃત **કલ્યાણકારક** છે અને એ પ્રકાશિત છે એથી જ નહિ, પણ એ મધ, મદ્ય અને માંસના સેવન વિના રોગીના રોગ દૂર કરવાની માહિતી પૂરી પાડે છે એ દૃષ્ટિએ ખાસ મહત્ત્વનો છે. કોઇ શ્વેતાંબર કૃતિ વિક્રમની નવમી સદી પહેલાં-બલ્કે સત્તરમી સદી પહેલાં રચાઇ હોય એમ જણાતું નથી. એવી રીતે **યોગરત્નાકર** કરતાં વૈદ્યકની કોઇ પ્રાચીન ગુજરાતી કૃતિ હોય એમ પણ જણાતું નથી.

પૃ.૧૪૪માં નોંધાયેલી આઠ સંદિગ્ધ કૃતિ વિષે ચોક્કસ કંઇ કહી શકાય નહિ એટલે અવશિષ્ટ કૃતિઓ વિચારવાની રહે છે ખરી, પણ એ સંબંધમાં વિશેષ માહિતી મળ્યા વિના શું કહેવાય?

## (૧૩) પાકશાસ્ત્રઃ ૧ જૈન કૃતિ (ઉ. વિક્રમની છઠ્ઠી સદી)

**પોરાગમ** એ પાકશાસ્ત્રની જ કૃતિ હોય તો પણ એ અનુપલબ્ધ છે એટલું જ નહિ પણ
P-૬૩ એનો વિશિષ્ટ પરિચય પણ પૂરું પાડનારું કોઇ સાધન જણાતું નથી તો આ પરિસ્થિતિમાં પાકશાસ્ત્રને લગતી કૃતિના મૂલ્યાંકનની વાત જતી જ કરવી પડે ને?

## (૧૪) વિજ્ઞાનઃ ૨૧ જૈન કૃતિ (લ. વિ. સં. ૧૨૭૫-વિ. સં. ૧૮૦૦)

**અમરચન્દ્રસૂરિકૃત** **કલાકલાપ**ના વિષય વિશે આપણે અજ્ઞાત છીએ એટલે એ કૃતિને બાજુએ રાખતાં આ પ્રકરણમાં નોંધાયેલી સંસ્કૃત કૃતિઓને આપણે ચારવર્ગમાં વિભક્ત કરી શકીએ.

૧. **શાલાક્યતન્ત્ર**, **વૈદ્યકગ્રન્થ**, કલ્યાણકારક, **નાડીપરીક્ષા** અને **નિદાનમુક્તાવલી**.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) પશુ-પંખીનો પરિચય, (૨) ધનુર્વિદ્યા, (૩) રત્નો અને ધાતુની પરીક્ષા અને (૪) પ્રકીર્ણક. આને અંગે અનુક્રમે ૮, ૨, ૪ અને ૬ કૃતિઓ છે.

**મૃગ-પક્ષિ-શાસ્ત્ર**– જેવી કૃતિ વિરલ અને લગભગ ૭૦૦ વર્ષ જેટલી પ્રાચીન હોવાથી એ પહેલી તકે પ્રસિદ્ધ થવી ઘટે. વિશેષમાં એની સમીક્ષારૂપ લખાણ પ્રાણિવિદ્યાના કોઈ સહૃદય સમર્થ સાક્ષર પાસે તૈયાર કરાવવું ઘટે.

હાથી, ઘોડા અને કૂતરાને લક્ષીને અનુક્રમ ૧, ૩ અને ૨ કૃતિ યોજાઈ છે.

પશુપંખીની બોલી જાણવાની કળા પ્રાચીન સમયમાં વિકસિત થઈ હતી એમ જૈન કથાસાહિત્યમાં આવતા ઉલ્લેખો જોતાં જણાય છે. આ જાતના ઉલ્લેખો એકત્રિત કરાય તો આ વિષય ઉપર પ્રકાશ પડે.

રત્નોની પરીક્ષા માટે ત્રણ કૃતિ છે. તેમાંની હીરાને લગતી કૃતિ તો કોઈ દિગંબરે યોજી છે.

**રત્નપરીક્ષા**– તેમજ **ધાતુપરીક્ષા** વિક્રમની ચૌદમી સદીની કૃતિઓ છે એટલે તેમજ આજે P-૬૪
પણ આ જ્ઞાન ગૃહસ્થ-જીવનમાં ઉપયોગી હોઈ એના પ્રકાશનાર્થે પ્રબંધ થવો ઘટે.

આજે શાહી પહેલાંના જેવી બનતી નથી એમ મનાય છે તો તેનું કારણ વિચારવામાં **મષીવિચાર** જેવી કૃતિ કામમાં લઈ શકાય.

## (૧૫) નીતિશાસ્ત્રઃ ૫૮ જૈન કૃતિ (લ. વિ. સં. ૯૦૦-લ. વિ. સં. ૧૮૫૦)

આ નામના પ્રકરણમાં (૧) સામાન્ય નીતિ, (૨) સુભાષિત, (૩) રાજનીતિ અને (૪) પ્રકીર્ણક એમ મુખ્ય ચાર વિષયને મેં સ્થાન આપ્યું છે અને એને અંગે અનુક્રમે [1]૧૩, ૪૩, ૧ અને ૧ સ્વતન્ત્ર કૃતિનો પરિચય આપ્યો છે.

સામાન્ય નીતિને લગતી કૃતિઓ રચવાની શરૂઆત મોડામાં મોડી વિ. સં. ૯૦૦માં થઈ અને એ કાર્ય ચારેક સૈકા સુધી બંધ રહ્યા બાદ વિક્રમની ઓગણીસમી સદી સુધી ચાલું રહ્યું અને ત્યાર બાદ એ અટકી ગયું હોય એમ લાગે છે. આ વિષયની આદ્ય કૃતિ પ્રશ્નોત્તર શૈલીએ યોજાઈ છે. આવી બે જ કૃતિ જોવા જાણવામાં છે. એ બંનેનું નામ **પ્રશ્નોત્તરરત્નમાલા** છે.

આ વિષયના નિરૂપણમાં શ્વેતાંબર તેમજ દિગંબર એમ બંને ફિરકાનો ફાળો છે.

તિલકપ્રભસૂરિકૃત **નીતિશાસ્ત્ર** તો મળતું નથી એટલે બાકીની કૃતિઓમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ **વિમલસૂરિ**કૃત **પ્રશ્નોત્તરરત્નમાલા** આદ્યસ્થાન ભોગવે છે, જ્યારે એ સિવાયની કૃતિઓમાં **મલ્લિષેણ**-કૃત **સજ્જનચિત્તવલ્લભ** જેવી નાનકડી કૃતિ તેમજ એથી મોટી એવી **રત્નમાલા, નીતિ-ધનદ** અને ઇંદ્રનન્દિકૃત **નીતિસાર** નોંધપાત્ર જણાય છે.

સુભાષિતોને અંગે ૪૩ કૃતિઓ છે. આ પૈકી નિમ્નલિખિત ત્રણ કૃતિઓ આધુનિક શ્વેતાંબર P-૬૫
મુનિવરોએ પ્રાચીન કૃતિઓમાંથી તારવી કાઢેલાં **સુભાષિતોના સંગ્રહરૂપ** છે.

૧. **લોકસંવ્યવહાર** નીતિશાસ્ત્રની કૃતિ હોય તો ૧૩ને બદલે ૧૪ જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હેમ**ચન્દ્ર-વચનામૃત-**સુ**ભાષિત-પદ્ય-રત્નાકર અને જૈન-સૂક્ત-સંદોહ.

**સુ**ભાષિતોને લગતી કૃતિઓની રચનાનો પ્રારંભ વિ. સં. ૧૦૨૫ની આસપાસમાં થયો હોય એમ લાગે છે અને આ જાતની સ્વતન્ત્ર કૃતિની રચનાનું કાર્ય લગભગ વિ. સં. ૧૮૪૭ સુધી ચાલુ રહ્યું છે.

શ્વેતાંબરોમાં **સિન્દૂરપ્રકરે** અને દિગંબરોમાં **સુભાષિતરત્નસંદોહે** આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે અને તે સમુચિત છે.

**વિ**ક્રમની સત્તરમી સદીમાં સુભાષિતોને અંગે જેટલી કૃતિ રચાઇ છે એટલી અન્ય સદીમાં રચાઇ હોય એમ જણાતું નથી.

**સો**ળમાં પ્રકરણમાં સુભાંષિતોને લગતી કૃતિની સંખ્યા ઘણી મોટી છે. એ જોતાં અને આ વિષયની મહત્તા અને ગ્રાહકતા વિચારતાં મારી એ નમ્ર સૂચના છે કે આ જાતની પ્રકાશિત તેમજ અપ્રકાશિત સમગ્ર જૈન કૃતિઓનાં પદોનો એક કોશ **સુભાષિતરત્નભાંડાગર** જેવા સ્વરૂપે તૈયાર કરવાનું કાર્ય કોઇ મુનિવરે ઉપાડી લેવું જોઇએ અને એનું પ્રકાશન કોઇ સમૃદ્ધ સમીક્ષાત્મક સંસ્કારરૂપે કરવું જોઇએ.

રાજનીતિને અંગે એક જ ગ્રન્થ છે અને એ મહત્ત્વનો છે.

**બુદ્ધિસાગર** જેવી પ્રકીર્ણક કૃતિ પણ ગણીગાંઠી હશે એટલે એના પર તુલનાત્મક મૂલ્યાંકન માટે વિચાર કરવાનો રહેતો નથી.

**ત્રણ અને ચાર વિષયની એકકર્તૃક કૃતિઓ**– લાક્ષણિક સાહિત્યનાં જે પંદર વિષયોને આ પુસ્તકમાં સ્થાન અપાયું છે એ દરેકને અંગે સંસ્કૃતમાં એકેક કૃતિ પણ રચી હોય એવા જૈનગૃહસ્થ કે મુનિવર નથી અને એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી, કેમકે સામાન્ય રીતે એક જ વ્યક્તિ એક કે
P-૬૬ બે જ વિષયની કૃતિ રચે એ સ્વાભાવિક ઘટના છે. આથી અહીં હું લાક્ષણિક સાહિત્યના ત્રણ અને ચાર[1] વિષયો પરત્વે કૃતિ રચનારનો અનુક્રમે ઉલ્લેખ કરું છું. તેમાં ત્રણને અંગે રચનાર નીચે મુજબ છે.

વ્યાકરણ, છન્દ અને વૈદ્યક : પ્રણેતા **પૂ**જ્યપાદ.

વ્યાકરણ, અલંકાર અને સંગીત : પ્રણેતા **મં**ડન (મન્ત્રી).

ચાર વિષયો ઉપર કૃતિ રચનાર તરીકે બે વ્યક્તિઓ છે : (૧) કલિ૦ **હે**મચન્દ્રસૂરિ અને (૨) **હ**ર્ષકીર્તિસૂરિ. વ્યાકરણ[2], કોશ[3], છન્દ[4] અને અલંકાર[5] એ ચાર વિષયો ઉપર 'કલિ૦' **હે**મચન્દ્રસૂરિએ અને વ્યાકરણ, કોશ, વૈદ્યક અને નિમિત્ત એ ચારને અંગે **હ**ર્ષકીર્તિસૂરિએ કૃત રચી છે.

## સૈકાદીઠ ફાલ

(૧) ભગવાન મહાવીરસ્વામીના જન્મ સમય પૂર્વે લાક્ષણિક સાહિત્યની કોઇ કૃતિ સ્વતન્ત્ર સ્વરૂપે રચાઇ હોય તો તે આજે મળતી નથી.

૧. આથી વધારે વિષયની લાક્ષણિક સાહિત્યને લગતી કૃતિ કોઇ જૈને રચી નથી એટલે એનો નિર્દેશ કરવાનો રહેતો નથી.

૨. વ્યાકરણનાં પાંચે અંગ ઉપર એકેક કૃતિ, સૂત્રપાઠ ઉપર લઘુ અને બૃહદ્વૃત્તિ તથા ન્યાસ તેમજ ધાતુપાઠ, લિંગાનુશાસન અને ઉણાદિસૂત્ર ઉપર એકેકવૃત્તિ.

૩. કોષ ચાર છે. જુઓ પૃ. ૬૪ બે કોષ ઉપર સ્વોપજ્ઞવિવરણ છે.

૪. આના ઉપર એક કૃતિ છે અને એ સ્વોપજ્ઞવૃત્તિથી વિભૂષિત છે.

૫. આને અંગે એક કૃતિ છે અને તે વૃત્તિ અને તેના ઉપરની વૃત્તિ (**Supercommentary**)થી અંલકૃત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) ઇ. સ. પૂર્વે ૫૯૦ અને ઇ.સ. પૂર્વે ૫૫૭માં એકેક જૈન વ્યાકરણ રચાયું ત્યાર બાદ ઇ. સ.૧૨૦ સુધીમાં એટલે કે ૭૧૦ વર્ષ સુધીના ગાળામાં લાક્ષણિક સાહિત્યની એકે જૈન કૃતિ જોવાતી નથી.

(૩) ઇ. સ. ૧૨૦ના અરસામાં **પાદલિપ્તસૂરિએ** કૃતિઓ રચી પછી **પૂજ્યપાદના સમય સુધી** કોઇ કૃતિ રચાયેલી જણાતી નથી. આમ પાછો ત્રણ-ચાર સૈકાનો ગાળો પડે છે. વિ. સં. ૬૦૧થી વિ. સં. ૮૩૯ સુધી પણ આવી અંધકારમય સ્થિતિ પ્રાયઃ પ્રવર્તે છે. P-૬૭

(૪) વિ. સં. ૮૪૦માં **હરિવંશપુરાણ** રચાતાં સાહિત્યનું ક્ષેત્ર ઠીક ઠીક ખેડાવા માંડે છે. તેમાં લ. વિ. સં. ૯૦૦માં 'યાપનીય' સંઘના તે સમયના અગ્રણી **શા**કટાયનથી 'યાપનીય સાહિત્ય' રચાય છે, પરંતુ એ પ્રવૃત્તિ થોડાક સૈકા બાદ બંધ પડે છે. વિશેષમાં 'યાપનીય' સંપ્રદાયની કોઇ વ્યક્તિ આજે પાંચેક સૈકાથી તો અસ્તિત્વ ધરાવતી જણાતી નથી.

(૫) લ. વિ. સં. ૧૦૮૦થી શ્વેતાંબર લાક્ષણિક સાહિત્યની રચનાના શ્રીગણેશ કોઇ એવા શુભ મૂહૂર્તમાં મંડાયા કે એ પ્રવૃત્તિ આજ દિન સુધી ઓછેવત્તે અંશે ચાલુ રહેલા પામી છે.

(૬) **વિક્રમ**ની બારમી-તેરમી સદીમાં લાક્ષણિક સાહિત્યની લહાણી થતી જોવાય છે. એમાં 'કલિ૦' **હેમ**ચન્દ્રસૂરિની પ્રવૃત્તિ વિશેષ ધ્યાન ખેંચે છે. પછી કંઇક ઓટ આવે છે. આગળ જતાં **વિક્રમની સત્તરમી** સદી સાહિત્યપ્રવૃત્તિથી ગાજી ઉઠે છે, જોકે એમાં મૌલિકતાની-સંગીન ઉમેરાની-ન્યૂનતા જોવાય છે. **ય**શોવિજયગણિ આ ન્યૂનતા નવ્ય ન્યાયની ઝમકવાળી કૃતિઓ રચી અમુક અંશે દૂર કરે છે. ત્યાર પછી તો એવું થોડુંક કાર્ય પણ ભાગ્યે જ કોઇએ સંસ્કૃત સાહિત્ય પરત્વે કર્યું છે અને આજે કરે છે.

જૈન જગતના શ્વેતાંબર અને દિંગબર એવા બે સ્પષ્ટ વિભાગ પડ્યા બાદ દિગંબરીય સાહિત્ય-ગગનમાંના 'પાઇય' દિગ્-વિભાગમાં જેમ કુન્દકુન્દાચાર્ય જેવો સમર્થ તેજસ્વી મહાતારક ઊગ્યો તેમ 'સંસ્કૃત' દિગ્-વિભાગમાં **સમ**ન્તભદ્ર ગણાય છે. **આશાધર** નામનો તારો આ મહાતારકોના હિસાબે ઓછો તેજસ્વી છે. એ આથમી જતાં એટલા યે તેજથી દિગંબરીય સંસ્કૃત દિગ્-વિભાગને **પ્ર**કાશિત કરનાર કોઇ તારો આજદિન સુધીમાં ઊગ્યો હોય એમ જણાય છે ખરું ?

મૂલ્યાંકનનું કાર્ય પૂરું થયું છે એટલે પૃ. ૧૨માં સૂચવાયા મુજબ હું 'નિવેદન'નો અવિશિષ્ટ અંશ રજૂ કરું છું. P-૬૮

**રચનાસમયની સૂચી**– આ પ્રથમખંડમાં લાક્ષણિક સાહિત્યને અંગેની જૈન સંસ્કૃત કૃતિઓના પ્રણેતાઓનો પરિચય આપતી વેળા મેં એ પ્રણેતાઓ પૈકી ઘણા ખરાની અન્ય વિષયોની કૃતિઓ હોય તો તે કૃતિઓનો પણ ઉલ્લેખ કર્યો છે. એ સમગ્ર કૃતિઓના રચનાસમયની એક કામચલાઉ સૂચી મેં તૈયાર કરી છે. એ એકાંગી હોવાથી આગળ ઉપર ત્રીજા વિભાગના અંતમાં એવી બીજી બે સૂચી જે બીજા બે વિભાગો માટે મેં યોજી છે તેની સાથે એને ભેળવી દઇ ત્રણ વિભાગની એક અખંડ સૂચી આપવાનો ઇરાદો રાખું છું.

**કર્તવ્ય**– આર્ય સંસ્કૃતિરૂપ અખંડ તેલમાં તરબોળ એવી નાનીમોટી જૈન કલમરૂપ વાટોને પ્રતિભારૂપ દીપ-શિખા વડે પ્રજ્વલિત કરી દાનવતારૂપ ધૂમ્રથી રહિત જ્ઞાનરૂપ પ્રકાશ દસે દિશામાં સમુચિત સ્વરૂપે સબળ પ્રમાણમાં સતત પ્રસરતો જોવાની અભિરુચિ હર કોઇ જૈનને હોય જ. આથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એની પ્રાથમિક ભૂમિકારૂપ જે કાર્ય કરવું જોઇએ તે એ છે કે જૈન ભંડારોના કાર્યવાહકો પોતપોતાના હસ્તકના ભંડારોમાંની હાથપોથીઓનું વર્ણનાત્મક સૂચિપત્ર યોગ્ય વિદ્વાનો દ્વારા તૈયાર કરાવી તેને સત્વર પ્રસિદ્ધ કરે. એ દ્વારા પંદરેક લાખ જેટલી જૈન હાથપોથીઓ જે આજે મોજુદ છે તેમાં પિરસાયેલી સામગ્રીની માહિતી મળતાં જૈન સાહિત્યના જ ઇતિહાસ ઉપર વેધક પ્રકાશ પડશે એટલું જ નહિ પણ આપણા આ સમગ્ર આર્યાવર્તના-ભરતભૂમિના સાહિત્યિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની પણ અનેક ગુંચો આપોઆપ ઉકલી જશે.

P-૬૯ **પ્રયાસ**– જૈન ધર્મ એ આત્મન્નતિનો અને સાથે સાથે વિશ્વની સાચી અને સનાતન શાન્તિ માટેનો રામબાણ ઉપાય છે. તેમ છતાં એના સમુચિત અને સર્વાંગીણ પરિચય માટે આધુનિક યુગના માનસને અનુલક્ષીને જેવો જોઇએ તેવો વ્યાપક પ્રયાસ જૈન સમાજ તરફથી હજી સુધી તો થયો નથી. આવી શોચનીય પરિસ્થિતિ આ ધર્મના ધુરન્ધર અનુયાયીઓ દ્વારા રચાયેલા વિશાળ, વિવિધ, વેધક, ઉપયોગી અને ઉદાત્ત એવા જૈન સાહિત્ય પરત્વે પણ જોવાય છે. અરે આ સાહિત્યના એક સબળ અંગરૂપ સંસ્કૃત સાહિત્યના પરિચય માટે પણ પરિપૂર્ણ પ્રયાસ કરવો. બાકી રહે છે. પ્રસ્તુત પુસ્તક તો એ દિશામાં માંડમાંડ એક પગલું માંડે છે. બાકી અહીં રજૂ કરાયેલી પદ્ધતિ ઉપરાંત બીજી અનેક પદ્ધતિએ આ સંસ્કૃત સાહિત્યનો અને વિશેષતઃ સમગ્ર[1] જૈન સાહિત્યનો યથેષ્ટ પરિચય પૂરો પાડનાર મહાકાય ગ્રંથ યોજાવો અને પ્રકાશિત થવો ઘટે. મારા આ વિચારના સમર્થનાર્થે તેમજ અન્ય જૈન સાહિત્યના સાચા સેવકોને એનો ભિન્ન-ભિન્ન રીતે પરિચય કરાવવા માટે માર્ગદર્શનો મળે એ આશયથી ભારતીય સાહિત્યને અંગે તેમજ એના એક મહત્ત્વના વિભાગરૂપ સંસ્કૃત સાહિત્ય પરત્વે અત્યાર સુધીમાં જે પ્રયાસ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી અને જર્મનમાં થયાનું મારા જાણવામાં છે તેની હું અહીં નોંધ લઉં છું.

### (અ) ગુજરાતી

પ્રેફેસર એ. **મેક્ડોનલ** કૃત સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ[2]: પ્રો. **મોહનલાલ** પા. દવે (અનુવાદક), ૧૯૨૧.

### (આ) હિન્દી

P-૭૦

**संस्कृत साहित्य का इतिहास (प्रथम भाग) : कन्हैयालाल पोद्दार, १९३८.**

**संस्कृत वाङ्मय : बलदेव उपाध्याय, १९४५.**

**संस्कृत साहित्यकी रूपरेखा : चंद्रशेखर पाण्डेय तथा शांतिकुमार व्यास, १९५१ (तृतीय संस्करण).**

### (ઇ) સંસ્કૃત

**संस्कृत साहित्येतिहासः (भाग १-२) : हंसराज अग्रवाल, १९५१, १९५१.**

---

૧. સ્વ. **મોહનલાલ દલીચંદ દેશાઇ**એ પુષ્કળ પરિશ્રમ લઇને **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતહાસ** એ નામનો ગ્રંથ આઠ વિભાગમાં સિદ્ધસેનયુગ, હરિભદ્રયુગ, હેમયુગ, સોમસુંદરયુગ, હૈરકયુગ અને યશોવિજયયુગ એ છ યુગમાં વિભક્ત કરીને આલેખ્યો છે. એમાં અનેક ગ્રન્થોની નોંધ છે પણ એ મોટે ભાગે તો સંક્ષિપ્ત છે. વળી એમાં વિષયદીઠ કૃતિઓનો એકધારો પરિચય અપાયો નથી તેમજ દ્રાવિડ ભાષાઓમાં રચાયેલી કૃતિઓ મોટે ભાગે જતી કરાઇ છે. એથી વિશિષ્ટ પ્રયાસ માટે અવકાશ રહે છે.

૨. આ ગુજરાતી અનુવાદ ''ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ'' તરફથી મુંબઇથી પ્રસિદ્ધ કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઈ) અંગ્રેજી

A History of Sanskrit Literature : Arthur A. Macdonell. 1900.
A SHort History of Indian Literature : Ernst Horrwitz, 1907.
The History of Literature : Albrecht Weber. 1914.
Classical Sanskrit Literature : A. B. Keith. 1923.
A History of Ancient Sanskrit Literature : Max Muller.1926.
A History of Indian Literature[1]: (Vols. I-II) : Mayrice Wintenitz. 1927, 1933.
A History of Sanskrit Literature : A. B. Keith. 1928.
History of Sanskrit Literature : C. V. Vaidya, 1930. P-૭૧
A SHort History of Indian Literature : M. D. Chakravarty, 1936.
A SHort History of Indian Literature : K. N. Kaul. 1937.
Classical Sanskrit Literature : M. Krishnamacariar. 1937.
An Introduction of Classical Sanskrit : G. Shastri. 1943.
A Hand- Book of Classical Sanskrit Literature : U. V. Rao. 1946.
History of Sanskrit Literature (Vol. I) : S. N. Dasgupta & S. K. De. 1947.
Sanskrit Literature : (The P. E. N. Books No. 12), K. Chadrasekharan & V. H. Subramania Sastri. 1951.

(ઉ) જર્મન

Gaschichteder Indischen Litteratur (Vol. II[3]) : Maurice Winternitz. 1920. 1922.

જેમ આ પૃથ્વી મહાસાગરોથી અલંકૃત છે તેમ સંસ્કૃતની સૃષ્ટિ પણ ભારતીય સાહિત્ય, યુરોપીય સાહિત્ય એમ જાતજાતના સાહિત્યરૂપ મહાસાગરોથી વિભૂષિત છે. ભારતીય સાહિત્યરૂપ મહાસાગર સંસ્કૃત, પાઇય અને દ્રાવિડ એમ ત્રણ ભાષામાં રચાયેલા વિવિધ, વિશાળ અને વરેણ્ય ગ્રંથોરૂપ ત્રણ સમુદ્રથી પુષ્ટ બન્યો છે. આ સમુદ્રો પૈકી સંસ્કૃત સાહિત્યરૂપ સમુદ્ર વૈદિક, બૌદ્ધ અને P-૭૨
જૈન સંપ્રદાયોની મહામૂલ્યશાળી કૃતિઓરૂપ સિંધુ, બ્રહ્મપુત્રા અને ભાગીરથીરૂપ સરિતાઓના સંગમસ્થાનરૂપ છે. આમ જૈન સંસ્કૃત સાહિત્ય એ એક મોટી સરિતા છે, પરંતુ વિશ્વ-સાહિત્યરૂપ વિરાટ મહાસાગરને હિસાબે તો એ બહુ નાની ગણાય. અરે ભારતીય સાહિત્ય તો શું પણ સમગ્ર જૈન સાહિત્યને હિસાબે પણ એ નાની નદી છે. આને લઈને એનું સમુચિત મૂલ્યાંકન થવામાં મુશ્કેલી નડે તે સ્વાભાવિક છે. અજૈન વિદ્વાનોને હાથે જે ભારતીય સાહિત્યના અને સંસ્કૃત સાહિત્યના ઈતિહાસ આલેખાયા છે. તેમાં આ નાનકડી નદીનો સમુચિત પ્રમાણમાં ભાવ પૂછાવો રહી ગયો છે, અને એ સંકલનાઓના ઉદ્દેશ જોતાં તેમ થયું તેમાં કંઈ ખોટું પણ નથી. આવી પરિસ્થિતિમાં આ પુસ્તકની

૧. આનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. જુઓ. પૃ.૩૨.

૨. આ ગ્રન્થકારના મૂળ જર્મન ગ્રંથનો અંગ્રેજી અનુવાદ છે. એના અનુવાદક મિસિસ એસ. કેતકર અને મિસ એચ. કોન (Kohn) છે.

૩. દ્વિતીય આ વિભાગમાં બૌદ્ધ અને જૈન સાહિત્યનું નિરૂપણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચના આવશ્યક ગણાશે એવું મારું નમ્ર મંતવ્ય છે. સાહિત્યની પ્રત્યેક નાની-મોટી નદીનાં યથાર્થ દર્શન કરાવનાર પુસ્તકો હોય તો એ ઉપરથી વિશ્વસાહિત્યરૂપ વિરાટ મહાસાગરનો પૂરતો ખ્યાલ મેળવવો સુગમ થઇ પડે એમ માની મેં આ દિશામાં યથામતિ પ્રયાસ કર્યો છે. એમાં જે ક્ષતિઓ અને ત્રુટિઓ જણાય તેના તરફ મારૂં સત્વર લક્ષ્ય ખેંચવા વિશેષજ્ઞો કૃપા કરશે તો અન્યત્ર એનો હું લાભ લઇ શકીશ અને સ્ખલનોનું પુનરાવર્તન થતું અટકશે.

**ઋણ-સ્વીકાર**– જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ તૈયાર કરવાનો મને જે સુયોગ મળ્યો તે પ્રસ્તુત સંસ્થાના કાર્યવાહક મહાશયને મુનિશ્રી **યશોવિજયજી**એ કરેલી પ્રેરણાને અને એમના ગુરુવર્ય
P-૭૩ જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરિજી**એ આપેલી સંમતિને આભારી છે. આ પુસ્તકના પ્રકાશનથી જો એના અર્થીને લાભ થાય તો તે બદલ તેમણે આ સંસ્થાનો ઉપકાર માનવો ઘટે.

આ સમગ્ર પુસ્તક (ત્રણે વિભાગ) તૈયાર કરવામાં આ ક્ષેત્રમાં મારા પુરોગામીઓને હાથે જે જે વિષયને અંગે સબળ રચનાઓ થઇ છે એ સમગ્ર સામગ્રીનો તો હું લાભ લઇ શક્યો નથી, પરંતુ જે જે કૃતિઓ મને એક યા બીજા સ્વરૂપે અલ્પ કે અધિક અંશે સહાયક નીવડી છે તેના પ્રણેતાઓનો તેમજ એના પ્રકાશકોનો વ્યક્તિગત ઉલ્લેખ કરી આભાર માનવાનું આ સ્થળે શક્ય નહિ હોવાથી હું એમનો સામુદાયિક સ્વરૂપે આભાર માનું છું. આ પુસ્તકમાં મેં જે અન્યાન્ય કૃતિઓનો તેમજ લેખો વગેરેનો ઉલ્લેખ કર્યો છે તેમાંથી મેં શેનો શેનો શી શી રીતે ઉપયોગ કર્યો છે તે, તે વિષયના નિષ્ણાતોને કહેવું પડે તેમ નહિ હોવાથી તેમજ આ પુસ્તક માટે અમુક મર્યાદા નક્કી કરાયેલી હોવાથી એ વિષે હું ઉલ્લેખ કરતો નથી.

આ સમગ્ર પુસ્તકના બંને ખંડનાં તમામ પ્રકરણોને તેમજ લલિત અને દાર્શનિક સાહિત્ય અંગેના વિભાગોને કયા ક્રમે રજૂ કરવા તે વિષે વિચારોની આપેલી કરવાની મને આવશ્યકતા જણાતાં એ કાર્યમાં મને અહીંની એમ ટી. બી. કોલેજના ભૂતપૂર્વ સંસ્કૃતના પ્રાધ્યાપક **શ્રીમોહનલાલ પાર્વતીશંકર દવે**એ સાનંદ સહકાર આપ્યો હતો એટલે એની હું અહીં સાભાર નોંધ લઉં છું.

પરિશિષ્ટોનું લખાણ તપાસી જવામાં મને મુનિશ્રી **સૂર્યોદયવિજયજી**એ જે સહકાર આપ્યો હતો તે બદલ હું એમનો ઋણી છું.

P-૭૪
આ પુસ્તકના ત્રણે વિભાગની મુદ્રણાલય-પુસ્તિકા (Press-Copy) મારી પુત્રી ચિ. **મનોરમા** એમ. એ., બી. ટી. દ્વારા તૈયાર થઇ છે અને મારું મૂળ લખાણ એ સાથે મેળવી જવામાં અને પરિશિષ્ટો માટે નામોની તારવણી વગેરે કરવામાં મારી ધર્મ-પત્ની **ઇન્દિરા**એ મને સહાય કરી છે. આ બંને મારાં સ્વજનો હોઇ મારે એમનો ઉપકાર માનવો કે કેમ અને માનવો હોય તો શી રીતે એ પ્રશ્ન મને મુંઝવે છે એટલે આટલેથી જ હું વિરમું છું.

સાંકડી શેરી, ગોપીપુરા, **સુરત**
વિક્રમ સંવત્-૨૦૧૨
અષાઢ કૃષ્ણ એકાદશી
(તા. ૨-૮-'૫૬)

**હીરાલાલ ર. કાપડિયા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તા. ક.** (૧) "અનુલેખ"માં વ્યાકરણ વગેરે જે જે વિષયની વધારાની કૃતિનો પરિચય મેં આપ્યો છે તે તે વિષયની જૈન કૃતિઓની સંખ્યામાં તે પ્રમાણમાં વધારો સમજી લેવાનો છે.

(૨) સમગ્ર પુસ્તક તૈયાર કરી પ્રકાશન સંસ્થાને સોંપાયા પછી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો વગેરેને લગતા ઉલ્લેખો મેં આ ખંડના મુદ્રણ-કાર્ય દરમ્યાન કોઇ કોઈવાર કર્યા છે એટલો કાલાનુક્રમદોષ (Anachronism) હું સ્વીકારું છું.

(૩) ઉપોદ્‌ઘાતમાંનાં વિશેષનામોને પરિશિષ્ટ ૧-૩ પ્રમાણે વિભક્ત કરી મેં એની સૂચી તૈયાર કરી છે પણ અત્યારે તો એ છપાવાય તેમ નથી.

**પૂર્તિ**– ઉપોદ્‌ઘાતનું પૃ.૭૨ સુધીનું લખાણ છપાઇ ગયા બાદ મને **અલંકારચંદ્રિકા** અને P-૭૫
**અલંકારચૂર્ણિ**ની જે એકેકે હાથપોથી **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ.૧૭)માં નોંધાયેલી છે તે **શ્રીમાણિકયસાગરસૂરિજી** પાસે જોવા મળી. **અલંકારચંદ્રિકા**ની હાથપોથીનો ક્રમાંક ૨૩૮૦ છે. એમાં ૧૭ પત્ર છે. એમાં **અપ્પય્ય** દીક્ષિતે રચેલી મનાતી અને કાવ્યશાસ્ત્રને લગતી **કુવલાયનન્દકારિકા** નામની અજૈન કૃતિનું **'લક્ષ્યલક્ષણ'** નામનું ૧૫૭ પદ્યનું પ્રથમ પ્રકરણ અપાયું છે. વિશેષમાં આ અજૈન કૃતિ ઉપર **આશાધર** ભટ્ટે **અલંકારદીપિકા** નામની જે વ્યાખ્યા રચી છે તેનું "**गुणदोषौ बुधो**"થી શરૂ થતું પદ્ય એમાં પત્ર [1]આ માં ત્રીજા પદ્ય તરીકે ગૂંથી લેવાયું છે. અંતમાં અપાયેલી પુષ્પિકામાં ભટ્ટ **વિઠ્ઠલસૂરિ**ના પુત્ર **રામચંદ્રસૂરિ**ના પુત્ર **વૈદ્યનાથે** **અલંકારચંદ્રિકા** રચ્યાનો ઉલ્લેખ છે. આ હાથપોથીમાં **કુવલયાનન્દકારિકા**ના પદ્યો લખતી વેળા એની **અલંકારચંદ્રિકા** નામની ટીકા લખી શકાય એવી રીતે એ પદ્યો વચ્ચે કોરી જગ્યા રખાઇ છે ખરી પણ એ ટીકા એમાં લખાઇ નથી. એ ટીકા અનેક સ્થળેથી પ્રસિદ્ધ થયેલી છે. એ ટીકાના રચનાર અજૈન છે એટલે આ પુસ્તકમાં **અલંકારચંદ્રિકા**નો ઉલ્લેખ જે મેં પૃ.૧૭૮માં કર્યો છે તે રદબાતલ ગણી લેવો. [આ આવૃત્તિમાં દૂર કર્યો છે.]

**અલંકારચૂર્ણિની**– હાથપોથીનો ક્રમાંક ૧૭૮૯ છે. એમાં બાર પત્ર છે. એ દરેક પત્રને બન્ને બાજુએ લગભગ ૩૨ અક્ષરની એકેક પંક્તિ એવી તેર પંક્તિઓ છે. આની પુષ્પિકા જોતાં આ કૃતિનું ખરું નામ **અલંકારાવચૂરિ** છે. આ અવચૂરિ ૩૫૦ શ્લોક જેવડી અને ઓછામાં ઓછા પાંચ પરિચ્છેદ પૂરતી કોઇ કાવ્યશાસ્ત્રવિષયક કૃતિની નાનકડી-૧૫૦૦ શ્લોક જેવડી વૃત્તિ છે. આ અવચૂરિમાં મૂળ કૃતિના પ્રતીક અપાયાં છે. પ્રારંભિક ભાગ નીચે મુજબ છે.

"**अथ(र)सान् व्याचिख्यासुराह साधुपा० यथा भोज्यं शालिदालिप्रभृतिसाधुपाकेऽपि** P-૭૬
**सूपकारेण निष्पादितेऽपि निर्लवणं सत् अनास्वाद्यं अस्वादु स्यात् तथैव काव्यं कुशलकविकृतमपि शृङ्गारादिरसरहितं अनास्वाद्यं न चतुरचेतांसि चमत्करोति ॥**"

પત્ર ૫-અમાં નીચે મુજબની પાંચમી પંક્તિ છે.

"**नायिकभेदानां लक्षणान्याह नीली० प्रियं०**"

વિશેષ પ્રતીકો એકત્રિત કરાતાં મૂળ કૃતિ શી છે તે જણાવા સંભવ છે પણ અત્યારે એ કાર્ય મારાથી થઇ શકે તેમ નથી. ગમે તેમ પણ આ અવચૂરિમાં એક સ્થળે (પત્ર-૧૨ અમાં) જિનનો ઉલ્લેખ છે અને આ ટીકાનો 'અવચૂરિ' તરીકે નિર્દેશ છે એ જોતાં આ અવચૂરિ કોઇક જૈને રચ્યાનું ફલિત થાય છે.

૧. જુઓ **D C G C M (Vol XII, p.182).**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યંત્રરાજ**– આની એક આવૃત્તિની નોંધ મેં પૃ.૧૩૬માં લીધી છે પણ એ આવૃત્તિની નકલ હજી સુધી તો મળી નથી. હાલમાં ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ઇ. સ. ૧૯૩૬માં પ્રકાશિત **યન્ત્રરાજ** નામનું પુસ્તક મારા જોવામાં આવ્યું છે. એ ઉપરથી મેં ''યન્ત્રરાજનું રેખાદર્શન'' નામનો લેખ લખી એમાં **યન્ત્રરાજ** અને એની **મલયેંદુસૂરિ**કૃત ટીકા વિષે વિસ્તારથી વિચાર કર્યો છે. એ લેખ અત્યારે તો અપ્રકાશિત છે એટલે આને અંગે અહીં સંક્ષિપ્ત પરિચય આપું છું.

**યન્ત્રરાજ**– નામની સંસ્કૃત કૃતિ પાંચ અધ્યાયમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૭૩ (૭૧+૨),
P-૭૭ ૭, ૨૮, ૩ અને ૬૭ પદ્યો છે. કર્તાએ આદ્ય પદ્યમાં પ્રસ્તુત કૃતિને **સદ્યન્ત્રરાજાગમ** અને અંતિમ પદ્યમાં **યન્ત્રરાજાગમ** કહી છે. પાંચે અધ્યાયોનાં નામ સાન્વર્થ છે. એ નીચે મુજબ છે.

ગણિત, યન્ત્રઘટના, યન્ત્રરચના, યન્ત્રશોધન અને યન્ત્રવિચારણા.

સર્વજ્ઞના ચરણકમળનો અને **મદનસૂરિ** નામના ગુરુનો હૃદયમાં પરામર્શ કરીને **યન્ત્રરાજ**ની રચના કરાઇ છે. પ્રથમ અધ્યાયમાં જ્યા, ક્રાન્તિ, દ્યુજ્યાના ફળ, સૌમ્ય યન્ત્ર અને યામ્ય યન્ત્રને અંગે ઇષ્ટ અક્ષાંશોના ઉન્નત વલય-કેન્દ્રના વ્યાસાર્ધ, સાયન સૂર્ય દ્વારા બત્રીસ નક્ષત્રો અને ધ્રુવકો, નક્ષત્રોમાં દૃકકર્મ ઇત્યાદિ લાવવાની રીત દર્શાવાઇ છે. બીજા અધ્યાયમાં યંત્રની રચનાનો પ્રકાર વિચારાયો છે. ત્રીજામાં યંત્રના ભેદો તેમજ સૌમ્ય યંત્ર વગેરેને અંગે કેટલાંક સાધનોની સમજણ અપાઇ છે. ચોથામાં યન્ત્રના શોધનનો વિચાર કરાયો છે. પાંચમામાં ગ્રહો અને નક્ષત્રોનો અંશો લાવવાની રીત, બાર આંગળના શંકુ ઉપરથી સાત આગંળના શંકુની તેમજ સાત આંગળના શંકુ ઉપરથી બાર આંગળના શંકુની છાયા લાવવાની રીત તેમજ યંત્ર દ્વારા ભૌમાદિના ઉદય અને અસ્તનું જ્ઞાન એમ વિવિધ બાબતો વિચારાઇ છે.

**ટીકા**– મલયેન્દુસૂરિએ આ સંસ્કૃત ટીકાની શરૂઆત એક પદ્યથી કરી છે. વળી પ્રત્યેક અધ્યાયને અંતે પણ એકેક પદ્ય છે. પાંચમા અધ્યાયને અંતે ત્રણ વધારાનાં પદ્યો છે. ટીકામાં વિવિધ કોષ્ટકો અપાયાં છે એથી એનું મહત્ત્વ વધ્યું છે.

**–હી. ર.**



૧. એમાં **યન્ત્રરાજ** ઉપરની **મલયેન્દુસૂરિ**એ રચેલી ટીકા, **વિશ્રામ**કૃત **યંત્રશિરોમણિ** તેમજ ચૌદ યન્ત્રને સ્થાન અપાયું છે. એનું સંપાદન અહીંના જોષી **કૃષ્ણશંકર** કેશવરામ રૈક્વેએ કર્યું છે. એમણે ટીકા **યન્ત્રરાજ** તેમજ **યન્ત્રશિરોમણિ**નો સંસ્કૃતમાં વિષયાનુક્રમ આપ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ श्री वीतरागाय नमः ॥

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

## ખંડ ૧ : સાર્વજનીન સાહિત્ય

### પ્રકરણ ૧ : પ્રાસ્તાવિક P. ૧

**ભાષાના ઉદ્ભવનો સમય**–'જગત્ એટલે શું ?' અને 'એ ક્યારથી ઉદ્ભવ્યું ?' એ બાબત વિવિધ મંતવ્યો પ્રવર્તે છે. આધુનિક વૈજ્ઞાનિકોનું–રસાયણશાસ્ત્રીઓનું માનવું એ છે કે પુદ્ગલ (matter) અવિનાશી છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે પુદ્ગલાત્મક જગત્ અનાદિ અનંત છે. જૈનદર્શનનું પણ મંતવ્ય આ જ છે, પરંતુ પુદ્ગલરૂપ નિર્જીવ પદાર્થ કાલાંતરે–ભલે યુગોના યુગો–કલ્પોના કલ્પો પછીથી યે સજીવ બન્યો P. ૨
અને બને છે એ આધુનિક જીવનશાસ્ત્ર (biology)ના મત સાથે તો એ મળતું આવતું નથી.

આપણે આજે જે પૃથ્વી ઉપર જીવીએ છીએ એ પૃથ્વીનું આયુષ્ય આશરે અઢી અબજ વર્ષનું છે, એમ સર જેઈમ્સ જીન્સ જેવા કેટલાક આધુનિક વિદ્વાનોનું કહેવું છે. વિશેષમાં એમની માન્યતા મુજબ મનુષ્ય અને વાનરના એક જ જાતના પૂર્વજોનો ઉદ્ભવ થયાને ઘણું કરીને ત્રણથી સાડાત્રણ કરોડ વર્ષો વ્યતીત થયાં છે.[૧] વળી આ પૃથ્વી ઉપર વસતા બધા જ મનુષ્યોનો જે એક જ જાતમાં સમાવેશ કરાય છે તે જાતની ઉત્પત્તિ લગભગ દસ લાખ વર્ષો પહેલાં થયેલી મનાય છે.[૨]

કેટલાક આધુનિક ભાષાશાસ્ત્રીઓનું એમ માનવું છે કે આજે જે [૩]અનેક પ્રકારની ભાષાઓથી આપણે આ પૃથ્વી ઉપર રહેનારા માનવીઓ પરિચિત છીએ તે પ્રથમથી જ આ જ સ્વરૂપે હતી નહિ, પરંતુ ધીરે ધીરે વિકસિત થયેલી છે. આ હિસાબે મનુષ્યને વાચા ફૂટતાં અને એ વાણી સાહિત્યની ભાષા તરીકે ઘડાતાં એકાદેક લાખ વર્ષો વ્યતીત થયાં હશે. એ હિસાબે સાહિત્યની પ્રથમ કૃતિ આઠેક લાખ વર્ષો ઉપર ઉદ્ભવેલી ગણાય. જૈન દૃષ્ટિ પ્રમાણે તો મનુષ્ય-જાતિ અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેવાની છે. વળી પ્રત્યેક મનુષ્યની વાણીની શરૂઆત મનુષ્ય તરીકેના એ જીવનના જન્મ બાદ 'ભાષા-પર્યાપ્તિ' નામ-કર્મના ઉદયકાળથી P. ૩
થાય છે. એમ પણ એ માને છે.

**ભાષાનું વર્ગીકરણ**–જૈન દૃષ્ટિ સમગ્ર ભાષાઓને સંસ્કૃત અને પાઇય (પ્રાકૃત) એમ બે વિભાગોમાં

---

૧. જુઓ પ્રો. ડૉ. રતિલાલ દેવચંદ આડતિયાનું સને ૧૯૫૧નું "માનવ ઉત્પત્તિ અને વિકાસ" નામનું ભાષણ (પૃ. ૧૯). આ ભાષણ સને ૧૯૫૦ અને ૧૯૫૧નાં અન્ય ભાષણો સહિત મુંબઈની "જ્ઞાન પ્રસારક મંડળી" તરફથી સને ૧૯૫૨માં પ્રકાશિત થયેલાં છે.

૨. જુઓ ઉપર્યુક્ત ભાષણ (પૃ. ૧૯).

૩. જાતજાતની ભાષાઓ અને બોલીઓના–૬૯૨ પ્રકારની વાણીના નમૂના The Gospel in Many Tonguesમાં જોવા મળે છે. ઈ. સ. ૧૯૩૫માં છપાયેલા આ પુસ્તકમાં વિવિધ લિપિના પણ નમૂના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિભક્ત કરે છે.[1] આનો એક રીતે વિચાર કરીએ તો 'સંસ્કૃત' ભાષા એ પાઇય ભાષાનું વ્યાકરણાદિની દૃષ્ટિએ–શિષ્ટતાદિની અપેક્ષાએ ઘડાયેલું સ્વરૂપ છે. આ હિસાબે તો સંસ્કૃત ભાષા પાઇયની જેમ અનાદિ કાળની ઠરે. અહીં જે 'સંસ્કૃત સાહિત્ય'નો વિચાર કરવાનો છે તેને આ અનાદિકાલીન સંસ્કૃત સાથે સીધો સંબંધ નથી એટલું જ નહિ, પરંતુ સમગ્ર દુનિયામાં આજે જે પ્રાચીનમાં પ્રાચીન કૃતિ તરીકે ઋગ્વેદનાં અમુક મંડળો અને કેટલીક વાર **અથર્વવેદ**નો અમુક ભાગ ગણાવાય છે એ 'વૈદિક' ભાષા સાથે પણ સાક્ષાત્ નિસ્બત નથી. આ વૈદિક ભાષાના વિવિધ પરિવર્તનો થયાં છે. ઋગ્વેદ વગેરે વેદો જે ભાષામાં ગ્રન્થસ્થ સ્વરૂપે આજે આપણને ઉપલબ્ધ છે, એ ભાષાની નાની બેનરૂપ 'અવેસ્તા' ભાષામાં લખાયેલા પારસીઓના ધાર્મિક ગ્રંથોની તેમજ વેદોના પ્રણયનકાલ પછીના રચાયેલા [2]બ્રાહ્મણોની ભાષા **ઋગ્વેદ** આદિની ભાષાથી થોડીઘણી ભિન્નતા ધરાવે છે. આ બ્રાહ્મણો પૈકી કેટલાકથી તો **યાસ્ક**નું **નિરુક્ત** અર્વાચીન છે જ. એની ભાષા એ પ્રાચીન બ્રાહ્મણોથી અંશતઃ ભિન્ન છે. યાસ્કે **નિરુક્ત**ની ભાષાને 'ભાષા' કહી છે. આ **નિરુક્તની** રચના બાદ ઉપનિષદોનું સર્જન થયું છે. આગળ જતાં કોઈ વિદ્વાનના મતે ઈ. સ.ની પૂર્વે છટ્ઠી સદીમાં અને અન્ય કેટલાકના મતે ઈ. સ.ની પૂર્વે ચોથી સદીમાં પાણિનિ થયા. એમણે **અષ્ટાધ્યાયી** નામનું વ્યાકરણ રચી એમના સમયમાં શિષ્ટ
P. ૪ જનોમાં બોલાતી ભાષાને નિયંત્રિત કરી. આ ભાષાને 'વૈદિક' યાને 'છાંદસ' ભાષાથી ભિન્ન બતાવવા તેમજ એમાંથી એની ઉત્પત્તિ સૂચવવા લૌકિક (classical) સંસ્કૃત એવું નામ આધુનિક વિદ્વાનોએ આપ્યું છે. આ વ્યાકરણમાં નહિ નોંધાયેલા એવા કેટલાક પ્રયોગો [3]**ભાસ**ની કૃતિઓમાં મળે છે. તેમ છતાં એની પણ ભાષા તો આ લૌકિક સંસ્કૃત જ છે, અને **ભાસ** પછી થયેલા દરેક સંસ્કૃત ગ્રંથકારની ભાષા આ જ રહી છે. આજે પણ આ ભાષામાં પુસ્તકો રચાય છે (નહિ કે વૈદિક ભાષામાં) અને પ્રસંગવશાત્ ભાષણો અપાય છે એટલે આ દૃષ્ટિએ તો આ ભાષા જીવતીજાગતી જ છે. એ મૃત ભાષા (dead language) ન જ ગણાય અને ગણાવી પણ ન જ જોઈએ.

જૈન લિપિબદ્ધ સાહિત્ય શ્રમણ ભગવાન **મ**હાવીરસ્વામી (ઈ. સ. પૂર્વે ૫૯૯ થી ઈ. સ. પૂર્વે ૫૨૭) પૂર્વેનું મળતું નથી. એ રીતે વિચારતાં જૈનોને હાથે સંસ્કૃતમાં લખાયેલી તમામ કૃતિઓ **અશ્વઘોષ**, **ભાસ** વગેરેના ગ્રંથોની પેઠે લૌકિક સંસ્કૃત ભાષામાં જ છે.

**ભાષા કોની ?**–ભાષા એ તો વિચારોને વ્યક્ત કરવાનું એક વાહન છે (અને એ પણ સર્વાંશે સંપૂર્ણ નથી) તો પછી અમુક ભાષા તે અમુક લોકોની કે અમુક સંપ્રદાયની છે એમ કેમ કહેવાય ? જે કોઈ જે ભાષા બોલે એમાં વિચાર કરે અને લખે તેની તે ભાષા ગણાય તેમ છતાં એવો ભ્રમ સેવાતો જોવાય છે કે જાણે 'વૈદિક' ભાષા અર્થાત્ વેદાદિની સંસ્કૃત ભાષા તે બ્રાહ્મણોની જ, 'અવેસ્તા-પહેલવી' તે પારસીઓની જ, 'પાલિ' તે બૌદ્ધોની જ અને 'અદ્ધમાગહી' (અર્ધમાગધી) તે જૈનોની જ ભાષા છે. આ વસ્તુસ્થિતિ સાચી નથી
P. ૫ એ મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામના મારા પુસ્તકમાં સૂચવ્યું છે. એમાં મેં મરહટ્ઠી અને સોરસેણીના ભેદ ગણાવતાં 'જઈણ' વિશેષણ જે વાપર્યું છે તે આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનોના કથનને અનુલક્ષીને છે.

૧. જુઓ **ઠાણ** (ઠા. ૭; સુત્ત ૫૫૩; પત્ર ૩૯૪અ.)
૨. યજ્ઞપ્રસંગે કામમાં લેવાતા મંત્રોના ઉપયોગ અને અર્થ ઉપર પ્રકાશ પાડનારાં આ એક જાતનાં વિવરણ છે.
૩. એમની કૃતિઓમાં કેટલેક સ્થળે 'અપાણિનીય' ગણાય એવા પ્રયોગો છે. જુઓ **ભાસનાટકચક્ર**નું દ્વિતીય પરિશિષ્ટ (પૃ. ૫૬૯–૫૭૩).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**'જૈન' સંસ્કૃત**–બ્લૂમફીલ્ડે જૈનોની કેટલીક સંસ્કૃત કૃતિઓની ભાષાને 'જૈન સંસ્કૃત' કહી છે. એનું કારણ એ છે કે એ ભાષા **અષ્ટા૦**ને સર્વાંશે અનુસરતી નથી એટલું જ નહિ પણ એના ઉપર અ. મા. નો–પાઇય ભાષાનો પાસ જોવાય છે. તેમ છતાં આ ભાષા [૧]"आदुं च मरचां" જેવા શ્લોક દ્વારા સૂચિત બનાવટી સંસ્કૃત નથી જ.

ખરેખરી સંસ્કૃત ભાષા ગણાય એવી ભાષામાં અનેક ગ્રંથો જૈનોને હાથે રચાયેલા છે. એના હિસાબે "घोटके चटितः" જેવા "જૈન સંસ્કૃત"માં બહુ ઓછા ગ્રંથો–ગ્રંથાંશો છે. એની પણ હું અહીં નોંધ લેનાર છું.

**મર્યાદા**–અત્યાર સુધીમાં જેટલી કૃતિઓ આ દેશના કે અન્ય દેશના કોઈ પણ માનવીને હાથે રચાઈ છે તે નિરવધિ કાળ પર્યંત સચવાઈ જ રહે એમ બને જ નહિ. આથી તો આપણને અનેક ગ્રંથકારોની કૃતિ આજે મળતી નથી. જૈન સાહિત્ય પૂરતો વિચાર કરીશું તો જણાશે કે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના જન્મ P. ૬
પૂર્વે કોઈ સાર્વજનીન જૈન કૃતિ રચાઈ હોય તો તે જળવાઈ રહી નથી. વળી ધાર્મિક સાહિત્યને અંગે પણ એમની પૂર્વે થઈ ગયેલા 'પુરુષાદાનીય' પાર્શ્વનાથ (ઈ. સ. પૂર્વે ૮૭૭–ઈ. સ. પૂર્વે ૭૭૭)ના તીર્થમાં રચાયેલી દ્વાદશાંગી પણ સચવાઈ રહી નથી. હા, એમ બન્યું હોય કે એમાંના કેટલાક ભાગોને વિનયમૂર્તિ **ઈન્દ્રભૂતિ** વગેરે અગિયારે ગણધરોએ જે જે એકેક દ્વાદશાંગી રચી તે પૈકી **સુધર્મસ્વામી** નામના પાંચમા ગણધરકૃત દ્વાદશાંગીમાં સ્થાન અપાયું હોય. આવા ભાગો કઈ ભાષામાં હશે અને એ કયા હશે એનો સર્વમાન્ય નિર્ણયાત્મક ઉત્તર આપવાનું કોઈ સાધન જણાતું નથી. પાંચમા ગણધરે રચેલી દ્વાદશાંગી પણ સર્વાંશે આજે ઉપલબ્ધ નથી. **દિટ્ઠિવાય** નામનું બારમું અંગ આજે મળતું નથી, એનો મહત્ત્વનો અને મહાકાય વિભાગ નામે 'પુવ્વગય' લુપ્ત થયો છે. એના ચૌદ વિભાગરૂપ ચૌદ 'પુવ્વ' (પૂર્વ) સંસ્કૃત ભાષામાં રચાયાં હોવાની માન્યતાનું સમર્થન પ્રાચીન અવતરણરૂપ એકાદ બે પદ્યો અને ખાસ કરીને તો **પ્રભા**ચંદ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪માં રચેલા **પ્રભાવકચરિત** (શૃંગ ૮, શ્લો. ૧૧૩)માં કરેલા નિર્દેશ દ્વારા થઈ શકે તેમ છે, પરંતુ **જિન**ભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત **વિસેસાવસ્સયભાસગત** નિહ્નવ–વાદને અંગે 'મલધારી' **હેમચન્દ્ર**સૂરિએ પોતાની ટીકામાં પુવ્વમાંથી ઉદ્ધૃત કરાયેલી જે પંક્તિઓ આપી છે એ તો પાઇય ભાષામાં છે તેનું કેમ એમ એની વિરોધનો સૂર પણ ઉઠાવી શકાય તેમ છે.[૨] આવી પરિસ્થિતિમાં પણ ચૌદ પુવ્વની મોટા ભાગની ભાષા સંસ્કૃત હશે એમ માની લઈએ તો પણ એ ભાષામાં કયા કયા વિષયો ચર્ચાયા હશે તેનો નિર્ણય કરવા માટે આશરે પંદરસો વર્ષ પૂર્વેનું કોઈ સાધન P. ૭
જણાતું નથી. આથી કરીને ઉપલબ્ધ જૈન સંસ્કૃત સાહિત્યની કોઈ પણ કૃતિ ઈ. સ.ના પહેલા સૈકાની પૂર્વે રચાયેલી છે એમ ભાગ્યે જ કહી શકાય. આથી તો આ પુસ્તકમાં જે વિવિધ વિષયોની કૃતિઓ હું વિચારવા ઇચ્છું છું તેની એક કાલ-મર્યાદા આ પ્રમાણેની છે. જ્યારે બીજી કાલમર્યાદા તરીકે મેં પહેલાં તો 'ન્યાયાચાર્ય' 'ન્યાયવિશારદ' **યશો**વિજયગણિનો લગભગ વિ. સં. ૧૭૪૩ સુધીનો જીવન-કાળ પસંદ કર્યો હતો (કેમ કે

૧. "आदुं च मरचां लसणं च लीम्बुं, धाणाश्च जीरू मीठुं नाखी देवुं ।
पाषाणमध्ये परिमर्दयामि, इदं प्रमाणे चटणी भवन्ति ।।"

આવાં અન્ય ઉદાહરણો માટે–સંસ્કૃતાભાસના નમૂના માટે જુઓ મારો "ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ"ના તા. ૧૮-૫-'૪૭ના અંકમાં પ્રકાશિત થયેલો લેખ નામે 'બનાવટી સંસ્કૃત"

૨. આ ચર્ચા માટે જુઓ મારાં પુસ્તકો નામે A History of the canonical Literature of the Jainas (પૃ. ૮૯-૯૦) અને **આગમોનું દિગ્દર્શન** (પૃ. ૨૧૨-૨૧૩).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમના સ્વર્ગવાસ પછી ભાગ્યે જ કોઈ નોંધપાત્ર જૈન મૌલિક કૃતિ સંસ્કૃતમાં રચાયેલી હશે) પરંતુ સાહિત્યના ઇતિહાસના કેટલાક આધુનિક લેખકોએ પોતાના સમય સુધીની કૃતિઓનો પરિચય આપ્યો છે એથી તેમજ એ દ્વારા છેલ્લાં અઢીસો વર્ષ દરમ્યાન કઈ જાતની સાહિત્યપ્રવૃત્તિએ વેગ પકડ્યો છે તેનો ખ્યાલ આપવો ઉચિત જણાવાથી હું પ્રથમ વિચારને છોડી દેવાની તૈયારીમાં હતો તેવામાં અહીં (સુરતમાં) જૈનાચાર્ય શ્રીવિજયપ્રતાપસૂરીશ્વરના શિષ્યરત્ન આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીનું આગમન થતાં તેમની ઇચ્છા પણ આજ દિન સુધીની સમુચિત કૃતિની નોંધ લેવાય તો સારૂં એવી હોવાથી મેં કાલ-મર્યાદા લંબાવી છે, જો કે પ્રકાશક તરફથી નક્કી કરાયેલી પૃષ્ઠસંખ્યામાં રહીને કામ કરવાનું હોવાથી મુખ્ય મુખ્ય કૃતિઓની પ્રસંગોપાત્ત નોંધ લઈ સંતોષ માનવો પડ્યો છે - પૂર્વગામી ગ્રંથોની પેઠે પરિચય આપવાનું માંડી વાળવું પડ્યું છે.

**વર્ગીકરણ**–જૈન ધર્મના અનુયાયીઓએ ભારતવર્ષની વિવિધ ભાષાઓમાં કૃતિઓ રચી છે. એમના મહામૂલ્યશાળી ઉપલબ્ધ આગમો અર્દ્ધમાગધીમાં રચાયેલા હોવા છતાં એમણે સંસ્કૃત ભાષાને પણ સમુચિત સ્થાન આપવામાં સંકોચ રાખ્યો નથી. વિશેષમાં જે કોઈ ગ્રંથ પોતાના શિષ્યાદિના પઠનપાઠન માટે ઉપયોગી લાગ્યો તેના ઉપર તેમજ અન્ય રીતે પણ જે મહત્ત્વનો જણાયો તેના ઉપર એમણે વિવરણ રચ્યાં છે. પછી
P. ૮ ભલેને એ ગ્રંથ અજૈન સંપ્રદાયનો કેમ ન હોય ? કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પૈકી ત્રીજા પુરુષાર્થને જ પ્રધાનપણે ઉદ્દેશીને લખાયેલો પણ કેમ ન હોય ? વળી એમણે પાઇય કૃતિઓ ઉપર પણ સંસ્કૃત ભાષામાં વિવરણો રચ્યાં છે અને કેટલીક વાર એના પ્રતિસંસ્કૃતરૂપ સાહિત્ય પણ સર્જ્યુ છે. આ ઉપરાંત એમણે 'સમસંસ્કૃત' કૃતિઓની જેમ 'અર્ધસંસ્કૃત' કૃતિઓ અને એક જ વાક્યમાં અમુક અંશ સંસ્કૃતમાં અને બાકીનો પાઇયમાં હોય એવી એટલે કે [૧]મિશ્રભાષામાં ગુંથાયેલી કૃતિઓ અથવા વચ્ચે વચ્ચે સંસ્કૃત ભાષાની કંડિકાઓ હોય એવી પણ પાઇય કૃતિઓ રચી છે. આને લઈને એમણે રચેલી સંસ્કૃત કૃતિઓને આપણે નીચે મુજબના મુખ્ય સાત વર્ગમાં વિભક્ત કરી શકીએ :-

(૧) સ્વતંત્ર સંસ્કૃત કૃતિઓ.
(૨) સંસ્કૃત કૃતિઓનાં સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણો.
(૩) ભિન્નકર્તૃક જૈન સંસ્કૃત ગ્રંથોનાં સંસ્કૃત વિવરણો.
(૪) અજૈન સંસ્કૃત ગ્રંથોનાં સંસ્કૃત વિવરણો.
(૫) જૈન પાઇય કૃતિઓનાં સંસ્કૃત વિવરણો.
(૬) અજૈન પાઇય કૃતિઓના સંસ્કૃત વિવરણો.
(૭) પ્રતિસંસ્કૃત સાહિત્ય.

હવે આપણે આ વર્ગોનો વિષયદીઠ વિચાર કરીશું.

Cosmology : Old and New Pro. G. R. Jain ''ભારતીય જ્ઞાનપીઠ''

Ambika : In Jain Art And Literature. લે. મારુતિનંદન તિવારી ''ભારતીય જ્ઞાનપીઠ''

૧. સરખાવો અંગ્રેજીમાં macaronic તરીકે ઓળખાવાતી કૃતિઓ, આ શબ્દનો અર્થ ''ધ કોન્સાઈઝ ઑકસફર્ડ ડિકશનરી''માં નીચે મુજબ અપાયો છે :–
"(verses) of burlesque form containing Latin (or other foreign) words & vernacular words with Latin etc. terminations".

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકરણ ૨ : વ્યાકરણ P. ૯

**પર્યાય**–વ્યાકરણ કહો કે શબ્દશાસ્ત્ર કહો, શબ્દાગમ કહો કે શબ્દાનુશાસન કહો એ એક જ છે. એને અંગ્રેજીમાં ગ્રામર (grammar) કહે છે. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ** (કાંડ ૨, શ્લો. ૧૬૪–૧૬૫)માં વેદના નીચે મુજબ છ અંગો ગણાવ્યાં છે :–

(૧) [1]શિક્ષા, (૨) [2]કલ્પ, (૩) વ્યાકરણ, (૪) છંદ, (૫) જ્યોતિષ અને (૬) [3]નિરુક્ત.

**વ્યાકરણની પ્રાચીનતા**–ઉપર્યુક્ત અંગો પૈકી બીજા અને પાંચમા અંગો સિવાયનાં બાકીનાં ચારે તો ભાષાશાસ્ત્રને લગતાં છે. અને ત્રીજું અંગ તે વ્યાકરણ છે. આ ઉપરથી વ્યાકરણના પરામર્શની પ્રાચીનતાનો કંઈક ખ્યાલ આવી શકશે. **ઋગ્વેદ**માં કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ નજરે પડે છે. બ્રાહ્મણ તરીકે ઓળખાવાતા ગ્રંથોમાં **ગોપથ** (૧–૨૪) વગેરેમાં વ્યાકરણને લગતી કેટલીક સંજ્ઞાઓનાં નામ જોવાય છે. જેમકે લિંગ, વચન, વિભક્તિ, આખ્યાત, કુર્વન્ત (કૃદન્ત) ઈત્યાદિ. વિવિધ [4]પ્રાતિશાખ્યો વ્યાકરણ–વિષયક કેટલીક માહિતી પૂરી પાડે છે. ઈ.સ. પૂર્વે ૬૦૦ કરતાં તો પહેલાં થઈ ગયેલા **યાસ્કનું નિરુક્ત** વ્યાકરણના ક્ષેત્રમાં એ સમયમાં થયેલા વિકાસ ઉપર વેધક પ્રકાશ પાડે છે. એમાં આપણને નામ, સર્વનામ, આખ્યાત, ઉપસર્ગ, નિપાત વગેરે
શબ્દો નજરે પડે છે. **યાસ્ક**ના સમય પહેલાં વ્યાકરણનું ક્ષેત્ર ખૂબ ખેડાયું હશે એમ લાગે છે, કેમકે એ આચાર્ય P. ૧૦
'પ્રાચ્ય' અને 'ઉદીચ્ય' એવી બે શાખાઓનો ભેદ દર્શાવતાં વીસેક આચાર્યોનાં નામ ગણાવે છે. એમાં **શા**કટાયન, **ગાર્ગ્ય** અને **શા**કલ્ય એ નામો સુપ્રસિદ્ધ છે. આ **શા**કટાયને તો દરેક શબ્દની નિષ્પત્તિ ધાતુમાંથી માની છે. આમ આપણા દેશમાં વ્યાકરણનું ક્ષેત્ર ઓછામાં ઓછાં ચારેક હજાર વર્ષોથી ખેડાયું છે, અને જાતજાતનાં વ્યાકરણો રચાયાં છે.

**ઈન્દ્ર (ઐન્દ્ર) વ્યાકરણ**– (લ.ઈ.સ. પૂર્વે ૧૦૦૦)

[૧]

**પા**ણિનિકૃત **અષ્ટા૦** (અધ્યાય ૧, પાદ ૧, સૂ. ૧) ઉપરના મહાભાષ્ય (આહ્નિક ૧ પૃ. ૧૯, ચૌખંબા સિરિઝ)માં પતંજલિએ કહ્યું છે કે **બૃ**હસ્પતિએ દિવ્ય સહસ્ર વર્ષો સુધી[5] પદે પદે કહેલા શબ્દોનું શબ્દ-પારાયણ કહ્યું અર્થાત્ એકેક શબ્દ છૂટો છૂટો કહ્યો.[6] **તૈત્તિરીયસંહિતા** (૬–૪–૭)માં નીચે મુજબ ઉલ્લેખ છે :–

''वाग् वै पराच्यव्याकृताऽवदत् । ते देवा इन्द्रमब्रुवन् -
इमां नो वाचं व्याकुर्विति ।...तामिन्द्रो मध्यतोऽवक्रम्य व्याकरोत् ॥''

---

૧. આમાં વર્ણોનું વિવેચન છે.

૨. આનો અર્થ 'આચાર' થાય છે.

૩. આનો વિષય વ્યુત્પત્તિ છે.

૪. આ વૈદિક યાને છાંદસ વ્યાકરણોની કેટલેક અંશે ગરજ સારે છે.

૫. **પ્રક્રિયાકૌમુદી** (ભા. ૧, પૃ. ૭) પ્રમાણે આટલાં વર્ષ સુધી અભ્યાસ કરવા છતાં ઈન્દ્ર શબ્દ-પારાયણનો પાર પામી શક્યો નહિ.

૬. જુઓ ''આનંદાશ્રમ ગ્રંથાવલી'' (ભાગ ૮), ગ્રથાંક ૪૨નું પૃ. ૪૧૧૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આની વ્યાખ્યા **સાયણાચાર્યે** આપી છે. એને લક્ષ્યમાં લેતાં એમ કહી શકાય કે પુરાતન સમયમાં વાણી અવ્યાકૃત એટલે કે વ્યાકરણ સંબંધી પ્રકૃતિ, પ્રત્યય આદિ સંસ્કારોથી રહિત અખંડિત પદરૂપ બોલાતી હતી. દેવોએ (પોતાના રાજા) ઈન્દ્રને એને વ્યાકૃત એટલે પ્રકૃતિ, પ્રત્યય વગેરેના સંસ્કારવાળી બનાવવા કહ્યું.
P. ૧૧ ઈન્દ્રે એ ઉપરથી એ વાણી વચમાંથી તોડીને વ્યાકૃત બનાવી. આમ ઈન્દ્રે વ્યાકરણ રચ્યું. એને **ઈન્દ્ર-વ્યાકરણ**, **ઐન્દ્ર-વ્યાકરણ** તેમજ **ઐન્દ્ર-તન્ત્ર** તરીકે ઓળખાવાય છે. જેમ વ્યાકરણના પ્રથમ પ્રવક્તા તરીકે બ્રહ્માનો નિર્દેશ કરાય છે તેમ વ્યાકરણના આદિમ સંસ્કર્તા તરીકે ઉપર્યુક્ત ઈન્દ્રનો ઉલ્લેખ કરાય છે. આ ઈન્દ્રનો પરિચય શ્રી. યુધિષ્ઠિર મીમાંસકે संस्कृत व्याकरणशास्त्र का इतिहास નામના હિંદી [1]પુસ્તક (ભા. ૧, પૃ. ૫૭–૫૯)માં આપ્યો છે. અહીં એમણે કહ્યું છે કે આ ઈન્દ્ર વિક્રમથી સાડા આઠ હજાર (૮૫૦૦) વર્ષ પૂર્વે થઈ ગયા છે, પરંતુ આ સમય પરત્વે મતભેદ જોવાય છે.

**કથાસરિત્સાગર**માં સૂચવાયા મુજબ ઉપર્યુક્ત **ઈન્દ્ર-વ્યાકરણ** ઘણાં સમયથી નાશ પામ્યું છે. જૈન **શાકટાયન-વ્યાકરણ** (૧-૨-૩૭)માં વૈયાકરણ ઈન્દ્રનો મત દર્શાવાયો છે. દિગંબર સોમદેવે રચેલા **યશસ્તિલક-ચંપૂ** (આશ્વાસ ૧, પૃ. ૯૦)માં આ **ઈન્દ્ર-વ્યાકરણ**નો નિર્દેશ છે. ભટ્ટારક **હરિશ્ચન્દ્રે ચરકની** વ્યાખ્યામાં નીચે મુજબ કહ્યું છે :– "शास्त्रेष्वपि 'अथ वर्णसमूहः' इति ऐन्द्रव्याकरणस्य ।"

દુર્ગાચાર્યે નિરુક્ત-વૃત્તિ (પૃ. ૧૦)ના પ્રારંભમાં **ઈન્દ્ર-વ્યાકરણનું** એક સૂત્ર નીચે મુજબ ઉદ્ધૃત કર્યું છે :– "नैकं पदं जातम्, यथा 'अर्थः पदम्' इत्यैन्द्राणाम् ।"

આ **ઐન્દ્ર વ્યાકરણ**ને અંગે ચીની, ટિબેટીય અને ભારતીય સાહિત્યમાં જે જે ઉલ્લેખો મળે છે તેના સંગ્રહ તરીકે ડૉ. એ.સી. **બર્નેલે** નીચે મુજબના નામથી એક મોટો ગ્રંથ રચ્યો છે :–

On the Aindra School of Sanskrit Grammarians.

[૨]

P. ૧૨ **ઐન્દ્ર વ્યાકરણ (ઈ. સ. પૂર્વે ૫૯૦)ની ઉત્પત્તિ**–શ્વેતાંબરોની કેટલીક કૃતિઓમાં **ઐન્દ્ર** વ્યાકરણની ઉત્પત્તિનો પ્રસંગ આલેખાયો છે. એ સૌમાં પ્રાચીનતાની દૃષ્ટિએ **આવસ્સય** ઉપરની ભદ્રબાહુસ્વામીએ રચેલી નિજ્જુત્તિ (પત્ર ૧૮૨અ) અગ્રસ્થાન ભોગવે છે. આ ભદ્રબાહુસ્વામી તે ચતુર્દશ-પૂર્વધર યાને 'શ્રુતકેવલી' છે એમ જૈન પરંપરાનું માનવું છે અને એ પરંપરા અનુસાર એમનો સ્વર્ગવાસ વીરસંવત્ ૧૭૦માં થયો છે. આધુનિક કેટલાક વિદ્વાનોનો મત જુદો છે. તેમનું કહેવું એ છે કે આ તેમજ અન્ય નિજ્જુત્તિઓના કર્તા તો બીજા **ભદ્ર**બાહુ છે અને એમનો સમય વિક્રમની પાંચમી શતાબ્દી છે. **આવસ્સયની** નિજ્જુત્તિને અંગે કોઈ કોઈ એમ પણ કહે છે કે એનો અમુક ભાગ 'શ્રુતકેવલી' **ભદ્ર**બાહુની રચના છે. ગમે તેમ પણ **ઈન્દ્રવ્યાકરણ** સંબંધી ઉલ્લેખ માટે તો ઉપર્યુક્ત નિજ્જુત્તિ જ સૌથી પ્રાચીન સાધન જણાય છે એટલે હું પ્રસ્તુત ભાગ અત્રે ઉદ્ધૃત કરું છું :–

"सक्को य तस्समक्खं भगवंतं आसणे निवेसित्ता । सद्दस्स लक्खणं पुच्छे वागरणं अवयवा इंदं ॥"

આનો અર્થ એ છે કે **શક્રે** તેની (લેખાચાર્યની) સમક્ષ ભગવાન (મહાવીરસ્વામી)ને આસન ઉપર

૧. આ પુસ્તક પં. ભગવદ્દત્તજી તરફથી વિ. સં. ૨૦૦૭માં પ્રકાશિત થયેલું છે.[એની બીજી આવૃત્તિ પણ પ્રકટ થઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બેસાડી શબ્દનું લક્ષણ પૂછ્યું. (ભગવાને) વ્યાકરણ (કહ્યું) (અર્થાત્ સ્પષ્ટીકરણ કર્યું) (કેટલાંક) અવયવો (લેખાચાર્યે ગ્રહણ કર્યાં). (આ ઉપરથી) **ઈન્દ્ર (ઐન્દ્ર)** (વ્યાકરણ બન્યું).

**જિન**દાસગણિએ રચેલી મનાતી **આવસ્સય**ની ચુણ્ણિ (ભા. ૧, પત્ર ૨૪૮) અને એ **આવસ્સય**ની **હ**રિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૧૮૨અ) એ ઉપર્યુક્ત નિજ્જુત્તિ પછી અગ્ર સ્થાન ભોગવે છે. આ ચુણ્ણિમાં કહ્યું છે કે 'ભગવાન (મહાવીરસ્વામી) આઠ વર્ષથી કંઈક અધિક ઉમ્મરના થયા ત્યારે એમણે સ્નાન કર્યું અને શ્વેત P. ૧૩ વસ્ત્ર ધારણ કર્યું. એમના માતાપિતાએ એમને અલંકારાદિથી વિભૂષિત કર્યા અને એમને હાથી ઉપર બેસાડી ઠાઠમાઠથી પરિવારાદિ સહિત લેખાચાર્ય પાસે એઓ લઈ ગયા. એ લેખાચાર્યનું ખૂબ મોટું આસન માંડેલું હતું. (ત્રણ જ્ઞાનના ધારક પ્રભુને આ પ્રમાણે શિષ્યરૂપે લઈ આવેલા જાણી) **શક્ર ઈન્દ્ર**નું આસન ચલિત થયું અને એ લેખાચાર્ય પાસે સત્વર આવ્યો. પછી એણે પેલા આસન ઉપર પ્રભુને બેસાડ્યા. પેલા લેખાચાર્ય પણ ત્યાં જ હતા. પણ **શક્રે** હાથ જોડીને (વ્યાખ્યારૂપે વ્યાકરણાર્થે ઉપોદ્ઘાત, પદ, પદાર્થ, ક્રમ, ગુરુલાઘવ, સમાસ, વિસ્તાર, સંક્ષેપ, વિષય, વિભાગ, આક્ષેપ તેમજ પરિહાર એ બાબતો) અકાર આદિના પર્યાય, ભંગ અને ગમ પૂછ્યા. ત્યારે પ્રભુએ એનું અનેક પ્રકારે વ્યાકરણ (સ્પષ્ટીકરણ) કર્યું. લેખાચાર્યે એ સાંભળ્યું. એ ઉપરથી લેખાચાર્યને કેટલાક પદ–અર્થો સમજાયા. (એ ઉપરથી) ત્યારથી **ઐન્દ્ર વ્યાકરણ** ઉદ્ભવ્યું.'

મહત્તરા **યાકિ**નીના ધર્મપુત્ર **હ**રિભદ્રસૂરિએ **આવસ્સયની** ટીકા (ભા. ૧, પત્ર ૧૮૨ અ)માં કહ્યું છે કે '**શક્રે** લેખાચાર્યની સમક્ષ ભગવાનને આસન ઉપર બેસાડી શબ્દનું લક્ષણ પૂછ્યું. ભગવાને એનું વ્યાકરણ કહ્યું - સ્પષ્ટીકરણ કર્યું. લૌકિક અને સામાયિક શબ્દોનું જે વડે સ્પષ્ટીકરણ કરાય તે 'વ્યાકરણ'–'શબ્દશાસ્ત્ર.' એનાં કેટલાંક અવયવો ઉપાધ્યાયે (લેખાચાર્યે) ગ્રહણ કર્યાં. તે ઉપરથી **ઐન્દ્ર વ્યાકરણ** બન્યું. આમ એમણે પણ આની ઉત્પત્તિ ઉપર મુજબ સૂચવી છે.

'કલિ.'**હે**મચન્દ્રસૂરિએ પણ **યોગશાસ્ત્ર** (પ્ર. ૧, શ્લો. ૫૬–૫૮સ્વોપજ્ઞવિવરણ પત્ર ૩આ)માં **ઐન્દ્ર વ્યાકરણ**ની ઉત્પત્તિને અંગે ઉપર મુજબ વિધાન કર્યું છે.

આ **ઐન્દ્ર વ્યાકરણ** એ **શક્રે** પૂછેલા પ્રશ્નો, **મહા**વીરસ્વામીએ આપેલા ઉત્તરો અને લેખાચાર્યે કરેલી P. ૧૪ સંકલના એમ ત્રિવેણીના સંગમરૂપ છે. એની રચના ઈ. સ. પૂર્વે ૫૯૦માં થયેલી છે.

જૈન પરંપરા અનુસાર રચાયેલા મનાતા આ **ઐન્દ્ર વ્યાકરણ**ને જ કેટલાકે **જૈનેન્દ્ર–વ્યાકરણ** કહ્યું છે. દા. ત. વિનયવિજયગણિએ **પજ્જોસવણાકપ્પ** (સુ. ૧૦૮) ઉપર **સુબોધિકા** નામની જે ટીકા વિ. સં. ૧૬૯૬માં રચી છે એમાં એમણે આને **જૈનેન્દ્ર–વ્યાકરણ** કહ્યું છે.

આ **ઐન્દ્ર** વ્યાકરણ કઈ ભાષાનું હશે અને એ કઈ ભાષામાં રચાયું હશે તેનો કોઈ ઉલ્લેખ જણાતો નથી. મગધ (બિહાર)માં એ રચાયું હોવાથી એ સમયની સામાન્ય લોકોની કે શિષ્ટ જનોની ત્યાંની ભાષાને લગતું એટલે કાં તો માગધીનું કે કાં તો સંસ્કૃતનું એ વ્યાકરણ હશે, અને લેખાચાર્ય બ્રાહ્મણ હશે એટલે એ સંસ્કૃતમાં રચાયું હશે. આ વ્યાકરણ આજે લગભગ પંદર સૈકા થયાં તો મળતું નથી એટલે એ વિષે આટલું જ કહેવું બસ થશે.

**સદ્પાહુડ (શબ્દપ્રાભૃત)** (ઈ. સ. પૂર્વે ૫૫૭)

**દિટ્ઠિવાય** નામના બારમા અંગમાં ચૌદ પુવ્વ છે, અને એ દરેક પુવ્વના વત્થુ (વસ્તુ) નામે ઓછાવત્તા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિભાગ છે, અને એ વિભાગના પાહુડ (પ્રાભૃત) નામે પેટા–વિભાગ છે. **આવસ્સય**ની ચુણ્ણિમાં તેમજ **અણુઓગદારની** ચુણ્ણિ (પત્ર ૪૭)માં **સદ્દપાહુડ**નો ઉલ્લેખ છે, જ્યારે એના સંસ્કૃત સમીકરણરૂપ **શબ્દપ્રાભૃત**નો ઉલ્લેખ વાચકવર્ય **ઉમા**સ્વાતિકૃત **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** યાને **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૧, સૂ. ૫)ની ભાષ્યાનુસારિણી ટીકા (પૃ. ૫૦)માં સિદ્ધસેનગણિએ અને **અણુઓગદાર** (સુત્ત ૧૩૦)ની ટીકા (પત્ર ૧૫૦આ)માં 'મલધારી'
P. ૧૫ **હેમ**ચંદ્રસૂરિએ કર્યો છે. **સિદ્ધ**સેનગણિએ કહ્યું છે કે 'શબ્દપ્રાભૃત' પૂર્વમાં છે. એમાંથી આ વ્યાકરણ આવ્યું છે. એ **શબ્દપ્રાભૃત** જે જાણે તે 'પ્રાભૃતજ્ઞ' એમ એમણે કહ્યું છે.

**ત. સૂ.** (અ. ૧, સૂ. ૫) ઉપરના સ્વોપજ્ઞ ભાષ્ય (પૃ. ૪૪)માં **ઉમા**સ્વાતિજીએ કહ્યું છે કે 'આગમમાં પ્રાભૃતજ્ઞ દ્રવ્ય એટલે ભવ્ય (અર્થાત્ થવાની યોગ્યતાવાળું) એમ કહે છે.' આવો ઉલ્લેખ કરી એમણે "**द्रव्यँ च भव्ये**" એવો પાઠ આપ્યો છે. આ **અષ્ટા૦** (અ. ૫, પા. ૩)માં ૧૦૮માં સૂત્રરૂપે જોવાય છે. એ સૂત્ર મૂળે જો એનું ન જ હોય તો એ **શબ્દ–પ્રાભૃત**નું તો નહિ હોય ? એવો પ્રશ્ન મને સ્ફુરે છે.

આ **સદ્પાહુડ** કેટલાયે સૈકાઓ થયા લુપ્ત થઈ ગયું છે. એ અમુક જ ભાષાનું અને તે પણ અમુક જ ભાષામાં રચાયેલું વ્યાકરણ હોવું જોઈએ એવો અંતિમ નિર્ણય કરવાનું કોઈ સાધન જણાતું નથી, પણ એ સંસ્કૃતમાં હશે એમ માની એની અહીં મેં નોંધ લીધી છે.

[1]**જૈનેન્દ્ર–વ્યાકરણ યાને પંચાધ્યાયી** (વિક્રમની છઠ્ઠી સદી) જૈન ઉપલબ્ધ સાહિત્યની દૃષ્ટિએ આ
P. ૧૬ જૈનોનું સૌથી પ્રથમ વ્યાકરણ છે. એના કર્તા દિગંબર મુનિવર પૂજ્યપાદ ઉર્ફે [2]**દેવનંદિ**[3] યાને [4]**જિનેન્દ્રબુદ્ધિ** છે.[5] એમણે વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ રચેલા ત.સૂ. ઉપર [6]**સર્વાર્થસિદ્ધિ** નામની સંસ્કૃત વૃત્તિ રચી છે. એમણે **અષ્ટા.** ઉપર **શબ્દાવતાર** નામનો ન્યાસ રચ્યો છે, પણ એ મળતો નથી. વળી એમણે પોતાના વ્યાકરણને અંગે સ્વોપજ્ઞ

૧. **અભય**નંદિકૃત ટીકા સહિત આ વ્યાકરણ "પંડિત, નવીન ગ્રંથમાળા"માં પુ. ૩૧–૩૪ તરીકે છપાયું છે. "સનાતન જૈન ગ્રંથમાલા" તરફથી બનારસથી ઈ. સ. ૧૯૧૫માં આ મૂળ કૃતિ **શબ્દાર્ણવચન્દ્રિકા** સહિત પ્રકાશિત થઈ છે.

૨. મૂળ સંસ્કૃત શબ્દ 'દેવનંદિન્' છે. એ પ્રમાણે યથાસ્થાન સમજી લેવું.

૩. સંક્ષેપમાં 'દેવ' એવો વ્યવહાર કરાય છે. દા. ત. **જિન**સેને **આદિપુરાણ** (પર્વ ૧, શ્લો. ૫૨)માં અને **વાદિ**રાજસૂરિએ **પાર્શ્વનાથચરિત** (સ. ૧, શ્લો. ૧૮)માં આવો ઉલ્લેખ કર્યો છે.

૪. આ નામના એક બૌદ્ધ સાધુ થઈ ગયા છે. એ વૈયાકરણે **અષ્ટા.**ની **કાશિકા** નામની વૃત્તિ ઉપર ન્યાસ રચ્યો છે. એમાં એમણે "**ब्राह्मणश्रमणम्**" એવું એક સમાહાર-દ્વંદ્વનું ઉદાહરણ આપ્યું છે. આ પૂર્વે આ ઉદાહરણ કોઈએ આપ્યું છે ખરું ?

૫. પ્રસ્તુત વ્યાકરણના કર્તા **દેવનંદિ** જ છે એ બાબત વિવિધ પ્રમાણો પં. **નાથુ**રામ પ્રેમીએ "**देवनन्दि और उनका जैनेन्द्र व्याकरण**" નામના હિંદી લેખમાં આપ્યાં છે. આ લેખ "જૈન હિતૈષી"માં ઈ. સ. ૧૯૨૧માં છપાયો હતો. એને ઈ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયેલા **जैन साहित्य और इतिहास** નામના પુસ્તક (પૃ. ૯૩–૧૨૮)માં સ્થાન અપાયું છે. આ અભ્યાસપૂર્ણ લેખનો મેં યથાસ્થાન ઉપયોગ કર્યો છે. આ લેખમાં બે ન્યૂનતા છે અને એનો સ્વીકાર પં. પ્રેમીએ કર્યો છે એવો ઉલ્લેખ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૩૨૮)માં છે.

૬. આ વૃત્તિનું મૂળ સહિત "**तत्त्वार्थवृत्तिः सर्वार्थसिद्धिः**" એ નામથી બીજું સંસ્કરણ કોલ્હાપુરથી કલાપ્પા ભરમાપ્પા નિટવેએ પોતાના 'જૈનેન્દ્ર' મુદ્રણાલયમાં શકસંવત્ ૧૮૩૯માં છાપ્યું હતું. આની એક નકલ જે અહીંના 'જૈનાનંદ પુસ્તકાલય'માં છે તેમાં આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિજીએ કરેલી કેટલીક નોંધ નજરે પડે છે.[**સર્વાર્થસિદ્ધિ** ટીકા ભારતીય જ્ઞાનપીઠ કાશીથી હિંદી અનુવાદ સાથે પ્રગટ થઇ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન્યાસ રચ્યો હોય એમ માનવાનું કારણ મળે છે (એ પણ મળતો નથી). આ ઉપરાંત એમણે [૧]**ઈષ્ટોપદેશ** અને P. ૧૭
[૨]**સમાધિતંત્ર** રચ્યાં છે. [૩]**દશભક્તિ,** [૪]**સારસંગ્રહ** તેમજ કોઈ [૫]વૈદ્યક ગ્રંથ પણ એમને હાથે રચાયાં હોય એમ લાગે છે. કેટલાકને મતે [૬]**અર્હત્–પ્રતિષ્ઠા–લક્ષણ,** [૭]**જૈનાભિષેક** અને [૮]**શાન્ત્યષ્ટક** પણ એમની કૃતિઓ છે.

[૯]**પૂ**જ્યપાદનો સમય વિક્રમની છટ્ઠી શતાબ્દીનો પ્રારંભ છે એમ મનાય છે. **સિદ્ધ**સેન દિવાકર અને દિ. **સ**મંતભદ્ર એમના પૂર્વગામી છે એ વાત નિર્વિવાદ છે.

**પરિચય–જૈનેન્દ્ર** વ્યાકરણ એ પાંચ અધ્યાયોમાં રચાયું છે. આથી તો આને કેટલાક **પંચાધ્યાયી** તરીકે ઓળખાવે છે. એ પ્રત્યેક અધ્યાયના ચચ્ચાર પાદ છે અને એ દરેકમાં ઓછાંવત્તાં [૧૦]**સૂત્રો** છે. એ ઘણાં P. ૧૮
સંક્ષિપ્ત છે. વળી એમાં [૧૧]સંજ્ઞાકૃત લાઘવ છે કે જે લાઘવ **અષ્ટા.**ની યોજનામાં પણ નથી. આ ઉપરાંત આ

---

૧. આ કૃતિ દિ. **આશા**ધરકૃત સંસ્કૃત ટીકા સહિત માણિકયાચન્દ્ર દિગંબર જૈન ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૧૩ તરીકે વિ. સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ થઈ છે. વળી એ ''દિગંબર જૈન ગ્રંથભંડારમાલા''માં ગ્રંથાંક ૧ તરીકે બનારસથી વિ. સં. ૧૯૮૨માં પ્રકાશિત થઈ છે.

૨. ''સનાતન જૈન ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૧માં આને ઈ. સ. ૧૯૦૫માં સ્થાન અપાયું છે. પં. ફતેહચંદે દિલ્હીથી પણ આ કૃતિ વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત કરી છે. એમ. એન. **દ્વિ**વેદીના અંગ્રેજી અનુવાદ સહિત મૂળ કૃતિ ઈ. સ. ૧૮૯૫ (?)માં છપાઈ છે. આ મૂળ કૃતિની મરાઠી અનુવાદ સહિતની બીજી આવૃત્તિ સોલાપુરથી ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ થઈ છે.

૩. આ નામની કૃતિ દિ. **પ્રભા**ચન્દ્રકૃત ટીકા અને મરાઠી અનુવાદ સહિત સોલાપુરથી ઈ. સ. ૧૯૨૧માં પ્રકાશિત થયેલી છે.

૪. આનો ઉલ્લેખ **છખંડાગમ**ના 'વેયણા'ખંડ ઉપર દિ. **વીર**સેને રચેલી **ધવલા**માં છે, પણ હજી સુધી તો આ કૃતિ મળી આવી નથી.

૫. કેટલાકને મતે **વૈદ્યસાર** એમની કૃતિ છે. આ કટકે કટકે ''જૈનસિદ્ધાંત ભાસ્કર''માં પ્રકાશિત કરાઈ છે.

૬. દિ. ચન્દ્રય્ય નામના એક કવિએ 'કાનડી' ભાષામાં જે **પૂજ્યપાદચરિત** રચ્યું છે તેમાં આ કૃતિનો તેમજ **શાંત્યષ્ટક**નો નિર્દેશ છે.

૭. 'શ્રવણ બેલ્ગોલ'ના શિલાલેખ (ક્રમાંક ૪૦)માં આ કૃતિની નોંધ છે.

૮. જુઓ ટિપ્પણ ૬

૯. **વ**ર્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૯૭માં રચેલા **ગણરત્નમહોદધિ** (પૃ. ૨)માં આ **પૂ**જ્યપાદનું દિગ્વસ્ત્ર એ નામથી સ્મરણ કર્યું છે.

૧૦. વ્યાકરણના વિષયમાં જેવી સૂત્રાત્મક શૈલી જોવાય છે એવી અન્ય સાહિત્યિક કૃતિઓમાં નજરે પડતી નથી. ગમે તેમ પણ આ જાતની અનુપમ કળા આપણા આ ભારતવર્ષમાં જ ઉદ્ભવી અને વિકસી છે. સમગ્ર યુરોપીય સાહિત્ય ભારતીય સાહિત્ય કરતાં વિશાળતા અને વિવિધતામાં પણ ભલે ચડિયાતું ગણાતું હોય, પણ આવી સૂત્રાત્મક યોજના તો ત્યાં જોવાતી નથી

૧૧. **નાથા**રંગજી ગાંધી તરફથી વીરસંવત્ ૨૪૪૪માં દિ. પં. **વંશી**ધરે **સિદ્ધાંતકૌમુદી**ની શૈલીમાં રચેલી **જૈનેન્દ્ર–પ્રક્રિયા** પ્રસિદ્ધ થઈ છે. **જૈનેન્દ્ર** વ્યાકરણમાંની સંજ્ઞાઓનાં ઈતર વ્યાકરણગત સંજ્ઞા સાથે સમીકરણો અપાયાં છે. વિશેષમાં **અષ્ટા.** સાથે સંતુલન કરી બાર વિશિષ્ટતા દર્શાવાઈ છે. એમાં પ્રક્રિયાકૃત લાઘવનો પણ ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાકરણમાં 'એકશેષ' પ્રકરણ નથી.[1] આમ આ અનેકશેષ છે. એ એની એક રીતે વિશિષ્ટતા ગણાય.

**અષ્ટા.**માં વૈદિક પ્રયોગો પણ સિદ્ધ કરાયા છે એમ એ છાંદસ અને લૌકિક એમ બંને પ્રકારની સંસ્કૃત ભાષાનું વ્યાકરણ છે, જ્યારે આ તો કેવળ લૌકિકનું છે. તેમ છતાં છાંદસ અધિકારમાં **પાણિનિ**એ સિદ્ધ કરેલા કેટલાક શબ્દોને 'લૌકિક' માની અહીં સિદ્ધ કરાયા છે.

**દ્વિવિધ વાચના**:–આ વ્યાકરણના મૂળ સૂત્ર–પાઠના બે પ્રકાર જોવાય છે–બે વાચના મળે છે: (૧) જેના ઉપર દિ. આચાર્ય **અભય**નંદિની મહાવૃત્તિ અને દિ. શ્રુતકીર્તિકૃત પ્રક્રિયા છે તે અને (૨) જેના ઉપર દિ. સોમદેવસૂરિકૃત **શબ્દાર્ણવ–ચન્દ્રિકા** અને દિ. ગુણનંદિકૃત પ્રક્રિયા છે તે. પ્રથમ પ્રકારના સૂત્ર–પાઠમાં લગભગ
P. ૧૯ ૩૦૦૦ સૂત્રો છે, જ્યારે બીજામાં આશરે ૩૭૦૦ સૂત્રો છે. તેમ છતાં બંનેમાં મોટે ભાગે સૂત્રો સમાન છે, અને મંગળાચરણ પણ એકસરખું જ છે, જો કે કેટલીક સંજ્ઞાઓમાં ભેદ છે.

પ્રથમ પ્રકારનો સૂત્ર-પાઠ પાણિનીય સૂત્ર–પાઠની શૈલીએ રચાયો છે. **શાકટાયન-વ્યાકરણ**ની પરિપૂર્ણ સ્વરૂપે રચાયાની પ્રતિષ્ઠા જામતાં આ સૂત્રપાઠ અપૂર્ણ જણાતાં મહાવૃત્તિમાં અનેક વાર્તિક અને ઉપસંખ્યાન[2] ઇત્યાદિ રચીને એ પૂર્ણ બનાવાયો છે. બીજા પ્રકારનો સૂત્ર-પાઠ એ પ્રથમ સૂત્ર-પાઠનાં સેંકડો સૂત્રોને પરિવર્તિત અને પરિવર્ધિત કરીને સંભવતઃ દિ. આચાર્ય ગુણનંદિએ યોજ્યો છે, અને તેમ થવાથી એ પ્રાયઃ પૂર્ણ બન્યો છે, અને એથી તો એના ટીકાકારોને વાર્તિકાદિ રચવાં પડ્યાં નથી.

પ્રથમ સૂત્રપાઠ જ અસલી છે. આ સિદ્ધ કરવા માટે પં. **ના**થુરામ પ્રેમીએ કેટલાંક કારણો દર્શાવ્યા છે.[3]

પ્રથમ સૂત્રપાઠનું આદ્ય સૂત્ર જે નીચે મુજબ છે તે એના કર્તા પૂજ્યપાદનો અનેકાંતવાદ તરફનો પક્ષપાત–ઉચિત ગુણાનુરાગ સૂચવે છે :– "सिद्धिरनेकान्तात्"

પૂજ્યપાદે આ વ્યાકરણમાં નિમ્નલિખિત છ આચાર્યોનાં નામો સૂચવ્યાં છે :–

(૧) **પ્ર**ભાચન્દ્ર, (૨) **ભૂ**તબલિ, (૩) **ય**શોભદ્ર, (૪) **શ્રી**દત્ત, (૫) **સમં**તભદ્ર અને (૬) **સિદ્ધસેન**.[4]

P. ૨૦ કેટલાક આ નામોને બનાવટી ગણે છે તો કેટલાક એને વૈયાકરણોનાં નામ ગણે છે, પણ એ વાત તો ચોક્કસ છે કે આ છ યે વ્યક્તિઓ વિશિષ્ટ ગ્રંથકારો હોવા જોઈએ અને એમણે એમની કૃતિઓમાં વ્યાકરણ વિષયક કોઈ કોઈ વિશિષ્ટ પ્રયોગો કર્યા હશે.

**સિદ્ધ**સેન દિવાકરકૃત **વે**દવાદ–**દ્વાત્રિંશિકા**ના એટલે કે નવમી દ્વાત્રિં શિકાના ૨૨મા પદ્યમાં **विद्रते** એવો જે પ્રયોગ છે તેને લક્ષીને "वेत्तेः सिद्धसेनस्य" એવું સૂત્ર રચાયું હશે એમ લાગે છે.

૧. શબ્દોમાં એકત્વ, બહુત્વ ઇત્યાદિના વાચકત્વની સ્વાભાવિક શક્તિનું સમર્થન કરી 'એક–શેષ' પ્રકરણની પ્રક્રિયાનું નિરસન કરાયું છે.

૨. વ્યાકરણના મૂળ સૂત્રમાં જે કહ્યું ન હોય તેને ઉદ્દેશીને વાર્તિકકારને જે કહેવું પડે તેને 'ઉપસંખ્યાન' કહે છે.

૩. જુઓ એમનો ઉપર્યુક્ત લેખ. **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૨૩)માં પ્રથમ અને દ્વિતીય સૂત્રપાઠને અનુક્રમે ઔદીચ્ય સંસ્કરણ અને દાક્ષિણાત્ય સંસ્કરણ તરીકે ઓળખાવાયા છે અને ઔદિચ્યને જ પૂજ્યપાદકૃત માન્યો છે, કેમકે એમાં 'એકશેષ' પ્રકરણ નથી.

૪. જુઓ અનુક્રમે ૪–૩–૧૮૦, ૩–૪–૮૩, ૨–૧–૯૯, ૧–૪–૩૪, ૫–૪–૧૪૦ અને ૫–૧–૭.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અસલી સૂત્રપાઠની ટીકાઓ**—અસલી સૂત્રપાઠ ઉપર નીચે મુજબની ટીકાઓ રચાઈ છેઃ—

(૧) [1]સ્વોપજ્ઞ ન્યાસ.
(૨) ભાષ્ય.
(૩) **અભય**નંદિકૃત મહાવૃત્તિ
(૪) **પ્રભાચંદ્ર**કૃત **શબ્દાંભોજભાસ્કર** નામનો ન્યાસ.
(૫) આર્ય શ્રુતકીર્તિકૃત **પંચવસ્તુ—પ્રક્રિયા.**[2]

**સ્વોપજ્ઞ ન્યાસ અને ભાષ્ય**—આજે આ બેમાંથી એકે ઉપલબ્ધ નથી, પરંતુ **પંચવસ્તુ**ના કર્તાએ નીચે મુજબની મતલબનો જે ઉલ્લેખ કર્યો છે તે તેમજ અસલી સૂત્રપાઠનું સંજ્ઞા વગેરેથી ઉદ્ભવતું લાઘવ જોતાં એ હોવો જોઈએ એમ લાગે છે :—

**જૈનેન્દ્ર—વ્યાકરણ** એ પ્રાસાદ છે, એનાં મૂળ સૂત્ર એ એનાં સ્તંભ છે, એનો ન્યાસ એ એની રત્નમય P. ૨૧
ભૂમિ છે, એની વૃત્તિ એ એનાં દ્વાર છે, એનું ભાષ્ય એ એનું શય્યાતલ છે, એની ટીકા એ એનો માળ છે, અને આ **પંચવસ્તુ** ટીકા એ એ પ્રાસાદ ઉપર પહોંચવા માટેનું સોપાન છે.

**મહાવૃત્તિ**—આના કર્તા **અભય**નંદિ છે. એ દિ. રાજવાર્તિકકાર **અકલંક** પછી અને દિ. **શ્રુત**કીર્તિની પહેલાં કોઈક સમયે થયા હોય એમ લાગે છે. આ મહાવૃત્તિ લગભગ ૧૨૦૦૦ શ્લોક જેવડી છે અને ઉપલબ્ધ ટીકાઓમાં એ સૌથી પ્રાચીન જણાય છે.[3]

**શબ્દાંભોજભાસ્કર**—આ ન્યાસનું પરિમાણ આશરે ૧૬૦૦૦ શ્લોક જેટલું હશે. આની રચના **અભય**નંદિકૃત મહાવૃત્તિને અનુલક્ષીને દિ. પ્રભાચન્દ્રે કરી છે. એમનો સમય ઈ. સ. ૯૮૦થી ૧૦૬૫ સુધીનો હોવાનું અનુમાન પં. **મહેન્દ્ર**કુમારે **પ્રમેયકમલમાર્ત**ણ્ડની પ્રસ્તાવના (પૃ. ૬૭)માં કર્યું છે.

આ ન્યાસમાં **પ્રમેયકમલમાર્ત**ણ્ડ અને **ન્યાયકુમુદચંદ્ર**નો જે રીતે ઉલ્લેખ છે[4] તે વિચારતાં આ બેના કર્તા તે જ ન્યાસકાર છે એમ જણાય છે. આ ન્યાસ હજી સુધી તો પૂરો મળ્યો નથી. અ. ૪, પા. ૩, સૂ. ૨૧૧ સુધીનો જ ન્યાસ અત્યારે તો મળે છે. શું આ ન્યાસ પૂરો નહિ રચાયો હોય ?

**પંચવસ્તુ**—આ પ્રક્રિયાક્રમને અનુસરનારી ટીકા છે. એનું પરિમાણ લગભગ ૩૩૦૦ શ્લોક જેટલું છે. P. ૨૨
એ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે. એના કર્તા આર્ય શ્રુતકીર્તિ હોય એમ જણાય છે, અને એમનો સમય વિક્રમની બારમી સદી હોવાનું મનાય છે.

**શબ્દાર્ણવ—જૈનેન્દ્ર** વ્યાકરણના પ્રથમ પ્રકારના સૂત્રપાઠને અપૂર્ણ જોઈ, એને સર્વાંગે પરિપૂર્ણ બનાવવા માટે દિ. આચાર્ય **ગુણ**નંદિએ પ્રયાસ કરી એને વિસ્તૃત બનાવ્યો તેનું ફળ તે **શબ્દાર્ણવ—વ્યાકરણ** છે. આથી

૧. **અષ્ટસહસ્રી** (પૃ. ૧૩૨) માં ''प्यखे कर्मण्युपसङ्ख्यानात्'' એવું જે અવતરણ અપાયું છે એ **અષ્ટા.**ના વાર્તિકમાં નથી તો એ સ્વોપજ્ઞ ન્યાસનું હશે.

૨. દિ. પં. **મહાચંદ્રે લઘુ જૈનેન્દ્ર** નામની કૃતિ મહાવૃત્તિને આધારે રચી છે અને દિ. પં. **બંશીધરે જૈનેન્દ્ર-પ્રક્રિયા** રચી છે.

૩. [આ મહાવૃત્તિ ભારતીય જ્ઞાનપીઠ કાશીથી પ્રસિદ્ધ છે.] આ ટીકાના આધારે દિ. પં. **રાજકુમારે લઘુવૃત્તિ** રચી છે, અને એ બનારસથી ઈ. સ. ૧૯૨૪ માં પ્રકાશિત થઈ છે.

૪. ''तदात्मकत्वं चार्थस्याध्यक्षतोऽनुमानादेश्च यथा सिद्ध्यति तथा प्रपञ्चतः प्रमेयकमलमार्तण्डे न्यायकुमुदचन्द्रे च प्ररूपितमिह द्रष्टव्यम्'' ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૭૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો એમાં પ્રથમ પ્રકારના સૂત્રપાઠમાંનાં અડધાં ઉપરનાં સૂત્રો એનાં એજ છે.[1] આ દિ. **ગુણ**નંદિ તે કાં'તો દિ. **વીર**નંદિની ગુરુપરંપરામાં થયેલા પ્રથમ **ગુણ**નંદિ (વિ. સં. ૯૫૯) હશે અથવા દિ. ત્રૈવિદ્ય **મેઘચન્દ્ર**ના ગુરુ **ગુણ**નંદિ (વિ. સં. ૧૧૭૨) હશે.

એના ઉપર બે ટીકા છેઃ (૧) **શબ્દાર્ણવ-ચન્દ્રિકા** અને (૨) **શબ્દાર્ણવ–પ્રક્રિયા**–અ બંનેમાં એકશેષ પ્રકરણ છે. **શબ્દાર્ણવચન્દ્રિકા**ના કર્તાદિ. **સો**મદેવ છે અને એમણે આ ટીકા દિ. **મે**ઘચંન્દ્રના પ્રશિષ્ય **હ**રિચન્દ્રને માટે શકસંવત્ ૧૧૨૭માં રચી છે.

**શબ્દાર્ણવપ્રક્રિયા**–આ ઉપર્યુક્ત **ચન્દ્રિકાને આધારે** શ્રુતકીર્તિના પુત્ર અને શિષ્ય ચારુકીર્તિએ રચી હોય એમ લાગે છે. આ પ્રક્રિયા **જૈનન્દ્ર–પ્રક્રિયા** એ નામથી સ. જૈ. ગ્રં. માં ગ્રંથાંક પાંચ તરીકે ઈ. સ. ૧૯૧૪માં છપાઈ છે,[2] અને એના કર્તા તરીકે ગુણનંદિનું નામ છપાયું છે, પણ એ ભૂલ છે એમ પં. **ના**થુરામ પ્રેમીનું કહેવું છે.[3]

**ભગવદ્વાગ્વાદિની**– (લ.વિ.સં. ૧૭૯૭) આ **રત્નર્ષિ** નામના કોઈ મુનિની રચના છે. એમાં **જૈનેન્દ્ર** વ્યાકરણ અંગે **શબ્દાર્ણચન્દ્રિકા**ના કર્તાઓ માન્ય રાખેલો ૮૦૦ શ્લોકપ્રમાણ કેવળ સૂત્રપાઠ છે. (જુઓ. **જૈ.સા.ઈ.** પૃ. ૧૨૫) આની વિશેષતા એ છે કે દેવનન્દિ **જૈનેન્દ્ર** વ્યાકરણના કર્તાનથી પરંતુ ભ.**મ**હાવીરસ્વામિ છે એમ સિદ્ધ કરવા એમાં પુષ્કળ પ્રયાસ કરાયો છે. જુઓ જૈ.સા.ઈ. પૃ. ૧૧૫.

P. ૨૩ **કારિકા–જિનરત્નકોશ** (ખંડ ૧, પૃ. ૭)માં આનંદવિમલના શિષ્ય વિજયવિમલે રચેલી અને સ્વોપજ્ઞ અવચૂરિથી વિભૂષિત કરેલી **અનિટ્સ્વરાંતકારિકાની** નોંધ છે. એ કારિકા **જૈનેન્દ્ર** વ્યાકરણને અંગેની છે એમ અહીં કહ્યું છે.

આ કારિકાની તેમજ એની સ્વોપજ્ઞ અવચૂરિની એક હાથપોથી વિ. સ. ૧૬૨૮માં લખાયેલી મળે છે.

**વિશ્રાન્તવિદ્યાધર**–(ઉ. વિ. સં. ૭૦૦) **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૩૩૩)માં આનો 'જૈન' વ્યાકરણ તરીકે ઉલ્લેખ છે, પણ એમ માનવા માટે કોઈ પ્રમાણ અપાયેલું જણાતું નથી તેમ મને પણ એવું કોઈ પ્રમાણ મળ્યું નથી. **જિ. ર. કો.** (ખંડ ૧)માં આ વ્યાકરણની કોઈ હાથપોથી નોંધાઈ નથી. એ ઉપરથી પણ એવી સંભાવના થઈ શકે કે આ જૈન વ્યાકરણ નહિ હોય.

બીજી રીતે વિચારતાં આ વ્યાકરણનો જૈન[4] કૃતિઓમાં અવતરણપૂર્વક નિર્દેશ છે તેમજ આને 'જૈન' વ્યાકરણ માનવામાં બાધક ગણાય એવું કોઈ પ્રમાણ હજી સુધી તો મને મળ્યું નથી. આથી હું એનો અહીં વિચાર કરું છું.

**વિશ્રાન્તવિદ્યાધર**ના કર્તા **વામન** છે. આ હકીકત **ગ. ર. મ.** (પૃ. ૨)માં સ્પષ્ટપણે કહેવામાં આવી છે. વિશેષમાં એના પૃ. ૧૬૮માં 'વામન'નો 'સહૃદયચક્રવર્તી' તરીકે ઉલ્લેખ છે. આના પૃ. ૨૩૭ ઉપરથી એ જાણવા મળે છે કે વામને પોતાના વ્યાકરણ ઉપર બૃહદ્વૃત્તિ રચી હતી. આથી એવું અનુમાન દોરાય કે એમણે લઘુવૃત્તિ પણ રચી હશે. મૂળ વ્યાકરણની પેઠે આ બે વૃત્તિઓ પણ હજી સુધી તો મળી આવી નથી.

---

૧. આવી પરિસ્થિતિને લઈને કેટલાક આ જ વ્યકારણને **જૈનેન્દ્ર** કહે છે તે વાત ઘટાવી શકાય.

૨. આના સંપાદક **શ્રી**લાલ જૈન છે.

૩. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૧૪).

૪. **જિનેશ્વરસૂરિએ** **પ્રમાલક્ષ્મની** સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૯૦ અ)માં **વિશ્રાન્ત**નો ઉલ્લેખ કર્યો છે. તે **વિશ્રાન્ત-વિદ્યાધર** હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વામન**નો સમય નક્કી કરવા માટેનું પ્રબળ સાધન એમના આ વ્યાકરણ ઉપર ન્યાય રચનાર મલ્લવાદીના સમય ઉપર અવલંબે છે. મલ્લવાદી બે થયા છે એટલે એ પૈકી આ કોણ છે તેનો નિર્ણય કરાતાં **વામન**ના સમયનો અંતિમ નિર્ણય થઈ શકે. **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૩૪)માં તો એમને 'પ્રથમ મલ્લવાદી' માની **વામન**ના સમય માટે વિ. સં. ૪૦૦ અથવા તો વિ. સં. ૬૦૦ થી પ્રાચીન એમ બે વિકલ્પ દર્શાવાયા છે. P. ૨૪

**વિશ્રાન્તવિદ્યાધર** વ્યાકરણ આજે મળતું નથી, પરંતુ એનાં અનેક સૂત્રો **ગ. ર. મ.**માં ઉદ્ધૃત કરાયાં છે.[1] આ નામના વૈયાકરણનો ઉલ્લેખ 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિએ **સિ. હે.** (૧-૪-૫૨)ના સ્વોપજ્ઞ બૃહન્ન્યાસ (પૃ. ૨૬૩)માં કર્યો છે.[2]

**ન્યાસ**—આપણે ઉપર જોઈ ગયા તેમ **મલ્લ**વાદીએ **વિશ્રાંત-વિદ્યાધર** ઉપર ન્યાસ રચ્યો છે. પ્ર. ચ. (મલ્લવાદિ-પ્રબંધ, શૃંગ ૧૦ શ્લો. ૩૮)માં **વિશ્રાન્તવિદ્યાધર** નામના શબ્દશાસ્ત્રનો અને એના ઉપર ન્યાસ રચનારા તરીકે પ્રથમ **મલ્લ**વાદીનો-મહાતાર્કિકનો ઉલ્લેખ છે. [3]**હરિ**ભદ્રસૂરિએ **અનેકાન્ત જયપતાકા**માં અ. ૧, પૃ. ૫૮માં ને અ. ૨, પૃ. ૧૧૬માં આ મલ્લવાદીએ રચેલી **સમ્મઈપયરણની** ટીકામાંથી એકેક અવતરણ આપ્યું છે. એ હિસાબે આ મલ્લવાદી એમના પૂર્વગામી ઠરે છે. **સિદ્ધસેન** દિવાકર એમના વિદ્યાગુરૂ હશે એવી P. ૨૫ સંભાવના કરાય છે. એ ઉપરથી આપણે એમને વિક્રમની પાંચમી-છઠ્ઠી સદીમાં થયેલા માની શકીએ. જો એઓ બીજા મલ્લવાદી હોય તો એઓ **ન્યાયબિન્દુની** [4]**ટીકા**ના ટિપ્પણકાર ગણાય, અને એ હિસાબે એઓ ઈ. સ.ની આઠમી સદીમાં થયેલાં મનાય.

'કલિ૦' હેમચન્દ્રસૂરિએ **સિ. હે.**ની સ્વોપજ્ઞ ટીકામાં આ ન્યાસમાંથી ઉદ્ધરણ આપ્યાં છે.[5] **ગ. ર. મ.** (પૃ. ૭૧ ને ૯૨)માં **વિશ્રાન્તવિદ્યાધર**ના ન્યાસનો ઉલ્લેખ છે.

([6]**શાકટાયન) શબ્દાનુશાસન**–(લ. વિ. સં. ૯૦૦)-**મુગ્ધ બોધ**ના કર્તા પં. **બોપ**દેવે ધાતુપાઠમાં જે આઠ વૈયાકરણોનાં નામ ગણાવ્યાં છે તેમાં **શાકટાયન**નું પણ નામ છે. આ નામના એક વૈયાકરણ તો **પાણિનિ**થી જ નહિ પણ **યાસ્ક**ની પણ પૂર્વે થઈ ગયા છે. અહીં જે **શાકટાયન** પ્રસ્તુત છે તેઓ તો 'જૈન' છે. એમનું વાસ્તવિક નામ **પાલ્ય**કીર્તિ છે એમ દિ. **વાદિ**રાજસૂરિકૃત **પાર્શ્વનાથચરિત** વગેરે જોતાં જણાય છે. એમનું 'શાકટાયન' એવું નામ તો પાછળથી પડ્યું જણાય છે. **નંદી**ની ટીકા(પત્ર[7] ૧૬અ)માં **મલય**ગિરિસૂરિએ

૧. આ ઉપરથી જોઈ શકાશે કે લુપ્ત થયેલા ગ્રંથો ઉપર પ્રકાશ પાડવામાં પણ જૈન ગ્રંથો સહાયક થઈ પડે તેમ છે. આથી પણ જૈન ગ્રંથોનો પરિશીલનપૂર્વક વિસ્તૃત પરિચય કરાવનાર પુસ્તકની આવશ્યકતા સિદ્ધ થાય છે.

૨. જુઓ **સિ. હે.**ની **શ્રી વિજય**લાવણ્યસૂરિએ વિ. સં. ૨૦૦૭માં સંપાદિત કરેલી આવૃત્તિ.

૩. આધુનિક વિદ્વાનોના મોટા ભાગની માન્યતા મુજબ એમનો સમય વિ. સં. ૭૫૭-૮૨૭ છે. **શ્રી યુધિષ્ઠિર** મીમાંસક તો એમને વિ. સં. ૭૫૭થી પ્રાચીન માને છે, અને એમનો સ્વર્ગવાસ વિ. સં. ૫૮૫માં થયાની જૈન શ્રુતિ-પરંપરાને સમુચિત ગણે છે. જુઓ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૩૨).

૪. આ ટીકાના કર્તા બૌદ્ધ આચાર્ય **ધર્મોત્તર** છે.

૫. જુઓ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૩૨)

૬. અભયચંદ્રકૃત **શાકટાયન-પ્રક્રિયાસંગ્રહ** સહિત આ વ્યાકરણ જેષ્ઠારામ મુકુંદજીએ મુંબઈથી ઈ. સ. ૧૯૦૭માં પ્રકાશિત કર્યું છે.

*૭. મેં જે પત્રાંક આપ્યો છે તે તો આગમોદય સમિતિ તરફથી ઈ. સ. ૧૯૨૪માં છપાયેલી આવૃત્તિનો છે.* **જૈ. સા. ઈ.**માં પત્રાંક તરીકે ૨૩નો ઉલ્લેખ **અને આનંદબોધિની વૃત્તિ સહિતની સિ. હે.ની આવૃત્તિની પ્રસ્તાવના (પૃ. 'ખ')માં ૧૫નો ઉલ્લેખ છે તો એ નંદી (સટીક)ની** કઈ કઈ આવૃત્તિઓને અંગે છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૬ એમને 'યાપનીય' યતિઓના સમુદાયના અગ્રણી કહ્યા છે, અને એમના સ્વોપજ્ઞ **શબ્દાનુશાસનની** નિમ્નલિખિત પ્રારંભિક પંક્તિ પણ રજુ કરી છે :–

"श्रीवीरममृतं ज्योतिर्नत्वाऽऽदिं सर्ववेधसाम्"

આ **શાકટાયને** પોતાના **શબ્દાનુશાસન** ઉપર **અમોઘવૃત્તિ** રચી છે. વળી એમણે[1] **સ્ત્રીમુક્તિ–કેવલિભુક્તિ**–પ્રકરણ રચ્યું છે. **રાજશેખરે** **કાવ્યમી**માંસામાં **પાલ્ય**કીર્તિનો મત નોંધ્યો છે. એ ઉપરથી એમણે કોઈ અન્ય સાહિત્યિક કૃતિ પણ રચી હોય એમ ભાસે છે.

આ સિદ્ધાંતજ્ઞ અને તાર્કિક (અભિનવ) શાકટાયન નૃપતિ **અમો**ઘવર્ષના સમકાલીન છે. એ હિસાબે એમનો સમય વિ. સં. ૮૭૧ થી ૯૨૪ની આસપાસનો ગણાય.

**શાકટાયન** [2]**વ્યાકરણ-** મંગલ-શ્લોકથી શરૂ થતું આ વ્યાકરણ ચચ્ચાર પાદવાળા ચાર અધ્યાયમાં વિભક્ત છે. આમ આમાં જે સોળ પાદ છે તેની સૂત્ર-સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :-

૧૮૦, ૨૨૩, ૧૯૫, ૧૨૩, ૨૨૯, ૧૭૨, ૧૧૩, ૨૩૯, ૨૦૧, ૨૨૭, ૨૮૧, ૧૪૬, ૨૭૧, ૨૬૧, ૨૮૯ અને ૧૮૬.આમ અહીં એકંદર ૩૩૩૬ સૂત્રો છે.

(શાકટાયન) શબ્દાનુશાસનમાં ચાર અધ્યાય છે અને પ્રત્યેક અધ્યાયમાં ચચ્ચાર પાદ છે. બધું મળીને ૩૩૩૬ સૂત્રો છે. આ વ્યાકરણ એવી રીતે રચાયું છે કે ઈષ્ટિ[3] અને ઉપસંખ્યાનની આવશ્યકતા રહેતી નથી. 'જે અહીં નથી તે અન્યત્ર પણ નથી'[4] એવું વિધાન પણ આને અંગે યક્ષવર્માએ કર્યું છે.

આ **શબ્દાનુશાસન**માં[5] આર્યવજ્ર, ઈન્દ્ર[6] અને સિદ્ધનંદિ[7] એમ ત્રણ પૂર્વાચાર્યોનો ઉલ્લેખ છે. છેલ્લા બે 'યાપનીય' હશે અને પહેલા તો સુપ્રસિદ્ધ વજ્રસ્વામી હશે કે જેમનો સ્વર્ગવાસ **વીર**સંવત્ ૫૮૪માં થયો છે. **તિલોયપણણત્તિ**માં જે **વજ્રયશ** નામના અંતિમ **પ્રજ્ઞા**શ્રમણનો ઉલ્લેખ છે તે આ વજ્રસ્વામી હશે.[8]

P. ૨૭ **સ્વોપજ્ઞ અમોઘવૃત્તિ**–**શાકટાયને** પોતાના **શબ્દાનુશાસન**ની ઉપર આ વૃત્તિ રચી છે. એના નામગત 'અમોઘ' શબ્દ અમોઘવર્ષ નામના નૃપતિનો સૂચક છે. આ વૃત્તિનું પરિમાણ લગભગ ૧૮૦૦૦ શ્લોક જેવડું છે. આ વૃત્તિમાં શ્વેતાંબર સાહિત્ય તરીકે સુપ્રસિદ્ધ આવશ્યક,[9] કાલિકસૂત્ર,[10] છેદસૂત્ર[11] અને નિર્યુક્તિનો[12] ઉલ્લેખ છે.

---

૧. આ "જૈન સાહિત્ય સંશોધક" (ભા. ૨, અં. ૩-૪ ઈ.સ. ૧૯૨૫)માં છપાયું છે. [પૂ. મુનિશ્રી જંબૂવિજય મ. એ સંશોધિત. સંપાદિત થઈ પ્રગટ થયેલ છે.]

૨. આ વ્યાકરણ **યક્ષવર્માએ** રચેલી **ચિન્તામણિ** નામની લઘુવૃત્તિ સહિત તેમજ સૂત્રપાઠ, **અમોઘવૃત્તિ**માંથી ઉદ્ધૃત અને **સિદ્ધાન્તકૌમુદી** પ્રમાણે સંસ્કારિત કરેલા ગણપાઠ, સૂત્રની અકારાદિ ક્રમે સૂચી, ધાતુપાઠ, તથા ધાતુપાઠની અનુક્રમણિકા સહિત ડૉ. **જગન્નાથપ્રસાદે** ઈ.સ. ૧૯૨૧માં પ્રસિદ્ધ કર્યું છે.

૩. જે સૂત્ર અને વાર્તિકથી સિદ્ધ ન થાય, પરંતુ ભાષ્યકારના પ્રયોગાદિ વ્યવહારથી સિદ્ધ થાય તેને 'ઈષ્ટ' કહે છે.

૪. **વ્યાસ** અને **બાણ**ની કૃતિ માટે પણ આમ કહેવાય છે.

૫–૭.જુઓ અનુક્રમે ૧–૨–૧૩, ૧–૨–૩૭ અને ૨–૧–૨૨૯.

૮. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૬૨)

૯. જુઓ ૧-૨-૨૦૩ અને ૧-૨-૨૦૪ ની વૃત્તિ.

૧૦. જુઓ ૩-૨-૪૭ ની વૃત્તિ.

૧૧. જુઓ ૪-૪-૧૩૩ ની વૃત્તિ.

૧૨. જુઓ ૪-૪-૧૪૦ની વૃત્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં "उपसर्वगुप्तं व्याख्यातार:" એ ઉલ્લેખ દ્વારા સર્વગુપ્તને શ્રેષ્ઠ વ્યાખ્યાતા કહ્યા છે. એઓ આરાહણા (આરાધના)ના કર્તા **શિવાર્ય**ના વિદ્યાગુરુ હશે.[1]

**વર્ધ**માનસૂરિએ ગ. ર. મ. (પૃ. ૮૨ અને પૃ. ૯૦)માં આ **અમોઘવૃત્તિ**માંથી ઉદ્ધરણ આપી એના કર્તા તરીકે **શાકટાયન**નો ઉલ્લેખ કર્યો છે. **સર્વાનંદે અમરટીકા–સર્વસ્વ**માં આ **અમોઘવૃત્તિ**માંથી **પાલ્ય**કીર્તિના નામપૂર્વક ઉદ્ધરણ આપ્યું છે.

**અમોઘવૃત્તિ**માં "अदहदमोघवर्षोऽरातीन्" એવું ઉદાહરણ છે. અહીં જે અમોઘવર્ષનો ઉલ્લેખ છે એ જૈન વિદ્વાનોના આશ્રયદાતા અને શકસંવત્ ૭૩૬માં ગાદીએ બેસનારા નૃપતિ છે. આ ઉપરથી આ વૃત્તિની રચના શકસંવત્ ૭૩૬થી ૭૮૯ના ગાળામાં થઈ છે. એમ કહી શકાય.[2]

**અમોઘવૃત્તિનો ન્યાસ**–આના કર્તા દિ. **પ્રભાચન્દ્ર** છે અને તે પણ **શબ્દાંભોજ ભાસ્કર**ના કર્તા છે એમ કેટલાક સોળમી સદીના શિલાલેખ અને કેટલીક કિંવદન્તીને આધારે માને છે, પંરતુ **પ્રમેયકમલમાર્તંડ**ની P. ૨૮
પ્રસ્તાવના (પૃ. ૬૮)માં પં. **મહેન્દ્ર**કુમારે આ બાબત શંકાસ્પદ હોવાનું કહ્યું છે અને સાથે સાથે એ માટે નીચે મુજબનાં આઠ કારણો પણ એમણે રજૂ કર્યાં છે :–

(૧) મંગલશ્લોક નથી તેનું શું ?
(૨) ગ્રંથમાં કોઈ સ્થળે **પ્રભાચન્દ્ર**નું નામ નથી.
(૩) પ્રસ્તુત ન્યાસ માટે કોઈ વિશિષ્ટ નામ ન્યાસકારે આપ્યું નથી.
(૪) શાકટાયનની સ્ત્રીમુકિત અને કેવલિ–ભુકિતને અંગેની માન્યતાઓનું ખંડન કરનાર કટ્ટર દિ. પ્રભાચન્દ્ર એ **શાકટાયન**ના વ્યાકરણ ઉપર ન્યાસ રચે ખરા ?
(૫) શાકટાયન માટે વપરાયેલાં ગૌરવશાળી વિશેષણોનું ન્યાસમાં સમર્થન છે તો **પ્રભા**ચન્દ્ર તેમ કરે ખરા ?
(૬) **શાકટાયન**–વ્યાકરણમાંથી, **જૈનેન્દ્ર–વ્યાકરણ**ની પેઠે પ્રભાચન્દ્રીય કૃતિમાં એક પણ સૂત્ર ઉદ્ધૃત કરાયું નથી તેનું શું ?
(૭) આ ન્યાસમાં **પ્રભાચન્દ્ર**ની કોઈ કૃતિનો કે એમની અન્ય કોઈ કૃતિમાં આ ન્યાસનો ઉલ્લેખ નથી તેનું શું?
(૮) **શબ્દાંભોજભાસ્કર** જેવી પ્રસન્ન શૈલી આ ન્યાસમાં નથી તેનું શું ?

આવી પરિસ્થિતિમાં પં. **મહેન્દ્ર**કુમાર તો આ ન્યાસના કર્તા શાકટાયન જ હશે એવી કલ્પના કરવા પ્રેરાયા છે, અને **પ્રભાચન્દ્ર**ની જૈનૈન્દ્ર વ્યાકરણ ઉપરના ન્યાસકાર તરીકેની પ્રસિદ્ધિ શાકટાયનીય ન્યાસના કર્તા મનાવવામાં કારણભૂત બની હશે એમ એમણે સૂચવ્યું છે.

તેરમી સદીના **લીલા**શુક મુનિએ "દૈવમ્"ની પુરુષકાર ટીકા. (પૃ.૬૬)માં **શાકટાયન-ન્યાસ**માંથી P. ૨૯
અવતરણ આપ્યું છે,[3] એ આ જ ન્યાસનું હશે, માધવીય ધાતુવૃત્તિમાં પણ ન્યાસમાંથી અવતરણ અપાયું છે.[4]

**ચિન્તામણિ**–આ ઉપર્યુક્ત વ્યાકરણની **યક્ષ**વર્માકૃત લઘુવૃત્તિ છે. એના પ્રારંભમાં બાર પદ્યો છે. એનાં ત્રીજા અને ચોથા પદ્યમાં આ વ્યાકરણના કર્તા **શા**કટાયનની અને પાંચમા અને છઠ્ઠામાં એમના આ વ્યાકરણની પ્રશંસા છે. સાતમા પદ્યમાં અતિમહતી વૃત્તિના સંક્ષેપરૂપે આ લઘુવૃત્તિ રચ્યાનો ઉલ્લેખ છે. આ

૧. જુઓ જૈ. **સા. ઈ.** (પૃ. ૧૫૩).
૨. એજન, પૃ. ૧૬૧.
૩. જુઓ **સં. વ્યા. ઈ.** (પૃ. ૪૩૮)
૪. જુઓ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઘુવૃત્તિનું પરિમાણ છ હજાર શ્લોક જેવડું છે એમ નવમા પદ્યમાં કહ્યું છે. દસમા પદ્યમાં એવો ઉલ્લેખ છે કે આ લઘુ વૃત્તિમાં **ઇન્દ્ર, ચન્દ્ર** વગેરે વૈયાકરણોએ જે કહ્યું છે તે બધું આમાં છે અને જે અહીં નથી તે અન્યત્ર નથી. આ ડો. જગન્નાથપ્રસાદ દ્વારા ઇ.સ. ૧૯૨૧માં પ્રસિદ્ધ છે. જુઓ પૃ. ૧૪ ટિ. ૨

અ. ૧, પા. ૩ ને અંગેની લઘુવૃત્તિની પુષ્પિકામાં પ્રસ્તુત **શાકટાયન**ને 'શ્રુતકેવલિદેશીય' કહ્યા છે.

**આ ચિન્તામણિટીકા** અને એની **ટીકા– ચિન્તા**મણિ ટીકા એ **અમોઘવૃત્તિ**ના સંક્ષેપરૂપ છે. એના કર્તા યક્ષવર્મા છે. એ કોઈ ગૃહસ્થ હશે. આ [1]**ચિન્તામણિ-ટીકા** ઉપર દિ. આચાર્ય અજિતસેને 'મણિ' નામની ટીકા રચી છે.

**પ્રક્રિયાઓ–**

[2]**પ્રક્રિયા–સંગ્રહ**–આની શૈલી સિદ્ધાંત–કૌમુદીને મળતી આવે છે. એના કર્તા દિ. **અભયચન્દ્ર** છે. વિદ્યાર્થીઓ માટે એ યોજાયેલી હોવાથી એમાં **શબ્દાનુશાસન**નાં તમામ સૂત્રોની વ્યાખ્યા નથી.

**શાકટાયન–ટીકા**–આ પ્રક્રિયાનુસારી ગ્રંથ છે. એના કર્તા 'વાદિપર્વતવજ્ર' ને નામે ઓળખાતા દિ. **ભાવસેન**[3] ત્રૈવિદ્ય છે.

[4]**રૂપસિદ્ધિ**-આ લઘુપ્રક્રિયારૂપ છે. એના કર્તા દિ. **દયાપાલમુનિ** છે. એઓ 'દ્રવિડ' સંઘના **મતિ**સાગરના શિષ્ય થાય છે. એઓ વિ. સં. ૧૦૫૨ની આસપાસમાં થયા છે.

**લિંગાનુશાસન**[5]–ભાષા શબ્દોની બનેલી છે. એ શબ્દો કયા લિંગના અર્થાત્ કઈ જાતિના ગણવા એ બાબત એને અંગેની પરંપરા ઉપર આધાર રાખે છે. હિંદી જેવી ભાષા પુલ્લિંગ અને સ્ત્રીલિંગ એમ બે જ જાતિમાં સમગ્ર શબ્દોને વિભક્ત કરે છે, જ્યારે ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓ એ બે ઉપરાંત નપુંસક–લિંગ પણ ગણાવે છે. સંસ્કૃત અને પાઇય ભાષાઓમાં પણ આ ત્રણ લિંગ છે. કયો શબ્દ કયા લિંગનો ગણવો એ માટે વ્યાપક સ્વરૂપે સામાન્ય નિયમો ઘડી શકાય તેમ ન હોવાથી સંસ્કૃત શબ્દોનાં લિંગો સૂચવનારી કૃતિની આવશ્યકતા સિદ્ધ થાય છે. વળી આવી કૃતિની યોજના એ વ્યાકરણ સાથે અગત્યનો અને અનિવાર્ય સંબંધ ધરાવનારા અંગની બોધક બને છે. આથી આવી કૃતિઓ પાણિનિના[6] સમયથી તો રચાતી આવી છે.

મુખ્ય મુખ્ય વૈયાકરણોની શાખાઓ ગણાય છે. તે તે શાખા વ્યાકરણનાં સૂત્રપાઠ, ગણપાઠ, ઉણાદિસૂત્ર, ધાતુપાઠ, લિંગાનુશાસન એમ પાંચે અંગોને બોધ કરાવનારી સામગ્રી પૂરી પાડે એ સ્વાભાવિક છે, પરંતુ સૂત્રપાઠ રચનાર જ બાકીનાં ચારે અંગો રચે એવો કંઈ નિયમ નથી. તેમ છતાં એ બધાં જો

૧. **સમં**તભદ્રે આ ટીકાનાં વિષમ પદો ઉપર **ટિપ્પણ** રચ્યું છે, અને એ ટિપ્પણનો ઉલ્લેખ **માધવીય ધાતુવૃત્તિ**માં છે.

૨. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૫ **ગુસ્ટવ** આપર્ટને આ કૃતિ ઈ. સ. ૧૮૯૩માં પ્રસિદ્ધ કરી છે. એમાં એમણે શાકટાયનને 'પ્રાચીન શાકટાયન' માનવાની ભૂલ કરી છે. [સન્ ૧૯૭૦માં મુંબઈથી **જ્યેષ્ઠારામ** મુકુંદજીએ પણ પ્રક્રિયાસંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.]

૩. એમણે **વિશ્વતત્ત્વપ્રકાશ** રચ્યો છે.

૪. આ પ્રકાશિત છે.

૫. આ અમુદ્રિત હોય એમ જણાય છે.

૬. **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૧૫૯) પ્રમાણે **પાણિનિ**એ પંચાંગ વ્યાકરણ રચ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક જ કર્તાની રચના હોય તો તે ઇષ્ટ ગણાય. ગમે તેમ પણ શાકટાયન વગેરે[1] કેટલાક જૈન વૈયાકરણોએ તો પોતે આ જાતની કૃતિ રચી છે, અને એને **લિંગાનુશાસન** તરીકે ઓળખાવી છે. **શાકટાયન**કૃત **લિંગાનુશાસન**ની હાથપોથી મળે છે. એ 'આર્યા' છંદમાં રચાયેલી ૭૦ પદ્યોની કૃતિ છે.

**ધાતુપાઠ**[2]–**શાકટાયન**ે આના મંગલાચરણરૂપ પદ્યમાં 'જિન'ને નમસ્કાર કરી "एधि वृद्धौ, स्पधि P. ૩૧ संघर्षे" થી શરૂઆત કરી છે. એમણે ૧૩૧૭ (૧૨૮૦+૩૭) ધાતુઓ અર્થ સહિત આપ્યા છે. અંતમાના ૩૭ કંડ્વાદિ ધાતુઓ સિવાયના ધાતુઓને एध्, अद्, हु, दिव्, षु, क्री, तुद्, तन्, रुध्, चुर् અને युज् એમ ૧૧ શીર્ષકમાં વિભક્ત કર્યા છે. આ તેમજ એવા બીજા ૩૬ ધાતુઓને 'વિકલ્પ–ણિજન્ત' તરીકે એટલે કે વિકલ્પે 'અય્' પ્રત્યય લેનારા તરીકે ઓળખાવાયા છે, જ્યારે चुर् વગેરેને 'નિત્ય–ણિજન્ત' ધાતુ કહ્યા છે.

[3]**પંચગ્રંથી યાને** [4]**બુદ્ધિસાગર**–(વિ. સં. ૧૦૮૦)-આ વ્યાકરણના કર્તા **બુદ્ધિસાગરસૂરિ** છે. એમણે **લિંગાનુશાસન** પણ રચ્યું છે.[5] એઓ '**ચંદ્ર**'કુળના **વર્ધમાન**સૂરિના શિષ્ય થાય છે. **પ્રમાલક્ષ્મ** યાને **પ્રમાલક્ષણ**ના કર્તા **જિનેશ્વરસૂરિ** એમના સહોદર થાય છે. **બુદ્ધિસાગરસૂરિ**એ આ વ્યાકરણ 'જાબાલિપુર'માં વિ. સં. ૧૦૮૦માં રચ્યું છે. આ વાત તેમજ આ આદ્ય વ્યાકરણ છે એ હકીકત પણ એના અંતિમ પદ્યમાં ગ્રંથકારે જાતે કહી છે. વિશેષમાં એમણે અહીં આ ગ્રંથનું [6]પરિમાણ ૭૦૦૦ શ્લોકનું કહ્યું છે. પ્રં. ચ. P. ૩૨ (અભયદેવસૂરિચરિત' શૃંગ ૧૯, શ્લો. ૮૯)માં તો આનું પરિમાણ ૮૦૦૦ દર્શાવાયું છે. સાથે સાથે આ નવું વ્યાકરણ **બુદ્ધિસાગરસૂરિ**એ રચ્યું છે અને એનું નામ બુદ્ધિસાગર છે એવો પણ અહીં ઉલ્લેખ છે.

આ વ્યાકરણની એક તાડપત્રીય પ્રતિ જેસલમેરના ભંડારમાં છે. એનો આદિમ ભાગ નીચે મુજબ છે :–

"सिद्धं जिनं सर्वविदं निरञ्जनं सवीर्यमीशं कमलालयं गुरून् ।
नत्वा प्रबद्धो लघुपूर्णपद्यवाक् लब्ध(?) लक्ष्म्याऽबुधबुद्धिवृद्धये ॥"

**રચનાનો હેતુ**–આ વ્યાકરણ તેમજ **પ્રમાલક્ષ્મ** રચવાનો હેતુ પ્રમાલક્ષ્મનાં નિમ્નલિખિત પદ્યોમાં સ્પષ્ટપણે દર્શાવાયો છે :–

---

૧. વગેરેથી ખાસ કરીને **બુદ્ધિસાગરસૂરિ** અને કલિ. **હેમચન્દ્રસૂરિ** એ બે નામો હું સૂચવું છું.

૨. આ શાકટાયનીય ધાતુપાઠ પં. **ગૌરીલાલ** જૈને **વીર**સંવત્ ૨૪૩૭માં છપાવ્યો છે. અંતમાં ધાતુઓની અકારાદિ ક્રમે સૂચી અપાઈ છે.

૩. આ વ્યાકરણ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થયું હોય એમ જણાતું નથી. [અપૂર્ણ પ્રતિના આધારે પ્રો. **કંસારા** સંપાદનનો પ્રાયસ કરે છે.]

૪. આ નામની નીતિવિષયક કૃતિ સોની **સંગ્રામસિંહે** વિ. સં. ૧૫૨૦માં રચી છે અને એ છપાયેલી છે.

૫. આ પ્રમાણેનો ઉલ્લેખ "મદ્રાસ વિદ્યાપીઠ" તરફથી પ્રકાશિત **હર્ષવર્ધન**કૃત **લિંગાનુશાસન**ની ભૂમિકા (પૃ. ૩૪)માં એના સંપાદકે કર્યો છે. અને એ યથાર્થ છે, કેમકે આ વ્યાકરણના અંતિમ ભાગમાં નીચે મુજબનું પદ્ય છે :–

"श्री विक्रमादित्यनरेन्द्रकालात् साशीतिके याति समासहस्रे ।
सश्रीक 'जाबालि'पुरे तदाद्यं, दृब्धं मया सप्तसहस्रकल्पम् ॥"

૬. આ પરિમાણ આ વ્યાકરણના મૂલપાઠ અને એની વૃત્તિ સહિતનું છે એમ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૪૭)માં કહેવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''तैरवधीरिते यत् तु प्रवृत्तिरावयोरिह । तत्र दुर्जनवाक्यानि प्रवृत्तेः सन्निबन्धनम् ॥४०३॥

शब्दलक्ष्म प्रमालक्ष्म यदेतेषां न विद्यते । नादिमन्तस्ततो ह्येते परलक्ष्मोपजीविनः ॥४०४॥''

આનો અર્થ એ છે કે મારી અને **બુદ્ધિસાગરસૂરિ**ની પ્રવૃત્તિમાં દુર્જનોનાં વાક્યો કારણરૂપ છે. એ વાક્યો એ છે કે આ લોકો પાસે—શ્વેતાંબરોની પાસે, નથી શબ્દલક્ષ્મ યાને [1]વ્યાકરણ કે નથી
P. ૩૩ પ્રમાણલક્ષ્મ યાને પ્રમાલક્ષણ[2]. આ લોકો કંઈ પહેલેથી નથી; એઓ તો પાછળથી જન્મ્યા છે. એથી એઓ 'બૌદ્ધ' વગેરેના ગ્રંથો ઉપર આધાર રાખનારા છે. એના વડે એઓ જીવે છે.

**આધાર-પ્રમાલક્ષ્મ**ના અંતિમ (૪૦૫માં) શ્લોકમાં કહ્યું છે કે આચાર્ય **બુદ્ધિસાગરે** વ્યાકરણ [3]વૃત્તોમાં રચ્યું છે. આનો અર્થ સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૯૦ અ)માં સૂચવતાં જિનેશ્વરસૂરિએ કહ્યું છે કે **બુદ્ધિસાગરસૂરિ**એ આ વ્યાકરણ પાણિનિ, **ચન્દ્ર**, **જૈનેન્દ્ર**, [4]**વિશ્રાન્ત** અને [5]દુર્ગ-ટીકાને જોઈને ધાતુ(પાઠ), સૂત્ર(પાઠ), ગણ(પાઠ) અને ઉણાદિ(સૂત્ર)ની વૃત્તમાં રચના કરી છે. આથી એ વાત સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે સમગ્ર પંચાંગ વ્યાકરણ છંદોબદ્ધ છે.

**ઉલ્લેખ-ધનેશ્વરસૂરિ**એ વિ. સં. ૧૦૯૫માં રચેલી **સુરસુંદરીચરિય** (પરિચ્છેદ ૧૬, શ્લો. ૨૪૫)મા **બુદ્ધિસાગરસૂરિ**નો ઉલ્લેખ છે. **પંચાસગ**ની **અભયદેવસૂરિ**એ વિ. સં, ૧૧૨૦માં રચેલી વૃત્તિ (પ્રશસ્તિ, શ્લો. ૩)મા, **ગુણચન્દ્રે** વિ. સં. ૧૧૩૯મા રચેલા **મહાવીરચરિય** (પ્રસ્તાવ ૮, શ્લો. ૫૩)મા, **જિનદત્તસૂરિ**એ **ગણહરસદ્ધસયગ**ના ૬૯મા પદ્યમાં, પદ્મપ્રભે **કુંથુનાથચરિત**માં અને ઉપર સૂચવ્યા મુજબ **પ્ર. ચ.**માં આ
P. ૩૪ **બુદ્ધિસાગર** વ્યાકરણ વિષે ઉલ્લેખ છે. **અભિધાનચિન્તામણિ** કાંડ ૩, શ્લો. ૨૬૭)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૨૪૫)મા બુદ્ધિસાગરનો જે ઉલ્લેખ છે એ કર્તાના નામને અંગે હોય એમ લાગે છે.

**હૈમ પંચાગ વ્યાકરણ** (લ. વિ. સં. ૧૧૯૩)- વ્યાકરણનાં (અ) સૂત્રપાઠ, (આ) ઉણાદિસૂત્રો, (ઇ) ધાતુપાઠ, (ઈ) ગણપાઠ અને (ઉ) લિંગાનુશાસન એમ પાંચ અંગ ગણાય છે. 'કલિ.' [6]**હેમચન્દ્રસૂરિ**એ પંચાંગ વ્યાકરણ રચ્યું છે. વિશેષમાં એમણે એનાં પાંચે અંગોને સ્વોપજ્ઞ વૃત્તિ વડે વિભૂષિત કર્યાં છે.

૧. જુઓ પં. બેચરદાસ. દોશીનો લેખ નામે ''ગુજરાતનું પ્રધાન વ્યાકરણ'' (પૃ. ૮૩). આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં રજૂ કરાયેલા નિબંધરૂપ આ લેખ ''પુરાતત્વ'' (પૃ. ૪, અં. ૧–૨, પૃ. ૬૧–૧૦૦)માં છપાયો છે. પૃ. ૮૩માં અંતિમ ભાગ અપાયો છે.

૨. **સિદ્ધસેન** દિવાકરે **ન્યાયાવતાર** અને **સ. પ.** રચ્યાં છે તેનું શું ? શું દુર્જનોએ આનો અપલાપ કર્યો હશે ?

૩. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૨૪)મા આનો અર્થ એમ કરાયો છે કે આ વ્યાકરણ છંદોબદ્ધ છે, અને એ અર્થ બરાબર છે, પરંતુ ''ગૂજરાતનું પ્રધાન વ્યાકરણ'' નામના લેખ (પૃ. ૮૪)મા તો કહ્યું છે કે 'આ વ્યાકરણ જોતાં જણાય છે કે એ કેવળ પદ્યોમાં નથી પણ ગદ્યપદ્યરૂપ છે.'

૪. આ **વિશ્રાન્ત** તે **વામન**કૃત **વિશ્રાન્તવિદ્યાધર** વ્યાકરણ હશે.

૫. **કાતન્ત્ર** વ્યાકરણ ઉપર **દુર્ગસિંહે** જે ટીકા રચી છે તે આ છે. **ચતુર્વિંશતિપ્રબંધ** (પ્રબંધ ૨૪, પૃ. ૨૨૬)મા **દુર્ગસિંહ**કૃત વૃત્તિનો ઉલ્લેખ છે. **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૦૯) પ્રમાણે **દુર્ગ**ટીકા **કાશિકા** કરતાં પહેલાં રચાઈ છે અને **કાશિકા** એ **વામન**ે અને **જયાદિત્યે** સાથે મળીને રચેલી ટીકા છે અને એની રચના **ભાર**વિના સમય પછી થયેલી છે.

૬. એમના જીવનની રૂપરેખા માટે જુઓ ત્રીજા પ્રકરણનો પ્રારંભિક ભાગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગળ ઉપર એના એક અંગરૂપ [1]સૂત્રપાઠની પ્રક્રિયારૂપે સંકલના કરાઈ છે એટલું જ નહિ પણ આ વ્યાકરણને ઉદ્દેશીને સ્વતંત્ર અને સંક્ષિપ્ત કૃતિઓ પણ રચાઈ છે. આમ આ પંચાંગ વ્યાકરણને અંગે પુષ્કળ [2]સાહિત્ય યોજાયું છે. એનું યથેષ્ટ નિરૂપણ ખૂબ જગ્યા માગી લે તેમ છે એટલે એને અહીં સ્થાન ન આપતાં હું એનો સ્વતંત્ર પ્રકરણરૂપે હવે પછી વિચાર કરીશ.

**ભદ્રેશ્વર વ્યાકરણ** (ઉ. વિ. સં. ૧૧૯૭)- **ગ. ર. મ.**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં દીપકકર્તા તે **ભદ્રેશ્વર**સૂરિ છે અને આધુનિક વૈયાકરણોની અપેક્ષાએ એમનું પ્રાધાન્ય છે એમ કહ્યું છે. આથી એમણે કોઈ વ્યાકરણ રચ્યું P. ૩૫ હશે એમ લાગે છે. એ અનુપલબ્ધ વ્યાકરણનું નામ જાણવામાં નથી એટલે મેં અહીં આ નામ યોજ્યું છે.

[3]**ગણરત્નમહોદધિ (વિ. સં. ૧૧૯૭) અને એની સ્વોપજ્ઞ વૃત્તિ**- આ વ્યાકરણનો ગ્રન્થ **ગો**વિન્દસૂરિના શિષ્ય **વર્ધ**માનસૂરિએ પોતાના શિષ્યની પ્રાર્થના અનુસાર વિ. સં. ૧૧૯૭માં રચ્યો છે, અને એને ૪૨૦૦ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યો છે. આ ઉપરાંત એમણે [4]**સિદ્ધરાજ-વર્ણન** નામનો ગ્રંથ રચ્યો છે. સિદ્ધરાજ જયસિંહના દરબારમાંના કેટલાક વિદ્વાનોમાંના એઓ એક હતા. એઓ 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિના સમકાલીન થાય છે. તેમ છતાં એકે બીજાનો પોતાની કોઈ કૃતિમાં ઉલ્લેખ કરેલો હોય એમ જાણવામાં નથી.

વર્ધમાનસૂરિએ ગ. ર. મ.ને આઠ અધ્યાયમાં વિભક્ત કર્યો છે. એમણે પાણિનીયાદિ વ્યાકરણોને સંમત નામોના ગણોને, નહિ કે ભ્વાદિ નવ કે દસ ધાતુના ગણોને શ્લોકોમાં રજુ કર્યા છે. આમ કરવા માટે એમણે **અષ્ટા૦**ના અધ્યાયોનો ક્રમ ન સ્વીકારતાં પ્રકરણ અનુસાર રચના કરી છે. જેમકે પ્રથમ 'નામ-ગણ' અધ્યાયમાં એમણે ગતિ, ઉપસર્ગ, અવ્યય, નિપાત, સર્વનામ વગેરેના ગણો આપ્યા છે. અ. ૨.માં સમાસાશ્રિત ગણોને, અ. ૩-૭માં તદ્ધિત-ગણોને અને અ. ૮માં કૃત્ અને આખ્યાત સંબંધી ગણોને એમણે P. ૩૬ સ્થાન આપ્યું છે. **ભીમસેન** શર્માએ પ્રાસ્તાવિક (પૃ. ૨)માં કહ્યું છે કે **અષ્ટા.**ને સ્થાને અન્ય વ્યાકરણ પ્રચારમાં હશે એથી તો **અષ્ટા.**ગત ગણસૂત્રો ન આપતાં એ **અષ્ટા.**ને જોઈને એના ઉપરથી કોઈએ સંક્ષેપમાં રચેલાં સૂત્રો વૃત્તિમાં ઉદ્ધૃત કરાયેલાં જોવાય છે.

---

૧. "ઋષભદેવજી છગનીરામજી સંસ્થા" તરફથી ઉજ્જૈનથી ઈ. સ. ૧૯૪૩માં **હેમચન્દ્રકૃતિકુસુમાવલી**ના નામથી જે પુસ્તક પ્રસિદ્ધ કરાયું છે તેમાં પ્રારંભમાં **સિ. હે.**ના અ. ૫, પા. ૨ સુધીનાં સૂત્રો અપાયાં છે. ત્યાર બાદ ઉણાદિ-સૂત્રો, પછી **સિ.** હે. નાં બાકીનાં સૂત્રો, વ્યાકરણવિષયક કેટલીક કારિકાઓ, **ન્યાયસંગ્રહ** (૧૪૦ ન્યાયો), હૈમ **લિંગાનુશાસન,** હૈમ **કાવ્યાનુશાસન** તેમજ બે હૈમ દ્વાત્રિંશિકા **(અયોગ-વ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા** અને **અન્ય-યોગ-વ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા)** અપાયાં છે.

૨. મેં "**હૈ**મ પંચાંગ વ્યાકરણના અભ્યાસ માટેનાં સાધનો" નામના લેખમાં આ સાહિત્યની રૂપરેખા આલેખી છે.

૩. આનું સંપાદને જે. **એ**ગ્લિંગે (Eggling) "સંસ્કૃત ટેક્ષ્ટ સોસાયટી" માટે કર્યું છે. એમાં ૪૬૦ પદ્યો છે. એ ઈ.સ. ૧૮૭૯-૮૧માં પ્રસિદ્ધ થયું છે.**ભી**મસેન શર્માએ પણ આ મૂળ કૃતિનું સ્વોપજ્ઞ વૃત્તિ સહિત સંપાદન કર્યું છે. એમણે પ્રારંભમાં ગણોની સૂચી અધ્યાય દીઠ આપી છે અને અંતમાં અકારાદિ ક્રમે શબ્દસૂચી આપી છે.

૪. આનું એક પદ્ય એગ્લિંગની આવૃત્તિના પૃ. ૩૭૨માં અને **ભી**મસેન શર્માની આવૃત્તિના પૃ. ૧૯૭માં નજરે પડે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ પદ્યમાં વાગ્દેવતાની અને દ્વિતીય પદ્યમાં **શાલાતુરીય (પાણિનિ)**, **શકટાંગજ (શાકટાયન)**, [1]**ચંદ્ર**ગોમિ, [2]દિગ્વસ્ત્ર (દેવનંદિ), **ભર્તૃ**હરિ, **વામન**, **ભોજ** અને દીપકકર્તા (**ભદ્રે**શ્વરસૂરિ)ની સ્તુતિ છે. આની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે કે આ દીપકકર્તાનું પ્રાધાન્ય આધુનિક વૈયાકરણોની અપેક્ષાએ છે. આથી આ **ભદ્રે**શ્વરે વિ.સં. ૧૧૯૭ પહેલાં કોઈ વ્યાકરણ રચ્યું હોય એમ લાગે છે.

**વર્ધ**માનસૂરિએ ઉપર્યુક્ત ગણોના પ્રત્યેક પદની વ્યાખ્યા ઉદાહરણપૂર્વક આપી છે. આમાં એમણે અનેક વૈયાકરણોના મતો નોંધ્યા છે. વળી એમણે પોતાના સમકાલીન અને **સિદ્ધ**રાજને અંગે કોઈ કાવ્ય રચનારા **સા**ગરચંદ્રના આ કાવ્યમાંથી શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. આ ઉપરાંત 'તદ્ધિત' પ્રત્યયોનાં ઉદાહરણો આપતી વેળા એમણે [3]**ભટ્ટિકાવ્ય**માંથી તેમજ 'માલવ'ના 'પરમાર' રાજાઓને લગતા કોઈ કાવ્યમાંથી અનેક પદ્યો ઉદ્ધૃત કર્યાં છે.

**અવસૂરિ-ગ. ર. મ.** ઉપર કોઈકે અવચૂરિ રચી છે. આની વિ. સં. ૧૫૨૯માં લખાયેલી એક હાથપોથી ભાં. પ્રા. સં. મં.માં છે.

**શબ્દાનુશાસન યાને મુષ્ટિવ્યાકરણ** (ઉ. વિ. સં. ૧૨૩૦)- આના કર્તા **મ**લયગિરિસૂરિ છે. એમણે અ. મા.માં રચાયેલા વિવિધ આગમો ઉપર તેમજ જ. મ.માં રચાયેલા કેટલાક અનાગમિક ગ્રંથો
P. ૩૭ ઉપર પણ વિવરણો રચ્યાં છે. એમાં દાર્શનિક ચર્ચાઓની વિપુલતા હોવા છતાં વિશદતામાં એમણે ન્યૂનતા આવવા દીધી નથી. આથી એમણે સમર્થ વિવરણકાર તરીકે ખૂબ નામના મેળવી છે. એમની સ્વતંત્ર રચના તરીકે તો અત્યારે આ પ્રસ્તુત વ્યાકરણ જ જાણવામાં છે. એના ઉપર એમણે ૪૩૦૦ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે અને એની હાથપોથીઓ મળે છે. [પં. **બે**ચરદાસ દોશી દ્વારા સંપાદિત આ **મલયગિરિ શબ્દાનુશાસન** (અપૂર્ણ) એલ. ડી. ઇંસ્ટીટયુટ અમદાવાદથી પ્રસિદ્ધ થયું છે. એના પરિશિષ્ટમાં ૭ વ્યાકરણોના સૂત્રોની તુલના આપી છે.]

મલયગિરિસૂરિએ 'કલિ.' **હે**મચન્દ્રસૂરિને 'ગુરુ' કહી સંબોધ્યા છે,[4] અને એ રીતે એમના તરફનો પોતાનો પૂજ્ય ભાવ વ્યક્ત કર્યો છે. આ **મ**લયગિરિસૂરિ **સિદ્ધ**રાજ **જ**યસિંહ અને કુમારપાલના તેમજ 'કલિ.' **હે**મચન્દ્રસૂરિના સમકાલીન છે.

મલયગિરિસૂરિએ રચેલા વ્યાકરણને સામાન્ય રીતે **શબ્દાનુશાસન** તરીકે ઓળખાવાય છે. એને કેટલાક **મુષ્ટિવ્યાકરણ** કહે છે. એમાં ચચ્ચાર પાદવાળા બાર અધ્યાયો છે.[5] વિદ્વદ્વલ્લભ મુનિશ્રી **પુ**ણ્યવિજયજીએ એક[6] લેખમાં કહ્યું છે કે આજે આ વ્યાકરણ પૂરેપૂરું મળતું નથી. વિશેષમાં એમણે બે હાથપોથીનો નીચે મુજબની મતલબનો પરિચય આપ્યો છે.

---

૧. વૃત્તિમાં 'ગોમિ'નો અર્થ 'પૂજ્ય' કરાયો છે.

૨. આનો સામાન્ય અર્થ 'દિગંબર' થાય છે. પૃ. ૧૬૪માં દિગંબરો સામે કટાક્ષ કરાયો છે (જુઓ **જૈ. સા. ઇ.**નું પૃ. ૨૬૨)

૩. આ કાવ્યની શૈલી દ્વ્યાશ્રયના જેવી છે.

૪. જુઓ **આવસ્સય**ની વૃત્તિ (પત્ર ૧૧આ) પ્રસ્તુત ઉલ્લેખ નીચે મુજબ છે : "तथा चाहुः स्तुतिषु गुरवः"

૫. આનું પરિમાણ ૬૦૦૦ શ્લોકનું છે એમ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૭૪)માં નોંધ છે.

૬. આ લેખનું નામ "આચાર્ય શ્રીમલયગિરિ અને તેમનું શબ્દાનુશાસન" છે. એ લેખ "જૈન સત્ય પ્રકાશ" (વર્ષ ૭, અંક ૧-૩, પૃ. ૧૪૧-૧૪૪)માં છપાયો છે. આનો મેં અહીં ઉપયોગ કર્યો છે. આ લેખમાં "મુષ્ટિ-વ્યાકરણ" એ નામ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) પાટણના વાડી-પાર્શ્વનાથના ભંડારમાં આ વ્યાકરણની કાગળ ઉપર લખેલી હાથપોથીમાં પંચસંધિ, નામ, આખ્યાત અને કૃત્ સુધીનો અધિકાર છે. અર્થાત્ એમાં ચતુષ્ક-વૃત્તિ, આખ્યાત-વૃત્તિ અને કૃદ્-વૃત્તિ એમ P. ૩૮ ત્રણ વૃત્તિનાં મળીને ત્રીસ પાદ જેટલો વિભાગ છે, પણ ૧૮ પાદ જેટલી તદ્ધિત-વૃત્તિ એમાં નથી.

(૨) પાટણમાં સંઘવીના પાડામાં તાડપત્રીય પ્રતિ છે પણ એ ખંડિત છે. એમાં તદ્ધિત-વૃત્તિ તો છે, જો કે અપૂર્ણ છે. તદ્ધિતના અ. ૨, પા. ૨ના અપૂર્ણ અંશથી માંડીને દસમા પાદની સમાપ્તિ સુધીનો ભાગ એમાં જોવાય છે. આમ તદ્ધિતનો દોઢેક અધ્યાય જેટલો ભાગ નાશ પામ્યો છે.

ભાં. પ્રા. સં. મં.માં તાડપત્રીય પ્રતિ છે. એનો પરિચય મેળવવો બાકી રહે છે.

**મુષ્ટિવ્યાકરણ**માં પ્રારંભમાં નિમ્નિલિખિત સૂત્રો છે :-

''सिद्धिरनेकान्तात् । लोकाद् वर्णक्रमः ।''

આ વ્યાકરણની સ્વોપજ્ઞ વૃત્તિમાં મલયગિરિસૂરિએ પોતાને [1]આચાર્ય કહ્યા છે અને આ વ્યાકરણને **શબ્દાનુશાસન** કહ્યું છે. **પુ**ણ્યવિજયજીને મતે આ સ્વોપજ્ઞ વૃત્તિ એ સિ. હે.ની સ્વોપજ્ઞ વૃત્તિનું પ્રતિબિંબ જ છે.[2]

**મુષ્ટિવ્યાકરણ**માં કૃદ્-વૃત્તિ પા૦ ૩માં **'ख्याते दृश्ये'** એવું બાવીસમું સૂત્ર છે. એની સ્વોપજ્ઞ વૃત્તિમાં ''अदहदरातीन् कुमारपालः'' એવું ઉદાહરણ છે. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે સ્વોપજ્ઞ વૃત્તિ તો કુમારપાલના રાજ્યસમયમાં જ રચાઈ છે. મૂળ વ્યાકરણની રચના સિ. હે. પછી અને તે પણ કુમારપાલના રાજ્ય દરમ્યાન થઈ હશે અથવા **સિ**દ્ધરાજ જયસિંહના રાજ્યકાળમાં થઈ હશે એમ જે બે P. ૩૯ વિકલ્પો **પુ**ણ્યવિજયજીએ દર્શાવ્યા છે તેમાંનો બીજો વિકલ્પ હું પસંદ કરું છું. આનું કારણ એ છે કે **સિ. હે.** રચાયા બાદ એનું જે બહુમાન કરાયું છે અને એના પઠન-પાઠન માટે જે વ્યવસ્થા કર્યાના ઉલ્લેખ મળે છે તે પછી **મ**લયગિરિસૂરિને નવું વ્યાકરણ રચવા માટે કોઈ વિશિષ્ટ કારણ ભાગ્યે જ હોઈ શકે. કદાચ ભિન્ન રુચિ ધરાવનાર જનોને ઉદ્દેશીને રચ્યું હોય તો ના નહિ. એવી પણ કલ્પના સ્ફુરે છે કે **મુષ્ટિવ્યાકરણની** સંપૂર્ણ રચના અને તેમ નહિ તો એની શરૂઆત **સિ. હે.** પહેલાં થઈ હશે. અહીં મને બે પ્રશ્ન સ્ફુરે છે :-

(૧) સ્વોપજ્ઞ વૃત્તિ એ **અમોઘવૃત્તિના** આધારે તો રચાઈ નથી ?

(૨) મલયગિરિસૂરિએ પોતાના વ્યાકરણને સાંગોપાંગ બનાવવા ધાતુ-પાઠ, ઉણાદિ-સૂત્ર વગેરે વ્યાકરણનાં અન્ય અંગો રચ્યાં હશે કે કેમ ?

**ઉપયોગ- પુ**ણ્યવિજયજીએ એમના પ્રસ્તુત લેખ (પૃ. ૧૪૨)માં એ મતલબનો ઉલ્લેખ કર્યો છે કે **સિ. હે.** નાં અને **મ**લયગિરિસૂરિકૃત **શબ્દાનુશાસન**નાં સૂત્રોમાં એટલું બધું સામ્ય છે કે એને લઈને મલયગિરિસૂરિકૃત જે ટીકાઓ છપાઈ છે તેમાં આવતાં સૂત્રો એમના જ વ્યાકરણનાં હોવા છતાં કેટલાંકને **સિ. હે.** પ્રમાણે અને કેટલાકને **અષ્ટા.** પ્રમાણે અંક અપાયા છે અને કેટલાંક એ બેમાંથી એકે વ્યાકરણનાં જણાયાં નહિ તેને માટે અંક જતા કરાયા છે, અને આમ ખૂબ જ ગોટાળો થવા પામ્યો છે.

---

૧. આવો ઉલ્લેખ એમણે અન્યત્ર કર્યો હોય એમ જાણવામાં નથી. ગમે તેમ પણ સ્વોપજ્ઞ વૃત્તિ એ આચાર્ય બન્યા પછીની કૃતિ છે એ વાત આથી ફલિત થાય છે.

૨. જુઓ એમનો ઉપર્યુક્ત લેખ જૈ. સ. પ્ર. વર્ષ ૧૭, અંક ૧-૩ (પૃ. ૧૪૨).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સંબંધમાં મારું કહેવું એ છે કે **મલયગિરિસૂરિ**નું વ્યાકરણ મારી સામે નથી કે એમની વાત હું ચકાસી જોઉં, પણ એમ તો જરૂર ભાસે છે કે **મલયગિરિસૂરિ**એ પોતે **શબ્દાનુશાસન** રચ્યા બાદ જે
P. ૪૦ ટીકાઓ રચી હોય તેમાં એમના જ વ્યાકરણનાં સૂત્રો હોય એ સ્વભાવિક ઘટના છે.[1]

**પ્રભાવ-ક્ષેમ**કીર્તિસૂરિએ કપ્પની ટીકાની ઉત્થાનિકા (અંશ ૧, પૃ. ૧૭૮)માં **મલયગિરિસૂરિ** માટે જે નિમ્નલિખિત વિશેષણ વાપર્યું છે એ ઉપરથી એમ લાગે છે કે **સિ. હે.**ના પ્રણયન પછી એનો પ્રચાર થયેલો હોવા છતાં વિદ્વદ્-મંડળમાં **મલયગિરિસૂરિ**કૃત **શબ્દાનુશાસન**નો પ્રભાવ પડતો હતો :-

"शब्दानुशासनादिविश्वविद्यामयज्योतिःपुञ्जपरमाणुघटितमूर्तिभिः"

**વિષમપદવિવરણ-જૈ. ગ્રં.** (પૃ. ૨૯૮)માં આ વિવરણની નોંધ છે. એની ૨૮ પત્રની એક હાથપોથી અમદાવાદના એક ભંડારમાં છે.

**પ્રેમલાભ વ્યાકરણ** (વિ. સં. ૧૨૮૧)- આના કર્તા 'અંચલ' ગચ્છના પ્રેમલાભ છે.[2] એમણે આ કૃતિ વિ.સં. ૧૨૮૧માં ૨૨૨૩ શ્લોક જેવડી રચી છે.[3] આનું નામ જોતાં એ વ્યાકરણ હોય એમ લાગે છે. એ વાત સાચી હોય તો પણ એ સ્વતંત્ર વ્યાકરણ છે કે **સિ. હે.** ઉપરથી યોજાયેલું વ્યાકરણ છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે. [આ સ્વતંત્ર વ્યાકરણ છે. જૈ. સા. બૃ. ઇ. ભા.-૫ પૃ. ૨૭]

**બાલબોધ વ્યાકરણ** (વિ. સં. ૧૩૦૪)- **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૭) પ્રમાણે આ વ્યાકરણ આઠ
P. ૪૧ અધ્યાયમાં ૨૭૫ શ્લોક જેવડું મેરુંતુંગે વિ. સં. ૧૩૦૪માં રચ્યું છે. અહીં કહ્યું છે કે એના ઉપર મેરુંતુંગે ૪૮૦ અને ૫૭૯ શ્લોક જેવડી એકેક વૃત્તિ રચી છે. તેમાં પ્રથમ વૃત્તિ છ પાદ પૂરતી છે. વળી એમણે ૨૧૧૮ શ્લોક જેવડું **ચતુષ્ક-ટિપ્પન** અને ૭૬૭ શ્લોક જેવડું કૃદ્-વૃત્તિ-ટિપ્પન રચ્યાં છે. આ ઉપરાંત ૧૭૩૪ શ્લોક જેવડી **આખ્યાત-વૃત્તિ-ઢુંઢિકા** અને ૨૨૯ શ્લોક જેવડી **પ્રાકૃત-વૃત્તિ** રચી છે. આ સાતેની હાથપોથી પાટણના ભંડારમાં હોવાનો અહીં ઉલ્લેખ છે.

**જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૮૨)માં કહ્યું છે કે આ **બાલબોધ** વ્યાકરણ તો **કાતંત્ર** વ્યાકરણ ઉપરની મેરુંતુંગની બાલાવબોધ વૃત્તિ હોવાનો સંભવ છે, પણ **જૈ. ગ્રં.**માં આપેલો રચના-સમય અશક્ય છે. [વિશેષ માટે જુઓ "મેરૂતુંગ બાલાવબોધ વ્યાકરણ" લે. પ્રો. **નારાયણ** કંસારા. **અનુસંધાન** ૧૫.]

**વિદ્યાનન્દ વ્યાકરણ** (ઉ. વિ. સં. ૧૩૧૨) - આ વ્યાકરણના કર્તા **વિદ્યાનન્દ** છે. આમ આ વ્યાકરણનું નામ પણ [4]**બુદ્ધિસાગર**ની જેમ એના પ્રણેતાના નામ ઉપરથી પડાયું છે. આ વિદ્યાનન્દ એ સંસારીપણામાં શ્રેષ્ઠી જિનચન્દ્રના પુત્ર **વીર**ધવલ થાય અને [5]**ભીમ**સિંહ એ એમના નાના ભાઈ થાય. **વીર**ધવલે **દેવેન્દ્ર**સૂરિ પાસે વિ.સં. ૧૩૦૨માં પોતાના લગ્નના પ્રસંગે દીક્ષા લીધી હતી. એમને વિ.સં.

૧. **સર્વાર્થસિદ્ધિ** માટે પણ હું આવું અનુમાન કરું છું અને એથી તો એમાં **અષ્ટા.** વગેરેનાં સૂત્રાદિ તેમજ **પૂજ્ય**પાદનાં પોતાનાં સૂત્રો હોવાનો જે મત પં. **નાથૂ**રામ પ્રેમીએ **જૈનેન્દ્ર** વ્યાકરણ અંગેના લેખમાં (**જૈ. સા. ઈ.** પૃ. ૧૦૪માં) દર્શાવ્યો છે તેને હું આવકારતો નથી.

૨. આ હિસાબે આ વ્યાકરણનું નામ પણ **બુદ્ધિસાગર**ની જેમ કર્તાના નામ ઉપરથી યોજાયું છે.

૩. જુઓ **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૭). ૪. **પ્રેમલાભ** એ સ્વતંત્ર વ્યાકરણ જ હોય તો એનો પણ અહીં ઉલ્લેખ સમજવો ઘટે.

૫. એમણે દીક્ષા લીધી ત્યારે એમનું નામ 'ધર્મકીર્તિ' રખાયું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩૨૩માં અને મતાંતર પ્રમાણે ૧૩૦૪માં 'સૂરિ' પદ મળ્યું હતું. 'ખરતર' ગચ્છના **જિનેશ્વરસૂરિના** શિષ્ય ઉપાધ્યાય **ચન્દ્રતિલકે** વિ. સં. ૧૩૧૨માં જે **અભયકુમારચરિત** રચ્યું છે તેની પ્રશસ્તિમાં એમણે કોની કોની પાસે શેનો શેનો અભ્યાસ કર્યો હતો તે કહ્યું છે. એમ કરતી વેળા (**જિનપતિસૂરિના શિષ્ય**) **સુર**પ્રભ પાસે **વિદ્યાનન્દ** વ્યાકરણ પોતે ભણ્યા હતા એમ એમણે કહ્યું છે. આ ઉપરથી આ વ્યાકરણ વિ. સં. ૧૩૧૨ કરતાં તો અર્વાચીન નથી જ એમ ફલિત થાય છે.

ઉપર્યુક્ત વ્યાકરણનો ઉલ્લેખ 'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિએ **ગુર્વાવલી** (શ્લોક. ૧૭૧)માં P. ૪૨ કર્યો છે. ત્યાં એમણે કહ્યું છે કે આમાં સૂત્રો થોડાં છે, પણ અર્થ ઘણો સંગ્રહાયો છે, અને એથી એ 'સર્વોત્તમ' જણાય છે.

**જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૮૪)માં **કાતન્ત્રોત્તર** વ્યાકરણનાં **સિદ્ધાનન્દ, વિજયાનન્દ** અને **વિદ્યાનન્દ** એમ [1]ત્રણ નામાંતરો અપાયાં છે. અહીં આના કર્તા તરીકે **વિજયાનન્દ** ઉર્ફે **વિદ્યાનન્દસૂરિનો** ઉલ્લેખ છે. વિશેષમાં આ વ્યાકરણ સમાસ-પ્રકરણ સુધી જ છે એમ અહીં કહ્યું છે. જેસલમેરમાં આની તાડપત્રીય પ્રતિઓ છે. પ્રો. **પિટર્સને** એમના ચોથા હેવાલમાં આ વ્યાકરણમાંથી અવતરણ આપ્યું છે.

**કાતન્ત્ર** વ્યાકરણની મહત્તા વધારવા માટે વિજયાનન્દે **કાતન્ત્રોત્તર** નામની કૃતિ રચી છે અને એનું બીજું નામ વિદ્યાનન્દ છે એમ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૦૬)માં ઉલ્લેખ છે.

**જૈન-પુસ્તક-પ્રશસ્તિ-સંગ્રહ** (પૃ. ૧૦૬)માં નીચે મુજબની પંક્તિ છે :-

"इति विजयानन्दविरचिते कातन्त्रोत्तरे विद्यानन्दापरनाम्नि तद्धितप्रकरणं समाप्तम् सं. १२०८॥"

[2]**ઔદાર્ય-ચિન્તામણિ**[3] (લ. વિ. સં. ૧૫૭૫)- આ દિ. [4]શ્રુતસાગરે રચેલું વ્યાકરણ છે, જ્યારે કેટલાકને મતે આ એ વ્યાકરણ ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિ છે. આ પાઇય ભાષાને અંગેનું છ અધ્યાયનું P. ૪૩ વ્યાકરણ હૈમ વ્યાકરણ અને **ત્રિવિક્રમ**કૃત વ્યાકરણ કરતાં મોટું છે[5]. શ્રુતસાગર મૂલ સંઘ, સરસ્વતી ગચ્છ, બલાત્કાર ગણમાં થયા છે. એઓ દિ. [6]વિદ્યાનંદિના શિષ્ય થાય છે અને એમણે **મલ્લિભૂષણને** પોતાના ગુરુભાઈ કહ્યા છે. શ્રુતસાગરના એક શિષ્ય શ્રીચન્દ્રે **વૈરાગ્યમણિમાલા** રચી છે.

આ શ્રુતસાગરને પોતાને માટે ખૂબ માન હશે, કેમકે એમણે પોતાને માટે નીચે મુજબનાં વિશેષણો વાપર્યાં છે :-

ઉભયભાષાકવિચક્રવર્તી, કલિકાલ-ગૌતમ, કલિકાલસર્વજ્ઞ, તાર્કિક-શિરોમણિ, નવનવતિ-મહાવાદિ-વિજેતા, પરમાગમપ્રવીણ, વ્યાકરણ-કમલ-માર્તંડ ઈત્યાદિ.

૧. આ ત્રણમાંથી એક પણ નામે આ વ્યાકરણની અહીં નોંધ નથી.

૨. આના પહેલા ત્રણ અધ્યાય પૂરતો વિભાગ વિજાગાપટ્ટમથી પ્રકાશિત થયેલો છે. જુઓ ABORI (Vol. XIII, pp. 52-53)

૩. **જૈ. સા. ઈ.** (પૃ. ૪૧૨)માં બીજા અધ્યાયની પુષ્પિકા અપાયેલી છે.

૪. એમના પરિચય માટે જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૦૬-૪૧૨)

૫. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૦૯).

૬. એઓ દિ. **પદ્મ**નંદિના શિષ્ય અને ઉત્તરાધિકારી દિ. દેવેન્દ્રકીર્તિના ઉત્તરાધિકારી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્રુ**તસાગર કટ્ટર દિગંબર છે એટલું જ નહિ પરંતુ આવેશપૂર્ણ ગાળ દેનારા પણ છે. તીર્થંકરની પ્રતિમા નહિ માનનારા ઉપર એમણે ખૂબ પ્રહાર કર્યા છે. એવાને એમણે 'નાસ્તિક' કહ્યા છે અને એમને વિષ્ટાથી લિપ્ત જોડા મારે તો એ પાપ નથી એવા આક્રોશ-વચનો ઉચ્ચાર્યાં છે.[1]

શ્રુતસાગરે [2]**વ્રતકથાકોશ** રચ્યો છે. વળી એમણે નાનકડી **શ્રુતસંઘપૂજા** રચી છે. બાકી એમની P. ૪૪ સુપ્રસિદ્ધ કૃતિઓ મુખ્યતયા વિવરણરૂપ છે અને એમાં મૂળ ગ્રંથાકારને ન અનુસંરતાં પોતાની ગાંઠની વાત પણ એમણે કેટલીક વાર ઉમેરી છે.[3] આ કૃતિઓ યાને વિવરણો નીચે મુજબ છે :-

એકીભાવ સ્તોત્રટીકા (આ ટીકાની એક હાથપોથી ભાં. પ્રા. સા. મં.માં છે.) [4]જિનસહસ્રનામ-ટીકા, [5]તત્ત્વત્રયપ્રકાશિકા, [6]તત્ત્વાર્થવૃત્તિ, મહાભિષેક[7]-ટીકા[8] અને [9]**યશસ્તિલક-ચંદ્રિકા** અને ષટ્પ્રાભૃત ટીકા[10]

શ્રુતસાગર વિક્રમની સોળમી સદીમાં થયા છે, કેમકે **મહાભિષેક**ની ટીકાની એક હાથપોથી વિ. સં. ૧૫૮૨માં લખાયેલી મળે છે.

**ચિન્તામણિ-વ્યાકરણ** (લ. વિ. સં. ૧૬૦૫)- આના કર્તા દિ. ભટ્ટારક **શુ**ભચન્દ્રસૂરિ છે. એઓ 'મૂલ' સંઘ, 'સરસ્વતી' ગચ્છ અને 'બલાત્કાર' ગણના **જ્ઞાન**ભૂષણના પ્રશિષ્ય અને **વિ**જયકીર્તિના શિષ્ય થાય છે. એ **શુ**ભચન્દ્રસૂરિની શિષ્યપરંપરાનો ક્રમ નીચે મુજબ છે :

**સુ**મતિકીર્તિ, **ગુ**ણકીર્તિ, **વા**દિભૂષણ, **રા**મકીર્તિ, **યશ**:કીર્તિ, **પદ્મ**નંદિ ઈત્યાદિ[11].

P. ૪૫ આ **શુ**ભચન્દ્રસૂરિને 'ત્રૈવિદ્ય-વિદ્યાધર'ની તેમજ 'ષડ્ભાષા-કવિ-ચક્રવર્તી'ની પદવી હતી.[12] એમણે સાહિત્યનાં વિવિધ અંગોનો અભ્યાસ કર્યો હતો. એમણે વિ. સં. ૧૬૦૮માં રચેલા **પાંડવપુરાણ**ની પ્રશસ્તિમાં પોતાની મૌલિક તેમજ વિવરણાત્મક અનેક કૃતિઓ ગણાવી છે :-

---

૧. જુઓ દિ. કુંદકુંદાચાર્યકૃત **દંસણ-પાહુડ** (ગા.૧)ની **શ્રુ**તસાગરીય ટીકા તેમજ **જૈ. સા. ઈ.** (પૃ.૪૦૭)

૨. આમાં આકાશ-પંચમી, ચંદન-ષષ્ઠી, મુકુટ-સપ્તમી, અષ્ટાહ્નિકા ઈત્યાદિ વ્રતો સંબંધી કથાઓ છે. દેવેન્દ્રકીર્તિ, **ધ**ર્મચંદ્ર, **મ**લ્લિષેણ અને **સ**કલકીર્તિ દ્વારા એકેક **વ્રતકથાકોશ** રચાયો છે.

૩. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૦૮)

૪. મૂળના કર્તા **આ**શાધર છે. એમણે રચેલી ટીકા સંપૂર્ણપણે **શ્રુ**તસાગરે અપનાવી છે. તેમ છતાં એ **આ**શાધરનો ઉલ્લેખ **જિનસહસ્રનામ-ટીકા**માં **શ્રુત**સાગરે કર્યો નથી. આવી હકીકત **ત. સૂ.**ની ટીકા માટે પણ જોવાય છે. એમાં **સવાર્થસિદ્ધિ** અપનાવાઇ છે.

૫. દિ. **શુ**ભચન્દ્રકૃત **જ્ઞાનાર્ણવ** યાને **યોગપ્રદીપ**માં જે ગદ્યાત્મક લખાણ છે તેની આ ટીકા છે.

૬. આ **તા. સૂ.** સહિત "ભારતીય જ્ઞાનપીઠ" તરફથી કાશીથી ઈ.સ. ૧૯૪૯માં પ્રકાશિત થઈ છે.

૭. આ **આ**શાધરકૃત **નિત્ય-મહોદ્દ્યોત**ની ટીકા છે.

૮. **શ્રુ**તસાગર દેશવ્રતી યાને બ્રહ્મચારી હતા તે સમયની આ રચના છે.

૯. આ **યશસ્તિલક-ચંપૂ**ની અપૂર્ણ ટીકા છે. પાંચમા આશ્વાસને અંગે થોડાક ભાગની તેમજ છટ્ઠા આશ્વાસની ટીકા નથી. આ ટીકા સહિત મૂળ કૃતિ **કાવ્યમાલા**માં છપાયેલી છે.

૧૦. આ એમની છેલ્લી કૃતિ હોવાનું મનાય છે.

૧૧. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૨૮-૫૨૯)

૧૨. જુઓ **કત્તિકેયાણુવેક્ખાની શુ**ભચંદ્રસૂરિએ વિ. સં. ૧૬૧૩માં રચેલી ટીકાની પુષ્પિકા. આ ટીકાની પ્રશસ્તિ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૨૮)માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) અંગપણ્ણત્તિ ( [૧]અંગપ્રજ્ઞપ્તિ,) (૨) [૨]અપશબ્દખંડન, (૩) ચન્દના-કથા (યાને ચન્દના-ચરિત), (૪) ચન્દ્રનાથ-ચરિત્ર (યાને ચન્દ્રપ્રભ-ચરિત), (૫) ચિન્તામણિ-વ્યાકરણ, (૬) [૩]જીવક-ચરિત્ર (યાને જીવંધર-ચરિત), (૭) તત્ત્વનિર્ણય, (૮) [૪]નંદીશ્વર-કથા, (૯) [૫]પદ્મનાભ-ચરિત્ર, (૧૦) ષડ્વાદ, (૧૧) [૬]સંશયિવદનવિદારણ. (૧૨-૧૩) સર્વતોભદ્ર અને એની ટીકા, (૧૪) પાર્શ્વનાથકાવ્ય (યાને પાર્શ્વાભ્યુદય)ની પંજિકા, (૧૫) અધ્યાત્મપદ્યવૃત્તિ, (૧૬) આશાધરની અર્ચા (યાને જિનયજ્ઞકલ્પ કિંવા નિત્યમહોદ્દ્યોત)ની ટીકા અને (૧૭) સ્વરૂપસંબોધનની વૃત્તિ.

આ ઉપરાંત (૧૮) [૭]કર્મદાહ વિધિ, (૧૯) [૮]ચતુસ્ત્રિંશદધિકદ્વાદશ-શતવ્રતોદ્યાપન, (૨૦) P. ૪૬ [૯]પલ્યોપમવિધ્યુદ્યાપન (યાને પલ્યવ્રતોદ્યાપન) એ ત્રણ કૃતિઓ તેમજ (૨૧) ગણનાથસમર્થન (યાને [૧૦]ગણધરવલયપૂજા), (૨૨) 'ચિન્તામણિ'(યંત્ર)પૂજા, (૨૩) [૧૧]ત્રિંશચ્ચતુર્વિંશતિપૂજા, (૨૪) સરસ્વતી-પૂજા અને (૨૫) [૧૨]સિદ્ધચક્રવ્રતપૂજા એમ ચાર પૂજા તેમજ (૨૬) [૧૩]સ્તોત્ર-સમુચ્ચયનો પણ અહીં ઉલ્લેખ છે.

ઉપર્યુક્ત **પાંડવપુરાણ**ની રચના બાદ એમણે [૧૪]**કરકંડુ-ચરિત્ર** વિ. સં. ૧૬૧૧માં અને **કત્તિકેયાણુવેક્ખાની**[૧૫] ટીકા વિ. સં. ૧૬૧૩માં રચ્યાં છે. **નીતિરસાયન** નામની કૃતિ શું આ **શુભચન્દ્રસૂરિ**ની કૃતિ છે ?

---

૧. આ પાઇયમાં રચાયેલી કૃતિ છે. એ ત્રણ પરિચ્છેદમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૭૭, ૧૧૭ અને ૫૪ પદ્યો છે. એ બાર અંગોના વિષય ઉપર પ્રકાશ પાડે છે. આ પાઇય કૃતિ મ. દિ. ગ્રં.માં ગ્રથાંક ૨૧ તરીકે વિ. સં. ૧૯૭૯માં પ્રસિદ્ધ કરાયેલી છે.

૨. **જિ. ર. કો.** માં આની નોંધ નથી. ત્યાં તો **કીર્તિચન્દ્ર**ની ૧૦૦ શ્લોક જેવડી અને આ નામની કૃતિની નોંધ છે.

૩. આની રચના વિ. સં. ૧૫૯૬માં થયેલી છે.

૪. આને કેટલાક **સિદ્ધચક્ર-કથા** કહે છે.

૫. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૩૩)માં આનો 'પુરાણ' તરીકે નિર્દેશ છે. અહીં એનું પરિમાણ ૨૫૦૫ શ્લોક જેવડું કહ્યું છે.

૬. આ શ્વેતાંબરોની સ્ત્રીની મુક્તિ જેવી માન્યતાના ખંડનરૂપ કૃતિ છે. ભ. **રત્નભૂષણે** **સંશય-વચન-વિચ્છેદ** નામની એક કૃતિ સંસ્કૃતમાં રચી છે.

૭. આ નામની એકેક કૃતિ દિ. **ચન્દ્રકીર્તિ**એ તેમજ દિ. **રત્નનંદિ**એ રચી છે.

૮. આમાં ૧૨૩૪ વ્રતોના ઉદ્યાપનની હકીકત છે.

૯. આ નામની એકેક કૃતિ દિ. **અનંતકીર્તિ**એ, દિ. **દેવેન્દ્રકીર્તિ**એ અને દિ. **વૃષભનાથે** રચી છે.

૧૦. દિ. **શ્રુતસાગરે** તેમજ દિ. **સકલકીર્તિ**એ પણ આ નામની એકેક કૃતિ રચી છે.

૧૧. **ભવશર્મા**એ આ નામની એક કૃતિ રચી છે.

૧૨. દિ. **આશાધરે** તેમજ દિ. **પ્રભાચન્દ્રે** આ નામની એકેક કૃતિ રચી છે.

૧૩. **શુભચન્દ્રસૂરિ**એ અનેક સ્તોત્રો રચ્યાં છે. એ ઉપરથી આ નામ મેં યોજ્યું છે.

૧૪. આ કૃતિ **સકલભૂષણ**ની સહાયતાપૂર્વક રચાયેલી છે.

૧૫. આમાં દિ. **નેમિચન્દ્ર**કૃત **દવ્વસંગહ** ઉપરની **બ્રહ્મદેવે** રચેલી ટીકામાંથી અનેક અવતરણો અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ **ચિન્તામણિ વ્યાકરણ** વિવિધ પ્રકારની પાઇય ભાષાને લગતું છે. એમાં ૧૨૨૪ સૂત્રો છે. એ ચચ્ચાર પાદવાળા ત્રણ અધ્યાયમાં રજૂ કરાયાં છે. આ વ્યાકરણનો ઉલ્લેખ ઉપર્યુક્ત **પાંડવપુરાણ**ની પ્રશસ્તિમાં છે. આ વ્યાકરણ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે. આ વ્યાકરણને અંગે ડૉ. એ. એન. ઉપાધ્યે એ એક [1]લેખ લખ્યો છે અને એ દ્વારા એમાં અપાયેલી બાબતોનું નિરૂપણ કર્યું છે.

**ચિન્તામણિની ટીકા**-આ ટીકા **ચિન્તામણિ**માંના વિષમ ઉદાહરણોની સિદ્ધિને માટે રચાઇ છે. એના કર્તા **સ**મંતભદ્ર છે એમ [2]**કન્નડપ્રાન્તીય તાડપત્રીય ગ્રન્થસૂચી** (પૃ. ૨૮૯)માં ઉલ્લેખ છે. વિશેષમાં આ પૃષ્ઠ ઉપર આ ટીકાની ‘કન્નડ’ લિપિમાં લખાયેલી ૫૦ પત્રની હાથપોથીની નોંધ છે. એમાં પત્રદીઠ દોઢ સો દોઢ સો અક્ષરવાળી સાત સાત પંક્તિ છે. આ હાથપોથીમાંની કૃતિ અપૂર્ણ છે. એવી રીતે પૃ. ૧૦૭માં નોંધાયેલી હાથપોથીમાં પણ અપૂર્ણ કૃતિ છે. એ પૃષ્ઠ ઉપર નીચે મુજબનું પ્રારંભિક પદ્ય અપાયું છે :–

''जिनचिन्तामणिमीशं नत्वा चिन्तामणेः स्फुटां टीकाम् ।
विषमोदाहृतिसिद्ध्यै कुर्वे शक्त्या समन्तभद्रोऽहम् ॥''

અહીં જે **ચિન્તામણિ**નો ઉલ્લેખ છે તે શું દિ. **શુ**ભચન્દ્રસૂરિકૃત વ્યાકરણ હશે?

**મન્ત્રવ્યાકરણ**–આ વ્યાકરણનો ગ્રંથ છે, એના કર્તા **સ**મંતભદ્ર છે અને એની છપ્પન છપ્પન અક્ષરની પાંચ પાંચ પંક્તિવાળાં સોળ પત્રની એક હાથપોથી ‘કન્નડ’ લિપિમાં લખાયાનો ઉલ્લેખ **ક. તા. ગ્રં.** (પૃ.૨૨૩)માં કરાયો છે. શું આ સમંતભદ્રે **ચિન્તામણિ**ની ટીકા રચી છે?

P. ૪૭ **શબ્દ-ભૂષણ** (લ. વિ. સં. ૧૭૭૦)- આના કર્તા દાનવિજય છે. એઓ ‘તપા’ ગચ્છના **વિજયરાજસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે પોતાના શિષ્ય દર્શનવિજય માટે **પજ્જોસવણાકપ્પ** ઉપર **દાનદીપિકા** નામની વૃત્તિ વિ. સં. ૧૭૫૦માં રચી છે. એમની આ **શબ્દ-ભૂષણ** નામની કૃતિ એ પદ્યમાં રચાયેલું વ્યાકરણ છે. એ [3]૩૦૦ શ્લોક જેવડું છે અને એ વિ. સં. ૧૭૭૦ની આસપાસમાં, ગુર્જરધરામાં પ્રખ્યાત શેખ **ફ**ત્તેના પુત્ર **બ**ડેમિયાંને માટે રચાયું છે. શું એ **સિ. હે.**નું રૂપાંતર છે ?

૧. જુઓ ABORI (Vol. XIII, pp. 46-52)

૨. આ પુસ્તક ''ભારતીય જ્ઞાનપીઠ, કાશી'' તરફથી ઇ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયેલું છે. એમાં મૂડીબદ્રીના કેટલાક ભંડારની, કારકલના જૈન મઠની, અલિયૂરના આદિનાથ-ગ્રન્થભંડારની તેમજ કન્નડ પ્રાન્તમાંના કેટલાક અન્ય સામાન્ય ભંડારોની કન્નડ લિપિમાં લખાયેલી અને સંસ્કૃત, પાઇય અને કન્નડ ભાષામાં રચાયેલા ગ્રન્થોની ૩૫૬૮ તાડપત્રીય અને થોડીક કાગળ ઉપરની હાથપોથીઓની વિષયદીઠ સૂચી અપાઇ છે. એની હિન્દી પ્રસ્તાવનાનાં પૃ. ૧૫-૧૭માં જૈનોના સંસ્કૃત સાહિત્યની આછી રૂપરેખા આલેખાઇ છે અને પૃ. ૨૪-૨૮માં સંસ્કૃત, પાઇય અને કન્નડમાં રચાયેલા પરંતુ ઇ. સ. ૧૯૪૮ સુધી તો અપ્રકાશિત જણાતા એવા ગ્રન્થોનાં તેમજ એના પ્રણેતાનાં નામ વગેરે અપાયાં છે. એમાંથી આ ખંડ માટે ઉપર્યુક્ત ટીકા તેમજ બીજી કેટલીક કૃતિઓની મેં નોંધ લીધી છે, કેમકે એના ગ્રન્થકારોનાં નામ જોતાં તેઓ જૈન હોય એમ લાગે છે. આ **ક. તા. ગ્ર.** મખ્યતયા **દિ.** ગ્રન્થોને અંગે છે.

૩. જુઓ **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૮).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્ણવવ્યાકરણ** (લ. વિ. સં. ૧૬૮૦)– આ ખરતરગચ્છીય **રત્નસાગરના** શિષ્ય **સહજકીર્તિગણિની** ૧૭૦૦૦ શ્લોક જેવડી કૃતિ છે. એમાં સંજ્ઞા વગેરે દસ અધિકાર છે. એ **સહજકીર્તિએ** નિમ્નલિખિત કૃતિઓ પણ રચી છે :–

(૧) અનેકશાસ્ત્રસારસમુચ્ચય, (૨) એકાદિદશપર્યન્તશબ્દસાધનિકા, (૩) [1]કલ્પમંજરી (વિ. સં. ૧૬૮૫), (૪) [2]નામકોશ, (૫) પ્રીતિષટ્ત્રિંશિકા (વિ. સં. ૧૬૮૮), (૬) [3]ફલવર્દ્ધિ-પાર્શ્વનાથ-માહાત્મ્ય-મહાકાવ્ય, (૭) મહાવીરસ્તુતિ (વિ. સં. ૧૬૮૬), (૮) [4]લોદ્રપુરીય-પાર્શ્વનાથ-સ્તુતિ (વિ.સં. ૧૬૮૩) અને (૯) સારસ્વતવૃત્તિ.

**મનોરમા**– આ સ્વોપજ્ઞવૃત્તિ છે.

**શબ્દાર્ણવ** - **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૮) પ્રમાણે આ **સહજકીર્તિની** રચના છે. આ પૃષ્ઠ ઉપરના ટિપ્પણ પ્રમાણે આ કૃતિનું નામ **સિદ્ધ-શબ્દાર્ણવ** છે. અને એ ૧૩૦૦ શ્લોક જેવડું છે. અહીં આ કૃતિને વ્યાકરણ ગણ્યું છે. પરંતુ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૩૮) પ્રમાણે તો આ છ પ્રકરણમાં વિભક્ત એવો કોશ છે અને એનું બીજું નામ **ઋજુ-પ્રાજ્ઞ-વ્યાકરણ-પ્રક્રિયા** છે. વિશેષમાં ઉપર્યુક્ત **સહજકીર્તિને** 'ખરતર' ગચ્છના ઉપા. **હેમનન્દનના** શિષ્ય હોવાનું અહીં કહ્યું છે. સાથે સાથે આના ઉપર સ્વોપજ્ઞ ટીકા હોવાનો અહીં ઉલ્લેખ છે.

[**શબ્દાર્ણવવૃત્તિ:** સહજકીર્તિ ગણિએ રચેલી ૧૭૦૦૦ શ્લોક પ્રમાણની સ્વોપજ્ઞ ટીકાની હાથપોથી ખંભાતસ્થિત વિજયનેમિસૂરિ જ્ઞાનભંડારમાં છે. **જૈ. સા. બૃ. ઈ. ભા. ૫. પૃ.૨૬** ]

[5]**જૈનસિદ્ધાન્ત કૌમુદી** (વિ. સં. ૧૯૮૧)-આના કર્તા 'શતાવધાની' મુનિશ્રી **રત્નચન્દ્રજી** છે. એઓ 'લોંકા' ગચ્છમાં અંતર્ગત 'લીંબડી' સંપ્રદાયના શ્રીગુલાબચન્દ્રજીના શિષ્ય થાય છે. એમણે આ વ્યાકરણ ચચ્ચાર પાદવાળા ચાર અધ્યાયમાં વિભક્ત કર્યું છે. એ સોળ પાદની સૂત્રસંખ્યા અનુક્રમે નીચે પ્રમાણે છે :- ૪૬, ૩૨, ૧૦૦, ૧૪૫, ૯૪, ૪૦, ૫૧, ૧૦૭, ૧૮૫, ૭૧, ૬૯, ૪૦, ૮૬, ૫૧, ૬૫ અને ૧૧૯. આ ૧૩૦૧ સૂત્રોને તેમજ એના ઉપરના સ્વોપજ્ઞ વાર્તિકને પ્રક્રિયા ક્રમે રજૂ કરી એનું કર્તાએ જાતે રચેલું વિવરણ અપાયું છે. એ સમગ્ર રચનાને **જૈનસિદ્ધાન્તકૌમુદી** નામ અપાયું છે. એના પૂર્વાર્ધમાં નિમ્નલિખિત નામવાળાં પ્રકરણો અનુક્રમે અપાયાં છે–

સંજ્ઞા પરિભાષા, સ્વરસન્ધિ, વ્યંજનસન્ધિ, સ્વરવિકાર, વ્યંજનવિકાર, વિભક્તિ, અવ્યય, સ્ત્રીપ્રત્યય કારક, સમાસ અને તદ્ધિત. ઉત્તરાર્ધમાં આખ્યાત-પ્રક્રિયા અને કૃદન્ત-પ્રક્રિયાનું નિરૂપણ છે.

૧. આમાં શ્રીસાર નામના એમના ગુરુભાઈનો પણ હિસ્સો છે. આમ આ દ્વિકર્તૃક રચના છે. એ પજ્જોસવણાકપ્પની વૃત્તિ છે.

૨. આ કૃતિ લિંગનિર્ણયની સાથે છ કાંડમાં રચાઇ છે. આ બાબત પૃ. ૧૨૧માં ઉમેરવી.

૩. આમાં ૨૪ સર્ગ છે. [આમાં ૩૦૦ વિવિધ છંદમય શ્લોકો છે. આની હસ્ત લિખિત પ્રત લા. દ. વિ. માં છે.]

૪. આ 'શતદલકમલ'થી અલંકૃત છે.

૫. આ કૃતિ **ભૈરવદાને** અને જયેષ્ઠમલ્લે પોતાના બિકાનેરના મુદ્રણાલયમાં છાપી ઇ. સ. ૧૯૨૫માં પ્રસિદ્ધ કરી છે. એમા અંતમાં સૂત્રપાઠ, વાર્તિક, ધાતુપાઠ તેમજ સૂત્રોની અકારાદિ ક્રમે સૂચી અપાઇ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગણદર્પણ** (લ. વિ. સં. ૧૨૨૫) - આ વ્યાકરણના કર્તા તરીકે 'પરમાર્હત' **કુ**મારપાલ ભૂપાલનો ઉલ્લેખ એની એક [1]હાથપોથીમાં કરાયો છે. એમનો જન્મ વિ. સં. ૧૧૪૯માં થયો હતો. એમણે વિ. સં. ૧૧૯૯થી ૧૨૩૦ સુધી ગુજરાત ઉપર રાજ્ય કર્યું હતું. એમણે વિ. સં. ૧૨૧૬માં જૈન ધર્મ સ્વીકાર્યો હતો. વિ. સં. ૧૨૩૦માં એમનું અવસાન થયું હતું. એમણે ''नम्राखिलाखण्डल''થી શરૂ થતું [2]**સાધારણજિન-સ્તવન** રચ્યું છે.

**ગણદર્પણ** એ ચચ્ચાર પાદવાળા ત્રણ અધ્યાય પૂરતી તો પદ્યાત્મક કૃતિ છે. એ પાણિનીય ગણપાઠના સ્પષ્ટીકરણરૂપ છે. એ ૯૦૦ શ્લોક જેટલા પરિમાણવાળી કૃતિ પ્રતિહાર **ભો**જદેવ અને દંડનાયક **વો**સરિ માટે યોજાઈ હતી. પ્રા. **ભોગી**લાલ જયચંદભાઈ સાંડેસરાએ આ **ગણદર્પણ**ને અંગે [3]એક લેખ લખ્યો છે. એનું નામ નીચે મુજબ છે :-

"The 'Ganadarpana' a work on Sanskrit grammar ascribed to King Kumarapala (1143-1174 A. D.) of Gujarat"

**નૂતન વ્યાકરણ** (લ. વિ. સં. ૧૪૪૦)-આના કર્તા 'કૃષ્ણર્ષિ' ગચ્છના **મ**હેન્દ્રસૂરિના શિષ્ય **જય**સિંહસૂરિ છે. એમણે [4]**કુમારપાલચરિત્ર** રચ્યું છે તેમજ **ભા**સર્વજ્ઞકૃત **ન્યાયસાર** ઉપર **ન્યાયતાત્પર્યદીપિકા** નામની વૃત્તિ રચી છે. વળી એમણે [5]**સા**રંગ પંડિતને વાદમાં હરાવ્યો હતો. આ બાબતનો તેમજ ઉપર્યુક્ત વ્યાકરણના પ્રણેતા તરીકેનો ઉલ્લેખ આ **જય**સિંહસૂરિના શિષ્ય **નય**ચન્દ્રસૂરિએ **હમ્મીરમહાકાવ્ય** (સ. ૧૪, શ્લો. ૨૩-૨૪)માં કર્યો છે.

પ્રસ્તુત વ્યાકરણ **સિ. હે.**ના આધારે યોજાયું છે કે એ સ્વતંત્ર કૃતિ છે તે જાણવું બાકી રહે છે એટલું જ નહિ પણ આનું નામ પણ જાણવામાં નથી.

**પ્રયોગમુખવ્યાકરણ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિની ૩૪ પત્રની એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે.

## ઔક્તિક

[6]**મુગ્ધાવબોધ ઔક્તિક** (વિ. સં. ૧૪૫૦)- આના કર્તા દેવસુંદરસૂરિના શિષ્ય કુલમંડનસૂરિ છે. એમનો જન્મ વિ. સં. ૧૪૦૯માં થયો હતો. વિ. સં. ૧૪૧૭માં દીક્ષા લઈ વિ. સં. ૧૪૪૨માં સૂરિ બનનારા

૧. આ હાથપોથી **શક**સંવત્ ૧૩૮૩માં લખાયેલી છે. એમાં પહેલાં બે પત્ર નથી. એ હાથપોથી જોધપુરના જ્ઞાનભંડારમાં છે. [શ્રી. વિનયસાગરના સૌજન્યથી કેશરિયાજી ભંડારની પ્રતની ઝેરોક્ષ અમને મળી છે.]

૨. આ સ્તવન **જૈન સ્તોત્ર સંગ્રહ** (ભા. ૧, પૃ. ૧૯-૨૨)માં પ્રસિદ્ધ કરાયું છે.

૩. આ લેખ ''મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય''ના સામયિકના ઈ. સ. ૧૯૫૩ના માર્ચના અંકમાં છપાયો છે. એને આધારે મેં **ગણદર્પણ** વિષે આ સંક્ષિપ્ત નોંધ લીધી છે.

૪. આ વિ. સં. ૧૪૪૦ની આસપાસમાં રચાયું છે.

૫. આ **સા**રંગ તે 'શાકંભર'ના રાજા **હમ્મીર**રાજનો પંડિત હશે કે જેણે **શાઙ્ર્ગધરપદ્ધતિ** રચી છે અને જેની એક હાથપોથી વિ. સં. ૧૪૧૯માં લખાયેલી મળે છે. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૪૦).

૬. સ્વ. હરિલાલ હર્ષદ ધ્રુવે ''મુગ્ધાવબોધમૌક્તિક''ના નામથી આ કૃતિ સંપાદિત કરી છે અને એ સને ૧૮૮૯માં સ્વીડનમાં ભરાયેલી ''ઑરિયેન્ટલ કૉન્ફરન્સ'' દ્વારા પ્રકાશિત થયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એઓ વિ. સં. ૧૪૫૫માં સ્વર્ગે સંચર્યા. એમણે વિ. સં. ૧૪૪૩માં [1]**વિચારામૃતસંગ્રહ** અને કોઇક સમયે P. ૪૮ **સિદ્ધાંતાલાપકોદ્ધાર** રચ્યાં છે. એમણે કેટલાક સ્તવ રચ્યા છે. જેમકે [2]**કાયઠિઈથોત્ત,** "વિશ્વશ્રીદ્ધ" થી શરૂ થતો અને અષ્ટાદશચિત્રચક્રથી વિભૂષિત [3]**વીરસ્તવ** અને "ગરીયોગુણ"થી શરૂ થતો [4]**પંચજિનહાર-બંધ-સ્તવ.** વળી એમણે નિમ્નલિખિત કૃતિઓ ઉપર અવચૂર્ણિ (અવચૂરિ) રચી છે :-

**પજ્જોસવણાકપ્પ, [5]પડિક્કમણસુત્ત અને પણ્ણવણાતઈયપયસંગહણી.[6]**

ગુજરાતી ભાષા દ્વારા સંસ્કૃત ભાષાના વ્યાકરણનું શિક્ષણ આપવા માટે કેટલાક પ્રયાસ થયા છે. દા ત. શ્રીમાલ ઠક્કુર **કૂર**સિંહના પુત્ર [7]**સંગ્રામસિંહે** આ જાતનો પ્રયાસ કર્યો છે એમ **કાતંત્ર** વ્યાકરણનો બોધ કરાવવા માટે એમણે વિ. સં. ૧૩૩૬માં રચેલી [8]**બાલશિક્ષા**[9] જોતાં જણાય છે. આના પછીના **બીજા** P. ૪૯ પ્રયાસનું ફળ તે પ્રસ્તુત **કુલમં**ડનસૂરિએ વિ.સં. ૧૪૫૦માં રચેલું **મુગ્ધાવબોધ ઔક્તિક** છે. આ કંઈ ગુજરાતી ભાષાનું વ્યાકરણ નથી પરંતુ વિક્રમની પંદરમી સદીની જૂની ગુજરાતીમાં લખાયેલી સમજુતી પૂર્વકનું સંસ્કૃત ભાષાનું પ્રાથમિક વ્યાકરણ છે. આનો પરિચય સ્વ કે. હ. ધ્રુવે [10]**સાહિત્ય અને વિવેચન** નામના એમના લેખસંગ્રહમાં નીચે મુજબ આપ્યો છે :-

**"ઔક્તિકનાં છેલ્લાં છ પ્રકરણ કેવળ સંસ્કૃતમાં છે. પહેલાં, બીજા અને સાતમા આઠમા પ્રકરણમાં સૂત્ર અને કારિકા સંસ્કૃતમાં છે, અને વિવેચન પ્રાકૃતમાં છે. ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને નવમું એ પાંચ પ્રકરણો તો કેવળ પ્રાકૃતમાં છે. આ રીતે નિબંધનો અર્ધ ઉપરાંત ભાગ પ્રાકૃતમાં એટલે જૂની ગુજરાતીમાં લખાયેલો છે."**

**"નામની વિભક્તિ આદિનાં ઉદાહરણમાં સર્વજિનસાધારણસ્તોત્ર આપ્યું છે. તે તો જયાનંદનું છે."- પૃ. ૫૫**

---

૧. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૫૨)માં આની **વિચારસંગ્રહ** તરીકે નોંધ છે. અને એના જ નામાંતર તરીકે **સિદ્ધાન્તાલાપકોદ્વાર**નો ઉલ્લેખ છે તો શું આ બે ભિન્ન કૃતિ નથી ?

૨. આ ચોવીસ પદ્યની કૃતિ એક અવચૂરિ સહિત જૈ. આ. સ. તરફથી વિ. સં. ૧૯૬૮માં પ્રકાશિત કરાઈ છે. એમાં તો મૂળ કૃતિના કર્તા તરીકે કુલમંડનસૂરિનો ઉલ્લેખ છે. આ અવચૂરિની વિ. સં. ૧૫૩૭માં લખાયેલી હાથપોથી મળે છે. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૪૩)માં તો મૂળ કૃતિનાં કર્તા તરીકે **કુલ**મંડનસૂરિનો ઉલ્લેખ નથી, પરંતુ એના ઉપર એક અવચૂરિ રચનાર તરીકે છે.

૩. આ સ્તવ **જૈન સ્તોત્ર સમુચ્ચય** (પૃ. ૮૭-૯૧)માં છપાયો છે.

૪. આ "ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા" તરફથી પ્રકાશિત **પયરણસંદોહ**ના અંતમાં છપાયેલો છે. ILDના બીજા હપ્તામાં (ARTS N0. 30 JUB)માં પૃ.૧૧૪-૧૧૬માં આ સ્તવ છપાયો છે.

૫-૬. જુઓ **જૈ૦ સા. સં. ઈ.** પૃ. ૪૪૩). અહીં **પણ્ણવણા-સંગહણી**ને બદલે **પ્રજ્ઞાપનાસૂત્ર**નો ઉલ્લેખ છે તો શું એ ભ્રાન્ત નથી ?

૭. **જૈ. સા. સં. ઈ** (પૃ. ૪૨૧)માં કહ્યું છે કે "કર્તા જૈનેતર લાગે છે.

૮. આને અંગેનો પં. **લાલ**ચન્દ્ર ભગવાનદાસ ગાંધીનો લેખ નામે "બાલશિક્ષા (પ્રાચીન ગુજરાતી સંસ્કૃત વ્યાકરણ)" પુરાતત્ત્વ (પુ. ૩, અં. ૧, પૃ. ૪૦-૫૩)માં છપાયો છે. એમાં ક્રૂરસિંહને બદલે 'કૂરસિંહ' છે.

૯. **બાલશિક્ષા** નામનું એક વ્યાકરણ **ભક્તિ**લાભે રચ્યું છે.

૧૦. આ લેખસંગ્રહ (ભા. ૨, પૃ. ૫૧-૭૮)માં સ્વ. **કે.** હ. **ધ્રુ**વના ઈ.સ. ૧૮૮૮માં "ગુજરાતી શાળાપત્ર"માં છપાયેલા "મુગ્ધાવબોધ ઔક્તિક" નામના લેખને સ્થાન અપાયું છે. આ ભાગમાં એમના બીજા પણ લેખો છે. આ ભાગ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" (હવે ગુજરાત વિદ્યાસભા) તરફથી ઈ.સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**"સંસ્કૃત ઉક્તિ એટલે બોલવાની રીત વિષે, મુગ્ધાવબોધ ઔક્તિકમાં નિયમો આપ્યા છે એથી અથવા તો પાધરી અને વાંકુડી યાને કર્તા, કર્મ અને ભાવિ ઉક્તિનું એમાં મુખ્યત્વે વિવેચન કરાયું છે. એથી એને ઔક્તિક નામ અપાયું છે. આ સંસ્કૃત ભાષાના વ્યાકરણને લગતો નાનો સરખો નિબંધ છે. કેવળ સંસ્કૃત દ્વારા જે મુગ્ધ જનોને વ્યાકરણ શીખવું અઘરૂં પડે તેને માટે ખાસ કરીને આમાં ઠેકાણે ઠેકાણે જૂની ગુજરાતીમાં સમજુતી અપાઈ છે. 'વ્યાકરણના સંપ્રદાય પ્રમાણે ઉક્તિઓનો પ્રાકૃતમાં સંગ્રહ' કરવાનો પોતાનો વિચાર છે એમ કહી ગ્રંથકાર આ ગ્રંથ શરૂ કરે છે."**

**મુગ્ધાવબોધ** ઔક્તિકમાં વિભક્તિ-વિચાર, કૃદંત-વિચાર, ઉક્તિ-ભેદ અને શબ્દ-સંગ્રહ જે આવે છે તેટલા પૂરતો વિભાગ **પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ** (પૃ. ૧૭૨-૧૮૦)માં છપાયો છે. આની પછી
P. ૫૦ "औक्तिकपदानि" એવા શીર્ષકપૂર્વક જે લખાણ પૃ. ૧૮૧-૨૦૪માં અપાયું છે અને જેના અંતમાં "औक्तिकपदानि समाप्तानि" એવો ઉલ્લેખ છે તે **મુગ્ધાવબોધ** ઔક્તિકથી ભિન્ન કોઈ કૃતિ હોય એમ મને લાગે છે. આ સંબંધમાં છેવટનો નિર્ણય કરવાનું સુગમ સાધન આનું મુદ્રિત પુસ્તક છે, પણ હજી સુધી એ મને કોઈ સ્થળેથી જોવા મળ્યું નથી.

પ્રસ્તુત ઔક્તિકના સ્વરૂપ પરત્વેની ગેરસમજની તેમજ એની કેટલીક હાથપોથીઓની નોંધ મેં "મુગ્ધાવબોધ ઔક્તિક" નામના મારા [1]લેખમાં લીધી છે. આ ઔક્તિકની મુદ્રણાલય-પુસ્તિકા મેં કેટલીક હાથપોથીને આધારે વર્ષો થયાં તૈયાર કરી છે પણ પ્રકાશકના અભાવે એ છપાવી શકાઈ નથી.

[2]**વાક્યપ્રકાશ** (વિ. સં. ૧૫૦૭) - આ [3]ઔક્તિક 'બૃહત્ તપા' ગચ્છના **રત્નસિંહ**સૂરિના શિષ્યાણુ **ઉદયધર્મે** વિ. સં. ૧૫૦૭માં **'સિદ્ધપુર'** નગરમાં રચ્યું છે. એમણે 'દ્વાત્રિંશદ્દલકમલ' રૂપ **બંધ**થી વિભૂષિત અને [4]"सन्नमत्रिदर्शन" થી શરૂ થતું ૧૮ પદ્યનું [5]**મહાવીરસ્તવન** પણ રચ્યું છે. એમના આ
P. ૫૧ **વાક્યપ્રકાશ**માં ૧૨૮ પદ્યો છે. આ રચના પ્રાથમિક સ્મૃતિના કારણે કરાઈ છે. એનો ઉદ્દેશ ગુજરાતી દ્વારા સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શિખવવાનો છે. આથી તો અહીં કેટલાંક પદ્યોમાં ગુજરાતીમાં લખાણ છે અને એની સાથે સાથે સંસ્કૃતમાં એનો અનુવાદ છે. આ કૃતિનો પ્રારંભ ઉક્તિના 'પ્રાધ્વર' અને 'વક્ર' એ બે પ્રકારો અને એના ઉપપ્રકારોથી કરાયો છે. આગળ જતાં કર્તરિ અને કર્મણિના પ્રત્યયો ગણાવાયા છે અને એનાં ઉદાહરણ અપાયાં છે. (શ્લો. ૨ અને ૨૮માં 'સકર્મક' એ અર્થમાં 'સાપ્ય' શબ્દ વપરાયો છે). ત્યાર બાદ ગણજ, નામજ અને સૌત્ર (કણ્ડ્વાદિ) એમ ધાતુના ત્રણ પ્રકાર દર્શાવી એનું સ્વરૂપ સમજાવાયું છે. 'પરસ્મૈપદી' વગેરે એમ પણ ધાતુના ત્રણ ભેદ પડાયા છે. ત્યાર બાદ 'વર્તમાના' વગેરે દસ વિભક્તિ, તદ્ધિત-પ્રત્યયો અને સમાસની સમજણ અપાઈ છે.

---

૧. આ લેખ "સિદ્ધચક્ર" (વ. ૧૨, અં. ૧૧)માં છપાયો છે.

૨. આ કૃતિ કોઇકની ટીકા સહિત મહેસાણાની "યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાલા" તરફથી ઈ. સ. ૧૯૧૩માં પ્રકાશિત **સ્તોત્રરત્નાકર** (ભા.૧)ના અંતમાં છપાયેલી છે. આ ટીકાનો પ્રારંભ "**श्रीमज्जिनेन्द्रमानम्य**"થી કરાયો છે. મૂળ કૃતિની વિ. સં. ૧૫૦૭માં લખાયેલી એક હાથપોથી મળે છે.

૩. જુઓ શ્લો. ૧૨૭ તેમજ એની ઉપર્યુક્ત ટીકાનું આદ્ય પદ્ય.

૪. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૧૪)

૫. આ સ્તવન **જૈન સ્તોત્ર સમુચ્ચય** (પૃ. ૨૬૫-૨૬૬)માં છપાયું છે અને એને અંગેનું ચિત્ર અંતમાં અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જાતના ઔક્તિકોમાં ઉપર્યુક્ત **બાલશિક્ષા** અને **કુલ**મંડન-સૂરિકૃત **મુગ્ધાવબોધ ઔક્તિક** એ બે કૃતિઓ ખાસ નોંધપાત્ર ગણાય છે. આ પ્રકારનાં વ્યાકરણો ભાષાના ઇતિહાસની સીમાનાં ચિહ્ન પૂરાં પાડે છે.

[1]પ્રસ્તુત કૃતિ ઉપર નીચે મુજબની ટીકાઓ છે :

(૧) **ટીકા** - આના કર્તા **સો**મવિમલના શિષ્ય **હર્ષ**કુલ છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૪૬)માં ઉલ્લેખ છે. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૧૯) પ્રમાણે **હેમ**વિમલસૂરિના શિષ્ય જે **હર્ષ**કુલગણિએ **સૂયગડ** ઉપર વિ. સં. ૧૫૮૩માં **દીપિકા** રચી છે અને જેઓ **બંધહેતૂદયત્રિભંગી**ના કર્તા છે તેમણે **હે**મવિમલસૂરિના રાજ્યમાં આ **વાક્યપ્રકાશ** ઉપર ટીકા રચી છે.

(૨) **ટીકા**- આ વાચક **કીર્તિ**વિજયના શિષ્ય **જિન**વિજયની વિ. સં. ૧૬૯૪ની રચના છે. P. ૫૨

(૩) **ટીકા**- **જૈન ગ્રન્થાવલી** (પૃ. ૩૦૭) પ્રમાણે આ **રત્ન**સૂરિની કૃતિ છે.

(૪) [2]**ટીકા**- આ અજ્ઞાતકર્તૃક રચનાનો પ્રારંભ "श्रीमज्जिनेन्द्रमानम्य" થી થાય છે.

(૫) **ટીકા**- આના કર્તાનું નામ જાણવામાં નથી.

**અન્ય ઔક્તિકો-સો**મપ્રભસૂરિએ ૪૧૫ શ્લોક જેવડું એક [3]ઔક્તિક રચ્યું છે. વળી **જિનચન્દ્રે** તેમજ અન્ય કોઈએ એકેક ઔક્તિક રચ્યું છે.

"The Auktikas are a sort of Prakrta into Sanskrit Dictionaties."

અર્થાત્ ઔક્તિકો એ એક જાતના પ્રાકૃત-સંસ્કૃત કોશો છે.

## આંશિક વ્યાકરણ

**ઉપસર્ગ-મંડન** (વિ.સં. ૧૪૯૨) આના કર્તા જૈન ગૃહસ્થ મંત્રી મંડન છે. એઓ **ઝાં**ઝણ સંઘવીના [4]છ પુત્રોમાંના બીજા પુત્ર **બા**હડના નાના પુત્ર થાય છે. એમના મોટા ભાઈનું નામ **સ**મુદ્ર (**સ**મધર) છે. એમની પેઠે એમના કાકા **દે**હડના પુત્ર **ધ**ન્યરાજ, **ધ**નરાજ **ઉર્ફે** [5]**ધ**નદ પણ વિદ્વાન અને ધનિક હતા. મંડને **'ભૂષણ'** અર્થવાચક 'મંડન' શબ્દથી અલંકૃત નીચે મુજબની આઠ કૃતિઓ રચી એ દ્વારા પોતાના નામને P. ૫૩ એ સાથે જોડ્યું છે :-

૧. શું **વિ**નયવિજયગણિએ **હૈમલઘુપ્રક્રિયા**ની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાં આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે ?

૨. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૫૦

૩. આ ઔક્તિકનો પરિચય આપતાં **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૬૩)માં કૌસમાં "grammar" એટલે કે વ્યાકરણ એવો ઉલ્લેખ છે. તેમ છતાં અહીં ઔક્તિકોને અંગે નીચે મુજબ લખાણ છે તો એ વિચારણીય જણાય છે :-

૪. આ છ યે પુત્રો **આલમશાહ** (**હો**શંગ ઘોરી)ના સચિવો હતા. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૮૦)માં કહ્યું છે કે આ **આલ**મશાહ તે "દિલાવરખાનનો પુત્ર **અલ્પ**ખાં (વિ.સં. ૧૪૬૧-૧૪૮૬) અને પછી થયેલ હોશંગ ઘોરી."

૫. આ **ધ**નદે **શૃંગાર-ધનદ, નીતિ-ધનદ** અને **વૈરાગ્ય-ધનદ** એમ ત્રણ શતકો રચી એમાં પોતાનું નામ જોડ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) [1]**અલંકાર**-મંડન, (૨) **ઉપસર્ગ**-મંડન, (૩) **કાદંબરી**-મંડન, (૪) **કાવ્ય**-મંડન, (૫) **ચંપૂ**-મંડન, (૬) **શૃંગાર**-મંડન, (૭) **સંગીત**-મંડન અને (૮) **સારસ્વત**-મંડન.[2]

આ ઉપરાંત એમણે [3]**કવિ-કલ્પદ્રુમ-સ્કંધ** અને **ચન્દ્રવિજય** એ બે કૃતિઓ પણ રચી છે. એમનું ચરિત્ર મહેશ્વર નામના કવિએ રચ્યું છે, અને એનું નામ [4]**કાવ્યમનોહર** રાખ્યું છે.

**ઉપસર્ગમંડન** નામની આ કૃતિના નામમાં કર્તાનું નામ છે અને સાથે સાથે એ જે વિષયની છે તેનું પણ નામ છે, પરંતુ 'ઉપસર્ગ શબ્દ અનેકાર્થી છે. શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને સંગમે જે પ્રતિકૂળ તેમજ સાનુકૂળ ઉપદ્રવો કર્યા હતા તે તેમજ દેવ કે મનુષ્ય તરફથી કેટલાક જૈન મુનિવરોને જે કનડગત કરાઈ હતી તે 'ઉપસર્ગ' તરીકે સુપ્રસિદ્ધ છે. ઉપસર્ગના આ અર્થ ઉપરાંત એનો બીજો અર્થ ધાતુઓ કે ધાતુ ઉપરથી બનાવાયેલા નામાદિની આગળ જોડાતો અને એના મૂળ અર્થમાં પ્રાયઃ વિશેષતા લાવતો શબ્દ કે અવ્યય એ છે. આથી અહીં ગ્રંથનું નામ વિચારતાં એ પ્રશ્ન ઉદ્ભવે કે એમાં પ્રથમ અર્થવાચક ઉપસર્ગનું
P. ૫૪ નિરૂપણ છે કે દ્વિતીય અર્થવાચક ઉપસર્ગનું ? **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૫૪) પ્રમાણે એ વ્યાકરણના એક અંશરૂપ એવા દ્વિતીય અર્થનો દ્યોતક છે. આ હિસાબે આ કૃતિમાં અધિ, અનુ, અપ, અભિ, અવ, ઉપ, પર, પ્ર, સમ્ વગેરે ઉપસર્ગોનું નિરૂપણ હશે એમ કહી શકાય. આ નિરૂપણમાં **સિ. હે.**ની કે એની કોઈ સ્વોપજ્ઞ વૃત્તિની છાયા હોય તો આ કૃતિને આના પછીના પ્રકરણમાં સ્થાન અપાવું ઘટે.

**ધાતુમંજરી** (લ. વિ. સં. ૧૬૫૦) - આ ૧૨૦૦ શ્લોકની કૃતિ **સિદ્ધિચન્દ્ર**ગણિએ રચી છે. આ પાણિનીય જેવા અજૈન સંસ્કૃત ધાતુપાઠને લગતી સંસ્કૃત કૃતિ નહિ હશે એમ માની એની મેં અહીં નોંધ લીધી છે. બાકી એની એક હાથપોથી જે લીંબડીના ભંડારમાં છે એ જોવા મળ્યે આ કૃતિનો વાસ્તવિક અને પરિપૂર્ણ પરિચય હું આપી શકું. એથી અત્યારે તો આ ગણિનો પરિચય આપું છું. આ ગણિ **ભાનુચન્દ્ર**ગણિના શિષ્ય થાય છે. એઓ [5]શતાવધાની યાને સો અવધાન કરનાર તરીકે પ્રખ્યાત છે. એમને **અકબર** બાદશાહે "**ખુષ્ફહમ્**"ની પદવી આપી હતી. એમણે એમના **ગુરુનું** [6]ચરિત્ર સંસ્કૃતમાં રચ્યું છે. **વૃદ્ધ-પ્રસ્તાવોક્તિ-રત્નાકર** એ એમની રચના છે.[7]

---

૧. આ કૃતિ પાટણની "હેમચન્દ્રાચાર્ય સભા" તરફથી ૧૧મા ગ્રંથાંક તરીકે છપાઈ છે.

૨. ઉપર્યુક્ત સભા તરફથી આ આઠ કૃતિઓ પૈકી બીજી, સાતમી અને આઠમી એ ત્રણ સિવાયની બધી છપાવાઈ છે. **કાવ્ય-મંડન** અને **શૃંગાર-મંડન** એ બે કૃતિ આ સભા તરફથી વિ. સં. ૧૯૭૬માં પ્રસિદ્ધ કરાઈ છે.

૩. આ નામે આની નોંધ **જિ. ૨. કો.**માં નથી પરંતુ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૮૪) પ્રમાણે Catalogus Catalogorum માં આની નોંધ છે.

૪. આ કાવ્ય પાટણની "હે. સ." તરફથી પ્રકાશિત થયેલું છે. એની વિ. સં. ૧૫૦૪માં લખાયેલી હાથપોથી મળે છે.

૫. **ભક્તામરસ્તોત્ર**ની જે વૃત્તિ આ **સિદ્ધિચન્દ્ર**ગણિએ રચી છે તેમાં પ્રારંભમાં સોનો અને અંતમાં ૧૦૮નો ઉલ્લેખ છે.

૬. આ ચરિત્ર **ભાનુચન્દ્રગણિચરિત** એ નામથી "સિંઘી જૈન ગ્રંથમાલા"માં ઇ.સ. ૧૯૪૧માં છપાયું છે.

૭. **કાદંબરી-ઉદ્ધાર** યાને **સંક્ષિપ્તકાદંબરીકથાનક** એ એમની ગુજરાતી કૃતિ છે. આ કૃતિ પ્રાસ્તાવિક કથનપૂર્વક જિનવિજયજીએ (હવે ગૃહસ્થ) સંપાદિત કરી છે અને એ "પુરાતત્ત્વ" (પુ. ૫, અં. ૪, પૃ. ૨૪૧-૨૫૬)માં વિ. સં. ૧૯૮૩માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમણે નીચે મુજબની કૃતિઓની [1]વૃત્તિ રચી છે :-

(૧) (હૈમ) અનેકાર્થ નામમાલા, (૨) [2]**કાદંબરી** (ઉત્તરાર્ધ), (૩) [3]**ભક્તામર-સ્તોત્ર**, (૪) P. ૫૫
**વાસવદત્તા**, (૫) [4]**શોભન-સ્તુતિ** અને (૬) **સપ્તસ્મરણ**. શું ભક્તામરસ્તોત્ર આ સપ્તસ્મરણમાં આવી જાય છે? [**સૂર્યસહસ્રનામ, સ્વોપજ્ઞટીકા** સાથે આનું સંપાદન આ. **ધુરંધરસૂરિ** મ. સા. કરી રહ્યા છે. ]

[5]**મિશ્રલિંગકોશ**, [6]**મિશ્રલિંગનિર્ણય કિંવા લિંગાનુશાસન** (લ. વિ. સં. ૧૭૦૦) - આના [7]કર્તા કલ્યાણસાગર છે. એઓ 'અંચલ' ગચ્છના **ધર્મ**મૂર્તિના શિષ્ય થાય છે. એમણે પોતાના શિષ્ય **વિ**નીતસાગર માટે આ કોશ રચી, એક કરતાં વધારે લિંગનાં એટલે કે જાતિનાં નામોની સૂચી પૂરી પાડી છે. [આમાં ૬કાંડ અને ૧૫૪૨ શ્લોકમાં ૧૩૦૦૦ શબ્દો છે. "**લિંગનિર્ણય**" નામથી મહા. **વિ**નયસાગર સંશોધિત આ કૃતિ આ. કલાપ્રભસાગરસૂરિ દ્વારા સંપાદિત થઈ "આર્યજયકલ્યાણકેંદ્ર" મુંબઈથી વિ.સં. ૨૦૩૭માં પ્રસિદ્ધ થઈ છે. પરિશિષ્ટમાં શબ્દોની અકારાદિસૂચી અભિ.ચિ.ના સ્થળ નિર્દેશ અને ગુજ: અનુવાદપૂર્વક આપી છે.]

**ઉણાદિપ્રત્યય**- આની હાથપોથી દિ.ના ભંડારમાં જોવાય છે. એ હિસાબે એ દિ. કૃતિ હશે. એના કર્તા **વ**સુનંદિ છે. એમણે આ કૃતિ ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી છે. આ બંનેની નોંધ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૧)માં લેવાઈ છે.

**પારસી(ક)ભાષાનુશાસન**- આ પારસીક યાને ફારસી ભાષાનું સંસ્કૃતમાં પાંચ અધ્યાયમાં રચાયેલું P. ૫૬
વ્યાકરણ છે. એના કર્તા **વિ**ક્રમસિંહ છે. એઓ **મ**દનપાલ ઠક્કુરના પુત્ર અને **આ**નંદસૂરિના શિષ્ય થાય છે. આની એક હાથપોથી પંજાબના ભંડારમાં છે. એમાંથી કેટલાક ઉતારા [8]A Catalogue of Manuscripts in the Punjab Jain Bhandars (pt. I)માં અપાયા છે.[9]

**કર્ણાટક-શબ્દાનુશાસન** (**શ**કસંવત્ ૧૫૨૬=વિ. સં. ૧૬૬૧)- આ વ્યાકરણ દિ. **અ**કલંકે **શ**કસંવત્ ૧૫૨૬માં ચાર પાદમાં ૫૯૨ સૂત્રમાં રચ્યું છે.[10] આ 'કાનડી' ભાષાનું વ્યાકરણ છે. એ સર્વોત્તમ ગણાય

૧. **વ**સંતરાજકૃત **શકુનશાસ્ત્ર**ની **ભા**નુચન્દ્રગણિએ રચેલી વૃત્તિનું એમણે સંશોધન કર્યું છે.
૨. આ "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી છપાઈ છે.
૩. આ સ્તોત્રની વૃત્તિ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ઈ. સ. ૧૯૩૨માં છપાયેલી "ભક્તામર-કલ્યાણમન્દિર-નમિઊણ-સ્તોત્રત્રય"ની મારી આવૃત્તિમાં પ્રકાશિત થયેલી છે.
૪. આની વૃત્તિ **શોભન-સ્તુતિ**ની ચાર ટીકા સહિતની મારી ઇ.સ. ૧૯૩૦માં "આ. સ." તરફથી પ્રકાશિત થયેલી આ વૃત્તિમાં છપાયેલી છે.
૫. ઉદયસાગરે વિ. સં. ૧૭૦૪માં રચેલી **સ્નાત્રપંચાશિકા**માં આનો **શિવસિન્ધુ** તરીકે ઉલ્લેખ છે.
૬. **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૭)માં આ નામની કૃતિની નોંધ છે અને ત્યાં કર્તાનું નામ **કલ્યાણ**સૂરિ અપાયું છે, પરંતુ મને તો આ બંને કૃતિ એક જ હોય અને કર્તાનું નામ **કલ્યાણ**સાગર હોય એમ લાગે છે.
૭. **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)ના ટિપ્પણમાં આ **કલ્યાણ**સાગરને 'સૂરિ' કહી **દેવ**મૂર્તિસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે, અને સાથે સાથે આ **દે**વમૂર્તિસૂરિને વિ. સં. ૧૪૯૬માં **વિક્રમચરિત્ર** રચનારા કહ્યા છે.
૮. આ સૂચીપત્ર લાહોરથી ઈ.સ. ૧૯૩૯માં પ્રકાશિત કરાયું છે.
૯. જુઓ **જિ. ર. કો.** (ખંડ ૧ પૃ. ૪૬૫).
૧૦. જુઓ "અનેકાન્ત" (વર્ષ ૧, કિ. ૬-૭, પૃ. ૩૩૫).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે અને એ વ્યાકરણ **નાગવર્મકૃત કર્ણાટકભાષાભૂષણ** કરતાં મોટું છે. વળી એમાં **શબ્દમણિદર્પણ** કરતાં અધિક વિષયો છે. પ્રસ્તુત વ્યાકરણમાં **અકલંકે** પોતાના ગુરુનો પરિચય આપ્યો છે. એમાં એમણે **ચારુકીર્તિ**ને અંગે અનેક વિશેષણો વાપર્યાં છે.

[1]**ભાષામંજરી**- આ ઉપર્યુક્ત વ્યાકરણની સંસ્કૃત વૃત્તિ છે.

[2]**મંજરીમકરન્દ**- આ ઉપર્યુક્ત વ્યાકરણનુ સંસ્કૃત વ્યાખ્યાન છે.

P. ૫૭

## પરિશિષ્ટ ૧ : ચન્દ્ર-વ્યાકરણ

**ચન્દ્ર-વ્યાકરણ** (ઉ. વિ. સં. ૫૫૦)- આ વ્યાકરણને **ચાન્દ્ર વ્યાકરણ** પણ કહે છે. એ બૌદ્ધ વિદ્વાન **ચન્દ્ર**ગોમીએ પાણિનીય **અષ્ટા.** અને **મહાભાષ્ય**નો ઉપયોગ કરી રચ્યું છે. એમણે **રાજતરંગિણી**ના કર્તા **કલ્હણ**ના કથન મુજબ 'કાશ્મીર'ના નૃપતિ અભિમન્યુની પ્રેરણાથી આ વ્યાકરણ રચી **મહાભાષ્ય**ના પ્રચારાર્થે પ્રયાસ કર્યો હતો.

ભર્તૃહરિએ **વાક્યપદીય** (કાંડ ૨, શ્લોક. ૪૮૭-૪૮૯)માં કહ્યું છે કે **બૈજી, સૌ**ભવ અને **હર્યક્ષ** જેવા શુષ્ક તાર્કિકો સાંપ્રદાયિક અભિનિવેશને લઈને **મહાભાષ્ય**નો નાશ કરવા લાગ્યા એ સમયે **ચન્દ્ર**ગોમીએ એની રક્ષા ન કરી હોત તો કાળ ક્યારનો યે એને સ્વાહા કરી ગયો હોત.

ઉપર્યુક્ત **અભિમન્યુ**નો સમય **કલ્હણ**ને મતે વિક્રમથી એક હજાર વર્ષ પૂર્વેનો છે, જ્યારે કેટલાક આધુનિક વિદ્વાનોને મતે એ ઈ. સ. ૪૨૩ અને ઈ. સ. ૫૦૦ વચ્ચેનો છે.

**ચન્દ્ર** વ્યાકરણની સ્વોપજ્ઞ વૃત્તિમાં "अजयद् गुप्तो हूणान्" એવું જે ઉદાહરણ છે તે ઉપરથી આ આધુનિક મત બંધાયો હોય એમ લાગે છે.

**ચન્દ્ર**ગોમીએ **ચન્દ્ર** વ્યાકરણની સ્વોપજ્ઞ વૃત્તિમાં એને લઘુ, વિસ્પષ્ટ અને સંપૂર્ણ કહ્યું છે. સામાન્ય રીતે આ વ્યાકરણ છ અધ્યાયનું અને લૌકિક સંસ્કૃતનું મનાય છે, પણ એમાં સાતમો અધ્યાય વૈદિક ભાષાને લગતો અને આઠમો સ્વરપ્રક્રિયાને અંગેનો હતો એમ એમાં આઠ અધ્યાયો હતા અને એ લૌકિક અને વૈદિક ઉભય પ્રકારના સંસ્કૃતનું વ્યાકરણ હતું એમ **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૪૧૭) જોતાં જણાય
P. ૫૮ છે. **વિક્રમની** બારમી સદીમાં વિદ્યમાન પુરુષોત્તમના સમય પહેલાં આ બે અધ્યાયો નાશ પામ્યા હતા.

મેં પરિશિષ્ટરૂપે **ચન્દ્ર** વ્યાકરણનો પરિચય અહીં આપ્યો છે તેનું એક કારણ એ છે કે એ ઘણું પ્રાચીન અને મહત્ત્વનું વ્યાકરણ ગણાતું હોવાથી જૈન વૈયાકરણોએ એનો ઉપયોગ કર્યો છે.[3] વિશેષમાં કવિવર **ધન**પાલે તો **કાતંત્ર**ની સાથે સાથે આ ચન્દ્ર વ્યાકરણનો પણ અભ્યાસ કર્યો હતો.

ચિત્રાલંકાર કાવ્ય અને એક વિવેચન– લે. કમલા જૈન પ્ર. રત્નજૈન પુસ્તકાલય અહમદનગર

More Documents at Jain Painting and Gujarati Paintings Of 16th and later Centuries- By Dr. U. P. Shah. એલ. ડી. સિરિજ નં. ૫૧

૧-૨. એજન. ૩. જુઓ **સિ. હે.** (અ. ૨, પા., સૂ. )ની બૃહદ્ વૃત્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકરણ ૩ : હૈમ પંચાંગ વ્યાકરણ

P. ૬૧

પૃ. ૩૪માં સૂચવ્યા મુજબ હું હવે અહીં 'કલિ.' [૧]હેમચન્દ્રસૂરિકૃત વ્યાકરણનો પરિચય આપું છું અને એનો પ્રારંભ એના પ્રથમ અંગરૂપ સૂત્રપાઠ નામે **સિદ્ધહેમચન્દ્ર**થી કરું છું.

[૨]**સિદ્ધહેમચન્દ્ર**- આ નામમાં બે અંશ છે : (૧) 'સિદ્ધ' અને (૨) હેમચન્દ્ર. પ્રથમ અંશ 'સોલંકી' યાને 'ચૌલુક્ય' વંશના વિદ્યારસિક નરેશ્વર સિદ્ધરાજ જયસિંહ (વિ. સં. ૧૧૫૧-૧૧૯૯)ના નામનો દ્યોતક છે, અને એનું કારણ એ છે કે આ શબ્દાનુશાસનની યોજના એ નરેશ્વરની [૩]અભ્યર્થનાનું પરિણામ છે.[૪] દ્વિતીય અંશ એના પ્રણેતા 'કલિ.' હેમચન્દ્રસૂરિના નામનો દ્યોતક છે. આમ આ બે અંશો અનુક્રમે P. ૬૨ **અમોઘ-વૃત્તિ** અને **બુદ્ધિસાગર** વ્યાકરણ જેવાં નામોનું સ્મરણ કરાવે છે.

'કલિ.' હેમચન્દ્રસૂરિનું નામ દેશવિદેશના સંસ્કૃતજ્ઞોને સુપરિચિત છે. ગુજરાતના એ પનોતા પુત્રે ગુજરાતીઓના કાનમાં અસ્મિતાનો મંત્ર ફૂંક્યો હતો અને ગુજરાતને સાહિત્યની પ્રત્યેક શાખામાં પગભર કરવા માટે એને સર્વતન્ત્ર-સ્વતન્ત્ર બનાવવા માટે ભગીરથ પ્રયાસ સેવ્યો હતો. એમણે રચેલા તમામ ગ્રંથો તો આજે મળતા નથી, પણ જે મળે છે તે વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, કાવ્ય, ન્યાય, તત્ત્વજ્ઞાન, યોગ એમ વિવિધ વિષયોનો સચોટ બોધ કરાવે છે. આ 'પૂર્ણતલ' ગચ્છના સૂરિવર્યનો જન્મ વિ. સં. ૧૧૪૫માં કાર્તિક પૂર્ણિમાએ ધંધુકામાં 'મોઢ' જ્ઞાતિના **ચ**ચ્ચ, **ચા**ચિગ અને **ચા**ચ એમ ત્રિવિધ નામે ઓળખાવાતા વણિકને ત્યાં થયો હતો. એમની માતા બનવાનું સૌભાગ્ય 'ચામુંડ'-ગોત્રીય **ચા**હિણી, **પા**હિણી અને **ચં**ગી એમ ત્રિવિધ નામે પ્રસિદ્ધ જૈન ભામિનીને પ્રાપ્ત થયું હતું. માતાપિતાએ એમનું નામ **ચં**ગદેવ કે **ચાં**ગદેવ રાખ્યું હતું. વિ. સં. ૧૧૫૪માં અને મતાંતર પ્રમાણે ૧૧૫૦માં **ચાંગદેવે** [૫]દેવચન્દ્રસૂરિ પાસે દીક્ષા લીધી ત્યારે એમનું નામ **સો**મચંદ કે **સો**મદેવ રખાયું હતું. એ ઉત્સવમાં ઉદયન મંત્રીએ અગ્રભાગ ભજવ્યો હતો. વિ. સં. ૧૧૬૨માં અને મતાંતર પ્રમાણે ૧૧૬૬માં એઓ સૂરિ બન્યા ત્યારે એમનું નામ બદલી ને **હે**મચન્દ્ર રખાયું. ગુજરાતના બે મહાનૃપતિઓ **સિદ્ધ**રાજ અને 'પરમાર્હત' કુમારપાલ આ આચાર્યના પરમ ભક્ત હતા.

---

૧. એમનાં જીવન અને કવનની આછી રૂપરેખાં મેં ''કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ એટલે ?'' એ નામના મારા લેખમાં આલેખી છે. આ લેખ ''ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'' (વ. ૩, અં. ૪, પૃ. ૫૬૧-૬૦૪)માં ઇ. સ. ૧૯૩૯માં પ્રસિદ્ધ થયો છે. અનેક પૌર્વાત્ય વિદ્વાનોએ તેમજ કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ આ સૂરિવર્યનો પરિચય આપ્યો છે. આવી એક સૂચી મેં ઉપર્યુક્ત લેખમાં આપી છે.

૨. આ મૂળ કૃતિનાં વિવિધ સંપાદનો થયાં છે. એ પૈકી મારી સામે અત્યારે ''જૈન ગ્રંથ પ્રકાશક સભા'' તરફથી વિ. સં. ૧૯૯૮માં **દીપિકા** સહિત જે સંપાદનમાં આઠ અધ્યાયો છપાયાં છે તે છે. એમાં ૩૫ પદ્યો કટકે-કટકે-પ્રત્યેક પાદને અંતે એકેક અને અંતિમ પાદને અંતે ચાર અપાયાં છે. આ સંપાદનમાં આઠે અધ્યાયોનો પાદ દીઠ ગ્રંથાગ્ર અપાયો છે. વળી આઠમા અધ્યાયને અંગે ભાષાદીઠ સૂત્રોનો પણ ગ્રંથાગ્ર અપાયો છે.

૩. જુઓ **સિ. હે.**ની પ્રશસ્તિ (શ્લો. ૩૫) તેમજ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**ની પ્રશસ્તિ (શ્લો. ૧૮)

૪. કુમારપાલની વિજ્ઞપ્તિથી **યોગશાસ્ત્ર, વીતરાગસ્તોત્ર** અને **ત્રિષષ્ટિ.** એ ત્રણ કૃતિઓ રચાઈ છે.

૫. **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૪૪૯)માં 'ચન્દ્રદેવસૂરિ' એવો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમારપાલના [1]અવસાન પૂર્વે એક વર્ષ પહેલાં એટલે કે વિ. સં. ૧૨૨૯માં આ સૂરિવર્યનો ૮૪
P. ૬૩ વર્ષની વયે દેહોત્સર્ગ થયો, અને તેમ થતાં ગુજરાત એક વિરલ વિભૂતિના જ્યોતિઃપુંજથી વંચિત બન્યું.

**રૂપરેખાસિદ્ધહેમચન્દ્ર**ને સંક્ષેપમાં **સિદ્ધહેમ** પણ કહે છે. એ કેવળ સંસ્કૃત ભાષા પૂરતું વ્યાકરણ નથી. પરંતુ પાઇય ભાષાના, મરહટ્ટી, સોરસેણી, માગહી, પેસાઈ, ચૂલિયાપેસાઈ તેમજ અવહટ્ઠ એ છ ભેદો ઉપર પણ પ્રકાશ પાડનારું વ્યાકરણ છે. [2]અવહટ્ઠને અંગે તો આપણે એમને 'ગુજરાતના પાણિનિ' કહી શકીએ. જેમ પાણિનિએ [3]'छन्दसि' અને 'निगमे' કહી વૈદિક ભાષાનો પરિચય કરાવ્યો છે તેમ આ આચાર્યે [4]'આર્ષ' કહી જૈનોના પ્રાચીન અને મહામૂલ્યશાળી આગમોની અ. મા. ભાષાની વિશેષતાઓની પ્રસંગોપાત નોંધ લીધી છે. પાલિ એ પણ પાઇય ભાષાનો એક પ્રકાર છે. તેમ છતાં **વર**રુચિ વગેરે પ્રાચીન વૈયાકરણોએ જેમ એનું નિરૂપણ કર્યું નથી તેમ આ આચાર્યે પણ આ ભાષાનું વ્યાકરણ રચ્યું નથી. જો એ કાર્ય એમણે કરી નવો ચીલો પાડ્યો હોત તો એમના પંચાંગી વ્યાકરણની સાંગોપાંગતા સોળે કળાએ ખીલી ઊઠેત.

**પરિમાણ**- મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૩૬૧માં રચેલા **પ્રબંધચિંતામણિ**માં કહ્યું છે કે [5]સવા લાખ
P. ૬૪ શ્લોક જેવડું **સિદ્ધહેમ** નામનું નવું પંચાંગ વ્યાકરણ હેમચન્દ્રાચાર્યે એક વર્ષમાં રચ્યું. કેટલાક આ વર્ષ તરીકે વિ.સં. ૧૧૯૩-૯૪ ગણાવે છે.

---

૧. વિ. સં. ૧૨૩૦માં આ રાજા જતાં ગુજરાતમાં સોલંકીઓના વૈભવનો અસ્તકાળ શરૂ થયો.

૨. પ્રા. હરિવલ્લભ ચુ. ભાયાણીનું ભાષણ નામે "હેમચન્દ્રીય અપભ્રંશનું સ્વરૂપ" "ફા.ગુ. સ. ત્રૈ." (પૃ. ૧૬, અં. ૪, પૃ. ૧૬૧-૧૭૧)માં છપાયું છે તે જોઈ જવું ઘટે.

૩. **સિ. કૌ.**માં અંતમાં વૈદિક પ્રક્રિયા અપાઈ છે. એમાં "छन्दसि" એવા ઉલ્લેખવાળાં કેટલાંક સૂત્રો છે. એને હિસાબે "निगमे" એવા ઉલ્લેખવાળાં સૂત્રો તો બહુ જ થોડાં છે.

૪. એના ઉદાહરણ માટે જુઓ ૭-૨-૬૪ અને ૭-૪-૭૪.

૫. હેમચન્દ્રસૂરિએ સાડા ત્રણ કરોડ શ્લોક જેટલો ગ્રંથરાશિ યોજ્યો હતો એમ કહેવાય છે. રોજ બીજું કામ કરવાનું બાજુએ રાખી, ફક્ત પંચાંગ વ્યાકરણ રચવા પાછળ જ સમય અપાયો હોય તો એ હિસાબે રોજના લગભગ સાડી ત્રણસો (કલાકના પંદરેક) શ્લોક જેટલું લખાણ તૈયાર થાય તો એક વર્ષમાં સવા લાખ શ્લોક જેટલું પંચાંગ વ્યાકરણ બને. આજે આ વ્યાકરણની વિવિધ અંગોની જે સ્વોપજ્ઞ વૃત્તિ મળે છે તેનું પરિમાણ નીચે મુજબ છે :-

| | | |
|---|---|---|
| **સિ. હે.** (અ. ૧-૭)ની લઘુવૃત્તિ | શ્લો. | ૬૦૦૦ |
| **સિ. હે.** (અ. ૮)ની લઘુવૃત્તિ | શ્લો. | ૨૨૦૦ |
| **સિ. હે.** ની બૃહદ્-વૃત્તિ | શ્લો. | ૧૮૦૦૦ |
| **સિ. હે.** નો ન્યાસ નામે **શબ્દ-મહાર્ણવ** | શ્લો. | ૨૦૦૦૦ |
| ઉણાદિ-ગણસૂત્ર (સટીક) | શ્લો | ૩૨૫૦ |
| **ધાતુ-પારાયણ** | શ્લો | ૫૬૦૦ |
| **લિંગાનુશાસન** (સટીક) | શ્લો. | ૩૬૮૪ |
| | | ૫૮૭૩૪ |

આમાં ન્યાસનો ૬૪૦૦૦ શ્લોક જેટલો ભાગ નાશ પામ્યાની વાત સ્વીકારી એ સંખ્યા ઉમેરાય તો લગભગ સવા લાખ શ્લોક થઈ રહે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યોજના**– **સ. હે.**માં ચચ્ચાર પાદવાળા આઠ અધ્યાયો છે. પ્રથમના સાત અધ્યાયોમાં ૩૫૬૬ સૂત્રો દ્વારા સંસ્કૃત ભાષાનું નિરૂપણ છે,[૧] જ્યારે આઠમા (અંતિમ) અધ્યાયમાં ૧૧૧૯ સૂત્ર દ્વારા પાઇયના છ ભેદોનું નિરૂપણ છે.[૨] આ વ્યાકરણની રચના પ્રકરણાનુસારિણી છે અને એ રીતે એ કાતન્ત્રનું સ્મરણ P. ૬૫
કરાવે છે.[૩] ટૂંકમાં કહું તો એના આદ્ય સાત અધ્યાયોમાં નીચે મુજબના [૪]વિષયો રજૂ કરાયા છે. :

(૧) સંજ્ઞા, (૨) સ્વર-સંધિ, (૩) વ્યંજન-સંધિ, (૪) [૫]નામ, (૫) કારક, (૬) ષત્વ-ણત્વ, (૭) સ્ત્રી-પ્રત્યય, (૮) સમાસ, (૯) [૬]આખ્યાત[૭], (૧૦) [૮]કૃદંત[૯] અને (૧૧) [૧૦]તદ્ધિત.

આઠમા અધ્યાયના મુખ્ય વિષયો નીચે મુજબ છે. :-

સંધિના નિયમો, સ્વરો અને સાદા વ્યંજનોમાં પરિવર્તન, સંયુક્ત વ્યંજનોનાં રૂપાંતરો, સ્વર-ભક્તિ, વ્યત્યય, સંસ્કૃત શબ્દોના આદેશો, પાઇય અવ્યયો, નામ, વિશેષણ, સર્વનામ અને ક્રિયાપદનાં રૂપાખ્યાનો, ધાત્વાદેશ તેમજ સોરસેણીથી માંડીને **અવહટ્ઠ** (પા. ૪, સૂ. ૩૨૯-૪૪૬) સુધીની ભાષાનું નિરૂપણ.

**સંજ્ઞા**–સંજ્ઞા-વિધાનમાં સંજ્ઞાઓ પ્રાસાદિક એટલે કે ઝટ સમજાય તેવી રખાઈ છે અને એમ કરવામાં ઐન્દ્ર પરંપરા, પ્રાતિશાખ્ય પરંપરા અને **કાતન્ત્ર**-પરંપરાનો ઉપયોગ કરાયો છે. કાત્યાયનકૃત 'પાલિ' ભાષાના વ્યાકરણમાં **સિ. હે.**ગત કેટલીક સંજ્ઞાઓ નજરે પડે છે. પાણિનીય **અષ્ટા.ની** 'લોટ્' અને P. ૬૬
'લિઙ્'[૧૧] સંજ્ઞાને બદલે **કાતન્ત્રની** પેઠે **સિ. હે.**માં પંચમી અને 'સપ્તમી' સંજ્ઞા છે.

**અષ્ટા.**માં લટ્, લિટ્, લુટ્, લૃટ્, લેટ્, લોટ્, લઙ્, લિઙ્, લુઙ્ અને લૃઙ્ એમ દસ સંજ્ઞા છે. તેમાં 'લેટ્' તો વેદમાં જોવાય છે. એથી એને બાજુએ રાખતાં 'લોટ્' યાને આજ્ઞાર્થ એ 'પંચમી' અને 'લિઙ્' યાને વિધ્યર્થ એ 'સપ્તમી' ગણાય.

---

૧-૨. પ્રથમના સાત અધ્યાયોનો ગ્રંથાગ્ર શ્લો. ૭૮૭ અને ૬ અક્ષર પૂરતો છે, જ્યારે આઠમાનો શ્લો. ૨૪૪ ને ૪ અક્ષર પૂરતો છે; સમગ્ર કૃતિનો ગ્રંથાગ્ર શ્લો. ૧૦૩૧ અને ૧૦ અક્ષરનો છે.

૩. સંજ્ઞાઓ માટે પણ **કાતન્ત્ર**નું અનુસરણ કરાયું છે.

૪. એ પ્રત્યેકની સૂત્ર સંખ્યા ઇત્યાદિ માટે જુઓ શ્રી. મધુસૂદન મોદી કૃત **હેમસમીક્ષા** (પૃ. ૩૭-૪૦). [અન્ય વ્યાકરણો સાથે તુલના માટે જુઓ **આ. હેમચન્દ્ર ઔર ઉનકા શબ્દાનુશાસન** પ્ર. ચૌખંબા વિદ્યાભવન વારાણસી.]

૫. આ વિષયને લગતા પ્રકરણને 'સ્યાદિ-પ્રકરણ' તરીકે ઓળખાવાય છે.

૬. ધાતુ અને પ્રત્યયના યોગથી ક્રિયા સિદ્ધ થતી હોવાથી 'આખ્યાત' કહેવાય છે.

૭. આમાં દસ કાળના પ્રત્યયો વગેરેની હકીકત છે.

૮. ચતુષ્ક અને આખ્યાત પછી કરાય તે 'કૃત્' કહેવાય છે.

૯. 'કૃત્' પ્રત્યયની વિસ્તૃત અને જટિલ ચર્ચાને લગતો આ વિષય છે.

૧૦. પ્રકૃતિને હિતકારી અણાદિ પ્રત્યયોને હિતકારી તે 'તદ્ધિત' કહેવાય છે.

૧૧. આ તેમજ અન્ય પાણિનીય સંજ્ઞા વગેરેનો વિચાર ક્ષિતીશચન્દ્ર ચેટરજીએ સત્યપ્રસાદ ભટ્ટાચારજી દ્વારા ઈ.સ. ૧૯૪૮માં પ્રકાશિત ''ઉષા સ્મારક ગ્રંથમાલા'' ગ્રંથાક ૩ નામે Technical Terms and Technique of Sanskrit Grammar (part I)માં સારી રીતે કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સન્તુલન–પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૮૬-૮૭) પ્રમાણે 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ને **સિદ્ધરાજે** જ્યારે વ્યાકરણ રચવા વિજ્ઞપ્તિ કરી ત્યારે એ સૂરિએ કાશ્મીરથી આઠ વ્યાકરણો મંગાવી આપવા કહ્યું. આનાં નામ કોઈ સ્થળે નોંધાયેલાં હોય એમ જણાતું નથી. ગમે તેમ એમણે આ આઠ વ્યાકરણોનો તો ઉપયોગ કર્યો જ હોવો જોઈએ.

પુરોગામીઓની સબળ કૃતિઓનો જેટલા પ્રમાણમાં લાભ લેવાય તેટલો લેવો અને પુસ્તક રચવામાં એના અંશો તેના તેજ સ્વરૂપમાં લેવા યોગ્ય જણાય તો તેમ પણ કરવું. આ પ્રકારની મનોદશા પ્રાચીન સમયના જૈન શ્રમણો સેવતા હતા. 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ની પણ આવી વૃત્તિ હોવાથી તેમજ રાજા તરફથી સત્વર કાર્ય કરી આપવાનું સૂચન હોવાથી એમણે **શાકટાયન**નાં કેટલાં યે સૂત્રો જરાયે ફેરફાર
P. ૬૭ વિના અપનાવ્યાં છે,[1] અને એનાં કેટલાંક સૂત્રો સમુચિત ન જણાતાં એમાં એમણે પરિવર્તન કરી તેને સ્થાન આપ્યું છે.

[2]**પાંત્રીસ પદ્યો-પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૧૦૧-૧૦૨[3])માં **સિ. હે.**ના (અંતિમ સિવાયના) દરેક પાદને અંતે એકેક પદ્ય અને સર્વ પાદને અંતે ચાર એટલે કે ત્રીસ વત્તા પાંચ એમ ૩૫ પદ્યોની પ્રશસ્તિ હોવાનો ઉલ્લેખ છે. આજે **સિ. હે.**ના ૩૨ પાદ પૈકી પ્રત્યેકને અંતે એકેક પદ્ય અને અંતમાં ત્રણ વધારે એમ ૩૫ પદ્યો જોવાય છે. આ પદ્યો **સિ. હે.**ના સમજવાં કે એની સ્વોપજ્ઞ લઘુવૃત્તિનાં કે એની બૃહદ્વૃત્તિનાં ગણવાં એવો એક પ્રશ્ન આ ત્રણેનાં વિવિધ સંપાદનો જોતાં ઉદ્ભવે છે. અંતિમ નિર્ણય કરવા માટે આ ત્રણેની પ્રાચીન હાથપોથીઓ તપાસવી ઘટે. આ સંબંધમાં થોડોક વિચાર કરતાં અત્યારે તો મારું એમ માનવું થાય છે કે એ **સિ. હે.**ની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિનાં જ છે.

P. ૬૮ આ ૩૫ પદ્યો પૈકી પહેલાં ૩૪ પદ્યો દ્વારા 'ચૌલુક્ય' વંશના નીચે મુજબના સાત રાજાઓની પ્રશંસા કરાઈ છે :-

(૧) મૂલરાજ, (૨) ચામુંડરાજ, (૩) વલ્લભરાજ, (૪) દુર્લભરાજ, (૫) ભીમદેવ, (૬) કર્ણદેવ, અને (૭) સિદ્ધરાજ જયસિંહ.

---

૧. ''શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચાર સમિતિ'' તરફથી વિ. સં. ૨૦૦૨માં પ્રકાશિત અને પં. ચંદ્રસાગરગણિ (હવે સૂરિ) દ્વારા સંપાદિત ''શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્'' (ભાગ ૧)ની પ્રસ્તાવના (પૃ. 'કૂ')માં **શાકટાયન** વ્યાકરણ (અ. ૧, પા. ૧)માંનાં વીસ સૂત્રો આપી એનાં એ જ સૂત્રો **સિ. હે.**માં ક્યાં ક્યાં છે તે દર્શાવાયું છે. એના પછીના પૃષ્ઠમાં **શાકટાયન** વ્યાકરણમાંથી નવ સૂત્રો આપી એમાં રહેલી ક્લિષ્ટતા અને સંદિગ્ધતાને દૂર કરનારા **સિ. હે.**નાં સૂત્રો સંતુલનાર્થે રજૂ કરાયાં છે.
આ સંપાદનમાં બીજા અધ્યાયના બીજા પાદ પૂરતાં સૂત્રો અપાયાં છે. આમ અહીં સંજ્ઞા, સંધિ, નામ અને કારકને લગતાં સૂત્રો છે. એને અંગેની હૈમ બૃહદ્વૃત્તિ નામે **તત્ત્વપ્રકાશિકા** અને ચંદ્રસાગરજીએ તૈયાર કરેલી **આનંદબોધિની** નામની વિવૃતિ અહીં અપાઈ છે. અંતમાં ૧૪ પરિશિષ્ટો અપાયાં છે.

૨. આનો ગુજરાતી અનુવાદ **હૈમ-સારસ્વત-સત્ર**માં અપાયો છે. ''ગુજરાતનું પ્રધાનતમ વ્યાકરણ'' નામના લેખના અંતમાં આ ૩૫ પદ્યો ગુજરાતી અનુવાદ સહિત અપાયાં છે.

૩. ''पादान्ते श्लोकमेककम् ॥१०१॥ तच्चतुष्कं च सर्वान्ते श्लोकैस्त्रिंशद्भिरद्भुता ।
पञ्चाधिकैः प्रशस्तिश्च विहिताऽवहितैस्तदा ॥१०२॥''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પદ્યો સંસ્કૃત **દ્વયાશ્રય-કાવ્યનું** સ્મરણ કરાવે છે. એ આ કાવ્યની રચના બાદ એના નવનીત રૂપે યોજાયાં હશે કે પછી એ પદ્યોરૂપ બીજકમાંથી સંસ્કૃત **દ્વયાશ્રય-કાવ્યરૂપ** વૃક્ષ ઉદ્ભવ્યું હશે એનો નિર્ણય કરવો બાકી રહે છે.

ઉપર્યુક્ત ૩૫ પદ્યો પૈકી અ. ૨, પા. ૨ ના અંતમાં અપાયેલા નિમ્નલિખિત પદ્યના અર્થ અને પાઠાંતર વિષે **સિ. હે.**ની પ્રસ્તાવના (પૃ. ગઃ, ધ અને ધા)માં **ચંદ્ર**સાગરજીએ ચર્ચા કરી છે :-

''मूलार्कः श्रूयते शास्त्रे सर्वकल्याणकारणम् । अधुना मूलराजस्तु चित्रं लोकेषु गीयते ॥''

**સ્વોપજ્ઞ લઘુવૃત્તિ-સિ. હે.**ના વિશદ પરંતુ સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ માટે 'કલિ.' **હે**મચન્દ્રસૂરિએ આ લઘુવૃત્તિ રચી છે. 'લઘુવૃત્તિ' એવો પ્રયોગ અ. ૧-૭ માટેની, કેવળ અ. ૮ માટેની તેમજ અ. ૧-૮ એટલે કે સંપૂર્ણ **સિ. હે.** માટેની સ્વોપજ્ઞ સંક્ષિપ્ત વૃત્તિ એમ ત્રણ ભિન્ન ભિન્ન અર્થમાં કરાય છે, પણ આ ત્રણેમાંથી ગમે તે જાતની લઘુવૃત્તિમાં ગણપાઠને સ્થાન નથી.

અ. ૧-૭ સુધીની લઘુવૃત્તિનું પરિમાણ છ હજાર શ્લોક જેવડું ગણાય છે અને એથી એને 'છહજારી' કહે છે.[1]

**પ્રકાશિકા**—કેવળ આઠમા અધ્યાય પૂરતી લઘુવૃત્તિને કેટલાક આ નામથી ઓળખાવે છે.[2] એમાં P. ૬૯ વિષયને વ્યક્ત કરવા ઉપરાંત બીજી કોઈ જાતની સામગ્રી અપાઈ નથી. અપભ્રંશનાં સૂત્રોને અંગેનાં

૧. આ છહજારી અ. ૧-૭ સુધીનાં સૂત્રો સહિત ''યશોવિજય જૈન ગ્રંથમાલા''માં ઈ. સ. ૧૯૦૫માં છપાઈ હતી. એ દુષ્પ્રાપ્ય બનતાં ''શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી'' તરફથી એ મૂળ સૂત્રો સહિત ઈ.સ. ૧૯૩૪માં પ્રકાશિત કરાઈ હતી. એનું સંપાદન મુનિશ્રી **હિમાંશુવિજય**જીએ કર્યું હતું. એમાં એમણે કેટલાંક સૂત્રોમાં સંધિ જતી કરી હતી. પં. દક્ષવિજયજીએ આ લઘુવૃત્તિનું મૂળ સહિતનું સંપાદાન કર્યું છે અને એ ''વિજ્યનેમિસૂરિ-ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૩૦ તરીકે સંપાદકે તૈયાર કરેલાં ૧૩ પરિશિષ્ટો સહિત વિ. સં. ૨૦૦૮માં છપાઈ છે. તેર પરિશિષ્ટો પૈકી બાર તો ધાતુઓ સાથે એક યા બીજી રીતે સંબદ્ધ છે. ''શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી'' તરફથી આઠે અધ્યાયની લઘુવૃત્તિ મૂળ કૃતિ તેમજ ધાતુપાઠ સહિત વિ. સં. ૧૯૫૦માં છપાવાઈ છે. [લ. વૃ. મુનિશ્રી **જંબૂ**વિજય મ. દ્વારા સંશોધિત સંપાદિત થઇ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર પાટણથી પ્રગટ થઇ છે. એની બીજી આવૃત્તિ પણ ટૂંકમાં પ્રગટ થશે. લ. વૃ.નો ગુજરાતી અનુવાદ પં. **બે**ચરદાસ (પ્ર. યુનિ. ગ્રં. નિ. બોર્ડ), આ **ચન્દ્રગુપ્ત**સૂરિ અને આ **મ**હિમાપ્રભસૂરિના પ્રગટ થયા છે. પં. શિવલાલભાઇનું **સિદ્ધહેમસારાંશ** વ્યા. પણ પ્રસિદ્ધ થયેલ છે લઘુવૃત્તિ ઉપર મુનિ **વિ**મલરત્ન વિ. કૃત **ગુણરત્નાવૃત્તિ** ક. સો. પેઢી પિંડવાડાથી પ્રસિદ્ધ છે.]

૨. આનું સમીક્ષાત્મક સંપાદન આર **પિ**શલે કર્યું છે. એ વિદ્વાને જર્મન અનુવાદ આપી એની મહત્તામાં વૃદ્ધિ કરી છે. આ સંપાદન ઈ. સ. ૧૮૭૭-૮૦માં છપાયું છે, એ આજે મળતું નથી. શ્રી **મો**તીલાલ લાધાજી (હવે મુનિશ્રી કેવલવિજયજી) તરફથી ઈ.સ. ૧૯૨૮માં આ **પ્રકાશિકા** અ. ૮નાં સૂત્રો સહિત પ્રકાશિત કરાઈ છે, એનું સંપાદન ડૉ. **પી.** એલ. વૈદ્યે કર્યું છે. એમણે પાઇય પદ્યોની સંસ્કૃતમાં છાયા આપી એનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. અંતમાં એમણે શબ્દોની તેમજ ધાત્વાદેશની સૂચી આપી છે. "Bombay Sanskrit and Prakrit Serise"માં ગ્રંથાંક ૬૦ના પરિશિષ્ટ તરીકે પૃથક્ સ્વરૂપે **પ્રકાશિકા** અ. ૮નાં સૂત્રો તેમજ ઉપર્યુક્ત બે સૂચી સહિત ઈ.સ. ૧૯૩૬માં છપાવાઈ છે. એનું નામ ''હેમચન્દ્રનું પ્રાકૃત વ્યાકરણ'' એવું રખાયું છે. [આ પછી પં. શ્રી વજ્રસેન વિ. ગણિના સંપાદન પૂર્વક પ્રાકૃત વ્યા. પ્રગટ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુક્તકો અપભ્રંશમાં છે અને એ અનેક રીતે મહત્ત્વનાં છે. આ **પ્રકાશિકા**નું પરિમાણ ૨૨૦૦ શ્લોક જેવડું દર્શાવાય છે. આ **પ્રકાશિકા**ને કેટલાક બૃહદ્વૃત્તિનો ભાગ ગણે છે.

**હૈમ-લઘુ-વૃત્ત્યવચૂરિ**-આ **સિ. હે.**ની લઘુવૃત્તિની અવચૂરિ હોય એમ લાગે છે. એમ જ હોય તો પણ એ સ્વોપજ્ઞ લઘુવૃત્તિની છે કે કેમ તે જાણવું બાકી રહે છે. ધનચન્દ્રના નામે ૬૫ પત્રની એક
P. ૭૦ અવચૂરિની તેમજ ૨૨૧૩ શ્લોક જેવડી અને **ચતુષ્ક-વૃત્તિ** ઉપરની એક અજ્ઞાંતકર્તૃક અવચૂરિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૦)માં છે.

**જિ. ર. કો.** (ખં. ૧, પૃ. ૩૭૬)માં જે કૃતિ **દેવેન્દ્ર**ના શિષ્ય **ધન**ચન્દ્રે રચેલી દર્શાવાઈ છે અને જેની એક હાથપોથી વિ. સં. ૧૪૦૩માં લખાયેલી નોંધાયેલી છે તે જ આ હોય એમ લાગે છે.

**હૈમલઘુવૃત્તિઢુંઢિકા યાને હૈમલઘુવૃત્તિદીપિકા**—આ **મુ**નિશેખરની ૩૨૦૦ શ્લોક જેવડી રચના છે. એની વિ. સં. ૧૪૮૮માં લખાયેલી એક હાથપોથી મળે છે. એ તપાસાય તો આ રચના અ. ૧-૭ પૂરતી છે કે આઠે અધ્યાયને અંગેની છે તેનો નિર્ણય થઈ શકે.

**લઘુવૃત્ત્યવચૂરિ**—આ અવચૂરિ પહેલા ચાર અધ્યાય પૂરતી છે. એ **નં**દસુંદરે રચી છે અને એની વિ. સં. ૧૫૧૦માં લખાયેલી હાથપોથી મળે છે.

**લઘુવ્યાખ્યાનઢુંઢિકા**—આ ૩૨૦૦ શ્લોકની કોઈકની કૃતિ છે. એની એક હાથપોથી સૂરતમાં છે.

[1]**લઘુવૃત્ત્યવચૂરિ પરિષ્કાર**—આનો પ્રારંભ "प्रणम्य लब्धिदं पार्श्वं"થી કરાયો છે.

[2]**રહસ્ય-વૃત્તિ-સિ. હે.** ઉપર જે સ્વોપજ્ઞ લઘુવૃત્તિ છે તેનો અભ્યાસ ન કરી શકે એવા જનોને
P. ૭૧ લક્ષીને આ **રહસ્ય-વૃત્તિ** રચાઈ છે. એથી તો **સિ. હે.**માંનાં પ્રસિદ્ધ તેમજ વિરલ પ્રસંગે ઉપયોગી એવાં તમામ સૂત્રોનું અહીં સ્પષ્ટીકરણ નથી. લઘુવૃત્તિમાં અપાયેલાં કેટલાંક ઉદાહરણો પણ અહીં જતાં કરાયાં છે. આમ આ **રહસ્ય-વૃત્તિ** લઘુવૃત્તિને મુકાબલે નાની-[3] લગભગ અઢી હજાર શ્લોક જેવડી અને વિશેષ સુગમ બનાવાઈ છે. આ **રહસ્ય-વૃત્તિ**માં અધ્યાય પૂરો થાય એવાં એક બે સ્થળે 'સ્વોપજ્ઞ' એવો ઉલ્લેખ જોવાય છે. એ ઉપરથી કેટલાક એના પ્રણેતા તરીકે **હેમ**ચન્દ્રસૂરિનું નામ સૂચવે છે, પરંતુ એ બાબત વિચારણીય જણાય છે.

---

૧. આ પરિષ્કાર "શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન સંસ્કૃત ગ્રંથમાલા"માં કટકે કટકે વિ. સં. ૨૦૦૨થી આજ દિન સુધી પ્રસિદ્ધ થતો રહ્યો છે.

૨. આ **રહસ્ય-વૃત્તિ** સહિત એ પૂરતો **સિ. હે.**નો વિભાગ "જૈન શ્રેયસ્કર મંડળ" તરફથી વિ. સં. ૨૦૦૭માં પ્રકાશિત થયો છે. એનું સંપાદન પં. પ્રભુદાસ બેચરદાસ પારેખે કર્યું છે. સૂત્રોની સામે બાજુમાં વિષયસૂચક શીર્ષકો અપાયાં છે તેથી વિદ્યાર્થીનો માર્ગ સુગમ બન્યો છે. અંતમાં ગણદીઠ તેમજ પેટાગણદીઠ ધાતુઓના એના પદ અનુસાર સંખ્યા અપાઈ છે. ત્યાર પછી હૈમ ધાતુપાઠ તેમજ અનુબંધ-ફલ અને વૃત્-ગણ-ફલની કારિકાઓ અને અનિટ્-કારિકાઓ અપાઈ છે. અનિટ્ ધાતુઓને અંગે કોષ્ટક અપાયેલું છે. લગભગ પ્રારંભમાં "વર્ણોનો યંત્ર" અપાયો છે.
આ **રહસ્યવૃત્તિ**નું સંપાદન સુરતના "જૈનાનંદ પુસ્તકાલય"ની એક હાથપોથીને આધારે કરાયું છે. અહીં જે ૭૯૩ ક્રમાંકવાળી હાથપોથી છે તે જ આ હશે.

૩. **વિનય**વિજયકૃત **હૈમલઘુપ્રક્રિયાનું** પરિમાણ પણ લગભગ આટલુંજ છે, પરંતુ એ પ્રક્રિયારૂપે યોજાયેલી હોવાથી સ્વોપજ્ઞ બૃહદ્-વૃત્તિના પ્રવેશદ્વારની ગરજ સારી શકતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાકલની કૃતિ યાને ઢુંઢિકા-દીપિકા**—હેમચન્દ્રસૂરિના સમકાલીન અને **સિ. હે.**ના અધ્યાપન માટે નીમાયેલા મુખ્ય અધ્યાપક, કાયસ્થ, આઠ વ્યાકરણોના જ્ઞાતા **કાકલે** આ વ્યાકરણ ઉપર એક વૃત્તિ રચી છે. કેટલાક એને **લઘુવૃત્તિ** કહે છે તો કેટલાક એને **મધ્યમવૃત્તિ** કહે છે. વળી **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૬)માં કાકલની રચેલી લઘુવૃત્તિને **ઢુંઢિકાદીપિકા** કહી છે. અહીં કહ્યું છે કે આ ચતુષ્ક, આખ્યાત, કૃત્ અને તદ્ધિત પૂરતી છે અને એનું પરિમાણ છ હજાર શ્લોકનું છે.

[1]**મધ્યમવૃત્તિ**-કેટલાકનું એમ માનવું છે કે **હેમચન્દ્રસુરિએ સિ. હે.** પ્રથમના સાત અધ્યાય ઉપર P. ૭૨ આઠ હજાર શ્લોક જેવડી **મધ્યમવૃત્તિ** રચી હતી અને આજે જે મળે છે તે જ એ છે.

[2]**બૃહદ્વૃત્તિ યાને** [3]**તત્ત્વપ્રકાશિકા કિંવા અઢારહજારી**—સ્વોપજ્ઞ છહજારી લઘુવૃત્તિની અપેક્ષાએ આ વૃત્તિ ઘણી મોટી હોવાથી એને 'બૃહદ્વૃત્તિ' કહે છે. 'કલિ.' હેમચન્દ્રસૂરિએ જે ન્યાસ-બૃહન્યાસ રચ્યો છે તે આ બૃહદ્વૃત્તિના વિવરણરૂપ છે અને એ બૃહન્ન્યાસનું નામ **તત્ત્વપ્રકાશિકાપ્રકાશ** હોવાનું સૂચવાય છે. આને લઈને કે પછી અન્ય કોઈ કારણસર બૃહદ્વૃત્તિને **તત્ત્વપ્રકાશિકા** કહે છે. એનું પરિમાણ **૧૮૦૦** P. ૭૩ શ્લોક જેવડું હોવાથી એને **અઢારહજારી** પણ કહે છે. આ બૃહદ્વૃત્તિ પ્રથમના સાત અધ્યાય પૂરતી જ છે એમ ઘણાખરાનું માનવું છે. કેટલાકને મતે આઠમા અધ્યાય ઉપર જે સ્વોપજ્ઞવૃત્તિ મળે છે તે આ બૃહદ્વૃત્તિનો ભાગ છે, કિંતુ એ સ્વોપજ્ઞ વૃત્તિ મળે છે તે આ બૃહદ્વૃત્તિનો ભાગ છે, કિન્તુ એ સ્વોપજ્ઞ વૃત્તિમાં કોઈ વિશિષ્ટ પ્રકારની ચર્ચા નહિ હોવાથી તેમજ એની શૈલી લઘુવૃત્તિના જેવી હોવાથી એ લઘુવૃત્તિનો ભાગ ગણાવો ઘટે તેનું શું ?

---

૧. આનો ચતુષ્ક-વૃત્તિ પૂરતો -**સિ. હે.**ના ૩-૨-૧૫૬ સુધીનાં સૂત્રોને અંગેનો એક અંશ એ સૂત્રો તેમજ એને લગતી અજ્ઞાતકર્તૃક અવચૂરિ સહિત ''**सिद्धहेम-शब्दानुशासनम् प्रथमो विभागः**'' એવા નામથી ''શેઠ મોતીશા-લાલબાગ-જૈન ચેરીટી-પ્રકાશન ૨''-''શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા''ના ૩૩મા મણિ તરીકે વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરાયો છે. એનાં પૃ. ૧-૨૪૮નું સંપાદન શ્રી વિજયક્ષમાભદ્રસૂરિએ અને બાકીનાનું એમના સ્વર્ગવાસ બાદ મુનિશ્રી **વિક્રમવિજયજી**એ કર્યું છે.[આ મધ્યમવૃત્તિ અને અવચૂરિ ભા.-૨નું આ **રાજશેખરસૂરિજી**એ સંપાદન કર્યું છે. બીજો ભાગનું પુનઃ પ્રકાશન આ **રાજશેખરસૂરિજી** અને મુનિ **રત્નજ્યોતિ** વિ. દ્વારા સંશોધિત થઇ રંજન વિ. લાયબ્રેરી માલવાડાથી થયું છે.]

૨. **સિ. હે.** (અ. ૧-૭) એને અંગેની બૃહદ્વૃત્તિ તેમજ **દેવેન્દ્રસૂરિ**ના શિષ્ય **કનકપ્રભ**કૃત **બૃહન્ન્યાસદુર્ગપદવ્યાખ્યા** યાને **ન્યાસસારસમુદ્ધાર** (કે જે ''લઘુન્યાસ'' તરીકે સુપ્રસિદ્ધ છે તે) સહિત ''શેઠ મનસુખભાઈ ભગુભાઈ'' તરફથી વિ. સં. ૧૯૬૨માં પત્રાકારે પ્રસિદ્ધ કરાયેલ છે. પં. **ચન્દ્રસાગરગણિ** (હવે સૂરિ) દ્વારા 'કારક' પર્યંતની **આનંદબોધિની** નામની ટીકા સહિત આ બૃહદ્વૃત્તિ વિ. સં. ૨૦૦૨માં છપાઈ છે. એ સૂરિએ કેવળ બૃહદ્વૃત્તિ સહિત દસ પાદ સુધીનો ભાગ સંપાદિત કર્યો છે અને એ વિ. સં. ૨૦૦૭માં છપાયો છે એમાં અંતમાં અમરચન્દ્ર સૂરિકૃત **સ્યાદિશબ્દસમુચ્ચય** અને જયાનંદસૂરિકૃત **સ્યાદિશબ્દદીપિકા** અપાયેલ છે. 'વ્યાકરણવિશારદ' શ્રી વિજય**લાવણ્યસૂરિજી** દ્વારા **સિ. હે.** (અ. ૧) એને અંગેની બૃહદ્વૃત્તિ, **કનકપ્રભ**કૃત **લઘુન્યાસ** તેમજ **હેમબૃહન્ન્યાસ, લિંગાનુશાસન** અને એના સ્વોપજ્ઞ વિવરણ તેમજ **દ્વયાશ્રયકાવ્ય** (સ. ૧) સહિત સંપાદિત થઈ એ અમદાવાદની ''જૈનગ્રન્થ પ્રકાશક સભા'' તરફથી હાલમાં (વિ. સં. ૨૦૦૭)માં બહાર પડેલ છે. એનું નામ ''શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્'' રખાયું છે.

૩. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૫)માં આને બદલે **પ્રકાશિકા, બલાબલવૃત્તિ** અને **ઢુંઢિકા** એવાં નામો અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બૃહદ્વૃત્તિનું આદ્ય પદ્ય તેમજ એમાં અપાયેલાં [1]ઉદાહરણો અને પ્રત્યુદાહરણો પૈકી કેટલાંક લઘુવૃત્તિમાં પણ જોવાય છે. આથી કેટલાક એમ માને છે કે બૃહદ્વૃત્તિ રચાયા બાદ સંક્ષિપ્ત રુચિવાળી વ્યક્તિઓને ઉદ્દેશીને લઘુવૃત્તિ રચાઈ છે.

બૃહદ્વૃત્તિના પ્રારંભમાં 'અર્હમ્'ના સ્પષ્ટીકરણમાં ''સિદ્ધચક્ર''નો ઉલ્લેખ છે. આ બૃહદ્વૃત્તિની રચનામાં **અમોઘવૃત્તિ**ની કેટલીક વાર પંક્તિઓ મૂળ સ્વરૂપે અને કેટલીક વાર અર્થની સ્પષ્ટતા ખાતર પરિવર્તનપૂર્વક કામમાં લેવાઈ છે.

**૫૭ ન્યાયો**—સાતમાં અધ્યાયની બૃહદ્વૃત્તિના અંતમાં ૫૭ ન્યાયો અપાયેલા છે. એના ઉપર 'કલિ.' હેમચન્દ્રસૂરિની કોઈ ટીકા ત્યાં જણાતી નથી તો આ ન્યાયો બૃહદ્વૃત્તિનો એક ભાગ છે કે નહીં ? **હે**મહંસગણિએ આ તેમજ બીજા ૮૪ ન્યાયોનો સંગ્રહ કરી એના ઉપર **ન્યાયાર્થ મંજૂષા** નામની વૃત્તિ વિ. સં. ૧૫૧૬માં રચી છે. એમાં એમણે કહ્યું છે કે ઉપર્યુક્ત ૫૭ ન્યાયો ઉપર પ્રકાશ પાડનારી
P. ૭૪ વૃત્તિ હતી. વિશેષમાં એમણે એવો ઉલ્લેખ કર્યો છે કે આ ૫૭ ન્યાયો બૃહદ્વૃત્તિના સાતમા અધ્યાયના અંતમાં સમુચ્ચયરૂપે જોવાય છે. આ ન્યાયો તેમજ બીજા પણ કેટલાક બૃહદ્વૃત્તિમાં પ્રસંગોપાત્ત કટકે કટકે અપાયા છે.

**હેમન્યાય અને એની વૃત્તિ**—હૈમ ન્યાયની બે અજ્ઞાતકર્તૃક નાનકડી કૃતિ અને એ બેમાંથી એકની કે એ નામની અન્ય કોઈ કૃતિની ૧૭૫ શ્લોક જેવડી વૃત્તિની નોંધ જૈ. ગ્ર. (પૃ. ૩૦૨)માં છે.

**હેમ-લઘુ-ન્યાય-પ્રશસ્તિ-અવચૂરિ**—આના કર્તા ઉદયચંદ્ર છે અને એની ૩૭ પત્રની એક હાથપોથી મળે છે એમ જૈ. ગ્રં. (પૃ. ૩૦૨) જોતાં જણાય છે.

[2]**ગણપાઠ**—હૈમ વ્યાકરણનું આ એક મહત્ત્વનું અંગ છે. જે શબ્દોને વ્યાકરણનો નિયમ એકસરખો લાગુ પડતો હોય તે તમામ શબ્દોને પૃથક્ પૃથક્ ન ગણાવતાં એક શબ્દ આપી બાકીનાનું 'આદિ' શબ્દ વડે સૂચન કરાય છે કે જેથી સૂત્રમાં લાઘવ રહે. આ પ્રમાણે શબ્દોનાં જુદાં જુદાં જૂથ પડે છે. એ પ્રત્યેક જૂથને 'ગણ' કહે છે. આ જાતના ગણોની સળંગ સૂચી તે 'ગણપાઠ' કહેવાય છે. આ ગણપાઠ 'કલિ.' **હે**મચન્દ્રસૂરિએ સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાં તે તે સૂત્રના સ્પષ્ટીકરણના પ્રસંગે આપ્યો છે અને એના ઉપર આ બૃહદ્વૃત્તિમાં અને કોઈ કોઈ વાર બૃહન્યાસમાં પ્રકાશ પાડ્યો છે.

**ન્યાસો**—બૃહદ્વૃત્તિને અંગે ન્યાસો રચાયા છે. એ સંબંધમાં પૃ. ૭૭-૭૮માં વિચાર કરાયો છે.

૧. સામાન્ય રીતે એમ મનાય છે કે હૈમ કૃતિકલાપમાં આચાર્ય હરિભદ્રનો નામોલ્લેખ જણાતો નથી, પરંતુ **સિ. હે.** (૨-૨-૮૭)ની આ બૃહદ્વૃત્તિ (ઋ. છ. સં., પૃ. ૮૮)માંના ''साध्वी खल्वनेकान्तजयपताकायाः कृतिराचार्य-हरिभद्रस्याचार्यहरिभद्रेण वा'' ઉદાહરણમાં તો હરિભદ્રનું નામ છે જ. વળી હૈમ બૃહન્ન્યાસ (પૃ.૧)માં પણ એ સૂરિનો 'आचार्य हरिभद्रवत्' દ્વારા ઉલ્લેખ છે.

૨. આ ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રીએ યોજેલી અને ઈ.સ. ૧૯૩૧માં પ્રકાશિત **હૈમ-બૃહત્-પ્રક્રિયા**માં પરિશિષ્ટરૂપે અપાયો છે; બાકી આ ગણપાઠ એના સ્વોપજ્ઞ સ્પષ્ટીકરણપૂર્વક પૃથક્ સ્વરૂપમાં કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થયો હોય એમ જણાતું નથી. આ **બૃહત્-પ્રક્રિયા**માં પ્રક્રિયાક્રમે ગોઠવાયેલાં સૂત્રોની સ્વોપજ્ઞ (હૈમ) બૃહદ્વૃત્તિના ઉપયુક્ત અંશ દ્વારા સમજણ અપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિકા**–જયાનંદના શિષ્ય **અમરચન્દ્રે** વિ. સં. ૧૨૬૪માં અવચૂર્ણિકા રચી છે. P. ૭૫
કેટલાકને મતે તો આ **સિ. હે.**ની બૃહદ્વચૂરિ છે, પરંતુ મુદ્રિત કૃતિ તપાસતાં તો વસ્તુસ્થિતિ ભિન્ન માલમ પડે છે. આ મુદ્રિત અવચૂર્ણિકામાં ૧૦૭ સૂત્રો જતાં કરાયાં છે એટલે કે એ ૭૫૭ સૂત્રોની બૃહદ્વૃત્તિ પૂરતી અવચૂર્ણિકા છે. એમાં અને **કનકપ્રભ**કૃત લઘુન્યાસમાં પ્રાયઃ સામ્ય જોવાય છે. કેટલીક વાર **અમરચન્દ્રે** નવીન બાબતો પણ રજૂ કરી છે. એથી એનો ઉપયોગ **આનંદબોધિની**માં કરાયો છે.[2]

આ અવચૂર્ણિકા (પૃ. ૩) માં **સિ. હે.** બીજાં બધાં વ્યાકરણોથી શા માટે ચડિયાતું છે તેની ચર્ચા કરતાં એવો ઉલ્લેખ કરાયો છે કે એ [3]અતિવિસ્તીર્ણ કે [4]વિપ્રકીર્ણ નથી તેમજ એ **કાતંત્રની જેમ** સંકીર્ણ નથી. આ અવચૂર્ણિકા (પૃ. ૪-૫)માં કહ્યું છે કે પ્રથમના સાત અધ્યાય ચતુષ્ક, આખ્યાત, કૃત્ અને તદ્ધિત એ ચાર પ્રકરણોમાં વિભક્ત છે. તેમાં સંધિ, નામ, કારક અને સમાસ એ ચારના સમુદાય રૂપ 'ચતુષ્ક' છે. એમાં દસ પાદ છે. 'આખ્યાત'માં છ પાદ છે. 'કૃત્'માં ચાર પાદ છે. 'તદ્ધિત'માં આઠ પાદ છે. આમ જે અહીં ચાર પ્રકરણ ગણાવાયાં છે તેને 'પ્રકરણ' ન કહેતાં કેટલાક 'વૃત્તિ' કહે છે.

**બૃહદ્વૃત્તિ-સારોદ્ધાર-જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૬)માં આની નોંધ છે. કર્તાનું નામ અપાયું P. ૭૬
નથી. આની બે હાથપોથી વિ. સં. ૧૫૨૧માં લખાઈ છે અને એ મળે છે.

**બૃહદ્વૃત્તિ-ઢુંઢિકા–સૌ**ભાગ્યસાગરે વિ. સં. ૧૫૯૧માં આ **ઢુંઢિકા** રચી છે.

**બૃહદ્વૃત્તિ-દીપિકા–વિ**જયચન્દ્રસૂરિ અને હરિભદ્રસૂરિના શિષ્ય **મા**નભદ્રના શિષ્ય **વિદ્યાકરે** આ **દીપિકા** રચી છે.

**કક્ષાપટવૃત્તિ**-સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ ઉપરની આ ટીકા છે. એનું પરિમાણ ૪૮૧૮ શ્લોક જેવડું છે. **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૯)માં આ ટીકાનો **કક્ષાપટ** તેમજ "બૃહદ્વૃત્તિ-વિષમ-પદ-વ્યાખ્યા" તરીકે ઉલ્લેખ છે.

**બૃહદ્વૃત્તિ-ટિપ્પન**-વિ. સં. ૧૬૪૬માં કોઈકે આ ટિપ્પન રચ્યું છે.

**બલાબલવૃત્તિ-જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૭) પ્રમાણે આ બૃહદ્વૃત્તિના સંક્ષેપરૂપ છે.

**હૈમોદાહરણવૃત્તિ**-આ નાનકડી અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૧)માં છે. આનું નામ વિચારતાં એમ લાગે છે કે આ કૃતિ હૈમ બૃહદ્વૃત્તિમાંનાં ઉદાહરણોના સ્પષ્ટીકરણરૂપ હશે.

**પરિભાષા-વૃત્તિ**-આ ૪૦૦૦ શ્લોક જેવડી છે એમ બૃ. ટિ.માં ઉલ્લેખ છે.

---

૧. **સિ. હે.**ના પ્રથમ નવ પાદ પૂરતી આ અવચૂર્ણિકા "દે. લા. જૈ. પુ. સં." તરફથી ઈ. સ. ૧૯૪૮માં પ્રકાશિત કરાઈ છે. પ્રથમ પરિશિષ્ટ તરીકે **સિ. હે.**ના પહેલા સાત અધ્યાયનાં સૂત્રો અને દ્વિતીય પરિશિષ્ટ તરીકે ૧૦૦૬ ઉણાદિસૂત્રો અપાયાં છે. આ અવચૂર્ણિકાની હાથપોથીમાં 'પ્રથમ પુસ્તિકા લખી' એવો ઉલ્લેખ છે તો શું બાકીનો ભાગ રચાયો હશે કે કેમ ? તે જાણવું બાકી રહે છે.

૨. જુઓ ઉપર્યુક્ત પ્રકાશનની પ્રસ્તાવના (પૃ. ૭)

૩. પાણિનીય **અષ્ટા.**ના ૧-૩-૨, ૧-૩-૩. ૧-૧-૬૦ અને ૧-૩-૯ એ ચાર સૂત્રોની ગરજ **સિ. હે.**નું ૧-૧-૩૦ સૂત્ર સારે છે.

૪. પાણિનીય **અષ્ટા.**માં નામ-પ્રકરણને અનુસરતાં સૂત્રો છૂટાછવાયાં અપાયાં છે. આવી હકીકત બીજાં પણ કેટલાંક પ્રકરણો અંગે જોવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સિદ્ધહેમસરસ્વતી**– આ. ધુરન્ધરસૂરિની આ પદ્યટીકા જૈન સાહિત્ય વ. સભાએ સં. ૨૦૨૮માં પ્રગટ કરી છે.

P. ૭૭ [1]**બૃહન્યાસ** [2]**શબ્દમહાર્ણવ યાને તત્ત્વપ્રકાશિકાપ્રકાશ**–'ન્યાસ'નો અર્થ 'થાપણ' થાય છે. એના બીજા પણ અનેક અર્થો છે, પરંતુ વ્યાકરણના ક્ષેત્રમાં એનો અર્થ વ્યાકરણના સૂત્રપાઠ જેવા અંગની વૃત્તિનું વિવરણ એમ થતો હોય એમ કેટલાક ન્યાસો જોતાં જણાય છે. ગમે તેમ પણ આવો પ્રયત્ન 'કલિ.' **હે**મચન્દ્રસૂરિએ કર્યો છે. આ સૂરિએ સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિને અંગે ન્યાસ રચ્યો છે. આ ન્યાસ અ. ૧-૭ પૂરતી સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિને તો સર્વાંગે સ્પર્શે છે. વ્યાકરણને લગતા તમામ વિષયોને અહીં ચર્ચવામાં આવ્યા છે. પરંતુ કમનસીબે આ મહામૂલ્યશાળી ગ્રંથ સંપૂર્ણપણે સચવાઈ રહ્યો નથી. એનું પરિમાણ ૮૪૦૦૦ શ્લોક જેવડું હોવાનું કહેવાય છે. તેમાંથી લગભગ ચોથા ભાગ જેટલો અંશ આજે મળે છે. પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં ૪૨ સૂત્રો છે, પરંતુ આ બૃહન્યાસ તો પહેલાં ૩૮ સૂત્ર સુધીનો જ મળે છે-બાકીનાં ચારને અંગેનો મળતો નથી. આ અધ્યાયના બીજા પાદને અંગે સમૂળગો મળતો નથી. બાકીના બે પાદોને અંગે સંપૂર્ણપણે મળે છે. બીજા અધ્યાયના ચારે પાદો ઉપર પરિપૂર્ણ સ્વરૂપમાં મળે છે. આગળ જતાં ત્રીજા અધ્યાયના ચોથા પાદને અંગે અને પછી તો છેક સાતમા અધ્યાયના ત્રીજા પાદને અંગે આ ન્યાસ મળે છે.[3] આમ અધ્યાય ૪-૬ તો સર્વથા ન્યાસ વિનાના છે. બૃહદ્વૃત્તિ આઠમા અધ્યાયને સ્પર્શતી રચાઈ હોય એમ જણાતું નથી એટલે એના વિવરણરૂપ બૃહન્યાસ આઠમા અધ્યાયને અંગે રચાયો જ ન હોય તો એ સ્વાભાવિક છે.

P. ૭૮ **લઘુ ન્યાસ** –'કલિ.' **હે**મચન્દ્રસૂરિના બહુશ્રુત શિષ્ય [4]'કવિકટારમલ્લ,' સ્વાતન્ત્ર્યપ્રિય અને [5]સો પ્રબંધના કર્તા **રા**મચન્દ્રસૂરિએ ત્રેપન હજાર (૫૩૦૦૦) શ્લોક જેવડો આ ન્યાસ રચ્યો છે. વળી **ધ**ર્મઘોષસૂરિએ નવ હજાર શ્લોક પૂરતો લઘુન્યાસ રચ્યો છે. કેટલાકને મતે 'કલિ.' **હે**મચન્દ્રસૂરિએ જાતે લઘુ ન્યાસ રચ્યો છે.

**બૃહન્યાસદુર્ગપદવ્યાખ્યા યાને ન્યાસસાર-સમુદ્ધાર કિંવા ન્યાસોદ્ધાર**–'ચંદ્ર' ગચ્છના દેવેન્દ્રસૂરિના શિષ્ય **ક**નકપ્રભે જે ન્યાસ રચ્યો છે એ **હે**મચન્દ્રસૂરિકૃત **બૃહન્યાસ**ના સંક્ષેપરૂપ છે. એથી એનું [6]**લઘુ ન્યાસ** એવું નામ યોજાયું છે. **ક**નકપ્રભે પોતે તો પ્રારંભમાં એને **બૃહન્યાસદુર્ગપદ-વ્યાખ્યા** તરીકે અને અંતમાં પ્રશસ્તિમાં **ન્યાસસાર-સમુદ્ધાર** તરીકે ઓળખાવ્યો છે.

---

૧. **સિ. હે.**ના પહેલાં ૩૮ સૂત્રો પૂરતો બૃહન્યાસ એ સૂત્રો અને એની બૃહદ્વૃત્તિ સહિત "હૈ. સ." તરફથી ઈ. સ. ૧૯૨૧માં છપાવાયો ત્યાર બાદ શ્રીવિજય**લા**વણ્યસૂરિએ અ.૧, પા. ૧નાં છેલ્લાં ચાર સૂત્રો તેમજ બીજા પાદનાં તમામ સૂત્રો ઉપર ન્યાસ રચ્યો છે. એ **સિ. હે.** (અ. ૧) જે બૃહદ્વૃત્તિ વગેરે સહિત "જૈન ગ્રંથ પ્રકાશક સભા" તરફથી છપાયેલ છે તેમાં અપાયો છે.

૨. **જિ. ર. કો.** (ખં. ૧, પૃ. ૩૬૫)માં આનો **મહાર્ણવ** તરીકે પણ ઉલ્લેખ છે.

૩. **બૃ. ટિ.**ના સમયમાં પણ આટલો જ ન્યાસ મળતો હતો.

૪. વિ. સં. ૧૫૧૭માં **ભોજપ્રબન્ધ** રચનારા **ર**ત્નમંદિરગણિએ **ઉપદેશતરંગિણી**ના પ્રથમ તરંગ (પત્ર ૧૩)માં સિદ્ધરાજ જયસિંહે **રા**મચન્દ્રસૂરિની શીઘ્ર કાવ્ય-શક્તિથી પ્રસન્ન થઈ બિરુદ એમને આપ્યાનો ઉલ્લેખ છે.

૫. જુઓ **નાટ્યદર્પણ**ને લગતું મારું લખાણ પૃ. ૧૮૧.

૬. આ લઘુન્યાસ બૃહદ્વૃત્તિ અને **સિ. હે.** (અ. ૧-૭) સહિત શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી વિ. સં. ૧૯૬૨માં છપાવાયો છે. [આનું પુનઃ સંપાદન પં. **વ**જ્જસેન વિ., મુનિરત્નસેન વિ. એ કર્યું છે. પુસ્તકાકારે ત્રણભાગમાં ભેરુમલ કનૈયાલાલ ટ્રસ્ટ મુંબઈથી પ્રસિદ્ધ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ન્યાસસારોદ્ધારટિપ્પણ**—એ અજ્ઞાતકર્તૃક કૃતિની વિ. સં. ૧૨૭૯માં લખાયેલી હાથપોથી મળે છે.

**પ્રાકૃતરૂપસિદ્ધિ**—આને અંગે **બૃ. ટિ.**માં એવો ઉલ્લેખ છે કે એ **હૈમપ્રાકૃતબૃહદ્વૃત્તિ**ની અવચૂરિરૂપ છે. એના કર્તા 'મલધારી' પં. **નરચંદ્ર** છે અને એ અવચૂરિ ૧૬૦૦ શ્લોક જેવડી છે.

**પ્રાકૃતવૃત્તિઢુંઢિકા, પ્રાકૃત દીપિકા કિંવા પ્રાકૃતપ્રબોધ**—આ 'મલધારી' ગચ્છના ઉપા૦ **નરચંદ્ર**ની આઠમા અધ્યાયની અવચૂરિ છે. **ન્યાયકંદલી**ની ટીકામાં **રાજશેખરે** એનો ઉલ્લેખ કર્યો છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૭૭)માં નોંધ છે.

આ બંને ઉલ્લેખોનો વિચાર કરતાં આ કૃતિઓ અભિન્ન જણાય છે. P. ૭૯

**હૈમઢુંઢિકા**—આ નામની બે કૃતિ છે. એક કૃતિ ૮૦૦૦ શ્લોક જેવડી છે અને કેટલાકને મતે એ ૫૦૦૦ શ્લોક જેવડી છે. એ કૃતિ **સૌ**ભાગ્યસાગરે વિ. સં. ૧૫૯૧માં રચી છે. એ ચતુષ્ક, આખ્યાત, કૃત્ અને તદ્ધિત એ ચારને અંગેની છે.

બીજી કૃતિ ૨૩૦૦ શ્લોક જેવડી છે. એને જ કેટલાક **હૈમઢુંઢિકાવૃત્તિ** કહે છે. એના કર્તા તરીકે ઉદયસૌભાગ્યનો ઉલ્લેખ જોવાય છે.

**પ્રાકૃતવૃત્તિઢુંઢિકા યાને વ્યુત્પત્તિ-દીપિકા**—આ 'બૃહત્ તપા' ગચ્છના **સૌ**ભાગ્યસાગરસૂરિના શિષ્ય હૃદયસૌભાગ્યની વિ. સં. ૧૫૯૧ની રચના છે. **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૧)માં **હૈમચતુર્થપાદવૃત્તિ** તરીકે હૃદયસૌભાગ્યની જે કૃતિની નોંધ છે તે આ જ હોય એમ લાગે છે.

**પ્રાકૃતપદાવચૂરિ**-આ ૭૩૮ શ્લોક જેવડી અવચૂરિ **હરિપ્રભસૂરિએ** રચી છે.

**પ્રાકૃતવૃત્તિદીપિકા યાને હૈમદીપિકા**-આ ૧૫૦૦ શ્લોક જેવડી કૃતિ દ્વિતીય **હરિભદ્રે** રચી છે. **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૦)માં નોંધાયેલી **હૈમદીપિકા** તે આજ છે.

**દોધકવૃત્તિ**—આ આઠમાં અધ્યાયની વૃત્તિ છે.[1]

**હૈમદોધકાર્થ**—આની ૧૩ પત્રની હાથપોથીની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૧)માં છે.

**દીપિકા**—**જિ**નસાગરની આ ૬૭૫૦ શ્લોક જેવડી કૃતિની નોંધ જૈ. ગ્રં. (પૃ. ૩૦૧)માં છે. અહીં એક અજ્ઞાતકર્તૃક દીપિકાનો પણ ઉલ્લેખ છે.

**અષ્ટાધ્યાયતૃતીયપદવૃત્તિ**—આ વિનયસાગરસૂરિની રચના છે. P. ૮૦

**હૈમદશપાદવિશેષ અને હૈમદશપાદવિશેષાર્થ**—આ બે કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૨૯૯)માં છે.

## પ્રક્રિયા-ગ્રન્થો

**પ્રક્રિયા**-પ્રક્રિયારૂપ કૃતિ એ સાધનિકાને લક્ષીને મૂળ સૂત્રોના ક્રમમાં પરિવર્તન કરી એનું વિવરણ પૂરું પાડે છે. એ પ્રયોગો તૈયાર કરવામાં—સિદ્ધ કરવામાં સહાયક બને છે એ લાભ છે; પરંતુ સૂત્રોનો ક્રમ, એનું બલાબલ, ઉત્સર્ગ, અપવાદ, પ્રત્યયવાદ, સૂત્રો રચવાનાં પ્રયોજનો, એ રચનાને લગતા સૂક્ષ્મ

૧. આ વૃત્તિ પાટણની "હૈ. સ." તરફથી છપાવાયેલી છે. [દોધકવ્યાખ્યાલેશ : કર્તા સુમતિરત્ન, અપ્રગટ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિયમો વગેરે બાબતનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી બુદ્ધિનો જે વિકાસ થાય તે લાભ આ **પ્રક્રિયા**થી ન થઈ શકે. એ માટે તો મૂળ પ્રણેતાએ જે ક્રમે સૂત્રો રચ્યાં હોય તે જ ક્રમે એનો અભ્યાસ થવો ઘટે.

[૧]**હૈમ-(લઘુ)-પ્રક્રિયા** (વિ. સં. ૧૭૧૦)-આના કર્તા **વિ**નયવિજયગણિ છે. એઓ સોમવિજય પાસે ભણ્યા હતા. એ સોમવિજય તે એમના દીક્ષા-ગુરુ ઉપા. **કી**ર્તિવિજયના સંસારી અવસ્થાના સગા ભાઈ થતા હતા અને દીક્ષિત અવસ્થામાં ગુરુભાઈ થતા હતા એ **વિ**નય-**વિ**જયગણિના પિતાનું નામ **તે**જપાલ
P. ૮૧ હતું અને એમની માતાનું નામ **રા**જશ્રી હતું.[૨] એઓ 'વણિક' જ્ઞાતિના હશે.[૩] એઓ વિ. સં. ૧૭૩૮માં રાંદેરમાં કાળધર્મ પામ્યા હતા. એમણે વિ. સં. ૧૬૯૬માં **પજ્જોસવણાકપ્પ ઉપર** [૪]**સુબોધિકા** નામની ટીકા સંસ્કૃતમાં રચી છે. એ વેળા એમની ઉમ્મર પાંત્રીસેક વર્ષની હશે.[૫] એ હિસાબે એમનો જન્મ વિ. સં. ૧૬૬૧માં થયેલો ગણાય. એમણે સંસ્કૃતમાં તેમજ ગુજરાતીમાં કૃતિઓ રચી છે. એ પૈકી સંસ્કૃત કૃતિઓ નીચે મુજબ છે :-

અર્હન્નમસ્કારસ્તોત્ર, [૬]**આ**નંદલેખ, [૭]**ઈ**ન્દુદૂત, [૮]**જિ**નસહસ્રનામસ્તોત્ર, [૯]**ન**યકર્ણિકા, [૧૦]**લો**કપ્રકાશ, [૧૧]**શા**ન્તસુધારસ, **ષટ્**ત્રિંશજ્જલ્પસંગ્રહ અને **સુ**બોધિકા તેમજ આ **હૈ**મલઘુપ્રક્રિયા અને એની સ્વોપજ્ઞ ટીકા.

---

૧. શ્રીવિજયદર્શનસૂરિજીના શિષ્ય મુનિશ્રી **પ્રિ**યંકરવિજયજીના ટિપ્પણપૂર્વક આ પ્રક્રિયા વિ. સં. ૨૦૦૬માં પ્રસિદ્ધ કરાઈ છે. એ આવૃત્તિને "શ્રીનેમિ-દર્શન-પ્રિયંકર-ગ્રંથ-રત્ન-૨" તરીકે ઓળખાવાઈ છે. આમાં 'સંજ્ઞાધિકાર' પછી પરિભાષા-પ્રકરણ સંપાદકે ઉમેર્યું છે અને પૃ. ૯માં એની નોંધ લેતાં એ બહુ ઉપયોગી હોવાથી તેમ કર્યાનો ઉલ્લેખ કર્યો છે.

૨. જુઓ **લોકપ્રકાશ** (સ. ૧)નું અંતિમ પદ્ય.

૩. જુઓ **શાન્તસુધારસ** (ભા. ૨)નું શ્રી **મો**તીચંદ ગિ. કાપડિયાનું વિવેચન (પૃ. ૩૯)

૪. આની દ્વિતીય આવૃત્તિ "દે. લા. જૈ. પુ. સં." તરફથી **પેજ્જોસવણાકપ્પ** સહિત ઈ.સ. ૧૯૨૩માં છપાવાઈ છે.

૫. જુઓ **શાન્તસુધારસ** (ભા. ૨)નું ઉપર્યુક્ત વિવેચન (પૃ. ૪૮)

૬. આ કૃતિ "દેશવિરતિ ધર્મારાધક સમાજ" તરફથી વિ. સં. ૧૯૯૩માં પ્રકાશિત **શ્રીપ્રશસ્તિસંગ્રહ**માં પૃ. ૯૬-૧૧૯માં છપાવાઈ છે. એમાં વિવિધ બંધોથી વિભૂષિત પદ્યો છે. એ મારો જે લેખ નામે "Illustrations of Letter-diagrams" મુંબઈ વિદ્યાપીઠના સામયિકમાં કટકે કટકે છપાય છે તેમાં (Arts No. 30, pp. 127-128)માં અપાયાં છે.

૭. આ કાવ્ય "કાવ્યમાલા" (ગુ. ૧૪)માં છપાયું છે.

૮. આ સ્તોત્ર "વીરસમાજ" તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૮૧માં છપાવાયું છે.

૯. આ કૃતિ ગુજરાતી અનુવાદ સહિત શ્રી. મોહનલાલ દ. દેશાઈ દ્વારા ઈ.સ. ૧૯૧૦માં છપાવાઈ છે.

૧૦. આ ગ્રંથ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ચાર ભાગમાં અનુક્રમે ઈ.સ. ૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૭માં પ્રકાશિત કરાયો છે. [પં. વજ્રસેનવિજયજીએ સંપાદિત કરેલ **લો. પ્ર.**ની ભદ્રંકર પ્રકાશન અમદાવાદથી બે આવૃત્તિ પ્રગટ થઈ છે.]

૧૧. આ કૃતિ ગંભીરવિજયગણિકૃત ટીકા સહિત "જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી વિ. સં. ૧૯૬૯માં પ્રસિદ્ધ કરાઈ છે. [**મો**તીલાલ ગી. કાપડિયાના વિવેચન સાથે શા. સુ. મહાવીર વિદ્યાલય દ્વારા પ્રસિદ્ધ છે. મુનિશ્રી **ધુ**રંધર વિ.ના સમ શ્લોકી અનુવાદ સાથે પણ ૐકારસાહિત્યનિધિ દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમણે વિ. સં. ૧૭૧૦માં આ **હૈમલઘુપ્રક્રિયા** રચી છે. મુદ્રિત આવૃત્તિ પ્રમાણે એ ત્રણ વૃત્તિમાં વિભક્ત P. ૮૨ છે.[1] ૨૧૬મા પૃષ્ઠ ઉપર પ્રથમ વૃત્તિ પૂરી થાય છે ત્યાં પૂર્વાર્ધ પૂર્ણ થયાનો ઉલ્લેખ છે. ઉત્તરાર્ધનો પ્રારંભ 'આખ્યાત'થી થાય છે. ત્રીજી વૃત્તિની શરૂઆત 'કૃદંત'થી કરાઈ છે. મંગલાચરણરૂપે પણ પદ્યો રચી સંજ્ઞા-પ્રકરણની સમજણ ૩૦ પદ્યોમાં અપાઈ છે. ત્યાર બાદ [2]૪ સંધિ, [3]૬ લિંગ, યુષ્મદસ્મદ્, અવ્યય, સ્ત્રીલિંગ, કારક, સમાસ, તદ્ધિત ઈત્યાદિ પ્રકરણો વિચારાયાં છે. અંતમાં પાંચ પદ્યોની પ્રશસ્તિ છે.

[4]**હૈમપ્રકાશ યાને હૈમપ્રક્રિયા-બૃહન્ન્યાસ** (વિ. સં. ૧૭૩૭) આ ઉપર્યુક્ત **હૈમલઘુ-પ્રાક્રિયાને** અંગેની બૃહદ્-વૃત્તિ છે. એને કેટલાક 'ન્યાસ' કહે છે. એનું પરિમાણ ૩૪૦૦૦ શ્લોક જેવડું છે. એના કર્તા વિનયવિજયગણિ છે. આમ આ સ્વોપજ્ઞ રચના છે. આનું રચના-વર્ષ વિ. સં. ૧૭૯૭ છે એમ **જિ. ર. કો.** (ખં. ૧, પૃ. ૪૬૨)માં ઉલ્લેખ છે, પણ એ ભ્રાંત છે. **સિ. હે.** (૧-૨-૧) ઉપરના અર્થાત્ "समानानां तेन दीर्घः" ઉપરના **હૈમપ્રકાશ** (પૃ. ૬૨)માં **કનક**પ્રભકૃત લઘુન્યાસથી ભિન્ન મત દર્શાવાયો છે. આની આલોચના શ્રીવિજયલાવણ્યસૂરિજીએ **સિ. હે.** (અ. ૧)ની એમની આવૃત્તિ (પૃ. ૮૮)માં કરી છે. આ **હૈમપ્રકાશમાં** હૈમ **બૃહન્ન્યાસ, પ્રૌઢ-મનોરમા, સિદ્ધાન્તકૌમુદી, વાક્યપ્રકાશ** અને **વાક્યપદીય** P. ૮૩ તેમજ **વૈયાકરણભૂષણસાર** જેવી લગભગ સમકાલીન કૃતિનો ઉપયોગ કરાયો છે.

**હૈમ-પ્રક્રિયાઓ**—પાણિનીય અષ્ટા.ને અંગે પ્રક્રિયાની દૃષ્ટિએ જેમ **ભટ્ટો**જિ દીક્ષિતે **સિદ્ધાન્તકૌમુદી** રચી છે તેમ વિવિધ ગ્રંથોના પ્રણેતા ઉપા. **મેઘ**વિજયગણિએ સિ. હે.ને અંગે લઘુ, મધ્યમ અને બૃહત્ એમ ત્રણ ત્રણ પ્રક્રિયાઓ રચી છે એમ કહેવાય છે.

[5]**ચન્દ્રપ્રભા યાને હૈમકૌમુદી** (વિ. સં. ૧૭૫૭)-આ મેઘવિજયગણિએ **સિદ્ધાન્તકૌમુદીના** અનુકરણરૂપે **સિ. હે.** (અ. ૧-૭)ને અંગે રચેલી પ્રક્રિયા છે.[6] પ્રારંભમાં બે પદ્યો છે. ત્યાર બાદ પરિભાષા, અસંધિ, વ્યંજન-સંધિ ઈત્યાદિ વિષયો આલેખતી વેળા શરૂઆતમાં ઋષભદ્રે, અજિતનાથ એમ એકેક તીર્થંકરની સ્તુતિરૂપ પદ્ય છે. મુદ્રિત પુસ્તક પ્રથમાવૃત્તિ અને દ્વિતીયાવૃત્તિ એ બે ભાગમાં વિભક્ત કરાયું છે. પ્રથમાવૃત્તિના અંતમાં ૧૬ પદ્યની પ્રશસ્તિ છે[7] અને એમાં વિ. સં. ૧૭૫૭માં

૧. જુઓ પૃ. ૨૧૬, ૩૬૬ અને ૪૧૪.

૨. સ્વર-સંધિ, અ-સંધિ, વ્યંજન-સંધિ અને રેફ-સંધિ. કેટલીક વાર કોઈ કોઈ પુસ્તકમાં આ ચાર સંધિમાં સ્યાદિ-સંધિ ઉમેરી પાંચ ગણાવાય છે.

૩. સ્વરાંત શબ્દોનાં તેમજ વ્યંજનાંત શબ્દોનાં ત્રણ ત્રણ લિંગ.

૪. ઉપા. **ક્ષમા**વિજયગણિ (વિજયક્ષમાભદ્રસૂરિ) દ્વારા સંપાદિત આ કૃતિનો પ્રથમ વૃત્તિ પૂરતો ભાગ ઈ. સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ થયો છે. આખ્યાત અને કૃદંતને અનુક્રમે ચર્ચતી બીજી બે વૃત્તિ પૂરતો ભાગ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે. પ્રથમ ભાગમાં એ ભાગ પૂરતાં **સિ. હે.**ના સૂત્રોની, ન્યાયોની અને ગણોની અકારાદિ ક્રમે સૂચી અપાઈ છે.

૫. આ કૃતિ "જૈન શ્રેયસ્કર મંડલ" તરફથી ઈ. સ. ૧૯૨૮માં છપાઈ છે. અંતમાં હૈમ-ધાતુપાઠ, અનુબંધ-ફળ (શ્લો. ૧-૧૦) વૃતગણફલ (શ્લો. ૧-૬), અનિટ્કારિકા (શ્લો. ૧-૭), સંગ્રહ-શ્લોક (શ્લો. ૧-૧૯) તેમજ **ચન્દ્રપ્રભા**ને અંગે કામમાં લેવાયેલાં **સિ. હે.**ના સૂત્રોની અકારાદિ ક્રમે સૂચી અપાયાં છે.

૬. 'ખરતર' ગચ્છના કૃપાચન્દ્રસૂરિએ**સિ. હે.**ના આઠમા અધ્યાયગત પ્રાકૃત વ્યાકરણ**સિદ્ધાન્તકૌમુદી**ની શૈલીએ રચ્યું છે.

૭. જુઓ પૃ. ૨૫૭-૨૫૮.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ચન્દ્રપ્રભા** રચાયાનો ઉલ્લેખ છે. દ્વિતીયા વૃત્તિના અંતમાં એક પદ્ય છે પણ એમાં રચના-વર્ષનો નિર્દેશ નથી. પુષ્પિકામાં આને **બૃહત્-પ્રક્રિયા** કહી છે. પૃ. ૧૫૮ના અંતમાં બે પદ્ય છે. તેમાં પ્રથમા
P. ૮૪ વૃત્તિ પૂર્ણ કરાયાનો ઉલ્લેખ છે. પુષ્પિકામાં પણ તેમજ છે. એ હિસાબે તો ત્રણ વૃત્તિ ગણાય અને તદ્ધિત-પ્રકરણથી બીજી વૃત્તિની શરૂઆત મનાય.

**સિ. હે.** (૧-૪-૯૨) રૂપ "टादौ स्वरे वा" ને લગતી પ્રક્રિયા (પૃ. ૪૦)માં कीः, किरौ ઇત્યાદિ રૂપો દર્શાવતી વેળા પાણિનીય **અષ્ટા.**નો, નહિ કે **સિ. હે.**નો, આધાર લેવાયો છે અને એ સ્ખલન ગણાય એમ કેટલાક કહે છે.

**હેમપ્રક્રિયા**-આની રચના મહેન્દ્રસુત વીરસેને કરી છે.[2]

**હેમપ્રક્રિયાશબ્દસમુચ્ચય**–આ ૧૫૦૦ શ્લોક જેવડી કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૩)માં જોવાય છે. આના જ આધારે **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૬૨)માં આ કૃતિની નોંધ લેવાઈ છે.

**શ્રીહેમશબ્દસંચય–અ**મરચન્દ્રકૃત અવચૂર્ણિની પ્રસ્તાવના (પૃ. ૭)માં આ નામનો ગ્રંથ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૩)ને આધારે નોંધતાં કહ્યું છે કે એની ૪૩૬ પત્રની એક હાથપોથી પાટણના ભંડારમાં છે અને એના કર્તા અમરચન્દ્ર છે. આ અમરચન્દ્ર તે ઉપર્યુક્ત અવચૂર્ણિકાર જ હશે.

**જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૬૩)માં **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૩)ના ઉલ્લેખપૂર્વક ૪૨૬ શ્લોક જેવડી **હેમશબ્દસંચય** નામની અને **અમરચન્દ્રે** રચેલી કૃતિની નોંધ છે.

P. ૮૫ **હેમશબ્દસમુચ્ચય**-આ નામની અને ૪૯૨ શ્લોક જેવડી કૃતિની નોંધ **જિ. ર. કો.** (ખંડ, ૧, પૃ. ૪૬૩)માં છે અને એની એક હાથપોથી પાટણના ભંડારમાં હોવાનો અહીં ઉલ્લેખ છે.

આમ જે ત્રણ કૃતિની ભિન્ન ભિન્ન નોંધ છે તે શું ખરેખર પૃથક્ પૃથક્ કૃતિ છે ?

**હેમકારકસમુચ્ચય**-આ **શ્રી**પ્રભસૂરિની રચના છે. એ શીખાઉને માટે ઉપયોગી છે અને એ ત્રણ અધિકારમાં વિભક્ત છે એમ જૈ. ગ્રં. (પૃ. ૩૦૨)માં કહ્યું છે.

[3]**હૈમવિભ્રમ** (વિક્રમની બારમી સદી)- [4]**કાતંત્રવિભ્રમ** તરીકે ઓળખાવાતી એક કૃતિમાં ૨૧ કારિકા છે. એ વ્યાકરણને અંગેના કોયડાની ગરજ સારે છે, કેમકે અહીં અપાયેલાં કેટલાંક રૂપો સામાન્ય

---

૧. **જિ. ર. કો.** (ખંડ ૧, પ. ૧૨૦) પ્રમાણે આ **ચન્દ્રપ્રભા** ૧૮૦૦૦ શ્લોક જેવડી છે.

૨. **સિ. હે.** (અ. ૧-૭)ને અંગે લઘુ, મધ્યમ અને બૃહત્ એમ ત્રણ પ્રકારની **હેમપ્રભા** નામની પ્રક્રિયા 'તીર્થોદ્ધારક' વિજયનેમિસૂરિએ અને આ જાતની ત્રણ પ્રક્રિયા નામે **સિદ્ધપ્રભા** 'આગમોદ્ધારક' આનન્દસાગરસૂરિએ રચી છે અને એ બધી (છ યે) પ્રસિદ્ધ થયેલી છે. આ ઉપરાંત ન્યાયતીર્થ ન્યાયવિશારદ ઉપા. મંગળવિજયજીએ **ધર્મદીપિકા** નામની પ્રક્રિયા અ. ૧-૭ ને અંગે રચી છે અને એ પણ છપાયેલી છે. ગિરજાશંકર મયાશંકર શાસ્ત્રીએ **હૈમ-બૃહત્-પ્રક્રિયા** રચી છે અને એ પણ પ્રસિદ્ધ થયેલી છે.

૩. આ કૃતિ ગુણચન્દ્રસૂરિકૃત **તત્ત્વપ્રકાશિકા** નામની વૃત્તિ સહિત "ય. જૈ. ગ્રં."માં વીરસંવત્ ૨૪૩૯માં પ્રકાશિત કરાઈ છે. એમાંનું છઠ્ઠું પદ્ય અવચૂર્ણિ સહિત છપાયેલી કૃતિમાં નથી. વળી આ આવૃત્તિમાં ૧૮ અંકવાળાં બે પદ્યો છે. એ હિસાબે બાવીસ પદ્યો ગણાય.

૪. આના કર્તાનું નામ જાણવામાં નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે સુગમતયા એક જાતનાં જણાતાં હોય તે અન્ય પ્રકારનાં છે અને જે રૂપ ઉપલક દૃષ્ટિએ અશુદ્ધ લાગે તે શુદ્ધ છે એવી મતલબના ઉલ્લેખ આ કારિકાઓમાં છે. દા. ત. **शोभनेषु** એ 'શોભન'નું સાતમીનું બહુવચનનું રૂપ છે, છતાં એની અહીં ના પડાઈ છે, કેમકે એ **शोभन** અને **इषु**થી બનેલો 'બહુવ્રીહિ' સમાસરૂપ હોઈએ નાન્યતર જાતિનું પ્રથમાનું એક વચનનું રૂપ ગણી શકાય તેમ છે. એવી રીતે **राजेभ्यः** એ અશુદ્ધ રૂપ લાગે, પરંતુ **राजन्** અને **इभ्य**થી ઉદ્‌ભવેલા 'તત્પુરુષ' સમાસનો વિચાર કરતાં એ પ્રથમાના એકવચનના રૂપ તરીકે સિદ્ધ થઈ શકે તેમ છે.[1] આવી વ્યાકરણવિષયક વિલક્ષણતાને લઈને આ નાનકડી P. ૮૬ કૃતિ મહત્ત્વની ગણાય એ સ્વાભાવિક છે. કેટલાક કોયડા એક જ જાતના છે અને કોઈ કોઈ વાર એક જ કોયડો ફરીથી રજૂ કરાયો છે તો તેમ ન થયું હોત તો આ કૃતિના મહત્ત્વમાં વૃદ્ધિ થાત. ગમે તેમ પણ અત્યારે જે સ્વરૂપે આ કૃતિ યોજાયેલી મળે છે તે જટિલ છે એટલે કોયડાના ઉકેલરૂપ વિવરણની આવશ્યકતા સહેજે રહે છે. આ કાર્ય કેટલાંકે કર્યું છે.

[2]**તત્ત્વપ્રકાશિકા**—આ ઉપર્યુક્ત કૃતિની ગુણચન્દ્રસૂરિએ રચેલી વૃત્તિ છે. આ વૃત્તિમાં આ સૂરિએ પોતાનો પરિચય દેવસૂરિના ચરણકમળને વિષે ભ્રમર એમ આપ્યો છે. એ દેવસૂરિ તે 'કલિ.' હેમચન્દ્રસૂરિના સમકાલીન અને એમનાથી વયોવૃદ્ધ અઓ 'વાદી' દેવસૂરિજ હશે એમ લાગે છે. અંતિમ પદ્યમાં આ ગુણચન્દ્રસૂરિએ કક્કલનો વિજય વાંછતી વેળા એમને અંગે જે વિશેષણો વાપર્યાં છે તે ઉપરથી આઠ વ્યાકરણના જ્ઞાતા અને **સિ. હે.**ના અધ્યાપક 'કાયસ્થ' કાકલ અભિપ્રેત છે એમ ફલિત થાય છે. આ હિસાબે **તત્ત્વપ્રકાશિકા**ના કર્તાનો સમય વિક્રમની બારમી સદીનો ગણાય.

આ **તત્ત્વપ્રકાશિકા**માં ઉપર્યુક્ત કોયડાઓના ઉકેલ માટે **સિ. હે.**નો ઉપયોગ કરાયો છે. એથી તો મૂળ કૃતિને **કાતંત્રવિભ્રમ** એ નામે ન ઓળખાવતાં કેટલાક એને **હૈમવિભ્રમ કહે છે.** આવી રીતે 'ખરતર' ગચ્છના ચારિત્રસિંહે આ કૃતિ ઉપર વિ. સં. ૧૬૨૫માં જે [3]અવચૂર્ણિ રચી છે. તેમાં એમણે **સારસ્વત** P. ૮૭ વ્યાકરણનો ઉપયોગ કર્યો હોવાથી એ મૂળ કૃતિને **સારસ્વત-વિભ્રમ** તરીકે કેટલાક ઓળખાવે છે. ઉપર્યુક્ત ગુણચન્દ્રસૂરિએ તો એમણે રચેલી વૃત્તિના પ્રારંભમાં આ વૃત્તિને **તંત્રવિભ્રમની** વૃત્તિ કહી છે અને એ રીતે મૂળ કૃતિનો 'તંત્રવિભ્રમ' તરીકે નિર્દેશ કર્યો છે. જો 'તંત્ર'થી 'કાતંત્ર અભિપ્રેત હોય તો એમના મતે મૂળ કૃતિનું નામ **કાતંત્રવિભ્રમ** છે. આ મૂળ કૃતિમાં કા૦ ૧માં 'તિવ્', ૨માં આબન્ત, ૪માં ત્યાદ્યન્ત, ૮માં **ટાન્ત** અને સુપ્, ૧૩માં શત્રન્ત, ૧૪માં સ્યાદ્યન્ત અને ૧૮મી કારિકામાં લિટ્‌નો ઉલ્લેખ છે તો 'લિટ્' એ સંજ્ઞા **કાતંત્ર** વ્યાકરણની તો નથી તો શું આ બધી સંજ્ઞા મૂળે પાણિનીય **અષ્ટા.**ની જ છે કે કેમ તેનો નિર્ણય થવો ઘટે.

**તત્ત્વપ્રકાશિકા**ના લગભગ અંતમાં પૃ. ૩૨-૩૩માં સિદ્ધસેન દિવાકરે કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ અપાયું છે :-

૧. આ સંબંધમાં વિશેષ માહિતી માટે જુઓ મારો લેખ નામે "વ્યાકરણના કોયડા અને એનો ઉકેલ."

૨. આ ય. જૈ. ગ્રં. માં પ્રકાશિત છે. જુઓ પૃ. ૮૫ = ૪૮ ટિ. ૩.

૩. આ અવચૂર્ણિ **કાતંત્ર (સારસ્વત) વિભ્રમ, પચ્ચક્ખાણસરૂવ,** (પ્રત્યાખ્યાનસ્વરૂપ), **દાનષટ્‌ત્રિંશિકા, વિસેસણવઈ** (વિશેષણવતી) અને **વીસવીસિયા** (વિંશતિવિંશિકા) સહિત "ઋ. કે. શ્વે. સં." તરફથી ઈ. સ. ૧૯૨૭માં છપાવાઈ છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''स्वेदं समुद्वहति जृम्मणमातनोति, निद्रायते किमपि जल्पति वस्तुशून्यम् ।
आशा विलोकयति खं पुनरेव धात्रीं, भूताभिभूत इव दुर्वदकः सभायाम् ॥''

આ પદ્ય સિદ્ધસેન દિવાકરની ઉપલબ્ધ **દ્વાત્રિંશિકા** વગેરેમાં જણાતું નથી તો એ એમની કોઈ લુપ્ત થયેલી કે કોઈ ભંડારમાં એક ખૂણે પડી રહેલી અને વિદ્વાનોની જાણ બહાર રહેલી કૃતિમાનું હશે. તેમ ન જ હોય તો આ [૧]અવતરણ એમને નામે ખોટું ચડાવાયું છે એમ ગણાય.

'સહસ્રાવધાની' [૨]મુનિસુન્દરસૂરિએ વિ. સં. ૧૪૫૫માં જે [૩]**ત્રૈવિદ્યગોષ્ઠી** રચી છે તેમાં (પત્ર ૮આમાં) લક્ષણાનુગામિની અર્થાત્ વ્યાકરણવિષયક ગોષ્ઠી આલેખતી વેળા એમણે નીચે મુજબની જે [૪]બાર બાબતો રજૂ કરી છે તે **હૈમવિભ્રમ**નું સ્મરણ કરાવે છે– એક રીતે આ જાતની નાનકડી કૃતિની ગરજ સારે છે–

(૧-૫) अधीये એ 'ઇ' ધાતુનું રૂપ છે તેમ 'ધી'નું પણ રૂપ છે. એવી રીતે उच्यति એ उच् ધાતુનું પણ રૂપ છે. **'व्याघ्राः'** घ्रा ઉપરથી પણ ઉદ્ભવે છે. जागर्ति એ जागृ ધાતુનું રૂપ છે તેમ गॄનું પણ છે. વળી षञ्चष ઉપરથી पञ्चङ्कल એવું પણ રૂપ બને છે.

(૬) કયા ધાતુનાં પરસ્પર ભિન્ન-ભિન્ન ૧૩ રૂપ થાય છે એવો પ્રશ્ન ઉઠાવી अव ઉપસર્ગપૂર્વક गॄ ધાતુનાં ૧૩ રૂપ દર્શાવ્યાં છે.

(૭) जगाम રૂપ गम् ઉપરથી જ નહિ પણ जगि એવા વૈદિક ધાતુ ઉપરથી પણ નિષ્પન્ન કરી શકાય તેમ છે.

(૮-૯) मा रिरेकाम ની સિદ્ધિ रेक् ધાતુ ઉપરથી દર્શાવાઇ છે. એવી રીતે मामिनीमाम માટે માર્ગદર્શન કરાવાયું છે.

(૧૦) **'मास'** શબ્દનું ભાષ્યકારના મતે माद्भ्याम् અને દુર્ગના મતે मास्भ्याम् રૂપ થાય છે.

(૧૧) दधिसेग્માં 'स्'નો **'ष्'** થાય કે નહિ એની ચર્ચા કરાઇ છે.

(૧૨) जुज्ञौदनीयिषति પ્રયોગ 'જ્ઞા+ઓદન' ઉપરથી નિષ્પન્ન કરતી વેળા કયો ન્યાય બળવાન ગણાય તેનો વિચાર કરાયો છે.

P. ૮૮ [૫]**સિદ્ધ-સારસ્વત** (લ. વિ. સં. ૧૨૭૫)-મુનિદેવે વિ. સં. ૧૩૨૨માં રચેલા **શાન્તિનાથ-ચરિત્ર**માં આ વ્યાકરણનો અને સાથે સાથે એના કર્તા તરીકે દેવાનંદસૂરિનો પણ ઉલ્લેખ કર્યો છે. આ દેવાનંદસૂરિ તે 'ચંદ્ર' ગચ્છના દેવભદ્રના શિષ્ય થાય છે અને રત્નપ્રભ, પરમાનંદ અને કનકપ્રભ એ ત્રણના ગુરુ થાય

૧. ''સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો'' નામનો મારો લેખ ''આત્માનંદ પ્રકાશ'' (પુ. ૫૭, અં. ૬)માં પ્રસિદ્ધ થયો છે.

૨. એમની જીવનરેખા અને એમના કૃતિકલાપ વિષે મેં ''જૈન પુસ્તક પ્રચારક સંસ્થા'' તરફથી સુરતથી વિ. સં.૨૦૦૫માં પ્રકાશિત **ઉપદેશરત્નાકર**ની મારી ભૂમિકા (પૃ. ૫૯-૮૨)માં વિસ્તૃત પરિચય આપ્યો છે.

૩. આ કૃતિ ''લાલબાગ જૈન સંઘ'' તરફથી મુંબઇથી વિ. સં. ૧૯૬૬માં પ્રકાશિત કરાઇ છે અને એની સંસ્કૃત પ્રસ્તાવના **આગમોદ્ધારકે** લખી છે.

૪. આ સંબંધમાં **મુનિસુન્દરસૂરિએ** જરૂર જણાઇ ત્યાં **સિ. હે.**નાં સૂત્રો રજૂ કર્યાં છે અને એના સંપાદક આગમોદ્ધારકે એ સૂત્રોનાં સ્થાન દર્શાવ્યાં છે.

૫. આની શું એકે હાથપોથી મળતી નથી કે જેથી એ જાતનો ઉલ્લેખ **જિ. ર. કો.**માં જણાતો નથી ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. કનકપ્રભના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય પ્રભાચંદ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪માં **પ્ર. ચ.** રચ્યું છે. એમાં **મહેન્દ્રસૂરિચરિત** (શ્લો ૩૨૮)માં એમણે કહ્યું છે કે દેવાનંદસૂરિએ **સિ. હે.**નો ઉદ્ધાર કરી **સિદ્ધસારસ્વત** નામનું નવીન વ્યાકરણ રચ્યું.

આ ઉપરથી એમ અનુમનાય **કે સિદ્ધસારસ્વત**ની રચના વિ. સં. ૧૨૭૫ની આસપાસમાં થઈ હશે. આ પૂર્વે કોઈએ આ જાતનું **સિ. હે.**ના ઉદ્ધારરૂપે વ્યાકરણ રચ્યાનું જાણવામાં નથી. એ હિસાબે આ જાતનું આ પ્રથમ વ્યાકરણ ગણાય.

[1]**ઉણાદિગણસૂત્ર**–ઉણાદિ **એટલે ઉ, ઉર, ઈર** વગેરે (પ્રત્યય). **'ઉણ્' એ 'ઉ'** પ્રત્યયનો 'ણ્' અનુબંધ (indicative sign) પૂર્વકનો નિર્દેશ છે. આ પ્રત્યયો દર્શાવવા માટે 'કલિ.' હેમચન્દ્રસૂરિએ P. ૮૯
૧૦૦૬ સૂત્રોની રચના કરી છે. એ કૃતિને **ઉણાદિસૂત્ર, ઉણાદિ[2] ગણસૂત્ર** અને **ઉણાદિસૂત્રપાઠ** એમ વિવિધ નામે ઓળખાવાય છે. આ કૃતિની ઉત્પત્તિ "उणादयः" એ **સિ. હે.** (અ. ૫, પા. ૨)ના ૯૩મા સૂત્રને આભારી છે. આ સૂત્રની સ્વોપજ્ઞ લઘુવૃત્તિમાં "सदर्थाद् धातोरुणादयो बहुलं स्युः" એવું એનું સ્પષ્ટીકરણ છે.

**ઉણાદિગણસૂત્ર**માં અનુબંધ વગરના ધાતુને ઉણાદિ પ્રત્યયો લગાડી શબ્દો સિદ્ધ કરાયા છે-એની વ્યુત્પત્તિ દર્શાવાઈ છે. આ સમસ્ત વ્યુત્પત્તિઓ આધુનિક ભાષાશાસ્ત્રીઓને ભલે માન્ય ન હોય, છતાં એ એક વેળાની માન્યતાની સૂચક છે એ રીતે તો એ મહત્ત્વની છે જ. વળી અહીં જે શબ્દો નોંધાયા છે તે પૈકી કેટલાયે શબ્દો દેસ્ય, દ્રાવિડ અને વિદેશીય ભાષામાં પણ જોવાય છે. એનો અભ્યાસ ભાષાનાં સ્વરૂપ અને વિકાસ ઉપર તેમજ તે સમયના લોકોની રહેણીકરણી ઉપર ન્યૂનાધિક પ્રમાણમાં પ્રકાશ પાડે તેમ છે.

[3]**સ્વોપજ્ઞ ટીકા**-આનું આદ્ય પદ્ય નીચે મુજબ છેઃ-

"श्रीसिद्धहेमचन्द्रव्याकरर्णानिवेशिनामुणादीनाम् । आचार्यहेमचन्द्रः करोति विवृतिं प्रणम्यार्हम् ॥१॥"

આના પછી ટીકાનો સમગ્ર ભાગ ગદ્યમાં અપાયો છે.

**ઉપયોગ-અભિ. ચિ.**ની સ્વોપજ્ઞ **વિવૃતિમાં** અનેક શબ્દોની સિદ્ધિ માટે આ **ઉણાદિગણસૂત્રનાં** [4]સૂત્રોનો ઉપયોગ કરાયો છે.

---

૧. આનું સ્વોપજ્ઞ ટીકા સહિત સંપાદન, વીએનાની "ઈમ્પેરિયલ એકેડેમિ ઑફ સાયન્સીસ"ની આજ્ઞા અનુસાર જોહ (Joh) કિર્સ્ટે (Kirste) એ કર્યું છે. એ "એજ્યુકેશન સોસાયટી"ના મુદ્રણાલય (**ભાયખાલા**)માં ઈ. સ. ૧૮૯૫ માં છપાયું છે. શરૂઆતમાં પૃ. ૧-૫૫માં **અનેકાર્થસંગ્રહ**ગત શબ્દોની અકારાદિ ક્રમે સૂચી છે. ત્યાર બાદ સ્વોપજ્ઞ ટીકા સહિત **ઉણાદિગણસૂત્ર** નામની કૃતિ અપાઈ છે. એના પછી ટિપ્પણ છે. ત્યાર બાદ **ઉણાદિગણસૂત્ર**નાં સૂત્રોમાંના શબ્દો **અકારાદિ**ક્રમે રજૂ કરાયા છે.

મૂળ કૃતિ નામે **ઉણાદિગણસૂત્ર હે. કુ.** (પૃ. ૮૨-૧૨૭)માં છપાઈ છે (જુઓ પ્ર. ૨, પૃ. ૩૪). વળી એ **અ**મરચન્દ્રકૃત બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિકાની મુદ્રિત પ્રતિમાં દ્વિતીય પરિશિષ્ટ તરીકે પણ છપાઈ છે. જુઓ પૃ. ૭૫.[ઉણાદિકોશ પણ પ્રગટ થયો છે.]

૨. અહીં ગણનો અર્થ 'સમૂહ' સમજવાનો છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૪. આની એક સૂચી તૈયાર થવી ઘટે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉણાદિનામમાલા**—આ **શુભશીલ**ની કૃતિ છે. એમાં ઉણાદિસૂત્રો દ્વારા શબ્દોની સિદ્ધિ કરાઈ છે P. ૯૦ કે કેવળ એ સૂત્રો દ્વારા સિદ્ધ થતા શબ્દોની સૂચી અપાઈ છે એમ બે પ્રશ્ન સ્ફુરે છે. જો પ્રથમ પ્રશ્નનો ઉત્તર હકારમાં હોય તો આ વ્યાકરણને અંગેની કૃતિ ગણાય; નહિ તો એ ચોથા પ્રકરણમાં કોશ તરીકે એની નોંધ થવી ઘટે.

[1]**ધાતુપારાયણ**—'ધાતુપાઠ' એ શબ્દશાસ્ત્રનું એક ઉપયોગી અંગ ગણાય છે. ક્રિયાની અર્થતાને ધારણ કરે તે 'ધાતુ' કહેવાય,[2] કેમકે 'ધાતુ' એ ક્રિયાનો વાચક છે. ધાતુ એ શબ્દનું ઉત્પત્તિસ્થાન ગણાય છે. ધાતુઓનું સંપૂર્ણ નિરૂપણ તે 'ધાતુ-પારાયણ' કહેવાય. આ નામની કૃતિ 'કલિ.' હેમચન્દ્રસૂરિએ રચી છે. એમાં એમણે **સિ. હે.**માં નિર્દેશાયેલા ધાતુઓને નીચે મુજબના નવ વર્ગમાં વિભક્ત કર્યા છે:-

ભ્વાદિ, [3]અદાદિ, દિવાદિ, સ્વાદિ, તુદાદિ, રુધાદિ, તનાદિ, ક્ર્યાદિ અને ચુરાદિ.

આ પ્રત્યેક વિભાગને 'ગણ' કહે છે. આમ અહીં નવ ગણ છે.

પહેલા ગણની કશી નિશાની રખાઈ નથી. બાકીના ગણો માટે અનુક્રમે ક્, ચ્, ટ્, ત્, પ્, ય્, શ્ અને ણ્ નો ઉલ્લેખ છે. આમ અહીં ગણસૂચક આઠ અનુબંધ છે.

P. ૯૧ પ્રત્યેક ગણના ધાતુઓના સ્વરાન્ત અને વ્યંજનાન્ત એમ બે વિભાગ પાડી અનુક્રમે એનો નિર્દેશ કરાયો છે. સંસ્કૃતમાં કોઈ અકારાન્ત ધાતુ જણાતો નથી એટલે આકારાન્તથી શરૂઆત કરાઈ છે. અપવાદરૂપે 'ભૂ'નો સૌથી પ્રથમ નિર્દેશ છે.[4] આકારાન્ત ધાતુઓ અકારાદિ ક્રમે ન આપતાં એનો જે ક્રમથી **સિ. હે.** ની બૃહદ્વૃત્તિમાં ઉલ્લેખ છે તે ક્રમથી નિર્દેશ કરાયો હોય એમ લાગે છે. બાકીના સ્વરાન્ત તેમજ વ્યંજનાન્ત ધાતુઓ માટે પણ આ શૈલી અપનાવાઈ છે.

ધાતુઓનો ઉલ્લેખ કરતી વેળા યથાસ્થાન ગણસૂચક અનુબંધ ઉપરાંત [5]પદ વગેરે સૂચક નિમ્નલિખિત અનુબંધો પણ અપાયા છે :-

---

૧. આ કૃતિનું સંપાદન જોહ **કિર્સ્ટે** દ્વારા કરાયું છે અને એ "એજ્યુકેશન સોસાયટી"ના મુદ્રણાલયમાં ભાયખાલામાં છપાવાઈ ઈ.સ. ૧૯૦૧માં પ્રકાશિત થયું છે. એમાં દસ ગણની વ્યવસ્થા રખાઈ છે. અંતમાં બે પરિશિષ્ટ છે. પ્રથમ પરિશિષ્ટમાં તમામ ગણના ધાતુઓ અકારાદિ ક્રમથી અપાયા છે, અને દ્વિતીય પરિશિષ્ટમાં શબ્દોની અકારાદિ ક્રમે સૂચી છે. [ધાતુપારાયણનું વિવિધ હસ્તપ્રતોના આધારે સંશોધન મુનિ હર્ષવિજયએ શરૂ કરેલ તેનું અનેકવિધ પરિશિષ્ટો ઉમેરી મુનિ મુનિચન્દ્ર વિ. એ સંપાદન કર્યું છે. ગીરધરનગર જૈનસંઘ અમદાવાદથી પ્રસિદ્ધ થયું છે.] **ધાતુપારાયણ,** એને અંગેના (વિ. સં. ૧૫૧૬ કરતાં અર્વાચીન નહિ એવા) ટિપ્પન, તેમજ કણ્ડ્વાદિ અને એના ટિપ્પન સહિત ઝગડિયા તીર્થની "રિખવદેવજી મહારાજની પેઢી" તરફથી ઈ. સ. ૧૯૪૦માં પ્રકાશિત થયું છે. એના સંપાદક મુનિ **દક્ષવિજયજી**એ મૂળ કૃતિના ટિપ્પનમાં ખૂટતા અંશોની પૂરતી કરી છે.

૨. સરખાવો **સિ. હે.** (અ. ૩, પા. ૩)નું તૃતીય સૂત્ર "**क्रियार्थो धातुः**"

૩. અદાદિમાં 'હ્વાદિ'નો અંતર્ભાવ ન કરવાને મતે નવ ગણને બદલે દસ ગણ ગણાય.

૪. આ અપવાદમાં તેમજ અદાદિ ગણ પરત્વેના એવા અન્ય અપવાદોમાં વૃદ્ધ સંપ્રદાયનું અનુસરણ કારણરૂપ છે. વૃદ્ધોના મતે 'ભૂ' એ મંગળવાચક શબ્દ છે.

૫. 'પદ'થી પરસ્મૈપદ, આત્મનેપદ અને ઉભયપદ એમ ત્રણ સમજવાનાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]इ, [2]ई, उ ऊ ऋ ॠ, लृ, अे, अै, ओ, औ, ग् અને ङ्[3] તેમજ અનુસ્વાર.

ઈકાર એ અનુબંધ આત્મનેપદનો અને ઈકાર ઉભયપદનો બોધક છે. 'ઔ' એ ધાતુ વેટ્ છે એ સૂચવે છે. આ ઉપરાંત ધાતુ અનિટ્ છે એ સૂચવવા અનુસ્વારનો ઉપયોગ કરાયો છે.

ધાતુના અનુબંધપૂર્વકના નિર્દેશની સાથે સાથે એનો અર્થ સંસ્કૃતમાં અપાયો છે.

[4]**સ્વોપજ્ઞ વૃત્તિ**-આનું કોઈ વિશિષ્ટ નામ નથી. આમાં [5]ગ્રંથો અને [6]ગ્રંથકારોનો જે નામોલ્લેખ છે એ એની મહત્તામાં વૃદ્ધિ કરે છે. આ વૃત્તિનો પ્રારંભ નિમ્નલિખિત પદ્ય દ્વારા કરાયો છે. :- P. ૯૨

"श्रीसिद्ध हेम चन्द्रव्याकरणनिवेशितान् स्वकृतधातून् । आचार्यहेमचन्द्रो विवृणोत्यहँ नमस्कृत्य ॥ १ ॥"

બાકીની સમગ્ર વૃત્તિ ગદ્યમાં છે જો કે અવતરણો પદ્યમાં છે. આ વૃત્તિમાં કર્તાએ પોતાને આચાર્ય કહ્યા છે.

**હૈમ ધાતુપાઠ–જૈ. ગ્રં.** (પૃ. ૩૦૧)માં આની નોંધ લેતાં એને પુણ્યસુંદરની ૭૬૦ શ્લોક જેવડી કૃતિ કહી છે અને એ નામની પછી કૌંસમાં "સ્વરવર્ણાનુક્રમ ૧૬" એવો ઉલ્લેખ કરાયો છે. આ નામની ૩૨૫ શ્લોક જેવડી એક અજ્ઞાતકર્તૃક કૃતિની પણ અહીં નોંધ છે.

**હૈમ ધાતુવૃત્તિ–** આ કોઈકની કૃતિની ૩૭૬ પત્રની એક હાથપોથી ભાવનગરના ભંડારમાં છે એમ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૧) જોતાં જણાય છે.

[7]**ધાતુરત્નાકર** (વિ. સં. ૧૬૮૦)– આ ૨૧૦૦ શ્લોક જેવડી કૃતિના રચનાર 'ખરતર' ગચ્છના સાધુસુન્દરગણિ છે. એઓ એ ગચ્છના પાઠક સાધુકીર્તિના શિષ્ય અને વિમલતિલકના ગુરુભાઈ થાય છે. એમણે **ઉક્તિ-રત્નાકર** તેમજ [8]**શબ્દ-રત્નાકર** રચ્યા છે. વળી એમણે આ **ધાતુરત્નાકર** ઉપર વિ. સં. P. ૯૩ ૧૬૮૦માં **ક્રિયાકલ્પલતા** નામની વૃત્તિ રચી છે. આ બેમાંથી એકે કૃતિ પ્રસિદ્ધ થઈ નથી અને એકેની હાથપોથી મારા જોવામાં આવી નથી. એથી એ પ્રશ્ન સ્ફુરે છે કે આ **ધાતુરત્નાકર સિ. હે.**ને અનુસરે છે કે કેમ ? જો એ અનુસરતો હોય તો એને આ ત્રીજા પ્રકરણમાં સ્થાન અપાવું ઘટે પણ જો એ કોઈ અજૈન વ્યાકરણને અંગેનો ગ્રંથ હોય તો પ્ર. ૧૭માં એનો નિર્દેશ થવો જોઈએ.

---

૧-૨. કેટલીક વાર 'इ'ને બદલે 'ઙ્'નો અને એવી રીતે 'ई'ને બદલે 'ઞ્'નો ઉપયોગ કરાયો છે.

૩. આ સંજ્ઞાઓ પાણિનીય **અષ્ટા.**થી જૂદી પડે છે. એમાં તો ઙ્, ઞ્, ઇ, ઉ, ઇર્, ઈ, ઊ, ઞ્ અને ઙ્ એમ સંજ્ઞાઓ છે.

૪. આ ગીરધરનગર જૈન સંઘ દ્વારા પ્રકાશિત છે. પ્રાપ્તિસ્થાન ૐકારસૂરિજ્ઞાનમંદિર-સૂરત.

૫. દા. ત. **ભગવદ્ગીતા.** ઉપરોક્ત સંસ્કરણમાં ગ્રંથકારે સૂચવેલ મતભેદોનું પરિશિષ્ટ પણ આપ્યું છે.

૬. **કણ્વ**, **કાલિદાસ**, **કૌશિક**, **દ્રમિલ**, **માઘ** ઇત્યાદિ.

૭. શ્રી વિજયલાવણ્યસૂરિએ **ધાતુરત્નાકર** નામની કૃતિ રચી એમાં ધાતુઓનાં રૂપો આપ્યાં છે. આ કૃતિ અમદાવાદની "જૈન ગ્રંથ પ્રકાશક સભા" તરફથી સાત ભાગમાં પ્રસિદ્ધ થઈ છે. *પહેલા પાંચ ભાગ વિ. સં. ૧૯૯૫માં, છઠ્ઠો ભાગ ૧૯૯૬માં અને સાતમો ૧૯૯૭માં પ્રસિદ્ધમાં મૂકાયા છે. [સાતે ભાગોનું પુનર્મુદ્રણ થયું છે.]*

૮. જુઓ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૧૯૮).

૯. આ છ કાંડમાં ૧૦૧૧ શ્લોકમાં રચાયેલી કૃતિ "ય. જૈ. ગ્રં."માં ગ્રંથાંક ૩૬ તરીકે વીરસંવત્ ૨૪૩૯ પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉક્તિરત્નાકર** (લ. વિ. સં. ૧૬૭૦) - આ **ધાતુરત્નાકર**ના કર્તા ઉપર્યુક્ત **સાધુસુન્દરગણિ**ની કૃતિ છે. **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૬)માં એને વ્યાકરણનો પરચૂરણ ગ્રંથ ગણ્યો છે. આ કૃતિ 'ખરતર' ગચ્છના **જિનસિંહસૂરિ**ના રાજ્ય દરમ્યાન એટલે કે વિ. સં. ૧૬૭૦થી ૧૬૭૪ના ગાળામાં રચાઈ છે.

[1]**લિંગાનુશાસન**-આ કૃતિના કર્તા કલિ. **હેમચન્દ્રસૂરિ** છે. એમણે સૂત્રપાઠની જેમ એનું કોઈ વિશિષ્ટ નામ ન રાખતાં સામાન્ય નામ રાખ્યું છે. એ કૃતિને **લિંગાનુશાસન** કહી છે. એમણે આ કૃતિ ૨૫ જાતના ભિન્ન ભિન્ન છંદમાં ૧૩૯ પદ્યોમાં ગૂંથી છે, અને એનાં નાનાં-મોટાં આઠ પ્રકરણો પાડ્યાં છે :-

P. ૯૪ પુલ્લિંગ (શ્લો. ૧૭), સ્ત્રી-લિંગ (૩૩), નપુંસક-લિંગ (૨૪), પું-સ્ત્રી-લિંગ (૧૨), પું-નપુંસક-લિંગ (૩૬), સ્ત્રી-નપુંસક-લિંગ (૬), સ્વતઃ સ્ત્રી-લિંગ (૬) અને પર-લિંગ (૪).

આ પ્રમાણેનાં ૧૩૮ પદ્યો પછી ઉપસંહારરૂપે એક પદ્ય છે. એ દ્વારા કર્તાએ પોતાનું નામ 'આચાર્ય **હેમચન્દ્ર**' એમ જણાવ્યું છે, અને આ કૃતિ નિઃશેષ (સમસ્ત) [2]નામલિંગાનુશાસનો જોઈને મેં રચી છે એમ કહ્યું છે. જેમ **સિ. હે.** (૫-૨-૯૩)ની પુરવણીરૂપે ઉણાદિસૂત્રની રચના કરાઈ છે તેમ "**पुंस्त्रियोः स्यमौजस्**" (૧-૧-૨૯)ની પુરવણીરૂપે આ **લિંગાનુશાસન** રચાયું છે.

ડૉ. **બેલ્વલકાર** જેવાનું કહેવું એ છે કે પ્રસ્તુત **લિંગાનુશાસન** એ **શાકટાયન**કૃત **લિંગાનુશાસનનું** કેવળ વિસ્તૃતીકરણ (enlargement) છે, પણ આ હકીકત અંશતઃ જ સત્ય છે, અને હૈમ **લિંગાનુશાસન** એ પ્રસ્તુત વિષયનો અંતિમ (final) અને પ્રમાણભૂત (authoritative) ગ્રંથ છે એમ જે પ્રો. હરિદામોદર
P. ૯૫ વેલણકરે [3]સ્વોપજ્ઞ વૃત્તિવાળી આવૃત્તિના અગ્રવચનમાં કહ્યું છે તેને હું મળતો થાઉં છું.[4]

---

૧. "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી શકસંવત્ ૧૮૧૮માં પ્રકાશિત **અભિધાન સંગ્રહ**માં આને સ્થાન અપાયું છે. "ય. જૈ. ગ્રં."માં મૂળ કૃતિ **કનકપ્રભકૃત લઘુન્યાસ**ને આધારે યોજાયેલી અવચૂરિ સહિત ઈ. સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ કરાઈ છે. ત્યાર બાદ મૂળ કૃતિ મુનિશ્રી કેશરવિજય દ્વારા ઉદ્ધૃત સંસ્કૃત ટિપ્પનિકા સહિત શ્રી૦ વિનોદચંદ મોહનલાલ વૈદ્ય તરફથી વિ. સં. ૧૯૯૩માં છપાવાઈ છે. સ્વોપજ્ઞ વૃત્તિનું તેમજ એને અંગેની શ્રી વલ્લભવાચકીય **દુર્ગપદ-પ્રબોધ** નામની વૃત્તિ સહિત મૂળ કૃતિનું સંપાદન વિજય**ક્ષમા**ભદ્રસૂરિએ કર્યું છે અને એ શ્રી૦ હીરાલાલ સોમચંદ શાહ તરફથી વિ. સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ કરાયું છે. આ સંપાદકે **દુર્ગપદ-પ્રબોધ** નામની વૃત્તિમાંના ગુજરાતી શબ્દોની એક સૂચી આપી, સ્વોપજ્ઞ વૃત્તિગત સંસ્કૃત શબ્દોની પણ સૂચી આપી છે. આ ઉપરાંત એમણે આ બંને વૃત્તિગત સંસ્કૃત શબ્દોની પણ સૂચી આપી છે. આ ઉપરાંત એમણે આ બંને વૃત્તિમાંના વિશેષનામોની પણ આદ્ય સ્થળ પૂરતી એક એક સૂચી આપી છે. વળી અંતમાં મૂળ કૃતિ જે ભિન્ન ભિન્ન છંદોમાં રચાઈ છે એ છંદોનાં નામો એમણે રજૂ કર્યાં છે.

**લિંગાનુશાસનરૂપ** મૂળ કૃતિ **હે. કુ.** (પૃ. ૨૦૫-૨૨૪)માં પ્રકાશિત થયેલી છે. જુઓ પૃ. ૩૪.

૨. આ જાતની કૃતિઓનો મુખ્ય ઉદ્દેશ શબ્દ-ભંડોળ રજૂ કરવાનો હોય છે. તેમ છતાં એ કૃતિઓ શબ્દોનાં લિંગ દર્શાવે છે. આવી કૃતિઓમાં સુપ્રસિદ્ધ **અમર-કોશ** મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

૩. જુઓ ઉપરનું ટિ. ૧.

૪. પ્રત્યયોથી નિષ્પન્ન થતા સ્ત્રીલિંગી શબ્દોના નિરૂપણ માટે **સિ. હે.** (અ. ૨)નો આખો ચોથો પાદ કામમાં લેવાયો છે ખરો, પરંતુ આ પાદમાં સ્ત્રી-લિંગી શબ્દથી પ્રત્યયનું વિધાન કરાયું છે એટલે એ માટે સ્ત્રી-લિંગનો નિર્ણય કરવા અને અન્ય લિંગને જણાવવા માટે આવી સ્વતંત્ર કૃતિની આવશ્યકતા હોવાથી એ રચાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉલ્લેખ**–**અભિ. ચિ.** (કાંડ ૧, શ્લો. ૧૯)માં આ **લિંગાનુશાસન**નો ઉલ્લેખ છે, કેમકે "लिङ्गं तु ज्ञेयं लिङ्गानुशासनात्" એમ આ શ્લોકમાં કહી એની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૮)માં આ પોતાની કૃતિ હોવાનું કહ્યું છે.

**સ્વોપજ્ઞ વૃત્તિ**–'કલિ.' હેમચન્દ્રસૂરિએ પોતાના **લિંગાનુશાસન** ઉપર વેધક પ્રકાશ પાડનારી લગભગ ૪૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. એમાં એમણે ૫૭ જેટલા ગ્રંથો અને ગ્રંથકારોની સાક્ષી આપી છે.

**દુર્ગપદપ્રબોધ**–ઉપર્યુક્ત સ્વોપજ્ઞ વૃત્તિમાં જે સ્થળો મંદ બુદ્ધિ ધરાવનારી વ્યક્તિઓને સહેલાઈથી સમજાય તેવાં ન જણાયાં તેના સ્પષ્ટીકરણરૂપે **દુર્ગપદપ્રબોધ** નામની વૃત્તિ 'ખરતર' ગચ્છના ઉપા. જ્ઞાનવિમલના શિષ્ય વાચક **શ્રી**વલ્લભે વિ. સં. ૧૬૬૧માં યોધપુર (જોધપુર)માં રચી છે. આમાં સંસ્કૃત શબ્દોના ગુજરાતી પર્યાયો અપાયા છે એથી આનું મહત્ત્વ વધ્યું છે.

**ટીકા અને અવચૂરિ**–૧૨૧૧ શ્લોક જેવડી જયાનંદસૂરિકૃત ટીકાની તેમજ એક અજ્ઞાતકર્તૃક અવચૂરિની નોંધ ***જિ. ર. કો.*** (ખંડ ૧, પૃ. ૩૩૮)માં છે. ***જૈ. ગ્રં.*** (પૃ. ૩૦૧)માં રત્નશેખરે ૧૦૭૫ શ્લોક જેવડી અવચૂરિ રચ્યાનો ઉલ્લેખ છે, પરંતુ ***જિ. ર. કો.***માં એની નોંધ નથી.

[1]**સન્માન**–હૈમ (પંચાગ વ્યાકરણ રચાતાં એ ગ્રંથને સિદ્ધરાજ નૃપતિની સવારીના હાથી ઉપર P. ૯૬ રાખી એ રાજાના દરબારમાં લાવવામાં આવ્યો હતો. હાથી ઉપર બેઠેલી બે ચામર ધરનારી સ્ત્રીઓ એ વ્યાકરણની બંને બાજુએ ચામર ઢાળતી હતી અને એ વ્યાકરણ ઉપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું. એનું પૂજન રાજસભાના વિદ્વાનોએ કર્યું અને રાજાએ પૂજોપચાર કર્યો ત્યાર બાદ રાજકીય સરસ્વતી-કોષમાં એને સ્થાન અપાયું હતું.

**પ્રચાર**–હૈમ પંચાંગ વ્યાકરણના પ્રચાર માટે સિદ્ધરાજ જયસિંહે પુષ્કળ પ્રયાસ કર્યો હોય એમ જણાય છે. **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૧૦૪) પ્રમાણે આ રાજવીએ ૩૦૦ કુશળ લહિયાઓ રાખી એની નકલો જલદી તૈયાર કરાવી અને પછી આપણા આ ભારતવર્ષના અંગ, બંગ, કલિંગ ઇત્યાદિ [2]વિવિધ દેશોમાં એ મોકલાવી અને તેમાં પણ વીસ નકલો તો એકલા કાશ્મીરના જ સરસ્વતી-ભંડાર માટે એમણે મોકલાવી. [3]આઠ વ્યાકરણમાં નિષ્ણાત એવા કાકલ નામના કાયસ્થની મુખ્ય અધ્યાપક તરીકે એમણે નિમણૂંક કરી. આ વ્યાકરણના અભ્યાસીઓની દર મહિને સુદ પાંચમે (જ્ઞાન-પંચમીએ) પરીક્ષા લેવાય એવો એમણે પ્રબંધ કર્યો. આ વ્યાકરણનો અભ્યાસ કરનારને ઉત્તેજનાર્થે કંકણ અપાતું અને એમાં નિષ્ણાત થનારને રેશમી વસ્ત્રો, સુવર્ણનાં આભૂષણો સુખાસન અને છત્ર અપાતાં[4]

એક સ્થળે એવો ઉલ્લેખ છે કે સિદ્ધરાજની હકુમત હેઠળના પ્રદેશમાં આ વ્યાકરણ ભણવા માટે P. ૯૭ એમણે હુકમ બહાર પાડયો હતો.

---

૧. ઈ. સ. ની છઠ્ઠી સદીમાં થયેલા મેઠે **હયગ્રીવવધ** નામનું કાવ્ય રચ્યું છે. એ દેશના એ સમયના રાજા તરફથી એની એવી કદર કરાઈ હતી કે જેથી એ કવિને રાજાએ કહ્યું કે અર્પણ કરવા માટે સુવર્ણના કરંડકમાં એ કાવ્યને મૂકો. જુઓ Sanskrit Literature (P.E.N; p. 111)

૨. આની સંપૂર્ણ યાદી **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૧૦૬-૧૦૯)માં છે.

૩. આનાં નામ કોઈ સ્થળે અપાયાં છે ખરાં ?

૪. એમ કહેવાય છે કે **ભટ્ટોજિ** દીક્ષિતે (લ. વિ. સં. ૧૫૧૦-૧૫૭૫) **સિદ્ધાંત કૌમુદી** કંઠસ્થ કરનારને સારી રકમ રાજા તરફથી ભેટ મળે એવો પ્રબંધ કરાવ્યો હતો અને એ રીતે એના પ્રચારને વેગ અપાવ્યો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઓટ**—આ પ્રમાણે આ વ્યાકરણના પઠન-પાઠન અને પ્રચાર માટે આ રાજવીએ પરિશ્રમ કરવામાં કચાસ ન રાખી. એમણે કરેલી વ્યવસ્થાનો અમલ એમના પછી કુમારપાલે પણ ચાલુ રાખ્યો હશે, પરંતુ ત્યાર બાદ આ કાર્યમાં ઓટ આવી. આનાં મુખ્ય બે કારણ જણાય છે :-

(૧) દુનિયામાં વિદ્વાનો મળવા મુશ્કેલ છે અને તેમાં પણ પરસ્પર મત્સરભાવ ન સેવનારની સંખ્યા તો અતિશય અલ્પ છે. આ પરિસ્થિતિને લઈને **હેમચન્દ્રસૂરિ**ની કીર્તિલતાને વિસ્તરતી જોઈ સંતપ્ત બનનાર કેટલાક તેજોદ્વેષી વિપ્રો આ ઓટમાં કારણરૂપ બન્યા.

(૨) કુમારપાલ પછી એમનો ભત્રીજો **અજયપાલ** (વિ. સં. ૧૨૩૦-૧૨૩૩) રાજા ગાદીએ આવ્યો. એ રાજા **નિર્બુદ્ધિ**, નિર્દય અને જૈનોનો દ્વેષી હતો. એણે અનેક જૈન મંદિરોનો નાશ કર્યો. એ દુષ્ટ રાજા હૈમ વ્યાકરણના અભ્યાસને ઉત્તેજન શેનો આપે ? એમ પણ બન્યું હોય કે એનું પઠન-પાઠન શિક્ષાને પાત્ર ગણાવાયું હોય.

ગમે તેમ પણ આ વ્યાકરણનો અભ્યાસ કરાવનારની સંખ્યા અલ્પ થઈ ગઈ અને ગુજરાતનું આ 'પ્રધાનતમ વ્યાકરણ' વિસારે પડયું. એનો ઉદય ફરીથી હમણાં ત્રણેક દસકાથી થયો છે.

[૧]**સ્યાદિશબ્દસમુચ્ચય** (લ. વિ. સં. ૧૨૮૦) - આના કર્તા 'વાયડ' ગચ્છના **જિનદત્તસૂરિ**ના શિષ્ય 'વેણીકૃપાણ' **અમરચંદ્રસૂરિ** છે. એમણે નીચે મુજબની કૃતિઓ રચી છે :-

P. ૯૮ (૧) [૨]પદ્માનંદ-મહાકાવ્ય, (૨) [૩]ચતુર્વિંશતિ-જિનેન્દ્ર-સંક્ષિપ્ત-ચરિત, (૩) [૪]બાલભારત, (૪) સૂકતાવલી, (૫) છાન્દોરત્નાવલી, (૬-૭) કાવ્ય-કલ્પલતા અને એની [૫]વૃત્તિ, કવિશિક્ષા[૬] (૮) કાવ્યકલ્પલતાપરિમલ, (૯) કાવ્યકલ્પલતામંજરી, (૧૦) અલંકારપ્રબોધ, (૧૧) કલાકલાપ અને (૧૨) [૭]એકાક્ષરનામમાલા.

એઓ વીસલદેવ (ઈ. સ. ૧૨૪૩-૧૨૬૧)ના રાજ્ય દરમ્યાન વિદ્યમાન હતા. એમની મૂર્તિ પં. મહેન્દ્રના શિષ્ય મદનચન્દ્રે વિ. સં. ૧૩૩૯માં કરાવી.[૮]

---

૧. આ કૃતિ જયાનંદસૂરિકૃત અવચૂરિ સહિત કાશીથી વીરસંવત્ ૨૪૪૧માં પ્રકાશિત થઈ છે. એ **ચન્દ્રસાગરજી** દ્વારા સંપાદિત થઈ પ્રસિદ્ધિમાં મૂકાઈ છે (જુઓ પૃ. ૭૨).

૨-૩. આ બંનેનું સંપાદન મેં કર્યું છે. એ બંને કૃતિ "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૫૮ તરીકે ઈ. સ. ૧૯૩૨માં પ્રકાશિત થયેલી છે. આ પૈકી પ્રથમ કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૨૯૭માં લખાયેલી મળે છે.

૪. "પંડિત" ગ્રંથ ૪-૬ માં બનારસથી આ કાવ્ય પ્રસિદ્ધ થયું છે. વળી એ "કાવ્યમાલા"માં ઈ. સ. ૧૮૯૪માં (બીજી આવૃત્તિ, ઈ. સ. ૧૯૨૬માં) છપાયું છે.

૫-૬. **કાવ્યકલ્પલતાવૃત્તિ**નું પં. જગન્નાથ શાસ્ત્રીએ સંપાદન કર્યું છે અને એ બનારસથી ઈ. સ. ૧૯૩૧માં પ્રકાશિત થયેલ છે.

૭. આનો **અમરચંદ્રસૂરિ**ની કૃતિ તરીકે **જિ. ર૦ કો.** (ખંડ ૧, પૃ. ૬૧)માં ઉલ્લેખ છે

૮. જુઓ **જિનવિજયજી** દ્વારા સંપાદિત **પ્રાચીન જૈન લેખસંગ્રહ** (ભા. ૨, લેખાંક ૫૨૩). આ ભદ્રાસનસ્થ મૂર્તિ પાટણના ટાંગડિયાવાડાના જિનમંદિરમાં છે. આની નોંધ **જૈન ચિત્ર કલ્પદ્રુમ** (ચિત્રવિવરણ પૃ. ૧૦૩)માં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત [1]**સ્યાદિ-શબ્દસમુચ્ચય** એ નામ, સર્વનામ અને સંખ્યાવાચક શબ્દોના લિંગ ઉપર પ્રકાશ પાડે છે. એ પદ્યાત્મક કૃતિ ચાર ઉલ્લાસમાં વિભક્ત છે. એમાં અનુક્રમે સ્વરાંત શબ્દો વ્યંજનાન્ત શબ્દો, P. ૯૯
સર્વનામ અને સંખ્યાને લગતા ૨૬, ૨૩, ૨ અને ૩ પદ્યો છે.[2] આના ઉપર 'ઉકેશ' ગચ્છના **મ**તિસાગરના શિષ્ય **વિ**નયભૂષણે એક ટીકા રચી છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૫૩૬માં લખાયેલી છે. જયાનંદસૂરિએ ૧૦૫૦ શ્લોક પૂરતી [3]અવચૂરિ રચી છે. એને 'દીપિકા' પણ કહે છે. એમાં શબ્દોની પ્રક્રિયા **સિ. હે.** અનુસાર અપાઈ છે. શબ્દનાં રૂપ **સિ. હે.** મુજબ સિદ્ધ કરાયાં છે.

[4]**ન્યાયાર્થમંજૂષા** (વિ. સં. ૧૫૧૬) - આના કર્તા રત્નશેખરસૂરિના શિષ્ય ચારિત્રરત્નગણિના શિષ્ય [5]હેમહંસગણિ છે. એમણે [6]**આરંભસિદ્ધિ** ઉપર વિ. સં. ૧૫૧૪માં **સુધીશૃંગાર** નામની વૃત્તિ રચી છે. હૈમ બૃહદ્વૃત્તિમાં જે ૫૭ ન્યાયો 'કલિ.' હેમચન્દ્રસૂરિએ આપ્યા છે તેમાં આ ગણિએ ૮૪ ન્યાય ઉમેરી એકંદર ૧૪૧ ન્યાયો રજૂ કર્યા છે. એના સંગ્રહને આ ગણિએ **ન્યાયસંગ્રહસૂત્ર** એવું નામ આપ્યું છે. એના ઉપર આ ગણિએ જે વૃત્તિ વિ. સં. ૧૫૧૬માં રચી છે તેને **ન્યાયાર્થમંજૂષા** કહે છે. કેટલાક એને **હૈમવ્યાકરણ-ન્યાયસંગ્રહ** કહે છે.

**ન્યાસ– ન્યાયાર્થમંજૂષા** ઉપર હેમહંસગણિએ જાતે ન્યાસ રચ્યો છે.[7] P. ૧૦૦

[8]**ક્રિયારત્નસમુચ્ચય** (વિ. સં. ૧૪૬૬)-આના કર્તા ગુણરત્નસૂરિ છે. એમણે [9]**કલ્પાન્તર્વાચ્ય** અને **વાસોન્તિકાદિપ્રકરણ** યાને **અંચલમતનિરાકરણ** રચ્યાં છે. વળી એમણે હારિભદ્રીય **ષડ્દર્શન-સમુચ્ચય** ઉપર [10]**તર્કરહસ્યદીપિકા** નામની વૃત્તિ રચી છે. આ ઉપરાંત એમણે નિમ્નલિખિત કૃતિઓ ઉપર અવચૂરિ રચી છે :-

---

૧. મુનિ (હવે પં.) દક્ષવિજયજીએ **સ્યાદ્યન્તરત્નાકર** રચ્યો છે અને એના પ્રથમ તરંગ પૂરતો ભાગ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૯૫માં છપાવાયો છે. સ્યાદિ અને ત્યાદિ એમ જે બે પ્રકારની વિભક્તિ ગણાય છે તે પૈકી પહેલી નામને અંગે છે. એનાં રૂપો સાધનિકા સહિત આ કૃતિમાં અપાયાં છે.

૨. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૫૭)માં એકંદર ૫૩ પદ્યો હોવાનો ઉલ્લેખ છે.

૩. આ પ્રકાશિત છે જુઓ પૃ. ૭૨ = 41 ટિ. ૨.

૪. આ વૃત્તિ **ન્યાયસંગ્રહ** તેમજ સ્વોપજ્ઞ ન્યાસ સહિત શ્રી. હર્ષચન્દ્ર ભૂરાભાઈ તરફથી બનારસથી વીરસંવત્ ૨૪૩૭માં પ્રકાશિત થઈ છે. [આ ન્યાસ મુનિ રત્નવલ્લભવિ. ના ગુજ. વિવેચન સાથે ૐકારસૂરિજ્ઞાનમંદિર સૂરતથી અને મુનિ નન્દિઘોષવિ.ના હિન્દી વિવેચન સાથે 'શા.ચી.એ.' અમદાવાદથી પ્રગટ થયો છે.]

૫. જયચંદ્રસૂરિના શિષ્ય **હેમહંસગણિએ** "ષડાવશ્યક" ઉપર બાલાવબોધ વિ. સં. ૧૫૦૧માં રચ્યો છે.

૬. આ કૃતિ **સુધીશૃંગાર** સહિત "લ. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૪૨માં પ્રકાશિત કરાઈ છે.

૭. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૪. **બૃહદ્વૃત્તિ-પ્રક્રિયા**ના પરિશિષ્ટમાં ન્યાયોનું નિરૂપણ છે તે આ **ન્યાયાર્થમંજૂષાને** અંગે રચાયું છે.

૮. આ "જૈન્ યશોવિજયગ્રંથમાલા"માં ગ્રંથાંક ૧૦ તરીકે વીરસંવત્ ૨૪૩૪માં છપાયો છે. અંતમાં ગ્રંથબીજ તરીકે નવ ગણોના બધા મળીને ૮૧૬ ધાતુઓ, સૌત્ર ધાતુઓ અને નામધાતુઓની સૂચી અપાઈ છે અને પ્રશસ્તિની નોંધ કરાઈ છે. આ ઉપરાંત ધાતુઓની અકારાદિ ક્રમે પણ સૂચી અપાઈ છે. [આનું પુનર્મુદ્રણ થયું છે.]

૯. આ કૃતિ વિ. સં. ૧૪૫૭માં રચાઈ છે.

૧૦. આ વૃત્તિ મૂળ સહિત "જૈ. આ. સ." તરફથી ભાવનગરથી વિ. સં. ૧૯૭૪માં પ્રકાશિત થઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]સત્તરિયા, દેવેન્દ્રસૂરિકૃત [2]કર્મગ્રંથો, નવતત્ત, ખેત્તસમાસ, આઉરપચ્ચક્ખાણ, ચઉસરણ, સંથારગ અને ભત્તપરિણ્ણા.

આ **ગુણરત્નસૂરિ દેવસુંદરસૂરિ**ના શિષ્ય અને **સોમસુંદરસૂરિ**ના ગુરુભાઈ થાય છે. એમણે આ **ક્રિયારત્નસમુચ્ચય** વિ. સં. ૧૪૬૬માં રચ્યો છે. **સિ. હે.** ગત ધાતુઓ લઈ એમણે એનાં રૂપો (paradigms) આ કૃતિમાં આપ્યાં છે. આમ કરતી વેળા એમણે હૈમ **ધાતુપારાયણ**માંથી એકક ધાતુ
P. ૧૦૧ એના અર્થ સહિત ક્રમવાર લીધો છે. પ્રારંભમાં નીચે મુજબની દસ [3]વિભક્તિઓની સમજણ આપી છે અને એ બરાબર ખ્યાલમાં આવે તેથી એને અંગે [4]ગુજરાતી ઉદાહરણો પણ આપ્યાં છે:-

(૧) [5]વર્તમાના, (૨) [6]સપ્તમી, (૩) [7]પંચમી, (૪) હ્યસ્તની, (૫) અદ્યતની, (૬) પરોક્ષા, (૭) આશી; (૮) શ્વસ્તની, (૯) ભવિષ્યન્તી અને (૧૦) ક્રિયાતિપત્તિ[8] વિશેષમાં 'વર્તમાના'ના ચાર પ્રકારનું એમણે નિરૂપણ કર્યું છે. તેમ કરતી વેળા વર્તમાનાના (૧) પ્રવૃત્તોપરત, (૨) વૃત્તાવિરત, (૩) નિત્ય-પ્રવૃત્ત અને (૪) સામીપ્ય એ ભેદ દર્શાવનારું અવતરણ આપ્યું છે. વિભક્તિ દસ છે અને કાળ ત્રણ છે એમ કહી "વર્તમાનકાલિ વિભક્તિ ૩ : વર્તમાના, સપ્તમી, પંચમી" (પૃ. ૧૬), "અતીતકાલિવિભક્તિ ૪ : હ્યસ્તની, અદ્યતની, પરોક્ષા, ક્રિયાતિપત્તિ" (પૃ. ૧૭), અને "ભવિષ્યકાલિવિભક્તિ ૩ : શ્વસ્તની, ભવિષ્યન્તી, આશી:" (પૃ. ૧૮) એવો નિર્દેશ કર્યો છે. પ્રસંગવશાત્ **સિ. હે.**ના સૂત્રો તેમજ અન્ય ગ્રંથોમાંથી અવતરણો આપ્યાં છે.

P. ૧૦૨ અંતમાં એમણે પોતાની ગુરુપરંપરા ૬૬ પદ્યમાં વર્ણવી છે. એનો પ્રારંભ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના પાંચમા ગણધર સુધર્મસ્વામીથી કર્યો છે.

[9]**કવિકલ્પદ્રુમ** (વિક્રમની ૧૬મી સદી)-આના કર્તા હર્ષકુલગણિ છે. એઓ કુલચરણગણિના શિષ્ય થાય છે. એમણે આ **કવિકલ્પદ્રુમ**ની રચના હેમવિમલસૂરિના રાજ્યમાં કરી છે. આના ઉપર એમણે **ધાતુચિન્તામણિ** નામની સ્વોપજ્ઞ ટીકા રચી છે અને એમાં (પૃ. ૬૧માં) ગુણરત્નસૂરિએ વિ. સં. ૧૪૬૬માં રચેલા **ક્રિયારત્નસમુચ્ચય** જોવાની ભલામણ કરી છે. આ ઉપરથી એમનો સમય વિક્રમની સોળમી સદીનો ગણાય.

---

૧-૨. આને લગતી અવચૂરિઓ વિ. સં. ૧૪૫૯માં રચાઈ છે.

૩. "विभक्तिश्च" એ પાણિનીય **અષ્ટા.** (અ. ૧, પા. ૪)નું ૧૦૪મું સૂત્ર છે.

૪. જુઓ પૃ. ૧૬-૧૯.

૫. આને 'ભવન્તી' અને 'વૃત્તિ' પણ કહે છે. એવી રીતે હ્યસ્તનીને 'અનદ્યતનભૂત,' શ્વસ્તનનીને 'અનદ્યતન-ભવિષ્યત્' અને ક્રિયાતિપત્તિને 'સંકેત' કહે છે. વળી ભવિષ્યન્તીને 'સામાન્ય ભવિષ્યકાળ' કહે છે.

૬-૭. જુઓ પૃ. ૬૬ = ૩૭.

૮. પાણિનીય **અષ્ટા.** પ્રમાણે આ દસ વિભક્તિનાં નામ અનુક્રમે નીચે મુજબ છે :- લટ્, (વિધિ) લિઙ્, લોટ્, લઙ્, લુઙ્, લિટ્, (આશિષ) લિઙ્, લુટ્, લૃટ્ અને લૃઙ્ આને અંગે નીચે મુજબની કારિકા છે:-
"लट् वर्तमाने लेट् वेदे भूते लुङ्-लङ्-लिटस्तथा । विध्याशिषोस्तु लिङ्-लोटौ लुट् लृट् लृङ् च भविष्यति ।।"

૯. "જૈ. ય. ગ્રં."ના ગ્રંથાક ૧૨ તરીકે આ કૃતિ અગિયારમાં પલ્લવ પૂરતી સ્વોપજ્ઞ ટીકા સહિત વીરસંવત્ ૨૪૩૫માં પ્રકાશિત કરાઈ છે. સમગ્ર ટીકા ઉપલબ્ધ હોય એમ જણાતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કવિકલ્પદ્રુમ** એ પદ્યાત્મક રચના છે અને એ ૧૧ પલ્લવોમાં વિભક્ત છે. પ્રથમ પદ્યમાં કર્તા પોતે કહે છે કે આ કૃતિ એ **સિદ્ધહેમ** નામના વ્યાકરણમાં નિર્દેશાયેલા ધાતુઓની પદ્યમાં વિચારણારૂપ છે. પ્રથમ પલ્લવમાં એમણે સર્વ ધાતુના અનુબંધો દર્શાવ્યા છે અને એમ કરતી વેળા એમણે **સિ. હે.**ના અમુક અમુક [1]સૂત્રો ગૂંથી લીધાં છે. એમણે પલ્લવ ૨-૧૦માં અનુક્રમે 'ભ્વાદિ'થી માંડીને 'ચુરાદિ' સુધીના નવ ગણના ધાતુઓનો અને ૧૧મા પલ્લવમાં 'સૌત્રાદિ' ધાતુઓનો વિચાર કર્યો છે.

બોપદેવે પણ [2]**કવિકલ્પદ્રુમ** નામનો ગ્રંથ રચ્યો છે. એના અનુકરણરૂપે હર્ષકુલગણિએ આ રચ્યો છે એમ મનાય છે.

[3]**તિઙન્વયોક્તિ**-આ વ્યાકરણની કૃતિ ન્યાયાચાર્ય [4]યશોવિજયગણિએ રચી છે. આનું આદ્ય પદ્ય નીચે મુજબ છે. :- " ऐन्द्रव्रजाभ्यर्चितपादपद्मं सुमेरुधीरं प्रणिपत्य वीरम् । P. ૧૦૩
वदामि नैयायिकशाब्दिकानां मनोविनोदाय तिङन्वयोक्तिम् ।।१।।"

[**ઉક્તિરત્નાકર : સા**ધુસુન્દરગણી. પ્રકા. રાજસ્થાન પુરાતત્ત્વ મંદિર, જયપુર.]

[**ऊणादिप्रकरणम् :** સંયોજક-મુનિ ચોથમલ. પ્રકા. જૈન વિશ્વભારતી, લાડનૂ.]

[**હૈમનૂતનલઘુપ્રક્રિયા :** પં. ચન્દ્રશેખર ઝા. સંપા. આ. ચન્દ્રોદયસૂરિ. પ્રકા. અનંતનાથ દેરાસર, સૂરત.]

Treasures of Jain Bhandaras Dr. U. P. Shah એલ. ડી. સિરિજ-૬૯

**શ્રી શાન્તિનાથચરિત્ર-ચિત્રપટ્ટિકા** ગુજરાતી આ. શીલચન્દ્રસૂરિ એલ. ડી. સિરિજ-૧૦૧ અંગ્રેજી ૧૦૨.

[**વૈયાકરણ ન્યાયદર્શ :** ગિરજાશંકર શાસ્ત્રી. સંપા. આ. ચન્દ્રગુપ્તસૂરિ.]

---

૧. આ સૂત્રોના અંક ઉપર્યુક્ત આવૃત્તિમાં અપાયા છે.

૨. **કવિકલ્પદ્રમુ** નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે અને એના ઉપર **વિજયવિમલ**ની અવચૂરિ છે.

૩. આ નામથી તો એની એકે હાથપોથી **જિ. ૨. કો.**માં નોંધાયેલી નથી. આ કૃતિને કેટલાક **તિઙન્તાન્વયોક્તિ** કહે છે. [''યશોભારતીપ્રકાશન'' મુંબઈથી પ્રસિદ્ધ ''ગ્રન્થત્રયી''માં (અપૂર્ણ) 'તિઙન્તાન્વયોક્તિ' આ. યશોદેવસૂરિજીના સંપાદન પૂર્વક છપાઈ છે આમાં શબ્દ વિષે દાર્શનિક ચર્ચા છે.]

૪. એમની જીવનરેખા મેં ''ન્યાયાચાર્યને વંદન'' નામના લેખમાં આલેખી છે. એ લેખનું શીર્ષક કોઈકને હાથે બદલાઈને એ લેખ ''જૈન'' (સાપ્તાહિક)ના તા. ૭-૩-૫૩ના અંકમાં પ્રસિદ્ધ કરાયો છે. આ ગણિવર્યને અંગેની વિવિધ કિંવદન્તીઓ ''ન્યાયાચાર્યને અંગેની કેટલાક કિંવદન્તીઓ'' નામના મારા લેખમાં અપાઈ છે. એ લેખ ''ગુ. મિ. તથા ગુ. દ.'' (સાપ્તાહિક)ના તા. ૮-૬-૫૩ના અંકમાં છપાયો છે. ''વાચક જશનું વંશવૃક્ષ'' ''આ. પ્ર.'' (પુ. ૫૦, અં. ૧૦)માં, ''વાચક યશોવિજયની ચોવીસીઓ'' ''જૈ. સ. પ્ર.'' (વ. ૨૧, અં. ૧૦)માં, ''દિક્પટ ચૌરાસી બોલ પ્રત્યુક્તિ (૮૪ બોલ વિચાર): રેખાદર્શન'' ''જૈ. સ. પ્ર.'' (વિ. ૨૧, અં. ૧૧)માં, 'થયપરિણ્ણા (સ્તવપરિજ્ઞા) અને એની યશોવ્યાખ્યા' ''જૈ. સ. પ્ર.'' (વ. ૨૧, અં. ૧૨)માં, ''નવનિધાન નવ સ્તવનો'' ''આ. પ્ર.'' (પુ. ૫૩, અં. ૧૧-૧૨)માં અને ''છ બોલની વિહરમાણ-જિનવીસીનું વિહંગાવલોકન'' ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૭૨, અં. ૧૧)માં છપાયા છે, જ્યારે ''તાર્કિક હરિયાળી સ્વોપજ્ઞ વિવેચન સહિત'', ''ન્યાયાચાર્યને વંદન'' અને ''વાચક જશનું વંશવૃક્ષ'' એ ત્રણને ન્યાયાચાર્યને અંગેના ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનારા નિબંધસંગ્રહમાં સ્થાન અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૦૪

# પ્રકરણ ૪ : કોશ યાને નામમાલા

**ભાષાની સમૃદ્ધિ**-સામાન્ય રીતે એમ મનાય છે કે કોઈ પણ ભાષા, પછી તે ગમે તેટલી સમૃદ્ધ હોય તો પણ તે માનવ જાતિના પ્રત્યેક વિચારને અને એની હરકોઈ લાગણીને પરિપૂર્ણ સ્વરૂપે રજૂ કરી શકે નહિ. બાકી દરેક ભાષા પાસે ખપપૂરતો તો શબ્દ-ભંડોળ હોય જ; નહિ તો એ દ્વારા વ્યવહાર કેમ ચાલે ? જે ભાષા પાસે અર્થના જાતજાતના સૂક્ષ્મ ભેદો (shades of meaning) ને રજૂ કરવા માટે યોગ્ય શબ્દ હોય-પુષ્કળ પર્યાયો હોય અને જેનામાં સંયોગાનુસાર નવા નવા શબ્દો યોજવા માટેની અનુકૂળતા હોય તે સમૃદ્ધ ગણાય. આવી એક આગળ પડતી સમૃદ્ધ ભાષા તે '[૧]સંસ્કૃત' છે.

**નિઘંટુ**-ભાષાનો શબ્દ-ભંડોળ તે એનો 'કોશ' કહેવાય છે. કાવ્યો કરવા માટે તેમજ અન્ય પ્રકારનું કથન કે લખાણ સમજવા માટે કોશ ઉપયોગી છે. આથી આપણે ત્યાં સૌથી પ્રથમ વૈદિક શબ્દોના અર્થોના સ્પષ્ટીકરણ માટે નિઘંટુની રચના થઈ છે. નિઘંટુનો સામાન્ય અર્થ 'કોશ' છે. એને 'નામસંગ્રહ' તેમજ 'નામમાલા' પણ કહે છે. એને માટેનો અંગ્રેજી શબ્દ લેકિસકૉન (lexicon) છે.

**ત્રિવિધ કોશ**-સંસ્કૃત ભાષામાં ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓની પેઠે એકાર્થક તેમજ અનેકાર્થક
P. ૧૦૫ એમ ઉભય પ્રકારના શબ્દો છે. વળી આ તેમજ પાઇય વગેરે ભાષામાં એકાક્ષરી શબ્દો પણ છે. આને લઈને આપણને સંસ્કૃત ભાષાને અંગે [૨]ચાર અને એક રીતે [૩]ત્રણ પ્રકારના કોશો મળે છે.

## (૧) એકાર્થક નામમાલા

**અમર-કોશ**-આજકાલ અકારાદિ ક્રમે શબ્દોને રજૂ કરી તેના અર્થ આપનારા કોશો જોવાય છે. એની રચના ગદ્યમાં હોય છે. વિવિધ પ્રકારના આવા કોશને અંગ્રેજીમાં વોકેબ્યુલરિ (vocabulary) અને મોટાને ડિક્શનરિ (dictionary) કહે છે. અનેકાક્ષરી એકાર્થક સંસ્કૃત કોશોની રચના વિષયોને લક્ષીને પદ્યમાં કરાયેલી જોવાય છે. એ એક જાતના 'પર્યાય-કોશ' છે. આ જાતનો સુપ્રસિદ્ધ કોશ એ **અમર-કોશ** છે. એ નામલિંગાનુશાસનના પ્રણેતાનું નામ અમરસિંહ છે. એ અમરસિંહ 'બૌદ્ધ' ગણાય છે. કોઈ આધુનિક જૈન મુનિવરો એમ કહેતા સંભળાય છે કે **અમર**સિંહ તો જૈન છે અને **અમર-કોશ**નો જૈન તીર્થંકરો વિષે પ્રકાશ પાડતો 'દેવાધિદેવ' કાંડ હોવો જોઈએ અને એ માટે પ્રાચીન તાડપત્રીય પ્રતિઓ તપાસાવી ઘટે. આ બાબત એક યા બીજી રીતે સાચી સિદ્ધ ન થાય ત્યાં સુધી અમરસિંહને હું 'અજૈન' ગણું છું.

---

૧. પ્રકૃતિ, પ્રત્યય, ઉપસર્ગ ઇત્યાદિનો ઉપયોગ કરી નવા શબ્દો યોજી શકાય એ બળ તો સંસ્કૃત ભાષામાં છે, પરંતુ વિદેશી શબ્દોને પચાવવાની અને અપનાવવાની જે શક્તિ પાઇય ભાષામાં છે તે આ ભાષામાં નથી, અને એ માટે એના કહેવાતા ઈજારદારોનો પવિત્રતા સંબંધીનો વધુ પડતો આગ્રહ જવાબદાર છે.

૨-૩. એકાક્ષરી એકાર્થક કોશ, એકાક્ષરી અનેકાર્થક કોશ, અનેકાક્ષરી એકાર્થક કોશ અને અનેકાક્ષરી અનેકાર્થક કોશ આ પૈકી એકાક્ષરી એકાર્થક કોશની રચના સ્વતંત્ર સ્વરૂપે ભાગ્યે જ જોવાય છે, કેમકે પ્રાયઃ એની યોજના અનેકાક્ષરી એકાર્થક કોશમાં અંતર્ગત કરાવેલી માલૂમ પડે છે. આથી કોશના ત્રણ મુખ્ય પ્રકાર ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ધનંજય-નામમાલા** (ઉ. વિક્રમની ૧૧મી સદી) - આના કર્તા એક દિ. ગૃહસ્થ નામે ધનંજય છે. એમણે ૪૬ પદ્યોની [2]**અનેકાર્થ-નામમાલા,** [3]**રાઘવ-પાણ્ડવીય** નામનું દ્વિસંધાન-કાવ્ય અને ૩૯ કે ૪૦ પદ્યનું [4]**વિષાપહારસ્તોત્ર** એમ અન્ય ત્રણ કૃતિઓ રચી છે. [5]**અનેકાર્થ-નિઘંટુ** એમની કૃતિ છે કે એમના નામરાશિ ધનંજયની છે એનો નિર્ણય કરવો બાકી રહે છે. P. ૧૦૬

**દ્વિસંધાન-કાવ્ય**ના અંતિમ પદ્યની ટીકામાં એના કર્તાએ-ટીકાકારે ધનંજયનાં માતા, પિતા અને ગુરુનાં નામ અનુક્રમે શ્રીદેવી, વસુદેવ અને દશરથ દર્શાવ્યા છે. P. ૧૦૭

પ્રસ્તુત ધનંજય વિક્રમની અગિયારમી સદીની પહેલાં થયા છે એમ બેધડક કહી શકાય, કેમકે **પ્રમેયકમલમાર્તંડ** (પૃ. ૪૦૨)માં એના કર્તા પ્રભાચંદ્રે અને વાદિરાજસૂરિએ વિ. સં. ૧૦૮૨માં રચેલા **પાર્શ્વનાથચરિત** (        )માં એમના **દ્વિસંધાનકાવ્ય**નો ઉલ્લેખ કર્યો છે. જલ્હણે રચેલી **સૂક્તિમુક્તાવલી**માં જે **રાજશેખર**ના નામે એક [6]સૂક્તિ **ધનંજયકૃત દ્વિસંધાનકાવ્યની** પ્રશંસારૂપે જોવાય છે. એ રાજશેખર [7]**કાવ્યમીમાંસા**ના કર્તાથી અભિન્ન જ હોય તો આ ધનંજય દસમી સદીની પછી થયા નથી એમ કહેવાય.

દિ. જિનસેનના ગુરુ વીરસેને **ધવલા** નામની ટીકા વિ. સં. ૮૭૩માં પૂર્ણ કરી છે. એમાં પૃ. ૩૮૭માં ''हेतावेवं''થી શરૂ થતું પદ્ય અવતરણરૂપે અપાયું છે. આ જ પદ્ય **અનેકાર્થ-નામમાલા**માં ૪૦માં (અન્ય આવૃત્તિ પ્રમાણે ૩૯મા) પદ્યરૂપે પણ જોવાય છે. એ ઉપરથી પં. મહેન્દ્રકુમારે ધનંજયનો સમય

---

૧. આ કૃતિ (શ્લો. ૨૦૫)ની, ધનંજયકૃત **અનેકાર્થ-નામમાલા, પં.** મોહનલાલ જૈનની એના ઉપરની તેમજ પ્રસ્તુત કૃતિ ઉપરની હિંદી ''આદર્શ ટીકા'' તેમજ અનેકાર્થવાચક શબ્દો અને હિંદી અર્થ સહિતની ચોથી આવૃત્તિ શ્રી હરપ્રસાદ જૈન વિ. સં. ૧૯૯૯માં પ્રકાશિત કરી છે. આમાં પહેલી નામમાલામાં કયા કયા શબ્દના પર્યાય અપાયા છે તેની અકારાદિ ક્રમે નોંધ છે.
પ્રસ્તુત **ધનંજય-નામમાલા** ત્રૈવિદ્ય અમરકીર્તિકૃત ભાષ્ય, ધનંજયકૃત **અનેકાર્થ-નામમાલા** અને એની ટીકા, ધનંજયકૃત **અનેકાર્થ-નિઘંટુ** અને **એકાક્ષરી કોષ** તેમજ (૧-૨) બંને નામમાલાના અને (૩) પ્રથમ નામમાલાના ભાષ્યના શબ્દોની, (૪) યૌગિક શબ્દોની, (૫) **અનેકાર્થ-નિઘંટુ**ના શબ્દોની (૬) ભાષ્યગણ અવતરણોની તેમજ (૭) ભાષ્યગત ગ્રંથો અને ગ્રંથકારોનાં નામોની એમ સાતની અકારાદિ ક્રમે સૂચી (અનુક્રમણિકાઓ), ડૉ. પી. એલ. વૈદ્યના અંગ્રેજી તેમજ હિંદીમાં એકેક પાનાના પ્રાક્કથન અને પં. મહેન્દ્રકુમારની હિંદી પ્રસ્તાવના સહિત ''ભારતીય જ્ઞાનપીઠ કાશી'' તરફથી ઈ.સ. ૧૯૫૦માં પ્રકાશિત થઈ છે. એનું સંપાદન પં. શંભુનાથ ત્રિપાઠીએ કર્યું છે. સાથે સાથે એમણે સંસ્કૃત ટિપ્પણીઓ આપી છે.

૨. આ પ્રકાશિત છે. જુઓ ઉપર્યુક્ત ટિપ્પણ.

૩. આ કાવ્ય ટીકા સહિત ''કાવ્યમાલા''માં ઈ. સ. ૧૮૯૫માં પ્રકાશિત કરાયું છે. આ સંબંધમાં વિશેષ માહિતી માટે જુઓ પ્રકરણ ૧૯.

૪. આ ''કાવ્યમાલા''ના સપ્તમ ગુચ્છકમાં છપાયું છે. આની ત્રીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૦૭માં છપાઈ છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૬. ''द्विसन्धाने निपुणतां स तां चक्रे धनञ्जयः । यया जातं फलं तस्य सतां चक्रे धनं जयः ।।''
અર્થાત્ **ધનંજયે (અર્જુને)** દ્વિ-સંધાન કાવ્યમાં (બેવડા નિશાન લગાવવામાં જે નિપુણતા પ્રાપ્ત કરી એથી એને (કવિને અને અર્જુનને) સજ્જનોમાં ધન અને કીર્તિરૂપે ફળ મળ્યાં.

૭. આના કર્તા **રાજશેખર**નો ઉલ્લેખ **સો**મદેવ (ઈ. સ. ૯૬૦)કૃત **યશસ્તિલકચંપૂ**માં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવમી સદીની પછીનો નથી એમ કહ્યું છે, પરંતુ પ્રો. વેલણકરે **જિ. ર૦ કો.** (ખંડ ૧, પૃ. ૨૧૧)માં એમ
P. ૧૦૮ સૂચવ્યું છે કે આ પદ્ય મૂળે ધનંજયનું નહિ, પરંતુ કોઈ પ્રાચીન કૃતિનું હશે. શકસંવત્ ૭૦૫માં **હરિવંશ-પુરાણ** રચનારા દિ. જિનસેન પહેલાએ તેમજ **જયધવલાને** સંવત્ ૮૯૪માં પૂર્ણ કરનારા દિ. જિનસેન બીજાએ પણ કવિઓની પ્રશંસા કરતી વેળા ધનંજયનું નામ લીધું નથી એ હકીકત પણ વિચારવી ઘટે.

**ધનંજય-નામમાલા**ની ઈ. સ. ૧૯૫૦ની ઉપર્યુક્ત આવૃત્તિમાં ૨૦૩ પદ્યો છે, જ્યારે અન્યત્ર ૨૦૫ છે. આ આવૃત્તિનું ૨૦૧મું [1]પદ્ય **ધનંજય**ની કૃતિની પ્રશંસારૂપ છે એટલે એ ધનંજયનું કેમ હોઈ શકે ? તેમ છતાં પં. મહેન્દ્રકુમારે એને ધનંજયનું જ માની એમની પૂર્વ સીમા નક્કી કરી છે - દિ. અકલંક પછી એઓ થયા છે એમ કહ્યું છે.

**ધનંજય-નામમાલા**માં અસલ બસો જ પદ્યો હોવાં જોઈએ એમ લાગે છે, જો કે એની એક આવૃત્તિમાં ૨૦૩ અને બીજામાં ૨૦૫ પદ્યો જોવાય છે.

ધનંજયે એક શબ્દ ઉપરથી શબ્દાંતર બનાવવા માટે વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. દા. ત. 'પૃથ્વી'વાચક શબ્દો રજૂ કરી એની આગળ 'ધર' શબ્દ જોડી 'પર્વત'વાચક શબ્દો, 'મનુષ્ય'વાચક શબ્દ આગળ 'પતિ' જોડી 'નૃપ'વાચક શબ્દો અને 'વૃક્ષ'વાચક શબ્દ આગળ 'ચર' જોડી 'વાનર'વાચક શબ્દો બનાવવાની વાત એમણે કહી છે.

**ભાષ્ય**—એના કર્તા **અમર**કીર્તિ છે. એમણે પર્યાયવાચક શબ્દોને રજૂ કરતી આ **ધનંજય-નામમાલા** ઉપર આ ભાષ્ય સંસ્કૃતમાં રચ્યું છે. એ દ્વારા એમણે શબ્દદીઠ પર્યાયોની સંખ્યા દર્શાવી પ્રત્યેક શબ્દની
P. ૧૦૯ વ્યુત્પત્તિ સૂત્રના નિર્દેશપૂર્વક આપી એનું સ્પીષ્ટીકરણ કર્યું છે. વળી એમણે અન્ય પર્યાયવાચક શબ્દો કોઈ કોઈ વાર ઉમેર્યા છે. **અમરકોશ**ની સુપ્રસિદ્ધ ટીકામાં એના ટીકાકાર ક્ષીરસ્વામીએ જે શૈલીએ કામ કર્યું છે એ શૈલીએ આ ભાષ્ય રચાયું છે.[2] **ધનંજય-નામમાલા** (શ્લો. ૧૨૨)ના ભાષ્ય (પૃ. ૬૨)માં **આશાધર-મહાભિષેક**નો ઉલ્લેખ છે. આ દિ. આશાધરે વિ. સં. ૧૩૦૦માં **અનગાર-ધર્મામૃત**ની સમાપ્તિ કરી હતી એટલે આ **અમ**રકીર્તિના સમયની પૂર્વ સીમા છે. અમરકીર્તિએ ભાષાના પ્રારંભમાં કલ્યાણકીર્તિને નમસ્કાર કર્યો છે. એ કલ્યાણકીર્તિ તે વિ. સં. ૧૩૫૦માં **જિનયજ્ઞફલોદય**ને સમાપ્ત કરનાર જ હોય તો એ અમરકીર્તિના સમયની ઉત્તર સીમા ગણાય. અમરકીર્તિએ **હૈમ નામમાલા**નો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે એટલે એમનો સમય આ કૃતિની રચના પછી લગભગ પચાસેક વર્ષ જેટલો તો મોડો હશે જ.

**નિઘંટ-સમય**-આ નામથી બે પરિચ્છેદ પૂરતી **ધનંજય**ની નામમાલાની નોંધ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૨)માં લેવાઈ છે તો એ નામમાલા તે કઈ ?

**ધનપાલીય કોશ** (ઉ. વિક્રમની ૧૧મી સદી)- આ કોશના કર્તા જન્મે વૈદિક ધર્માવલંબી વિપ્ર **ધન**પાલ છે. આગળ જતાં એમના લઘુ બંધુ શોભન મુનિવરને હાથે પ્રતિબોધ પામી એમણે જૈન ધર્મ

૧. આ રહ્યું એ પદ્ય :-

"प्रमाणमकलङ्कस्य पूज्यपादस्य लक्षणम् । द्विसन्धानकवेः काव्यं रत्नत्रयमपश्चिमम् ।।२०१।।"

૨. જુઓ ડૉ. પી. એલ. **વૈદ્ય**નું પ્રાક્કથન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વીકાર્યો હતો. એમના પિતા અને પિતામહનાં નામ અનુક્રમે સર્વદેવ અને [૧]દેવર્ષિ હતાં. એ ધનપાલને સુંદરી નામે બેન હતી. એ ધનપાલ 'ધારા'નગરીના રાજા [૨]મુંજના માનીતા હતા. એમને એ રાજા 'સરસ્વતી' કહેતા.[૩] મુંજ પછી ગાદીએ આવનાર [૪]ભોજ રાજાએ એમને સિદ્ધસારસ્વત, કવીશ્વર અને P. ૧૧૦ કૂર્ચાલ-સરસ્વતીનાં બિરુદ આપ્યાં હતાં એમણે ઉપર્યુક્ત કોશ ઉપરાંત નીચે મુજબની બે સંસ્કૃત કૃતિઓ રચી છે :-

(૧) [૫]**તિલકમંજરી** અને (૨) [૬]**શોભન**-*સ્તુતિની ટીકા.*

એમણે સર્વાંશે પાઇયમાં નીચે મુજબની ચાર કૃતિઓ રચી છે :- (૧) [૭]**ઉસભ-પંચાસિયા,** (૨) [૮]**પાઇય-લચ્છી-નામમાલા,** (૩) [૯]**વીર-થુઈ** (૩૦ પદ્યો) અને (૪) **સાવયવિહિ.**

આ ઉપરાંત એમણે દસ પદ્યની [૧૦]**વીર-થુઈ** અર્ધ-સંસ્કૃતમાં અને [૧૧]'સચ્ચઉરમંડણ' **મહાવીર-ઉચ્છાહ** 'અપભ્રંશ'માં રચ્યાં છે.

આ કવિવર ધનપાલે કોશ રચ્યો હતો એમ **અભિ. ચિ.** (કાંડ ૧, શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧)માં જે "व्युत्पत्तिर्धनपालतः" એવો ઉલ્લેખ 'કલિ.' હેમચન્દ્રસૂરિએ કર્યો છે એ ઉપરથી અનુમાનાય છે. એક P. ૧૧૧ ટિપ્પણીમાં ૧૮૦૦ શ્લોક જેવડી **નામમાલા**ના કર્તા તરીકે ધનપાલનો ઉલ્લેખ છે.[૧૨] એ નામમાલા **પાઈય-લચ્છી-નામમાલા**થી મોટી હોઈ એનાથી તો ભિન્ન ગણાય, પણ શું એ નામમાલા **સંસ્કૃત**માં છે અને તે જ આ • કોશ છે ? વિશેષમાં આ કોશ રચાયો ત્યારે ધનપાલ 'જૈન' બન્યા હતા કે નહિ એ પ્રશ્ન પણ વિચારવાનો રહે

---

૧. એઓ મધ્યદેશમાં 'સંકાસ્ય' નામના નિવેશમાં રહેતા હતા. એને સંયુક્ત પ્રાંતના ફરૂકાબાદ જિલ્લાના 'સંકિસ' ગામ તરીકે ઓળખાવાય છે.

૨. એમનું વિ. સં. ૧૦૩૧નું દાનપત્ર મળે છે. એ રાજાનું મૃત્યુ વિ. સં. ૧૦૫૦થી ૧૦૫૪ના ગાળામાં થયું હતું. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૧૯૮)

૩. જુઓ **તિલકમંજરી** (શ્લો. ૫૩).

૪. એમનો સમય વિ. સં. ૧૦૭૪થી ૧૧૧૬નો ગણાય છે.

૫. આ "કાવ્યમાલા" (૮૫)માં ઈ. સ. ૧૯૦૩માં છપાયેલી છે.

૬. આ સ્તુતિ આ ટીકા સહિત" "આ. સ." તરફથી ઈ. સ. ૧૯૨૬માં છપાઈ છે. વળી એ સ્તુતિ "આ. સા." તરફથી અન્ય સંસ્કૃત ટીકાઓ સહિત ઈ. સ. ૧૯૩૦માં પ્રકાશિત થઈ છે. આ બંનેનું સંપાદન મેં કર્યું છે.

૭. આ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત થઈ છે. એમાં આજ ધનપાલની વિરોધાલંકારથી વિભૂષિત ૩૦ પદ્યોની **વીરથુઈ** તેમજ દસ પદ્યોની અર્ધ-સંસ્કૃત **વીર-સ્તુતિ** છપાયેલી છે. આનું સંપાદન મારે હાથે થયું છે.

૮. આની રચના વિ. સં. ૧૦૨૯માં થયાનો એમાં ઉલ્લેખ છે. આ પ્રકાશિત છે. એના પરિચયાદિ માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૫૬, ૫૮, ૨૪૨ અને ૨૪૩).

૯-૧૦. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૫.

૧૧. આ "જૈ. સા. સં." (ખંડ ૩, અંક ૩)માં છપાયેલો છે. એના પરિચયાદિ માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૨૦૩).

૧૨. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૧૯૯).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, જો કે અહીં તો એમણે જૈન તરીકે આ કોશ રચ્યાનું મેં માની લીધું છે. વિશેષમાં આ કોશ શબ્દોની કેવળ વ્યુત્પત્તિ પૂરતો જ નહિ હશે, પરંતુ એના પર્યાયો પૂરા પાડતો હશે એવી હું કલ્પના કરું છું.

**નિઘંટુ** (લ. વિ. સં. ૧૦૮૦)– **વર્ધમાનસૂરિ**એ વિ. સં. ૧૧૪૦માં **મનોરમા-ચરિય**[1] રચ્યું છે. એની પ્રશસ્તિ (શ્લો. ) ઉપરથી જણાય છે કે (વિ. સં. ૧૦૮૦માં **બુદ્ધિસાગર** વ્યાકરણ રચનારા) બુદ્ધિસાગરસૂરિએ વ્યાકરણ, છંદ, [2]નિઘંટુ, કાવ્ય, નાટક, કથા, પ્રબંધ ઇત્યાદિ રચ્યાં છે. આમ અહીં જે નિઘંટુનો ઉલ્લેખ છે તેથી **અભિ. ચિ.** જેવો કોશ સમજવાનો હશે. જો એ વનસ્પતિને અંગેનો જ કોશ હોય અને સાથે સાથે એ સંસ્કૃતમાં હોય એ એ હૈમ **નિઘંટુ-શેષ** કરતાં પ્રાચીન ગણાય. બુદ્ધિસાગરસૂરિનો આ કોશ કે એમણે રચેલી કાવ્ય, નાટક, કથા કે પ્રબંધને અંગેની કોઈ કૃતિ હજી સુધી તો મળી આવેલ નથી.

P. ૧૧૨ [3]**અભિધાન-ચિન્તામણિ** (લ. વિ. સં. ૧૨૦૭)- આ નામમાલાના-કોશના કર્તા 'કલિ.' હેમચન્દ્રસૂરિ છે. એમણે આ કોશ ઉપરાંત [4]**અનેકાર્થ-સંગ્રહ** અને [5]**નિઘંટુશેષ** તેમજ દેસિય (દેશ્ય) શબ્દોને અંગે [6]**રયણાવલિ** યાને **દેસિસદ્દસંગહ** એમ બીજા ત્રણ કૌશો રચ્યા છે, અને એ દ્વારા વ્યાકરણના જ્ઞાનને સક્રિય બનાવવા માટે અને વિદ્યાર્થીઓને સંસ્કૃતાદિ ભાષાનું જ્ઞાન મેળવવા માટે માર્ગ મોકળો કર્યો છે.

---

૧. [રુપેન્દ્રકુમાર પગારિયા સંપાદિત **મનોરમાકહા** નામે આ એલ.ડી.ઇંસ્ટી. અમદાવાદથી પ્રસિદ્ધ છે.]

૨. આના અર્થ માટે જુઓ **નિઘંટુ-શેષ**ને લગતું મારું લખાણ (પૃ. ૧૨૪).

૩. આ કોશ વિદ્યાકર મિશ્રે ઈ. સ. ૧૮૦૮માં કલકત્તાથી બહાર પાડયો હતો. ત્યારબાદ એ **અભિધાન-સંગ્રહ**માં બીજા ભાગ તરીકે "મહાવીર જૈન સભા" તરફથી ખંભાતથી શકસંવત્ ૧૮૧૮માં પ્રસિદ્ધ કરાયો હતો. વળી એ કોશ સ્વોપજ્ઞ વિવૃતિ સહિત "ય. જૈ. ગ્રં." તરફથી વીરસંવત્ ૨૪૪૬માં છપાવાયો છે. બીજા ભાગ તરીકે મૂળ કોશમાંના શબ્દોની સૂચિ તેમજ સ્વોપજ્ઞ વિવૃતિમાં નોંધેલા શેષ શબ્દોની સૂચિ, સ્વોપજ્ઞ વિવૃતિમાં નિર્દેશાયેલા ગ્રંથકારોની નામાવલી સહિત આ જ સંસ્થા તરફથી એ જ (વીરસંવત્ ૨૪૪૬) વર્ષમાં પ્રકાશિત થયો છે. બીજા ભાગનું તમામ સંપાદન મુનિશ્રી જયંતવિજયજીએ કર્યું છે. વળી "મુક્તિ-કમલ-જૈન-મોહન-માલા"માં ૨૧મા પુષ્પ તરીકે એ કોષ સ્વોપજ્ઞ **તત્ત્વાભિધાયિની** વૃત્તિને અનુસરનારી **રત્નપ્રભા** વ્યાખ્યા તેમજ **શેષનામમાલા**, જિનદેવકૃત **શિલોંછ** અને સુધાકલશકૃત **એકાક્ષર-નામમાલા** એ ત્રણ પરિશિષ્ટો સહિત છપાયો છે. એનું સંશોધન મુનિશ્રી ધર્મવિજયજીએ (હવે શ્રીવિજયધર્મસૂરિએ) કર્યું છે. આ ઉપરાંત "દે. લા. જૈ. પુ. સં." તરફથી આ કોશ અકારાદિ ક્રમપૂર્વકની શબ્દાનુક્રમણિકા તેમજ નિમ્નલિખિત અન્ય કૃતિઓ સહિત ઈ. સ. ૧૯૪૬માં પ્રકાશિત કરાયો છે.

(અ) **શેષનામમાલા,** (આ) જિનદેવકૃત શિલોંછ, (ઇ) (હૈમ) **નિઘંટુશેષ,** (ઈ) (હૈમ) **લિંગાનુશાસન,** (ઉ) **એકાક્ષર-કોશ,** (ઊ) પુરુષોત્તમે રચેલો **શબ્દભેદપ્રકાશ** અને (ઋ) સુધાકલશકૃત **એકાક્ષર-નામમાલા.** [વિ. સં. ૨૦૩૨માં જૈન સાહિત્યવર્ધકસભા **અ. ચિં.** સ્વોપજ્ઞટીકા સાથે પ્રગટ કર્યો છે. સંપાદક આ. **હે**મચન્દ્રસૂરિએ સાર્થ શબ્દસૂચી પણ આપી છે. આની બીજી આવૃત્તિ હમણાં જ બહાર પડી છે. મુનિ પૂર્ણચન્દ્ર વિ. આદિએ સંકલિત કરેલ 'અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયાકોશ' વિ. ૨૦૪૪માં જિ. આ. ટ્ર. ધ્વારા બે ભાગમાં બહાર પડ્યો છે. આમાં **અ. ચિ.** ના શબ્દો અકારાદિક્રમે અને સામે ટીકાનો અંશ પર્યાય તથા અર્થ ગુજરાતીમાં આપ્યો છે. સં. મુનિચન્દ્ર વિ.]
'સાર્થ શબ્દાવલી' નામે પણ અભિધાન ચિ. શેષ, શિલોંછના શબ્દો અકારાદિક્રમે પ્રગટ થયેલ છે.]

૪-૫ આનો પરિચય આગળ ઉપર અપાયો છે.

૬. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૫૮-૫૯).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યોજના**-આ નામમાલામાં રૂઢ, યૌગિક યાને વ્યુત્પત્તિ વડે સિદ્ધ અને મિશ્રશબ્દોને [1]**અમરકોશની** પેઠે ભિન્ન ભિન્ન કાંડમાં પર્યાયવાચક શબ્દો સહિત રજૂ કરાયા છે. અહીં નીચે મુજબનાં નામથી અલંકૃત P. ૧૧૩
છ કાંડો છે:-

(૧) દેવાધિદેવ, (૨) દેવ, (૩) મર્ત્ય, (૪) તિર્યચ્, (૫) નારક અને (૬) સાધારણ,

એમાં શ્લોકોની સંખ્યા નીચે મુજબ છે:-

૮૬, ૨૫૦, ૫૯૭, ૪૨૩, ૭ અને ૧૭૮.

આમ અહીં એકંદર ૧૫૪૧ શ્લોકો છે. આ દૃષ્ટિએ આ કોશ **અમરકોશથી** લગભગ દોઢો છે.

**મહત્ત્વ–અભિ. ચિ.**માં કેટલાક 'દેશ્ય' શબ્દો પણ સંસ્કૃત તરીકે નોંધાયેલા જણાય છે.[2] આથી ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓના અભ્યાસી માટે આ કોશ ઉપયોગી છે.

**વિષય**-પ્રથમ કાંડમાં ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોનાં નામ અને લાંછન, એમના યક્ષાદિનાં નામ, તીર્થંકરના ૩૪ અતિશય વગેરે બાબતો છે.

દ્વિતીય કાંડમાં દેવો સંબંધી માહિતી અપાઈ છે. વળી કાલચક્રને અંગેના ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે વિભાગના છ છ આરાઓનું વર્ણન છે. ૧૪૭માં શ્લોકમાં 'બુદ્ધ' માટે 'ચતુસ્ત્રિંશજ્જાતકજ્ઞ' એવો પર્યાય અપાયો છે, અને એની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧૦૦-૧૦૧)માં ૩૪ જાતક ગણાવાયાં છે.

ત્રીજા કાંડમાં મનુષ્યવાચક શબ્દો, મનુષ્યની શિશુત્વાદિ અવસ્થાઓ, ખાદ્યાદિ પદાર્થો, રોગો વગેરેને અંગેના શબ્દો તેમજ સગપણસૂચક શબ્દો ઇત્યાદિ અપાયા છે.

ચોથા કાંડમાં પૃથ્વીકાયાદિ પાંચ પ્રકારના એકેન્દ્રિય, ત્રણ પ્રકારના વિકલેન્દ્રિય અને ત્રણ જાતનાં P. ૧૧૪
પંચેન્દ્રિય તિર્યંચ સંબંધી શબ્દો નોંધાયા છે.

પાંચમાં કાંડમાં નારકોને લગતા શબ્દો છે.

છઠ્ઠા કાંડમાં ભુવન અને જીવ તેમજ રૂપ વગેરે પાંચ જાતના વિષયોને લગતા શબ્દો છે અને અંતમાં અવ્યયોની સૂચી છે.

**ઉપયોગ–અમરકોશ**માંના કેટલાક શ્લોકો આ કોશમાં ગૂંથી લેવાયા હોય એમ જણાય છે. એવી રીતે વ્યાડિ વગેરેના કોશોનો પણ ઉપયોગ થયો હોય તો ના નહિ. કેટલીક વાર નામોલ્લેખ વિના પણ આમ કરાયું હોય તો તેમાં કંઈ નાનમ નથી, કેમકે હેમચન્દ્રસૂરિએ મૌલિક રચનાનો દાવો કર્યો નથી. એમને કંઈ પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવાનો મોહ ન હતો. એઓ તો વાત્સલ્યભાવે સર્વોપયોગી વસ્તુ સુગમ સ્વરૂપે જગત્ સમક્ષ મૂકવા અને ગુજરાતને સર્વતંત્ર-સ્વતંત્ર બનાવવા ઇચ્છતા હતા.

**રચના-સમય–અભિ. ચિ.**ના પ્રારંભમાં "**सिद्धसाङ्गशब्दानुशासनः**" એવું વિશેષણ હેમચન્દ્રસૂરિએ પોતાને માટે વાપર્યું છે. એના ઉપરની સ્વોપજ્ઞ વિવૃતિમાં 'સિદ્ધ'નો અર્થ 'પ્રતિષ્ઠા પામેલ' એવો એમણે

૧. **અમરકોશ**માં લિંગોનો સાથે સાથે જ અંતર્ગત સ્વરૂપે વિચાર કરાયો છે, જ્યારે અહીં કાંડ ૧, શ્લો. ૧૯માં સૂચવાયા મુજબ એ માટે **લિંગાનુશાસન** જોવાની ભલામણ કરાઈ છે.

૨. આવા કેટલાક શબ્દો **હેમસમીક્ષા** (પૃ. ૭૫-૭૭)માં નોંધાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્યો છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે એમનું પંચાંગ વ્યાકરણ તૈયાર થઈ આદરપાત્ર બન્યું ત્યાર બાદ આ કોશ એમણે રચ્યો છે.

ત્રીજા કાંડના નિમ્નલિખિત શ્લો. ૩૭૬-૩૭૭ ઉપરથી એ અનુમાન દોરાય કે કુમારપાલ નરેશ્વર 'પરમાર્હત' યાને જૈન બન્યા અને એમણે રાજ્યકારભાર ચલાવવા માંડયો ત્યાર પછી આ કોશની રચના થઈ છેઃ-

"कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।।३७६।। मृतस्वमोक्ता धर्मात्मा मारिव्यसनमारकः ।"

P. ૧૧૫ આ ઉપરથી આ કોશ વિ. સં. ૧૧૯૯ પછી ચારેક વર્ષે **હેમસમીક્ષા** (પૃ. ૭૦) પ્રમાણે વિ. સં. ૧૨૦૭-૮માં રચાયો હોય એમ જણાય છે.

**સ્વોપજ્ઞ વિવૃતિ**–આનું નામ **તત્ત્વાભિધાયિની** હોય એમ લાગે છે.[1] લગભગ સાડા આઠ હજાર શ્લોક જેવડી આ વિવૃતિમાં પ્રારંભમાં શ્લો. ૩માં કહ્યું છે કે વાસુકિ અને વ્યાડિનાં પ્રામાણ્ય, ધનપાલમાંથી વ્યુત્પત્તિ અને વાચસ્પતિ વગેરેના પ્રપંચ અહીં લક્ષ્યમાં લેવાયાં છે. આમ આની રચનામાં સાધનીભૂત ગ્રંથોનો સંક્ષેપમાં નિર્દેશ છે. આ ઉપરાંતના ગ્રંથકારોનાં નામ "ય. જૈ. ગ્રં."ની ઉપર્યુક્ત આવૃત્તિ અને એ પૂર્વે [2]ઓટ્ટો બોટલિંક અને [3]ચાર્લ્સ રિયુ દ્વારા સંપાદિત આવૃત્તિ ઉપરથી જાણી શકાય છે. એમાંથી શ્વેતાંબર આદ્ય વૈયાકરણ બુદ્ધિસાગર અને વિષ્ણુપુરાણ એ બે નામ હું અહીં નોંધું છું.

વિવૃતિ (પૃ. ૧૩)માં **ત્રિષષ્ટિ.**નો ઉલ્લેખ છે અને પૃ. ૧૦૦માં વ્યાડિના આધારે ૩૪ જાતકોનાં નામ અપાયાં છે.

આ વિવૃતિ ઉપરાંત આ **અભિ. ચિ.** ઉપર નીચે મુજબની નાની મોટી બીજી સાત ટીકા છે :-

(૧) **ટીકા**-આના કર્તા કુશલસાગર છે.

P. ૧૧૬ (૨) **સારોદ્ધાર**-'ખરતર' ગચ્છના જ્ઞાનવિમલના શિષ્ય શ્રીવલ્લભગણિએ આ ટીકા વિ. સં. ૧૬૬૭માં રચી છે. **દુર્ગપદપ્રબોધ** નામની ટીકા તે આ જ છે ? [આ. ધર્મધુરંધરસૂરિ સંપાદન કરે છે.]

(૩) **વ્યુત્પત્તિ-રત્નાકર**– કલ્યાણસાગરસૂરિના રાજ્યમાં 'અંચલ' ગચ્છના રવિચન્દ્રના શિષ્ય દેવસાગરગણિએ વિ. સં. ૧૬૮૬માં આ ટીકા રચી છે. [સંપા. પં.**શ્રી**ચન્દ્રવિજય ગ. પ્રકા. રાંદેર રોડ જૈન સંઘ-સૂરત]

(૪) **ટીકા**-આના કર્તા **ભા**નુચન્દ્રગણિ છે

(૫) **ટીકા**-આના રચનાર **સા**ધુરત્ન છે.

(૬) **અવચૂરિ–જૈ. ગ્રં.** (પૃ. ૩૧૦) પ્રમાણે આ અવચૂરિ ૪૫૦૦ શ્લોક જેવડી છે અને એની હાથપોથી પાટણમાં છે. આના કર્તાનું નામ જાણવામાં નથી.

(૭) [4]**રત્નપ્રભા**–આના કર્તા પં. **વા**સુદેવરાવ જનાર્દન કશેળીકર છે. એમાં કેટલીક વાર સંસ્કૃત શબ્દના ગુજરાતીમાં અર્થ અપાયા છે. દા. ત. જુઓ પૃ. ૧૦૬ અને ૧૦૭.

**બીજક-અભિધાન-ચિન્તામણિ-નામમાલા–બીજક એ** નામની ત્રણ કૃતિઓ જોવાય છેઃ-

---

૧. "મુ. ક. જૈ. મો."માં છપાયેલી **રત્નપ્રભા**ની (પ્રત્યેક કાંડના અંતમાં અપાયેલી) પુષ્પિકા જોતાં જણાય છે. દા.ત. इति परमार्हत० नाममालाया स्वोपज्ञतत्त्वाभिधायिनी-वृत्त्यनुसारिणीरत्नप्रभाव्याख्यायां प्रथमो देवाधिदेवकाण्डः"

૨. Otto Bohtlingk. ૩. Charles Rieu. ૪. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૧૨, ટિ ૧= 64 ટિ. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) 'તપા' ગચ્છના હીરવિજયસૂરિના શિષ્ય શુભવિજયગણિએ વિ. સં. ૧૬૬૧માં રચેલી કૃતિ. (૨) દેવવિમલગણિકૃત કૃતિ. (૩) અજ્ઞાતકર્તૃક કૃતિ.

**અભિધાન-ચિંતામણિ-નામમાલા-પ્રતીકાવલી**-આની એક હાથપોથી "ભાં. પ્રા. સં. મં."માં છે. કર્તાનું નામ જાણવામાં નથી.[1] P. ૧૧૭

**શેષનામમાલા યાને શેષસંગ્રહનામમાલા-અભિ. ચિ.**માં નહિ નોંધાયેલા એવા કેટલાક [2]શબ્દોનો આ કોશ છે. એ પણ હેમચન્દ્રસૂરિની રચના છે. એમાં ૨૦૪ (૧+૮૯+૬૩+૪૧+૨+૮) શ્લોક છે.[3]

આ શબ્દકોશ ઉપર **શ્રી**વલ્લભગણિની અને કોઈક અન્યની એકેક ટીકા છે.

[4]**શિલોંછ** (વિ. સં. ૧૪૩૩)- **અભિ. ચિ.નાં** બીજા વધારા તરીકે ૧૪૦ શ્લોકનો શિલોંછ જિનદેવે [5]'ત્રિ-વસુ-ઈન્દુ'(?)થી સૂચિત વર્ષમાં રચ્યો છે. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૩) પ્રમાણે આ રચના વિ. સં. ૧૪૩૩માં થઈ છે. જ્ઞાનવિમલના શિષ્ય શ્રીવલ્લભે વિ. સં. [6]૧૬૫૪માં આના ઉપર ટીકા રચી છે.

**શબ્દરત્નપ્રદીપ** (ઉ. વિ. સં. ૧૨૯૫)– સુમતિગણિએ **ગણહરસદ્ધસયગ**ની વિ. સં. ૧૨૯૫માં રચેલી વૃત્તિમાં આનો અનેક વાર ઉલ્લેખ કર્યો છે. કલ્યાણમલ્લે પણ **શબ્દરત્નપ્રદીપ** રચ્યો છે તે તો આ કૃતિ નથી ? જો એ જ હોય તો આ અજૈન કૃતિ છે.

**શબ્દચન્દ્રિકા**– આ કોશની ૧૭ પત્રોની હસ્તલિખિત પ્રતિ લા. દ. વિદ્યામંદિરમાં છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. આ પ્રતિ અપૂર્ણ હોય તો એના પછીના પત્રમાં કદાચ કર્તાનું નામ હશે. આના આદ્ય પદ્ય ઉપરથી એનું નામ 'બાલબોધ-પદ્ધતિ' અને દ્વિતીય ઉપરથી મનોરમા નામ હોવાનું અનુમનાય છે. [હાંસિયામાં 'શબ્દચન્દ્રિકા' છે.]

**સુન્દરપ્રકાશ, પદાર્થચિન્તામણિ કિંવા શબ્દાર્ણવ** (ઉ૦ વિ. સં. ૧૬૧૯)-પદ્મમેરુના શિષ્ય P. ૧૧૮ પદ્મસુંદરે આ કોશ પાંચ પ્રકરણમાં રચ્યો છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૧૯માં લખાયેલી છે. આ કોશને કેટલાક **પદાર્થચિન્તામણિ** અને **શબ્દાર્ણવ** એ નામથી પણ ઓળખાવે છે. દિ. આનંદમેરુના શિષ્ય પદ્મમેરુના શિષ્ય પદ્મસુંદરે ચોવીસ તીર્થંકરના ચરિત્રરૂપ અને રાયમલ્લ નામના શ્રાવકના નિર્દેશપૂર્વકનું **રાયમલ્લાભ્યુદય** કાવ્ય વિ. સં. ૧૬૧૫માં રચ્યું છે તો ઉપર્યુક્ત પદ્મસુંદર તે જ આ છે ?

**શબ્દભેદનામમાલા** (ઉ. વિ. સં. ૧૬૫૦)- આ [7]મહેશ્વરની કૃતિ છે.[8] એના ઉપર 'ખરતર' ગચ્છના ભાનુમેરુના શિષ્ય જ્ઞાનવિમલે વિ. સં. ૧૬૫૪માં ૩૮૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. શું આ

---

૧. નાગવર્માએ જે **અભિધાન-રત્નમાલા** રચ્યાનો **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૧૪)માં ઉલ્લેખ છે તેને પ્રસ્તુત **અભિ. ચિ.** સાથે કંઈ સંબંધ છે ખરો ?

૨. "ય. જૈ. ગ્રં."ની આવૃત્તિમાં "શેષશ્ચ"ના ઉલ્લેખપૂર્વક એ શબ્દો તે તે સ્થાનમાં વિવૃતિમાં અપાયા છે, જ્યારે બોટલિંક અને રિયુની આવૃત્તિમાં એ પરિશિષ્ટ રૂપે છપાયા છે અને **અભિધાન-સંગ્રહ**માં સાતમા કોશ તરીકે અપાયા છે. "દે. લા. જૈ. પુ. સં."ની આવૃત્તિમાં પણ આ કોશ છે.

૩. જુઓ **હેમસમીક્ષા** (પૃ. ૭૭-૭૮).

૪. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૧૨ = 64 ટિ. ૩

૫. "દે. લા. જૈ. પુ. સં." તરફથી પ્રસિદ્ધ થયેલી આવૃત્તિમાં ૧૮૩૧નો ઉલ્લેખ છે તે ભ્રાંત છે.

૬. જુઓ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૩).

૭. **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં જે **મહેશ્વર**ની કૃતિ તરીકે **લિંગભેદનામમાલા**નો ઉલ્લેખ છે તેઓ જ આ છે ? અહીં **લિંગભેદનામમાલા**ની કોઈએ વૃત્તિ રચ્યાની નોંધ છે. **વિશ્વકોશ**ના રચનારનું નામ પણ **મહેશ્વર** છે.

૮. જુઓ **જિ. ૨. કો.** (ખં. ૧, પૃ. ૩૭૩). અહીં આ કૃતિનું **શબ્દભેદપ્રકાશ** એવું નામાંતર અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળ કૃતિ પુરુષોત્તમદેવે રચેલા [1]**શબ્દભેદપ્રકાશ**ના જેવી છે ? જો એમ જ હોય તો એમાં અગાર અને આગાર, અપ્પા અને આપ્પા, અરાતિ અને આરાતિ એમ જરા જરા ફેરફારવાળા એકાર્થક શબ્દોની સૂચી હશે. [પંડિત **વિનયસાગર** દ્વારા **શ. ભે. પ્ર.**ની મુદ્રણયોગ્ય પ્રતિ તૈયાર કરવામાં આવી છે. એનું સંપાદન ટુંક સમયમાં થનાર છે.]

**નામસંગ્રહ, નામમાલાસંગ્રહ કિંવા વિવિક્તનામસંગ્રહ** (લ. વિ. ૧૬૬૦)- આના કર્તા ઉપા. P. ૧૧૯ **ભાનુ**ચન્દ્રગણિ છે. એઓ **વિજયદાનસૂરિ**ના શિષ્ય **સકલચન્દ્ર**ના શિષ્ય **સૂર**ચન્દ્રના શિષ્ય થાય છે.[2] એમને વિ. સં. ૧૬૪૮માં લાહોરમાં 'ઉપાધ્યાય' પદ મળ્યું હતું. એઓ મોગલ સમ્રાટ્ [3]અકબર આગળ દર રવિવારે **સૂર્યસહસ્રનામ** બોલતા હતા. એ ઉપા.ને શાંતિચન્દ્ર નામે એક વિદ્વાન શિષ્ય હતા. આ ભાનુચન્દ્રગણિએ નીચે મુજબની કૃતિઓ રચી છેઃ-

(૧) (પ્રસ્તુત) **નામમાલાસંગ્રહ,** (૨) **રત્નપાલકથાનક** (લ. વિ. સં. ૧૬૬૨) અને (૩) **સૂર્યસહસ્રનામ.**

આ ઉપરાંત એમણે નિમ્નલિખિત ગ્રંથો ઉપર વૃત્તિ રચી છેઃ-

(૧) [4]**કાદંબરી** (પૂર્વાર્ધ), (૨) [5]**વસંતરાજશકુન**, (૩) [6]**વિવેકાવિલાસ**[7] અને (૪) **સારસ્વત વ્યાકરણ.**[8]

પ્રસ્તુત નામમાલાને એના કર્તાના નામ ઉપરથી **ભાનુચન્દ્રનામમાલા** તરીકે કેટલાક ઓળખાવે છે એમ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં એ નામથી એની નોંધ જોતાં જણાય છે. આ નામમાલામાં **અભિ. ચિ.**ની P. ૧૨૦ પેઠે છ કાંડ છે અને એનાં નામ પણ એ જ પ્રમાણે છે. આ નામમાલામાંથી કેટલાંક અવતરણો [9]**ભાનુચન્દ્રગણિચરિત** (પૃ. ૫૬)માં અપાયાં છે.

---

૧. આ ૫૪ પદ્યની નાનકડી કૃતિ ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી પ્રકાશિત 'અભિધાનચિન્તામણિકોશ''ની આવૃત્તિમાં છપાઈ છે. જુઓ પૃ. ૧૧૨.

૨. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૫).

૩. એના મુખ્ય પ્રધાન અબુલ ફજલે **આઈન-એ-અકબરી**માં અકબરના દરબારના એક ઉલ્લેખયોગ્ય વિદ્વાન તરીકે ભાનુચન્દ્રગણિની નોંધ લીધી છે. બાદશાહ જહાંગીરે **જહાંગીરેનામા**માં પણ એમનો વિદ્વાન તરીકે નિર્દેશ કર્યો છે.

૪. આના ઉત્તરાર્ધની ટીકા **સિદ્ધિચન્દ્રગણિ**એ રચી છે. આ ગુરુ-શિષ્યની ટીકા સહિત મૂળ કૃતિની છઠ્ઠી આવૃતિ ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ઈ. સ. ૧૯૨૧માં છપાઈ છે. [આનું સંપાદન મુનિ **હિતવર્ધન**વિ. કરે છે.]

૫. આ કૃતિ ''વેંકટેશ્વર મુદ્રાણાલય'' તરફથી વિ. સં. ૧૯૬૩માં છપાઈ છે.

૬. આ કૃતિ ''ડાયમંડ જ્યુબિલિ પ્રેસ''ના વ્યવસ્થાપકે અમદાવાદથી ઈ. સ. ૧૮૯૮માં પ્રકાશિત કરી હતી. ત્યાર બાદ એ આગ્રાથી ''સરસ્વતી-ગ્રંથમાલા''માં ગ્રથાંક ૧ તરીકે વિ. સં. ૧૯૭૬માં પ્રસિદ્ધ કરાઈ છે.

૭. આની વૃત્તિ વિ. સં. ૧૬૭૧માં રચાઈ છે.

૮. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૫૨)માં **સૂર્યસહસ્રનામ**ની વૃત્તિના રચનાર તરીકે પ્રસ્તુત **ભાનુચન્દ્ર**ગણિનો ઉલ્લેખ છે. [સ્વોપજ્ઞટીકા સાથે સૂર્યસહસ્રનામનું સંપાદન આ. **ધર્મધુરંધરસૂરિ** કરી રહ્યા છે.]

૯. આ સિં. જૈ. ગ્રં. માં ઇ. સ. ૧૯૪૧માં પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**શબ્દ-સંદોહ-સંગ્રહ**-આ કૃતિ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૩)માં નોંધાયેલી છે અને અહીં એની ૪૭૯ પત્રની તાડપત્રીય પ્રતિ હોવાનો ઉલ્લેખ છે. આ હકીકત બરાબર હોય તો આ મહત્ત્વની કૃતિ ગણાય.

**શારદીયનામમાલા યાને શારદીયાભિધાનમાલા** - (લ. વિ. સં. ૧૬૬૦) - આ 'નાગપુરીય તપા' ગચ્છના હર્ષકીર્તિસૂરિની રચના છે. એઓ ચન્દ્રકીર્તિસૂરિના શિષ્ય થાય છે. એમણે **યોગચિન્તામણિ** અને **વૈદ્યકસારોદ્ધાર** એ બે વૈદ્યક કૃતિઓ રચી છે. એ ઉપરાંત એમણે જ્યોતિઃસાર રચ્યો છે. વળી એમણે નિમ્નલિખિત કૃતિઓની ટીકા રચી છે :-

**કલ્યાણમંદિર-સ્તોત્ર, બૃહચ્છાન્તિ-સ્તોત્ર, સિન્દૂર-પ્રકર, શ્રુતબોધ,** [2]**ધાતુપાઠ અને** [3]**સેટ્-અનિટ્-કારિકા.**[4]

**શેષનામમાલા યાને શેષસંગ્રહનામમાલા** (લ. વિ. સં. ૧૬૭૦ ?) - આ સાધુકીર્તિની કૃતિ છે. P. ૧૨૧
શું એ કોઈ નામમાલાની પુરવણીરૂપ રચના છે ? વળી આ સાધુકીર્તિ કયા ગચ્છના છે અને એઓ કોના શિષ્ય છે એની પણ તપાસ થવી ઘટે. શું એઓ **ધાતુરત્નાકર** ઉપર વિ. સં. ૧૬૮૭માં **ક્રિયાકલ્પલતા** રચનાર **સાધુસુંદરગણિ**ના ગુરુ છે ?

[5]**શબ્દરત્નાકર** (લ. વિ. સં. ૧૬૮૦)-આના કર્તા 'ખરતર' ગચ્છના સાધુસુન્દરગણિ છે. એમણે ઉક્તિરત્નાકર તેમજ **ક્રિયાકલાપ** નામની સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત **ધાતુરત્નાકર** [**યુક્તિસંગ્રહ, પાર્શ્વસ્તુતિ** વગેરે] રચ્યા છે. આ વૃત્તિ એમણે વિ. સં. ૧૬૮૦માં રચી છે.

**શબ્દરત્નાકર** એ પદ્યાત્મક કૃતિ છે. એ છ કાંડમાં વિભક્ત કરાઈ છે. એનાં નામો અનુક્રમે અર્હત્, દેવ, માનવ, તિર્યંચ, નારક અને સામાન્ય એમ રખાયાં છે.

[6]**લઘુતમનામકોશ**(વિ.સં. ૨૦૦૫)– આ **આગમોદ્ધારકે** બાલજીવોને ઉદ્દેશીને પદ્યમાં રચેલી કૃતિ છે. આ ઘણો નાનો કોશ છે. એ **અભિ. ચિ.**ના પ્રવેશદ્વારની ગરજ સારે તેમ છે.

---

૧. આની નોંધ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૧૪)માં જૈ. ગ્રં.ના આધારે કરાઈ છે. અહીં આની કોઈ બીજી હાથપોથીનો ઉલ્લેખ નથી.

૨. આ **હર્ષકીર્તિસૂરિ**ની પોતાની કૃતિ છે અને એ **સારસ્વત** વ્યાકરણને અંગે છે. એ વિ. સં. ૧૬૬૩માં રચાઈ છે. એના ઉપર **ધાતુરંગિણી** નામની સ્વોપજ્ઞ વૃત્તિ છે.

૩. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ૦ ૪૫૨) પ્રમાણે તો આ મૂળ કૃતિ પણ **હર્ષકીર્તિસૂરિ**એ વિ. સં. ૧૬૬૨માં રચી છે. એની સ્વોપજ્ઞ વૃત્તિ વિં. સં. ૧૬૬૯માં રચાઈ છે.

૪. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૩) પ્રમાણે **હર્ષકીર્તિસૂરિ**એ **સારસ્વતદીપિકા** રચી છે. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૩૩)માં તો આ નામની કૃતિના કર્તા તરીકે **ચન્દ્રકીર્તિસૂરિ**નો ઉલ્લેખ છે અને એ એમણે વિ. સં. ૧૬૬૪માં રચી છે.

૫. "ય. જૈ. ગ્રં."માં ગ્રંથાંક ૩૬ તરીકે આ કૃતિ વીરસંવત્ ૨૪૩૯માં પ્રકાશિત કરાઈ છે. એમાં અંતમાં શબ્દોની અકારાદિ ક્રમે સૂચી છે.

૬. આ કૃતિ "જૈ. પુ. પ્ર. સં." તરફથી સુરતથી વિ. સં. ૨૦૦૫માં પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નામકોશ**– ખરતરગચ્છીય **રત્ન**સારના શિષ્ય સહજકીર્તિની આ રચના છે. **લિંગનિર્ણય** સાથે એ છ કાંડમાં રચાઇ છે. [**સુશીલનામમાલા**– આ. સુશીલસૂરિ. પ્ર. સુશીલ. જ્ઞાન. સિરોહી.]

## આંશિક કોશો

સામાન્ય રીતે કોશમાં સમગ્ર વર્ણમાળાના અક્ષરોને સ્થાન હોય છે અને સાથે સાથે એમાં વિવિધ વિષયના શબ્દો રજૂ કરાયેલા હોય છે. પરંતુ કેટલીક વાર અમુક જ અક્ષરોના બનેલા શબ્દોનો અથવા તો કોઈ એક જ વિષયને લગતા શબ્દોનો કોશ નજરે પડે છે. જે કોશ અમુક જ વર્ણવાળા શબ્દોનો બોધ કરાવે છે એને હું ''આંશિક કોશ'' કહું છું. એવી રીતે જે કોશ અમુક જ વિષય પૂરતા શબ્દો રજૂ કરે છે તેને પણ હું ''આંશિક કોશ'' કહું છું. આમ આંશિક કોશ બે પ્રકારના છે. તેમાં પ્રથમ પ્રકારના કોશોની હવે હું નોંધ લઉં છું.

P. ૧૨૨ **પંચવર્ગસંગ્રહનામમાલા** (લ. વિ. સં. ૧૫૨૫)- આ 'સહસ્રાવધાની' મુનિસુંદરસૂરિના શિષ્ય શુભશીલગણિની કૃતિ છે. એનું નામ વિચારતાં એમ લાગે છે કે જો એ 'કોશ'જ હોય તો એમાં ક-વર્ગ ઇત્યાદિ પાંચ વર્ગના જ શબ્દોની સૂચી અપાઈ હશે. આ ગણિએ વિ. સં. ૧૫૧૮માં **શત્રુંજયકલ્પકથા** અને વિ. સં. ૧૫૪૦માં **શાલિવાહનચરિત્ર** રચેલ છે.

**દ્વયક્ષરનામમાલા**–આ કૃતિનું નામ વિચારતાં બે વિકલ્પ સ્ફુરે છે : (૧) એમાં બબ્બે અક્ષરવાળા બધી જાતના શબ્દો હશે. (૨) અમુક જ બે અક્ષરવાળા શબ્દો હશે.

[૧]**પંચવર્ગપરિહારનામમાલા**-આ જાતની કૃતિમાં ક્ થી મ્ સુધીના ૨૫ અક્ષરોને જતા કરી બાકીના ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્ અને હ્ એ આઠ અક્ષરો પૈકી ઓછાવત્તા અક્ષરોના બનેલા શબ્દોને સ્થાન અપાય છે.

વર્ણોની ઉત્પત્તિના અધિકરણ-ભાવને ધારણ કરનારું શરીરનું અવયવ એ વર્ણોનું સ્થાન ગણાય છે. આવાં સ્થાનો તરીકે (૧) છાતી, (૨) કંઠ, (૩) મસ્તક, (૪) જીભનું મૂળ, (૫) દાંત, (૬) નાક, (૭) બે હોઠ અને (૮) તાળવું એમ આઠ સ્થાનો નિમ્નલિખિત પદ્યમાં ગણાવાયાં છેઃ-

''अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा ।
जिह्वामूलं च दन्ताश्च नासिकोष्ठौ च तालु च ।।''

આ પૈકી ઓષ્ઠસ્થાનીય વર્ણ તરીકે નીચે મુજબના અક્ષરો ગણાવાય છેઃ-

P. ૧૨૩ પ-વર્ગ, વ્ (દંતોષ્ઠ્ય) ઉ, ઊ, ઓ, ઔ અને ઉપધ્માનીય ≍

**પ્, ફ્, બ્, ભ્** અને **મ્** એ પાંચ વર્ણો પ-વર્ગના ગણાય છે. એ ઉચ્ચારવા માટે હોઠની જરૂર પડે છે. અસલના જમાનામાં કેટલીક વાર એવી વાક્-ચાતુર્યની (acrobatic feat) હરીફાઈ યોજાતી હતી કે એમાં ભાગ લેનાર એવા શબ્દો ઉચ્ચારતો કે એમાં **પ્ થી મ્** સુધીના પાંચ વર્ણો પૈકી એકેનો ઉચ્ચાર કરવાનો વારો ન આવે. આ હરીફાઈમાં ભાગ લેનારના ઉપલા હોઠે સિંદૂર લગાડાતો કે જેથી એ જો ભૂલેચૂકે પ-વર્ગનો વર્ણ બોલે તો એ હોઠ નીચલા હોઠને અડકે અને તેની ખબર એ સિંદૂરથી રંગાતાં તરત જ પડી જાય.

૧. આ નામની એક કૃતિ અપ્રસિદ્ધ છે. એની હાથપોથીઓ જેસલમેર અને કાશીના ભંડારમાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જિનભદ્રીય** [1]**અપવર્ગ-નામમાલા** (લ. વિ. સં. ૧૨૫૦)- આના કર્તા 'ખરતર' ગચ્છના જિનભદ્રસૂરિ છે. એઓ **જિનવલ્લભસૂરિ**ના શિષ્ય થાય છે. વળી એઓ જિનપ્રિયના તેમજ જિનદત્તસૂરિના પણ ભક્ત થાય છે. એમણે ૨૨૦ ગાથામાં **જિણસત્તરિ** રચી છે. એમણે 'ભાંડાગારિક' નેમિચન્દ્રે રચેલા **સટ્ઠિસયગ** (**ષષ્ટિશતક**)ની તપારત્નકૃત વૃત્તિનું સંશોધન વિ. સં. ૧૫૦૧માં કર્યું હતું.[2] એમણે જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગોર) અને અણહિલપુર પાટણના ભંડારો જાતજાતનાં સુંદર પુસ્તકો વડે ભરી દીધાં હતાં. એમની આ નામમાલામાં **પ્** થી **મ્** પૈકી એકે અક્ષર જેમાં આવતો હોય એવા શબ્દો અપાયા છે. આમ આ એકાર્થક અનેકાક્ષરી કોશનું મર્યાદિત સ્વરૂપ રજૂ કરે છે. આજ નામમાલાને **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૨૭)માં **પંચવર્ગ પરિહારનામમાલા** કહી છે, પણ તે વિચારણીય જણાય છે, કેમકે P. ૧૨૪ એવી કૃતિઓમાં તો પાંચે વર્ગના અક્ષરોનો નહિ કે કેવળ પ-વર્ગના અક્ષરોનો અભાવ હોય છે.

**જિનચન્દ્રીય અપવર્ગ-નામમાલા**-આ કદાચ ઉપર્યુક્ત જ કૃતિ હશે. તેમ ન હોય તો એના કર્તા જિનચંદ્રસૂરિ છે.

**જૈ. ગ્રં.** (પૃ. ૩૦૯)માં ૨૧૫ શ્લોક જેવડી એક અજ્ઞાતકર્તૃક **અપવર્ગ-નામમાલા**ની નોંધ છે.

[3]**નિઘંટુ-શેષ** (લ. વિ. સં. ૧૨૧૦)- વૈદિક શબ્દોના સમૂહને 'નિઘંટુ' કહે છે. એના ઉપર યાસ્કે નિરુક્ત રચ્યું છે. આમ 'નિઘંટુ' શબ્દ અતિપ્રાચીન છે. 'નિઘંટુ'નો [4]બીજો અર્થ 'વનસ્પતિઓનાં નામોનો સમૂહ' એમ પ્રાચીન સમયથી કરાતો અવ્યો છે એમ **ધન્વન્તરિ-નિઘંટુ, રાજકોશ-નિઘંટુ, સરસ્વતી-નિઘંટુ, હનુમન્-નિઘંટુ** ઇત્યાદિ નામો જોતાં જણાય છે. પ્રસ્તુત **નિઘંટુ**-શેષમાંનો 'નિઘંટુ' શબ્દ આ બીજા અર્થમાં વપરાયો છે. આમ આ વનસ્પતિનો કોશ (botanical dictionary) છે. એના કર્તા 'કલિ.' હેમચન્દ્રસૂરિ છે. એમણે આ કોશ છ કાંડમાં વિભક્ત કર્યો છે. એનાં નામ અને શ્લોક-સંખ્યા નીચે મુજબ છેઃ-

(૧) વૃક્ષ (શ્લો. ૧૮૧), (૨) ગુલ્મ (શ્લો. ૧૦૫), (૩) લતા (શ્લો. ૪૪), (૪) શાક (શ્લો. ૩૪), (૫) તૃણ (શ્લો. ૧૭) અને (૬) ધાન્ય (શ્લો. ૧૫)[5] P. ૧૨૫

આમ આ ૩૯૬ શ્લોકોમાં ગુંથાયેલો કોશ વૈદકશાસ્ત્ર માટે પણ ઉપયોગી છે.

૧. ''અપવર્ગ''ના બે અર્થ થાય છે : પ-વર્ગથી રહિત અને મોક્ષ પહેલો અર્થ અત્ર પ્રસ્તુત છે.

૨. એમનો વિસ્તૃત પરિચય **વિજ્ઞપ્તિત્રિવેણી**ની પ્રસ્તાવનામાં **જિનવિજયજી**એ આપ્યો છે.

૩. આ કોશ ''અભિધાન-સંગ્રહ''માં છટ્ઠા કોશ તરીકે શકસંવત્ ૧૮૧૮માં છપાયો છે. ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી પણ આ **અભિ. ચિ.** વગેરે સહિત ઈ. સ. ૧૯૪૬માં છપાયો છે, પરંતુ એમાં પ્રારંભમાં ૨-૧૫ પદ્યો નથી. ૧૭મું પદ્ય ત્રૂટક છે અને ત્રીજા કાંડમાં પણ એક પદ્ય અધૂરું છે. આ પરિસ્થિતિ જોતાં વિ. સં. ૧૨૮૦માં લખાયેલી હાથપોથી મેળવી એનું ફરીથી સંપાદન થવું ઘટે.

૪. **પ્ર. ચ.** (શૃંગ ૧૨, શ્લો. ૮૩૭)માં ચાર હૈમકોશો ગણાવતાં 'કોશ'ને બદલે 'નિઘંટુ' શબ્દ વપરાયો છે. આમ અહીં 'શબ્દોનો સમૂહ' એવો અર્થ 'નિઘંટુ'નો કરાયો છે.

૫. વનસ્પતિના આ છ ભેદો શ્યામાચાર્યે **પણ્ણવણા** (પય ૧)માં વનસ્પતિકાયના અધિકારમાં 'પ્રત્યેક-શરીર' બાદર વનસ્પતિકાયના વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ્ અને કુહણ એમ જે બાર ભેદો ગણાવ્યા છે તેનું તેમજ વિનયવિજયગણિએ વિ. સં. ૧૭૦૮માં રચેલા **લોકપ્રકાશ** (સ. ૫, શ્લો. ૯૮)માં પણ આપેલી આ જ હકીકતનું સ્મરણ કરાવે છે. આ બંને કૃતિઓમાં વૃક્ષાદિ બારેનાં ઉદાહરણો અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સાધન**–ડૉ. બ્હીલર (Buhler)ના મતે [1]**ધન્વન્તરિ-નિઘંટુ** અને **રત્નપરીક્ષા**નો આ **નિઘંટુ-શેષ**ની રચનામાં ઉપયોગ કરાયો હશે.

**રચના-સમય**-આ કોશના આદ્ય પદ્યમાં કહ્યું છે કે એકાર્થ, નાનાર્થ અને દેશ્ય એમ ત્રણ જાતના શબ્દ-સમુચ્ચય (અર્થાત્ **અભિ. ચિ.**, **અનેકાર્થ-સંગ્રહ** અને **રયણાવલી** એ ત્રણ કોશો) જેણે રચ્યા છે એવો હું અરિહંતોનાં ચરણ-કમળને નમીને **નિઘંટુ-શેષ** કહીશ. આ ઉપરથી આ કોશ ચાર કોશો પૈકી છેલ્લો રચાયો છે એમ ફલિત થાય છે.

**અભિ. ચિ.** (કાંડ ૪, શ્લો. ૨૬૭)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૪૮૪)માં નીચે મુજબની પંક્તિ છે.

"पिप्पलादिवृक्षजातीनां तु नामशेषोऽस्मदुपज्ञनिघण्टोरवसेयः"

P. ૧૨૬ અર્થાત્ પીપળા વગેરે વૃક્ષોની જાતિઓનાં નામ અમે રચેલા **નિઘંટુ**થી જાણવાં. આ ઉપરથી એમ કહી શકાય કે સ્વોપજ્ઞ વિવૃતિ રચાયા પૂર્વે આ કોશ રચાયો છે અથવા તો એની સાથે સાથે આની રચના કરાઈ છે.

**ટીકા**-જ્ઞાનવિમલના શિષ્ય **શ્રી**વલ્લભે આ રચી છે. એમણે આ ટીકાનો ઉલ્લેખ **અભિ. ચિ.** ઉપરની પોતાની ટીકામાં કર્યો છે. [**નિઘંટુશેષ- શ્રી**વલ્લભની ટીકા સાથે આ ગ્રંથ મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત થઈ લા.દ.વિદ્યામંદિર અમદાવાદથી ઇ.સ. ૧૯૬૮માં પ્રથમવાર જ છપાયો છે. અનેક ઉપયોગી પરિશિષ્ટ વ.થી સમૃદ્ધ છે.]

**નિઘંટુ-સંગ્રહ-અ**કલંકદેવની કૃતિ તરીકે **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૨)માં આની નોંધ છે, પણ આ શી કૃતિ છે ?

**ઔષધીનામમાલા-જૈ. ગ્રં.** (પૃ. ૩૧૦)માં આ કૃતિની ચાર પત્રની એક હાથપોથી અમદાવાદમાં હોવાનો ઉલ્લેખ છે. આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એનું નામ વિચારતાં એમ ભાસે છે કે એમાં ઔષધિઓનાં-વનસ્પતિઓનાં નામ ગણાવાયાં હશે.

**બીજ-નિઘંટુ**—આ અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં છે. શું એમાં જાતજાતનાં બીજનો ઉલ્લેખ હશે ?[2] [**નિઘંટુ**- ભા.૧-૨. ગુજરાતી પુસ્તકમંડળ વડોદરાથી ૧૯૯૯માં બીજી આવૃત્તિ પ્રગટ થઇ છે.]

## [૨] અનેકાર્થક કોશો

**અનેકાર્થ-નામમાલા** (ઉ. વિક્રમની ૧૧મી સદી)-આ દિ. ગૃહસ્થ [3]ધનંજયે ૪૬ પદ્યોમાં રચેલી નામમાલા છે. એમાં અનેકાર્થી શબ્દોને સ્થાન અપાયું છે. આ કોશ ઉપલબ્ધ જૈન સાહિત્યની અપેક્ષાએ સૌથી પ્રથમ છે. આના ઉપર એક અવચૂરિ જેવી સંક્ષિપ્ત [4]ટીકા છે.

---

૧. આ નિઘંટુ આજે અપ્રાપ્ય ગણાય છે, પરંતુ **હેમચન્દ્રસૂરિ**ના શિષ્ય **મહેન્દ્રસૂરિ**ની તો એ સામે હોય એમ **અનેકાર્થસંગ્રહ**ની એ શિષ્યે રચેલી ટીકા જોતાં જણાય છે.

૨. **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં **માતૃકાનિઘંટ** નામની કૃતિ ડેક્કન કોલેજમાં હોવાની નોંધ છે અને એના કર્તા તરીકે **મ**હીદાસનો અહીં ઉલ્લેખ છે. શું આ કોઈ જૈન નામમાલા છે ?

૩. એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ. 61.

૪. આ પ્રકાશિત છે. જુઓ પૃ. 61.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**અનેકાર્થ-નિઘંટુ**-આ પણ બે નામમાલા રચનારા ધનંજયની જ કૃતિ હોય એમ લાગે છે. એમાં P. ૧૨૭
લગભગ ૧૫૪ શ્લોક છે. એમાં ૭૫ મા, ૧૫૦મા અને ૧૫૩મા પછીનો શ્લોક અંશતઃ છપાયો છે. અંતમાં જે ઉલ્લેખ છે તે ઉપરથી એમ જાણી શકાય છે કે આ કૃતિના [2]બે પરિચ્છેદ તો છે જ, પણ એકંદર કેટલા પરિચ્છેદ છે અને પ્રથમ પરિચ્છેદ કયાં પૂર્ણ થાય છે તે જાણવું બાકી રહે છે.

[3]**અનેકાર્થ-સંગ્રહ** (લ. વિ. સં. ૧૨૧૦) - આ કોશમાં એક શબ્દના અનેક અર્થ અપાયા છે, જ્યારે **અભિ. ચિ.** જેવા કોશોમાં એકાર્થવાચક અનેક શબ્દો અપાયા છે. આમ આ નાનાર્થ-કોશ છે. એના કર્તા 'કલિ.' હેમચન્દ્રસૂરિ છે. એના આદ્ય પદ્યમાં છ કાંડનો ઉલ્લેખ છે, જ્યારે આજે સાત કાંડ મળે છે. એ સાતમો કાંડ અવ્યયો પૂરતો છે અને **અભિ. ચિ.**ને અંગે જેમ **શેષનામમાલા** રચાઈ છે તે પ્રકારનો જણાય છે. આ સાત કાંડનાં નામ અને એની શ્લોક-સંખ્યા નીચે મુજબ છે :-

(૧) એક-સ્વર (શ્લો. ૧૬), (૨) દ્વિ-સ્વર (શ્લો. ૫૯૧), (૩) ત્રિ-સ્વર (શ્લો૦ ૭૬૬), (૪) ચતુ :-સ્વર (શ્લો. ૩૪૩), (૫) પંચ-સ્વર (શ્લો. ૪૮), (૬) ષટ્-સ્વર (શ્લો. ૫) અને (૭) અવ્યય (શ્લો. ૬૦).

આમ અહીં કુલ શ્લોકો ૧૮૨૯ (૧૭૬૯+૬૦) છે. અહીં પણ **અભિ. ચિ.**ની પેઠે કેટલાક દેશ્ય P. ૧૨૮
જણાતા [4]શબ્દોની નોંધ છે. એટલે આ કોશ પણ એના અભ્યાસીઓએ વિચારવો ઘટે.

**યોજના**-ગ્રંથકારે જાતે આ કોશની યોજના શ્લો. ૨-૪માં સમજાવી છે.

**રચના-સમય–અભિ. ચિ.** પછી આ કોશ રચાયો છે એમ આદ્ય પદ્ય ઉપરથી જાણી શકાય છે.

આ કોશ ઉપર નીચે મુજબની વૃત્તિઓ છે :-

(૧) [5]**અનેકાર્થ-કૈરવાકર-કૌમુદી**[6]-આ કૃતિનો આ નામથી એના પ્રારંભમાં જ કર્તાએ - 'કલિ.' હેમચન્દ્રસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ જાતે ઉલ્લેખ કર્યો છે. એમણે આ કૃતિ પોતાના ગુરુને નામે ચડાવી છે એ વાત બીજા કાંડની ટીકાના અંતિમ પદ્ય ઉપરથી જણાય છે; બાકી પ્રથમ કાંડની ટીકાને અંતે અપાયેલી પુષ્પિકામાં તો કર્તા તરીકે હેમચન્દ્રસૂરિનું નામ છે. આ ટીકા રચવામાં નિમ્નલિખિત ગ્રંથો સહાયક નીવડ્યાનો પ્રારંભમાં ઉલ્લેખ છે :-

૧. આ ''ભારતીય જ્ઞાનપીઠ કાશી'' તરફથી છપાયો છે.

૨. શું **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૨)માં ધનંજયના નામે જે **નિઘંટ-સમય** નામની બે પરિચ્છેદની કૃતિની નોંધ છે તે આ જ છે ?

૩. મહેન્દ્રસૂરિકૃત **અનેકાર્થ-કૈરવાકર-કૌમુદી** નામની ટીકા સહિત આ કોશનું અવતરણોનાં મૂળ સ્થાનના નિર્દેશપૂર્વક સંપાદન ઝેચારિઆએ (Zachariae)એ ઈ. સ. ૧૮૯૩માં કર્યું છે, જ્યારે કેવળ આ કોશ તો ''અભિધાન-સંગ્રહ''માં શકસંવત્ ૧૮૧૮માં છપાયો છે (જુઓ પૃ. ૧૧૨). [હર્ષપુષ્પામૃત ગ્રંથમાલા દ્વારા વિ. સં. ૨૦૩૧માં અનેકાર્થ સટીક પ્રસિદ્ધ થયો છે. સંપા. આ. જિનેન્દ્રસૂરિ.]

૪. આવા છ શબ્દો ગુજરાતી અર્થ સહિત **હેમસમીક્ષા** (પૃ. ૮૨)માં અપાયા છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૩.

૬. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૧૦)માં આને જ 'કૈરવાકરકૌમુદી' કહી છે અને **અનેકાર્થધ્વનિમંજરી** તે શું હૈમ **અનેકાર્થસંગ્રહ** જ છે એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશ્વપ્રકાશ, શાશ્વત, રભસ, અમરસિંહ, મંખ, હુગ્ગ, વ્યાડિ, ધનપાલ, ભાગુરિ, વાચસ્પતિ** અને **યાદવની** કૃતિઓ તેમજ ધન્વંતરિકૃત **નિઘંટુ** અને **લિંગાનુશાસનો.**

P. ૧૨૯ (૨) **ઉપસર્ગ-વૃત્તિ**– આની રચના **સિદ્ધિચન્દ્રગણિએ** કરી છે.

(૩) **પર્યાય**–આના કર્તાનું નામ જાણવામાં નથી.

(૪) **અવચૂરિ (? ટીકા)**- આના કર્તા વિષે ખબર નથી.

[1]**વિશ્વલોચનકોશ** યાને [2]**મુક્તાવલીકોશ**– આના કર્તા દિ. **શ્રીધરસેન** છે. એઓ 'સેન' અન્વય (સંઘ)માં થયેલા કવિ, આન્વીક્ષિકી વિદ્યામાં નિષ્ણાત અને વાદી એવા **મુનિસેનના** શિષ્ય થાય છે, વળી એઓ સમસ્ત શાસ્ત્રોના પારગામી, રાજાઓના વિશ્વાસપાત્ર અને કાવ્યશાસ્ત્રના મર્મજ્ઞ હતા તેમજ આ (અનેકાર્થક) કોશ વિવિધ કવીશ્વરોના કોશો જોઈને રચાયો છે એમ પ્રશસ્તિમાં કહ્યું છે. એમના સમય વિષે કોઈએ ઉલ્લેખ કર્યાનું જાણવામાં નથી એટલે આ કોશ વિક્રમની સોળમી સદીમાં રચાયો હશે એમ માની લઈ મેં એની અહીં નોંધ લીધી છે. આ કોશમાં અઢીએક હજાર પદ્યો છે. આ કોશનો રચનાક્રમ એના દ્વિતીય પદ્યમાં નીચે મુજબ અપાયો છેઃ–

સ્વર અને કકાર વગેરે વર્ણના ક્રમથી શબ્દોની આદિનો નિર્ણય કરાયો છે. વળી દ્વિતીય વર્ણ વિષે પણ કકારાદિનો ક્રમ રખાયો છે. દા. ત. ક (નરજાતિ), ક(નાન્યતરજાતિ), કુ, અક, અંક ઈત્યાદિ.

આ કોશના શબ્દોને કાન્ત, ખાન્ત એમ હાન્ત સુધીના ૩૩ વર્ગોમાં, ત્યાર પછીના શબ્દોને ક્ષાન્ત વર્ગમાં અને એના પછીના શબ્દોને– અવ્યયોને અવ્યય-વર્ગમાં એમ એકંદર ૩૫ વર્ગમાં વિભક્ત કરાયા છે.

[3]**ભાષાટીકા**– કોશના પ્રત્યેક પૃષ્ઠના ઉપરના લગભગ અડધા ભાગમાં છએક પદ્યો છે અને એના નીચલા ભાગમાં બે સ્તંભ (column)માં સંસ્કૃત શબ્દ અને એની સામે એના વિવિધ અર્થ હિન્દીમાં અપાયા છે આ અર્થોનો 'ભાષાટીકા' તરીકે નિર્દેશ છે.

**નાનાર્થકોશ** અને **નાનાર્થસંગ્રહ**– આના કર્તા અનુક્રમે **અસગ** કવિ અને **રામચન્દ્ર** છે.

**અનેકાર્થ-નામમાલા** (વિ. સં. ૧૭૦૨)- 'અંચલ' ગચ્છના વિનયસાગરસૂરિએ વિ. સં. ૧૭૦૨માં આ રચી છે. જૈ. ગ્રં. (પૃ. ૩૦૯)માં કોઈ અંચલગચ્છીય વ્યક્તિએ જે **અનેકાર્થરત્નકોશ** રચ્યાનો અને જેની ૧૫ પત્રની એક હાથપોથી અમદાવાદના ભંડારમાં હોવાનો ઉલ્લેખ છે તે ગ્રંથ તે આ જ છે ?

## [૩] એકાક્ષરી નામમાલા

આપણે અત્યાર સુધી એકાર્થક તેમજ અનેકાર્થક એમ બે પ્રકારના અનેકાક્ષરી કોશોનો વિચાર કર્યો. હવે આપણે 'એકાક્ષરી' કોશો- નામમાલા પરત્વે વિચાર કરીશું. આ જાતની નામમાલા અ,

૧. આ કોશ પં. નંદલાલ શર્માકૃત ભાષાટીકા (હિન્દી શબ્દાર્થ) સહિત "ગાંધી નાથારંગ જૈન ગ્રંથમાલા"માં ઈ. સ. ૧૯૧૨માં છપાયો છે.

૨. આ નામ જિ. ૨. કો (ખંડ ૧, પૃ. ૩૪) જોતાં અનુમનાય છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઈત્યાદિ અક્ષરોના અર્થ અનુક્રમે પૂરા પાડે છે. જેમકે અ=વાસુદેવ (કૃષ્ણ), આ=પિતામહ, ઈ=કામદેવ ઈત્યાદિ.[1]

**એકાક્ષર-નિઘંટુ** (વિક્રમની ૧૨મી સદી)-આના કર્તા તરીકે 'મલધારી' ગચ્છના **હેમચન્દ્રસૂરિનો** ઉલ્લેખ જોવાય છે. આ નિઘંટુને નામમાલા માની મેં એનો અહીં નિર્દેશ કર્યો છે. આની હાથપોથી સુરતમાં છે.[2]

[3]**એકાક્ષર-નામમાલા** (વિક્રમની ૧૪મી સદી) - આની રચના 'વાયડ' ગચ્છના જિનદત્તસૂરિના શિષ્ય અમરચન્દ્રસૂરિએ કરી છે. એમણે **સ્યાદિશબ્દસમુચ્ચય, પદ્માનંદમહાકાવ્ય** વગેરે વિવિધ કૃતિઓ રચી છે.[4] P. ૧૩૦

[5]**એકાક્ષર-નામમાલા** (લ. વિ. સં. ૧૪૦૦)-આ પચાસ પદ્યોની નાનકડી કૃતિના કર્તા **સુધાકલશ** છે. એઓ 'હર્ષપુરીય' ગચ્છના **રાજશેખરસૂરિના** શિષ્ય થાય છે આ **રાજશેખરસૂરિ** તે સ્વપરસિદ્ધાંતના જ્ઞાતા અને સંગીતશાસ્ત્રમાં પ્રવીણ એવા **નરચન્દ્રસૂરિના** શિષ્ય **તિલકસૂરિની** પાટે થયા છે. આ **તિલકસૂરિએ** **સુધાકલશને** દીક્ષા આપી હતી. આ **સુધાકલશે** વિ. સં. ૧૩૮૦માં **સંગીતોપનિષદ્** અને વિ. સં. ૧૪૦૬માં એના સારરૂપ **સંગીતોપનિષદ્ગ્રંથસારોદ્ધાર** એમ બે ગ્રંથ રચ્યા છે.

**ઉપયોગ**–સમયસુંદરગણિએ વિ. સં. ૧૬૪૯માં રચેલી **અર્થરત્નાવલીમાં સુધાકલશનો** ઉલ્લેખ કર્યો છે[6] એટલું જ નહિ પણ એમણે રચેલી ઉપર્યુક્ત નામમાલિકામાંથી પદ્યો પણ ઉદ્ધૃત કર્યાં છે.[7]

ગુણરત્ને **નમસ્કાર-પ્રથમપદાર્થ**માં ઉપર્યુક્ત નામમાલામાંથી પદ્યો આપ્યાં છે[8] અને આ નામમાલાનો [9]**એકાક્ષરનામમાલા** અને [10]**એકાક્ષર-નિઘંટુ** તરીકે નિર્દેશ કર્યો છે. 'કલિ.' હેમચન્દ્રસૂરિકૃત **યોગશાસ્ત્ર** (પ્ર. ૧, શ્લો. ૧૦)ની માનસાગરીય **શતાર્થીમાં આ નામમાલામાંથી અવતરણો અપાયાં છે.** P. ૧૩૧

**અવ્યયૈકાક્ષર-નામમાલા** (લ. વિ. સં. ૧૪૦૦)– આ સુધાકલશની રચના છે. આમાં અવ્યયોને સ્થાન અપાયું છે આની એક પત્રની હાથપોથી લા. દ. વિદ્યામંદિરમાં છે તો એ કૃતિ સત્વર પ્રકાશિત થવી ઘટે.

[11]**એકાક્ષરકોષ**– આ **મ**હાક્ષપણકે રચ્યો છે. એમાં પ્રારંભમાં આગમો, અભિધાનો, ધાતુઓ અને શબ્દસાધનથી એકાક્ષર નામ પાડ્યું છે. આની એક પ્રતિમાં નીચે મુજબ ઉલ્લેખ છે :–

---

૧. જુઓ "દે. લા. જૈ. પુ. સં." તરફથી પ્રકાશિત **અભિ. ચિ.કોશની** આવૃત્તિ (પૃ. ૧-૪)માં છપાયેલ અજ્ઞાતકર્તૃક **એકાક્ષરકોશ.**

૨. જુઓ **જિ. ર. કો.** (ખંડ. ૧, પૃ. ૬૧).

૩. આ અપ્રકાશિત છે. એની એક હાથપોથી ભાં. પ્રા. સં. મં. માં છે. ૪. જુઓ પૃ. ૯૮

૫. "દે લા. જૈ. પુ. સં" તરફથી ગ્રંથાંક ૮૧ તરીકે (મેં સંપાદિત કરેલી **અર્થરત્નાવલી** ઈત્યાદિ કૃતિઓના સમૂહરૂપે) જે **અનેકાર્થરત્નમંજૂષા** ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત થયેલી છે તેમાં ક-પરિશિષ્ટ તરીકે આ કૃતિ પૃ. ૧૧૯-૧૨૨માં છપાવાઈ છે. વળી આ સંસ્થા તરફથી પ્રકાશિત **અભિ. ચિ.** કોશની આવૃત્તિના અંતમાં આ **એકાક્ષરનામમાલા** છપાઈ છે. ૬-૭. દા. ત. જુઓ પૃ, ૩.

૮. જુઓ અ. ૨. (પૃ. ૧૧૧ ને ૧૧૭) ૯. જુઓ અ. ૨. (પૃ. ૧૧૧) ૧૦. જુઓ (પૃ. ૧૦૭).

૧૧. આ કૃતિ **એકાક્ષરનામકોષસંગ્રહ**માં "રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન" (જોધપુર) તરફથી વિ. સં. ૨૦૨૧માં પ્રસિદ્ધ કરાઈ છે. એનું સંપાદન **ર**મણીકવિજયજીએ કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"एकाक्षरार्थसंलापः स्मृतः क्षपणकादिभिः"

આ કોષનાં પહેલાં ૪૧ પદ્યોમાં ક્ થી ક્ષ્ સુધીના વ્યંજનોના અર્થની વિચારણા છે. ત્યાર બાદ સ્વરોના અર્થ દર્શાવાયા છે.

[1]**એકાક્ષર-નામમાલિકા** (લ. વિ. સં. ૧૫૫૦)- આને **એકાક્ષરી-નામમાલા** તેમજ **એકાક્ષરી-કોષ** પણ કહે છે. એમાં ૧૯ પદ્યો છે. એમાં અ=કૃષ્ણ, આ=સ્વયંભૂ એમ એકેક અક્ષરના અર્થ અપાયા છે. એના રચનારનું નામ **અમર** છે. એમણે પોતાને 'કવીન્દ્ર' કહ્યા છે અને **વિશ્વકોશ** જોઈને આ રચના કરી છે એમ આ નામમાલાના નિમ્નલિખિત આદ્ય પદ્ય ઉપરથી જાણી શકાય છે.

"विश्वाभिधानकोशानि प्रविलोक्य प्रभाष्यते । अमरेण कवीन्द्रेणैकाक्षरनाममालिका ।।१।।"

**સમયસુંદરગણિએ** **અમરકવિ** [2]એવા ઉલ્લેખપૂર્વક એમની આ કૃતિમાંથી અવતરણ આપ્યાં છે.[3] એ હિસાબે આ કૃતિ વિ. સં. ૧૬૪૯ કરતાં સોએક વર્ષ જેટલી તો પ્રાચીન હશે એમ ભાસે છે.

**ધનંજય-નામમાલાના** ભાષ્યના અંતમાંની [4]પુષ્પિકામાં એ ભાષ્યના કર્તા **અમરકીર્તિ**ને અંગે
P. ૧૩૨ 'શબ્દ-વેધસ્' એવું વિશેષણ વપરાયું છે. એ પુષ્પિકા જો ભાષ્યકારની પોતાની જ હોય તો એ પોતાને 'કવીન્દ્ર' કહે એમાં નવાઈ નહિ. આ પરિસ્થિતિમાં હું ઉપર્યુક્ત **અમર**ને આ **અમરકીર્તિ**થી અભિન્ન માનવા લલચાઉં છું.

[5]**એકાક્ષર-નામમાલા** (લ. વિ. સં. ૧૫૫૦)- આ ૧૧૫ પદ્યોમાં રચાયેલી કૃતિના કર્તા **વિશ્વશંભુ** છે. સામાન્ય રીતે એઓ 'જૈન' ગણાય છે એટલે મેં આ કૃતિની નોંધ લીધી છે. એમને વિષે વિશેષ જાણવામાં નથી. એમનો ઉલ્લેખ કરી[6] **સમયસુંદરગણિએ** **અષ્ટલક્ષાર્થી**માં એમની આ કૃતિમાંથી પદ્યો ઉદ્ધૃત કર્યાં છે.[7] એ ઉપરથી આ કૃતિ વિ. સં. ૧૬૪૯ કરતાં સોએક વર્ષ જેટલી પ્રાચીન હશે એમ ભાસે છે.

**એકાક્ષર-નામમાલા**—આ એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એની નોંધ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૬૧)માં લેવાઈ છે. શું "દે. લા. જૈ. પુ. સં." તરફથી જે **અભિ. ચિ. કોશ** વિવિધ કૃતિઓ સહિત છપાયો છે તેમાં જે અજ્ઞાતકર્તૃક એકાક્ષરકોશ અપાયો છે તે જ આ છે ?

[8]**અભિધાનરાજેન્દ્ર** (વિ. સં. ૧૯૪૬– વિ. સં. ૧૯૬૦)– આ સાડા ચાર લાખ શ્લોક જેવડા મહાકાય કોશના કર્તા **વિજયરાજેન્દ્રસૂરિ** છે. એઓ 'સૌધર્મબૃહત્તપા' ગચ્છના **પ્રમોદસૂરિજી**ના શિષ્ય થાય છે. એમણે આ કોશનો પ્રારંભ સિયાણામાં વિ. સં. ૧૯૪૬માં કર્યો હતો અને એની પૂર્ણાહૂતિ એમણે

૧. આ ભારતીય જ્ઞાનપીઠથી પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૦૬.
૨. જુઓ **અ. ૨.** (પૃ. ૨, ૩ અને ૪) ૩. જુઓ અ. ૨. (પૃ. ૨, ૩, ૪ ઇત્યાદિ).
૪. "इति महापण्डित श्रीअमरकीर्तिना त्रैविद्येन श्रीसेन्द्रवंशोत्पन्नेन शब्दवेधसा कृतायां धनञ्जयनाममालायां प्रथमं काण्डं व्याख्यातम् ।"
૫. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૬૧)માં આની નોંધ છે. એ હિસાબે પ્રો. **વેલણકર** પણ આને જૈન કૃતિ ગણતા હોય એમ લાગે છે. ૬. જુઓ **અ. ૨.** (પૃ. ૧), ૭. જુઓ **અ. ૨.** (પૃ. ૧, ૩ ઇત્યાદિ).
૮. આ પાઈય-સંસ્કૃત કોશ સાત વિભાગમાં રતલામથી ઇ. સ. ૧૯૧૩, ૧૯૧૦, ૧૯૧૪, ૧૯૧૩, ૧૯૨૧, ૧૯૩૪ અને ૧૯૩૪માં અનુક્રમે પ્રસિદ્ધ કરાયેલો છે. [આનું પુનર્મુદ્રણ દિલ્હીથી બે પુસ્તક વિક્રેતાઓએ અને અમદાવાદથી ત્રિસ્તુતિકસંઘ હાથીખાના દ્વારા થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં (સુરતમાં) વિ. સં. ૧૯૬૦માં કરી હતી. એમણે આ કોશમાં ૬0000 પાઇય શબ્દોનાં મૂળના નિર્દેશપૂર્વક એનાં સંસ્કૃત સમીકરણ આપ્યાં છે. શબ્દનો અર્થ સમજાવતી વેળા પાઇય કે સંસ્કૃત અવતરણ અપાયું છે. કોઈ કોઈ વાર તો સમગ્ર કૃતિ અવતરણરૂપે અપાઈ છે. એવી કોઈ કોઈ કૃતિ સંસ્કૃતમાં છે. આ કોશની આ વિશિષ્ટતાને લઈને મેં એનો આ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે, જ્યારે આ જ [1]કર્તાના **શબ્દામ્બુધિકોશનો**, પં. હરગોવિન્દદાસ ત્રિકમચંદ શેઠે રચેલા [2]**પાઈયસદ્દમહણ્ણવ** નામના પાઇય-સંસ્કૃત કોશનો, 'શતાવધાની' શ્રીરત્નચન્દ્રકૃત [3]Ardhmagadhi Dictionary નો કે જેમાં જૈન આગમોના શબ્દોના સંસ્કૃતાદિ ચાર ભાષામાં અર્થ અપાયા છે તેનો તેમજ 'આગમોદ્ધારક' **શ્રી**આનન્દસાગરસૂરિએ સંકલિત કરેલા [4]**અલ્પપરિચિતસૈદ્ધાન્તિકશબ્દકોષ**નો પરિચય હું આપતો નથી. [આ ઉપરાંત **જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ, જૈન લક્ષણાવલી, ભિક્ષુઆગમકોશ** વગેરે કોષો પ્રસિદ્ધ થયા છે.]

**એકાક્ષરી નાનાર્થ કાંડ**– આ દિ. **ધરસેનાચાર્યે** ૩૫ પદ્યોમાં રચેલી કૃતિ છે.

**પારસીક-નામમાલા યાને શબ્દ-વિલાસ** (વિ. સં. ૧૪૨૨) - આ કૃતિના રચનાર **હરિ** બ્રાહ્મણ અજૈન હોવાનો ઘણો સંભવ છે એમ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૪૪)માં ઉલ્લેખ છે. **જૈ. ગ્રં.** (પૃ ૩૧૧) પ્રમાણે આના કર્તાનું નામ **સ**લક્ષમંત્રી છે અને એ કૃતિનું બીજું નામ **શબ્દ-વિલાસ** છે.

[**સંખ્યાવાચકશબ્દકોશ** : સં. આ. **જિ**નેન્દ્રસૂરિ, પ્રકા. હર્ષપુષ્પા-૨૦૪. **લેશ્યાકોષ**-સં. **મો**હનલાલ બાંઠીયા, કલકત્તા, ઈ. ૧૯૯૬. **સંધિવિનોદપંચદશી**-આ. **ધર્મ**ધુરંધરસૂરિ, જૈન સા. પ્ર. સભા.]

## સંદિગ્ધ કૃતિઓ P. ૧૩૩

હવે હું એવી કેટલીક કૃતિઓ નોંધું છું કે જે ખરેખર શબ્દોની નામમાલા છે કે કેમ તે વિષે સંદેહ રહે છે.

**મનોરથ-નામમાલા** - આની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં છે.

**વસ્તુવિજ્ઞાનરત્નકોશ** - આ કૃતિ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૨)માં નોંધાયેલી છે.

**વસ્તુ-કોશ**-આનો ઉલ્લેખ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૨)માં કરાયો છે.

**વસ્તુ-કોશ**-આનો ઉલ્લેખ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૨)માં કરાયો છે.

**રસસાર-જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧) પ્રમાણે આના કર્તા **ગો**વિન્દાચાર્ય છે.

**રત્નકોશ-વ્યાખ્યા** (વિ. સં. ૧૧૭૬)-શું આ કોઈ **રત્નકોશ** નામની કૃતિની ટીકાનું નામ છે ?

**પદ્મકોશ-જૈ. ગ્રં.** (પૃ. ૩૧૧)માં આને શબ્દોનો કોશ ગણ્યો છે. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૩૩)માં જ્યોતિષની એક કૃતિનું નામ **પદ્મકોશ** અપાયું છે તો તે જ આ કૃતિ છે ?

**લોક-સંવ્યવહાર**-આ [5]**ચંદ્રપ્રભવિજય** નામનું કાવ્ય રચનારા **ર**વિગુપ્તની કૃતિ છે એમ **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૨)માં ઉલ્લેખ છે, પણ મને તો એ નીતિનો ગ્રંથ હશે એમ એનું નામ વિચારતાં સ્ફુરે છે.

[**સંખ્યાવાચક શબ્દકોશ :** સં. આ જિનેન્દ્રસૂરિ. પ્ર. હર્ષપુષ્પા. ૨૦૪ **લેશ્યાકોષ**- સ. **મો**હનલાલ બાંઠીયા કલકત્તા ઇ. ૧૯૯૬. **સંધિવિનોદપંચદશી**- આ. ધર્મધુરંધરસૂરિ. જૈન સા. પ્ર. સભા.]

---

૧. આ ઉપરાંતની કૃતિઓનાં નામ વગેરે માટે જાુઓ **અભિધાનરાજેન્દ્રના** પ્રથમ ભાગની પ્રસ્તાવના (પૃ.૧૩-૧૪)
૨. આના પરિચય માટે જાુઓ **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** (પૃ.૫૯-૬૦) ૩. એજન પૃ.૬૦
૪. એજન પૃ.૬૦ ૫. આ નામથી આ કૃતિની નોંધ **જૈ. ગ્રં.**માં કે **જિ. ૨. કો.**માં જોવાતી નથી તેનું શું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૩૪ # પ્રકરણ ૫ : છંદ:શાસ્ત્ર

'છંદ' એ છ વેદાંગ પૈકી એક છે. 'છંદ:શાસ્ત્ર' એટલે અક્ષર કે માત્રાના મેળથી-નિયમથી ઉદ્ભવતાં વિવિધ વૃત્તોની શાસ્ત્રીય વિચારણા. આને અંગ્રેજીમાં પ્રોસોડી (Prosody) તેમજ મેટ્રિક્સ (Metrics) કહે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે દરેક દેશમાં સૌથી પ્રથમ પદ્યાત્મક કૃતિ એટલે કે છંદોબદ્ધ રચના યોજાઈ છે. આપણે ત્યાં પણ પ્રાચીનતમ સાહિત્ય તરીકે નિર્દેશાતા **ઋગ્વેદ**નાં સૂકતો છંદમાં–વિવિધ છંદમાં છે. જૈનોના આગમો પૈકી કેટલાક સર્વાંશે તો કેટલાક અંશતઃ છંદમાં રચાયેલા છે. આને લઈને છંદ:શાસ્ત્ર સંબંધી કૃતિઓ જૈનોને તેમજ અજૈનોને હાથે યોજાયેલી મળે છે. આપણે અહીં મૌલિક જૈન કૃતિઓ અને એનાં વિવરણો વિષે વિચારીશું.

**છંદ:શાસ્ત્ર** (વિક્રમની છઠ્ઠી સદી)- આના કર્તા **જૈનેન્દ્ર** વ્યાકરણ [1]વગેરેના પ્રણેતા દિ. **પૂ**જ્યપાદ છે. જયકીર્તિએ પોતાના **છંદોડનુશાસન**માં જે **પૂ**જ્યપાદની કૃતિનો ઉપયોગ કર્યાનું પોતે કહ્યું છે તે આ જ **પૂ**જ્યપાદ હોવા જોઈએ. ગમે તેમ પણ એમનું આ **છન્દઃશાસ્ત્ર** હજી સુધી તો અપ્રાપ્ય છે.

[2]**જયદેવચ્છન્દસ્**[3] (ઉ. વિ. સં. ૯૫૦)- આના કર્તા જયદેવ છે. [**વૃત્તરત્નાકર**ના ટીકાકાર સુલ્હણે જયદેવ માટે 'શ્વેતપટ' વિશેષણ વાપર્યું છે એટલે ગ્રંથકાર શ્વેતાંબર છે એ નિશ્ચિત થાય છે.]
P. ૧૩૫ વિષયના નિરૂપણ માટે **પિંગલ**ને અનુસરીને એમણે પોતાની પદ્ધતિએ આ કૃતિ રચી છે. એમાં આઠ અધ્યાય છે. પહેલામાં સંજ્ઞા, બીજામાં વૈદિક છંદ 'ગાયત્રી' અને ત્રીજામાં વિવિધ વૈદિક છંદો વિષે વિચાર કરાયો છે, અને ચોથાથી લૌકિક છંદો હાથ ધરાયા છે. ચોથા અધ્યાયમાં આર્યા અને વૈતાલીય છંદના પ્રકારો ઉપર અને પાંચમાથી સાતમા અધ્યાયમાં સમ-વૃત્ત, અર્ધ-સમ-વૃત્ત અને વિષમ-વૃત્તો ઉપર પ્રકાશ પડાયો છે. આ અધ્યાયોમાં લૌકિક છંદોનાં લક્ષણો તે તે છંદમાં અપાયાં છે. આઠમા અધ્યાયમાં પ્રસ્તાર વગેરે વિષે પદ્યમાં નિરૂપણ છે.

**ત્રૈવિદ્યગોષ્ઠી** (પત્ર ૯આ)માં કહ્યું છે કે જાતિ વિવિધ પ્રકારની છે અને દંડકના ઘણા પ્રકારો છે. 'માત્રા' છંદના 'માગધી'મા ૬૭ કરોડ અને ૬૦ લાખ ભેદ છે, 'ઉપહાસિની'ના ૪ અબ્જ (અબજ), ૫૬ કરોડ, ૯૭ લાખ અને ૬૦ હજાર ભેદ છે, અને 'આર્યા'ના ૮ કરોડ, ૨૯ લાખ અને ૨૦ હજાર ભેદ છે. આને લગતા પ્રસ્તાર વગેરે છ પ્રત્યય છે.

હર્ષટની ટીકા સહિતના મૂળમાં જે પાઠ હોવાનું જોવાય છે તે સ્વતંત્ર મૂળથી કેટલીક વાર ભિન્ન છે અને એ તો બની શકે, પરંતુ એમાં આઠમા અધ્યાયને લગતો ભાગ સ્વતંત્ર કૃતિમાં પાંચ જ પદ્યો પૂરતો છે, જ્યારે આ સટીક મૂળમાં બાર જેટલો છે.

---

૧. જુઓ પૃ. 8-9.

૨. "હરિતોષ સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૪૯માં "જયદામન્" નામથી પ્રસિદ્ધ થયેલી આવૃત્તિમાં જે નીચે મુજબની ચાર કૃતિ છપાઈ છે તેમાં આ પહેલી છે:-
(અ) **જયદેવચ્છન્દસ્** (હર્ષટકૃત ટીકા સહિત), (આ) જયકીર્તિકૃત **છંદોડનુશાસન.** (ઇ) કેદારકૃત **વૃત્તરત્નાકર** અને (ઇ) હૈમ છંદોડનુશાસન.

૩. આને અંગેનો મારો લેખ નામે "જયદેવકૃત જયદેવચ્છન્દસ્" "જૈ. સ. પ્ર." (વ. ૧૫, અં. ૧૦)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સંપ્રદાય-નમિસાધુ** **સ્વયંભૂ** **કવિદર્પણ**ના કર્તા અને [1]જયકીર્તિ એ તમામ જૈન ગ્રન્થકારો [2]જયદેવને પિંગલ જેટલું મહત્ત્વ આપવા પ્રેરાયા છે એ બાબત એઓ જૈન હોવાનું સૂચવે છે. વળી એઓ કેદાર કરતાં વધારે પ્રાચીન અને કેદાર જેટલા તો વ્યવસ્થિત લેખક હોવા છતાં વૈદિક ધર્મના અનુયાયીઓમાં એઓ લોકપ્રિય ન બની શક્યા તે પણ એમના જૈનત્વને આભારી હશે.[3]

ઈ. સ.ની દસમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા ભટ્ટ હલાયુધે **પિંગલ**ના **છંદઃસૂત્ર** ઉપર ટીકા રચી છે. અહીં ૧, ૧૦ અને ૫, ૮ એ બંને ઉપરની ટીકામાં **શ્વેત**પટના ઉલ્લેખપૂર્વક એમણે નીચે મુજબ કથન કરેલ છેઃ- P. ૧૩૬

(૧) ''वान्ते ग्वक्रः' इति प्रोक्तं यैश्च श्वेतपटादिभिः''

(૨) '' 'अन्यदतोऽपि वितानं' श्वेतपटेन यदुक्तम्''
'चित्रपदाऽपि च भो गौ' तेन गतार्थमिवैतत् ।''

આ પૈકી ''[4]वान्ते ग्वक्रः'' એ **જયદેવચ્છન્દસ્** નામની કૃતિના પહેલા અધ્યાયનું ચોથું સૂત્ર છે. ''अन्यदतो हि वितानं'' એમ અ. ૫માં જોવાય છે. ''चित्रपदाऽ च भो गौ'' એ અ.૬ માં છે. આથી '**શ્વે**તપટ' તે જયદેવ જ છે એમ અનુમાન કરાય છે અને એ અનુમાનને આધારે જયદેવ **શ્વે**તપટ એટલે શ્વેતાંબર મનાય છે.

કેદારકૃત **વૃત્તરત્નાકર** ઉપર **સુલ્હ**ણે વિ. સં. ૧૨૪૬માં [5]વૃત્તિ રચી છે. એમાં એમણે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :-

'' 'अन्यदतो हि वितानं' इति शूद्रश्वेतपटजयदेवेन यदुंक्त भौगिति चित्रपदा गः इत्यनेन गतार्थत्वात्''[6]

આથી ઉપરના અનુમાનને ટેકો મળે છે.

**સમયનિર્ણય**—ભટ્ટ હલાયુધે જયદેવનો મુખ્યતયા નિર્દેશ કરીને ઉલ્લેખ કર્યો છે એ હિસાબે એઓ ઈ. સ. ની દસમી સદીના ઉત્તરાર્ધ જેટલા તો પ્રાચીન છે જ એટલે કે વિ. સં. ૧૦૫૬ પૂર્વે થયા છે.

ઈ. સ. ૧000 કરતાં પહેલાં થઈ ગયેલા **સ્વયંભૂ**એ [7]**સયંભૂછંદ** (૧-૧૪૪)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :- P. ૧૩૭

---

૧. એમના **છંદોઽનુશાસન**ને અંગે મેં ''જયકીર્તિનું છંદોઽનુશાસન'' નામના લેખમાં વિચાર કર્યો છે. આ લેખ અહીંના (સુરતના) ''દિગંબર જૈન'' (વ. ૪૩, અં. ૪)માં છપાયો છે.

૨. જુઓ **જયદામન્** (પૃ. ૩૩).

૩. જુઓ **જયદામન્**ની પ્રસ્તાવના (પૃ. ૩૩).

૪. આ 'કલિ.' હેમચન્દ્રસૂરિકૃત **છંદોઽનુશાસન** (અ. ૧)માં પણ છે.

૫. **વૃત્તરત્નાકર** (અ. ૧-૬)ને અંગેની આ વૃત્તિ મુંબઈ વિદ્યાપીઠના સામયિકમાં (Arts Nos. 26, 28 & 29)માં ત્રણ કટકે ઈ.સ. ૧૯૫૧, ૧૯૫૩ અને ૧૯૫૪માં અનુક્રમે છપાઈ છે.

૬. જુઓ **જયદામન્**ની પ્રસ્તાવના (પૃ. ૩૧).

૭. આ કૃતિ "JBBRASમાં" ઈ. સ. ૧૯૩૫માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"जयदेव-पिंगला सक्कयंमि दोच्चि अ जइं समिच्छंति ।
मंडव्व-भरह-कासव-सेयवपमुहा न इच्छंति ।।"[१]

ભરતના **નાટ્યશાસ્ત્ર** ઉપર **અભિનવગુપ્તે** [૨]ટીકા રચી છે. એના પૃ. ૨૪૪માં **જયદેવ** વિષે ઉલ્લેખ છે.

કન્નડ છંદઃશાસ્ત્રી **નાગવર્મા**એ ઈ. સ. ૯૯૦માં રચેલા **છંદોડમ્બુધિ**માં જયદેવનો ઉલ્લેખ કર્યો છે.

**વરાહમિહિર**ની **બૃહત્સંહિતા** ઉપર ભટ્ટ **ઉત્પલે** ઈ. સ. ૯૬૬માં ટીકા રચી છે. અ. ૧-૩ ઉપરની ટીકામાં છંદોનાં જે લક્ષણો એમણે આપ્યાં છે તે આ **જયદેવચ્છન્દસ્**ને આધારે હોય એમ એમ લાગે છે.[૩]

શકસંવત્ ૪૨૭ (વિ. સં. ૫૬૨)માં **પંચસિદ્ધાંતિકા** રચનાર વરાહમિહિર આ જયદેવને જાણતા હશે.

આ ઉપરથી એમ કહી શકાય કે **જયદેવ** ઈ. સ. ૯૦૦ પહેલાં ક્યારેક થઈ ગયા છે અને કદાચ ઈ. સ. ૬૦૦ કરતાં પણ પહેલાં થયા હશે. **પૂજ્યપાદ**ના પણ કદાચ પુરોગામી હશે.

P. ૧૩૮ **ઉલ્લેખો–વૃત્તજાતિસમુચ્ચય** (૬, ૭) ઉપરની ટીકામાં **ગોપાલે** નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :-

"तथा चोक्तमन्यैः - 'एष्वेव पिण्डितेषु (च) सङ्ख्या प्रस्तारविरचिता भवति' ।"

આ અવતરણ **જયદેવચ્છન્દસ્**માં અ. ૮ ના શ્લો. ૧૧ તરીકે જોવાય છે.

**વૃત્તરત્નાકર**ની ટીકામાં [૪]ત્રિવિક્રમે, જયકીર્તિએ **છંદોડનુશાસન** (અ. ૮, શ્લો. ૧૯)માં, 'કલિ.' હેમચન્દ્રસૂરિએ **છંદોડનુશાસન** (૨, ૨૯૭; ૩, ૫૧-૫૨)ની સ્વોપજ્ઞ ટીકા નામે **છંદશ્ચૂડામણિ**માં, અજ્ઞાત [૫]છંદઃશાસ્ત્રીએ **કવિદર્પણ** (૬, ૧૦)માં, **વૃત્તરત્નાકર** (અ. ૨, શ્લો. ૩૬)માં **નારાયણે** અને **વૃત્તરત્નાકર** (૩, ૩૧; ૫, ૬; અને ૫, ૯)ની ટીકામાં બૌદ્ધ **રામચન્દ્ર** વિબુધે **જયદેવ** વિષે ઉલ્લેખ કર્યો છે.

વિશેષમાં **શીલાંકસૂરિ**એ **સૂયગડ** (સુય. ૧, અ. ૨, ઉ. ૧)ની **નિજ્જુત્તિ** (ગા. ૩૮)ની ટીકામાં જે નીચે મુજબનું 'વૈતાલીય' છંદનું લક્ષણ અવતરણરૂપે રજૂ કર્યું છે તે આ **જયદેવચ્છન્દસ્** (અ. ૪, પૃ. ૧૫)ગત લક્ષણ સાથે લગભગ અક્ષરશઃ મળે છેઃ-

"वैतालीयं लर्गनैधनाः । षडयुक् [६]पादोष्टौ [७]समश्चलः ।।
न समोऽत्र परेण युज्यते । नैता षट् च निरन्तरा युजोः ।"

P. ૧૩૯ **મુનિ અને સૈતવ**–જયદેવે અ. ૫ (પૃ. ૨૦)માં મુનિ અને **સૈતવ** એ બેના મત નોંધ્યા છે. 'મુનિ'નો અર્થ **હર્ષટે પિંગલ** કર્યો છે.

---

૧. જુઓ **જયદામન્**ની પ્રસ્તાવના (પૃ. ૩૨).
૨. આ ટીકાના મૂળ સહિત ત્રણ ભાગ "ગા. પૌ. ગ્રં."માં ઈ. સ. ૧૯૨૬, ૧૯૩૪ અને ૧૯૫૪માં અનુક્રમે છપાયા છે.
૩. જુઓ પ્રો. વેલણકરનો **વરાહમિહિર** અને ઉત્પલને અંગેનો લેખ. આ "સી. કે. રાજા સ્મારકગ્રન્થ" (પૃ. ૧૪૧-૧૫૨)માં ઈ. સ. ૧૯૪૬માં છપાયો છે.
૪. આ **સુલ્હણ** કરતાં પહેલાં થયા હશે.
૫. આ જૈન છે અને એઓ 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ને અનુસરે છે.
૬-૭. पादेष्टौ અને "समै च लः" એમ બે પાઠાન્તર મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈદિક છંદોમાંથી લૌકિક વર્ણવૃત્તો સર્વથા છૂટાં પડી નહિ ગયાં હતાં એવા સમયમાં **જયદેવે** પોતાની કૃતિ રચી હશે એમ પ્રો. **વેલણકરે** પૃ. ૩૪માં કહ્યું છે. વિશેષમાં એમણે એમ પણ કહ્યું છે કે **અભિજ્ઞાન-શાકુંતલ** (અંક ૪, શ્લો. ૮)માં જે વૈદિક છંદ વપરાયો છે તે એ પ્રસંગને બરાબર અનુરૂપ છે, પરંતુ એ વૈદિક છંદોની લૌકિક છંદો ઉપરની અસર અને પકડની છેલ્લી નિશાની સૂચવે છે. સંક્રાંતિ-કાળમાં જયદેવ થયાનું પ્રો. **વેલણકર** માને છે. સંસ્કૃત એ વૈદિક ધર્મના જ અનુયાયીઓનો વારસો છે એવી માન્યતા હજી પ્રચલિત હતી એવે સમયે જયદેવે પોતાની કૃતિ રચી હોવી જોઈએ. લૌકિક સંસ્કૃત છંદો વિષે નિરૂપણ કરનાર એ છંદોના જન્મદાતા રૂપ વૈદિક છંદોની અવગણના કરી શકે તેમ ન હતું એવા સમયની જયદેવની કૃતિ હોવાથી એમાં વૈદિક છંદોને લગતી હકીકત જોવાય છે એમ પ્રો. **વેલણકરનું** કહેવું છે.

**જયદેવચ્છન્દસ્** ઉપર **હર્ષટ**ની વિવૃતિ, **વર્ધમાન**ની વૃત્તિ અને **શ્રીચન્દ્ર**નું ટિપ્પણ છે.

**હર્ષટ**– આ **મુકુલભટ્ટ**ના પુત્ર થાય છે. એમના નામનો વિચાર કરતાં એઓ કાશ્મીરના હોવા જોઈએ. **કાવ્યપ્રકાશ**ના કર્તા મમ્મટે એક મુકુલભટ્ટનો ઉલ્લેખ કર્યો છે. એમણે **અભિધાવૃત્તિમાતૃકા** રચી છે અને એમનો સમય ઈ. સ. ૯૨૫ની આસપાસનો છે. આ જ **મુકુલભટ્ટ**ના પુત્ર તે **હર્ષટ** છે કે કેમ એનો નિર્ણય કરવો બાકી રહે છે; બાકી **હર્ષટ**ની ટીકાની હાથપોથી જે વર્ષમાં લખાયેલી મળે છે એ હિસાબે **હર્ષટ** ઈ. સ. ૧૧૨૪ પહેલા થયા છે.

[1]**છંદોઽનુશાસન** (લ. વિ. સં. ૧૦૫૦)- આના કર્તા કાનડી દિ. [2]જયકીર્તિ છે. એમણે આ P. ૧૪૦
પદ્યાત્મક કૃતિ રચવામાં **જનાશ્રય**, **જયદેવ**, **પિંગલ**, **પાદપૂજ્ય** (**પૂજ્યપાદ**), **માંડવ્ય** અને **સૈતવની** છંદોવિષયક કૃતિઓનો ઉપયોગ કર્યો છે.[3] એમણે આ કૃતિ નિમ્નલિખિત નામવાળા આઠ અધિકારોમાં વિભક્ત કરી છે:-

(૧) સંજ્ઞા, (૨) સમ-વૃત્ત, (૩) અર્ધ-સમ-વૃત્ત, (૪) વિષમ-વૃત્ત, (૫) આર્યા-જાતિ-માત્રાસમક-જાતિ, (૬) મિશ્ર, (૭) કર્ણાટવિષયભાષા-જાતિ અને (૮) પ્રસ્તારાદિ-પ્રત્યય.

આ કૃતિમાં વૈદિક છંદોને સ્થાન અપાયું નથી, પણ [4]કન્નડ (કાનડી) છંદોને અપાયું છે.

સમગ્ર લખાણ માટે મુખ્યતયા અનુષ્ટુભ્, આર્યા અને સ્કન્ધક યાને આર્યાગીતિ એ ત્રણ છંદોનો ઉપયોગ કરાયો છે. આ ઉપરાંત છંદોનાં લક્ષણો તે તે છંદમાં અપાયાં છે. એ રીતના બીજા પણ છંદો છે. પૃ. ૪૫માં એમણે 'ઉપજાતિ'ને માટે 'ઇન્દ્રમાલા' એવું અન્ય નામ નોંધ્યું છે. પૃ. ૪૬માં મુનિ દમસાગરના, પૃ. ૫૨ માં **શ્રીપાલ્ય**કીર્તીશના અને **સ્વયંભૂ**વેશના અને પૃ. ૫૬માં કવિ **ચારુ**કીર્તિ મુનિના મત વિષે ઉલ્લેખ છે.

---

૧. આ પ્રકાશિત છે (જુઓ પૃ. 78) આની એક હાથપોથી વિ. સં. ૧૧૯૦માં લખાયેલી છે. આ કૃતિને અંગેના મારા લેખ માટે જુઓ પૃ. 78.

૨. ''છંદ : શાસ્ત્રી જયકીર્તિ તે કોણ ?''એ નામનો મારો લેખ ''દિગંબર જૈન'' (વ. ૪૩, અં. ૫)માં પ્રસિદ્ધ થયો છે.

૩. જુઓ આઠમા અધિકારનું અંતિમ (૧૯મું) પદ્ય.

૪. આની માહિતી માટે જુઓ પ્રો. **વેલણકર**નો ઈ. સ. ૧૯૪૫માં **"JBBRAS"**માં પ્રસિદ્ધ થયેલો લેખ. મુંબઈ વિદ્યાપીઠના સામયિક (Arts No. 22)માં ઈ. સ. ૧૯૪૭ના જાન્યુઆરીના અંકમાં પણ આ છંદો વિષે લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૪૧ પૃ. ૬૬માં ચોવીસ માટે 'જિન' સંજ્ઞા વપરાઈ છે. સંજ્ઞાધિકારના નામના પહેલા અધિકારના શ્લો. ૨૨માં 'કર્ણાટક'નો અને પૃ. ૬૬માં 'કર્ણાટ'નો તેમજ 'કર્ણાટક'નો ઉલ્લેખ છે. પૃ. ૬૭માં **કર્ણાટ-માલતીમાધવ** અને **કર્ણાટ-કુમારસંભવ**નો પૃ. ૬૬માં **શૃંગારપિંડ** કાવ્યનો ઉલ્લેખ છે.

જયકીર્તિએ અ. ૧, શ્લો. ૧૩માં કહ્યું છે કે [1]**પિં**ગલ, **વ**સિષ્ઠ, કૌણ્ડિન્ય, **ક**પિલ અને **કં**બલ મુનિ યતિ ઇચ્છે છે, જ્યારે **ભ**રત, **કો**હલ, [2]**માં**ડવ્ય, **અ**શ્વતર, **સૈ**તવ વગેરે એ ઇચ્છતા નથી.

જયકીર્તિનું **છંદોઽનુશાસન** એ સંસ્કૃત છંદઃશાસ્ત્રને લગતો એક મહત્ત્વનો ગ્રન્થ છે. એનું સ્થાન કાલક્રમ અને વિકાસની દૃષ્ટિએ **કે**દારના **વૃત્તરત્નાકર** અને 'કલિ.' હેમચન્દ્રસૂરિના **છંદોઽનુશાસનની** વચ્ચે છે એમ પ્રો. **વે**લણકરનું કહેવું છે. એમણે એમની પ્રસ્તાવના (પૃ. ૩૭-૩૮)માં જયકીર્તિનો સમય ઈ. સ. ૧૦૦૦ની આસપાસનો દર્શાવ્યો છે અને તેને માટે એ કારણ આપ્યું છે કે ઈ. સ.ની દસમી સદીના પૂર્વાર્ધમાં ઈ. સ. ૯૫૦ના અરસામાં થઈ ગયેલા **અ**સગ વગેરે વિષે જયકીર્તિએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે (જુઓ અ. ૭, પૃ. ૬૭).

**ધમ્મોવએસમાલા** ઉપર વિ. સં. ૯૧૫માં વિવરણ રચનારા [3]જયસિંહસૂરિના શિષ્ય અને ૧૧૬ ગાથામાં જ. મ.માં **સીલોવએસમાલા** રચનારનું નામ જયકીર્તિ છે. શું આ પ્રસ્તુત છંદઃશાસ્ત્રી છે ?

P. ૧૪૨ **જો**ઇંદુ (**યો**ગીન્દુ)કૃત **યોગસાર**ની હાથપોથી વિ. સં. ૧૧૯૨માં જેઠ સુદ તેરસે લખાઈ છે. એ લખાવનાર જયકીર્તિસૂરિના શિષ્ય **અ**મલકીર્તિ છે એમ નિમ્નલિખિત પદ્ય જોતાં જણાય છે :-

"श्रीजयकीर्तिसूरीणां शिष्येणामलकीर्तिना । लेखितं योगसाराख्यं विद्यार्थिधामकीर्तिना ।।"

જો અહીં નિર્દેશાયેલા જયકીર્તિ તે જ પ્રસ્તુત છંદઃશાસ્ત્રી હોય તો એમના શિષ્યનું નામ **અ**મલકીર્તિ હતું એમ આપણે કહી શકીએ.

ચિતોડગઢનો એક શિલાલેખ વિ. સં. ૧૨૦૭માં લખાયેલો છે. એમાં અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છેઃ-

"श्रीजयकीर्तिशिष्येण दिगंबरगणेशिना ।प्रशस्तिरीदृशीचके...श्रीरामकीर्तिना संवत् १२०७ सूत्रधा.... ?"[4]

આ ઉપરથી એમ કહી શકાય કે દિ. જયકીર્તિને **રા**મકીર્તિ નામે શિષ્ય હતા. અહીં આપેલો સંવત્ વૈક્રમીય હોય તો આ જયકીર્તિનો સમય વિ. સં. ૧૧૯૦ની અર્થાત્ ઈ. સ. ૧૧૩૪ની આસપાસનો ગણાય. છંદઃશાસ્ત્રી જયકીર્તિનો સમય પ્રો. **વે**લણકરને મતે ઈ. સ. ૧૦૦૦ની આસપાસનો છે.[5] આ બાબત સાચી જ નીકળે તો છંદઃશાસ્ત્રી જયકીર્તિ શિલાલેખમાં નિર્દેશાયેલા દિ. જયકીર્તિથી ભિન્ન ઠરે; બાકી છંદઃશાસ્ત્રીનો સમય સો વર્ષ જેટલો અર્વાચીન ઠરે એટલે કે ઈ. સ. ૧૧૦૦નો ઠરે તો આ બંને એક હોવાની કલ્પના કરી શકાય.

---

૧-૨. **માં**ડવ્યનો તેમજ **કૌ**ષ્ટુકિ, **તં**ડિન્, **યા**સ્ક, **કા**શ્યપ, **સૈ**તવ અને **રા**ટનો ઉલ્લેખ **પિં**ગલે કર્યો છે. જુઓ M. Krishnamachariarનું પુસ્તક History of Classical Sanskrit Literature (p. 902)

૩. જુઓ "અનેકાન્ત" (વ. ૧, કિ. ૬-૭, પૃ. ૩૨૯)ગત પં. **ના**થૂરામ પ્રેમીના લેખ ઉપરનું સંપાદકીય ટિપ્પણ તેમજ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૨૬).

૪. જુઓ જૈ. સા. ઈ. (પૃ. ૫૨૬).

૫. જુઓ ઉપરનો પેરેગ્રાફ ૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**છન્દઃશાસ્ત્ર** (લ. વિ. સં. ૧૦૮૦)- આના કર્તા વિ. સં. ૧૦૮૦માં **બુદ્ધિસાગર** વ્યાકરણ રચનારા **બુદ્ધિસાગરસૂરિ** છે એમ **ગુણચન્દ્રગણિ**એ વિ. સં. ૧૧૩૯માં પૂર્ણ કરેલા **મહાવીરચરિય**ની પ્રશસ્તિ (શ્લો. ) જોતાં જણાય છે પણ આ **છન્દઃશાસ્ત્ર** સંસ્કૃતમાં છે કે કેમ તે જાણવું બાકી રહે છે. બાકી ઉપર્યુક્ત ઉલ્લેખનું સમર્થન કરનારું સાધન મળે છે અને એ તો **વર્ધમાનસૂરિ**એ વિ. સં. ૧૧૪૦માં રચેલી **મનોરમાકહાની** પ્રશસ્તિ છે. આ છંદઃશાસ્ત્ર ગમે તે ભાષામાં હોય પણ એ વિ. સં. ૧૦૮૦ની આસપાસની રચના હોય એમ લાગે છે, અને જો ઉપર્યુક્ત જયકીર્તિનો સમય ઈ. સ. ૧૦૦૦ની લગભગનો હોય તો તેમનું **છંદોઽનુશાસન** પણ લગભગ આ સમયનું હશે. આમ બે કૃતિઓ પ્રાયઃ સમકાલીન હશે. P. ૧૪૩

**છંદઃશેખર** (ઉ. વિ. સં. ૧૧૭૯)- આના કર્તા **રાજશેખર** છે. એમના કથન મુજબ એઓ ઠક્કર **દુદ્દક** અને **નાગદેવી**ના પુત્ર થાય છે અને **યશ**ના પુત્ર **લાહર**ના એઓ પૌત્ર છે. આ કૃતિ **ભોજદેવ**ને પ્રિય હોવાનું અહીં કહ્યું છે. આની એક હાથપોથી વિ. સં. ૧૧૭૯માં લખાયેલી મળે છે. આ કૃતિનું પાંચમું પ્રકરણ સંસ્કૃતમાં છે અને એમાં ઉત્સાહથી માંડીને દ્વિપદી સુધીના 'અપભ્રંશ' છંદોનું નિરૂપણ છે. આ કૃતિને અંગે પ્રો. **વેલણકરે** "Chandas's'ekhara of Rajas'ekhara" નામનો [1]લેખ લખ્યો છે.

**સમાનનામક કૃતિ**—જયશેખરે **છંદઃશેખર** રચ્યાનો ઉલ્લેખ મળે છે પણ એમને વિષે કે એમની આ કૃતિ વિષે વિશેષ માહિતી મને મળી નથી. આથી જો આ જયશેખર તે **જૈનકુમારસંભવ**ના કર્તા અંચલગચ્છીય જયશેખર જ હોય તો એમનો પરિચય આગળ ઉપર મેં આપ્યો છે.

[2]**છન્દોઽનુશાસન** (લ. વિ. સં. ૧૨૧૦)- આ નામ એના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**એ આદ્ય મંગલશ્લોકમાં આપ્યું છે. સાથે સાથે એમણે આ કૃતિ **શબ્દાનુશાસન** અને **કાવ્યાનુશાસન** બાદ રચાઈ છે અને એમાં કાવ્ય માટે ઉપયોગી છંદોનું નિરૂપણ છે એ વાત કહી આના પછી સૂત્રરૂપે છંદઃશાસ્ત્રની યોજના કરી છે. હૈમ **કાવ્યનુશાસન** (અ. ૩, સૂ. ૫) ઉપરની **અલંકારચૂડામણિ** નામની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૨૧૪)માં પ્રસ્તુત [3]છંદોઽનુશાસન જોવાની ભલામણ કરાઈ છે. P. ૧૪૪

---

૧. આ લેખ "JBBRAS" (Vol. 22)માં ઈ. સ. ૧૯૪૬માં છપાયો છે.

૨. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત દેવકરણ મૂલચંદ્ર (મૂળજી) તરફથી ઈ. સ. ૧૯૧૨માં છપાવાઈ છે. એનું સંપાદન 'આગમોદ્ધારક' **આનંદસાગરસૂરિજી**એ મુનિ-અવસ્થામાં કર્યું છે. એમણે સંસ્કૃતમાં નાનકડી પ્રસ્તાવના લખી છે. એના પછી **ભરત**ના મતે તમજ અન્ય છંદઃશાસ્ત્રીઓના મતે છંદોનાં જે નામાંતર 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**એ આપ્યાં છે. તેની નોંધ લીધી છે. અ. ૫માં ''प्रायोऽपभ्रंशे'' એવું સૂત્ર પ્રારંભમાં નોંધાયું નથી, જો કે એ હોવું જોઈએ એમ એની સ્વોપજ્ઞ વૃતિ જોતાં જણાય છે. [સીંઘી ગ્રંથમાળામાં **છંદોઽનુશાસન** છપાયું છે.]
પ્રો. હરિ દામોદર **વેલણકરે** ચોથા અધ્યાયના ઉત્તરાર્ધથી-ગીતિના લક્ષણથી માંડીને તે સાતમા અધ્યાયના અંત સુધીનો ભાગ સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ **પર્યાય** સહિત સંપાદિત કર્યો છે (પરંતુ ઉદાહરણોના મૂળ સૂચવ્યાં નથી). એ ભાગ બે કટકે "JBBRAS" ના Vol. 19 અને Vol. 20 માં અનુક્રમે ઈ.સ. ૧૯૪૩ અને ૧૯૪૪માં પ્રકાશિત થયો છે. આના અનુસંધાનરૂપ લેખ આ સામયિક (Vol. 22) માં ઈ.સ. ૧૯૪૬માં છપાયો છે. એ દ્વારા ''પ્રાકૃત અને અપભ્રંશ છંદો''ની સૂચી અપાઈ છે.

૩. ખરી રીતે એની સ્વોપજ્ઞ વૃત્તિની - અ. ૧, સૂ. ૧૫ની વૃત્તિની ભલામણ છે. આથી એમ કહી શકાય કે 'કલિ.' હેમચન્દ્રસૂરિ વૃત્તિનો મૂળને નામે ઉલ્લેખ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**છન્દોડનુશાસન**નું નામ જિનપ્રભસૂરિએ [1]**અજિય-સંતિ-થય**ના ઉપરની વિ. સં. ૧૩૬૫ની વૃત્તિમાં **છંદશ્ચૂડામણિ** આપ્યું છે.[2]

P. ૧૪૫ **છંદોડનુશાસન** એ આઠ અધ્યાયમાં વિભક્ત છે. આગમોદ્ધારકની આવૃત્તિ પ્રમાણે એમાં અનુક્રમે નીચે મુજબની સંખ્યામાં સૂત્રો છે :-

૧૬, ૪૧૫, ૭૩, ૯૧, ૪૯, ૩૦, ૭૩ અને ૧૭. આમ કુલ્લે અંહીં ૭૬૪ સૂત્રો છે.

આ કૃતિની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે તેમ અહીં વૈદિક છંદોની ચર્ચા નથી.

પ્રથમ અધ્યાયમાં છંદ:શાસ્ત્રને લગતી પરિભાષાનું એટલે કે વર્ણગણ, માત્રાગણ, વૃત્ત, સમવૃત્ત, વિષમવૃત્ત, અર્ધસમવૃત્ત, પાદ અને યતિનું નિરૂપણ છે.

બીજા-અધ્યાયમાં સમવૃત્ત છંદના પ્રકારો અને ગણોની યોજના અને અંતમાં દંડકના પ્રકારો વિચારાયાં છે. અહીં ૪૧૧ છંદોનાં લક્ષણો અપાયાં છે.

ત્રીજા અધ્યાયમાં અર્ધ-સમ, વિષમ, વૈતાલીય, માત્રા-સમક, ઇત્યાદિ ૭૨ છંદનાં લક્ષણ અપાયાં છે.

ચોથા અધ્યાયમાં પાઇય છંદોના [3]આર્યા, [4]ગલિતક, ખંજક અને શીર્ષક એમ મુખ્ય ચાર વિભાગો પડાયા છે. પહેલા વિભાગના પચ્ચીસેક છંદોનાં, બીજાના ત્રેવીસેકનાં એમ વિવિધ છંદોનાં લક્ષણ અહીં નજરે પડે છે. ટૂંકમાં કહું તો પાઇય ભાષાના બધા માત્રામેળ છંદ અહીં વિચારાયા છે.

P. ૧૪૬ પાંચમા અધ્યાયથી 'અપભ્રંશ' છંદોનો અધિકાર શરૂ થાય છે. એમાં ઉત્સાહ, રાસક, રડ્ડા, રાસાવલય, ધવલમંગલ વગેરે છંદોનાં લક્ષણ રજૂ કરાયાં છે.

છઠ્ઠા અધ્યાયમાં ષટ્પદી અને ચતુષ્પદીના વિવિધ પ્રકારો વિચારાયા છે. પ્રારંભમાં ધ્રુવા, ધ્રુવક યાને ઘત્તાનું લક્ષણ અપાયું છે.

સાતમા અધ્યાયમાં 'અપભ્રંશ' સાહિત્યમાં નજરે પડતી દ્વિપદીની ચર્ચા છે.

આઠમા અધ્યાયમાં [5]પ્રસ્તાર વગેરેની સમજણ અપાઈ છે.

આમ આ કૃતિ લૌકિક સંસ્કૃત, પાઇય અને 'અપભ્રંશ'ના જાત-જાતના છંદો વિષે પ્રકાશ પાડે છે. એની આ મહત્તામાં એની સ્વોપજ્ઞ વૃત્તિગત સ્પષ્ટીકરણ અને ઉદાહરણો વૃદ્ધિ કરે છે. આથી એમ પ્રશ્ન પૂછવા હું લલચાઉં છું કે આના કરતાં સુગમ અને સાંગોપાંગ એવી કોઈ અન્ય કૃતિ છે ખરી ?

૧. આના પરિચય વગેરે માટે જુઓ D C G C M (Vol. XVII pt. 4, pp.1-10) તેમજ મારો લેખ નામે "અજિયસંતિથય (અજિતશાંતિસ્તવ) અને એનાં અનુકરણો". આ લેખ "આત્માનંદ પ્રકાશ" (પૃ. ૪૯, અ ૪-૫)માં છપાયો છે.

૨. જુઓ **જિ. ૨. કો. (ખંડ** ૧, પૃ. ૧૨૭)

૩. ગીતિ, ઉપગીતિ અને ઉદ્ગીતિ એ આર્યાના પ્રકારો છે.

૪. પ્રવરસેનકૃત **રાવણવહ** યાને **સેઉબંધ**માં ૪૪ પદ્યો 'ગલિતક'માં છે. એના સાત પ્રકાર વગેરે માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૩૩).

૫. સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૪૬આ)માં કહ્યું છે કે વૃત્તોનો વિસ્તૃત વિન્યાસ અર્થાત્ છંદોનો વિસ્તૃતપણે વિસ્તાર તે 'પ્રસ્તાર' છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિવર **નંદિષેણે** જાતજાતના અને કેટલાક તો વિરલ જણાતા છંદોમાં **અજિયસંતિથય**ની રચના કરી છે. આ [1]તમામ છંદોનાં નામ પ્રસ્તુત **છંદોઽનુશાસન**માં જણાતાં નથી. જે નામથી જે છંદોનાં લક્ષણો અહીં અપાયાં નથી તે છંદોનાં લક્ષણો અન્ય નામથી અપાયાં છે ખરાં ? જો ન જ અપાયાં હોય (અને લાગે છે તો એમ જ)[2] તો એનું શું કારણ હશે ? શું આ પાઇય સ્તોત્રથી હેમચન્દ્રસૂરિ અપરિચિત હશે P. ૧૪૭
કે આ સ્તોત્ર એમના સમય પછી રચાયું હશે કે અન્ય જ કારણ હશે ?

[3]**સ્વોપજ્ઞ વૃત્તિ–** જૈ. ગ્રં. (પૃ. ૩૧૭) પ્રમાણે તો આનું જ નામ **છન્દશ્ચૂડામણિ** છે. શરૂઆતમાં 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિએ અનુશાસનનો અર્થ 'પૂર્વાચાર્યોના શાસનને અનુસરનાર' એવો કર્યો છે, જો કે કેટલીક વાર છંદનાં નામો અન્ય પ્રકારનાં આપ્યાં છે. અહીં એમણે **ભ**રત, **સૈ**તવ, **પિં**ગલ, જયદેવ, **કા**શ્યપ અને **સ્વ**યંભૂનો તેમજ [4]**સિદ્ધ**સેન (દિવાકર), **સિદ્ધ**રાજ, કુમારપાલ વગેરેનો ઉલ્લેખ કર્યો છે. કુમારપાલનો જે અહીં ઉલ્લેખ છે એ ઉપરથી આ વૃત્તિ તો એમના સમયમાં રચાયાનું ફલિત થાય છે.

અ. ૧, સૂ. ૧૫ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨ અ)માં [5]"नमोऽस्तुवर्धमानाय" થી શરૂ થતી સ્તુતિનું આદ્ય પદ્ય પાદાન્તે યતિના ઉદાહરણરૂપે અપાયું છે.

અ. ૪, સૂ. ૧ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૬આ)માં કહ્યું છે કે 'આર્યા' તે જ સંસ્કૃતેતર ભાષાઓમાં 'ગાથા' કહેવાય છે.

અ. ૪, સૂ. ૫૫ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૦ અ)માં નીચે મુજબનું પદ્ય છે :-

"जयति विजितान्यतेजाः सुरासुराधीशसेवितः श्रीमान् ।
विमलस्त्रासविरहितस्त्रिलोकचिन्तामणिर्वीरः ।।"

અ. ૨, સૂ. ૧૫૫ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૭અ)માં ઉપજાતિના ચૌદ પ્રકારો દર્શાવી ત્યાર બાદ પત્ર ૭અમાં **દસવેયાલિય** (અ. ૨)ના પાંચમા પદ્યનો અને અ. ૯, ઉ. ૧ના બીજા પદ્યનો અંશ ઉદ્ધૃત P. ૧૪૮
કરાયા છે.

અ. ૪, સૂ. ૫ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૭ આ)માં 'કમલા'થી શરૂ થતાં ત્રણ પદ્યો [6]**ગાહા-લક્ખણ**માં ૪૦માથી ૪૨મા પદ્યરૂપે કંઈક પાઠભેદપૂર્વક જોવાય છે.

અ. ૫, સૂ. ૧૬ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૬અ)માં **તિલકમંજરી** (પૃ. ૧૭૭)ગત "शुष्कशिखर्गिण" થી શરૂ થતું પદ્ય ઉદ્ધૃત કરાયું છે.

---

૧. બધા મળીને ૨૮ છંદો છે અને 'ગાહા'ના પાંચ ઉપપ્રકારોને ભિન્ન ગણીએ તો ૩૨ થાય.

૨. **અજિયસંતિથય** ઉપર જિનપ્રભસૂરિએ **બોધિદીપિકા** (કેટલાક આને **બોધદીપિકા** કહે છે)માં તમામ છંદોનાં લક્ષણો હૈમ **છંદોઽનુશાસન**માંથી ન આપતાં કેટલાકના **કવિદપ્પણ**માંથી આપ્યાં છે એ વાત અહીં વિચારવી ઘટે.

૩. આ દેવકરણ મૂળજી તરફથી પ્રકાશિત છે.

૪. એમણે રચેલી પ્રથમ દ્વાત્રિંશિકાનું ૩૦મું પદ્ય પત્ર ૧અમાં ઉદ્ધૃત કરાયું છે.

૫. આ ત્રણ પદ્યની સ્તુતિ ત્રણ ભિન્ન ભિન્ન છંદમાં છે. છંદની દૃષ્ટિએ એ 'વિશાલલોચનથી' શરૂ થતી સ્તુતિ સાથે સામ્ય ધરાવે છે.

૬. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૬૨-૬૪).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અ. ૬, સૂ. ૧ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૪૨આ)માં **મુંજ**ના પાંચ દૂહાનાં મુખ્ય પ્રતીક આપી એને કામદેવનાં પાંચ બાણ સાથે સરખાવ્યાં છે. આ પૈકી બે [1]દૂહા આ પછી અપાયા છે; બાકીના ત્રણની તપાસ કરવી બાકી રહે છે.

અ. ૭માં દ્વિપદી-ખંડનું ઉદાહરણ **શ્રીહર્ષ**ની **રત્નાવલી**માંથી અપાયું છે.

શાસ્ત્રીય ચર્ચાની તેમજ ઐતિહાસિક સામગ્રીની દૃષ્ટિએ મહત્ત્વની આ વૃત્તિમાં જે અનેક સંસ્કૃત અને પાઇય ઉદાહરણો અપાયાં છે એ સર્વેનાં મૂળ શોધાવાં જોઈએ.

**વૃત્તિ**– મૂળ કૃતિ ઉપર કે પછી એની આ સ્વોપજ્ઞ વૃત્તિ ઉપર 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ આ રચ્યાનું મનાય છે **જૈ. ગ્રં.** (પૃ. ૧૦૭)માં આ ન્યાયાચાર્યને **છન્દશ્ચૂડામણિટીકા**ના કર્તા કહ્યા છે.

**ટીકા**-આના રચનાર **વર્ધ**માનસૂરિ છે.

P. ૧૪૯ [2]**રત્નમંજૂષા**- આ અજ્ઞાતકર્તૃક [3]સૂત્રાત્મક સંસ્કૃત છંદઃશાસ્ત્રમાં 'વૈદિક' છંદોને સ્થાન અપાયું નથી. સામાન્ય રીતે **પિં**ગલના **છંદઃશાસ્ત્ર**ને અનુસરતી આ કૃતિ આઠ અધ્યાયોમાં વિભક્ત કરાયેલી છે. આ કૃતિમાં કેટલાક છંદો એવા છે કે જે પિંગલના છંદઃશાસ્ત્રમાં કે કેદારકૃત **વૃત્તરત્નાકર**માં જોવાતાં નથી, પરંતુ હૈમ **છંદોઽનુશાસન**માં નજરે પડે છે. આ બાબતને તેમજ એની ઉપર કોઈક જૈને ટીકા રચી છે એને લક્ષ્યમાં રાખી પ્રો. **વે**લણકરે પ્રસ્તુત કૃતિના કર્તા 'જૈન' હોવાની સંભાવના કરી છે.

પ્રથમ અધ્યાયમાં ગ્રંથકારે કામમાં લીધેલી વિવિધ સંજ્ઞાઓનું નિરૂપણ છે. **પિં**ગલે છંદઃશાસ્ત્રમાં મ્, ય્, ર્, સ્, ત્, જ્, ભ્, અને ન્ એમ અક્ષર-ગણો માટે આઠ ચિહ્ન વાપર્યાં છે જ્યારે અહીં એ માટે અનુક્રમે **ક્, ચ્, ત્, પ્, શ્, ષ્, સ્** અને **હ્** એમ આઠ વ્યંજનોનો તેમજ **આ, એ, ઔ, ઈ, અ, ઉ, ઋ** અને **ઇ** એમ આઠ સ્વરોનો આમ બે રીતે ચિહ્નોનો ઉલ્લેખ કરાયો છે. વળી બે દીર્ઘ અક્ષર માટે ય્, એક હ્રસ્વ માટે **લ્**, બે હ્રસ્વ માટે **વ્**, એક દીર્ઘ અક્ષર માટે **મ્** અને એક હ્રસ્વ અક્ષર માટે **ન્**ની યોજના કરાઈ છે. આ ઉપરાંત ૧, ૨, ૩, ૪ ઇત્યાદિ અંક દર્શાવવા માટે **દ, દા, દિ, દી** ઇત્યાદિનો અને કેટલીક વાર એમાં 'ણ્'નો પ્રક્ષેપ કરીને ઉપયોગ કરાયો છે. જેમકે દ = દણ્ = ૧; દા = દાણ્ = ૨ ઇત્યાદિ.

બીજા અધ્યાયમાં આર્યા, ગીતિ, આર્યાગીતિ, ગલિતક તેમજ 'ઉપચિત્રક' વર્ગનાં અર્ધસમવૃત્તોનાં લક્ષણ અપાયાં છે.

ત્રીજા અધ્યાયમાં વૈતાલીય, માત્રાવૃત્તોના 'માત્રાસમક' વર્ગો, ગીત્યાર્યા, વિશિખા, કુલિક, [4]નૃત્યગતિ અને [5]નટચરણનાં લક્ષણો રજૂ કરાયાં છે.

---

૧. એમાંનો એક દૂહો પાઠભેદપૂર્વક **સિ. હે.** (અ. ૮, સૂ. ૩૯૫)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં જોવાય છે.

૨. આનું અજ્ઞાતકર્તૃક ભાષ્ય સહિતનું સંપાદન ભોજ-પત્ર ઉપર લખાયેલી બે કાનડી હાથપોથીના આધારે પ્રો. હરિ દામોદર **વે**લણકરે અંગ્રેજી પ્રસ્તાવના અને ટિપ્પણો સહિત કર્યું છે અને એ "ભારતીય જ્ઞાનપીઠ" કાશીથી ઈ. સ. ૧૯૪૯માં "સભાષ્ય રત્નમંજૂષ"ના નામથી પ્રસિદ્ધ થયું છે. એમાં અંતમાં ભાષ્યગત પદ્યોની અનુક્રમણિકા તેમજ છંદોની સૂચી એમ બે પરિશિષ્ટ છે.

૩. બધાં મળીને ૨૬ + ૨૮ + ૨૦ + ૩૭ + ૩૮ + ૩૪ + ૧૯ = ૨૩૦ સૂત્રો છે.

૪-૫. "નટચરણ્ અને નૃત્યગતિ" નામનો મારો લેખ "જૈ. ધ. પ્ર." (પુ, ૬૬, અં. ૧૧)માં છપાયો છે. આ બેનાં લક્ષણ હૈમ **છંદોઽનુશાસન** સિવાય અન્યત્ર હોય એમ જાણવામાં નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોથા અધ્યાયમાં વિષમ વૃત્તના ત્રણ વર્ગો નામે (૧) ઉદ્દ્ગીતા, (૨) દામાવારા યાને પદચતુરૂર્ધ્વ અને (૩) અનુષ્ટુભ્ વક્ત્રનો વિચાર કરાયો છે. P. ૧૫૦

અ. ૫-૭માં તમામ વર્ણ-વૃત્તોનું નિરૂપણ છે. લગભગ ૮૫ વૃત્તોને છ છ અક્ષરવાળાં ચાર ચરણોથી યુક્ત 'ગાયત્રી'થી માંડીને 'ઉત્કૃતિ' સુધીના ૨૧ વર્ગમાં વિભક્ત કરી એનો અહીં વિચાર કરાયો છે. આ લગભગ ૮૫ વૃત્તો પૈકી ઓછામાં ઓછાં ૨૧ વૃત્તોની નોંધ **પિંગલે** કે **કેદારે** લીધી નથી. વળી **પિંગલે** વર્ણવેલાં વૃત્તો પૈકી સોળેકનો ઉલ્લેખ આ **રત્નમંજૂષા**માં જણાતો નથી.

પાંચમા અધ્યાયના પ્રારંભમાં સમસ્ત વર્ણવૃત્તો સમાન, પ્રમાણ અને વિતાન એમ ત્રણ વર્ગમાં વિભક્ત કરાયા છે, પણ અ. ૫-૭માં અપાયેલાં તમામ વૃત્તો 'વિતાન' વર્ગના છે. એકવીસે વર્ગના વૃત્તોનું આવું વિભાજન અન્યત્ર-હૈમ **છંદોऽનુશાસન**માં યે જોવાતું નથી. એથી એ એની વિશિષ્ટતા ગણાય.

આઠમા અધ્યાયમાં (૧) પ્રસ્તાર, (૨) નષ્ટ, (૩) ઉદ્દિષ્ટ, (૪) લગક્રિયા, (૫) સંખ્યાન અને (૬) અધ્વન્ એમ છ પ્રકારના [1]પ્રત્યયોનું નિરૂપણ છે.

**ભાષ્ય**–આના કર્તાનું નામ જાણવામાં નથી, પરંતુ એઓ જૈન છે એ વાત તો મંગલાચરણ ઉપરથી તેમજ આ ભાષ્યમાં અપાયેલાં કેટલાંક ઉદાહરણો વિચારતાં તરી આવે છે. લગભગ ૮૫ ઉદાહરણો પૈકી ૪૦ તે તે છંદના નામસૂચક છે. **અભિજ્ઞાન-શાકુંતલ** (અંક ૧, શ્લો. ૩૩), P. ૧૫૧ **પ્રતિજ્ઞાયૌગંધરાયણ** (૨, ૩) ઇત્યાદિ ઉદ્ધૃત કરાયાં છે. ત્રણેક વાર ભાષ્યમાં સૂત્રકારનો 'આચાર્ય' તરીકે નિર્દેશ છે. અ. ૮ના અંતિમ ઉદાહરણમાં **પુન્નાગચન્દ્ર**નો 'ખંડમેરુ' પ્રસ્તારના રચયિતા તરીકે ઉલ્લેખ છે.

**છંદોરત્નાવલી** (લ. વિક્રમની ૧૩મી સદી)- આના કર્તા 'વેણી-કૃપાણ' **અમરચન્દ્રસૂરિ** છે. એમણે આ ૭૦૦ શ્લોક જેવડી કૃતિ **પિંગલાદિ**ના આધારે રચી અને નવ અધ્યાયમાં વિભક્ત કરી એ દ્વારા નીચે મુજબના વિષયો ચર્ચ્યા છે :-

સંજ્ઞા, સમવૃત્ત, અર્ધસમવૃત્ત, વિષમવૃત્ત, માત્રાવૃત્ત, પ્રસ્તારાદિ, પ્રાકૃત છંદ, ઉત્સાહાદિ, ષટ્પદી, ચતુષ્પદી અને દ્વિપદી.

આ કૃતિમાં અનેક ઉદાહરણો અપાયાં છે. એમાં પાઇય પદ્યો પણ ઘણાં છે. આ કૃતિનો ઉલ્લેખ ગ્રંથકારે જાતે પોતાની **કાવ્યકલ્પલતાવૃત્તિ**માં કર્યો છે. [આ અદ્યાવધિ અપ્રગટ છે.]

**છન્દોऽનુશાસન** (લ. વિ. સં. ૧૩૫૦)- પાંચ અધ્યાયની આ કૃતિના કર્તા **નેમિ**ના પુત્ર **વાગ્ભટ** છે. એમણે પોતાના **કાવ્યાનુશાસન**ની સ્વોપજ્ઞ ટીકા (પૃ. ૧૫)માં આનો ઉલ્લેખ કર્યો છે. **પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રંથસૂચી** (ભા. ૧, પૃ. ૧૧૭)માં આ **છંદોऽનુશાસન**માંથી અવતરણ અપાયું છે. આ કૃતિ ઉપર **વાગ્ભટે** જાતે વૃત્તિ રચી છે. [આ અપ્રગટ છે.]

**નંદિતાઢ્ય-વૃત્તિ**–આ [2]**નંદિયડ્ઢ**ના [3]**ગાહાલક્ખણ** ઉપરની **રત્નચન્દ્ર**કૃત સંસ્કૃત વૃત્તિ છે.

---

૧. આનો વિસ્તારથી વિચાર પ્રો. વેલણકરે **વિરહાંક**કૃત **વૃત્તજાતિસમુચ્ચય** (૫-૬)ની પ્રસ્તાવનામાં કર્યો છે. જુઓ ઈ. સ. ૧૯૩૨માં છપાયેલ "JBBRAS" (Vol. 18).

૨-૩. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૬૨-૬૪).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**છંદ:કોશટીકા**– 'નાગપુરીય તપા' ગચ્છના **હેમતિલકસૂરિ**ના શિષ્ય **રત્નશેખરસૂરિ**એ ૭૪ ગાથામાં પાઇયમાં [1]**છન્દકોસ** નામની જે કૃતિ રચી છે તેના ઉપર આ ટીકા **રાજરત્ન**ના શિષ્ય **ચંદ્રકીર્તિ**એ રચી છે.

P. ૧૫૨ **છન્દ:શાસ્ત્ર**- આના કર્તા **રામવિજયગણિ** છે.

**છન્દસ્તત્ત્વ**- 'અંચલ' ગચ્છના **ધર્મનંદનગણિ**ની આ કૃતિ છે. એમણે એના ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી છે. [આની પ્રત છાણીના જ્ઞાનભંડારમાં છે.]

**છન્દ:શેખર**- આના કર્તા **રાજ**(જય ?) શેખર છે.

**રત્નમંજૂષા યાને છંદોવિચિતિ**- આ અજ્ઞાતકર્તૃક કૃતિ બાર વિભાગમાં વિભક્ત છે અને એના ઉપર કોઈકની ટીકા છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૨૭)માં કહ્યું છે. શું આ સંસ્કૃત કૃતિ છે ? [આ સંસ્કૃતમાં ૨૩૦ સૂત્રમય રચના આઠ અધ્યાયમાં વિભક્ત છે. ગ્રંથકાર ક.સ. **હેમચન્દ્રસૂરિ**થી પ્રભાવિત છે.]

**છન્દોડલંકાર**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એના ઉપર કોઈકનું ટિપ્પણ છે.

**છન્દ:સુંદરટીકા**– આ કોઈની **છન્દ:સુંદર** ઉપરની ટીકા હોય એમ લાગે છે.

**અજિતશાંતિછંદોવિવરણ**– **નંદિષેણ**કૃત **અજિયસંતિથય** જે વિવિધ છંદોમાં રચાયું છે. એ છંદોનાં લક્ષણ આ કૃતિમાં અપાયાં હશે.

**ગાથારત્નકોશ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. શું એ સંસ્કૃતમાં છે ?

**ગાથારત્નાકર**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. શું એ સંસ્કૃતમાં છે ?

**છંદ (? દો) રૂપક**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

**પિંગલસારોદ્ધાર**– ૫૫૯ શ્લોક જેવડી આ કૃતિ **પિંગલ**કૃત છંદોવિષયક કૃતિના સારરૂપ હશે. જો તેમજ હોય તો આનો ઉલ્લેખ પ્ર. ૧૭માં થવો ઘટે.

**સંગીતસહપિંગલ**- આ નામ વિચિત્ર જણાય છે.

[**આર્યાસંખ્યાઉદ્દિષ્ટનષ્ટવર્તનવિધિ**– કર્તા **સમયસુન્દર** જિ. ર. કો. **છન્દોદ્વાત્રિંશિકા**- **શીલ**શેખરગણિ- આની હ. લિ. પ્રત લા. દ. વિદ્યામંદિરમાં છે. **વૃતમૌક્તિક**- ઉપા. **મેઘ**વિજયગણિ. (જૈ. સ. પ્ર. વર્ષ ૧૨/અંક ૫-૬). **પિંગલશિરોમણિ**- ખરતરગચ્છીય **કુ**શલલાભ. (વિશેષ માટે જુઓ. જૈનચાર્યોં કા છંદ:શાસ્ત્રકો અવદાન "લે. કુ. **મ**ધુમાલિકા પ્ર. શ્રમણ ૨૦૦૨ જુલાઈ-ડિસેંબર")]

Wall Painting of Rajasthan By Y. K. Shukla. એલ. ડી. સિરિજ-૭૪

Panorama of Jain Art. લે. સી. શિવરામમૂર્તિ "ભારતીય જ્ઞાનપીઠ."

**યશોધરચરિતકી** સચિત્ર પાંડુલિપિમાં ડૉ. કમલાગર્ગ. "ભારતીયજ્ઞાનપીઠ"

૧. આના પરિચય જુઓ **પા. ભા. સા.** (પૃ. ૬૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૫૩

# પ્રકરણ ૬ : [1]અલંકારશાસ્ત્ર (કાવ્યશાસ્ત્ર)

**અલંકાર એટલે ?** – 'અલંકાર' એ અનેકાર્થી શબ્દ છે. એના (૧) ઘરેણું, (૨) શણગાર, (૩) શબ્દની અથવા અર્થની ચમત્કૃતિવાળી રચના અને (૪) તાન કે આલાપમાં વપરાતી સ્વરોની મધુર ગૂંથણી એ ચાર અર્થ ગુજરાતીમાં સુપ્રસિદ્ધ છે. 'અલંકાર' એ મૂળે સંસ્કૃત શબ્દ છે. એના અહીં અપાયેલા પહેલા ત્રણ અર્થ ઉપરાંત **અલંકાર**નું શાસ્ત્ર એવો પણ એનો અર્થ સંસ્કૃત ભાષામાં કરાય છે. અહીં ગુજરાતીમાં અપાયેલા પહેલા બે અર્થો તેમજ ચોથો અર્થ પ્રસ્તુત નથી. વિશેષમાં 'અલંકાર'થી કેવળ શબ્દાલંકાર, અર્થાલંકાર કે શબ્દાર્થાલંકાર એટલા જ વિષયનું નિરૂપણ કરનાર શાસ્ત્ર એવો સંકુચિત અર્થ કરવાનો નથી. તેમ બીજી બાજુએ નાટ્યશાસ્ત્રનો એમાં સમાવેશ કરવાનો નથી, જોકે કેટલીક વાર તેમ કરાય છે.[2] કહેવાની મતલબ એ છે કે કાવ્યનાં પ્રયોજન, કાવ્ય-હેતુ કે કાવ્યનું લક્ષણ, રસની નિષ્પત્તિ, રસની સંખ્યા, ગુણો, દોષો, રીતિઓ, વૃત્તિઓ, ઉપમા વગેરે અલંકારો, કવિ-સમય ઇત્યાદિ બાબતોમાંથી થોડીક કે બધી બાબતોનો વિચાર કરનારી જૈન કૃતિઓ અત્ર અભિપ્રેત છે.

[3]**આગમોમાં અલંકારો**– જેમ સામાન્ય રીતે દેહ સુંદર હોય છતાં એને અલંકાર વડે વિભૂષિત P. ૧૫૪ કરાય છે એમ ભાષા પણ સાદી હોય તેના કરતાં એ શબ્દાલંકાર કે અર્થાલંકાર વડે વિભૂષિત હોય તો સાહિત્યને અનુરૂપ ગણાય. આગમો વગેરે જૈન કૃતિઓનો સાહિત્યમાં સમાવેશ થાય છે. એટલે એમાં આપણને ઉપમા, અર્થાન્તરન્યાસ, શૃંખલાયમક ઇત્યાદિ અલંકારોથી વિભૂષિત લખાણ જોવાનું મળે છે એ સ્વાભાવિક છે.

જૈનોનું આ વિષયને અંગેનું ઉપલબ્ધ સાહિત્ય વિચારતાં એમ જણાય છે કે **વિક્રમ**ની નવમી સદીની પૂર્વે કોઈ જૈન ગ્રંથકારે અલંકારશાસ્ત્ર (કાવ્યશાસ્ત્ર)ને અંગે સ્વતંત્ર કૃતિ રચી હોય એમ જણાતું નથી એટલું જ નહિ પણ કોઈ અજૈન કૃતિના વિવરણરૂપે પણ કશી રચના કરી જણાતી નથી. બારમી સદીથી તો આમાં વિશેષ પલટો આવે છે. 'થારાપદ્રીય' ગચ્છના **ન**મિસાધુ રુદ્રટકૃત **કાવ્યાલંકાર** ઉપર વિ.સં. ૧૧૨૫માં ટીકા રચે છે. એમને હાથે આ દ્વાર ખૂલતાં આગળ ઉપર આ માર્ગે અન્ય જૈન લેખકો વિવરણકાર તરીકે વિહરે છે. એ દરમ્યાનમાં **વા**ગ્ભટ અને 'કલિ.' **હે**મચન્દ્રસૂરિ જેવા તો મહત્ત્વની સ્વતંત્ર કૃતિ પણ રચે છે.

**કવિશિક્ષા** (લ. વિ. સં. ૮૫૦)- આના કર્તા [4]**બ**પ્પભટ્ટિસૂરિ (વિ. સં. ૮૦૦-૮૯૫) છે એમ

---

૧. આને અંગે મેં ''અલંકારશાસ્ત્ર સંબંધી જૈન કૃતિઓ'' નામના મારા લેખમાં એ કૃતિઓનો અકારાદિ ક્રમે વિચાર કર્યો છે. એ લેખ ''જૈ. ધ. પ્ર.''માં આઠ કટકે છપાયો છે. જુઓ એ માસિક (પુ. ૭૦, અં. ૧, ૪, ૫ અને ૧૨ તથા પુ. ૭૧, **અં.** ૨, ૩-૪, ૫ અને ૬).

૨. ઈ. સ. ૯૦૦થી કંઈક પહેલાના વખતમાં 'કાવ્ય-શાસ્ત્ર'એ અર્થમાં 'સાહિત્ય' શબ્દ વપરાતો હતો.

૩. આગમોમાં ક્યાં ક્યાં કયા કયા અલંકારો દૃષ્ટિગોચર થાય છે એની એક કાચી નોંધ મેં કરી છે. એ પાકી થાય અને છપાય તે પૂર્વે આ વિષયના વિશિષ્ટ અભ્યાસીને હાથે આ બાબત રજૂ થશે તો તેથી મને આનંદ થશે.

૪. એમણે **તારાગણ** નામનું કાવ્ય રચ્યું છે તે મળતું નથી. એમની **ચતુર્વિંશતિકા**નું મેં સંપાદન કર્યું છે અને એ ''આ. સ.'' તરફથી ઈ. સ. ૧૯૨૬માં છપાવાયું છે. ['તારાયણ'ના નામે આનું સંપાદન હરિવલ્લભ ભાયાણીએ કર્યું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૫૫ **વિનયચંદ્રસૂરિકૃત** **કવિશિક્ષા**[1] જોતાં જણાય છે. આ અનુમાન સાચું હોય તો **કવિશિક્ષા** નામની પાંચ કૃતિઓ ગણાય. આ પૈકી એકનો તો અહીં નિર્દેશ થાય જ છે. બાકીની ચાર પૈકી એકના કર્તા જયમંગલસૂરિ છે, બીજાના **અમરચન્દ્રસૂરિ** છે, ત્રીજાના **વિનયચન્દ્રસૂરિ** છે ચોથાના [2]**વાગ્ભટના** પુત્ર [3]**દેવસેન** છે.

[4]**શૃંગારમંજરી** (લ. વિ. સં. ૧૦૧૦)- આ ૧૨૮ પદ્યોની કૃતિ અજિતસેને ઇ.સ.ની દસમાં સદીના ઉત્તરાર્ધમાં રચી છે. એ અલંકારશાસ્ત્રની સામાન્ય કૃતિ છે. આની નોંધ કૃષ્ણમાચારિઅરે HCSL (p. 752)માં લીધી છે. આની એક હાથપોથી અહીંના (સુરતના) વડા ચૌટાના ભંડારમાં હોવાનો ઉલ્લેખ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૬)માં છે.

[5]**વાગ્ભટાલંકાર**- (લ. વિ. સં. ૧૧૯૦)આના કર્તા **વાગ્ભટ** પહેલા છે. એમનું પાઇય નામ **બાહડ** છે. એઓ **સિદ્ધરાજના** સમકાલીન અને એમના દ્વારા સન્માનિત વિદ્વાન છે. એમના પિતાનું નામ [6]સોમ છે અને એઓ મહામંત્રી હતા. **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૪૭૨ અને ૬૭૪) પ્રમાણે **વાગ્ભટ** વિ. સં. ૧૧૭૯થી ૧૨૧૩ સુધી વિદ્યમાન હતા. એ ઉપરથી જો આ જ **વાગ્ભટ** અત્ર પ્રસ્તુત હોય તો એમની આ કૃતિ વિ. સં. ૧૧૮૧થી ૧૨૦૦ના ગાળામાં રચાઈ હશે. એમણે આ **વાગ્ભટાલંકાર** પાંચ પરિચ્છેદોમાં
P. ૧૫૬ રચ્યો છે. એમાં એકંદર ૨૬૦ પદ્યો છે. એમાંનાં ઘણાંખરાં પદ્યો 'અનુષ્ટુભ્' છંદમાં છે. પ્રત્યેક પરિચ્છેદનું અંતિમ પદ્ય ભિન્ન છંદમાં છે. ત્રીજા પરિચ્છેદમાં 'ઓજસ્' ગુણને અંગેનું લખાણ ગદ્યમાં છે. આ બાદ કરતાં તમામ લખાણ પદ્યમાં છે.

**વિષય**– પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનું લક્ષણ, કાવ્યની રચનામાં હેતુ તરીકે પ્રતિભાનો ઉલ્લેખ, પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસની વ્યાખ્યા, કાવ્ય રચવા માટેના અનુકૂળ પ્રસંગો અને કવિઓને પાળવાના નિયમો એમ વિવિધ બાબતો રજૂ કરાઈ છે.

બીજા પરિચ્છેદમાં કહ્યું છે કે કાવ્ય સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભૂતભાષા એમ ચાર ભાષામાં રચી શકાય. કાવ્યના છંદોનિબદ્ધ અને અછંદોનિબદ્ધ એ બે પ્રકારો અને પદ્ય, ગદ્ય અને મિશ્ર એમ એના ત્રણ પ્રકારો પણ પડાયા છે. વિશેષમાં અહીં પદ, વાક્ય અને અર્થના દોષોનો વિચાર કરાયો છે.

ત્રીજા પરિચ્છેદમાં દસ ગુણોની વ્યાખ્યા આપી એનું વિવરણ કરાયું છે.

ચોથા પરિચ્છેદમાં શબ્દાલંકારના (૧) ચિત્ર, (૨) [7]વક્રોક્તિ, (૩) અનુપ્રાસ અને (૪) યમક એ ચાર પ્રકારોનો, અર્થાલંકારના ૩૫ પ્રકારોનો તેમજ વૈદર્ભી અને ગૌડી એ બે રીતિનો વિચાર કરાયો છે.

---

૧. આ કવિશિક્ષાના પરિચય માટે જુઓ પૃ. ૧૭૧

૨-૩. જુઓ **પત્તન. સૂચી** (ભા. ૧)ની પ્રસ્તાવનાનું પૃ. ૪૮.

૪. **શૃંગારચન્દ્રિકા** એ **વિજયવર્ણીની** કૃતિ' છે એમ **સ્વયંભૂસ્તોત્રની** હિંદી પ્રસ્તાવના (પૃ. ૮૮)માં ઉલ્લેખ છે તો શું આ કોઈ અલંકારશાસ્ત્રની કૃતિ છે ?

૫. આ કૃતિ **સિંહદેવગણિકૃત** વ્યાખ્યા સાથે "કાવ્યમાલા" (૪૮)માં ઈ.સ. ૧૯૦૩માં પ્રસિદ્ધ થઈ છે. મૂળ કૃતિની અન્ય આવૃત્તિની ડૉ. એસ. કે. ડે કૃત History of Sanskrit Poetics (Vol. I, p. 208) માં નોંધ છે.

૬. કેટલાકને મતે ઉદયન (મંત્રી) છે.

૭. "વક્રોક્તિની વણજાર" નામનો મેં એક લેખ લખ્યો છે. એ "ફા. ગુ. સ. ત્રૈ" માટે એના તંત્રીએ સ્વીકાર્યો છે પણ હજી સુધી તો છપાયો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચમા પરિચ્છેદમાં નવ રસોનું નિરૂપણ છે. નાયક અને નાયિકાના ભેદો તેમજ બીજી કેટલીક બાબતો પણ અહીં આલેખાઈ છે.

**ઉદાહરણો**—આ કૃતિમાં જે ઉદાહરણો અપાયાં છે તે કર્તાના પોતાનાં હોય એમ લાગે છે. કેટલાંક ઉદાહરણો પાઈયમાં છે. જુઓ ચોથા પરિચ્છેદના શ્લો. ૪૯, ૫૩, ૫૪, ૭૪, ૭૮, ૧૦૬, ૧૦૭ ને ૧૪૮. P. ૧૫૭ કર્નલ જેકબે સૂચવ્યું છે તેમ **વાગ્ભટ**કૃત **નેમિનિર્વાણમહાકાવ્ય**માંથી છ પદ્યો આ કૃતિમાં ઉદ્ધૃત કરાયાં છે.

**નેમિ-નિર્વાણ** (૭-૫૦)નો આ કૃતિમાં મહાયમકના ઉદાહરણ તરીકે ઉલ્લેખ છે. ચોથા પરિચ્છેદના શ્લો. ૪૫, ૭૬, ૮૧, ૮૫ અને ૧૩૨ (**સિદ્ધરાજ**) જયસિંહની પ્રશંસારૂપે છે.

**વાગ્ભટાલંકાર**ના ચોથા પરિચ્છેદમાં નિમ્નલિખિત પદ્ય છે :-

"ककाकुकङ्ककेकाङ्ककेकिकोकैककुः ककः ।
अकुकौकः काककाक ऋक्काकुकुककाक्ककुः ॥१२॥"

આના ટીકાકાર કહે છે કે **નેમિનિર્વાણ-મહાકાવ્ય**માં રાજીમતીના ત્યાગને લગતા અધિકારમાંનો સમુદ્રના વર્ણનરૂપ આ એક-વ્યંજનવાળો શ્લોક જાણવો, પરંતુ **નેમિનિર્વાણ-મહાકાવ્ય જે** "કાવ્યમાલા"માં છપાયું છે તેમાં તો આ જણાતો નથી.

આ **વાગ્ભટાલંકાર** ઉપર જૈનોએ તેમજ અજૈનોએ ટીકા રચી છે. તેમાંની જૈન ટીકાઓ નીચે મુજબ છે :-

(૧) [1]**વ્યાખ્યા**– આના કર્તા **સો**મસુંદરસૂરિના સંતાનીય **સિં**હદેવગણિ છે. આ ટીકા ૧૩૩૧ શ્લોક જેવડી છે.
(૨) **ટીકા**– 'તપા' ગચ્છના **વિશાલરાજ**ના શિષ્ય **સો**મોદયગણિએ આ ટીકા ૧૧૬૪ શ્લોક જેવડી રચી છે.
(૩) **ટીકા**– 'ખરતર' ગચ્છના **જિનપ્રભસૂરિ**ના સંતાનીય જિનતિલકસૂરિના શિષ્ય ઉપા. **રાજહંસ**ની આ રચના છે. આની એક હાથપોથી વિ. સં. ૧૪૮૬માં લખાયેલી છે.
(૪) [2]**ટીકા**– **જિન**રાજસૂરિના શિષ્ય **જિનવર્ધનસૂરિ**એ આ રચી છે. આની એક હાથપોથી વિ. સં. P. ૧૫૮ ૧૬૧૦માં લખાયેલી છે.
(૫) **વૃત્તિ**– આ ૨૯૫૬ શ્લોક જેવડી વૃત્તિ 'ખરતર' ગચ્છના **રત્ન**ધીરના વિનેય **જ્ઞાન**પ્રમોદગણિએ વિ. સં. ૧૬૮૧માં રચી છે.
(૬) **ટીકા**– આ ૧૬૫૦ શ્લોક જેવડી ટીકા **સમયસુંદર**ગણિએ વિ. સં. ૧૬૯૨માં રચી છે.
(૭) **ટીકા**– આના કર્તા **ક્ષે**મહંસગણિ છે.
(૮) **ટીકા**– આના કર્તા **કુ**મુદચન્દ્ર છે.
(૯) **ટીકા**– આના કર્તા તરીકે **વર્ધ**માનસૂરિનો ઉલ્લેખ કરાય છે પણ આ વાત શંકાસ્પદ છે.
(૧૦) **ટીકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.
[(૧૧) **ટીકા**– ખરતરગચ્છીય સાધુકીર્તિએ ૧૭મી સદીમાં રચી છે. (૧૨) જ્ઞાનપ્રમોદિકા– પ્ર. લા. દ. વિદ્યા.]

૧. આ કાવ્યમાલા (૪૮)માં પ્રકાશિત છે જઓ પૃ, ૧૫૫.
૨. આ "ગ્રંથમાલા"માં ઈ. સ. ૧૮૮૯-૯૦માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ તો શ્વેતાંબરીય ટીકાઓ છે. દિ. **વાદિરાજે** પણ એક ટીકા રચી છે. આ ઉપરાંત **કૃષ્ણશર્મા**, **ગણેશ** વગેરે અજૈનોએ પણ આ **વાગ્ભટાલંકાર** ઉપર ટીકાઓ રચી છે.

**વાગ્ભટાલંકારની ટિપ્પની**– આ ટિપ્પની **બાલચંદ્રે** રચી છે અને એની 'કન્નડ' લિપિમાં લખાયેલી એક હાથપોથી મળે છે એમ **ક. તા. ગ્રં.** (પૃ. ૧૩૭)માં ઉલ્લેખ છે. આ **બાલચન્દ્ર** દિ છે ?

**બાલાવબોધ–સટ્ઠિસયગપયરણ**ના કર્તા જૈન ગૃહસ્થ મારવાડી **નેમિચન્દ્ર** ભંડારીએ એક બાલાવબોધ રચ્યો છે.

'ખરતર' ગચ્છના [1]**મેરુસુંદરે** પણ વિ. સં. ૧૫૩૫માં બાલાવબોધ રચ્યો છે. એમાં પ્રારંભમાં પાંચ
P. ૧૫૯ પદ્યો અને અંતના બે પદ્યો સંસ્કૃતમાં છે. આ બાલાવબોધમાં મૂળનું સંસ્કૃતમાં કટકે કટકે વિવરણ છે અને [2]સાથે સાથે ગુજરાતીમાં સમજૂતી છે.[3]

અલંકારશાસ્ત્રની સંસ્કૃતમાં રચાયેલી કૃતિઓના ગુજરાતી બાલાવબોધ બહુ થોડા મળ્યા છે. એ હિસાબે આ બે બાલાવબોધ મહત્ત્વના ગણાય.

[4]**કાવ્યાનુશાસન** (ઉ.વિ.સં. ૧૧૯૮)- આના પ્રણેતા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** છે. આ નામની એક બીજી કૃતિ છે, પરંતુ એના કર્તા તો એમના પછી થયેલા જૈન ગૃહસ્થ **વાગ્ભટ** છે.

P. ૧૬૦ **નામ**– 'કાવ્યાનુશાસન' એ મૂળ [5]સૂત્રાત્મક કૃતિનું નામ છે કે એની અ. ચૂ. નામની ટીકા સહિત મૂળનું નામ છે ? આવો પ્રશ્ન આની હાથપોથીઓ અને **વિવેક** જોતાં ઉદ્ભવે છે. આના ઉત્તર તરીકે ડૉ. **આનંદશંકર** બા. ધ્રુવે કહ્યું છે કે **હેમચન્દ્રાચાર્યે** પ્રથમ સૂત્ર રચી એને **કાવ્યાનુશાસન** નામ આપ્યું અને પછી એના ઉપર સ્પષ્ટીકરણાર્થે વૃત્તિ રચી તેને **અલંકારચૂડામણિ** કહી અને આ બંને મળીને કાવ્યના અનુશાસન એટલે કે શાસ્ત્રની ગરજ સારશે એવો ઈરાદો રાખ્યો.

---

૧. એમણે **સટ્ઠિસયગપયરણ**ની જેમ **વિદગ્ધમુખમંડન**નો પણ બાલાવબોધ રચ્યો છે.

૨. આનો અર્થ એ નથી કે ચુણ્ણિના લખાણની જેમ આ લખાણ મિશ્રભાષામય છે.

૩. આનો નમૂનો ''ષષ્ટિશતક પ્રકરણ''ની પ્રસ્તાવના (પૃ. ૧૬-૨૦)માં ડૉ. **સાંડેસરાએ** આપ્યો છે. એના પૃ. ૧૮માં બે મુદ્રણદોષ હોય એમ લાગે છે.

૪. આ કૃતિ **અલંકાર-ચૂડામણિ** તેમજ **વિવેક** સહિત ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ''કાવ્યમાલા'' (૭૦)માં ઈ.સ. ૧૯૦૧માં છપાઈ છે. [''પ્રવચનપ્રકાશન'' પુનાથી પુનર્મુદ્રણ થયું છે.] ત્યાર બાદ આ કૃતિ **અ. ચૂ.**, **વિવેક** અને તાડપત્ર ઉપર લખાયેલા અજ્ઞાતકર્તૃક ટિપ્પણ તેમજ પાઇય પદ્યોની સંસ્કૃત છાયા, છ અનુક્રમણિકાઓ તથા ડૉ. **આનંદશંકર** બાપુભાઈ ધ્રુવની ''પૂર્વ-વચનિકા'' પૂરતા લખાણ સહિત પ્રથમ ખંડ તરીકે છપાઈ છે અને શ્રી **રસિકલાલ** છો. પરીખના અંગ્રેજી ઉપોદ્ઘાત અને પ્રો. રામચન્દ્ર **આથવલેના** અંગ્રેજી ટિપ્પણ પૂરતું લખાણ બીજા ખંડ તરીકે છપાયું છે. આ બંને ''શ્રીમહાવીર જૈન વિદ્યાલય'' તરફથી મુંબઈથી ઈ.સ. ૧૯૩૮માં-એક જ વર્ષમાં પ્રસિદ્ધ કરાયા છે. [આનું પુનઃ પ્રકાશન વી. એમ. **કુલકર્ણીના** માર્ગ દર્શન મુજબ મ. જૈ. વિ. એ કર્યું છે.]
ઉપર્યુક્ત છ અનુક્રમણિકામાં પહેલી **અ. ચૂ.**ગત અને **વિવેક**ગત ઉદાહરણોને લગતી છે. બીજી અનુક્રમણિકા પ્રમાણરૂપ ઉદ્ધૃત કરાયેલા સંદર્ભોની છે. ત્રીજી સૂત્રોને અંગેની છે. ચોથી, બે વૃત્તિમાં નિર્દેશાયેલાં ગ્રંથો અને ગ્રંથકારોની સૂચીરૂપ છે. પાંચમી સંપાદકે નિર્દેશેલા ગ્રંથોને લગતી છે. છઠ્ઠી વિશિષ્ટ શબ્દોની સૂચીરૂપ છે.

૫. સૂત્ર પૂરતી આ કૃતિ **હે. કુ.** (પૃ. ૨૨૫-૨૪૦)માં પ્રકાશિત થયેલી જુઓ પૃ. ૩૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાવ્યાનુશાસન** એ વિશેષનામ છે કે પુસ્તકનું પરિચયાત્મક નામ છે ? જેમ **શબ્દાનુશાસનનું સિદ્ધહેમચન્દ્ર** એવું વિશેષનામ છે એવી રીતે કાવ્યના શાસ્ત્રનું પણ કોઈ વિશેષનામ હોવું જોઈએ એમ વિદ્વાનો સૂચવે છે.

**વિભાગ**– મૂળ કૃતિ આઠ અધ્યાયોમાં વિભક્ત છે. પ્રારંભમાં બે પદ્યો છે. એને કેટલાક એકેક સૂત્ર ગણે છે. એ હિસાબે પ્રથમ અધ્યાયમાં ૨૫ (૨૩ + ૨) સૂત્ર છે. બાકીના અધ્યાયોનાં સૂત્રની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :-

૫૯, ૧૦, ૯, ૯, ૩૧, ૫૨ અને ૧૩. આમ એકંદરે ૨૦૮ (૨૦૬ + ૨) સુત્રો છે.

**વિષય**– પ્રથમ અધ્યાયમાં કાવ્યના પ્રયોજન, કાવ્યનો હેતુ, કાવ્યનું લક્ષણ, શબ્દ અને અર્થનું સ્વરૂપ તેમજ મુખ્ય, ગૌણ, લક્ષ્ય અને વ્યંગ્ય એમ ચાર જાતના અર્થ એમ વિવિધ બાબતો વિચારાઈ છે.

બીજા અધ્યાયમાં રસનું તેમજ સ્થાયી, વ્યભિચારી અને સાત્ત્વિક ભાવોનું નિરૂપણ છે. વિશેષમાં P. ૧૬૧ રસાભાસ અને ભાવાભાસની ચર્ચા પછી છેલ્લાં ચાર સૂત્રોમાં કાવ્યના ઉત્તમાદિ ત્રણ પ્રકારો વિચારાયા છે.

ત્રીજા અધ્યાયમાં શબ્દ, વાક્ય, અર્થ અને રસના દોષો વિષે વિચાર કરાયો છે.

ચોથા અધ્યાયમાં ગુણો ચર્ચાયા છે.

પાંચમાં અધ્યાયમાં અનુપ્રાસ, યમક, [1]ચિત્ર, શ્લેષ, વક્રોક્તિ અને પુનરુક્તાભાસ એ છ જાતના શબ્દાલંકારનો અધિકાર છે.

છઠ્ઠા અધ્યાયમાં 'સંકર' સહિત ૨૯ અર્થાલંકારનું નિરૂપણ છે, જ્યારે **મમ્મટે** ૬૧ અર્થાલંકારો વિષે વિવેચન કર્યું છે અને **ભોજે સરસ્વતીકંઠાભરણ**માં ૨૪ શબ્દાલંકારો, ૨૪ અર્થાલંકારો અન ૨૪ શબ્દ અને અર્થ એ ઉભયને લગતા અલંકારો (ઉભયાલંકારો) વર્ણવ્યા છે.

'કલિ.' **હેમચન્દ્રસૂરિએ** સ્વભાવોક્તિને બદલે 'જાતિ' શબ્દ અને અપ્રસ્તુત-પ્રશંસાને બદલે 'અન્યોક્તિ' શબ્દ વાપરેલા છે.

સાતમા અધ્યાયમાં નાયક અને નાયિકાના ભેદો તેમજ પ્રતિનાયકનું સ્વરૂપ એ બાબતો હાથ ધરાઈ છે.

આઠમા અધ્યાયમાં પ્રેક્ષ્ય (દૃશ્ય) અને શ્રવ્ય એમ કાવ્યના બે પ્રકાર સૂચવી એના ઉપપ્રકારો સમજાવાયા છે.

**રચના-સમય–કાવ્યાનુશાસન**માં કુમારપાલ વિષે ઉલ્લેખ જણાતો નથી. એથી આ કૃતિ વિ. સં. ૧૧૯૯ પહેલાં રચાઈ હશે એમ અનુમનાય છે.

[2]**અલંકાર-ચૂડામણિ**– આ સૂત્રાત્મક **કાવ્યાનુશાસન**ની 'કલિ.' **હેમચન્દ્રસૂરિએ** રચેલી સ્વોપજ્ઞ P. ૧૬૨ ટીકા છે. **રયણાવલી** (વગ્ગ ૧)ના ત્રીજા પદ્યની સ્વોપજ્ઞ વૃત્તિમાં આ **હેમચન્દ્રસૂરિએ** જે **અલંકાર-**

૧. આના વિવિધ પ્રકારો છે. જેમકે સ્વર-ચિત્ર, વ્યંજન-ચિત્ર, આકાર-ચિત્ર, ગૂઢ-ચિત્ર ઇત્યાદિ.

૨. આ મહાવીરવિદ્યાલય, પ્રવચનપ્રકાશન, કાવ્યમાલા વ.માં પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચૂડામણિ**નો ઉલ્લેખ કર્યો છે તે આ જ છે. આ **અ. ચૂ.**નો અવતરણપૂર્વક ઉલ્લેખ **સિ. હે.** (૧-૧-૨૬) ઉપરના **બૃહન્ન્યાસ** ([1]પૃ. ૩૪)માં નીચે મુજબ કરાયો છે :-

''यदाह स्वोपज्ञालङ्कारचूडामणौ–वक्त्रादिवैशिष्ट्यादर्थस्यापि मुख्यामुख्यात्मनो व्यजकत्वम्''[2]

**અ. ચૂ.** ૨૮૦૦ શ્લોક જેવડી છે. આ સરળ છે અને એમાં વિવાદગ્રસ્ત વિષયો હાથ ધરાયા નથી. આમાં ૭૪૦ ઉદાહરણો છે અને ૬૭ પ્રમાણો અપાયાં છે.

અ. ૩ ઉપરની આ ટીકા અને ખાસ કરીને એના ઉપરનો **વિવેક** મનનીય છે. **અ. ચૂ.**માં પૃ. ૧૧૫, ૧૫૯ ને ૪૧૮માંનાં અવતરણો **શૃંગારતિલક**માંથી જ ઉદ્ધૃત કરાયાં હોય એમ લાગે છે. જો એ મૂળે આજ કૃતિનાં હોય તો આમ અવતરણ આપનાર તરીકે 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** પ્રથમ છે.

**અ. ચૂ.** (પૃ. ૨૧૪)માં **છંદોડનુશાસન**નો ઉલ્લેખ છે. અ. ૫, સૂ. ૫ને અંગેની **અ. ચૂ.** (પૃ. ૩૨૮)માં **તિલકમંજરી**નું દ્વિતીય પદ્ય ઉદ્ધૃત કરાયું છે.

P. ૧૬૩ અ. ૭ને અંગેની **અ. ચૂ.**માં નાયક નાયિકા અને પ્રતિનાયક વિષે વિસ્તૃત નિરૂપણ છે. એથી તો એને અંગેના **વિવેક**માં કશું વિશેષ કહેવાયું નથી. આ તૈયાર કરવા માટે **ધનંજય**ના દશરૂપકનો તેમજ **ભરત**ના **નાટ્યશાસ્ત્ર**નો અને એના ઉપરની **અભિનવગુપ્ત**કૃત ટીકાનો ઉપયોગ કરાયો છે.

અ. ૮, સૂ. ૩ને અંગેની **અ. ચૂ. ભરત**ના **નાટ્યશાસ્ત્ર** (અ. ૨૦)માંથી ઉતારા કરી સમૃદ્ધ બનાવાઈ છે.

[3]**વિવેક–કાવ્યાનુશાસન** તેમજ **અ. ચૂ.** એ બંનેને લક્ષીને અને કાવ્યશાસ્ત્રની ઝીણવટભરી વિગતો રજૂ કરવાના ઇરાદે આ વૃત્તિ 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**એ રચી છે. એમાં અનેક વિષયના મુદ્દાઓની છણાવટ છે. એમાં ૬૨૪ ઉદાહરણો અને ૨૦૧ પ્રમાણો અપાયાં છે.[4]

આ **વિવેક**માં બે સ્થળે-પૃ. ૭ અને ૪૬૨માં **છંદોડનુશાસન**ના ઉલ્લેખપૂર્વક અવતરણ અપાયાં છે. અ. ૫, સૂ. ૪ના **વિવેક** પૃ. (૩૧૭)માં ભગવદ્ગીતાના અ. ૧૫નું ૧૨મું પદ્ય ઉદ્ધૃત કરાયું છે. અ. ૨, સૂ. ૧ને લગતા **વિવેક** (પૃ. ૧૦૩)માં **ભરત**ના **નાટ્યશાસ્ત્ર** અને એના ઉપરની **અભિનવગુપ્ત**કૃત ટીકામાંથી પુષ્કળ મસાલો લેવાયો છે. રસનું નિરૂપણ કરતી વેળા આ ટીકામાંથી લગભગ અક્ષરશઃ લખાણ લેવાયું છે.

અ. ૩, સૂ. ૩ના **વિવેક** (પૃ. ૧૭૯-૧૯૯)માં દેશ અને કાળનો વિચાર કરતી વેળા **રાજશેખર**ની
P. ૧૬૪ **કાવ્યમીમાંસા**નો આશ્રય લેવાયો છે. પણ અહીં **રાજશેખર**ના નામનો ઉલ્લેખ જણાતો નથી. આનું શું કારણ હશે ? શું **રાજશેખરે** પણ એમના કોઈ પુરોગામી લેખકની કૃતિમાંથી આ ભાગ ઉદ્ધૃત કર્યો હશે ?

---

૧. આ પૃષ્ઠાંક શ્રી**વિજયલાવણ્યસૂરિ** દ્વારા સંપાદિત આવૃત્તિનો છે.

૨. આ પંક્તિ પૈકી ''मुख्यामुख्यात्मनः'' એટલો અંશ **અ. ચૂ.** (પૃ. ૫૮)- નો છે જ્યારે બાકીનો અંશ અ. ૧ના ૨૧મા સૂત્રરૂપે છે.

૩. આ મહાવીર જૈન વિદ્યાલય વ. દ્વારા પ્રકાશિત છે.

૪. આમ **અ. ચૂ.** સાથે આનો વિચાર કરતાં જુદા જુદા ગ્રંથકારોની કૃતિમાંથી લગભગ ૧૫૦૦ ઉદાહરણો અપાયાં છે. આ પૈકી કેટલીક કૃતિ તો નામશેષ બની છે. આ દૃષ્ટિએ પણ આનું મહત્ત્વ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અ. ૪, સૂ. ૧ના **વિવેક**માં પૃ. ૭૪, ૭૬-૭૮, ૮૦ અને ૮૨-૮૫માં **ભરત**ના, પૃ. ૭૪ અને ૭૫માં **મંગલ**ના, પૃ. ૭૫-૭૯ અને ૮૧-૮૭માં **વામન**ના અને પૃ. ૭૫, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૮૫ અને ૮૬માં **દંડી**ના વિચારો રજૂ કરાયા છે.

અ ૪, સૂ. ૪ના **વિવેક** (પૃ. ૩૨૧)માં **આનંદવર્ધન**નો **નોણ**ના પુત્ર તરીકે ઉલ્લેખ છે. આ આનંદવર્ધનકૃત [1]**દેવીશતક**માંથી શબ્દાલંકારો માટે સ્પષ્ટીકરણપૂર્વક ઉદાહરણો અપાયાં છે. આ અધ્યાયની રચનામાં **કાવ્યાદર્શ**નો તેમજ **કાવ્યાલંકાર**નો પણ ઉપયોગ કરાયો છે. **કાવ્યાલંકાર** અને **દેવીશતક**માંનાં આકાર-ચિત્રને લગતાં જે ઉદાહરણો અહીં અપાયાં છે તે સચિત્ર સ્વરૂપે મુંબઈ વિદ્યાપીઠના સામયિક Arts No. 30) માં જે મારો લેખ નામે ILD છપાયો છે તેમાં અપાયાં છે.

અ. ૪, સૂ. ૭ના **વિવેક**માં પાઠધર્મત્વ સમજાવતી વેળા **નાટ્યશાસ્ત્ર**ની કોઈ ટીકામાંથી અવતરણ અપાયાં છે. **અ**ભિનવગુપ્તકૃત ટીકાનો ઉપયોગ કરાયો હોય એમ લાગે છે.

અ. ૬ના **વિવેક**માં મૂળમાં ગણાવાયેલા ઉપરાંતના વધારાના અલંકારો વિષે વિચાર કરાયો છે.

અ. ૮ને લગતા **વિવેક**માં **અ**ભિનવગુપ્તની ટીકાનો લાભ લેવાયો હોય એમ લાગે છે.

**મૂલ્યાંકન–** ડૉ. એસ. કે. ડેએ એવું કથન કર્યું છે કે **મમ્મટકૃત કાવ્યપ્રકાશ** કરતાં હૈમ P. ૧૬૫
**કાવ્યાનુશાસન** શિક્ષાગ્રંથ તરીકે ઊતરતી કોટિનો ગ્રંથ છે. આની તથ્યતા વિચારવાનું કાર્ય હું વિશેષજ્ઞોને ભળાવું છું એટલે અહીં તો હું એટલું જ કહીશ કે **કાવ્યાનુશાસન**માં **કાવ્યપ્રકાશ**માં આપેલા અલંકારોની સંખ્યાને યોગ્ય રીતે ઘટાડાઈ છે, અલંકારાદિકનાં લક્ષણોમાં સમુચિત સુધારો કરાયો છે અને **કાવ્યપ્રકાશ** કરતાં [2]સંક્ષિપ્ત અને તેમ છતાં સુગમ એવો આ ગ્રંથ રચાયો છે.

**મહામહોપાધ્યાય કાણેનું મંતવ્ય**- 'મહામહોપાધ્યાય' પી. વી. **કાણે**એ વિશ્વનાથના **સાહિત્ય-દર્પણ** (પરિ. ૧, ૨ ને ૧૦)નું અંગ્રેજી ટિપ્પણો તેમજ સંસ્કૃત કાવ્યશાસ્ત્ર (poetics)ના ઈતિહાસપૂર્વક સંપાદન કર્યું છે. આની ઈ.સ. ૧૯૫૧માં પ્રસિદ્ધ થયેલી બીજી આવૃત્તિ (પૃ. ૨૭૭-૨૭૮)માં હૈમ **કાવ્યાનુશાસન** વિષે એમણે નીચે મુજબની મતલબના ઉદ્ગાર કાઢ્યા છે;-

**કાવ્યાનુશાસન** એ સંગ્રહાત્મક કૃતિ છે. એમાં મૌલિકતાનાં ભાગ્યે જ દર્શન થાય છે. એમાં (રાજશેખરની) **કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ, ધ્વન્યાલોક** અને અભિનવગુપ્તના ગ્રંથોમાંથી ખૂબ મસાલો ઉઠાવાયો છે. દા. ત. **કાવ્યાનુશાસન**નાં પૃ. [3]૮-૧૦ને **કાવ્યમીમાંસા,** (પૃ. ૫૬) સાથે, પૃ. ૧૧-૧૬ને **કાવ્યમીમાંસા** (પૃ. ૪૨-૪૪) સાથે અને પૃ. ૧૨૨-૧૨૩ને **કાવ્યમીમાંસા** (પૃ. ૪૨-૪૪) સાથે સરખાવો. વળી અભિનવગુપ્ત અને **ભરત**નાં મંતવ્યોને આધારે પોતે અમુક અમુક બાબતો કહ્યાનો ઉલ્લેખ **હેમચન્દ્રસૂરિ**એ P. ૧૬૬
*જાતે કર્યો છે. જુઓ* **વિવેક** *(પૃ. [4]૬૬).*

---

૧. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "દેવીશતક અને શ્રીહેમચન્દ્રસૂરિ" આ "આત્માનંદ પ્રકાશ" (પુ. પર, અ.. ૪-૫)માં છપાયો છે.

૨. **કાવ્યપ્રકાશ**માં દસ ઉલ્લાસમાં ૨૧૨ સૂત્રોમાં જે વિષય આલેખાયો છે તે આ હૈમ **કાવ્યાનુશાસન**માં છ અધ્યાયમાં ૧૪૩ સૂત્રોમાં અપાયો છે (જુઓ શ્રી. **રસિકલાલ** છો. પરીખનો ઉપોદ્ઘાત પૃ. ૩૨૧).

૩. આ નિર્ણયસાગરી આવૃત્તિ અનુસાર સમજવાનાં છે. ૪. આ મ. વિ.ના પ્રકાશનનું ૧૦૩મું પૃષ્ઠ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાવ્યાનુશાસન**નો એક ગુણ (merit) એ છે કે એની વૃત્તિ અને **વિવેક**માં જુદા જુદા ગ્રંથકારોની કૃતિઓમાંથી લગભગ ૧૫૦૦ ઉદાહરણો અપાયાં છે. **હેમચન્દ્રસૂરિ**ની આ કૃતિનો પ્રભાવ પાછળના અલંકારશાસ્ત્રીઓ ઉપર ભાગ્યે પડ્યો છે. વળી [1]**રત્નાપણ** (પૃ. ૪૬, ૭૫, ૨૨૪, ૨૩૩, ૨૫૯, ૨૭૯ અને ૨૯૯)માં **કાવ્યાનુશાસન**માંથી અવતરણ અપાયાં છે એ વાતને બાજુ ઉપર રાખીએ તો ભાગ્યે જ કોઈ પાછળા લેખકે આમાંથી અવતરણ આપ્યાં છે.

શ્રી **કાણે**એ **કાવ્યાનુશાસન**ની **મૌ**લિકતા વિષે કરેલા વિધાનના સંબંધમાં શ્રી **વિષ્ણુ**પાદ ભટ્ટાચરજીએ "Indian Culture" (Vol XIII, pp. 218-224)માં વાંધા ઉઠાવ્યા છે. આ વાતનો શ્રી **કાણે**એ નિર્દેશ કરી એ વાંધાઓની નીચે પ્રમાણે નોંધ એમણે **સાહિત્યદર્પણ**ની બીજી આવૃત્તિમાં પૃ. ૨૭૭માં લીધી છે :-

(૧) કાવ્ય રચવાનો એક લાભ અર્થની - પૈસાની પ્રાપ્તિ છે એમ જે **મમ્મટે** કહ્યું છે તે વાત **હે**મચન્દ્રને માન્ય નથી.

(૨) મુકુલ અને મમ્મટની જેમ લક્ષણાનો આધાર રૂઢિ કે પ્રયોજન છે એમ ન માનતાં કેવળ પ્રયોજન જ છે એમ **હે**મચન્દ્ર પ્રતિપાદન કરે છે.

(૩) અર્થ-શક્તિ-મૂલ-ધ્વનિના (૧) સ્વતઃસંભવી, (૨) કવિપ્રૌઢોક્તિનિષ્પન્ન અને (૩) કવિનિબદ્ધ-વક્તૃ-પ્રૌઢોક્તિનિષ્પન્ન એમ ત્રણ પ્રકાર દર્શાવનાર ધ્વનિકારથી **હે**મચન્દ્ર જુદા પડે છે. જુઓ પૃ. ૪૬.

P. ૧૬૭ (૪) **મ**મ્મટના મતે "**पुंस्त्वादपि प्रविचलेत्**" વાળું પદ્ય શ્લેષમૂલક અપ્રસ્તુતપ્રશંસાનું ઉદાહરણ છે, જ્યારે **હે**મચન્દ્રને મતે એ 'શબ્દ-શક્તિ-મૂલધ્વનિ'નું છે.

(૫) રસોમાં અલંકાર પરત્વેના સિદ્ધાંતોના પાલનનો ભંગ જે મહાકવિઓને હાથે થયો છે તેનો ધ્વનિકારે નિર્દેશ કર્યો નથી જ્યારે **હે**મચન્દ્રે તેમ કર્યું છે.

આ બધા મુદ્દા સ્વીકારી લઈએ તો પણ **કાવ્યાનુશાસન** એ મૌલિક કૃતિ છે એમ ભાગ્યે જ કહી શકાય. આવા મતભેદો તો અનેક બીજા ગ્રંથકારોની કૃતિઓમાં જોવાય છે.

આ પ્રમાણે પ્રતિવિધાનની સમાલોચના શ્રી **કાણે**એ કરી છે.

*ડૉ. આ. બા. ધ્રુવે **અ. ચૂ.** અને **વિવેક** સહિતના **કાવ્યાનુશાસન**ની "પૂર્વવચનિકા"માં કહ્યું છે કે* **કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ, ધ્વન્યાલોક** અને **લોચન**માંથી આખા પાઠના પાઠ **હે**મચન્દ્રસૂરિએ લઈ લીધા છે. એથી કેટલાક એને 'ચોરી' કહે છે, પરંતુ વાત એ છે કે **હે**મચન્દ્રની ઇચ્છા એ જણાય છે કે બ્રાહ્મણો જે જે જાણતા હતા તે બધું જૈનો જાણે. એથી પુરોગામી બ્રાહ્મણોના જ્ઞાનનો ઉપયોગ કરતાં એઓ અચકાયા નથી. એમણે જે વારસો પોતાને મળ્યો હતો તેમાં પોતાની તરફથી સંગીન ઉમેરો કર્યો છે.

**કાવ્યમીમાંસા** એ વિચારો અને એની રજૂઆતની દૃષ્ટિએ મૌલિક ભલે ગણાય, પણ એ **કાવ્યપ્રકાશ** કે **કાવ્યાનુશાસન** જેવી વ્યવસ્થિત કૃતિ નથી.

**મ**મ્મટે **કાવ્યપ્રકાશ**માં **ભા**મહથી માંડીને એમના સમય સુધીનાં કાવ્યશાસ્ત્રને લગતાં બધાં મંતવ્યો
P. ૧૬૮ રજૂ કર્યાં છે ખરાં, પરંતુ નાટ્યશાસ્ત્ર સાથે સંબંદ્ધ રસની વાત જવા દઈએ તો નાટ્યશાસ્ત્રને એમણે જતું કર્યું છે જ્યારે **હે**મચન્દ્રે અને આગળ જતાં **વિશ્વ**નાથે એ ઉણપ રહેવા દીધી નથી (જુઓ પૃ. ૧૨).

૧. વિદ્યાનાથે રચેલા **પ્રતાપરુદ્રયશોભૂષણ** ઉપરની આ ટીકા છે. એ ટીકા **મ**લ્લિનાથના પુત્ર **કુ**મારસ્વામીએ રચી છે. એ ટીકા સહિત મૂળ કૃતિ B S Sમાં ૬૫માં ગ્રંથાંક તરીકે છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ધ્વન્યાલોક** અને **લોચન**નું ક્ષેત્ર **કાવ્યપ્રકાશ** જેટલું યે વ્યાપક નથી તો **કાવ્યાનુશાસન**ના અતિવિશાળ ક્ષેત્ર સાથે એની શી તુલના કરવી ?

આ પ્રમાણે ડૉ. **ધ્રુવે** 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** ઉપર કરાતા આક્ષેપનો રદિયો આપ્યો છે.

**વૃત્તિ–કાવ્યાનુશાસનની અ. ચૂ.** નામની ટીકાને અંગે 'ન્યાયાચાર્ય યશોવિજયગણિએ વૃત્તિ રચી હતી એમ જે મનાય છે તે વાત સાચી છે, કેમકે એમણે **પ્રતિમાશતક** (શ્લો. ૧૧)ની સ્વોપજ્ઞ ટીકામાં નિમ્નલિખિત ઉલ્લેખ કર્યો છે :-

"प्रपञ्चितं चैतदलङ्कारचूडामणिवृत्तावस्माभि"

**કવિશિક્ષા** (લ. વિ. સં. ૧૨૦૦) - આ ૩૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **જયમંગલસૂરિ** છે. એમની આ કૃતિની તાડપત્રીય હાથપોથી ખંભાતના **શાંતિ**નાથના ભંડારમાં છે. એના પ્રારંભની અને અંતમાંની થોડીક પંક્તિ **પ્રો પિટર્સ**ને એમના પ્રથમ હેવાલ (પૃ. ૭૮-૮૦)માં આપી છે. આ કૃતિમાં સિદ્ધરાજ જયસિંહની સ્તુતિરૂપ દૃષ્ટાંત છે એટલે **જયમંગલસૂરિ** વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં થયા હશે એમ લાગે છે. એમની આ કૃતિ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થઈ હોય એમ જણાતું નથી તો એ સત્વર પ્રકાશિત થવી ઘટે.

**કલ્પલતા** (ઉ. વિ. સં. ૧૨૦૦)– આના કર્તાનું નામ જાણવામાં નથી પરંતુ એઓ શ્વેતાંબર છે એમ એના પ્રારંભિક પદ્ય ઉપરથી જાણી શકાય છે. આ કૃતિમાં ચાર પરિચ્છેદ છે.[1]

**પલ્લવ**– આ **કલ્પલતા** ઉપરની વૃત્તિનું નામ છે.

**વિવેક યાને શેષ**– ઉપર્યુક્ત પલ્લવ ઉપરની ટીકાનાં બે નામ છેઃ **વિવેક** અને **શેષ.** એનું પરિમાણ ૬૫૦૦ શ્લોક જેવડું છે. એની હાથપોથી વિ. સં. ૧૨૦૫માં લખાયેલી મળે છે. એમાં શરૂઆતમાં નીચે મુજબનું અશુદ્ધ પદ્ય છે :–

"यत् पल्लवेन विवृत्तं दुर्बोधिं मन्दबुद्धिश्चापि ।
क्रियते कल्पलतायां तस्य विवेकोऽयमतिसुगमः"

આ ટીકાનાં બે નામ હોવાથી આ ટીકાને **કલ્પલતાવિવેક** તેમજ **કલ્પપલ્લવશેષ** પણ કહે છે. એમાં મૂળનાં પ્રતીક અપાયાં છે. એની પ્રશસ્તિમાં **કલ્પલતા**ને વિબુધમંદિર, **પલ્લવ**ને એ મંદિરનો કલશ અને **શેષ**ને આનો ધ્વજ કહેલ છે.

[2]**કાવ્યકલ્પલતા** (લ. વિ. સં. ૧૨૮૦)- આના કર્તા 'વાયડ' [3]ગચ્છના **જિનદત્તસૂરિ**ના શિષ્ય P. ૧૬૯ અને **સ્યાદિશબ્દસમુચ્ચય** વગેરેના પ્રણેતા **અમરચન્દ્રસૂરિ** તેમજ [4]**અરિસિંહ** છે.[5] આ ચાર પ્રતાનોમાં વિભક્ત છે. એમાં એકંદર ૪૫૨ જેટલાં પદ્યો છે.

---

૧. જુઓ ***જેસલમેરભાંડાગારીયગ્રન્થસૂચી*** (પૃ.૨૨)

૨. **કવિશિક્ષા** નામની વૃત્તિ સહિત આ મૂળ કૃતિ કાશીથી વિ. સં. ૧૯૪૨માં પ્રસિદ્ધ થઈ છે અને એનું મરાઠી ભાષાંતર ગાયકવાડ સરકાર તરફથી છપાયેલું છે. એ બેમાંથી એકે પુસ્તક મારા જોવામાં આવ્યું નથી. [જગન્નાથશાસ્ત્રી સંપાદિત "કાવ્યકલ્પલતાવૃત્તિ" "ચૌખંબા સં. સિરિઝ"માં ૧૯૩૧માં પ્રસિદ્ધ છે.]

૩. ગચ્છનું આ નામ 'અણહિલપુર પાટણ'ના વાયવ્ય ખૂણામાં પંદર માઈલને અંતરે આવેલા 'વાયડ'ને આભારી છે.

૪. એમણે **સુકૃતસંકીર્તન** રચ્યું છે અને **બ્હીલર**ના મતે **કવિતારહસ્ય** પણ એમની કૃતિ છે.

૫. જુઓ **કાવ્યકલ્પલતા** (૧, ૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાવ્યકલ્પલતા** અને એની સ્વોપજ્ઞ વૃત્તિમાં વર્ણવાયેલા વિષયોની નોંધ ડૉ. ડેએ HSP (ભા. ૨, પૃ. ૩૬૪-૩૬૬)માં નીચે મુજબ લીધી છે :

પ્રથમ પ્રતાનનું નામ 'છન્દઃસિદ્ધિ' છે. એમાં પાંચ સ્તબક છેઃ (૧) 'અનુષ્ટુભ્' છંદની રચના (અનુષ્ટુભ્ શાસન); (૨) મુખ્ય વૃત્તોનો ઉલ્લેખ, એક છંદનું બીજા છંદમાં પરિવર્તન તેમજ યતિ ઇત્યાદિ (છન્દોઽભ્યાસ); (૩) છંદ પૂર્ણ કરવા માટે વપરાતા શબ્દો જેમકે શ્રી, સમ્, સત્, દ્રાક્, વિ, પ્ર, ઇત્યાદિ (સામાન્ય-શબ્દક); (૪) વાદ, પ્રશંસાના વિષયો, કુલ-શાસ્ત્રાદિ અને સ્વશાસ્ત્રાધ્યયન પ્રથા સંબંધી પ્રશ્નો ઇત્યાદિ (વાદ); અને (૫) રાજા, મંત્રી વગેરેનાં વર્ણન માટેની રીતિ અને કવિ-સમય (વર્ણ્ય-સ્થિતિ).

**બીજા** પ્રતાનનું નામ 'શબ્દ-સિદ્ધિ' છે. એમાં શબ્દોની વ્યુત્પત્તિ, અનુપ્રાસ, સંબંધી વાક્યોના ઉલ્લેખ, સૂચિત વગેરે અર્થો ઇત્યાદિનું નિરૂપણ છે. એમાં ચાર સ્તબક છે.

ત્રીજા પ્રતાનનું નામ [1]'શ્લેષ-સિદ્ધિ' છે. ભિન્ન ભિન્ન પરિચ્છેદ પ્રમાણે શબ્દોના ભિન્ન ભિન્ન અર્થ,
P. ૧૭૦ શ્લેષોપયોગી શબ્દોની સૂચી, દ્વયર્થી શબ્દો, બંધો ચિત્ર-કાવ્યો ઇત્યાદિ બાબતો અહીં અપાઈ છે. એમાં પાંચ સ્તબક છે.

ચોથા (છેલ્લા) પ્રતાનનું નામ 'અર્થ-સિદ્ધિ' છે. કઈ વસ્તુને શેની સાથે સરખાવવી એ બાબત અહીં વિચારાઈ છે. એમાં સાત સ્તબક છે.

**કાવ્યકલ્પલતા**ના અંતમાં 'અષ્ટચક્રાર' બંધથી વિભૂષિત પરિધિશ્લોક છે. એની ચિત્ર સહિત નોંધ મેં [2]ILD માં લીધી છે.

આ કૃતિની સ્વોપજ્ઞ વૃત્તિમાં એના કર્તાએ પોતાની નિમ્નલિખિત કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે :-

**કાવ્યકલ્પલતા-પરિમલ, કાવ્યકલ્પલતા-મંજરી, અલંકાર-પ્રબોધ** અને **છંદોરત્નાવલી.**

**વૃત્તિઓ :-**

**કવિશિક્ષા–** આ ૩૩૫૭ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ છે.

**કાવ્યકલ્પલતા-પરિમલ–** આ **કાવ્યકલ્પલતા** ઉપરની ૧૧૨૨ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ છે.

**કાવ્યકલ્પલતા-મંજરી–** આ સ્વોપજ્ઞ વૃત્તિ હજી સુધી તો મળી આવી નથી. એ **કાવ્યકલ્પલતા-પરિમલ** કરતાં પહેલી રચાઈ હશે એમ આ બેનાં નામ ઉપરથી કલ્પના કરાય છે.

**કાવ્યકલ્પલતા** ઉપર ઉપર્યુક્ત ત્રણ સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :-

**મકરન્દ–** આ વૃત્તિના રચનાર **હીરવિજયસૂરિ**ના શિષ્ય **શુભ**-વિજયગણિ છે. એમણે વિ. સં. ૧૬૬૫માં આ વૃત્તિ ૩૧૯૬ શ્લોક જેવડી રચી છે.

P. ૧૭૧ **વૃત્તિ– ય**શોવિજયગણિએ પણ ૩૨૫૦ શ્લોક જેટલા પરિમાણવાળા એક વૃત્તિ રચી છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૯) જોતાં જણાય છે. શું આ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિની કૃતિ છે ?

૧. વસ્તુપાલકૃત **નરનારાયણાનંદ** (સ. ૧૪)માંનું ૧૬મું પદ્ય આ પ્રતાનમાં જોવાય છે.
૨. જુઓ મુંબઈ વિદ્યાપીઠનું સામયિક (Arts No. 30).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેક યાને પલ્લવ**– આ નામની એક વૃત્તિ **વિબુધમન્દિરગણિએ** રચ્યાનું કહેવાય છે. એનો પ્રારંભ ''यत् पल्लवेन विवृतं'' થાય છે. મારા લખાણને લક્ષીને પ્રા, પી. આર. વોરાએ [1]**કલ્પલતાવિવેક** અંગેની પોતાની પ્રસ્તાવના (પૃ. [2]૧૬-૧૭)માં ચર્ચા કરી છે. આ પ્રસ્તાવનામાં કલ્પલતા, [3]પલ્લવ[4] અને વિશેષતઃ **ક. વિ.** વિષે વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ માહિતી અપાઇ છે. એ અંગ્રેજીમાં હોઇ મુખ્યતયા એના આધારે હું ખાસ ખપપૂરતી વિગતો ગુજરાતીમાં રજૂ કરું છું:–

**કલ્પલતા** (ઉ. વિ. સં. ૧૨૦૦)– આ અલંકારશાસ્ત્રને લગતી કૃતિ છે. એ અદ્યાપિ મળી આવી નથી. એમાં પુરોગામીઓની કૃતિઓમાંથી કારિકાઓને, સ્વરચિત કારિકાઓને તેમ જ વિવેચનોને સ્થાન અપાયું છે. પ્રસ્તુત કૃતિ નિમ્નલિખિત ચાર પરિચ્છેદોમાં વિભક્ત છે :–

(૧) દોષ-દર્શન, (૨) ગુણ-વિવેચન, (૩) જબ્દાલંકાર દર્શન અને (૪) અર્થાલંકાર-નિર્ણય.

**કલ્પલતા** ઉપર જે **પલ્લવ** કિંવા **કલ્પલ્લવ** નામની વૃત્તિ રચાઇ છે તે અત્યારે તો અનુપલબ્ધ છે એટલે એમાં કલ્પલતાના કે આ વૃત્તિના કર્તા વિષે માહિતી અપાઈ હોય તો તે અપ્રાપ્ય છે. **ક. વિ.** માંથી પણ આ સંબંધમાં કશો પ્રકાશ પડતો નથી. સદ્ભાગ્યે **પ્ર. ન. ત.** ના દ્વિતીય સૂત્રની વૃત્તિ નામે **સ્થા. ર.** આ **કલ્પલત્તા** કે પછી **પલ્લવ**નું એક પદ્ય ઉપસ્થિત કરે છે તેમ જ એના પ્રણેતા વિષે થોડીક માહિતી પૂરી પાડે છે. એ પદ્ય નીચે મુજબ છે :–

''सूर्यचन्द्रमसौ यत्र चित्र खद्योतपोतकौ ।
नित्योदयजुषे तस्मै परस्मै ज्योतिषे नमः ॥''

આ આદ્ય પદ્ય હોય એમ લાગે છે એ મંગલાચરણરૂપ જણાય છે. પ્રણેતાને લગતો ઉલ્લેખ નીચે મુજબ છે :–

''[5]श्रीमदम्बाप्रसादसचिवप्रवरेण कल्पलतायां तत्सङ्केतेकल्पपल्लवे च प्रपञ्चितमस्ति तत एवावसेयम्.''

આ ઉપરથી ત્રણ બાબતો ફલિત થાય છે :–

(૧) **કલ્પલતા**ના કર્તાનું નામ 'અંબાપ્રસાદ' છે.

(૨) એઓ સચિવપ્રવર છે. આથી એઓ મુખ્ય મંત્રી હોવાનું અનુમનાય છે.

(૩) **કલ્પલતા** તેમ જ કલ્પપલ્લવ એ બંનેના કર્તા એક જ છે.

**પ્ર. ચ.** (શૃંગ ૨૧, પૃ. ૧૭૨)માં **અંબ**(બા) પ્રસાદનો 'મંત્રી' તરીકે ઉલ્લેખ છે. વિશેષમાં એ મંત્રીને અંગે અહીં બે બાબતો અપાઈ છે :–

---

૧.આ કૃતિના સંપાદક **મુ**રારિ લાલે નાગર અને હરિશંકર શા**સ્ત્રી** છે અને એના પ્રસ્તાવનાકાર પ્રા. **પ્રદ્યુમ્ન** રં. વોરા છે. આ કૃતિ ''લા. દ. વિદ્યામંદિર'' તરફથી ઈ. સ. ૧૯૬૮માં પ્રકાશિત કરાઇ છે. પ્રારંભમાં મંત્રી **અં**બાપ્રસાદ અને એની પત્ની **સી**તાદેવીની પ્રતિકૃતિ અપાઇ છે. અંતમાં પાંચ પરિશિષ્ટો છે.

૨.અહીં પં. ૧૨માં 'પલ્લવ' છપાયું છે તે 'પલ્લવશેષ' જોઇએ.     ૩. જુઓ **કલ્પલતાવિવેક**નું આદ્ય પદ્ય.

૪.**ક. વિ.** (પૃ. ૩૨૦)માં '**કલ્પપલ્લવ**' તરીકે આનો નિર્દેશ છે.

૫.''व्ययकरणे महामात्यश्रीअम्बाप्रसादप्रतिनिबद्ध.''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. વાદી **દેવસૂરિ**ની સાથે **અંબાપ્રસાદ** 'આબુ' ગિરિ ઉપર ચડતા હતા તેવામાં એમને એક સર્પ ડસે છે. વાદી દેવસૂરિને એની ખબર પડતાં એ પોતાનું પાદોદક મોકલે છે, એનો ઉપયોગ કરાતાં એ મંત્રી નિર્વિષ બને છે.

૨. **અંબાપ્રસાદે** **સિદ્ધરાજ** સાથે વાદી દેવસૂરિનો સમાગમ કરાવ્યો હતો.

'ગાલા'ના શિલાલેખમાં અંબાપ્રસાદને વ્યયકરણમાં રોકેલા મહામાત્ય કહેલ છે. **અંબાપ્રસાદ** વિષે આથી વિશેષ માહિતી મળતી નથી. એ જૈન હોય એમ **પ્ર. ચ.**ગત ઉપર્યુક્ત બાબતો વિચારતાં જણાય છે. આ પરિસ્થિતિમાં **કલ્પલતા** અને **કલ્પપલ્લવ** તો જૈન કૃતિ ગણાય જ.

**સ્યા. ર.** વિ. સં. ૧૨૦૦ની આસપાસમાં રચાયાનું મનાય છે.[૧] **ક. વિ.**ની એક હાથપોથી વિ. સં. ૧૨૦૫માં લખાયેલી મળે છે. એ જોતાં **કલ્પલતા** મોડામાં મોડી વિ.સં. ૧૨૦૦માં રચાઇ હશે.

**પલ્લવ** કિંવા **કલ્પપલ્લવ**– **સ્યા. ર.** પ્રમાણે આ સ્વોપજ્ઞ વૃત્તિ છે.

[૨]**કલ્પલતાવિવેક** (ઉ. વિ. સં. ૧૨૦૫)– આનું આદ્ય પદ્ય નીચે મુજબ છે :–

"यत् पल्लवे न वितृतं दुर्बोध मन्दबुद्धिभिश्चापि ।
क्रियते कल्पलतायां तस्य विवेकोऽतिसुगमः ॥१॥"

એમાં સૂચવાયા મુજબ આનો વિષય નીચે પ્રમાણે છે :–

જેનું **પલ્લવ**માં વિવરણ નથી અને જેનો મંદબુદ્ધિવાળાઓને બોધ સહેલાઇથી થાય તેમ નથી તેનું અતિસુગમ નિરૂપણ અત્ર છે.

આ ઉપરથી જાણી શકાય છે કે આ **કલ્પલતા**ના સ્પષ્ટીકરણરૂપ છે. સંસ્કૃતમાં વિષયાનુક્રમ અપાયો છે તેમ જ પ્રસ્તાવનામાં ક. વિ. નું તુલનાત્મક નિરૂપણ છે એટલે આ સંબંધમાં તો મારે ખાસ કંઇ ઉમેરવાનું રહેતું નથી. **મીમાંસાસૂત્ર** અને **શાબરભાષ્ય**નો તેમ જ **રઘુવંશ** આદિ મહાકાવ્યો અને [૩]**કાવ્યપ્રકાશ** વગેરેનો **ક. વિ.**માં ઉપયોગ કરાયો છે. **ક. વિ.**નું 'કલ્પપલ્લવશેષ' નામાંતર નથી એમ પ્રસ્તાવના (પૃ. ૭-૮)માં સૂચવાયું છે ખરું પરંતુ એ વિચારણીય જણાય છે.

પૃ. ૧માં અવતરણરૂપ અપાયેલા નિમ્નલિખિત પદ્યમાં જૈન ધર્મની પ્રશંસા કરાઇ છે એ ઉપરથી **ક. વિ.**ના કર્તા જૈન હોવાનું અનુમનાય છે :–

"जिणधम्मो मोक्खफलो सासयसोक्खो जिणेहिं पन्नत्तो ।
नरसुरसुहाइं अनुसङ्गियाइं इह किसिपलालं व ॥"

**ક. વિ.**ના કર્તાએ પોતાનું નામ જણાવ્યું નથી. એ **વિબુધમંદિર** છે એમ નિમ્નલિખિત અંતિમ પદ્ય ઉપરથી **જિ. ર. કો.** (વિ. ૧, (પૃ. ૮૯)માં શંકારૂપે સૂચવાયું છે એટલે એ વિશેષ વિચાર માંગી લે છે :–

૧. જુઓ ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૬).

૨. આ પ્રકાશિત છે, જુઓ પૃ. 99, ટિ. 1.

૩. આના કર્તા **મમ્મટ**નો ઉલ્લેખ 'કલિ.' હેમચન્દ્રસૂરિએ **વિવેક** (પૃ. ૧૫૭)માં કર્યો છે. એ પૂર્વે કોઇએ તેમ કર્યું છે ખરું ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"पल्लवकलशविराजिनि कल्पलताविवुधमन्दिरे रचितः ।
शेषध्वजो विजयतां छेदपरु( ?) ध्वपताकोऽयम् ॥"

આ પદ્યમાં કલ્પલતાને વિબુધમન્દિર, પલ્લવને એનો કલશ અને **ક. વિ.**ને એનો ધ્વજ કહ્યો છે.

**ક. વિ.** (પૃ. ૪૨, પં. ૧૯)માં ઉદ્દેશનો પરિહાર જે **કલ્પલતા**માં કરાયો છે તે ચિન્ત્ય છે એવો ઉલ્લેખ એના કર્તા **કલ્પલતા**ના પ્રણેતા નથી એમ સિદ્ધ કરે છે.

પ્રકરણ ૮, ૯, ૧૧, ૧૩ અને ૧૫. [1]**ભૂવલય** (ઉ. વિક્રમની નવમી સદી)– આ ગ્રન્થમાં કેવળ અંકો છે. ઉપલક દૃષ્ટિએ તો આ ગ્રન્થ 'કન્નડ' ભાષામાં 'સાંસત્ય' નામના છંદમાં રચાયો છે જ્યારે એના પ્રણેતાના કથન મુજબ એ ૭૧૮ ભાષાઓમાં રચાયેલો છે અને એમાં ૧૮ ભાષાઓ મુખ્ય છે. પ્રત્યેક પ્રકરણનો પ્રારંભ એક મૂળાક્ષરથી કરાયો છે. આ ગ્રન્થની એક હાથપોથીના પ્રત્યેક પાના ઉપર ત્રીસ ખાનાં પાડી ત્રીસ અંક લખાયા છે. આ દરેક અંક નાગરી લિપિના એકેક અક્ષરનું સૂચન કરે છે. આ લિપિમાં સ્વર, વ્યંજન, વિસર્ગ, ઇત્યાદિ મળીને ૬૪ અક્ષરો હોવાનું ગ્રન્થકાર માને છે.

ઉપર્યુક્ત અંકો સીધી લીટીમાં વાંચીએ તો કન્નડ ભાષાનાં પદ્યો બને છે[2] જ્યારે ૨૧મા અંકને (? ૨૭) ઉપરથી નીચે વાંચીએ તો સંસ્કૃત ભાષાનાં પદ્યો બને છે. અંકો ઊભા વંચાય તો પાઇય ભાષાની કૃતિ નિષ્પન્ન થાય છે. દરેક પંક્તિનો પહેલો પહેલો અંક નીચે વાંચીએ તો ઋગ્વેદના મંત્રો બને છે જ્યારે છેલ્લો છેલ્લો અંક વાંચીએ તો ભગવદ્ગીતાનાં પદ્યો બને છે.

આ ગ્રન્થનું પરિમાણ છ લાખ શ્લોક જેટલું હોવાનું કહેવાય છે.[3]

**કર્તા**– આ ગ્રન્થના કર્તા એક દક્ષિણી જૈન બ્રાહ્મણ છે. એમનું નામ આચાર્ય કુમુદેન્દુ છે. ઉદયચન્દ્ર એમના પિતા થાય અને **વા**સુપૂજ્ય પિતામહ થાય એમ દેવધા નામના કવિએ **કુમુદેન્દુશતક**માં કહ્યું છે. કુમુદેન્દુ નૃપતિ **અ**મોઘવર્ષ પહેલાના રાજગુરુ થાય છે અને **વી**રસેનના મુખ્ય શિષ્ય થાય છે.

**વિષય**– આ ગ્રંથમાં જાતજાતના વિષયોને સ્થાન અપાયું છે. જેમકે સંગીતશાસ્ત્ર, [4]ગણિત, ભૂગોળ, રસવાદ, આયુર્વેદ, મનોવિજ્ઞાન, જાતીયજ્ઞાન, તત્ત્વજ્ઞાન, વાદનકળા, [5]કર્મસિદ્ધાન્ત, ભાષાવિજ્ઞાન અને અણુવિજ્ઞાન.[6] આ ગ્રન્થ ઉપનિષદ્ **રામાયણ, ભગવદ્ગીતા** અને **મહાભારત** ઉપર પણ પ્રકાશ પડે છે.

પ્રસ્તુત ગ્રન્થની રૂપરેખા "જૈન"ના તા. ૨-૧-૬૦ના અંકમાં અપાઇ છે.[7] મુખ્યતયા એના આધારે મેં આ ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

---

૧. આ ગ્રંથ એક વેળા તો બેંગ્લોરના **ભાસ્કરપંત શાસ્ત્રી** અને યેલ્લાપ્પા શાસ્ત્રીના કબજામાં હતો. આજે પણ કદાચ તેમ જ હશે. *[આ છપાયો છે.]*

૨. એ આઠ તીર્થંકરોની જીવનરેખા રજૂ કરે છે.

૩. એ સમગ્ર ગ્રન્થ છપાતાં ૧૬૦૦૦ પૃષ્ઠ જેવડો થશે એમ અનુમનાય છે.

૪. આમાં એકી અંકને શેષ ન વધે એવી રીતે બેકીથી ભાંગી શકાય છે એ બાબત છે એમ "દિગંબર જૈન" (વ. ૪૫, અં. ૫)માં ઉલ્લેખ છે. અહીં બે સૂર્યો અને બે ચન્દ્રો વિષે પણ આ ગ્રન્થમાં નિર્દેશ હોવાનું કહ્યું છે.

૫. આ વિષયનું આ ગ્રન્થમાં વિસ્તૃત નિરૂપણ છે. ૬. પરમાણુના વિભાજનને પણ અત્ર સ્થાન અપાયું છે.

૭. આ પૂર્વે "દિગંબર જૈન" (વ. ૪૫ અં. ૫) માં અને "પ્રતાપ"ના સૌજન્યથી "હિંદુ મિલન મંદિર" (વ. ૧૩ અં. ૬)માં આ ગ્રંથ વિષે કેટલીક વિગતો અપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અલંકાર-પ્રબોધ** (લ. વિ. સં. ૧૨૮૦)- આના કર્તા **પદ્માનન્દમહાકાવ્ય** વગેરેના કર્તા **અમરચન્દ્રસૂરિ** છે. એમણે આ કૃતિનો ઉલ્લેખ **કાવ્યકલ્પલતાવૃત્તિ** (પૃ. ૧૧૬)માં કર્યો છે. **અલંકાર-પ્રબોધ**માં અલંકારોનું નિરૂપણ હશે એમ નામ વિચારતાં લાગે છે. આ કૃતિ મળે છે ખરી ?

**કવિશિક્ષા** (લ. વિ. સં. ૧૨૮૦)- આના કર્તા **વિનયચન્દ્રસૂરિ** છે. એઓ વિ. સં. ૧૨૮૫ના અરસામાં વિદ્યમાન હતા. એમણે **પાર્શ્વનાથચરિત્ર** ઇત્યાદિ વીસ પ્રબંધો રચ્યા છે. [ડો. હરિપ્રસાદ શાસ્ત્રી સંપાદિત ''કાવ્યશિક્ષા'' લા.દ. વિદ્યામંદિર અમદાવાદ દ્વારા ઇ.સ. ૧૯૬૪માં પ્રસિદ્ધ થયેલ છે.]

કેટલાકને મતે વિ. સં. ૧૨૮૬માં **મલ્લિનાથચરિત્ર** રચનારા અને ઉદયસિંહે રચેલી **ધર્મવિધિવૃત્તિ**ને સુધારનારા **વિનયચન્દ્ર** તે જ આ **કવિશિક્ષા**ના કર્તા છે. એમની આ **કવિશિક્ષા** એ 'વિનય' અંકથી અંકિત છે. એના પ્રારંભમાં એના કર્તાએ કહ્યું છે કે **ભા**રતી દેવીને પ્રણામ કરીને **બ**પ્પભટ્ટિગુરુની વાણીમાં વિવિધ શાસ્ત્રો જોઈને હું **કવિશિક્ષા** કહીશ. આથી એમ લાગે છે કે બપ્પભટ્ટિએ **કવિશિક્ષા** રચી હશે તેનો
P. ૧૭૨ **વિનયચન્દ્રે** ઉપયોગ કર્યો છે. એમણે આ **કવિશિક્ષા**માં તે વખતના ચોર્યાસી દેશોની-સૌરાષ્ટ્ર, લાટ વગેરે વિષે થોડીક [1]માહિતી આપી છે. પં. **લાલચન્દ્ર** ગાંધી કહે છે કે આ **કવિશિક્ષા** રવિપ્રભ ગણીશ્વરે રચેલા [2]**શિક્ષાશત**નું શિક્ષણ આપનારી છે.

[3]**અલંકારમહોદધિ** (લ. વિ. સં. ૧૨૮૦)- આના કર્તા **ન**રેન્દ્રપ્રભસૂરિ છે. એઓ **ન**રચન્દ્રસૂરિના શિષ્ય થાય છે. એમણે [4]**વિવેક-કલિકા** અને [5]**વિવેક-પાદપ** એ નામના બે **સૂક્તિ-સંગ્રહ, કાકુત્સ્થકેલિ** નામનું નાટક, બે **વસ્તુપાલ-પ્રશસ્તિ** તેમજ 'ગિરનાર' ઉપરના **વ**સ્તુપાલના **પ્રશસ્તિ-લેખો**માંનો એક લેખ રચ્યાં છે. એઓ વસ્તુપાલના સમકાલીન છે અને એ મંત્રીશ્વરની અભ્યર્થનાથી અને એમના પ્રમોદને માટે એમણે આ **અલંકારમહોદધિ**ની રચના કરી છે.

આ કૃતિ આઠ ભાગમાં વિભક્ત છે. પ્રત્યેક ભાગને 'તંરગ' કહેવામાં આવ્યો છે. દરેક તરંગનું તદ્દગત વિષય અનુસાર નામ યોજાયું છે. સમગ્ર કૃતિ પદ્યમાં છે. આઠ તરંગોનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૧૮, ૩૫, ૬૬, ૫, ૨૪, ૩૨, ૨૫ અને ૯૯ છે. આમ એકંદર ૩૦૪ (ત્રણસો ને ચાર) પદ્યો છે.

પ્રથમ તરંગમાં કાવ્યના પ્રયોજન અને એના ભેદનું, બીજામાં શબ્દવૈચિત્ર્યનું ત્રીજામાં ધ્વનિના નિર્ણયનું ચોથામાં ગુણીભૂત વ્યંગ્યનું, પાંચમામાં દોષનું, છઠ્ઠામાં ગુણના નિર્ણયનું સાતમામાં શબ્દાલંકારનું અને આઠમામાં અર્થાલંકારનું નિરૂપણ છે.

---

૧. આ માટે જુઓ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૩૯૩)

૨. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૩)માં જે **શિક્ષાશતક**નો ઉલ્લેખ છે તે જ આ કૃતિ છે ?

૩. આ તેમજ એની સ્વોપજ્ઞ વૃત્તિ **ભા**વદેવસૂરિકૃત **કાવ્યાલંકાર** યાને **અલંકારસાર** નામના પરિશિષ્ટ સહિત ''ગા. પૌ. ગ્રં.''માં ઇ. સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થઈ છે, છતાં મુખપૃષ્ઠ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિનો ઉલ્લેખ નથી, એનું સંપાદન **પં લાલ**ચન્દ્ર ગાંધીએ કર્યું છે. એમણે આને અંગે સંસ્કૃતમાં પ્રસ્તાવના અને અન્તમાં વૃત્તિગત ઐતિહાસિક ઉપયુક્ત નામોની સૂચી, આ વૃત્તિમાંનાં ઉદાહરણોનાં મૂળ સ્થળોની સૂચી, **ન**રચન્દ્રસૂરિકૃત **વસ્તુપાલ-પ્રશસ્તિ** અને **ન**રેન્દ્રપ્રભસૂરિકૃત બે **વસ્તુપાલ-પ્રશસ્તિ** પરિશિષ્ટો તરીકે રજૂ કર્યાં છે.

૪-૫. આ બે કૃતિ ઉપરથી એ જાણી શકાય છે કે **ન**રેન્દ્રપ્રભસૂરિનું ઉપનામ (pen-name) ''વિબુધચન્દ્ર કવિ'' હતું. જુઓ **પત્તન.સૂચી** (ભા, ૧, પૃ. ૧૮૬ ઇ.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**સ્વોપજ્ઞ વૃત્તિ**- આ વૃત્તિ **નરેન્દ્ર**પ્રભસૂરિએ વિ. સં. ૧૨૮૨માં રચી છે અને એનું પ્રમાણ ૪૫૦૦ શ્લોક જેટલું છે આ સ્વોપજ્ઞ વૃત્તિમાં પ્રાચીન કવિવરોની કૃતિમાંથી ૯૮૨ પદ્યો [2]ઉદાહરણરૂપે અપાયાં છે. આમાંના પાઇય પદ્યોની છાયા સંપાદકે આપી છે.

**અર્થાલંકાર-વર્ણન–અલંકારમહોદધિ**ની સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૨૨-૨૩)માં આ **અર્થાલંકારવર્ણન**ની અમદાવાદના ડેલાના ભંડારની ૩૯ પત્રની હાથપોથીનો પરિચય અપાયો છે અને સાથે સાથે એના છેલ્લા પત્રની પ્રતિકૃતિ પણ અપાઈ છે, આ પ્રતિકૃતિ જોતાં એ વાત નિઃસંદિગ્ધ બને છે કે **અર્થાલંકારવર્ણન**માં **અલંકારમહોદધિ**ના આઠમાં તરંગનો મૂળ ભાગ વૃત્તિ સહિત અપાયેલો છે એટલે આ કોઈ સ્વતંત્ર કૃતિ નથી.

[3]***કાવ્યાનુશાસન*** *(લ. વિ. સં. ૧૩૫૦)- આ નામની આ બીજી કૃતિ છે. એના કર્તા* **વાગ્ભટ** બીજા છે. એમણે [4]**છન્દોડનુશાસન,** [5]**ઋષભદેવચરિત્ર** ઇત્યાદિની રચના કરી છે. એમનો.સમય વિક્રમની P. ૧૭૪ ચૌદમી સદી છે. એમણે મેદપાટ (મેવાડ), રાહડપુર અને નલોટકપુરનો ઉલ્લેખ કર્યો છે.

મેવાડ વગેરેમાં પ્રસિદ્ધ **ને**મિકુમારના એઓ પુત્ર થાય છે. **કાવ્યાનુશાસન** (પૃ. ૩૧)માં એમણે **વા**ગ્ભટ પહેલાનો ઉલ્લેખ કર્યો છે એટલે એઓ **વા**ગ્ભટ બીજા છે એ વાત નિર્વિવાદ બને છે.

આ **કાવ્યાનુશાસન** પાંચ અધ્યાયમાં વિભક્ત છે. પ્રથમ અધ્યાયમાં કાવ્યનાં પ્રયોજનો અને હેતુ તેમજ એ બંનેનાં લક્ષણ, કવિ-સમય, કાવ્યનું લક્ષણ અને એના ગદ્યાદિ ત્રણ ભેદ, મહાકાવ્ય, આખ્યાયિકા, કથા, ચંપૂ અને મિશ્ર કાવ્યનાં લક્ષણો તેમજ દસ રૂપકો અને ગેયો એમ વિવિધ બાબતો અપાઈ છે.

બીજા અધ્યાયમાં પદ ને વાક્યના દોષો, અર્થના ચૌદ દોષ, **દંડીએ**, **વામ**ને અને **વા**ગ્ભટ પહેલાએ નિર્દેશેલા દસ ગુણ અને ખરી રીતે ત્રણ હોવા સંબંધી પોતાનો અભિપ્રાય તેમજ ત્રણ રીતિ એ બાબતો હાથ ધરાઈ છે.

ત્રીજા અધ્યાયમાં તેંસઠ **અલં**કારોનું નિરૂપણ છે. એમાંના કેટલાક વિરલ છે. જેમકે, અન્ય, અપર, આશિસ્ઃ, ઉભય-ન્યાસ, પિહિત, પૂર્વ, ભાવ, મત અને લેશ.

ચોથા અધ્યાયમાં શબ્દાલંકારના ચિત્ર, શ્લેષ, અનુપ્રાસ, વક્રોક્તિ, યમક અને પુનરુક્તવદાભાસ એ પ્રકારો તેમજ એના ઉપપ્રકારો સમજાવાયા છે.

પાંચમા અધ્યાયમાં નવ રસ, વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવ, નાયક અને **ના**યિકાના પ્રકારો, કામની દસ દશા અને રસના દોષો એમ વિવિધ વિષયો ચર્ચાયા છે.

---

૧. આ ગા. પૌ. ગ્રં. માં પ્રકાશિત છે.

૨. તરંગ ૭, શ્લો. ૨૧ની વૃત્તિમાં કોઈક કૃતિમાંથી અષ્ટદલ કમલનું ઉદાહરણ અપાયું છે. એ ચિત્ર સહિત મારા લેખ નામે ILD ના બીજા હપ્તામાં અપાયું છે.

૩. આ **અલંકારતિલક** નામની સ્વોપજ્ઞ વ્યાખ્યા સહિત "કાવ્યમાલા" (૪૩)માં પ્રસિદ્ધ થયેલું છે.

૪. આનો ઉલ્લેખ ગ્રંથકારે **કાવ્યાનુશાસન** (સટીક)માં પૃ. ૧૫માં કર્યો છે.

૫. આ કૃતિ સટીક **કાવ્યાનુશાસન** (પૃ. ૨૦)માં નોંધાઈ છે ખરી પણ અપ્રાપ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૭૫ આ કૃતિનો મુખ્ય ભાગ ગદ્યમાં સૂત્રરૂપે રજૂ કરાયો છે. એનું નિરૂપણ અને એને લગતાં ઉદાહરણો સ્વોપજ્ઞ ટીકામાં જોવા મળે છે.

**અલંકારતિલક**માં વિવિધ દેશો, નદીઓ અને વનસ્પતિ વિષે ઉલ્લેખ છે.

પૃ. ૩૨માં **નેમિ**કુમારનો નિર્દેશ છે. પૃ. ૫૮માં જે **વાગ્ભટ**નો ઉલ્લેખ છે તે ગ્રંથકારે પોતાને જ વિષે કર્યો હોય એમ લાગે છે.

**ઉલ્લેખ**–આ **વાગ્ભટ** બીજાએ અનેક ગ્રંથ અને ગ્રંથકારોનું ટાંચણ કર્યું છે. જેમકે **ચંદ્રપ્રભકાવ્ય, નેમિનિર્વાણ,** ગ્રામ્ય ભાષામાં **ભીમકાવ્ય** (પૃ. ૧૫), **રાજીમતી-પરિત્યાગ, શીતા** નામની કવયિત્રી (પૃ. ૨૦), અપભ્રંશનિબદ્ધ **અબ્ધિમંથન** (પૃ. ૧૫) ઇત્યાદિ.

એમણે **કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ** વગેરેનો પુષ્કળ ઉપયોગ કર્યો છે. **વાગ્ભટાલંકાર** (૪-૩૦) યમકને પ્રસંગે અવતરણરૂપે અપાયેલ છે. **નેમિનિર્વાણકાવ્ય** (૭-૫૦) વિષે પણ ઉલ્લેખ છે.

[1]**અલંકારસાર યાને અલંકારસંગ્રહ** (વિ. સં. ૧૪૧૨)- આ 'ખંડિલ્લ' ગચ્છના **ભા**વદેવસૂરિની કૃતિ છે. એમણે પાટણમાં વિ. સં. ૧૪૧૨માં **પાર્શ્વનાથચરિત્ર** રચ્યું છે. વળી એમણે પાઇયમાં પણ બે કૃતિ રચી છેઃ (૧) **જઇદિણચરિયા** (યતિદિનચર્યા) અને **કાલકકહા** (કાલકકથા).

**અલંકારસાર** નામની આ પદ્યાત્મક કૃતિના પ્રથમ પદ્યમાં આ કૃતિનો **કાવ્યાલંકારસારસંકલ**ના તરીકે, એના પ્રત્યેક અધ્યાયની પુષ્પિકામાં એનો **અલંકારસાર** તરીકે અને આઠમાં અધ્યાયના અંતિમ પદ્યમાં એનો **અલંકારસંગ્રહ** તરીકે ઉલ્લેખ છે.

P. ૧૭૬ આમ વિવિધ નામોથી ઓળખાવાતી આ કૃતિને સમ્પાદકે **કાવ્યાલંકારસંગ્રહ** તરીકે નિર્દેશી છે. આમાં એકંદર આઠ અધ્યાય છે. એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૫, ૧૫, ૨૪, ૧૩, ૧૩, ૪૯, ૫ અને ૮ની છે.

પહેલા અધ્યાયમાં કાવ્યનું ફળ, કાવ્યનો હેતુ અને કાવ્યનું સ્વરૂપ વિચારાયાં છે. બીજામાં શબ્દ અને અર્થના સ્વરૂપનું નિરૂપણ છે. ત્રીજામાં શબ્દ અને અર્થના દોષો જણાવાયા છે. ચોથામાં ગુણ ઉપર પ્રકાશ પડાયો છે. પાંચમામાં શબ્દાલંકારનું, છઠ્ઠામાં અર્થાલંકારનું, સાતમામાં રીતિનું અને આઠમામાં ભાવનું–વિભાવ અને અનુભાવનું સ્વરૂપ આલેખાયું છે. આ પ્રમાણેના વિષય અનુસાર અધ્યાયોનાં નામ યોજાયાં છે.

અંતિમ પદ્યમાં કર્તાએ પોતાને 'આચાર્ય **ભા**વદેવ' તરીકે ઓળખાવેલ છે. પ્રત્યેક પુષ્પિકામાં આ આચાર્યનો '**કાલ**કાચાર્યના સંતાનીય' તરીકે ઉલ્લેખ છે.

[2]**અલંકાર-મંડન** (લ. વિ. સં. ૧૪૭૫)- આ **ઉપસર્ગમંડન** વગેરે રચનારા જૈન મંત્રી **મં**ડનની કૃતિ છે. એ પાંચ પરિચ્છેદોમાં વિભક્ત છે. એમાં કાવ્યનાં લક્ષણ, પ્રકાર, રીતિઓ, દોષો અને ગુણો તેમજ રસ અને અલંકારો વિષે માહિતી અપાઈ છે.

---

૧. આ **કાવ્યાલંકાર**ને નામે **અલંકારમહોદધિ** નામની કૃતિના પરિશિષ્ટ તરીકે છપાવાયો છે.

૨. આ "હેમચન્દ્રાચાર્યસભા" પાટણ તરફથી પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

*આ કૃતિની તેમજ બીજી 'મંડન' અંતવાળી સાતે કૃતિઓની તથા **ચંદ્રવિજય**ની, કાયસ્થ **વિ**નાયકદાસે* તાડપત્ર ઉપર વિ. સં. ૧૫૦૪માં લખેલી હાથપોથી પાટણનાં ભંડારમાં છે.

**ત્રૈવિદ્યગોષ્ઠી** (પત્ર ૧૦અ)માં કહ્યું છે કે વિદ્વાનો શબ્દ અને અર્થના વૈચિત્ર્યથી મનોહર એવા કવિ-કર્મને (કાવ્યને) 'સાહિત્યનો સાર' કહે છે. તેમાં શબ્દના ત્રણ પ્રકાર છેઃ (૧) વાચક, (૨) ઔપચારિક અને (૩) વ્યંજક, અર્થના પણ ત્રણ પ્રકાર છેઃ (૧) મુખ્ય, (૨) ઉપચરિત અને (૩) વ્યંગ્ય. શબ્દનું વૈચિત્ર્ય દોષ દૂર કરવાથી, ગુણ સ્થાપિત કરવાથી કરવાથી અને ભૂષણ (અલંકાર)નો ઉપયોગ કરવાથી ઉદ્ભવે છે. દુષ્ટ, અસંસ્કાર ઇત્યાદિ દોષો અને માધુર્યાદિ ત્રણ ગુણો ગણાવી અલંકાર તરીકે અનુપ્રાસ ઇત્યાદિ એમ કહ્યું છે. અર્થનું વૈચિત્ર્ય વસ્તુ, અલંકાર અને રસના ભેદથી ત્રણ પ્રકારનું છે એમ અહીં કહ્યું છે. ત્યાર બાદ [1]ત્રણ પદ્યો આપી વિષમવૃત્ત, વિષમતર વૃત્ત, સમસ્યા, ચિત્ર, ક્રિયાગુપ્તક ઇત્યાદિ કુશલતાઓ કે જે અનેક વિદ્વાનોના મનોવિનોદના ફળરૂપ હોય તે અનેક પ્રકારે સંભવે છે એમ કહ્યું છે.

**કવિતામદપરિહાર** (લ. વિ. સં. ૧૭૦૦)- **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૮૨) પ્રમાણે આના કર્તા P. ૧૭૭
**સ**કલચન્દ્રના શિષ્ય **શાં**તિચન્દ્ર છે. એમણે આ કૃતિને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યાનો પણ અહીં ઉલ્લેખ છે. આ ઉલ્લેખની પૂર્વે 'કવિતામદપરિહારવૃત્તિ'ને 'કવિમદપરિહાર' હોવાનું સંભવે છે એમ જે કહ્યું છે તે વિચારણીય જણાય છે.

[2]**અલંકારચિન્તામણિ** (ઉ. વિક્રમની ૧૮મી સદી)- દિ. **અજિતસેને** રચેલી આ કૃતિમાં પાંચ પરિચ્છેદ છે. આમાં કવિશિક્ષા, [3]ચિત્રાલંકાર, યમકાદિ, અર્થાલંકાર અને રસાદિનું અનુક્રમે નિરૂપણ છે.

**ટીકા–જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૧૭) પ્રમાણે **અલંકાર-ચિન્તામણિ** ઉપર કોઈકની ટીકા છે.

**અલંકારસંગ્રહ**–આના કર્તા **અ**મૃતનંદિ છે. એમણે આ કૃતિ છ પ્રકરણોમાં વિભક્ત કરી છે. એમાં અનુક્રમે નિમ્નલિખિત વિષયોનું નિરૂપણ છે :-

વર્ણગણવિચાર, શબ્દાર્થનિર્ણય, રસવર્ણન, નેત્રભેદનિર્ણય, અલંકારનિર્ણય અને ગુણનિર્ણય.

આ કૃતિની વિવિધ હાથપોથીઓની નોંધ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૧૭)માં લેવાઈ છે. આ કૃતિની 'કન્નડ' લિપિમાં લખાયેલી ત્રણ હાથપોથીની નોંધ **ક. તા. ગ્રં.** માં છે (જુઓ પૃ. ૧૩૫, ૨૨૫ અને ૨૯૩). પૃ.૩૧૩ આ કૃતિના પ્રણેતાનું નામ 'અમૃતાનન્દ યોગી' અપાયું છે.

---

૧. આ ત્રણે પદ્યો ત્રીજાના ગુજરાતી અનુવાદ સહિત મેં "સહસ્રાવધાની મુનિસુન્દરસૂરિનું લાક્ષણિક સાહિત્ય" નામના મારા લેખમાં આપ્યાં છે.

૨. આ કૃતિ સોલાપુરના રહીશ **સ**ખારામ નેમચંદ દોશી દ્વારા **શ**કસંવત્ ૧૮૨૯માં સચિત્ર સ્વરૂપે પ્રસિદ્ધ કરાઈ છે પણ એ અપૂર્ણ જણાય છે.

૩. "આકાર-ચિત્ર"નાં ઉદાહરણો તેમજ એને લગતાં ચિત્રો મેં ILD નામના મારા લેખમાં આપ્યાં છે અને એ એના ત્રીજા હપ્તામાં મુંબઈ વિદ્યાપીઠના સામયિક (Arts No. 31)માં પ્રસિદ્ધ થનાર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાવ્યલક્ષણ–જૈ. ગ્રં.** (પૃ. ૩૧૬)માં આ અજ્ઞાતકર્તૃક કૃતિ ૨૫૦૦ શ્લોક જેવડી હોવાનો ઉલ્લેખ છે. આ કૃતિ વિષે વિશેષ, હકીકત જાણવામાં નથી.

P. ૧૭૮ **કાવ્યામ્નાય–** આ કૃતિ વિષે **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૯૧)માં નોંધ છે, પરંતુ અહીં એ પ્રશ્ન ઉઠાવાયો છે કે શું આ **ચન્દ્રાલોક**ની ટીકા છે ?

**ચન્દ્રાલોક** (લ. વિ. સં. ૧૨૭૫)- **મ**હાદેવના પુત્ર 'પિયૂષવર્ષ' જયદેવે દસ મયૂખમાં વિભક્ત કરાયેલું **ચન્દ્રાલોક** નામનું અલંકારશાસ્ત્ર લગભગ ૩૫૦ પદ્યોમાં ઇ.સ. ૧૨૦૦થી ૧૨૫૦ના ગાળામાં રચ્યું છે. અને **ભા**મહ તથા **દં**ડીની પેઠે ઉદાહરણો પોતાનાં આપ્યાં છે. આ કૃતિ અત્ર અભિપ્રેત હોય એમ લાગે છે. જો એમ જ હોય તો **કાવ્યામ્નાય** એ સ્વતંત્ર કૃતિ ન ગણાય; એ તો એક અજૈન કૃતિની જૈન ટીકા ગણાય.

**જૈ. ગ્રં.** (પૃ. ૩૧૫)માં ૨૦ પત્ર પૂરતો **અમરચન્દ્રે** **કાવ્યામ્નાય** રચ્યાનો ઉલ્લેખ છે પણ એ વિચારણીય જણાય છે.

**પ્રક્રાન્તાલંકાર-વૃત્તિ–** આ નામની કૃતિ **જિનહર્ષ**ના શિષ્યે રચી છે અને એની તાડપત્રીય હાથપોથી પાટણના ભંડારમાં છે એમ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૫૭)માં નોંધ છે.

**કર્ણાલંકારમંજરી–જૈ. ગ્રં.** (પૃ. ૩૧૫)માં આ કૃતિ ૭૦ પદ્યોમાં **ત્રિમલ્લે** રચ્યાનો ઉલ્લેખ છે પણ **જિ. ૨. કો.**માં તો આ નામથી કોઈ કૃતિની નોંધ નથી તો શું આ કૃતિ અલંકારશાસ્ત્રને લગતી છે અને એના કર્તા કોઈ જૈન છે ?

**અલંકારચૂર્ણિ–** આ નામની કૃતિ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૧૭)માં નોંધાઈ છે. વિશેષ હકીકત માટે જુઓ પૃ. ૫૭ (ઉપોદ્‌ઘાત).

[**અકબરસાહિશ્રૃંગારદર્પણ– પદ્મ**સુન્દરગણિની આ રચના માધવકૃષ્ણશર્મા દ્વારા સંપાદિત થઈ ''અનૂપ સંસ્કૃત લાયબ્રેરી'' બિકાનેરથી ૧૯૪૩માં પ્રસિદ્ધ થઇ છે.

**અલંકારદપ્પણ–** આનું પ્રકાશ ''મરૂધર કેશરી મિશ્રીમલજીઅભિનંદન ગ્રંથ'' ખંડ ૪ પૃ. ૪૩૦-૪૫૮માં થયું છે.]

P. ૧૭૯

## આંશિક કૃતિઓ

**રૂપક-મંજરી** (વિ. સં. ૧૬૪૪)- આ ગોપાલના પુત્ર **રૂપચન્દ્ર**ની સો શ્લોક જેવડી કૃતિ હોવાનો **જૈ. ગ્રં.** (પૃ. ૩૧૨)માં ઉલ્લેખ છે. આ નામથી કોઈ કૃતિ **જિ. ૨. કો.**માં નોંધાયેલી નથી. પણ એમાં (ખંડ ૧, પૃ. ૩૩૨માં) આ હકીકત **રૂપમંજરીનામમાલા**ને અંગે જોવાય છે. જો ખરી રીતે તેમ ન જ હોય તો પ્રસ્તુત નામ વિચારતાં એમાં 'રૂપક' નામના અલંકાર વિષે નિરૂપણ હશે એમ લાગે છે અને એ હિસાબે એ અલંકારશાસ્ત્રની કૃતિ ગણાય.

**રૂપક-માલા**–આ ઉપા. **પુણ્યનંદન**ની કૃતિ છે અને એના ઉપર **સમયસુંદરગણિ**એ વિ. સં. ૧૬૬૩માં ટીકા રચી છે. આ નામની એક કૃતિ **પાર્શ્વચન્દ્રસૂરિ**એ વિ. સં. ૧૫૮૬માં રચી છે. વળી આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વક્રોક્તિ-પંચાશિકા**–આ રત્નાકરની રચના છે એમ જૈ. ગ્રં. (પૃ. ૩૧૨)માં ઉલ્લેખ છે. મને તો આ નામ વિચારતાં બે કલ્પના સ્ફુરે છે : (૧) આ વક્રોક્તિનાં પચાસ ઉદાહરણરૂપ હશે. (૨) આમાં વક્રોક્તિ વિષે પચાસ પદ્યો હશે. પ્રથમ વિકલ્પ સાચો હોય તો એ અલંકારશાસ્ત્રની કે કાવ્યરૂપ કૃતિ ગણાય. બીજો વિકલ્પ ખરો હોય તો એ અલંકારશાસ્ત્રની કૃતિ ગણાય.

[વિશેષ માટે જુઓ– 'જૈનાચાર્યોં કા અલંકારશાસ્ત્ર મેં યોગદાન' ડો. **કમલપ્રકાશ** જૈન પ્ર. પાર્શ્વનાથ શોધપીઠ વારાણસી.]

['હેમચન્દ્રાચાર્યકૃત કાવ્યાનુશાસન એવં ભોજકૃત સરસ્વતી કંઠાભરણકા તુલનાત્મક અધ્યયન' લે. પ્રમિલા ત્રિપાઠી.]

[''Kavyanusāsan of Acharya Hemachandra A critical study" By A. M. Upādhyay Ahmedabad. ''काव्यानुशासन'' આ. **સુશીલસૂરિ**કૃત અવચૂરિ સાથે પ્રકા. લાવણ્યસૂરિ-જ્ઞાનમંદિર બોટાદ.]

***केशरीयाजी तीर्थ ईतिहास***– *ચંદનમલ નાગોરી.*

જૈનતીર્થસર્વસંગ્રહ ભા.૧-૨.– પ્ર. આણંદજી કલ્યાણજી પેઢી.

હરિભદ્રસૂરિચરિત્રમ્– પં. હરગોવનદાસ.

**कुंभोजगिरितीर्थ ईतिहास**–

**भीनमालतीर्थ का ईतिहास**– ભા.૧-૨ આ. પદ્મસાગરસૂરિ, મહાવીર જૈન આ. કેન્દ્ર કોબા.

**नगरकोट कांगडा महातीर्थ**— ભંવરલાલ નાહટા.

**जीरावला दर्शन**– સોહનલાલ પટણી, પ્ર. જીરાવલા પેઢી.

**મણિભદ્રજીવન ચરિત્ર– નં**દલાલ દેવલુક. પ્ર. અરિહંત પ્રકાશન

**भ. पार्श्वनाथ की परम्परा का ईतिहास**— ભા.૧-૨-૩, **જ્ઞાન**સુન્દર. સંપા. રત્નસેન વિ. પ્ર. દિવ્યસન્દેશ પ્રકાશન.

**યશોવિજય ઉપાધ્યાય સ્વાધ્યાય ગ્રંથ**– સં. પ્રદ્યુમ્નસૂરિ. પ્ર. મહાવીર વિદ્યાલય.

आगमसद्दकोसो ભા.૧-૪. દીપરત્નસાગર, પ્ર. આગમસૂત્ર પ્રકાશન.

**ભદ્રેશ્વર મહાતીર્થ**– રતીલાલ દેસાઈ. પ્ર. ગૂર્જર.

**ભીલડીયાજી તીર્થ**– પ્ર. ભીલડીયાજી પેઢી

નવપદપ્રકરણ (સ્વોપજ્ઞટીકા)– દેવગુપ્તસૂરિ, પ્ર. જિ. આ. દ્ર.

**स्वर्णगिरि जालोर**— ભંવરલાલ નાહટા, પ્ર. પ્રાકૃત ભારતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૮૦

# પ્રકરણ ૭ : નાટ્યશાસ્ત્ર

'નાટ્ય'નો અર્થ નૃત્ય અને અભિનય એમ કરાય છે. એની કળાને 'નાટ્યકળા' કહે છે. એ કળાનું શાસ્ત્રીય નિરૂપણ પૂરા પાડનારા ગ્રંથને 'નાટ્યશાસ્ત્ર' તરીકે ઓળખાવાય છે. ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં આ જાતના સ્વતંત્ર ગ્રંથો **વિક્રમ**ની દસમી સદી કરતાં પ્રાચીન સમયમાં રચાયા હોય[1] તો પણ તે હજી સુધી તો મળ્યા નથી. આથી આ જાતનો આદ્ય ગ્રંથ **નાટ્યદર્પણ** ગણાય. આ વિષયનો બીજો કોઈ સ્વતંત્ર જૈન ગ્રંથ આ પછી રચાયો હોય એમ જોવા-જાણવામાં નથી. આમ જ હોય તો આ બાબતમાં જૈન સાહિત્ય જેવું જોઈએ તેવું સમૃદ્ધ નથી એમ કહેવું પડે.

[2]**નાટ્યદર્પણ** (લ. વિ. સં. ૧૨૦૦)- આના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ના બે શિષ્ય છે : (૧) 'કવિ-કટારમલ્લ' સ્વાતંત્ર્યપ્રિય **રામચન્દ્રસૂરિ** અને (૨) એમના [3]ગુરુભાઈ (સતીર્થ્ય) **ગુણચન્દ્રગણિ**. આમ
P. ૧૮૧ આ કૃતિ તેમજ એની વિવૃતિ સટીક [4]**દ્રવ્યાલંકાર**ની જેમ દ્વિકર્તૃક છે. આ ત્રૈવિદ્યવેદી **રામચન્દ્રસૂરિ**એ સો [5]પ્રબંધો યાને ગ્રંથો રચ્યા છે. તેમાંના નીચે મુજબના એમના અગિયાર ગ્રંથોનો ઉલ્લેખ તો આ કૃતિના *ઉપર્યુક્ત બંને કર્તાના સંયુક્ત પરિશ્રમના પરિપાકરૂપ વિવૃતિમાં જોવાય છે :*

(૧) **કૌમુદીમિત્રાણંદ** (પ્રકરણ) પૃ. ૭૦.
(૨) **નલવિલાસ** (નાટક) પૃ. ૩૧-૩૪, ૪૦, ૪૫, ૫૦, ૫૧, ૬૯, ૭૫, ૭૯, ૧૦૬, ૧૩૫, ૧૪૭, ૧૪૮ અને ૧૫૬.
(૩) **નિર્ભય-ભીમ** (વ્યાયોગ) પૃ. ૬૮.
(૪) **મલ્લિકા-મકરન્દ** (પ્રકરણ) પૃ. ૧૭૧.
(૫) **યાદવાભ્યુદય** (નાટક) પૃ. ૪૨, ૬૩, ૮૪, ૯૪, ૧૦૫, ૧૧૨, ૧૧૩ ને ૧૧૫.
(૬) **રઘુવિલાસ** (નાટક) પૃ. ૩૬, ૩૭, ૫૭, ૮૦, ૮૨, ૮૫, ૯૦, ૯૨, ૯૪, ૯૭, ૧૦૭, ૧૧૦, ૧૩૬, ૧૪૫ ને ૧૫૬.

---

૧. **રાયપ્પસેણઈજ્જ** નામના ઉવંગ (સુ. ૨૩)ની વૃત્તિ (પત્ર ૫૨ આ)માં **મલયગિરિસૂરિ**એ **નાટ્યવિધિપ્રાભૃત** (પા. નાડયવિહિપાહુડ)નો ઉલ્લેખ કર્યો છે. એ પાહુડમાં નાટ્યશાસ્ત્રને લગતું નિરૂપણ હશે. આ ઉવંગમાં **સૂર્યાભદેવે** ભજવી બતાવેલાં બત્રીસ નાટકોને અંગે માહિતી અપાઈ છે.

૨. *ચાર વિવેક પૂરતો આ ગ્રંથ, એની બે ગ્રંથકારે રચેલીઃ વિવૃતિ અને ત્રણ પરિશિષ્ટરૂપે આ વિવૃતિમાં* (અ) ઉદાહરણરૂપે અપાયેલાં પદ્યોની, (આ) વીસ ગ્રંથકારનાં નામની અને (ઈ) તેંસઠ ગ્રંથોનાં નામની સૂચી તેમજ અંગ્રેજી પ્રસ્તાવના સહિત *"ગા. પૌ. ગ્રં."માં ગ્રંથાંક ૪૮* તરીકે ઈ. સ. ૧૯૨૯માં છપાયો છે. શું આ ગ્રંથ અહીં પૂર્ણ થયો નથી કે જેથી એનો પ્રથમ ભાગ તરીકે ઉલ્લેખ છે ? [ટી.સી. ઉપરેતી સંપાદિત **નાટ્યદર્પણ** પાર્શ્વપ્રકાશન અમદાવાદથી અને આચાર્ય વિશ્વેશ્વરસંપાદિત 'દિલ્લી વિશ્વવિદ્યાલય'થી ઇ.સ. ૧૯૬૧માં પ્રસિદ્ધ છે.]

૩. ઉદયચન્દ્ર, દેવચન્દ્ર, **બાલચન્દ્ર**, **મહેન્દ્રસૂરિ**, **યશશ્ચચન્દ્રગણિ** અને **વર્ધમાનગણિ** એ પણ એમના ગુરુભાઈ ગણાય છે, કેમકે એ બધા એક જ ગુરુના શિષ્યો છે.

૪. આ મૂળના તેમજ એની ટીકાના કર્તા પણ આ **રામચન્દ્રસૂરિ** તેમજ એમના ગુરુભાઈ **ગુણચન્દ્રગણિ** છે. [**દ્રવ્યાલંકાર** સટીક મુનિશ્રી જંબૂવિજય ધ્વારા સંપાદિત થઈ એલ. ડી. ઇંસ્ટી. અમદાવાદથી પ્રસિદ્ધ થયું છે.]

૫. **રઘુવિલાસ**માં **દ્રવ્યાલંકાર**ને પ્રબંધ કહ્યો છે અને એ ભજવી શકાય નહિ એમ કહ્યું છે. આથી સો પ્રબંધ એટલે સો નાટક એવો અર્થ થઈ શકે નહિ. [**દ્રવ્યાલંકાર**માં ષડ્દ્રવ્યનું દાર્શનિક શૈલિએ પ્રથમવાર નિરૂપણ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) **રાઘવાભ્યુદય** (નાટક) પૃ. ૪૭, ૪૯, ૫૨, ૫૩, ૬૧, ૬૩, ૬૬, ૧૦૨, ૧૦૬ ને ૧૭૦.
(૮) **રોહિણી-મૃગાંક** (પ્રકરણ) પૃ. ૬૧ ને ૬૮.
(૯) **વનમાલા** (નાટિકા) પૃ. ૧૭૧.
(૧૦) **સત્યહરિશ્ચન્દ્ર** (નાટક) પૃ. ૩૦, ૩૬, ૪૨, ૫૪, ૫૮, ૭૧, ૭૮, ૧૩૯, ૧૫૪, ૧૫૭ ને ૧૫૮. P. ૧૮૨
(૧૧) [1]**સુધાકલશ** (કોશ) પૃ. ૧૪૭, ૧૪૮ ને ૧૬૫.

આ **રામચન્દ્રસૂરિ**ની અન્ય સ્વતંત્ર કૃતિઓ તરીકે નીચે મુજબની કૃતિઓ ગણાવાય છે :-

**આદિદેવસ્તવ, કુમારવિહારશતક, જિનસ્તોત્રો, નેમિસ્તવ, મુનિસુવ્રતસ્તવ,** [2]**યદુવિલાસ, લઘુન્યાસ** અને [3]સોળ **સાધારણ-જિન-સ્તવ.**

આ ઉપરાંત નિમ્નલિખિત **દ્વાત્રિંશિકા**ઓને પણ કેટલાક આ **રામચન્દ્રસૂરિ**ની કૃતિ તરીકે ઓળખાવે છે :-

(૧) **પ્રસાદ-દ્વાત્રિંશિકા,** (૨) **યુગાદિદેવ-દ્વાત્રિંશિકા** અને (૩) **વ્યતિરેક-દ્વાત્રિંશિકા.**

આ પ્રમાણેની વિવિધ કૃતિઓ રચનારા **રામચન્દ્રસૂરિ**નો કાવ્યાદિના ગુણદોષોના પરીક્ષક તરીકે તેમજ સમસ્યા-પૂર્તિની શક્તિ ધરાવનારા તરીકેનો ઉલ્લેખ કેટલીક જૈન કૃતિઓમાં જોવાય છે. **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લોક. ૧૩૯) અને **પ્ર. ચિ.**માં સિદ્ધરાજ સાથેના એમના સમાગમ પછી એમની એક આંખ ગયાનો ઉલ્લેખ છે. **પ્ર. ચિ.** અને **પ્ર. ચ.** (પૃ. ૨૦૧) પ્રમાણે આ બહુશ્રુત સૂરિનાં અપમૃત્યુ માટે અજયપાલ રાજા જવાબદાર છે.

આ **રામચન્દ્રસૂરિ** **સિદ્ધરાજ**, **કુમારપાલ** અને **અજયપાલ** એ ત્રણેનાં રાજ્ય દરમ્યાન વિદ્યમાન P. ૧૮૩
હતા. એમના ગુરુને આચાર્ય-પદ વિ. સં. ૧૧૬૬માં મળ્યું હતું એ બાબત આ સાથે વિચારતાં એમનો સમય લ. વિ. સં. ૧૧૫૫થી લ. વિ. સં. ૧૨૩૦ સુધીનો ગણાય.

આમ **રામચન્દ્રસૂરિ**નો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે **ગુણચન્દ્રગણિ**નો વિચાર કરવો ઘટે છે, પરંતુ એમણે **રામચન્દ્રસૂરિ**ના સહયોગપૂર્વક નિમ્નલિખિત કૃત્તિઓ રચી છે અને એ સિવાય વિશેષ ખાસ કંઈ જાણવામાં નથી :-

(૧) **દ્રવ્યાલંકાર,** (૨) **દ્રવ્યાલંકાર**ની વૃત્તિ, (૩) **નાટ્યદર્પણ** અને (૪) **નાટ્યદર્પણ**ની વિવૃતિ.

**પરિમાણ અને વિષય**- પ્રસ્તુત **નાટ્યદર્પણ** એ ૨૦૭ પદ્યોની કૃતિ છે. એ ચાર 'વિવેક'માં વિભક્ત છે. એમાં અનુક્રમે ૬૫, ૩૭, ૫૧ અને ૫૪ પદ્યો છે. 'નાટક-નિર્ણય' નામના પ્રથમ વિવેકમાં નાટક સંબંધી સર્વે બાબતોનું નિરૂપણ છે. એના શ્લો. ૩-૪માં નીચે મુજબનાં બાર રૂપકો ગણાવાયાં છે :-

(૧) નાટક, (૨) પ્રકરણ, (૩) નાટિકા, (૪) [4]પ્રકરણી, (૫) વ્યાયોગ, (૬) સમવકાર, (૭) ભાણ, (૮) પ્રહસન, (૯) ડિમ, (૧૦) અંક (૧૧) ઈહામૃગ અને (૧૨) વીથિ.

---

૧. આમાંથી **નાટ્યદર્પણ**ની વિવૃતિમાં જે અવતરણો અપાયાં છે એ જોતાં આ પાઇય સુભાષિતોનો કોશ હશે એમ લાગે છે.
૨. ઉપર્યુક્ત **રઘુવિલાસ**માં આનો ઉલ્લેખ છે.
૩. આનું જ બીજું નામ **ષોડશ-ષોડશિકા** છે કે એમની એ અન્ય કૃતિ છે ?
૪. આને અંગે કોઈ અવતરણ વિવૃતિમાં જણાતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ બારને જિનની વાણીરૂપ (**આયાર** વગેરે) બાર અંગો જેવાં કહ્યાં છે.[1] શ્લો. ૩૪માં આરંભ
P. ૧૮૪ ઇત્યાદિ પાંચ દશા યાને અવસ્થાનો ઉલ્લેખ છે. શ્લો. ૩૭માં મુખ વગેરે પાંચ સંધિનો નિર્દેશ કરી આગળ ઉપર એ પાંચનાં અનુક્રમે ૧૨, ૧૩, ૧૩, ૧૩ અને ૧૪ અંગો ગણવાયાં છે.

દ્વિતીય વિવેકનું નામ 'પ્રકરણાદ્યેકાદશ-નિર્ણય' છે. એમાં પ્રકરણથી માંડીને વીથિ સુધીનાં ૧૧ રૂપકોનું નિરૂપણ છે.

તૃતીય વિવેકનું નામ 'વૃત્તિ-રસ-ભાવાભિનય-વિચાર' છે અને તદનુસાર એ ભારતી વગેરે ચાર વૃત્તિ, શૃંગારથી માંડીને શાંત સુધીના નવ રસ, નવ સ્થાયી-ભાવ, તેત્રીસ વ્યભિચારી-ભાવ, રસાદિક આઠ અનુભાવ અને ચાર અભિનય ઉપર પ્રકાશ પાડે છે.

ચતુર્થ વિવેકનું નામ 'સર્વરૂપક-સાધારણ-લક્ષણ-નિર્ણય' છે. આ દ્વારા તમામ રૂપકોમાં ઘટી શકે એવાં લક્ષણો અપાયાં છે.

**વિક્રમોર્વશીય** નાટકની **રંગાનાથ**કૃત ટીકામાં **નાટ્યદર્પણ**ના ઉલ્લેખપૂર્વક જે અવતરણ અપાયું છે તે આમાં નથી. આ અવતરણ દ્વારા નાંદીના એક પ્રકારરૂપ 'પત્રાવલી'નો ઉલ્લેખ કરાયો છે. પ્રસ્તુત **નાટ્યદર્પણ**ની રચના એવી સીધીસાદી છે કે એમાં નાંદીના આવા પ્રકારો માટે સ્થાન હોઇ ન શકે. આથી એમ અનુમનાય છે કે ઉપર્યુક્ત **નાટ્યદર્પણ** આ પ્રસ્તુત **નાટ્યદર્પણ**થી ભિન્ન છે.[2]

**ભટ્ટિકાવ્ય** (સ. ૧૪, શ્લો. ૩) ઉપરની **ભરતમલ્લિક**ની ટીકામાં પણ **નાટ્યદર્પણ**નો ઉલ્લેખ છે. વળી એમાં 'કાહલા' નામના વાદ્ય ઉપર પ્રકાશ પાડનારું અવતરણ છે. એ પ્રસ્તુત **નાટ્યદર્પણ**માં નથી. એથી એ **નાટ્યદર્પણ** નાટક ઉપરાંત સંગીતના નિરૂપણનો કોઈ ભિન્ન ગ્રંથ હશે એમ અનુમનાય છે.[3]

P. ૧૮૫ **સ્વોપજ્ઞ વિવૃતિ**– આમાં અંતમાં નીચે મુજબનાં તેર ઉપરૂપકોનું સ્વરૂપ આલેખાયું છે :-

(૧) સટ્ટક, (૨) શ્રીગહિત, (૩) દુર્મિલિતા, (૪) પ્રસ્થાન, (૫) ગોષ્ઠી, (૬) હલ્લીસક, (૭) નર્તનક, (૮) પ્રેક્ષણક, (૯) રાસક, (૧૦) નાટ્ય-રાસક, (૧૧) કાવ્ય, (૧૨) ભાણક અને (૧૩) ભાણિકા.

આ વિવૃતિમાં બાર રૂપકનાં સ્વરૂપ સમજાવવા માટે નાટક વગેરે પંચાવન [4]કૃતિઓમાંથી ઉદાહરણ અપાયાં છે. વળી હેતુ, બિન્દુ ઇત્યાદિના નિરૂપણાર્થે **નલવિલાસ**ના અંશોનો ઉપયોગ કરાયો છે.

**એકવાક્યતા અને ભિન્નતા- ધનંજય**ના **દશરૂપક** સાથે કેટલીક બાબતમાં આ વિવૃતિ મળતી આવે છે. વળી આ **દશરૂપક**માંથી જ અહીં અવતરણો અપાયાં હોય એમ લાગે છે. તેમ છતાં એના કે એના કર્તાના કે એના વૃત્તિકાર **ધનિક**ના નામનો અહીં નિર્દેશ નથી. આ વિવૃતિમાં એક બે સ્થળે આ

૧. **ધનંજયે દશરૂપક**માં દસ રૂપકોને **વિષ્ણુ**ના દસ અવતાર જેવાં કહ્યાં છે.

૨. જુઓ પ્રસ્તુત **નાટ્યદર્પણ**ની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૨).

૩. એજન, પૃ. ૨.

૪. આમાં કેટલીક સ્વરચિત છે. **બાલિકા-વંચિતક, માયા-પુષ્પક અને વિધિ-લિખિત** એ ત્રણ અજ્ઞાત નાટક છે. એમાંથી અપાયેલાં અવતરણો ઉપરથી એ **કંસ, રામ** અને **નળ**ને અંગે હોય એમ લાગે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ધ**નંજયથી ભિન્ન અભિપ્રાય દર્શાવાયો છે. **ભરત**ના **નાટ્યશાસ્ત્ર**માં પૂર્વાપરવિરોધાત્મક કથન છે એમ પણ અહીં કહેવાયું છે. સટ્ટક એ બારમું પાઠ્ય છે એટલે કે રૂપક છે એમ **'કલિ.' હે**મચન્દ્રસૂરિએ **કાવ્યાનુશાસન** (અ. ૮, સૂ. ૩[1])માં કહ્યું છે. પણ પ્રસ્તુત વિવૃતિમાં તો એને 'ઉપરૂપક' ગણ્યું છે.

આ ઉપરાંત રસ એ સુખ અને દુઃખ એમ બંને લાગણી ઉત્પન્ન કરે છે એવું આ વિવૃતિનું વિધાન P. ૧૮૬ છે. એ ઉપર્યુક્ત **કાવ્યાનુશાસન** અને **કાવ્યપ્રકાશ**થી ભિન્ન મત દર્શાવે છે.

રસના દોષોના નિરૂપણ પ્રસંગે **કાવ્યપ્રકાશ** સાથે વિવૃતિ મળે છે તો કોઈ કોઈ વાર જુદી પણ પડે છે.

નવમાં 'શાંત' રસને શ્રવ્ય કાવ્યમાં જ નહિ પણ નાટકમાં યે સ્થાન છે એમ વિવૃતિમાં પ્રતિપાદન કરાયું છે.

[**અંજનાપવનંજયનાટકમ્**- હસ્તિમલ્લ, હિંદી અનુવાદ ડો. રમેશચન્દ્ર જૈન. પ્ર. ઋષભદેવગ્રંથમાળા સાંગાનેર.]

[**કાવ્યાનુશાસન** : નિર્ણયસાગરીય આવૃત્તિનું પુનર્મુદ્રણ : પ્રવચનપ્રકાશન પુના]

**हस्तिकुंडी का ईतिहास**— સોહનલાલ પટણી, પ્ર. રાતામહાવીર તીર્થ

**સૂરતનો ઇતિહાસ**– કેશરીચંદ ઝવેરી.

**ગૌતમસ્વામિ મહાગ્રંથ**– નંદલાલ દેવલુક, પ્ર. અરિહંત પ્રકાશન

**ઉપરિયાળા તીર્થ ઈતિહાસ**– જયંતવિજય.

**શંખેશ્વરતીર્થ**– જયંતવિજય, પ્ર. યશો વિ. ગ્રંથમાળા

**રાજનગરના જિનાલયો**– સં. જિતેન્દ્ર બી. શાહ, પ્ર. આ. ક. પેઢી

**સત્યપુરતીર્થ ઈતિહાસ**– પ્ર. જૈન સંઘ સાંચોર, લે. મીશ્રીમલ બોથરા.

**રાણકપુર ઈતિહાસ**– પ્ર. પ્રાગ્વાટ સંઘ.

कापरड का इतिहास– પ્ર. કાપરડાતીર્થ સમિતિ

**ભોજવ્યાકરણ** અને **વિદ્વચ્ચિન્તામણિ**– **વિ**નયસાગર, સવિવરણ અનુવાદ ડૉ. જયદેવ પ્ર. આર્યજયકલ્યાણ કેન્દ્ર.

**સાહિત્યશિક્ષામંજરી**– (અલંકારવર્ણન) ધુરંધર વિ. પ્ર. જૈ સાહિત્ય વ. સભા

---

૧. કાવ્યના પ્રેક્ષ્ય અને શ્રવ્ય એમ બે પ્રકાર પાડી પ્રેક્ષ્યના પાઠ્ય અને ગેય એમ બે ભેદ દર્શાવી પાઠ્યના ઉપભેદો તરીકે આ સૂત્ર નીચે મુજબ યોજાયું છે.

"पाठ्यं नाटक–प्रकरण–नाटिका–समवकारेहामृग–डिम–व्यायोग्तेत्सृष्टिताङ्क–प्रहसन–भाण–वीथी–सट्टकादि"

અહીં અંકને બદલે ઉત્સૃષ્ટિતાંકનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૮૭

# પ્રકરણ ૮ : સંગીતશાસ્ત્ર

**સંગીત સંબંધી લેખો**—સંગીત એ અતિપ્રાચીન કાળની એક વિદ્યા છે—કળા છે અને એ આપણા તેમજ અન્ય દેશોમાં વિકસિત થયેલી છે. એનો સાંસારિક તેમજ ધાર્મિક કાર્યો માટે ઉપયોગ થયો છે અને થાય છે. જૈન તેમજ અજૈન જગતે એનો ભાવભીનો સત્કાર કર્યો છે અને એને અંગે વિવિધ કૃતિઓનું સર્જન કર્યું છે. જૈન આગમો વગેરેમાં સંગીત સંબંધી કેટલાક ઉલ્લેખોની નોંધ મેં "સંગીત અને જૈન સાહિત્ય" નામના મારા [1]લેખમાં લીધી છે. એ છપાયા બાદ, આ પૂર્વે આ સંબંધમાં બે લેખ લખાયાનું મને જાણવા મળ્યું છે :-

(૧) [2]"ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન." આના લેખક અધ્યાપક **ના**રાયણ મોરેશ્વર ખરે છે. એમના આ લેખ (પુ. ૨, અં. ૧, પૃ. ૨૯-૩૫)માં જૈન સંગીત-સાહિત્યની ચર્ચા છે.

(૨) [3]कुछ जैन ग्रंथोमें संगीत—चर्चा. આના લેખક ડૉ. વી. **રા**ઘવન્ છે.

[4]**સંગીત-સમયસાર**[5] (લ. વિ. સં. ૧૩૫૦)- આના કર્તા **અ**ભયચન્દ્રના શિષ્ય **મ**હાદેવાર્યના
P. ૧૮૮ શિષ્ય દિ. **પા**ર્શ્વચન્દ્ર છે. એમણે આ નવ અધિકરણમાં વિભક્ત કરેલી કૃતિમાં **ભોજ**, **સો**મેશ્વર અને **પ**રમર્દી એ ત્રણ રાજાઓનો ઉલ્લેખ કર્યો છે જ્યારે એમનો (**પા**ર્શ્વચન્દ્રનો) નિર્દેશ **સિં**ગભૂપાલે કર્યો છે. એ જોતાં એઓ ઇ. સ.ની ૧૩મી સદીમાં થઈ ગયેલાનું અનુમનાય છે. એમણે પ્રસ્તુત કૃતિમાં નાદ, ધ્વનિ સ્થાયી, રાગો, વાદ્ય, અભિનય, તાલ, પ્રસ્તાર અને આધ્વયોગ એમ વિવિધ બાબતો આલેખી છે. આ કૃતિમાં એમણે **પ્ર**તાપ, **દિ**ગંબર અને **શં**કર એ ગ્રંથકારોનો ઉલ્લેખ કર્યો છે.

**સંગીતોપનિષદ્** (વિ. સં. ૧૩૮૦) અને **સંગીતોનિષત્સારોદ્ધાર** (વિ. સં. ૧૪૦૬)- આ બંનેના કર્તા **રા**જશેખરસૂરિના શિષ્ય **સુ**ધાકલશ છે. એમની વિ. સં. ૧૩૮૦માં રચાયેલી પહેલી કૃતિની કોઈ હાથપોથી હજી સુધી તો મળી આવી નથી પરંતુ વિ. સં. ૧૪૦૬માં પ્રથમ કૃતિના સારરૂપે રચાયેલી બીજી કૃતિની હાથપોથીઓ મળે છે. એવી એકને આધારે 'દક્ષિણવિહારી' **અ**મરવિજયજીના શિષ્ય મુનિશ્રી **ચ**તુરવિજયજીએ એનો [6]પરિચય આપતાં કહ્યું છે કે એમાં છ અધ્યાય છે અને એનાં નામ અને પ્રત્યેકની શ્લોક-સંખ્યા નીચે મુજબ છે :-

---

૧. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૦, અં. ૮)માં છપાયો છે.

૨. આ લેખ "પુરાતત્ત્વ" (પુ. ૧, અં. ૩ અને પુ. ૨, અં. ૧)માં બે કટકે છપાયો છે.

૩. "જૈન સિદ્ધાન્ત ભાસ્કર" (ભા. ૭, અં. ૧)માં આ છપાયો છે.

૪. આ કૃતિ "ત્રિવેન્દ્રમ સંસ્કૃત ગ્રંથમાલા"માં ઈ. સ. માં છપાઈ છે. એનો પરિચય "જૈન સિદ્ધાન્ત ભાસ્કર" (ભા. ૯, અં. ૨ ને ભા. ૧૦, અં. ૧)માં અપાયો છે. ["કુન્દકુન્દભારતી" દીલ્હીથી છપાયું છે. ઇ. સ. ૧૯૭૭]

૫. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૦૯)માં આના નામાંતર તરીકે **સંગીત-સારસંગ્રહ**નો ઉલ્લેખ છે. અહીં એમ કહ્યું છે કે **પા**ર્શ્વદેવકૃત **સંગીતરત્નાકર** પણ આ જ કૃતિ હોવાનો સંભવ છે.

૬. જુઓ "આત્માનંદ-શતાબ્દિ-સ્મારક-ગ્રંથ"માં છપાયેલો એમનો લેખ નામે "વાચનાચાર્ય શ્રીસુધાકળશ અને તેની ગુરુપરંપરા" (પૃ. ૩૫).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| અધ્યાય | નામ | શ્લોક-સંખ્યા |
|---|---|---|
| ૧ | ગીત - પ્રકાશન | ૯૪ |
| ૨ | પ્રસ્તારાદિ - સોપાશ્રય - તાલ - પ્રકાશન | ૯૮ |
| ૩ | ગુણ - સ્વર - રાગાદિ - પ્રકાશન | [1]૨૮ |
| ૪ | ચતુર્વિધ - વાદ્ય - પ્રકાશન | [2]૯૮ |
| ૫ | નૃત્યાંગ - ઉપાંગ - પ્રત્યંગ - પ્રકાશન | ૧૪૧ P. ૧૮૯ |
| ૬ | નૃત્ય - પદ્ધતિ - પ્રકાશન | ૧૫૧ |

આમ આ કૃતિમાં એકંદર ૬૧૦[3] શ્લોકો છે. ઉપર્યુક્ત મુનિશ્રી **ચતુરવિજયજી**ના [4]મતે **સંગીત-મકરંદ** અને **સંગીત-પારિજાત** કરતાં આ કૃતિ વધારે મહત્ત્વની છે.

પ્રત્યેક અધ્યાયના પ્રારંભમાં ભિન્ન ભિન્ન રીતે મનોરમ પદ્ય દ્વારા જિનેશ્વરની સ્તુતિ કરાઈ છે. અ. ૧નું આદ્ય પદ્ય નીચે મુજબ છે. :-

"आनन्दनिर्भरपुरन्दरपङ्कजाक्षी-
नाट्यक्षणत्रुटितहारलताविमुक्तैः ।
मुक्ताफलैः किल दिवाऽपि विसर्पितारा
यद्देशनाऽवनिरभूत् स जिनः श्रिये वः ।।१।।"

આ ગ્રંથની પ્રશસ્તિમાં **સંગીતોપનિષદ્** વિ. સં. ૧૩૮૦માં રચાયાનો [5]ઉલ્લેખ છે. વળી **નરચન્દ્રસૂરિ**નો 'સંગીતજ્ઞ' તરીકે અહીં નિર્દેશ છે.[6]

**વીણા-વાદન**— 'ઉપકેશ' ગચ્છના **દેવગુપ્તસૂરિ**ને વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. એ સાધુને શોભે નહિ એમ એમને ઘણી વાર કહેવામાં આવ્યા છતાં એમની આસક્તિ ઓછી ન થઈ ત્યારે એઓ પોતાના પટ્ટધર તરીકે કક્કસૂરિને સ્થાપી 'લાટ' દેશમાં ચાલ્યા ગયા.

[7]**સંગીત-મંડન** (લ. વિ. સં. ૧૪૯૦)- આના કર્તા જૈન ગૃહસ્થ **મંડન** છે. એમણે **અલંકાર-મંડન** P. ૧૯૦
વગેરે બીજી સાત કૃતિઓ રચી છે. એ આઠેની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાઈ છે.

**સંગીત-દીપક**, **સંગીત-રત્નાવલી** અને [8]**સંગીત-સહ-પિંગલ**-આ ત્રણ કૃતિઓ **જૈ. ગ્રં.**માં અનુક્રમે પૃ. ૩૬૩, અને ૩૧૮માં નોંધાયેલી છે. એ ઉપરાંત એ સંબંધમાં વિશેષ માહિતી મળી શકી નથી.

---

૧-૨. શ્રી. **અગરચંદ નાહટા** પ્રમાણે ૧૨૭ અને ૯૯ શ્લોક છે.

૩. મૂળ લેખમાં '૫૯૦' છપાયા છે.

૪. જુઓ પૃ. ૧૮૮ના પ્રથમ ટિપ્પણમાં નોંધાયેલો લેખ (પૃ. ૩૫)

૫-૬. જુઓ "જૈ. સ. પ્ર." (વ. ૧૦, અં. ૯)ગત શ્રી. **અગરચંદ નાહટા**નો લેખ :-
"संगीत अने जैन साहित्य के विषयमें कुछ विशेष बातें."

૭. આ કૃતિ પ્રકાશિત કરાઈ હોય એમ જણાતું નથી તો તેમ થવું ઘટે.

૮. જુઓ પૃ. 88.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સંગીત, નૃત્ય અને નાટ્યશાસ્ત્ર સંબંધી જૈન ઉલ્લેખો–** આ નામથી ગુજરાતીમાં લિખિત ભાષણ જાહેર વ્યાખ્યાનરૂપે આપવા માટે મને વડોદરાની "College of Indian Music, Dance & Dramaties" તરફથી તા. ૨૬-૧૧-'૫૪ને રોજ આમંત્રણ મળતાં એ [૧]ભાષણ તૈયાર કરી એ વિદ્યાલયમાં મેં તા. ૧૩-૧-'૫૫ને રોજ એ ભાષણમાંથી થોડાક મુદ્દા વાંચી સંભળાવ્યા હતા અને કેટલાક મોઢેથી કહ્યા હતા.

[**સંગીતનાટ્યરૂપાવલી** નામનો ગ્રંથ કગુ. વિદ્યા સારાભાઈ નવાબ દ્વારા સંપાદિત થઈ સારાભાઈ નવાબ દ્વારા અમદાવાદથી ઈ.સ. ૧૯૬૩માં પ્રસિદ્ધ થયેલ છે. આમાં **કલ્પસૂત્ર**ની સુવર્ણાક્ષરી પ્રતમાંથી સંગીત અને નાટ્ય વિષેના સેંકડો દુર્લભ ચિત્રો અને એનો પરિચય અપાયા છે.]

**કાવ્યાનુશાસનનું અલંકારચૂડામણિવૃત્તિ અને વિવેક વ્યાખ્યા સાથે સંપૂર્ણ અધ્યયન–** લે. અમૃત એમ. ઉપાધ્યાય. પ્ર. સરસ્વતી પુસ્તક ભંડાર, ઈ. સ. ૧૯૮૪

["Jain Painting Vol. 1-2, પ્રકા. રાજેન્દ્ર સારાભાઈ નવાબ. આમાં ૭૮૧ રંગીન ચિત્રો છે. षडावश्यक बालावबोध (૧૪૭ ચિત્રો સાથે) પ્રકા. સારાભાઈ નવાબ. વિ. સં. ૨૦૩૩"]

**જૈન કાષ્ઠ પટચિત્ર–** દક્ષિણ ગુજરાતના જૈન મંદિરોમાં રહેલા પટચિત્રો વિષે સચિત્ર-વિવેચન. (ગુજરાતી અને અંગ્રેજી બે આવૃત્તિઓ) સંશોધન, અનુકૃતિ અને આલેખન ડૉ. વાસુદેવ સ્માર્ત. પ્રકાશક : આ. ૐકારસૂરિજ્ઞાનમંદિર ગ્રંથાવલિ. ૨૦ આ. ૐકારસૂરિ આરાધના ભવન. સૂરત.

P. peterson, operation in search of Sanskrit, Mss in the Bombay circle, Vol. I-VI, Bombay 1882-1898 A.D.

C. D. Dalal, A Descriptivie catalogue of Manuscripts in the jain Bhandaras at Pattan, Vol.I, G.O.S. No. Lxxvi, Baroda 1937.

H. R. Kapadia, Descriptive Catalogue of the Government Collections of Manuscripts deposited at the Bhandarkar Oriental Research institute. Vol. XVII-XIX, Poona 1935-1977.

Muni Punya Vijaya, Catalouge of Palm Leaf, Mss. in the Shanti Natha Jaina Bhandar, Cambay. Vol-I, II, G.O.S, No. 139, 149, Baroda, 1961-1966 A.D.

A. F. Shah, Catalogue fo Sanskrit and prakrit, Mss. Muni Shree punya Vijayaji's Collection, Vol, I, II, III, L.D. Series No. 2,6,15, Ahmedabad, 1962, 1965, 1968 A.D.

A. P. Shah, Catalogue of sanskrit and prakrit Mss. Ac. vijayadevasuri and Ac. Ksantisuris collection, part IV, L. D. Series, No. 20, Ahmedabad, 1968 A.D.

Muni Punya Vijaya, New Catalogue of Sanskrit and Prakrit, Mss : Jesalmer Collection. L. D. Series No. 36, Ahmedabad 1972. A.D.

૧. આ લગભગ સો પાનાંનું ભાષણ અપ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકરણ ૯ : કામશાસ્ત્ર

P. ૧૯૧

સામાન્ય રીતે કોઈ જૈન શ્રમણ કામશાસ્ત્રને અંગે સ્વતંત્ર કૃતિ રચે નહિ, કેમકે કામથી વિમુખ બનેલા એઓ અન્યને એનાથી વિમુખ બનવાનો ઉપદેશ આપવામાં કૃતાર્થતા માને એ સ્વાભાવિક છે. કોઈ વ્રતધારી શ્રાવક પણ આ વિષયને ભાગ્યે જ ચર્ચે. તેમ છતાં કોઈકને કોઈક વાર આ વિષય હાથ ધરવાનો પ્રસંગ આવતાં એ આ વિષયને ન્યાય આપે. **જિનદત્તસૂરિકૃત વિવેકવિલાસ** (ઉલ્લાસ ૫, શ્લો. ૧૩૮-૧૯૮)માં, જિનસૂરિકૃત [1]**પ્રિયંકરનૃપકથા** (પૃ. ૨૪)માં નિર્દેશાયેલી [2]**કમલ-શ્રેષ્ઠિ-કથા**માં તેમજ કેટલાંક કાવ્યોમાં અને કાવ્યશાસ્ત્રોમાં કામવિષયક હકીકતો જોવાય છે. આ સંબંધમાં સ્વતંત્ર કૃતિઓ હોય તો તે કઈ કઈ છે તેની તપાસ કરવી બાકી રહે છે.

[3]**કંદર્પ-ચૂડામણિ**[4] (વિ. સં. ૧૬૩૩)- **જ. સા. સં. ઈ.** (પૃ. ૫૮૬) પ્રમાણે **વીર**ભદ્રે વિ. સં. ૧૬૩૩માં **ભૈરવ** અને કૃષ્ણના સ્મરણપૂર્વક આ કૃતિ રચી છે. એને આ ઈતિહાસના લેખકે 'જૈન' રચના ગણી હોય એમ લાગે છે, પણ મને તો એ બાબત શંકા રહે છે. તેમ છતાં એ વિષે હું થોડુંક કહું છું.

આ **વીર**ભદ્ર 'વાઘેલ' વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિય છે. એમણે **વાત્સ્યાયનકૃત કામસૂત્ર**ના P. ૧૯૨ વિષયોનું નિરૂપણ આર્યા છંદમાં કર્યું છે. એમણે પ્રસ્તુત કૃતિ સાધારણ, સાંપ્રયોગિક, કન્યા-સંપ્રયુક્તક, ભાર્યાધિકારિક, પારદારિક, વૈશિક અને ઔપનિષદિક એ નામનાં સાત અધિકરણોમાં વિભક્ત કરી છે. આ દરેકના પેટાવિભાગરૂપ ઓછાવત્તા અધ્યાયો છે. બધા મળીને ૩૬ (૫+૧૦+૫+૨+૬+૬+૨) અધ્યાયો છે. પ્રારંભમાં કર્તાએ પોતાનો પરિચય આપ્યો છે. અને કામસૂત્ર રચનારા વિવિધ ગ્રંથકારોનાં નામો ગણાવ્યાં છે.

નિમ્નલિખિત કૃતિઓનાં નામ વિચારતાં એમાં પ્રસ્તુત વિષય ચર્ચાયો હોય તો ના નહિ : -

**કામપ્રદીપ**- આના કર્તા ગુણાકર છે.

[5]**કોકપ્રકાશસાર**- આ અજ્ઞાતકર્તૃક કૃતિની એક હાથપોથી ભાં. પ્રા. સં. મં.માં છે.

---

૧. મેં સંપાદિત કરેલી આ કૃતિં "દે. લા. જૈ. પુ. સં." તરફથી "કમલ-શ્રેષ્ઠિ-કથા" વગેરે પાંચ કથારૂપ પરિશિષ્ટ સહિત ઈ. સ. ૧૯૩૨માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. જુઓ ઉપર્યુક્ત ટિપ્પણ.

૩. "नितान्तं गोपनीयम्" એવા ઉલ્લેખપૂર્વક આ કૃતિ વિ. સં. ૧૯૮૧માં પ્રસિદ્ધ કરાઈ છે. એનું સંશોધન સ્વ. જાદવજી ત્રિકમજી વૈદ્યે કર્યું છે અને એ **મણિલાલ** ઈ. દેશાઈના મુદ્રણાલયમાં છપાઈ છે.

૪. આ કૃતિની આ નામથી નોંધ **જિ. ર. કો.**માં નથી.

૫. નર્બુદાચાર્યે વિ. સં. ૧૬૫૩માં **કોકશાસ્ત્ર-ચોપાઈ** રચી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૯૩

# પ્રકરણ ૧૦ : સ્થાપત્ય અને મુદ્રાશાસ્ત્ર

કળાના વિવિધ પ્રકારો છે. એમાંનો એક પ્રકાર તે [1]શિલ્પ-કળા છે. બાંધકામની વિદ્યાને 'શિલ્પ-વિદ્યા' અને એનું નિરૂપણ કરનાર ગ્રંથને 'શિલ્પ-શાસ્ત્ર' કહે છે. શિલ્પ-શાસ્ત્રનું બીજું નામ [2]''સ્થાપત્ય' છે. સ્થાપત્યનો અર્થ ઇમારત, બાંધકામ એમ પણ કરાય છે. પ્રસ્તુતમાં પ્રથમ અર્થ અભિપ્રેત છે. આબુ, રાણકપુર, શત્રુંજય વગેરે જૈન તીર્થસ્થળોમાં આવેલાં ભવ્ય મંદિરો જૈન સ્થાપત્યના ઉત્તમ નમૂના પૂરા પાડે છે.

આ પૈકી પ્રથમ ગ્રંથ જેઇમ્સ **ફર્ગ્યુસ**ને રચ્યો છે અને એના બંને ભાગ ઈ. સ. ૧૯૧૦માં પ્રકાશિત થયા છે. બીજો ગ્રંથ ઈ. બી. **હાવ**લે (Havell)ની રચના છે. એની બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૭માં છપાઈ છે. **ફર્ગ્યુ**સનના ગ્રંથમાં જૈન સ્થાપત્ય વિષે જેટલું લખાણ છે તેના પ્રમાણમાં **હાવે**લના ગ્રંથમાં બહુ જ થોડું લખાણ છે. પૃ. ૧૯૩ ટિ. ૨ થોડા વખત ઉપર ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહનું Studies in Jaina Art નામનું પુસ્તક (પૃ. ૮+૧૬૬) ૩૬ પ્લેઇટમાં ૮૯ ચિત્રો સહિત ''જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી'' તરફથી બનારસથી પ્રસિદ્ધ થયું છે ખરું પણ એ મારા જોવામાં આવ્યું નથી.

ધાર્મિક તેમજ નાગરિક એમ ઉભય પ્રકારની શિલ્પકળાની સામગ્રી **રાયપ્પસેણઇજ્જ** તેમજ **કપ્પ**નું ભાસ પૂરી પાડે છે. **રાય.**માં સૂર્યાભદેવે રચાવેલા વિમાનનું ઝીણવટભર્યું વર્ણન છે. એ ઉપરથી એક નવ્ય અને ભવ્ય પ્રાસાદ ઊભો થઈ શકે. વિશેષમાં આ વર્ણન સ્થાપત્યને અંગેના કેટલાક પારિભાષિક શબ્દો પણ પૂરા પાડે છે. વળી સમવસરણને લગતી જે હકીકત આગમિક તેમજ અનાગમિક સાહિત્યમાં મળે છે તે પણ સ્થાપત્યનો વિષય બની શકે તેમ છે. ભિન્ન ભિન્ન પ્રકારનાં નગરોનું તેમજ ગૃહનિર્માણકળા અને
P. ૧૯૪ શિલ્પકળાનું વિસ્તૃત વર્ણન જૈન સાહિત્યમાં મળે છે, ડૉ. **મો**તીચન્દ્રે ''जैनागम और स्थापत्य'' નામનો એક [3]લેખ લખ્યો છે.

---

૧. સ્વ. **હિ**માંશુવિજયે ''શિલ્પના બે જૈન ગ્રંથો'' નામનો લેખ લખ્યો છે અને એ ''બુદ્ધિપ્રકાશ'' (પુ. ૮૭, અં. ૧, પૃ. ૨૨-૨૯)માં છપાયો છે. [પં. કલ્યાણવિજયજી રચિત કલ્યાણકલિકા ભા. ૧માંશિલ્પશાસ્ત્રના અનેક ગ્રંથોનું દોહન છે. આની બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે.]

૨. આપણા દેશના સ્થાપત્ય વિષે અંગ્રેજીમાં બે મહત્ત્વના ગ્રંથ છે :-
(અ) History of Indian and Eastern Architecture. (આ) Indian Architecture. આ પૈકી પ્રથમ ગ્રંથ જેઇમ્સ ફર્ગ્યુસને રચ્યો છે અને એના બંને ભાગ ઇ.સ. ૧૯૧૦માં પ્રકાશિત થયા છે. બીજો ગ્રંથ ઇ. બી. હાવેલ (Havell)ની રચના છે. એની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૨૭માં છપાઇ છે. ફર્ગ્યુસનના ગ્રંથમાં જૈન સ્થાપત્ય વિષે જેટલું લખાણ છે તેના પ્રમાણમાં હાવેલના ગ્રંથણાં બહુજ થોડું લખાણ છે. થોડા વખત ઉપર ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહનું Studies in Jaina Art નામનું પુસ્તક (પૃ. ૮+૧૬૬) ૩૬ પ્લેઇટમાં ૮૯ ચિત્રો સહિત ''જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી'' તરફથી બનારસથી પ્રસિદ્ધ થયું છે ખરું પણ એ મારા જોવામાં આવ્યું નથી.

૩. આ લેખ ''જૈ. સિ. ભા.'' (ભા. ૧૯, કિરણ ૨)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણેની મહામૂલ્ય સામગ્રી હોવા છતાં સ્થાપત્ય સંબંધી જૈન કૃતિઓ આંગળીને વેઢે ગણાય એટલી ઓછી સંખ્યામાં જોવાય છે. [1]**ઠક્કર ફેરુએ** વિ. સં. ૧૩૭૨માં રચેલું **વત્થુસારપયરણ** પાઇયમાં છે. આનો પરિચય મેં **પા. ભા. સા.** (પૃ. ૧૮૫)માં આપ્યો છે.

**શિલ્પ-શાસ્ત્ર**– આ નામની એક કૃતિ ભટ્ટારક **એકસંધિએ** રચી છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૩)માં નોંધ છે, અને એના આધાર તરીકે **રાઇસ** (Rice) દ્વારા તૈયાર કરાયેલા અને ઇ. સ. ૧૮૮૪માં બેંગલોરથી પ્રસિદ્ધ કરાયેલા A Catalogue of Sanskrit Manuscripts in Mysore and Koorg (પૃ. ૩૧૬)નો ઉલ્લેખ કરાયો છે.

**મુદ્રાશાસ્ત્ર**–સિક્કાઓનું પણ શાસ્ત્ર છે. એને 'મુદ્રાશાસ્ત્ર' કહે છે. ઉપર્યુક્ત ઠક્કર ફેરુએ ૧૪૯ ગાથામાં **કુતુબુદ્દીન** તઘલખના રાજ્યમાં વિ. સં. ૧૩૭૫માં ભારતીય સિક્કાઓ વિષે [2]**દવ્વપરિક્ખા** (દ્રવ્યપરીક્ષા)માં વિચાર કર્યો છે. મુદ્રાશાસ્ત્રની પ્રવેશિકાની ગરજ સારનારી આ કૃતિમાં ૨૦૦ ઉપર સિક્કાઓનું વર્ણન છે. આવી કોઈ સંસ્કૃત કૃતિ કોઈ જૈને રચી છે ખરી ?

[''આણંદજી કલ્યાણજી પેઢી'' તથા ''શારદાબેન ચી. એ. રી. સેંટર'' અમદાવાદ દ્વારા તીર્થના પરિચય આપતાં કેટલાંક પુસ્તકો બહાર પડ્યા છે. એમાં તે તે તીર્થના જિનાલયોની શિલ્પસમૃદ્ધિ દર્શાવતાં ચિત્રો (ફોટોગ્રાફ્સ) છપાયાં છે.]

[नाकोडा पार्श्वनाथ तीर्थ— સંપા. વિનયસાગર, ''આરાસણ અપરનામ કુંભરિયાજી તીર્થ'' લે. મુનિ **વિશાલવિજય**. પ્રકા. યશોવિજય ગ્રંથમાળા. ]

["Osiaji Mahavir Temple" By Rabindra Vasavada પ્રકા. લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર. અમદાવાદ.]

Vidhatri vora, Catalogue of Gujarati, Mss in the Muniraj ShreePunya vijayaji's collection. L. D. series No. 71. Ahmedabad-1978. A. D.

Catalogue of Palm-Leaf, Mss in the shanti Natha Jaina Bhandar-cambay, Part I, II, Ed. Muni shree punya vijayaji, G.O.S. NO. 139, 149, Baroda 1962-66 A.D.

Catalogue of Sanskrit and prakrit, Mss : Muni Shree punya Vijayaji's collection, part-I-III Acarya vijayadeva Suris and Acarya Khantisurie's collection, part IV, Ed- A. P. Shah, Ahmedabad 1963-68 A.D.

---

૧. એમના વિષેનો તેમજ એમની કૃતિઓ વિષેનો એક લેખ નામે ''દ્રવ્યપરીક્ષા'' મુનિશ્રી **કાં**તિસાગરજીએ લખ્યો છે અને એ ''વિશાલભારત'' (ભાગ ૩૯, અંક ૧, પૃ. ૧૧-૧૪)માં છપાયો છે. 'ધંધકળશ' કુળના **ચન્દ્ર** એ ઠક્કર ફેરુના પિતા થાય અને **ચંદા** એમની માતા થાય.

૨. આના પરિચય માટે જુઓ ઉપર્યુક્ત લેખ તેમજ ''જૈ. સ. પ્ર.'' (વ. ૨૧, અં. ૪, ૫, અને ૮)માં એ જ **મુનિનો** ત્રણ કટકે છપાયેલો લેખ નામે ''ઠક્કર ફેરુરચિત મુદ્રાશાસ્ત્રનો અદ્વિતીય જૈન ગ્રંથ.''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૯૫

# પ્રકરણ ૧૧ : ગણિતશાસ્ત્ર

ગણિતશાસ્ત્રનો વિષય ઘણાખરા જનોને મન માથાકૂટિયો, અટપટિયો અને કંટાળાભરેલો છે, પરંતુ મારા જેવાને તો એ સદાયે અતિશય રસિક અને આનંદજનક જણાયો છે અને એથી તો આજે ઉત્તરાવસ્થામાં પણ અનુસ્નાતકથી પણ ઉચ્ચ કોટિના અભ્યાસીઓની કક્ષાની ગણિતશાસ્ત્રને અંગેની વિવિધ વિગતો વાંચવાવિચારવા હું ઉત્સુક રહું છું. ગણિતશાસ્ત્રની એક શાખારૂપ અંકગણિત તો સામાન્ય જનતાને પણ ઉપયોગી છે, જ્યારે બીજગણિત યાને અક્ષરગણિત [1]વગેરે શાખાઓ તો ખાસ કરીને વૈજ્ઞાનિક શોધકોના કામની છે. વળી આ શાસ્ત્રના અધ્યયનનો માર્ગ કેવળ વિનયન (Arts) ના જ કે વિજ્ઞાન (Science)ના જ કે વાણિજ્યના જ વિદ્યાર્થીઓ માટે મોકળો ન રાખતાં જ્ઞાનની અન્ય શાખાઓના અભ્યાસીઓ માટે પણ ઓછેવત્તે અંશે તેમ કરવાનું સ્તુત્ય પગલું વિશ્વવિદ્યાલયોએ ભર્યું છે. આથી તો ગણિતશાસ્ત્રની સાથે એક રીતે સરખું મહત્ત્વ ધરાવનારા તત્ત્વજ્ઞાનના ક્ષેત્ર કરતાં યે ગણિતશાસ્ત્રનું ક્ષેત્ર વધારે વ્યાપક છે. જૈન દર્શનમાં ગણિતશાસ્ત્રને ગૌરવશાળી સ્થાન અપાયું છે એમ પુવ્વોમાંની ગમ અને ભંગ (વિકલ્પો)ની પ્રચુરતા સંબંધી જૈન પરંપરા અને સંખ્યાનું નિરૂપણ વિચારતાં તેમજ કર્મસિદ્ધાન્તને લગતી ઝીણવટભરી બાબતોને ધ્યાનમાં લેતાં સહેજે ફલિત થાય છે. આજે પુવ્વ તો નથી પરંતુ કર્મસિદ્ધાન્ત
P. ૧૯૬ રજૂ કરનારા વિશિષ્ટ ગ્રંથો છે એટલે એ તેમજ કાળ અને ક્ષેત્રનાં પરિમાણ વિષે જે પ્રરૂપણા છે તે સમજવા માટે ગણિતશાસ્ત્રના જ્ઞાનની આવશ્યકતા રહે છે. આવી પરિસ્થિતિ હોવા છતાં કોણ જાણે કેમ ગણિતશાસ્ત્રના સ્વતંત્ર અને એની કોઈ એક શાખા પૂરતા યે સર્વાંગીણ ગણાય તેવા ગ્રંથો બહુ જ થોડા પ્રમાણમાં હજી સુધી તો મળી આવ્યા છે. **વત્થુસારપયરણ, દવ્વપરિક્ખા** વગેરે રચનારા ઠક્કર ફેરુએ [2]**ગણિયસારકોમુઈ** (ગણિતસારકૌમુદી) રચી છે. એ પદ્યાત્મક કૃતિ પાંચ ઉદ્દેશમાં વિભક્ત છે.

[3]**ગણિતસારસંગ્રહ** (લ. વિ. સં. ૯૦૦)- આના કર્તા દિ. મહાવીરાચાર્ય છે.

**ગણિતશાસ્ત્ર** અને **ગણિતસૂત્ર** (લ. વિ. સં. ૯૦૦)– આ ગણિતને અંગેના બંને ગ્રંથના કર્તા [4]**ગણિતસારસંગ્રહ** રચનારા દિ. મહાવીરાચાર્ય છે એમ **કે. પ્ર. ચૂ.**ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૬) જોતાં જણાય છે. વળી [5]**ગણિતસાર** પણ એમની કૃતિ છે અને એમાં ગુણોત્તર શ્રેણીના સિદ્ધાન્તોનું વિસ્તૃત

---

૧. વગેરેથી સમતલ ભૂમિતિ, ઘન ભૂમિતિ, સમતલ ત્રિકોણમિતિ, ગોલીય ત્રિકોણમિતિ, સમતલ બીજભૂમિતિ (Plane analytical geometry), ઘન બીજભૂમિતિ, શૂન્ય-લબ્ધિ યાને સૂક્ષ્મકલન, શૂન્યયુતિ યાને સમાસકલન અને શૂન્ય-સમીકરણ ઉપરાંત સ્થિતિ-શાસ્ત્ર, ગતિ-શાસ્ત્ર, ઉદય-સ્થિતિશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર જેવી શાખાઓ અત્ર અભિપ્રેત છે.

૨. આનો સંક્ષિપ્ત પરિચય મુનિશ્રી કાંતિસાગરજીએ "ઠક્કર ફેરુરચરિત 'ગણિતસાર-કૌમુદી' એ અદ્વિતીય ગ્રંથ" નામના લેખમાં આપ્યો છે. આ લેખ "જૈ. સ. પ્ર" (વર્ષ ૨૧, અં. ૩, પૃ. ૫૯-૬૪)માં છપાવાયો છે.

૩. આ કૃતિ પ્રા. એમ. રંગાચાર્યનાં અંગ્રેજી અનુવાદ અને ટિપ્પણ સહિત મદ્રાસ સરકારની આજ્ઞાથી ઈ. સ. ૧૯૧૨માં પ્રકાશિત થઈ છે. અંતમાં ત્રણ પરિશિષ્ટ છે. પ્રથમ પરિશિષ્ટ તરીકે સંસ્કૃત શબ્દો અને એ દ્વારા દર્શાવાતા અંક, દ્વિતીય પરિશિષ્ટ તરીકે અંગ્રેજી અનુવાદગત સંસ્કૃત શબ્દો અને એની સમજણ અને તૃતીય પરિશિષ્ટ તરીકે દાખલાઓના જવાબ અપાયાં છે.

૪. આનો કેટલોક પરિચય **કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિની** હિન્દી પ્રસ્તાવના (પૃ. ૫-૧૦)માં અપાયો છે.

૫. આ નામની મહાવીરચાર્યે સંસ્કૃતમાં રચેલી કૃતિની 'કન્નડ' લિપિમાં લખાયેલી વિવિધ હાથપોથીઓની નોંધ **ક. તા.** (પૃ.૧૬૮-૧૬૯)માં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરૂપણ છે એમ **કે. પ્ર. ચૂ.**ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૫)માં ઉલ્લેખ છે. તો શું એ **ગણિતસાર** ઉપર્યુક્ત કૃતિઓથી ભિન્ન છે ? બ્રહ્મગુપ્તકૃત [૧]**બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત** સાથે પ્રસ્તુત કૃતિ સરખાવતાં એમ લાગે છે કે આ **મ**હાવીરાચાર્ય આથી પરિચિત હતા, એમણે **ગણિતસારસંગ્રહ**માં એક સ્થળે [૨]**શ્રી**ધરનો ઉલ્લેખ કર્યો છે.[૩] વિશેષમાં એમણે શ્લો. ૩માં **અ**મોઘવર્ષનો અને શ્લો. ૮માં એમનો 'નૃપતુંગ' તરીકે નામોલ્લેખ કર્યો છે અને શ્લો. ૬માં આ રાજાને 'ચક્રિકાભંજન' કહ્યા છે. આ 'રાષ્ટ્રકૂટ' વંશના રાજાનો સમય ઈ.સ. ૮૧૪ P. ૧૯૭ કે ૮૧૫થી ઈ.સ. ૮૭૭ કે ૮૭૮ ગણાય છે. આ હિસાબે આ કૃતિ ઈ. સ. ૮૫૦ની લગભગની ગણાય. આ પદ્યાત્મક કૃતિના પ્રારંભમાં જૈનોના ચરમ તીર્થંકર **મ**હાવીરસ્વામીને વંદન કરી ઉપર્યુક્ત રાજાની તારીફ કરી ગણિતની પ્રશંસા કરાઈ છે. ત્યાર બાદ સંજ્ઞાઓ યાને [૪]ક્ષેત્રાદિકની પરિભાષાઓ સમજાવાઈ છે. પછી નીચે મુજબના આઠ વ્યવહારોનું નિરૂપણ છે :-

(૧) પરિકર્મ, (૨) કલાસવર્ણ, (૩) પ્રકીર્ણક, (૪) ત્રૈરાશિક, (૫) મિશ્રક, (૬) ક્ષેત્રગણિત, (૭) ખાત અને (૮) છાયા.

મિશ્રક વ્યવહારમાં વ્યાજને અંગેની રીતો (rules)ની અને એના [૫]દાખલાની સંખ્યા [૬]**આર્યભટીય** કરતાં ઘણી વધારે છે.

**સંપ્રદાય**– આ કૃતિના કર્તા જૈન છે એમ જિનેશ્વરની પુષ્પ-પૂજા (પૃ. ૯), ફલ-પૂજા (પૃ. ૩૪), દીપ-પૂજા (પૃ. ૪૦), ગંધ-પૂજા (પૃ. ૪૨), ધૂપ-પૂજા (પૃ. ૪૨) ઇત્યાદિને લગતાં ઉદાહરણો ઉપરથી તેમજ [૭]પૃ. ૫૨ માંના બાર પ્રકારના તપ અને બાર અંગ (દ્વાદશાંગી)ના ઉલ્લેખ ઉપરથી તથા આકાશચારી મુનિ (પૃ ૧૩૮)ને લગતા ઉલ્લેખ ઉપરથી પણ જાણી શકાય છે.

**સ્ખલન**– કોઈ સંખ્યાને શૂન્યથી ભાગે તો તે અવિકારી રહે છે– તેવી ને તેવી જ રહે છે એવો P. ૧૯૮ જે ઉલ્લેખ પૃ. ૬માં શ્લો. ૪૯માં કરાયો છે તે ભ્રાન્ત છે. **બ્ર**હ્મગુપ્તે તો આવી ભૂલ કરી નથી.[૮]

**સત્કાર**– દક્ષિણ ભારતમાં **ગણિતસારસંગ્રહ**ને સારો આવકાર મળ્યો હોય એમ લાગે છે કેમકે ઈ. સ.ની અગિયારમી સદીમાં તો પાવુલૂરિ મલ્લને એનો 'તેલુગુ' ભાષામાં પદ્યમાં અનુવાદ કર્યો હતો.

**ટીકાઓ**– **વ**રદરાજે તેમજ અન્ય કોઈએ **ગણિતસારસંગ્રહ** ઉપર સંસ્કૃતમાં એકેક ટીકા રચી છે.

**કાનડી અને તેલુગુ ટીકા**– **વ**લ્લભ નામની કોઇક વ્યક્તિએ **ગણિતસારસંગ્રહ** ઉપર કાનડી ભાષામાં તેમજ તેલુગુમાં એકેક ટીકા રચી છે.

---

૧. આના ટીકાકાર **પૃથુ**દકસ્વામી (ઇ. સ. ૮૬૦) અને આ **મ**હાવીરાચાર્ય વચ્ચે વિશેષ અંતર નહિ હશે એમ પ્રા. **રં**ગચાર્યે કહ્યું છે.

૨. આ **શ્રી**ધર તે **ત્રિશતિકા** (ઈ.સ. ૭૫૦)ના કર્તા છે.

૩. જુઓ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૧૦૩).

૪. અહીં ૨૪ અંકસ્થાનો ગણાવાયાં છે. છેલ્લાનું નામ 'મહાક્ષોભ' અપાયું છે.

૫. History of Hindu Mathematics (ખંડ ૧, પૃ. ૨૨૩-૨૨૬)માં તેર દાખલા અપાયા છે.

૬. આ **આર્ય**ભટ પહેલા (ઇ. સ. ૪૯૯)ની કૃતિ છે.

૭. આ પૃષ્ઠગત શ્લો. ૪૫માં 'સમુદાય' એ અર્થમાં ''यतिसमितिः'' દ્વારા 'સમિતિ' શબ્દ વપરાયો છે.

૮. જુઓ HHM (ખંડ ૧, પૃ. ૨૪૧).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ડૉ. દત્તના લેખ**– ડૉ. બિભૂતિભૂષણ દત્તે જૈન ગણિતને અંગે નીચે મુજબના ત્રણ લેખ લખ્યા છે :-

(1) [1]The Jaina School of Mathematiec.

(2) [2]On Mahavira's Solution of Rational Triangles and Quadrilaterals.

(3) [3]Geometry in the Jaina Cosmography.

P. ૧૯૯ **ગણિતસંગ્રહ**– આના કર્તા **યલ્લાચાર્ય** છે. શું એઓ જૈન છે અને એમની આ કૃતિ સંસ્કૃત છે ?

**ગણિતશાસ્ત્ર** (વિક્રમની [4]૧૧મી સદી)– આના કર્તા **શ્રી**ધરાચાર્ય છે.

**પાટીગણિત** (લ. વિ. સં. ૧૨૫૦) - આના કર્તા [5]જૈન ગૃહસ્થ **અનં**તપાલ છે. એઓ 'પલ્લીવાલ' કુળના અને **નેમિચરિત** નામનું મહાકાવ્ય રચનારા **આમ**ન કવિના ચાર પુત્રો પૈકી પ્રથમ છે. આ **અનં**તપાલના **ધન**પાલ નામના ભાઈએ **તિલકમંજરીકથાસાર** વિ. સં. ૧૨૬૧માં રચ્યો છે. **પાટીગણિત** એ નામ વિચારતાં એમ લાગે છે કે એમાં અંકગણિતનો વિષય વિચારાયો હશે.

**ગણિયસાર** (લ. વિ. સં. ૧૩૭૦)-આના કર્તા ઠક્કર ફેરુ છે. એમણે વિ. સં. ૧૩૪૭માં **યુગપ્રધાનચોપાઈ** રચી છે અને વિ. સં. ૧૩૭૨માં **વત્થુસારપયરણ** અને **જ્યોતિઃસાર** અને વિ. સં. ૧૩૭૫માં **દવ્વપરિક્ખા** રચ્યાં છે. આથી પ્રસ્તુત ગ્રંથ લ. વિ. સં. ૧૩૭૦માં રચાયો હશે એમ લાગે છે. એ ગમે તે હો પણ આ ગ્રંથ પ્રાકૃતમાં છે.

**તિલક**– આ ગણિતને લગતા ગ્રંથના કર્તા **સિંહ**તિલકસૂરિ છે એમ **કે. પ્ર. ચૂ.**ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૬)માં ઉલ્લેખ છે તે ખરો છે ?

**સિદ્ધ-ભૂ-પદ્ધતિની ટીકા** (લ. વિ. સં. ૮૭૫)- આના કર્તા દિ. **વીર**સેન આચાર્ય છે. એઓ [6]'પંચસ્તૂપ' અન્વયના દિ. **આર્ય**નન્દિના શિષ્ય અને **ચન્દ્ર**સેનના પ્રશિષ્ય થાય છે. આ **વીર**સેન **જિન**સેન (પહેલા)ના ગુરુ થાય છે[7] અને **ઉત્તરપુરાણ** રચનારા **ગુણ**ભદ્રના પ્રગુરુ થાય છે.[8] એ **વીર**સેને **છખંડાગમ**

૧. આ લેખ Bulletin of the Calcutta Mathematical Society (Vol. XXI, No. 2, 1929)માં છપાયો છે.

૨. આ લેખ Bul. of the Cal. Math Society (Vol. XX, 1928-29)માં પ્રકાશિત થયેલો છે.

૩. આ લેખની મુદ્રિત નકલ મારા જોવામાં આવી નથી; બાકી એની હાથે લખેલી નકલ તો મને એના લેખક મહાશય તરફથી મળી હતી.

૪. આ સદીમાં પાઈયમાં એક ગણિતનો ગ્રન્થ રચાયો છે અને એમાં મિશ્રિત પ્રશ્નનો ઉત્તર શ્રેણિવ્યવહાર અને કુટ્ટકની રીતિથી અપાયો છે.

૫. **જિન**વિજયજીના મતે આ દિ. છે (જુઓ **જૈ. સા. ઇ.**નું પૃ. ૪૭૧). જો એમ જ હોય તો **તિલકમંજરી**ના કર્તા શ્વેતાંબર **ધન**પાલને આ **અનં**તપાલના ભાઈ **ધન**પાલે નમન કર્યું છે તે એમની મતસહિષ્ણુતા–ઉદારતા સૂચવે છે. આવા બીજા ઉદાહરણરૂપ પં. **વાદિ**રાજ છે, કેમકે એમણે શ્વેતાાંબરીય **વાગ્ભટાલંકાર** ઉપર ટીકા રચી છે. જુઓ પૃ. 92.

૬. આ અન્વય આગળ જતાં 'સેનાન્વય' યા 'સેન-સંઘ' તરીકે પ્રસિદ્ધ થયો.

૭. એમના અન્ય શિષ્યો વગેરેના નામ માટે જુઓ **જૈ. સા. ઇ.** (પૃ. ૫૦૧).

૮. આ **વીર**સેન, **જિન**સેન પહેલા અને **ગુણ**ભદ્ર એ ત્રણ વિદ્વાનો દિ. સાહિત્યક્ષેત્રના ત્રણ તેજસ્વી તારાઓ છે. એ ત્રિપુટી તે જાણે 'ભરણી' નક્ષત્ર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૈકી પહેલા પાંચ ખંડની ટીકા નામે **ધવલા શક**સંવત્ ૭૩૮માં પૂરી કરી છે. એમાં ચર્ચાયેલો ગણિતનો P. ૨૦૦
વિષય જોતાં એઓ ગણિતજ્ઞ હતા એમ કહી શકાય. એમણે **કસાયપાહુડ** ઉપર **જયધવલા** નામની ટીકા રચવા માંડી હતી પરંતુ વીસ હજાર શ્લોક જેટલો ભાગ રચાતાં એમનો સ્વર્ગવાસ થયો. એમનો જન્મ **શક**સંવત્ ૬૬૦ની આસપાસમાં અને સ્વર્ગવાસ **શક**સંવત્ ૭૪૫ની આસપાસમાં થયાનું અનુમનાય છે.[1]

**ઉત્તરપુરાણ**ની પ્રશસ્તિમાં દિ. **ગુણભદ્રે** પોતાના દાદાગુરુ દિ. **વીરસેન** માટે એવો ઉલ્લેખ કર્યો છે કે **સિદ્ધ-ભૂ-પદ્ધતિ**નાં પદે પદ વિષમ અર્થાત્ કઠણ હતાં. પરંતુ આ **વીરસેને** એની એવી ટીકા રચી છે કે એ જોઈને ભિક્ષુઓને એ ગ્રંથ સમજવો સુગમ્ થઈ પડ્યો છે. આ મૂળ ગ્રંથ ક્ષેત્રગણિત (geometry)નો હશે એમ અનુમનાય છે.[2]

**ક્ષેત્રગણિત**– આના કર્તા **નેમિચન્દ્ર** છે.[3]

અહીં એ ઉમેરીશ કે ક્ષેત્રગણિતને અંગે છ [4]કરણો વાચકવર્ય **ઉમાસ્વાતિ**એ **ત. સૂ.** (અ. ૩, સૂ. ૧૧)ના સ્વોપજ્ઞ ભાષ્ય (પૃ. ૨૫૮)માં આપ્યાં છે.

**બૈજિક યાને વ્યચ્છેદક રેખાગણિત**– આના કર્તા **શ્રી**ધરાચાર્ય છે અને એમાં એમણે સરળ રેખા, વૃત્ત, રૈખિક ક્ષેત્ર, નલાકૃતિ, મોચાકૃતિ, વર્તુલાકૃતિ ઈત્યાદિ વિષયોનું નિરૂપણ કર્યું છે.[5]

**Aspects of Jain Art.** U. P Shah

More documents of Jain Paintings U. P. Shah. પ્ર. લા. દ. વિદ્યા મંદિર.

**Trlasers of Jain Bhandar** U. P. Shah, પ્ર. લા. દ. વિદ્યા મંદિર.

**Sallekhana is not suside.**

**Early Jainism** K. K. Dixit.

**વર્ધમાન મહાવીર જીવનદર્શન ચિત્રોમાં** આ. યશોદેવસૂરિ. પ્ર. જૈન સાહિત્યમંદિર **જૈન સમ્રાટ સંપ્રતિ,** લે. ત્રિભુવનદાસ, પ્ર. શશિકાન્ત એન્ડ કાં. વડોદરા.

કર્પૂરમંજરી : રાજશેખર : સંસ્કૃત-હિંદી સાથે ગંગાસાગરરાય.

અમરુશતક : અમરુક વ્યા. અર્જુનમિશ્ર.

ભૈરવપદ્માવતીકલ્પ : મલ્લિષેણસૂરિ સંસ્કૃત વિવરણ અને શુકદેવ ચતુર્વેદી હિન્દી વ્યાખ્યા.

---

૧. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૧૨).

૨. એજન (પૃ. ૫૦૩).

૩. જુઓ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૯૮).

૪. જાુઓ **કે. પ્ર. ચૂ.**ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૭)

૫. આ કરણો **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે **સમયખેત્તસમાસ**માં **પાઈય**માં પદ્યરૂપે રજૂ કર્યાં છે અને એના ઉપર કોઈકે પાઇયમાં ચુણ્ણિ રચી છે અને એ હાલમાં છપાય છે. મેં ઉપર્યુક્ત છ કરણો (formula) અંગ્રેજીમાં **ત. સૂ.** (દ્વિતીય વિભાગ)ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૪૧)માં આપ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૦૧

# પ્રકરણ ૧૨ : નિમિત્ત-શાસ્ત્ર

**નિમિત્તશાસ્ત્રની વ્યાપકતા**- 'નિમિત્ત' એટલે દેશાન્તરિત અને કાલાન્તરિત ભવિષ્યના બનાવને જણાવનારું ચિહ્ન. એ નિમિત્ત પર પ્રકાશ પાડનારું શાસ્ત્ર તે 'નિમિત્ત-શાસ્ત્ર' (Science of Divination) કહેવાય છે. આ વ્યાખ્યા પ્રમાણે જ્યોતિષનો નિમિત્તમાં અંતર્ભાવ થાય છે.[૧]

**વિસેસા.** (ગા. ૨૧૬૩)માં નિમિત્તનું લક્ષણ વગેરે હકીકત અપાઇ છે. ત્યાં કહ્યું છે કે જેના વડે શુભ અને અશુભ જાણી શકાય તે 'નિમિત્ત' છે. આ નિમિત્તના આઠ પ્રકાર છે અને એથી તો [૨]''અષ્ટાંગ નિમિત્ત' એવો પ્રયોગ જોવાય છે. ઉપા. **મેઘવિજયે હસ્તસંજીવન**ની સ્વોપજ્ઞ વિવૃતિમાં નીચે મુજબના આઠ નિમિત્તોનો ઉલ્લેખ કરી એની આછી રૂપરેખા આલેખી છે. અને એ નિમિત્તોનો બોધ કરાવનાર સાહિત્યનો નિર્દેશ કર્યો છે અને પહેલાં સાત નિમિત્તોને લગતા જ્ઞાનનો વર્તમાનમાં (પોતાના સમયમાં) હ્રાસ થયો છે એમ કહ્યું છે.[૩] :-

(૧) અંગ, (૨) સ્વપ્ન, (૩) સ્વર, (૪) ભૌમ, (૫) વ્યંજન, (૬) લક્ષણ, (૭) ઉત્પાત અને (૮) અંતરિક્ષ.

P. ૨૦૨ અન્યત્ર ઉત્પાતને બદલે 'દિવ્ય'નો ઉલ્લેખ જોવાય છે. એને લક્ષ્યમાં રાખી હું આઠ નિમિત્તો ગણાવું છું અને સાથે સાથે એનો સંક્ષેપમાં અર્થ સૂચવું છું :-

(૧) **ભૌમ**– ધરતીકંપ વગેરે પૃથ્વી સંબંધી.
(૨) **સ્વપ્ન**– નિદ્રામાં ભાસતો દેખાવ, સમણું,
(૩) **અંતરિક્ષ**– આકાશમાં ફરતા ગ્રહોનાં અન્ય રાશિમાં ગમન, ઉદય, અસ્ત વગેરે.
(૪) **દિવ્ય**– ઉલ્કાપાત, ગંધર્વનગર વગેરેનું દર્શન.
(૫) **આંગ**– શારીરિક રચના વગેરે.
(૬) **સ્વર**– કોમળ, કઠોર, ગંભીર ઈત્યાદિ સ્વર અથવા કોસલાગમાદિ પ્રતિપાદિત [૪]સ્વરવિદ્યા.
(૭) **લક્ષણ**– શ્રીવત્સ વગેરે શારીરિક લક્ષણો.
(૮) **વ્યંજન**– તલ, મસા, વગેરે શારીરિક ચિહ્ન.

કેટલીક વાર નિમિત્તના નીચે મુજબ છ પ્રકાર પણ ગણાવાય છે :-

(૧) સુખ, (૨) દુઃખ, (૩) લાભ, (૪) હાનિ, (૫) જીવિત અને (૬) મરણ.

---

૧. આ સંબંધમાં વિશેષ માહિતી માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૬૭).

૨. ''અષ્ટાંગ નિમિત્ત અથવા ત્રિસ્કંધ જ્યોતિઃશાસ્ત્ર એ એક જ વિદ્યાના બોધક શબ્દો છે.'' એમ ''જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો''ના આમુખ (પૃ. ૪૭)માં કહ્યું છે. અહીં એવો પણ ઉલ્લેખ છે કે **ત્રિસ્કંધ**માં પહેલો સ્કંધ ગણિતનો છે અને એને જ્યોતિષની પરિભાષામાં 'સિદ્ધાંત' કહે છે.

૩. એમણે **નારદ**કૃત **અંગવિદ્યા**નો અને **મહેશ્વર**કૃત **સ્વરોદય**નો (આને જ કેટલાક **શિવસ્વરોદય** કહે છે) ઉલ્લેખ કર્યો છે.

૪. સ્વર-શાસ્ત્રને યાને સ્વરોદય-શાસ્ત્રને સામાન્ય જનતા 'સરોદો' કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રશ્નપ્રકાશ** (લ. વિ. સં. ૧૭૫)– **પ્ર. ચ.** (શૃંગ ૫, શ્લો. ૩૪૭) પ્રમાણે આના કર્તા **પાદલિપ્તસૂરિ** છે. આગમોની ચુણ્ણિઓ જોતાં એમ જણાય છે કે એમણે **કાલજ્ઞાન** નામનો ગ્રંથ રચ્યો હતો. ''गाहाजुअलेण''થી શરૂ થતો [1]**વીરથય (વીર-સ્તવ)** એમણે રચ્યો છે અને એમાં સુવર્ણસિદ્ધિ અને P. ૨૦૩
વ્યોમસિદ્ધિની (એટલે કે આકાશગામિની વિદ્યાની) હકીકત ગુપ્ત રીતે આપી છે.[2] એમની સુપ્રસિદ્ધ અને કૌતુકપ્રિય કૃતિ તે **તરંગવઈ** છે. [3]**અણુઓગદાર** વગેરેમાં એ નોંધાયેલી છે. એમાં ભારોભાર દેસિય (દેશ્ય) શબ્દો હતા.[4] આ સૂરિએ [5]**નિર્વાણકલિકા** અને **જોઇસ-કરંડગ**ની ટીકા રચી છે. **જિનપ્રભસૂરિ**ના કથન પ્રમાણે આ **પાદલિપ્તસૂરિ**એ **શત્રુંજય-કલ્પ** અને **રેવંતગિરિ-કલ્પ** પણ રચ્યા છે.[6] વળી [7]**ગાહાસત્તસઈ**ની કેટલીક ગાથા પણ આ સૂરિએ રચી હોય એમ લાગે છે.

આ સૂરિ [8]**સંગમસિંહ**ના શિષ્ય **વાચનાચાર્ય મંડનગણિ**ના શિષ્ય થાય છે અને [9]**સ્કંદિલાચાર્ય**ના P. ૨૦૪
ગુરુ થાય છે. **કપ્પ**ની ચુણ્ણિમાં **પાદલિપ્તસૂરિ**ને 'વાચક' કહ્યા છે. **હરિભદ્રસૂરિ**એ **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૯૪૪)ની ટીકા (પત્ર ૪૨૪આ)માં 'વૈનયિકી' બુદ્ધિનું ઉદાહરણ આપતાં આ **પાદલિપ્તસૂરિ**નો ઉલ્લેખ કર્યો છે.

**પ્ર. ચ.** (શૃંગ ૫, શ્લો. ૫-૭ અને ૨૯) પ્રમાણે **પાદલિપ્તસૂરિ**નો જન્મ અયોધ્યાના રાજા **વિજયબ્રહ્મ**ની નગરીમાં વસનારા **ફુલ્લ** શ્રેષ્ઠીની પ્રતિમા નામની સ્ત્રીને પેટે થયો હતો અને એમનું નામ **ના**ગેન્દ્ર પડાયું હતું. આઠ વર્ષની ઉમ્મરે એમણે દીક્ષા લીધી હતી. અને દસ વર્ષની નાની વયમાં એઓ આચાર્ય બન્યા હતા. આ સૂરિ 'મથુરા' થઈ 'પાટલીપુત્ર' ગયા હતા. અંતસમયે 'શત્રુંજય' ઉપર ૩૨ દિવસનું અનશન કરી એઓ સ્વર્ગે સિધાવ્યા હતા. એ પૂર્વે એઓ 'ભરૂચ' આવ્યા હતા. **હાલ**, પાટલિપુત્રનો રાજા **મુરુંડ** વગેરે આ સૂરિના સમકાલીન ગણાય છે.

---

૧. આ **ચ. પ્ર.** (પૃ. ૨૬૫-૨૬૬)માં 'ઘ-પરિશિષ્ટ' તરીકે સંસ્કૃત છાયા સહિત છપાવાયો છે. આની સુવર્ણસિદ્ધિ પૂરતી વ્યાખ્યા પૂરી પાડતી અને **જિનપ્રભસૂરિ**એ વિ. સ. ૧૩૮૦માં રચેલી વૃત્તિના સંક્ષેપરૂપ અવચૂરિ **ચ. પ્ર.**ના મારા ગુજરાતી અનુવાદમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે છપાઈ છે.

૨. જુઓ **પ્ર. ચ.** (શૃં ૫, શ્લો. ૩૦૨-૩૦૩).

૩. આ આગમ (સુ. ૧૩૦, પત્ર ૧૪૯આ)માં **મલયવઈ**નો ઉલ્લેખ છે. એ કથા પણ **પાદલિપ્તસૂરિ**એ રચી હશે એમ **નિર્વાણકલિકા**ની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૧૭ અ-૧૭ આ)માં એના લેખકે કહ્યું છે.

૪. આ તેમજ **રયણાવલિ** (વગ્ગ ૧, શ્લો. ૨)ની સ્વોપજ્ઞ વૃત્તિ જોતાં **પાદલિપ્તસૂરિ**એ 'દેશ્ય' શબ્દોનો કોશ રચ્યો હશે એમ લાગે છે.

૫. આ કૃતિ **મો**હનલાલ ભ. ઝવેરી દ્વારા સંપાદિત થયેલી છે અને એ એમની અંગ્રેજી પ્રસ્તાવના તેમજ પં. **ર**માપતિમિશ્રની સંસ્કૃત ભૂમિકા સહિત ''**મો**હનલાલજી જૈન ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૫ તરીકે ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત થયેલી છે.

૬. જુઓ **વિવિધતીર્થકલ્પ**ગત ''શત્રુંજય-કલ્પ'' (શ્લો. ૧૨૨) અને ''રૈવતકગિરિકલ્પસંક્ષેપ'' (શ્લો. ૬)

૭. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૪૨-૧૪૬)

૮. એઓ 'વિદ્યાધર' વંશના-ગચ્છના આર્ય **ના**ગહસ્તિસૂરિના ગુરુભાઈ ગણાય છે.

૯. એઓ **સિદ્ધ**સેન દિવાકરના ગુરુ વૃદ્ધવાદીના ગુરુ ગણાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રશ્નપ્રકાશ** એ જ્યોતિ:શાસ્ત્રનો ગ્રંથ છે એમ **પ્ર. ચ.** (શૃં ૫, [1]શ્લો. ૩૪૭)માં કહ્યું છે. પ્રશ્ન ઉપરથી મૂળ ફળ કહેવાની બાબત આ ગ્રંથમાં વર્ણવાઈ હશે એમ એનું નામ જોતાં જણાય છે. હજી સુધી તો આ ગ્રંથ કોઈ સ્થળેથી મળી આવ્યો નથી.

**કાલ-જ્ઞાન** (લ. વિ સં. ૧૭૫)- આ ઉપર્યુક્ત **પાદ**લિપ્તસૂરિની કૃતિ છે. એ જ્યોતિષની હશે. એ પણ હજી સુધી તો અપ્રાપ્ય છે.

**પ્રશ્નપ્રકાશ** અને **કાલજ્ઞાન** એ બે ગ્રંથો કઈ ભાષામાં છે - સંસ્કૃતમાં છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે મારી પાસે કોઈ સાધન નથી એટલે મેં એની અહીં નોંધ લીધી છે.

P ૨૦૫ **ઋષિપુત્રની કૃતિ** (ઉ. વિ. સં. ૧૦૦૦- [2]**ઋ**ષિપુત્રએ **ગ**ર્ગાચાર્યના પુત્ર કે શિષ્ય કે બંને થતા હોય એમ લાગે છે. એમણે નિમિત્તશાસ્ત્રને અંગે કૃતિઓ રચી છે. તેમાં એકાદ સંસ્કૃતમાં પણ હશે એમ મનાય છે. કેટલાકને મતે એમનો સમય દેવલની પછી અને **વ**રાહમિહિરની પહેલાંનો છે.[3] **ભટ્ટોપલી** ટીકામાં **ઋ**ષિપુત્રને અંગે ઉલ્લેખ છે એટલે એઓ **શ**કસંવત્ ૮૮૮થી પહેલાંના છે એ વાત તો નિર્વિવાદ છે.

**જ્યોતિર્જ્ઞાનવિધિ–** આના કર્તા **શ્રી**ધરાચાર્ય છે અને એમણે **ગણિતસાર** નામની કૃતિ રચી છે. આની 'કન્નડ' લિપિમાં લખાયેલી નવ પત્રની તાડપત્રીય હાથપોથીની નોંધ **ક. તા. ગ્રં.** (પૃ. ૨૪૨)માં છે. આ કૃતિનું મંગલાચરણ નીચે મુજબ અહીં અપાયું છે :–

''प्रणिपत्य वर्धमानं स्फुटकेवलदृष्टतत्त्वमीशानम् ।
ज्योतिर्ज्ञानविधानं वक्ष्ये स्वाम्भुवं सम्यक्''

આ કૃતિમાં [4]પરિણામન-વિધિના સંકેત મળે છે. વિશેષમાં આ કૃતિમાં ચરકરણ અને સ્થિર કરણની સમજણ અપાઈ છે.[5]

[6]**ભુવનદીપક યાને ગ્રહભાવપ્રકાશ** (વિ. સં. ૧૨૨૧ ?[7])– આના કર્તા 'વાદી' **દેવ**સૂરિના શિષ્ય [8]**પદ્મ**પ્રભસૂરિ છે.[9] એઓ નાગપુરીય 'તપા' ગચ્છના સ્થાપક છે. એમણે આ ગ્રંથ વિ. સં. ૧૨૨૧-(?)માં રચ્યો છે. એમાં એમણે કયો ગ્રહ ક્યારે કેવો ભાવ ભજવે એ હકીકત દર્શાવી છે.

**ભુવનદીપક** ઉપર નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :–

૧. આ શ્લોકમાં સિદ્ધાદેશનો જે ઉલ્લેખ છે તેને કેટલાક ગ્રંથ ગણે છે.
૨. એમના પરિચયાર્થે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૬૯).
૩. જુઓ ''જૈ. સિ. ભા.'' (ભા. ૧૮, કિ. ૨).
૪. પ્રતિભાગણિતમાં ગ્રહનાં વૃત્તોના પરિણામનું નિરૂપણ છે.
૫. આને લગતાં સં. પદ્યો **કે. પ્ર. ચૂ.**ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૧૧)માં છે.
૬. હિંદી અનુવાદ સહિત જે ભુવનદીપક ''વેંકટેશ્વર મુદ્રણાલય'' તરફથી પ્રકાશિત થયેલ છે તે આ જ છે ?
૭. આમ પ્રશ્નાર્થક ઉલ્લેખ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૨૭૯)માં છે જ્યારે **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૯૭)માં પ્રશ્નચિહ્નવિનાનો ઉલ્લેખ છે.
૮. વિ. સં. ૧૨૯૪માં **મુનિસુવ્રતચરિત્ર** રચનારાનું નામ પણ **પદ્મ**પ્રભસૂરિ છે.
૯. જુઓ 'નાગોરી તપા' ગચ્છની પટ્ટાવલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) **ભાવબોધિકા**– આના રચનાર **દૈવજ્ઞ** શિરોમણિ છે.
(૨) **વૃત્તિ**– આ વૃત્તિ **સિંહ**તિલકસૂરિએ વિ. સં. ૧૩૨૬માં ૧૭૦૦ શ્લોક જેવડી રચી છે. એ સૂરિ **યશો**દેવસૂરિના શિષ્ય **વિબુ**ધચન્દ્રસૂરિના શિષ્ય થાય છે. એમણે **વર્ધમાન-વિદ્યાકલ્પ** તેમજ **શ્રી**પતિકૃત P. ૨૦૬ **ગણિતતિલક** ઉપર વૃત્તિ તેમજ **મંત્રરાજ-રહસ્ય** નામનો ગ્રંથ (વિ. સં. ૧૩૩૨)માં રચ્યાં છે અને એના ઉપર **લીલાવતી** નામની વૃત્તિ રચી છે.
(૩) **અવચૂરિ**–લક્ષ્મીસાગરસૂરિએ આ અવચૂરિ વિ. સં. ૧૫૨૧માં રચી છે.
(૪) **વૃત્તિ**– આના કર્તા **હે**મતિલક છે.
(૫) **ટીકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.[1]

[2]**આરંભસિદ્ધિ યાને વ્યવહારચર્યા** (લ. વિ. સં. ૧૨૮૦)– આ ૪૧૩ પદ્યોની કૃતિના પ્રણેતા ઉદયપ્રભસૂરિ છે. એઓ વસ્તુપાલના ગુરુ **વિજયસેન**સૂરિના અને **શકસંવત્** ૧૨૧૪માં **સ્યાદ્વાદમંજરી** રચનારા **મલ્લિષેણ**ના તેમજ **વસ્તુ**પાલના પુત્ર જયંતસિંહ માટે વિ. સં. ૧૨૯૦માં **પ્રબંધાવલી** રચનારા **જિન**ભદ્રના ગુરુ થાય છે. એમણે **ધર્માભ્યુદય** અને **નેમિનાથચરિત્ર** તેમજ [3]**સુકૃતકીર્તિકલ્લોલિ**ની નામનું પ્રશસ્તિ-કાવ્ય રચ્યાં છે. વળી એમણે **ધર્મ**દાસગણિકૃત [4]**ઉવએસમાલા** ઉપર **ઉપદેશમાલાકર્ણિકા** નામની P. ૨૦૭ ટીકા [5]ધોળકામાં વિ. સં. ૧૨૯૯માં રચી છે. આ ઉપરાંત એમણે **છાસીઈ** અને **કમ્મત્થય** એ બે કર્મગ્રંથો ઉપર ટિપ્પણ રચ્યાં છે. 'ગિરનાર' ઉપરના **વસ્તુ**પાલના પ્રશસ્તિ-લેખો પૈકી વિ સં. ૧૨૮૮નો એક લેખ એ પણ એમની કૃતિ છે.

આ **આરંભસિદ્ધિ** પાંચ [6]વિમર્શમાં વિભક્ત છે. આ પદ્યાત્મક કૃતિ નીચે મુજબનાં ૧૧ દ્વાર ઉપર પ્રકાશ પાડે છે :–

---

૧. 'ખરતર' ગચ્છના ઉપા. **દાન**સાગરના શિષ્ય વાચક **રત્ન**ધીરે **ભુવનદીપક** ઉપર વિ. સં. ૧૮૦૫માં બાલાવબોધ રચ્યો છે.

૨. આ કૃતિ **સુધીશૃંગાર** નામના વાર્તિક, મૂળ કૃતિગત પદ્યોની અકારાદિ ક્રમે સૂચી તેમજ વાર્તિકમાં નિર્દેશાયેલા ગ્રંથો અને ગ્રંથકારોની સૂચી સહિત ''લ. જૈ. ગ્રં.''માં છાણીથી ઈ. સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થઈ છે. આ પ્રકાશન માટે શ્રી. પુરુષોત્તમદાસ ગીગુભાઈ તરફથી ભાવનગરથી ઈ. સ. ૧૯૧૬માં **સુધીશૃંગાર** સહિત છપાયેલી આવૃત્તિનો ઉપયોગ કરાયો છે. [ગુર્જર અનુવાદ સાથે **આ. સિ.** નું પુનઃ પ્રકાશન આ **લબ્ધિ**સૂરિજીના પ્રયાસથી થયું છે. વિ.સં. ૨૦૧૩માં **આ. સિ.** વાર્તિક સાથે ખાંતીલાલે ભવનગરથી પ્રગટ કરી છે.]

૩. આ વિ. સં. ૧૨૭૭ના અરસામાં રચાયેલા કાવ્યમાં અણહિલપુર પાટણના નૃપતિઓને લગતી ઐતિહાસિક બાબતો આપી **વસ્તુપાલ-તેજ**પાલનાં ધાર્મિક કૃત્યોની પ્રશંસા કરાઈ છે. **વસ્તુ**પાલે 'શત્રુંજય' ઉપર બંધાવેલા ઈન્દ્રમંડપમાં આ કાવ્ય કોતરાવાયું હતું. પાટણમાં આ મંત્રીશ્વરના પ્રાસાદના અવશેષરૂપ મનાતા આરસના એક થાંભલાં ઉપર આ કાવ્યનું એક પદ્ય કોતરાયેલું મળી આવ્યું છે.

૪. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૨૭ અને ૨૩૭).

૫. 'ધોળકા યુનિવર્સિટિ' તરીકે હાંસીપાત્ર ગણાતા આ ધોળકામાં વિદ્યાપીઠ હતી અને એ **વસ્તુ**પાલની છાયા નીચે મહત્ત્વનું વિદ્યાધામ બની હતી.

૬. પાંચ વિમર્શમાં અનુક્રમે ૪, ૨, ૧, ૨ અને ૨ દ્વાર છે, અને ૮૪, ૭૩, ૮૨, ૮૮ અને ૮૬ પદ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) તિથિ, (૨) વાર, (૩) નક્ષત્ર, (૪) (સિદ્ધિ વગેરે) યોગ, (૫) રાશિ, (૬) ગોચર, (૭) (વિદ્યારંભ વગેરે) કાર્ય, (૮) ગમ (યાત્રા), (૯) (ઘર વગેરેનું) વાસ્તુ, (૧૦) વિલગ્ન અને (૧૧) મિશ્ર.

**મતભેદ**– વારોની માન્યતામાં, નક્ષત્રોમાંના તારાઓની સંખ્યામાં તેમજ યાત્રાદિના પ્રસંગે જોવાનાં દિગ્દ્વારક નક્ષત્રોમાં એમ કેટલીક બાબતોમાં આ કૃતિ **સૂરપણણત્તિ** અને **દિનશુદ્ધિથી** ભિન્ન મત દર્શાવે છે.

**સુધીશૃંગાર**– આ **આરંભસિદ્ધિ**નું સંસ્કૃતમાં રચાયેલું વાર્તિક છે. એની રચના **રત્નશેખરસૂરિ**ના શિષ્ય હેમહંસગણિએ વિ.સં. ૧૫૧૪માં 'આશાપલ્લી'માં કરી છે. એમાં એમણે અનેક ગ્રંથોનો ઉપયોગ કર્યો છે.

P. ૨૦૮ [૧]**જ્યોતિઃસાર**[૨] **યાને નારચન્દ્ર–જ્યોતિઃસાર** (લ. વિ. સં. ૧૨૮૦)– આ ૨૫૭ પદ્યોની કૃતિના કર્તા **પ્રાકૃતદીપિકા** રચનારા **નરચન્દ્રસૂરિ** છે. એઓ 'મલધારી' ગચ્છના **દેવપ્રભસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે **ચતુર્વિંશતિ-જિનસ્તોત્ર** રચ્યું છે. વળી એમણે **અનર્ઘરાઘવ** ઉપર તેમજ **ન્યાયકંદલી** ઉપર ટિપ્પણ રચ્યાં છે. આ ઉપરાંત એમણે પોતાના ગુરુએ રચેલા **પાંડવચરિત્ર**નું અને **ઉદયપ્રભસૂરિ**એ રચેલા **ધર્માભ્યુદય** કાવ્યનું સંશોધન કર્યું છે. એમના સંતાનીય **રાજશેખરસૂરિ**એ **ન્યાયકંદલી**ની પંજિકામાં ઉપર્યુક્ત બે ટિપ્પણ તેમજ **જ્યોતિઃસાર** (પ્રસ્તુત કૃતિ) અને **પ્રાકૃતદીપિકા** એમ ચાર કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આ **નરચન્દ્રસૂરિ**એ **વસ્તુપાલ**ની પ્રશસ્તિરૂપે વિ. સં. ૧૨૮૮માં રચેલા પદ્યો ગિરનાર ઉપરના શિલાલેખમાં મોજુદ છે. આ સૂરિના આદેશથી ગુણવલ્લભે વિ. સં. ૧૨૭૧માં **વ્યાકરણચતુષ્કાવચૂરિ** રચી હતી.

**ટિપ્પણ**–જ્યોતિષની ઉપર્યુક્ત કૃતિ ઉપર **સાગરચન્દ્રે** ૧૩૩૫ શ્લોક જેવડું **ટિપ્પણ** રચ્યું છે.

[૩]**ત્રૈલોક્યપ્રકાશ**[૪], **ત્રૈલોક્યદીપક, નવ્યતાજિક, ભુવનદીપક યાને મેઘમાલા** (વિ. સં. ૧૩૦૫) – **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૧૬૫) પ્રમાણે આ નામાંતરો છે. આ ગ્રંથના કર્તા **દેવેન્દ્રસૂરિ**ના શિષ્ય **હેમપ્રભસૂરિ** છે. એમણે આ ૧૨૫૦ શ્લોક જેવડી કૃતિ વિ. સં. ૧૩૦૫માં રચી છે.

P. ૨૦૯ **જન્મસમુદ્ર યાને જન્માંભોધિ** (વિ. સં. [૫]૧૩૨૩)– આના કર્તા ઉપા. **નરચન્દ્ર** છે. એઓ 'કાસદ્રહ' ગચ્છના ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય **સિંહસૂરિ**ના શિષ્ય થાય છે.

**બેડા–જન્મસમુદ્ર**ના ઉપર કર્તાએ જાતે વૃત્તિ રચી છે. એને 'બેડા' વૃત્તિ કહે છે.

**પ્રશ્નશતક** (વિ. સં. ૧૩૨૪)– આ કૃતિ પણ ઉપર્યુક્ત ઉપા. **નરચન્દ્રે** રચી છે અને એને એમણે સ્વોપજ્ઞ અવચૂર્ણિથી અલંકૃત કરી છે.

---

૧. આ કૃતિ પં. **ક્ષમાવિજયગણિ** દ્વારા ઈ. સ. ૧૯૩૮માં પ્રકાશિત કરાઈ છે.

૨. આ નામની બીજી પણ બે કૃતિઓ છે. જુઓ પૃ. ૨૦૯.

૩. આ કૃતિ **ભીમસી માણેકે** પ્રસિદ્ધ કરી છે. અન્ય સ્થળેથી પણ એ પ્રકાશિત કરાઈ છે.

૪. આ નામની હેમપ્રભસૂરિની વિશ્વરચના સંબંધીની કૃતિ છે. એનું સંપાદન શ્રી. **રામસરૂપ** શર્માએ કયુંછે અને ડૉ. **બનારસીદાસે** એ કૃતિના વિષય ઉપર પ્રકાશ પાડનારી **અંગ્રેજી**માં પ્રસ્તાવના લખી છે. જુઓ The Jaina Antiquary (Vol. XVII, No. 2)માં છપાયેલું ડૉ. એ. એમ. **ઘાટગે**નું ભાષણ.

૫. **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૧૩)માં રચના-સમય તરીકે 'ત્રિનયના દ્યોષેત્ર'નો ઉલ્લેખ છે અને એનો અર્થ ૧૩૨૩ હોય એમ લાગે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જ્યોતિઃસાર** (લ. વિ. સં. ૧૩૭૦)– આના કર્તા જૈન ગૃહસ્થ ઠક્કર ફેરુ છે.[1] એમણે વિ. સં. ૧૩૭૨માં **વત્થુસાર-પયરણ** રચ્યું છે. વળી એમણે **દવ્વ-પરિક્ખા** (દ્રવ્ય-પરીક્ષા) અને **રત્ન-પરીક્ષા** નામની એકેક કૃતિ પણ રચી છે અને એને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે.

**સ્વોપજ્ઞ વૃત્તિ– જ્યોતિઃસાર** ઉપર પણ સ્વોપજ્ઞ વૃત્તિ છે. એ મૂળ કૃતિ સંસ્કૃતમાં છે કે પાઇયમાં તે જાણવું બાકી રહે છે. વૃત્તિ તો સંસ્કૃતમાં જ હશે.

[2]**જ્યોતિઃસાર, જ્યોતિષસારસંગ્રહ યાને જ્યોતિષસારોદ્ધાર** (લ. વિ. સં. ૧૬૬૦)– **ચન્દ્ર**કીર્તિસૂરિ વિ. સં. ૧૬૩૦)ના શિષ્ય **હર્ષ**કીર્તિસૂરિએ આ કૃતિ રચી છે. એ ત્રણ પ્રકરણોમાં વિભક્ત છે. આ કૃતિને **જ્યોતિષસારસંગ્રહ** તેમજ **જ્યોતિષસારોદ્ધાર** પણ કહે છે. **હર્ષ**કીર્તિસૂરિએ પૃ. ૧૨૦માં ગણાવેલી P. ૨૧૦
કૃતિઓ ઉપરાંત **ભક્તામરસ્તોત્ર** અને લઘુશાન્તિસ્તોત્ર ઉપર તેમજ નિમ્નલિખિત પાઇય કૃતિઓ ઉપર પણ સંસ્કૃતમાં ટીકા રચી છે :–

**અજિતસંતિથય, ઉવસગ્ગહરથોત્ત** અને **નવકારમંત.**

**જન્મપત્રીપદ્ધતિ–** આ નામની ચાર કૃતિઓ છે : (૧) [3]**હર્ષ**કીર્તિસૂરિકૃત, (૨) **ક**લ્યાણ**નિ**ધાનના શિષ્ય **લ**બ્ધિચન્દ્રગણિએ વિ. સં. ૧૭૫૧માં રચેલી, (૩) **મ**હિમોદયકૃત અને (૪) અજ્ઞાતકર્તૃક. આ ચારેનો વિષય જન્મોત્રીને લગતો છે.

[4]**માનસાગરી-પદ્ધતિ**[5] (ઉ. વિક્રમની ૧૮મી સદી)– આ કૃતિનું નામ વિચારતાં એના કર્તાનું નામ **મા**નસાગર હશે એમ લાગે છે. જો એમજ હોય તો પણ એ જાણવું બાકી રહે છે કે શું એઓ **બુ**દ્ધિસાગર શિષ્ય **મા**નસાગર છે કે **જી**તસાગરના શિષ્ય **મા**નસાગર છે કે અન્ય જ કોઈ છે ? આ પ્રશ્ન ઉપસ્થિત થવાનું કારણ એ છે કે **ખે**મરાજ દ્વારા પ્રકાશિત આવૃત્તિમાં પ્રારંભમાં કે અંતમાં ગ્રન્થકારના પરિચયરૂપ લખાણ નથી અને મારી સામે કોઈ વિશિષ્ટ સાધન નથી. આ પદ્યાત્મક કૃતિનો વિષય ફલાદેશ છે. એના પ્રારંભમાં આદિનાથ, પુંડરીક ગણધર, કૃષ્ણ અને **પા**ર્શ્વનાથની તેમજ નવે ગ્રહોની સ્તુતિ કરાઈ છે. ત્યાર બાદ જન્મપત્રી બનાવવાની રીત દર્શાવાઈ છે, સંવત્સરનાં ૬૦ નામો, સંવત્સરો, યુગો, ઋતુ, માસ, પક્ષ, તિથિ, વાર અને જન્મલગ્નરાશિ ઇત્યાદિનાં ફળ, કરણ, દશા, અંતરદશા તથા ઉપદશાનાં વર્ષમાન, ગ્રહના ભાવ, યોગ, અપયોગ વગેરે બાબતો વિચારાઈ છે. પ્રસંગોપાત્ત જાતજાતની ગણનાની P. ૨૧૧
રીત રજૂ કરાઈ છે. કોઈ કોઈ સ્થળે (દા. ત. પત્ર ૩અ અને ૧૮આમાં) હિન્દીમાં લખાણ છે.

---

૧. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૩૧).

૨. આ નામની બીજી પણ બે કૃતિ છે. જુઓ પૃ. ૨૦૮ અને ૨૦૯.

૩. એમના પરિચય માટે જુઓ પૃ. ૧૨૦, ૨૦૯ અને ૨૧૦.

૪. આ કૃતિ **ખે**મરાજ કૃષ્ણદાસે વેંકટેશ્વર મુદ્રણાલયમાં ૧૦૩ પત્રમાં મોટાં બીબાંમાં છપાવી મુંબઈથી વિ. સં. ૧૯૬૧માં પ્રસિદ્ધ કરી છે. પત્ર ૬૪અ-૬૪આમાં નવ ગ્રહનાં તેમજ ગજચક્ર, યમદૃષ્ટાચક્ર વગેરેનાં ચિત્ર અપાયાં છે. વળી દશા વગેરેને લગતાં કેટલાંક કોષ્ટકો પણ રજૂ કરાયાં છે.

૫. આની વિ. સં. ૧૮૧૩માં લખાયેલી એક હાથપોથી અહીંના (સુરતના) જૈનાનંદપુસ્તકાલયમાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સામુદ્રિક શાસ્ત્ર

[1]**સામુદ્રિક-તિલક** (વિ. સં. ૧૨૧૬)– આના કર્તા જૈન ગૃહસ્થ જગદ્દેવ (જગદેવ) છે અને એમણે **સ્વપ્નશાસ્ત્ર** પણ રચ્યું છે. એઓ 'પરમાર્હત' **કુ**મારપાલના મહત્તમ (મંત્રી) [2]**દુર્લ**ભરાજના પુત્ર થાય છે. એ 'પ્રાગ્વાટ' વંશના દુર્લભરાજે **ગજપ્રબંધ ગજપરીક્ષા** યાને **હસ્તિપરીક્ષા, તુરંગ-પ્રબંધ,** [3]**પુરુષ-સ્ત્રી-લક્ષણ** તેમજ **શકુન-** (નિ ?)**શાસ્ત્ર** રચ્યાનું મનાય છે પણ એ અપ્રાપ્ય હોય એમ લાગે છે. શું **પુરુષ-સ્ત્રી-લક્ષણ** વ્યવસ્થિત સ્વરૂપે પદ્યમાં રચાયું નહિ હશે કે જેથી એમના પુત્રે એ સમર્થિત કર્યું ?

P. ૨૧૨ **સામુદ્રિક-તિલક** એ પુરુષ અને સ્ત્રીનાં લક્ષણોને રજૂ કરતી ૮૦૦ આર્યામાં રચાયેલી કૃતિ છે. એ પાંચ અધિકારોમાં વિભક્ત કરાયેલી છે. એમાં અનુક્રમે ૨૯૮, ૯૯, ૪૬, ૧૮૮ અને ૧૪૯ પદ્યો છે. પ્રારંભમાં **ઋ**ષભદેવ અને **બ્રા**હ્મીની સ્તુતિ કરાઈ છે. ત્યાર બાદ સામુદ્રિક શાસ્ત્રની ઉત્પત્તિ સમુદ્રથી થઈ એમ કહી એની થોડીક રચના **ના**રદે, **લ**લ્લે, **વ**રાહે (વરાહમિહિરે) **માં**ડવ્યે અને **કાર્તિ**કસ્વામીએ કરી એવો નિર્દેશ કરાયો છે.

પ્રથમ અધિકારમાં પગના તળિયાથી માંડીને માથાના વાળ સુધીનું વર્ણન છે અને સાથે સાથે એનું ફળ દર્શાવાયું છે. જેમકે અમુક પ્રકારનું પગનું તળિયું હોય તો રાજસંપત્તિ મળે.

બીજા અધિકારમાં ક્ષેત્રના સંહતિ, સાર વગેરે આઠ પ્રકારોનું તેમજ પુરુષનાં ૩૨ લક્ષણોનું નિરૂપણ છે.

ત્રીજા અધિકારમાં આવર્ત (ભમરી), ગતિ (ચાલ), છાયા (કાંતિ), સ્વર (અવાજ) ઇત્યાદિ વિષે વિચાર કરાયો છે.

---

૧. આ તેમજ **હસ્તસંજીવન, સામુદ્રિક-શાસ્ત્ર, હસ્તકાંડ** અને (પાઇયમાં) **અર્હચ્ચૂડામણિસાર** એમ પાંચ ગ્રંથો ગુજરાતી અનુવાદ સહિત **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો** એ નામથી શ્રી **સારા**ભાઈ મણિલાલ **ન**વાબે ઈ.સ. ૧૯૪૭મા પ્રસિદ્ધ કર્યા છે. એમાં વિસ્તૃત વિષયસૂચી અપાઈ છે. આ પૂર્વે **સામુદ્રિકતિલક** (?) હિંદી ભાષાંતર સહિત ''વેંકટેશ્વર મુદ્રણાલય'' તરફથી અને એ કૃતિ મરાઠી અનુવાદ સહિત શ્રી. **ર**ઘુનાથ શાસ્ત્રી પટવર્ધન તરફથી છપાવાઈ હતી.

૨. એઓ **ભી**મદેવ નૃપતિના અમાત્ય **વા**હિલ્લના (**જૈ. સા. સં. ઈ.**ના પૃ. ૨૭૭ પ્રમાણે તો **જા**હિલના) પુત્ર **રા**જપાલના પૌત્ર અને **નૃ**સિંહના પુત્ર થાય છે. આ **દુર્લ**ભરાજે **પુરુષ-સ્ત્રી-લક્ષણ** નામનો જે ગ્રંથ રચ્યો તેને એમના પુત્ર જગદેવે સમર્થિત કર્યો (? પદ્યમાં ઉતાર્યો) આ પદ્યાત્મક કૃતિ તે જ પ્રસ્તુત **સામુદ્રિકતિલક** હોય એમ એની પ્રશસ્તિ જોતાં જણાય છે. આ અનુમાન સાચું ન હોય તો એમના (જગદેવના) પિતા આ ગ્રંથના પ્રણેતા ગણાય. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૭૭)માં દુર્લભરાજને પ્રસ્તુત કૃતિના પ્રણેતા કહ્યા છે અને પૃ. ૨૭૮માં આ કૃતિ એમણે વિ. સં. ૧૨૧૬માં રચ્યાનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ મુદ્રિત કૃતિમાં તો રચનાવર્ષ નથી.

૩. **દિ.** જિનસેને **શ**કસંવત્ ૭૦૫માંરચેલા **હરિવંશપુરાણ**ના સર્ગ ૨૩ (શ્લો૦ ૫૫-૧૦૭)માં પુરુષનાં લક્ષણો અને એ સર્ગ (શ્લો. ૮૫-૯૭)માં કરલક્ષણ અને એની સાર્થકતા વિષે નિરૂપણ કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોથો અધિકાર સ્ત્રીઓને લગતો છે. એમાં એનાં વિવિધ અવયવાદિનું નિરૂપણ છે.

પાંચમા અધિકારમાં સ્ત્રીનાં વ્યંજન (તલ, મશક યાને મસો, લાંછન ઇત્યાદિ), સ્ત્રીની દેવાદિ બાર પ્રકૃતિ–પદ્મિની વગેરેનાં લક્ષણ ઇત્યાદિ બાબતો રજૂ કરાઇ છે. અંતમાં દસ પદ્યોની પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિ જગદેવે રચી હોય એમ લાગે છે.

**હસ્તસંજીવન**માં આ **સામુદ્રિક–તિલક**માંથી અવતરણો અપાયાં છે.

[1]**સામુદ્રિક-શાસ્ત્ર**[2]– આ અજ્ઞાતકર્તૃક કૃતિ ત્રણ અધ્યાયમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૨૪, ૧૨૭ અને ૧૨૧ પદ્યો છે. પ્રારંભમાં **આદિનાથને** નમસ્કાર કરી પુરુષ અને સ્ત્રીનું સામુદ્રિક કહીશ એવી P. ૨૧૩ પ્રતિજ્ઞા કરાઈ છે. પ્રથમ અધ્યાયમાં ૩૨ લક્ષણો, નેત્ર વગેરેનું વર્ણન અને હાથની રેખા ઇત્યાદિ બાબતો રજૂ કરાઈ છે.

બીજા અધ્યાયમાં શરીરનાં અવયવોનાં લક્ષણો અપાયાં છે.

ત્રીજા અધ્યાયમાં સ્ત્રીઓનાં લક્ષણો રજૂ કરાયાં છે. કેવી કન્યા પસંદ કરવી એ વિષયથી શરૂઆત કરાઈ છે અને અંતમાં પદ્મિની વગેરેનું સ્વરૂપ આલેખાયું છે.

'વાયડ' ગચ્છના **જિનદત્તસૂરિએ** રચેલા **વિવેકવિલાસ**માંના કેટલાક શ્લોકો આ **સામુદ્રિક-શાસ્ત્ર**માંના શ્લોકો સાથે સામ્ય ધરાવે છે. આથી એકે બીજામાંથી એ ઉદ્ધૃત કર્યા હશે અથવા તો બંનેએ કોઈ અન્ય ગ્રંથમાંથી એ લીધા હશે એમ ફલિત થાય છે.

**પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૮૧ ને ૧૭૧)માં જે જૈન **સામુદ્રિકશાસ્ત્ર**નો ઉલ્લેખ છે તે આ પ્રસ્તુત કૃતિ છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

[3]**હસ્તકાંડ**– આના કર્તા **શ્રીચન્દ્રસૂરિ** કે **ચન્દ્રસૂરિ**ના શિષ્ય **પાર્શ્વચન્દ્ર** છે. આ [4]સો પદ્યની કૃતિના પ્રારંભમાં **વર્ધમાનસ્વામી**ને નમસ્કાર કરીને સર્વજ્ઞે કહેલું અને પોતે અનુભવેલું એવું જ્ઞાન રજૂ કરવાની ગ્રંથકાર પ્રતિજ્ઞા કરે છે. ત્યાર પછી 'ઉત્તર અને અધર' સંબંધી પરિભાષાની સમજણ અપાઇ છે. ત્યાર બાદ લાભ અને હાનિ, સુખ અને દુ:ખ, જીવિત અને મરણ, જય અને પરાજય, ભૂભંગ (જમીન અને છત્રનું પતન), મનોગત વિચારો, **વર્ણી**નો ધર્મ, સંન્યાસી વગેરેનો ધર્મ, દિશા, દિવસ વગેરેનો કાલનિર્ણય, [5]અર્ઘકાંડ, ગર્ભમાં રહેલા અપત્યનો નિર્ણય, ગમનાગમન, વૃષ્ટિ અને શલ્યોદ્ધાર એ બાબતોને લગતા પ્રશ્નો P. ૨૧૪ વિચારાયા છે. આના સંતુલન માટે **અર્હચ્ચૂડામણિસાર** તેમજ **ચન્દ્રોન્મીલન** જોવાં ઘટે.

---

૧. આ ગુજરાતી અનુવાદ સહિત સારાભાઇ નવાબ દ્વારા પ્રકાશિત છે.

૨. ગુણચન્દ્રગણિએ (દેવભદ્રસૂરિએ) વિ. સં. ૧૧૩૯માં રચેલા મહાકાવ્ય **મહાવીર-ચરિય**માં જે સમુદ્ર-સત્થનો ઉલ્લેખ છે તે જ શું આ કૃતિ છે ?

૩. આ ગુજરાતી અનુવાદ સહિત સારાભાઇ નવાબ દ્વારા મુદ્રિત છે.

૪. ૯૦મું અને ૯૧મું પદ્ય પાઇયમાં છે. એનો અનુવાદ અપાયો નથી પણ એ ચોરને લગતો વિચાર રજૂ કરે છે એમ કહ્યું છે, પરંતુ પ્રારંભમાં જે વિષયો ગણાવાયા છે તેમાં તો આ વિષય જણાતો નથી.

૫. ચીજ મોંઘી (મહાર્ઘક) થશે કે સસ્તી (સ્વર્ઘક) એ બાબત એટલે તેજી કે મંદી થશે એ વાત અહીં વિચારાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**હસ્ત-સંજીવન**[2] **યાને** [3]**સિદ્ધજ્ઞાન** (લ. વિ. સં. ૧૭૩૫)– આના કર્તા **ચંદ્રપ્રભા** વગેરેના પ્રણેતા ઉપા. **મેઘવિજય** છે. આ કૃતિમાં ૫૧૯ પદ્યો છે અને એનો ગ્રંથાગ્ર ૫૨૫ શ્લોકનો છે. અષ્ટાંગ નિમિત્તને ઘટાવવાના ઉદ્દેશથી રચાયેલો આ સમગ્ર [4]ગ્રંથ ચાર અધિકારમાં વિભક્ત કરાયો છે. એનાં દર્શન, સ્પર્શન રેખા-વિમર્શન અને વિશેષ એમ અનુક્રમે નામ છે અને એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૧૭૭, ૫૪, ૨૪૧ અને ૪૭ છે. આમ ત્રીજો અધિકાર સૌથી મોટો છે.

'શંખેશ્વર' **પાર્શ્વનાથ**, **ઋ**ષભદેવ અને **વ**ર્ધમાનસ્વામીને નમસ્કાર કરી પ્રથમ અધિકારનો પ્રારંભ
P. ૨૧૫ શાસ્ત્ર-પીઠિકા (શ્લો. ૧-૧૯)થી કરાયો છે. એમાં હાથની પ્રશંસા કરાઈ છે. શ્લો. ૮માં હસ્તજ્ઞાન-દર્શન, સ્પર્શન અને રેખા-વિમર્શન એમ ત્રણ પ્રકારો છે એમ કહ્યું છે. શ્લો. ૧૯માં હાથનો **બ્રહ્મા**એ બનાવેલી અક્ષય જન્મપત્રી (જન્મોત્રી) તરીકે ઉલ્લેખ છે.

હાથમાં ૩ તીર્થ, ૨૪ તીર્થંકરો વગેરે રહેલા છે એ રીતે એનું ધ્યાન ધરવાની હકીકત અપાઈ છે. ત્યાર બાદ હાથ તેમજ એનાં પાંચ આંગળાં વગેરેનાં નામ અપાયાં છે. આના પછી ગુરુને હાથ દેખાડવાનો વિધિ અને પ્રસંગવશાત્ ગુરુનાં લક્ષણ એ બાબત આલેખાઈ છે. ત્યાર બાદ તિથિ, વાર વગેરેને લગતાં એકંદર ૧૭ ચક્રોની સમજણ અપાઈ છે. અંતમાં હાથના વર્ણાદિનો વિચાર કરાયો છે. આ અધિકારના અંતમાં **સામુદ્રિક-ભૂષણ**માંથી પદ્યો ઉદ્ધૃત કરાયાં છે.[5]

'સ્પર્શન' નામના બીજા અધિકારમાં હાથમાં આઠે નિમિત્તો કેવી રીતે ઘટે તે સમજાવાયું છે.[6] એમ કરતી વેળા પુસ્તક શકુન યાને શકુન-શલાકા તેમજ પાશક-કેવલી યાને પાસાકેવલીનો પણ વિચાર કરાયો છે. શ્લો. ૪૬માં [7]ચૂડામણિનો ઉલ્લેખ છે.

ત્રીજા અધિકારમાં જાતજાતની રેખાઓનું વર્ણન છે.

ચોથામાં રેખાની વિશ્વા (વસા)–લંબાઈ, નખનાં અને આવર્તનાં લક્ષણો, સ્ત્રીઓની રેખા સંબંધી વિશેષ વક્તવ્ય, અને પુરુષના ડાબા હાથનું વર્ણન એ બાબતો રજૂ કરાઈ છે.

---

૧. આ કૃતિ "મોહનલાલજી જૈન ગ્રંથમાલા"માં છપાઈ છે. "જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો" નામના સંસ્કરણમાં એ ગુજરાતી અનુવાદ સહિત છપાઈ છે (જુઓ પૃ. ૨૧૧) અને એમાં ચિત્રો, ચક્રો અને કોષ્ટકો અપાયાં છે.

૨. હાથ દ્વારા અષ્ટાંગ નિમિત્તને સંજીવન આપનારી આ કૃતિ હોવાથી એનું આ નામ સાર્થક ઠરે છે.

૩. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૬૧)માં તો આને **હસ્તસંજીવન**નો એક ભાગ કહ્યો છે. કોઈ કોઈ **હસ્તસંજીવન**ને **હસ્તસંજીવની** કહે છે.

પૃ. ૫૪માં નીચે મુજબની પુષ્પિકા છે :-

"इति श्रीहस्तसञ्जीवने सिद्धज्ञाने प्रथमे दर्शनाधिकारे शास्त्रपीठिका"

૪. આમુખમાં (પૃ. ૭, ૧૦ ઈ.)માં એ વાત ઉપર ભાર મૂકાયો છે કે આ **હસ્તસંજીવન**માં નષ્ટ-જાતક-પદ્ધતિ નથી.

૫. જુઓ આમુખ (પૃ. ૨). શું શ્લો. ૯૭થી ૧૦૪ **સામુદ્રિક-ભૂષણ**માંના છે ? જો એમ હોય તો એ માટે પ્રમાણ રજૂ થવું ઘટે. આ સંબંધમાં સ્વોપજ્ઞ વિવૃતિ તપાસવી ઘટે.

૬. જુઓ શ્લો. ૫૨.

૭. **વ**સંતરાજે, **રા**જમૃગાંકે (**શ**કસંવત્ ૯૬૪) અને **ન**રપતિએ આનો ઉલ્લેખ કર્યો છે. વિશેષ માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૭૧-૧૭૨).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**રચના-સમય—સામુદ્રિક-લહરી** નામની સ્વોપજ્ઞ [1]વિવૃતિમાં વિ.સં. ૧૭૩૭ની સાલનું ઉદાહરણ છે. એ ઉપરથી મૂળ કૃતિ આ વર્ષની આસપાસમાં રચાયાનું મનાય છે. P. ૨૧૬

**સ્વોપજ્ઞ ટિપ્પણ અને સામુદ્રિક-લહરી**— મૂળ કૃતિને અંગે ગ્રંથકારે ટિપ્પણ રચ્યું છે અને એ બંનેના વિશદીકરણ માટે **જીવરામ** કવિના આગ્રહથી **સામુદ્રિક-લહરી** નામની ૩૮૦૦ શ્લોક જેવડી [2]વિવૃતિ રચી છે. આ વિવૃતિમાં **સામુદ્રિક-ભૂષણ** અને [3]**શૈવ-સામુદ્રિક** એ બે કૃતિઓનો પરિચય અપાયો છે. વિશેષમાં આ વિવૃતિમાં ૪૩ ગ્રંથોની સાક્ષી અપાઈ છે અને [4]**હસ્ત-બિંબ**[5], [6]**હસ્તચિહ્ન-સૂત્ર, કરરેહાપયરણ** (કરરેખા-પ્રકરણ), **વિવેકવિલાસ** વગેરેનો ઉપયોગ કરાયો છે.

**લોકકલ્પ** (ઉ. ઈ. સ. પૂર્વે ૩૦૦)– આના કર્તા [7]**શ્રુત**કેવલી [8]**સમન્તભદ્ર** છે અને એમણે પોતાની ઇચ્છાથી આ શાસ્ત્ર **વિદ્યાપ્રવાદ** નામના પૂર્વમાંથી ઉદ્ધૃત કર્યું હતું એમ **જિનદત્તસૂરિ**એ **શકુનરહસ્ય**ની પ્રશસ્તિમાં કહ્યું છે. એ **લોકકલ્પ** હજી સુધી તો અપ્રાપ્ય છે. એટલે એની રચના સંસ્કૃતમાં કરાઈ હશે કે કેમ તે જાણવું બાકી રહે છે. બાકી એના આધારે **શકુનરહસ્ય** રચાયું છે એટલે એ **લોકકલ્પ**માં શુકનનો તો અધિકાર હોવો જોઈએ એમ બેધડક કહી શકાય.

## [9]શકુન-શાસ્ત્ર

શુકન અને અપશુકનની માન્યતા જગજૂની જણાય છે. તેમ છતાં **વિક્રમ**ની તેરમી સદી સુધી કોઈ જૈન ગ્રંથકારે આ વિષયની સ્વતંત્ર ગણનાપાત્ર કૃતિ સંસ્કૃતમાં રચી હોય એમ જણાતું નથી.

**નરપતિજયચર્યા** (વિ. સં. [10]૧૨૩૨) – આના કર્તા ધારાના **આમ્ર**દેવા પુત્ર જૈન ગૃહસ્થ **નર**પતિ છે એમણે **અજયપાલ**ના રાજ્યમાં અણહિલપુરમાં વિ. સં. ૧૨૩૨માં આ કૃતિ રચી છે. એમાં એમણે [11]સ્વરો ઉપરથી શુકન જોવાની અને ખાસ કરીને તો માંત્રિક યંત્રો વડે યુદ્ધમાં વિજય મેળવવા માટે શુકન જોવાની હકીકત આલેખી છે. આ પ્રમાણે **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૩૩૫)માં કહ્યું છે. પરંતુ **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો**ના આમુખ (પૃ. ૩૫-૩૬)માં **નરપતિજયચર્યા**ના ટીકાકાર **હરિવંશ** કવિનું જે લખાણ રજૂ P. ૨૧૭

૧. આને કેટલાંક 'ભાષ્ય' કહે છે અને એનું **રેખા-શાસ્ત્ર** એવું નામ રજૂ કરે છે. જુઓ "સંપાદકીય નિવેદન" (પૃ. ૧૭).
૨. આની ઈ. સ. ૧૬૮૦થી ૧૭૦૦ના ગાળામાં લખાયેલી એક હાથપોથીના નિર્દેશ માટે જુઓ "જૈ. સિ. ભા." (ભા. ૮, પૃ. ૨૫).
૩. જુઓ અ. ૩ શ્લો. ૧૮૭ની વિવૃતિ.
૪. આમાંથી ત્રણ ચિત્રો **મેઘવિજયે** ઉદ્ધૃત કર્યાં છે.
૫-૬. શું આ બે ગ્રંથો તેમજ **સામુદ્રિક-ભૂષણ** મળે છે ?
૭. ઉલ્લેખ વાસ્તવિક છે એમ માની મેં **લોકકલ્પ**નો સમય દર્શાવ્યો છે.
૮. **અભિ. ચિ.**(કાંડ ૧, શ્લો. ૩૨-૩૩)માં જે છ શ્રુતકેવલી ગણાવાયા છે તેમાં એમનું નામ નથી.
૯. 'શકુન' એ સંસ્કૃત શબ્દ છે. એને ગુજરાતીમાં 'શુકન' તથા 'શકન' પણ કહે છે.
૧૦. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૩૩૫).
૧૧. આ ઉપરથી કેટલાક પ્રસ્તુત કૃતિને 'સ્વરોદય' કહે છે. આ નામની એક કૃતિ **યશકીર્તિ**એ રચી છે તેમજ અન્ય કોઈએ પણ રચી છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરાયું છે તે આ પ્રસ્તુત કૃતિને અંગેનું જણાય છે અને એમ હોય તો **ન**રપતિ એ **ન**રદેવના પુત્ર છે. અને એમણે આશાપલ્લી (આધુનિક અમદાવાદ)માં પ્રસ્તુત કૃતિ રચી છે. આમુખ (પૃ. ૩૪-૩૫)માં જે અવતરણરૂપે સાત પદ્યો અપાયાં છે તે **નરપતિજયચર્યા**નાં હોય એમ જણાય છે. એમાં **બ્રહ્મ-યામલ** વગેરે સાત યામલનો ઉલ્લેખ છે અને એ વગેરેનો પ્રસ્તુત કૃતિમાં ઉપયોગ કરાયાનો ઉલ્લેખ છે.

[1]**શુકન-રહસ્ય**[2] (લ. વિ. સં. ૧૨૫૦)–આના કર્તા 'વાયડ' ગચ્છનાં **જિનદત્તસૂરિ** છે. એઓ **અમરચન્દ્રસૂરિ**ના અને **અરિસિંહ**ના ગુરુ થાય છે. એમણે [3]**વિવેકવિલાસ** વિ. સં. ૧૨૭૦ના અરસામાં રચ્યો છે. પ્રસ્તુત કૃતિ પદ્યમાં છે અને એ નવ પ્રસ્તાવમાં વિભક્ત છે.

**વિષય**– પ્રારંભમાં મંગલાચરણ છે. ત્યાર બાદ સંતાનના જન્મ, લગ્ન અને શયન સંબંધી શુકનો, પ્રભાતે જાગતી વેળાનાં, દાતણ અને સ્નાન કરતી વખતનાં, પરદેશ જતી વેળાનાં અને નગરમાં પ્રવેશ કરતી વેળાનાં શુકનો, વરસાદ સંબંધી પરીક્ષા, વસ્તુના મૂલ્યમાં વધઘટ, ઘર બાંધવા માટેની જમીનની પરીક્ષા, જમીન ખોદતાં નીકળતી વસ્તુઓનાં ફળ, સ્ત્રીને ગર્ભ નહિ રહેવાનાં કારણ, સંતાનોના અપમૃત્યુની ચર્ચા, [4]મોતી, [5]હીરા વગેરે રત્નોના પ્રકાર અનુસાર તેનાં શુભાશુભ ફળ અને ગ્રંથકારની પ્રશસ્તિ એમ વિવિધ બાબતો આલેખાઈ છે.

**આધાર**– 'શ્રુતકેવલી' **સમન્તભદ્રે** રચેલા **લોકકલ્પના** આધારે આ પ્રસ્તુત કૃતિ યોજાઈ છે એમ પ્રશસ્તિમાં ઉલ્લેખ છે.

[6]**શકુનશાસ્ત્ર યાને શાકુનસારોદ્ધાર** (વિ. સં. ૧૩૩૮) – આના કર્તા **માણિક્યસૂરિ** છે. એમણે આ કૃતિ ૧૧ વિભાગોમાં વિભક્ત કરી છે. એમાં ૫૦૭ શ્લોક છે. એની રચના વિ. સં. ૧૩૩૮માં કરાઈ છે. આની વિવિધ હાથપોથીઓ મળે છે.

**શકુનશાસ્ત્ર** સંબંધી આ ઉપરાંત કેટલીક કૃતિ નીચે મુજબ છે :–

**શકુનદીપિકા**– આ સ્વતંત્ર કૃતિ છે કે કોઈ કૃતિની વૃત્તિ છે તેમજ આના કર્તા જૈન છે કે કેમ એ પ્રશ્નો વિચારવાના રહે છે.

P. ૨૧૮ **શકુનપ્રદીપ**– આના કર્તા **લાવણ્યશર્મા** છે. શું એઓ જૈન છે ?

**શકુનવિચાર**– **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૮૦)માં આમાંથી અવતરણ અપાયું છે.

૧. આનું ગુજરાતી ભાષાંતર **હીરાલાલ** વિ. હંસરાજે કર્યું છે અને એ **શુકનશાસ્ત્ર**ના નામથીજામનગરથી ઇ.સ. ૧૮૯૯માં એમણે પ્રકાશિત કર્યું છે.

૨. મૂળ સંસ્કૃત કૃતિ પ્રસિદ્ધ થઈ હોય તો તે હજી સુધી મારા જોવામાં આવી નથી.

૩. આ કૃતિ પં. **દામોદર** ગોવિન્દાચાર્યે કરેલા ગુજરાતી ભાષાંતર સહિત બાલાભાઈ રાયચંદ અને દેવીદાસ છગનલાલ એ બે જણે મળીને વિ. સં. ૧૯૫૪માં પ્રસિદ્ધ કરી છે.

૪. આને અંગે મેં "મોતી: શુકનિયાં અને અપશુકનિયા" નામનો લેખ લખ્યો છે. એ હવે પછી પ્રસિદ્ધ થનાર છે.

૫. આના ૬૧ પ્રકારનાં ફળ મેં "હીરો કેવો લેશો ?" એ નામના મારા લેખમાં દર્શાવ્યાં છે. એ લેખ "હિંદુ મિલન મંદિર" (વ. ૮, અં. ૧૧, પૃ. ૫૩૦-૫૩૪)માં પ્રસિદ્ધ થયો છે.

૬. આ કૃતિ **હીરાલાલ** હંસરાજે ઈ. સ. ૧૯૧૭માં છપાવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શકુનસપ્તત્રિંશિકા**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**શકુનરત્નાવલિ યાને કથાકોશ**– આના કર્તા **અભયદેવ**ના શિષ્ય **વર્ધમાન** છે.

**શકુનાવલિ યાને બીજકૌસ્તુભ**– આના કર્ત્તા મહર્ષિ **ગૌતમ** છે. **શકુનાવલિ** નામની બીજી બે કૃતિ છે. એકના કર્તા **હેમચન્દ્ર** છે અને બીજાના કર્તાનું નામ જાણવામાં નથી.

આમ શકુન-શાસ્ત્ર સંબંધી વિવિધ કૃતિઓ છે. આજકાલ શુકન જોવાની પદ્ધતિ લુપ્તપ્રાય થયેલી જોવાય છે. બાકી એક વેળા એનો ખૂબ પ્રચાર હશે એમ "शकुनो दण्डनायकः" અને લોકગીતમાંની નિમ્નલિખિત પંક્તિ જેવાં અવતરણો વિચારતાં જણાય છે :–

"ડાબી તે ભૈરવ રોઈ રહી."

[1]પંખીઓનો પરિચય, એના ભાવાભાવ અને [2]અવાજ વગેરે બાબતો શકુન-શાસ્ત્રમાં વિચારાયેલી જોવાય છે.

## સ્વપ્ન-શાસ્ત્ર

[3]**સ્વપ્ન-શાસ્ત્ર** (લ. વિ. સં. ૧૨૨૦) – આના કર્તા જૈન ગૃહસ્થ **જગદેવ** છે. એઓ **દુર્લભરાજ**ના પુત્ર થાય છે. એ જગદેવે **સામુદ્રિકતિલક** રચ્યું છે. એમનું આ [4]**સ્વપ્ન-શાસ્ત્ર** બે અધ્યાયમાં વિભક્ત છે. P. ૨૧૯
આ કૃતિનું નામ જ કહી આપે છે તેમ એનો વિષય સ્વપ્ન છે. પ્રથમ પ્રકરણમાં શુભ સ્વપ્નો વિષે અને બીજામાં અશુભ સ્વપ્નો વિષે વિચાર કરાયો છે.

**સ્વપ્નસપ્તતિકાવૃત્તિ** (વિ. સં. ૧૨૮૭)– જ. મ.માં કોઈએ **સુમિણસત્તરિયા** (સ્વપ્ન-સપ્તતિકા) રચી છે. એના ઉપર 'ખરતર' ગચ્છના **સર્વદેવસૂરિ**એ જેસલમેરમાં વિ. સં. ૧૨૮૭માં વૃત્તિ રચી છે. અને એ દ્વારા સ્વપ્નનો વિષય વિશદ બનાવ્યો છે.

**સ્વપ્ન-પ્રદીપ યાને** [5]**સ્વપ્ન-વિચાર**– આના કર્તા **વર્ધમાનસૂરિ** છે.

સ્વપ્નને અંગે અજ્ઞાતકર્તૃક કૃતિઓ નીચે મુજબ છે :–

[6]**સ્વપ્ન-ચિન્તામણિ, સ્વપ્ન-લક્ષણ, સ્વપ્ન-સુભાષિત, સ્વપ્નાધિકાર, સ્વપ્નાધ્યાય,** [7]**સ્વપ્નાવલી** અને **સ્વપ્નાષ્ટકવિચાર.**

---

૧. એને વિષે જાણવા જેવી બાબતો કઈ કઈ છે તે વિષય મેં "પક્ષીઓના પરિચયની પ્રવેશિકા" નામના મારા લેખમાં ચર્ચ્યો છે. આ લેખ "ગુજરાતી"ના વિ. સં. ૨૦૦૮ના દીપોત્સવી અંકમાં તેમજ "ગુ. મિત્ર તથા ગુ. દ."ના તા. ૧૭-૧૧-'-૫૨ના અંકમાં પણ પ્રસિદ્ધ કરાયો છે.

૨. શિયાળની બોલી ઉપરથી ભવિષ્ય ભાખનારા ગામડાંઓમાં જોવાય છે.

૩. શું જગદેવે રચેલી **સ્વપ્ન-ચિન્તામણિ** નામની કૃતિ તે આ જ છે ?

૪. આને જ કેટલાક **સ્વપ્ન-ચિન્તામણિ** કહે છે.

૫. જિનપાલગણિએ ૮૭૫ શ્લોક જેવડી જે પાઇય કૃતિ રચી છે એનું સંસ્કૃત નામ **સ્વપ્ર-વિચાર** છે.

૬. શું આના કર્તા જગદેવે છે ?

૭. આમાં ૨૧ શ્લોક છે.

Jain Education International		For Personal & Private Use Only		www.jainelibrary.org

## રમલ-શાસ્ત્ર

**રમલ-શાસ્ત્ર** (લ. વિ. સં. ૧૭૩૫)– આના કર્તા **ચન્દ્રપ્રભા** વગેરેના પ્રણેતા ઉપા. **મેઘ**વિજય છે. એમણે **મેઘમહોદય**માં આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. એમણે આ કૃતિ પોતાના શિષ્ય **મેરુ**વિજય માટે સંસ્કૃતમાં રચી છે. આની કોઈ હાથપોથી હજી સુધી તો મળી આવી નથી પાસા ફેંકી ભવિષ્ય જોવાની
P. ૨૨૦ વિદ્યાને "[1]રમલ (ળ)' કહે છે અને એના જાણકારને 'રમલી(ળી)' કહે છે. **ભોજ**સાગરે તેમજ **વિજય**દેવે પણ એકેક રમલ-શાસ્ત્ર રચ્યું છે.[2]

[3]**પાશક-કેવલી**– આના કર્તા ગર્ગાચાર્ય છે. "જૈ. સિ. ભા." (ભા. ૧૨, કિ. ૨, પૃ. ૨૪)માં આના અંતમાંનાં બે પદ્યો અપાયાં છે. શું સમગ્ર કૃતિ સંસ્કૃતમાં છે ?

**પાશક કેવલી**– આના કર્તા **સ**કલકીર્તિ છે.

## અંગ-વિદ્યા

**અંગચેષ્ટાવિદ્યા**– આ શરીરનાં અવયવોની હિલચાલ ઉપરથી અને અંગોના સ્ફુરણ (ફરકવા) ઉપરથી ભવિષ્ય ભાખવાનો બોધ કરાવનારી કૃતિ હશે.

**અંગસ્ફુરણ વિચાર**– કયું અંગ ફરકે છે એ ઉપરથી બનનાર બનાવનો નિર્દેશ આ કૃતિમાં કરાયો હશે.

## પ્રશ્નવિચાર

**ચૂડામણિ ઇત્યાદિ**– [4]**પણ્હાવાગરણ** (પ્રશ્નવ્યાકરણ) એ જ. મ.માં રચાયેલી લગભગ ૪૫૦ ગાથાની કૃતિ છે. એમાં પ્રશ્ન પૂછનારના મુખમાંથી નીકળેલા **પ્રશ્ના**ક્ષરો ઉપરથી શુભાશુભ ફળનો નિર્ણય કરવાની સમજણ અપાઈ છે. એની એક તાડપત્રીય પ્રતિ પાટણના ભંડારમાં છે અને એના અંતમાં **લીલાવતી** નામની એક પ્રાચીન પાઇય વૃત્તિનો ભાગ જળવાઈ રહ્યો છે.

P. ૨૨૧ વૃત્તિ**ઓ**– **પણ્હાવાગરણ** ઉપર ત્રણ વૃત્તિઓ છે :–

(૧) **ચૂડામણિ**– આ ૨૩૦૦ શ્લોક જેવડી કૃતિ છે.

(૨) **લીલાવતી.**

(૩) **દર્શન-જ્યોતિર્વૃત્તિ**– આને **પ્રશ્નવ્યાકરણ-જ્યોતિર્વૃત્તિ** પણ કહે છે.

**ચન્દ્રોન્મીલન**– આનો વિષય **ચૂડામણિ**ને લગતો છે. એ **પણ્હાવાગરણ**ને આધારે રચાયેલી કૃતિ છે.[5]

**ટીકા**– આના ઉપર કોઈકની ટીકા છે.

---

૧. આનો બીજો અર્થ 'પાંચ ધાતુના પાસા' એવો થાય છે.

૨. આવો ઉલ્લેખ શ્રી **અગર**ચંદ નાહટાએ "उस्तरलाव यंत्र संबंधी एक महत्त्वपूर्ण जैन ग्रन्थ" નામના લેખ (પૃ. ૧૧૯)માં કર્યો છે. આ લેખ "જૈ. સિ. ભા." (ભા. ૧૮, કિ. ૨, પૃ. ૧૧૯-૧૨૬)માં છપાવાયો છે.

૩. **જૈ. ગ્રં.** (પૃ. ૩૫૫)માં **માતૃકા-કેવલી** નામની એક સંસ્કૃત કૃતિનો ઉલ્લેખ છે.

૪. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૬૯-૧૭૦).

૫. જુઓ **પત્તન.સૂચી** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૫૫).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તીર્થકેવલિપ્રશ્ન**– 'કન્નડ' ટિપ્પણીથી અલંકૃત આ અજ્ઞાતકર્તૃક અપૂર્ણ કૃતિની 'કન્નડ' લિપિમાં લખાયેલી ૪૨ પત્રની એક હાથપોથીની નોંધ **ક. તા. ગ્રં.** (પૃ. ૨૭૪)માં લેવાઈ છે.

[1]**કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ** (લ. વિક્રમની બારમી-તેરમી સદી)– આના કર્તા દિ. સમન્તભદ્ર હોવાનું મનાય છે. આ પુસ્તકના વિદ્વાન સંપાદક પં. **નેમિચન્દ્ર** જૈનના મતે એ સમન્તભદ્ર **આપ્તમીમાંસા**ના કર્તાથી તો ભિન્ન છે. એઓ અષ્ટાંગ આયુર્વેદના પ્રણેતા હોવાની અને **પ્રતિષ્ઠા તિલક**ના કર્તા **નેમિચન્દ્ર**ના ભાઈ **વિજય**ના પુત્ર હોવાની સંભાવના સંપાદકે દર્શાવી છે.

[2]જ્યોતિષશાસ્ત્રના ગણિત અને ફલિત એવા બે વિભાગ પડાય છે. ફલિત જ્યોતિષના વિવિધ પેટાવિભાગ છે. દા. ત. હોરાશાસ્ત્ર, સંહિતાશાસ્ત્ર, મુહૂર્ત શાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, પ્રશ્નશાસ્ત્ર ઇત્યાદિ. પ્રશ્નશાસ્ત્ર એ જ્યોતિષિનું મહત્ત્વનું અંગ છે. જૈનોના– ખાસ કરીને [3]દિગંબરોના જ્યોતિષના ગ્રંથોમાં પ્રશ્નગ્રંથો વિશેષ પ્રમાણમાં જોવાય છે.[4]

પ્રસ્તુત પુસ્તકમાં 'ચન્દ્રોન્મીલન' નામની પ્રશ્નપ્રણાલીનું વર્ણન નજરે પડે છે. આ ગદ્યાત્મક પુસ્તક **ચન્દ્રોન્મીલન**ના સંક્ષેપરૂપ છે, પરંતુ સુબોધ છે. એમાં 'આયપ્રશ્ન' પ્રણાલી અને 'કલ્પિતસંજ્ઞાલગ્ન' પ્રણાલીની છાંટ જોવાય છે. અક્ષરોના વર્ગીકરણથી શરૂ થતા આ પુસ્તકમાં વિવિધ વિષયને અંગેના પ્રશ્નોને સ્થાન અપાયું છે. જેમ કે કાર્યની સિદ્ધિ, લાભાલાભ, ચોરાયેલી વસ્તુની પ્રાપ્તિ, પ્રવાસીનું આગમન, રોગનું નિવારણ અને મુકદ્દમાની સફળતા. વિશેષમાં મુષ્ટિ-પ્રશ્ન અને મૂક-પ્રશ્નોનો પણ અહીં વિચાર કરાયો છે. નષ્ટ જન્મપત્ર બનાવવાની રીત એ આ પુસ્તકનો મહત્ત્વનો અંશ છે. સંપાદકના મતે એ રીત સર્વથા નવીન અને મૌલિક છે.[5]

**કે. પ્ર. ચૂ.**માં કોઈ કોઈ સ્થળે પ્રાચીન કૃતિમાંથી પાઇય ગાથાઓ ઉદ્ધૃત કરાઈ છે.[6]

**ચન્દ્રોન્મીલનપ્રશ્ન**– આ નિમિત્તશાસ્ત્રની કૃતિની કાગળ ઉપર 'કન્નડ' લિપિમાં સોળ પત્ર ઉપર લખાયેલી એક હાથપોથીની નોંધ **ક. તા. ગ્રં.** (પૃ. ૨૪૨)માં લેવાઈ છે. શું આ કૃતિ **બૃહજ્જ્યોતિષાર્ણવ**નો ભાગ છે ?

૧. આ પુસ્તક પં. **નેમિચન્દ્ર** જૈનનાં હિન્દી અનુવાદ તથા વિસ્તૃત અને અનેક ચક્રો રજૂ કરનારા વિવેચન તેમજ પ્રસ્તાવના અને ત્રણ પરિશિષ્ટ સહિત "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઇ. સ. ૧૯૫૦માં પ્રસિદ્ધ કરાયું છે. પ્રથમ પરિશિષ્ટમાં નક્ષત્ર, યોગ અને કરણનાં નામ અપાયાં છે અને જાતજાતનાં મુહૂર્તને લગતાં ચક્રો અપાયાં છે. બીજા પરિશિષ્ટમાં જન્મપત્રી બનાવવાની રીત વિસ્તારથી સમજાવાઈ છે. ત્રીજા પરિશિષ્ટમાં વર અને કન્યાને કેવો મેળ રહેશે તેનો વિચાર કરાયો છે.

૨. દિ. અકલંકે **સિદ્ધિવિનિશ્ચય**ના આઠમા પરિચ્છેદમાં સર્વજ્ઞની સિદ્ધિ કરવા માટે જ્યોતિષના જ્ઞાનના ઉપદેશને હેતુ તરીકે દર્શાવ્યો છે.

૩. દિગંબર સાહિત્યમાં રમલશાસ્ત્રને બદલે 'પાશાકેવલી' નામની પ્રણાલીનો પ્રચાર જોવાય છે. જુઓ ઉપર્યુક્ત હિન્દી પ્રસ્તાવના (પૃ. ૨૩)

૪. જુઓ હિન્દી પ્રસ્તાવના (પૃ. ૧૭)

૫. જુઓ હિન્દી પ્રસ્તાવના (પૃ. ૨૪)

૬. જુઓ પૃ.૧૮, ૧૯, ૨૪, ૪૬, ૪૭, ૪૯ અને ૮૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**આયજ્ઞાનતિલક** (ઉ. વિ. સં. ૧૪૪૧)– આ નિમિત્તશાસ્ત્રની ૭૫૦ પદ્યની કૃતિના રચનાર **વોસરિભટ્ટ** છે. એઓ **દામનંદિ**ના શિષ્ય થાય છે. એમણે અણહિંગલવાડમાં રચેલી આ કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૪૪૧માં લખાયેલી મળે છે.આ કૃતિ પચ્ચીસ પ્રકરણોમાં વિભક્ત છે.

**સ્વોપજ્ઞ ટીકા**– આ ૧૨૦૦ શ્લોક જેવડી છે.

**આયતત્ત્વરાજવલ્લભ**– આ **રાજવલ્લભ**ની કૃતિ છે. શું એ નિમિત્તશાસ્ત્રને લગતી છે ?

**આયપ્રશ્ન**– આની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૪૬)માં છે.

**આયસદ્‌ભાવ**– આ ૧૯૫ શ્લોક જેવડી અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**વૃત્તિ**– આ ૧૬૦૦ શ્લોક જેવડી છે.

[1]**ફલાફલવિષયક પ્રશ્નપત્ર** (લ. વિ. સં. ૧૭૩૦)– આ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિની કૃતિ હોય એમ લાગે છે. એમાં ચાર ચક્ર છે અને દરેકમાં સાત સાત કોઠા (કોષ્ટકો) છે. વચલા કોઠામાં "ॐ ह्रीं श्रीं अर्हं नमः" એવું લખાણ છે. આસપાસના છ છ કોષ્ટકો ગણતાં એકંદર ૨૪ કોષ્ટકો છે અને તે અનુક્રમે **ઋષભદેવ**થી માંડીને **મહાવીરસ્વામી** સુધીના ૨૪ તીર્થંકરોનાં નામથી અંકિત છે એટલે
P. ૨૨૨ કે એ એકેક કોષ્ટક ઉપર એકેક તીર્થંકરનું નામ છે.[2]આસપાસનાં ૨૪ કોષ્ટકો નિમ્નલિખિત ૨૪ પ્રશ્નો– ૨૪ બાબતની પૃચ્છા રજૂ કરે છે :–

---

૧. આ કૃતિની એક હાથપોથી **ય**શોવિજયગણિના હસ્તાક્ષરવાળી મળે છે. એથી એઓ જ કર્તા હોવાનું મનાય છે. એ હાથપોથીમાં એક જ પત્ર છે. એની પહેલી પૂઠીમાં સાત સાત કોઠા (કોષ્ટક)વાળાં ચાર ચક્રો છે અને ઋષભદેવથી **સુ**વિધિનાથ સુધીના નવ તીર્થંકરોનાં નામથી અંકિત છ છ ફલાદેશ અપાયા છે જ્યારે બીજી પૂઠીમાં બાકીના ફલાદેશ છે. પહેલી પૂઠીની પ્રતિકૃતિ સહિત સંપૂર્ણ કૃતિ "જૈ. સા. સં." (ખંડ ૩, અ. ૨, પૃ. ૧૬૨-૧૬૫)માં વિ. સં. ૧૯૮૩માં પ્રકાશિત કરાઈ છે. ઉપર્યુક્ત પ્રતિકૃતિ પૃ. ૧૬૧ની સામે અપાઈ છે.

૨. પ્રથમ ચક્રનાં સાત કોષ્ટકો નીચે મુજબ છે :–




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાર્યની સિદ્ધિ, મેઘની વૃષ્ટિ, દેશનું સૌખ્ય, સ્થાનનું સુખ, ગ્રામાંતર, વ્યવહાર, વ્યાપાર, વ્યાજદાન, ભય, ચતુષ્પદ, સેવા, સેવક, ધારણા, બાધારુધા, પુરરોધ (નગરનો ઘેરો), કન્યાદાન, વર, જયાજય, મંત્રૌષધિ, રાજ્યની પ્રાપ્તિ, અર્થચિન્તન, સન્તાન, આગંતુક અને ગત વસ્તુ.

ઉપર્યુક્ત ૨૪ તીર્થંકરો પૈકી દરેકના નામ ઉપર ફલાફલવિષયક છ છ ઉત્તરો છે. જેમકે P. ૨૨૩ ઋષભદેવના નામ ઉપર નીચે મુજબના ઉત્તરો છે :

''शीघ्रं सफला कार्यसिद्धिर्भविष्यति; अस्मिन् व्यवहारे मध्यमं फलं दृश्यते; ग्रामान्तरे फलं नास्ति, कष्टमस्ति; भव्यं स्थानसौख्यं भविष्यति; मध्यमं देशसौख्यं भविष्यति; अल्पा मेघवृष्टिः सम्भाव्यते.''

૨૪ પ્રશ્નો અને ૧૪૪ ઉત્તરો સંસ્કૃતમાં છે; બાકી પ્રશ્નો કેમ કાઢવા અને તેનું ફલાફલ કેમ જાણવું એ બાબત એ સમયની ગુજરાતી ભાષામાં દર્શાવાઈ છે અને એ ગુજરાતી લખાણથી જ આ કૃતિની શરૂઆત કરાઈ છે. એ નીચે મુજબ છે :–

''ॐ ह्रीँ श्रीँ अर्हं नमः'' એણિ મન્ત્રઇ વાર ૨૧ સ્થાપના ષડી અથવા પૂગીફલ અભિમન્ત્રી મૂકાવીઇ । જેહ બોલની પૃચ્છા કરઇં તેહ થકુ જિહાં થાપનાં મૂંકઇ તેહના તીર્થંકરની ફાટિં । પૃચ્છાના બોલ ગણતાં જેહ તીર્થંકરની ફાટિં મૂંકઇ । તેહની તે ઓલી ગણવી । પં. શ્રી**નય**વિજયગણિશિષ્યગણિ-જસવિજયલિખિતં ॥છ॥

**ઉદય-દીપિકા** (વિ. સં. ૧૭૫૨)– આના કર્તા **ચન્દ્રપ્રભા** વગેરે રચનારા ઉપા. **મે**ઘવિજય છે. એમણે આ કૃતિ શ્રાવક **મ**દનસિંહને માટે જ્યોતિષ સંબંધી પ્રશ્ન અને એના ઉત્તર રૂપે વિ. સં. ૧૭૫૨માં રચી છે. આની હાથપોથીઓ મળે છે.

**પ્રશ્નસુંદરી** (લ. વિ. સં. ૧૭૫૫)– આના પ્રણેતા પણ **ચન્દ્રપ્રભા** વગેરેના કર્તા ઉપા. **મે**ઘવિજય છે. આ દ્વારા એમણે પ્રશ્ન કાઢવાની પદ્ધતિ વર્ણવી છે.

[1]**વર્ષ-પ્રબોધ યાને મેઘમહોદય** (પૂ. વિ. સં. ૧૭૩૨)– આના પ્રણેતા **ચન્દ્રપ્રભા** વગેરેના કર્તા P. ૨૨૪ ઉપા૦ **મે**ઘવિજય છે. આ ગ્રંથ સર્વથા સંસ્કૃત કે જ. મ.માં નથી, પરંતુ બંનેમાં એના અંશો છે. એ તેર અધિકારમાં વિભક્ત છે. એમાં વિવિધ વિષયો આલેખાયા છે. જેમકે ઉત્પાત, કર્પૂર-ચક્ર, પદ્મિની-ચક્ર-મંડળ, સૂર્ય-ગ્રહણ અને ચંદ્ર-ગ્રહણના ફળ, માસદીઠ વાયુનો વિચાર, વરસાદ લાવવાના અને બંધ કરવાના મંત્ર-યંત્ર, ૬૦ સંવત્સરોનાં ફળ, રાશિઓ ઉપર ગ્રહોના ઉદયનું, અસ્તનું કે વક્રીનું ફળ, અયન, માસ, પક્ષ અને દિવસનો વિચાર, સંક્રાંતિનું ફળ, વર્ષના રાજા અને મંત્રી વગેરે, વરસાદનો ગર્ભ, વિશ્વા, આયવ્યય, સર્વતોભદ્ર-ચક્ર અને વરસાદ જણાવનાર શુકન.

**રચના–સમય–ઠાણ** સાથે સંબંધ ધરાવનારો આ ગ્રંથ ક્યારે રચાયો તેનો ગ્રંથકારે સ્પષ્ટ ઉલ્લેખ

૧. આ કૃતિ **મેઘમહોદય-વર્ષપ્રબોધ** એ નામથી પં. **ભ**ગવાનદાસ જૈને જયપુરથી હિન્દી અનુવાદ સહિત ઈ.સ. ૧૯૨૬માં પ્રસિદ્ધ કરી છે. આનો હિન્દી અનુવાદ એમણે કર્યો છે. એવી રીતે આનો ગુજરાતી અનુવાદ પોપટલાલ સાકરચંદ શાહ તરફથી પ્રકાશિત થયો છે. આ બીજી આવૃત્તિનું નામ **વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત છે.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્યો નથી, પરંતુ **વિજયપ્રભસૂરિ**ના પટ્ટધર **વિજયરત્નસૂરિ**ના રાજ્યમાં રચ્યાનું એમણે કહ્યું છે. એથી એ વિ. સં. ૧૭૩૨ની પૂર્વેનો નથી[1] એમ ફલિત થાય છે.

પૃ. ૧૨૦-૧૫૦ ગદ્યમાં છે. અને પૃ. ૧૩-૧૭નું લખાણ જ. મ.માં છે, પૃ. ૪૯૩માં રક્ષાપર્વનો ઉલ્લેખ છે.

**સાક્ષીભૂત ગ્રંથો– વર્ષ-પ્રબોધ**માં નિમ્નલિખિત ગ્રંથોનો સાક્ષી તરીકે ઉલ્લેખ કરાયો છે અને એમાંથી અવતરણો અપાયાં છે :–

P. ૨૨૫ **અર્ઘ**કાણ્ડ (પૃ. [2]૨૯, ૩૫૫, ૩૯૪, ૪૬૦), *ફુલક (પૃ. ૩૭૮), **ગાર્ગીય**સંહિતા (પૃ. ૨૭૧, ૪૧૫, ૫૦૩), ***ચ**તુર્માસકુલક (પૃ. ૩૫૪, ૩૭૪), જગન્મોહન (પૃ. ૨૭૨), ***જં**બૂદ્વીપપ્રજ્ઞપ્તિ (પૃ. ૮૯), ***તિ**થિકુલક (પૃ. ૩૫૯, ૩૮૧), **ત્રૈ**લોક્યદીપક (પૃ. ૧૭૯, ૩૯૨, ૪૬૦), **ન**રપતિજયચર્યા (પૃ. ૨૧૭), **બા**લબોધ (પૃ. ૪૦૪, ૪૦૮, ૪૧૭), ***ભ**ગવતી (પૃ. ૪૪, ૬૩, ૬૫, ૬૭) અને એની વૃત્તિ (પૃ. ૪૬), ***ભ**દ્રબાહુસંહિતા (પૃ. ૪૨૭), **મે**ઘમાલા (પૃ. ૫૨, ૨૪૯, ૨૫૧, ૩૧૯) રુદ્રકૃત **મે**ઘમાલા (પૃ. ૪૭, [3]૧૦૦, ૧૭૨, [4]૧૯૦, ૨૧૨, ૩૨૭), **હી**રવિજયસૂરિકૃત **મે**ઘમાલા (પૃ. [5]૪૧, ૬૨ [6]૨૩૭, [7]૨૫૩, [8]૩૧૧, ૩૪૨, ૩૮૫, [9]૪૫૧), **ર**ત્નમાલા (પૃ. ૮૬), **વા**રાહીસંહિતા (પૃ. ૪૯૫), **વિ**વેકવિલાસ (પૃ. ૫, ૩૦), ***સ્થાન** (પૃ ૨, ૩, ૮૯, ૧૮૯) અને એની વૃત્તિ (પૃ. ૪), દુર્ગદેવકૃત **ષ**ષ્ટિસંવત્સર (પૃ. ૧૦૮) અને અજ્ઞાતકર્તૃક **સા**રસંગ્રહ (પૃ. ૧૮૮, ૩૫૮, ૩૬૨).

આ પુસ્તકમાં નીચે મુજબના ગ્રંથકારોનાં નામ આપી એમની કૃતિમાંથી અવતરણો અપાયાં છે :–

**કે**વલકીર્તિ (દિ. (પૃ. ૩૧૨, ૪૨૩), **ગિ**રધરાનંદ (પૃ. ૩૮૫), **મે**ઘજી ઉપા. (પૃ. ૨૬૨, ૩૪૭), **મે**ઘમાલાકાર (પૃ. ૧૦), **રુ**દ્રદેવ (પૃ. ૩૦, ૨૧૨, ૩૩૭, ૩૬૭, ૪૧૦, ૪૨૩, ૪૨૪, ૫૦૧), **વ**રાહ (પૃ. ૩૧૯, ૩૨૨, ૩૩૦, ૩૩૫, ૪૧૯), અને **હી**રસૂરિ (પૃ. ૨૫૮, ૨૬૦, ૨૮૯, ૨૯૨, ૩૪૦, ૪૬૦, ૪૬૧).

'લૌકિક' કે 'લોક' એવા ઉલ્લેખપૂર્વક ગુજરાતી પદ્યો નીચે મુજબનાં પૃષ્ઠોમાં અપાયાં છે :–

P. ૨૨૬ ૧૧, ૨૩૦, ૨૩૨, ૨૩૪, ૨૩૮, ૨૪૮, ૨૬૦, ૨૮૯, ૨૯૦, ૨૯૬, ૨૯૮, ૩૨૦, ૩૨૬, ૩૪૨, ૩૪૮, ૩૫૨, ૩૬૧, ૩૬૬, ૩૯૩, [10]૪૦૧, ૪૦૫, ૪૦૭, ૪૧૨, ૪૪૨, ૪૫૦, [11]૪૫૧, ૪૫૪, ૪૫૯, ૪૬૦, ૫૦૦.

---

૧. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૪૪)માં રચના-વર્ષે 'તરીકે વિ. સં. ૧૭૩૨ પછીનો' એવો ઉલ્લેખ છે.

૨. આ પૃષ્ઠાંક ઉપર્યુક્ત (પૃ. ૨૨૪) ભગવાનદાસના પ્રકાશનના છે.

* આ ચિહ્નથી અંકિત કૃતિ પાઇયમાં છે.

૩-૪. આ પૃષ્ઠો ઉપર બ્રાહ્મણ **રુ**દ્રદેવ એવો ઉલ્લેખ છે.

૫. અહીં **હીરમેઘમાલા** એવો ઉલ્લેખ છે.

૬-૯. આ અવતરણ ગુજરાતીમાં છે. પૃ. ૪૫૫માં **મેઘમાલા**માંથી ગુજરાતી ઉતારો છે.

૧૦-૧૧. અહીં 'ભડ્ડુલી' એવો નિર્દેશ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પંચાંગતત્ત્વ**– પંચાંગ એટલે (૧) તિથિ, (૨) વાર, (૩) નક્ષત્ર, (૪) યોગ અને (૫) કરણ. આ પાંચ અંગોના નિરૂપણરૂપ આ કૃતિ હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

**વૃત્તિ**– આ ૯૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ **અભયદેવસૂરિ**એ રચી છે.

**પંચાંગતિથિવિવરણ**– આ **કરણશેખર** કે **કરણશેષ** તરીકે ઓળખાવાતી કૃતિની ૧૯૦ શ્લોક જેવડી વૃત્તિ છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

**પંચાંગદીપિકા** અને **પંચાંગપત્રવિચાર**– આ બંને પંચાંગને લગતી કૃતિ હોય એમ લાગે છે.

[1]**યન્ત્રરાજ** (વિ. સં. ૧૪૨૭)– આ **મદનસૂરિ**ના શિષ્ય **મહેન્દ્રસૂરિ**ની શકસંવત્ ૧૨૯૨ની રચના છે. એ પાંચ પ્રકરણમાં વિભક્ત છે.

**ટીકા**– આના કર્તા **મલયેન્દુ** છે.

**યન્ત્રરાજરચનાપ્રકાર**– આના કર્તા સવાઈ જયસિંહ છે.

**યન્ત્રામ્નાય**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ નિમિત્તશાસ્ત્રને લગતી છે ?

[2]**'ઉસ્તારલાવ' યંત્ર** (લ. વિ. સં. ૧૫૫૦) – આના કર્તા વિ. સં. ૧૫૩૬માં **સારસ્વત-દીપિકા** રચનારા **મેઘરત્ન** છે. એઓ 'વટ' ગચ્છના **વિનયસુંદર**ના શિષ્ય થાય છે. એમણે પ્રસ્તુત કૃતિ ૩૮ શ્લોકમાં રચી છે. આ ખગોળશાસ્ત્રીઓને ઉપયોગી એક યંત્ર ઉપર પ્રકાશ પાડે છે. એ યંત્રને ઉર્દૂ-હિંદી-કોશમાં નક્ષત્ર-યંત્ર અને અંગ્રેજીમાં એસ્ટ્રોલાબે (Astrolabe) કહે છે. એનો પરિચય Encylopaedia Britanica (Vol. II, pp. 574-575; 14th edn.)માં અપાયો છે.[3] એ ઉપરથી આ ગ્રીક યંત્ર હોવાનું મનાય છે. એની શોધ **હિપાર્કસે** (ઈ. સ. પૂ. ૧૫૦) અથવા પેર્ગાના **એપોલોનિયસે** (ઈ. સ. પૂ. ૨૪૦)માં કરી હતી. એ યંત્ર આકાશી પદાર્થોની–ગ્રહાદિની ઊંચાઈ (Altitude) માપવાના કામમાં લેવાતું હતું. એ ઉપરથી કાળ (સમય) અને અક્ષાંશનો બોધ થતો હતો.

**ટીકા ઈત્યાદિ**– આ લઘુ કૃતિ ઉપર સંસ્કૃતમાં [4]ટીકા છે અને 'રાજસ્થાની' ભાષામાં અનુવાદ છે.[5]

[**અંગવિજ્જા**– સં. મુનિશ્રી પુણ્યવિજયજી. પ્રા.ટે.સો. દ્વારા બે વાર પ્રકાશિત થયું છે.

**ભારતીય જ્યોતિષ**- નેમિચન્દ્ર શાસ્ત્રી, પ્રકા. ભારતીય જ્ઞાનપીઠ વારાણસી ૩૬મું સંસ્કરણ ઈ. સ. ૨૦૦૩.]

---

૧. આ કૃતિ એસ દ્વિવેદી અને એલ. શર્માએ બનારસથી ઈ. સ. ૧૮૮૩માં પ્રસિદ્ધ કરી છે.

૨. બિકાનેરના "અનૂપ-સંસ્કૃત-પુસ્તકાલય"માં આની વિ. સં. ૧૬૦૦માં લખાયેલી એક હાથપોથી છે. એનો પરિચય શ્રી **અગરચંદ** નાહટાએ "उस्तरलाव यंत्र सम्बन्धी एक महत्त्वपूर्ण जैन ग्रन्थ" નામના લેખમાં આપ્યો છે. આ લેખ "જૈ. સિ. ભા." (ભા. ૧૮, કિ. ૨ પૃ. ૧૧૯ ૧૨૬)માં પ્રકાશિત છે.

૩. આ લેખ ઉપર્યુક્ત લેખમાં મૂળ કૃતિના શ્લો. ૧, ૩, અને ૩૮ સહિત ઉદ્ધૃત કરાયો છે. એને અંગેનું શ્રીનેમિચન્દ્ર શાસ્ત્રીએ હિન્દીમાં લખેલું ટિપ્પણ સાથે સાથે છપાવાયું છે.

૪-૫. ઉપર્યુક્ત હાથપોથીમાં આ બંને છે, પરંતુ મૂળ કૃતિ અશુદ્ધ લખાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૨૭

# પ્રકરણ ૧૩ : વૈદ્યકશાસ્ત્ર

વૈદ્યક-શાસ્ત્રનો બોધ કરાવવા જતાં જૈન મુનિવરો અચકાયા છે, કેમકે વનસ્પતિઓનાં ઉપમર્દન વગેરે કાર્યને એઓ આરંભસમારંભના કારણરૂપ-પાપરૂપ ગણે છે. આથી આ વિષયમાં [1]જૈન કૃતિઓ ઓછી રચાઈ હોય એમ લાગે છે. ઇતર વિષયની જૈન કૃતિઓમાં વૈદ્યકવિષયક છૂટાછવાયા ઉલ્લેખો જોવાય છે. આગમિક સાહિત્યમાંના આવા ઉલ્લેખોની એક નોંધ મેં આગમોદ્ધારકની સહાયતાથી તૈયાર કરી છે પણ તે અત્યારે તો અપ્રકાશિત છે. આવી પરિસ્થિતિમાં આ વિષયની કેટલીક કૃતિઓ હું નોંધું છું :–

**સિદ્ધાંત-રસાયન-કલ્પ** (વિક્રમની છઠ્ઠી સદી) દિ. ઉગ્રાદિત્યકૃત **કલ્યાણકારક**ના વીસમા પરિચ્છેદ (શ્લો. ૮૬)માં **સમંતભદ્રે** [2]**આયુર્વેદ**-માંના [3]આઠે અંગોનું પ્રતિપાદન કર્યાનો ઉલ્લેખ છે. કેટલાકને મતે આ **સમંતભદ્રે** **સિદ્ધાંત-રસાયણ-કલ્પ** નામનો વૈદ્યક-ગ્રંથ ૧૮,૦૦૦ શ્લોક જેવડો રચ્યો છે. એના છૂટાછવાયા શ્લોકો મળે છે. એ એકત્રિત કરાય તો બેથી ત્રણ હજાર જેટલા થાય. આ કૃતિમાં જૈન પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરાયો છે. આવા શબ્દોના સ્પષ્ટીકરણરૂપ એક કોશ **અમૃતનંદિએ** રચ્યો હતો, પરંતુ તે 'સપ્ત-સપ્તિ' સુધીનો જ મળે છે.

P. ૨૨૮ **વૈદ્યક-ગ્રંથના પ્રણેતાઓ**– ઉપર્યુક્ત **કલ્યાણકારક**ના વીસમા પરિચ્છેદ (શ્લો. ૮૫)માં કહ્યું છે કે [4]**પૂજ્યપાદે** શાલાક્ય(તંત્ર), **પાત્રકેસરીસ્વામીએ** શલ્યતંત્ર, **સિદ્ધસેને** વિષ અને ઉગ્ર ગ્રહની [5]શમન-વિધિ, **દશરથ**, ગુરુએ કાય-ચિકિત્સા, **મેઘનાદે** [6]બાલ-ચિકિત્સા અને **સિંહનાદ** મુનીન્દ્રે વૈદ્ય, વૃષ્ય અને [7]દિવ્યામૃતનું કથન કર્યું છે.

[8]**વૈદ્યક-ગ્રંથ** (પૂ. વિક્રમની છઠ્ઠી સદી) – આના કર્તા **જૈનેન્દ્ર** વ્યાકરણના પ્રણેતા દિ. **પૂજ્યપાદ** હોવાનું મનાય છે. આ વૈદ્યકગ્રંથ તે જ પૃ. ૧૭માં નોંધાયેલો **વૈદ્યસાર** છે. આનો સંક્ષિપ્ત પરિચય D C G C M (Vol. XVI, pt. 1, pp. 311-312)માં અપાયો છે.

**નાડીપરીક્ષા**– આ પૂજ્યપાદની કૃતિ છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૦)માં ઉલ્લેખ છે. આથી બે પ્રશ્ન ઉદ્‌ભવે છે :–

(૧) શું આ ઉપર્યુક્ત પૂજ્યપાદ છે ?
(૨) શું આ કૃતિ ઉપર્યુક્ત **વૈદ્યકગ્રંથ**નો ભાગ છે ?

---

૧. શ્રી. પી. કે. ''ગોડેનો Some Notes on ths Mss. of medical works by Jain writers'' નામનો લેખ The Jaina Antiquary (Vol. XIII No.1)માં છપાવાયો છે.

૨. **પુષ્પાયુર્વેદ**માં ૧૮૦૦૦ જાતનાં પરાગ વિનાનાં પુષ્પોનો ઉલ્લેખ છે. જુઓ **કલ્યાણકારકની** હિંદી પ્રસ્તાવના (પૃ. ૩૮)

૩. આ આઠ **અંગો** તે કાય, બાળ, ગ્રહ, ઊર્ધ્વાંગ, શલ્ય, દંષ્ટ્રા, જરા અને વૃષ એ છે.

૪. એમનો સાદર ઉલ્લેખ **ગુમ્મટદેવ** મુનિએ **મેરુતંત્ર** નામના વૈદ્યક-ગ્રંથના પ્રાયઃ પ્રત્યેક પરિચ્છેદના અંતમાં કર્યો છે.

૫-૭. **કલ્યાણકારક**ના હિંદી અનુવાદ (પૃ. ૫૫૪)માં આ ત્રણના અર્થ અનુક્રમે (૧) અગદ-તંત્ર અને ભૂતવિદ્યા, (૨) કૌમારભૃત્ય અને (૩) વાજીકરણતંત્ર અને દિવ્ય-રસાયન-તંત્ર એમ કરાયા છે.

૮. આ ''જૈ. સિ. ભા.''માં કટકે કટકે છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નાડીવિચાર**– આ નામની બે અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એકમાં ૭૮ પદ્યો છે અને એનો પ્રારંભ "नत्वा वीरं"થી થાય છે. એની એક હાથપોથીમાંથી પ્રારંભના બે પદ્ય અને અંતમાંનાં પાંચ પદ્યો પત્તન.સૂચી (ભા. ૧, પૃ. ૮૪)માં ઉદ્ધૃત કરાયાં છે. તમામ પદ્યો 'અનુષ્ટુભ્'માં હશે એમ લાગે છે.

**નાડીચક્ર અને નાડીસંચારજ્ઞાન**– આ બેમાંથી એકેના કર્તાનું નામ જાણવામાં નથી. બીજી કૃતિનો ઉલ્લેખ **બૃ. ટિ.**માં છે એટલે એ પાંચેક સૈકા જેટલી તો પ્રાચીન ગણાય.

**નાડીનિર્ણય** (ઉ. વિ. સં. ૧૮૧૨)– આ અજ્ઞાતકર્તૃક અને મુખ્યતયા પદ્યાત્મક કૃત્તિની [1]પાંચ પત્રની એક [2]હાથપોથી (૧૦.૨ "×૪.૪") 'બૃહત્ ખરતર' ગચ્છના પં. **માન**શેખરે મોટા અક્ષરે વિ. સં. ૧૮૧૨માં લખી છે. એમાં પ્રારંભમાં "श्रीधन्वन्तरये नमः" એવા ઉલ્લેખપૂર્વક **નાડીનિર્ણય** એવું કૃતિનું નામ અપાયું છે. પ્રારંભનાં બે પદ્યો નીચે મુજબ છે :–

"स्नायुर्नाडी निशा हिंसा धमेनी धारिणी धरा ।
तन्तुकीजीवितज्ञे च सरो पर्यायवाचका(:) ॥१॥
वात्तं (तं) पित्तं कफं द्वन्द्वं त्रिपथं सन्निपातकम् ।
साध्यासाध्यविवेकं च सर्वनाडी प्रकास्य(श्य)ते ॥२॥"

૪૧ પદ્યો પછી 'નાડીપરીક્ષા' સંપૂર્ણ થયાનો ઉલ્લેખ છે. ત્યાર બાદ અનુક્રમે જે વિષયો ચર્ચાયા છે તેનાં નામ અને એનાં પદ્યોની સંખ્યા નીચે મુજબ છે :–

મૂત્રપરીક્ષા (૪૬), તેલના બિન્દુ ઉપરની દોષપરીક્ષા (૧૪)નેત્રપરીક્ષા(૮$\frac{1}{2}$), મુખપરીક્ષા (૨) જિહ્વાપરીક્ષા (૪) રોગોની સંખ્યા (૨૨) અને [3]જ્વરના પ્રકાર.

[4]પુષ્પિકાની પૂર્વે "नाडिवीचा समाप्तं" એવો ઉલ્લેખ છે. આથી 'નાડીવિચાર' નામ અભિપ્રેત હશે એમ લાગે છે.

**નિદાનમુક્તાવલી**– 'નિદાન' શબ્દના સાત અર્થ થાય છે. એ પૈકી નિમ્નલિખિત બે અર્થ અત્ર પ્રસ્તુત જણાય છે –

(૧) રોગનાં કારણોની તપાસ (pathology).
(૨) રોગ નક્કી કરવો તે યાને રોગની ઓળખ (diagnosis).

**જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૨)માં **પૂજ્યપાદે નિદાનમુક્તાવલી** રચ્યાનું અને એની બાર પત્રની એક **હાથપોથી** હોવાનો ઉલ્લેખ છે. આ પૂજ્યપાદ અને એમની આ કૃતિ વિષે **નાડીપરીક્ષા** માટે પૃ. ૩૦૮માં **પુછાયેલા** બે પ્રશ્નો ઉદ્ભવે છે.

---

૧. પહેલા પત્રની પહેલી પૂંઠી અને છેલ્લાની બીજી પૂંઠી કોરી છે.
૨. આ હાથપોથી વ્યાકરણ-સાહિત્ય-તીર્થ મુનિશ્રી **સૂર્યોદયવિજયજી** પાસે જોવા મળી હતી.
૩. આ લખાણ ગદ્યમાં છે.
૪. આ નીચે મુજબ છે :–
"संवत् १८१२ना मागसर विद द्वतीयातिथौ श्रीगरुवासरे श्रीवृहत्खतरगच्छै वा०श्रीपुन्यसारगणि तत्शिषपं० नत्यभक्तिगणित० पंवद्यारशेन पं० मानशेषर लिष्यत्तं:"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નિદાન**– આના કર્તા **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૨) પ્રમાણે **લક્ષ્મીધર** છે.

**મં**ગરાજે કે **મં**ગુવિભુએ ૨૫૦૦ શ્લોક જેવડો કાનડીમાં રચેલો **ખગેન્દ્રમણિ-દર્પણ** ગ્રંથ આને આધારે યોજાયો છે.

[1]**કલ્યાણકારક** (લ. વિ. સં. ૮૮૫)– આના કર્તા દિ. ઉગ્રાદિત્ય છે. એમાં ૨૫ પરિચ્છેદ છે. એ ૨૫મા પરિચ્છેદ પછી પરિશિષ્ટ-શિષ્ટાધ્યાય અને 'હિતાહિત' અધ્યાય છે. મધ, મદ્ય અને માંસની વાત બાજુએ રાખતાં ચિકિત્સાની બાબતમાં આ ગ્રંથ **ચરકસંહિતા** સાથે ઘણો મળતો આવે છે.

**આયુર્વેદ**ની જેમ અહીં પણ કાયથી માંડીને વૃષ [2]સુધીનાં આઠે અંગોનો વિસ્તારથી વિચાર
P. ૨૨૯ કરાયો છે. 'હિતાહિત' અધ્યાયમાં માંસાહારનો નિષેધ કરતું લખાણ ગદ્યમાં અપાયું છે. વિશેષમાં શલ્યતંત્રનો વિષય સારી રીતે ચર્ચાયો છે. આઠ[3] પ્રકારનાં શસ્ત્ર-કર્મ અને એના વિધાનનું નિરૂપણ વ્યવસ્થિત સ્વરૂપે અહીં કરાયું છે.

**કલ્યાણકારક**ની રચનામાં **પ્રાણાવાય** નામના મહાગમનો–પૂર્વનો ઉપયોગ કર્યાનું જાતે કહ્યું છે.[4] પરિ- શ્લો. ૧૮માં 'વિદ્યા' ઉપરથી 'વૈદ્ય' ઉદ્ભવ્યો છે એમ કહ્યું છે.

આત્મોન્નતિમાં શરીર મહત્ત્વનું સ્થાન ભોગવે છે એટલે આરોગ્ય જાળવવું જરૂરી છે. પરંતુ તેમ કરવા માટે અભક્ષ્ય કે હિંસાજન્ય દ્રવ્યનું સેવન કરતાં જરૂર વિચાર કરવો ઘટે એમ જૈનાચાર્યોનું – ઉગ્રાદિત્ય વગેરેનું માનવું અને કહેવું છે. આથી તો એમણે પ્રસ્તુત કૃતિમાં મધ, મદ્ય અને માંસનું સેવન ન કરવું પડે એવી ઔષધીઓ બતાવી છે.

**રચના–સમય**– 'હિતાહિત' અધ્યાયના લગભગ અંતમાં જે કેટલાંક પદ્યો છે તેમાંના એકમાં કહ્યું છે કે **નૃ**પતુંગવલ્લભ મહારાજાધિરાજની સભામાં માંસાહારના પુરસ્કર્તાઓની સમક્ષ માંસાહારની નિષ્ફળતા સિદ્ધ કરી આ જૈનેન્દ્ર વૈદ્યે વિજય મેળવ્યો. આ ઉપરથી આ **કલ્યાણકારક**ના કર્તા **અ**મોઘવર્ષ પહેલાના સમકાલીન હોવાનું મનાય છે.

**સમાનનામક કૃતિઓ**– **પૂ**જ્યપાદે અને **કુ**મારસેને પણ આ નામની એકેક કૃતિ સંસ્કૃતમાં રચી છે, જ્યારે **ચિ**ત્રકવિસેને કાનડીમાં રચી છે.[5]

**પરાશ્રયી કૃતિઓ**– **ના**ગાર્જુને રચેલી **યોગરત્નમાલા**[6] નામની વૈદ્યકની કૃતિ ઉપર **ગુ**ણાકરસૂરિએ વિ. સં. ૧૨૯૬માં વૃત્તિ રચી છે. એવી રીતે **વા**ગ્ભટ્ટકૃત **અષ્ટાંગહૃદય ઉપર** દિ. **આ**શાધરે અને **વ**રરુચિકૃત **યોગશત** ઉપર **પૂ**ર્ણસેને વૃત્તિ રચી છે.

---

૧. આ કૃતિ શ્રી. વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રીનાં હિંદી અનુવાદ, પ્રસ્તાવના અને વનૌષધિ શબ્દાદર્શ (કોષ) સહિત "સખારામ નેમચંદ ગ્રંથમાલા"માં પુષ્પ ૧૨૯ તરીકે સોલાપુરથી ઇ. સ. ૧૯૪૦માં છપાવાઈ છે. આમાં વિસ્તૃત વિષયાનુક્રમણિકા છે.

૨. વૃષ-ચિકિત્સાથી વાજીકરણ-ચિકિત્સા સમજવાની છે.

૩. સુશ્રુતસંહિતા (સૂત્ર-સ્થાન, અ. ૫, શ્લો. ૫)માં શસ્ત્રકર્મના છેદ્ય, ભેદ્ય ઇત્યાદિ આઠ પ્રકારો દર્શાવાયા છે.

૪. જુઓ પરિ૦ ૨૫, શ્લો. ૫૪.

૫. જુઓ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૭૯-૮૦).

૬. **યોગરત્નમાલા** માટે જુઓ D C G C M (Vol. XVI. pt. 1, Nos.170-174)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**યોગ-ચિન્તામણિ વૈદ્યકસારસંગ્રહ** **કિંવા** [2]**વૈદ્યકસારોદ્ધાર** (લ. વિ. સં. ૧૬૬૦)– આના કર્તા 'નાગપુરીય તપા' ગચ્છના **ચંદ્ર**કીર્તિ-સૂરિના શિષ્ય [3]**હર્ષ**કીતિસૂરિ છે. આ ગ્રન્થમાં ફિરંગ (syphilis)નું વર્ણન છે. એથી એ **ભાવપ્રકાશ** પછી રચાયાનું અનુમનાય છે. P. ૨૩૦

**જૈ. ગ્રં.** પ્રમાણે **વૈદ્યકસારસંગ્રહ** ૧૧૦ શ્લોક જેવડો છે અને **વૈદ્યકસારોદ્ધાર** ૮૦૦ શ્લોક જેવડો છે. જો આ હકીકત ખરી હોય તો આ બે ભિન્ન કૃતિ ગણાય.

[4]**વૈદ્યવલ્લભ** (લ. વિ. સં. ૧૭૧૦)– આના કર્તા [5]**હિતરુચિ**ના શિષ્ય **હસ્તરુચિ** છે. એમણે આ કૃતિ આઠ અધ્યાયમાં વિભક્ત કરી છે. એમાં એમણે જ્વર, સ્ત્રીરોગ, કાસ, (ઉધરસ, ક્ષય વગેરે રોગો, ધાતુરોગ, અતિસારાદિ, કોઢ વગેરે, મસ્તક, કાન અને આંખના રોગો તેમજ સ્તંભન પર મુરાદિ-સાહિ ગુટિકા વગેરે વિષયો પર પ્રકાશ પાડ્યો છે.

[6]**યોગ-રત્નાકર** વિ. સં. ૧૭૩૬)– આ કૃતિ અંચલ ગચ્છના **જ્ઞાન**શેખરના શિષ્ય **નયન**શેખરે વિ. સં. ૧૭૩૬માં ગુજરાતીમાં ચોપાઈમાં રચી છે. એનું પરિમાણ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૨૨) પ્રમાણે ૯૦૦૦ શ્લોકનું છે. P. ૨૩૧

[7]**દ્રવ્યાવલી-નિઘંટુ**– આના કર્તા **મહેન્દ્ર** છે. એમણે આ કૃતિ ૯૦૦ શ્લોક જેવડી રચી છે. આ નામ વિચારતાં એમ લાગે છે કે એ વનસ્પતિઓનો કોશ હશે.

---

૧. આ મુંબઈમાં ઈ. સ. ૧૮૬૯માં છપાવાયો છે. આ ગ્રંથનું **સં**પાદન **પૂર્ણ**ચન્દ્ર શર્માના ગુજરાતી રૂપાંતર સહિત **મ**હાદેવ રામચન્દ્ર જાગુષ્ટેએ ઈ. સ. ૧૮૯૮માં કર્યું હતું. એની બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૦૮માં છપાવાઈ હતી. મૂળ કૃતિનું મરાઠી અનુવાદ સહિત સંપાદન વી. જી. **સાં**ડેકરે ખાનાપુરથી ઈ. સ. ૧૯૦૭માં કર્યું હતું. **યોગચિન્તામણિ** માટે જુઓ D C G C M (Vol. XVI, pt. 1, Nos. 158-161)

૨. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૩)માં આને **યોગ-ચિન્તામણિ**થી ભિન્ન કૃતિ ગણી છે. જ્યારે **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૬૫)માં એને અભિન્ન ગણી છે.

૩. એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ. 69 અને 127.

૪. **પૂર્ણ**સે-તૂત્તમસૂરિએ આ નામની કૃતિ રચી છે. એને **વૃદ્ધયોગશતક** પણ કહે છે **ગૌડ**વંશતિલકે **વૃદ્ધયોગશતક** રચ્યું છે. આ બંને કૃતિ અજૈન હશે એમ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૬૪)માં કહ્યું છે. તો એ વાત સાચી છે ? **વૈદ્યવલ્લભ** માટે જુઓ D C G C M (Vol. XVI, pt. 1. Nos. 281-283)

૫. 'તપ' ગચ્છના **વિજયસિંહ**સૂરિના શિષ્ય ઉદયરુચિના શિષ્યનું નામ **હિત**રુચિ છે. એઓ જ અત્ર પ્રસ્તુત હશે. જો એમ જ હોય તો એમણે **ષડાવશ્યક** ઉપર વિ. સં. ૧૬૯૭માં વ્યાખ્યા રચી છે.

૬. આ નામનો ગ્રંથ **મયૂર**પાદ ભિક્ષુ નામના પ્રખ્યાત વૈદ્યે રચ્યો છે. **યોગરત્નાકર**ના અંતિમ ભાગની કડી ૯૧-૯૬ **જૈન** ગૂર્જર **કવિઓ** (ભાગ ૨, પૃ. ૩૫૧-૩૫૨)માં અને એ અંતિમ ભાગની કડી. ૮૪-૯૦ અને ૯૭-૧૦૮એ પુસ્તક (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૩૨૫-૬)માં અપાઈ છે. **યોગરત્નાકર** નામની કોઈ અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

૭. **માધવે દ્રવ્યાવલિ** રચી છે. **દ્રવ્યાવલીનિઘંટુ** અને **રસન્તિામણિ** (આ પ્રકાશિત છે) માટે જુઓ D C G C M (Vol. XVI, p. 1)ના અનુક્રમે ક્રમાંક .૧૦૫-૧૦૯ અને ૧૯૨-૧૯૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વૈદ્યકકલ્પ અને વૈદ્યકસાર**– આ બંનેની તાડપત્રીય પ્રતિ મળે છે પણ એના કર્તાનાં નામ જાણવામાં નથી.

**સિદ્ધયોગમાલા**– આ ૫૦૦ શ્લોકની કૃતિના પ્રણેતા **સિદ્ધર્ષિ** છે.

**રસપ્રયોગ**– આના કર્તા **સોમ**પ્રભાચાર્ય છે. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૨૯) પ્રમાણે એ વૈદ્યકનો ગ્રંથ છે. એમાં રસ વિષે નિરૂપણ તથા પારાના ૧૮ સંસ્કારનું વર્ણન હશે.

[૧]**રસચિન્તામણિ– અનં**તદેવસૂરિએ ૯૦૦ શ્લોક જેવડી આ કૃતિ રચી છે.

**માધરાજપદ્ધતિ**– આ ૧૦૦૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **માધચન્દ્ર**દેવ છે.

P. ૨૩૨

## સંદિગ્ધ કૃતિઓ

**સિદ્ધસાર** – શું આ વૈદ્યકને અંગેની જૈન કૃતિ છે ?

[૨]**આયુર્વેદ-મહોદધિ**– આ ૧૧૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **સુષેણ** છે. શું એઓ જૈન છે ?

**ચિકિતો (? ત્સો)ત્સવ**– આ ૧૭૦૦ શ્લોક પ્રમાણ કૃતિના કર્તા **હંસ**રાજ છે. શું એઓ જૈન છે ?

**પ્રતાપકલ્પદ્રુમ**– આ ૬૦૦૦ શ્લોક જેવડી કૃતિ **પ્રતાપ**સિંહદેવે રચી છે. **જિ. ૨. કો.**માં આની નોંધ નથી તો શું એના કર્તા અજૈન છે ?

[૩]**યોગરત્નસમુચ્ચય**– આ ૪૫૦ શ્લોક જેવડી કૃતિના કર્તાનું નામ જાણવામાં નથી. શુ એઓ જૈન છે ?

[૪]**વૈદ્યામૃત**– આ ૨૦૦ શ્લોક જેવડી કૃતિ **શ્રી**ધરદેવે રચી છે. શું એઓ જૈન છે ?

**રત્નસાગર**– આ શું વૈદ્યકની જૈન કૃતિ છે ? **રત્નસાગર** માટે જુઓ ઉપર્યુક્ત પુસ્તકનો ક્રમાંક ૧૯૧

**રસરત્નદીપિકા– મલ્લ**રાજ મહીપતિની ૬૦૦ શ્લોક જેવડી આ રચના છે. શું એઓ જૈન છે ?

[**રસરત્નસમુચ્ચય**– કર્તા દેવચન્દ્રના શિષ્ય **મા**ણેક્યદેવ ૧૬મી સદીની આ રચનાનું પ્રકાશન પ્રાકૃતભારતી અકાદમીએ ઇ.સ. ૧૯૮૬માં જે.સી.સિકદરે સંપાદિત કર્યું છે.]

[**લીલાવતીસાર**– આ. જિનરત્નસૂરિ. સંપા. હરિવલ્લભ ભાયાણી. પ્રકા. લા. દ. વિદ્યામંદિર ઇ.સ. ૧૯૮૩.]

**તત્ત્વાર્થસૂત્ર** (અભિનવ ટીકા) **દીપરત્નસાગર**. પ્ર. અભિનવશ્રુત પ્રકાશન.

**આરાધક વિરાધક ચતુર્ભંગી** ઉપા. યશોવિજયજી વિવેચન પ્રવીણચંદ્ર મોતા પ્ર. ગીતાર્થ ગંગા.

૧. આ કૃતિ ભાષાટીકા સાથે વેંકટેશ્વર મુદ્રણાલયમાં છપાવાઈ છે. [વિશેષ માટે પૃ. 143 ટિ. ૭ જુઓ.]

૨. શું આ દક્ષિણ ભારતમાં રચાયેલો નિઘંટુ છે ?

૩. આ નામની એક કૃતિ **તીસ**ટના પુત્ર **ચન્દ્ર**ટે રચી છે.

૪. આ નામની એક કૃતિ **મા**ણિકયભટ્ટના પુત્ર **મો**રેશ્વરે **શ**કસંવત્ ૧૬૦૩માં રચી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકરણ ૧૪ : પાકશાસ્ત્ર



જૈન દૃષ્ટિએ જીવોના બે પ્રકાર છે : (૧) શરીરી ને (૨) અશરીરી શરીરી જીવોને દેહ હોવાથી એ ટકી રહે તે વાસ્તે–એનાથી જીવી શકાય તે માટે એને આહાર લેવો પડે છે. દરેક જાતના જીવનો આહાર એક-સરખો ન જ હોય તે સ્વાભાવિક છે. તેમાં યે મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે એટલે એ તો કેવળ આરોગ્યની જ દૃષ્ટિએ આહારનો વિચાર ન કરે પણ એમાં યે વિવિધતા અને મનોરમતા લાવવા મથે. આવા કોઈ પ્રયત્નના પરિણામે રસોઈની કળા ઉદ્ભવી અને વિકસી હશે. એને અંગેનું વ્યવસ્થિત ગ્રંથસ્થ લખાણ તે 'પાકશાસ્ત્ર' યાને 'સૂપશાસ્ત્ર' કહેવાય છે. આ જાતની કૃતિઓ ભિન્ન ભિન્ન ભાષામાં રચાયેલી મળે છે. સંસ્કૃત કૃતિઓ પૈકી [1]**નલપાકદર્પણ** અને **ક્ષેમ**શર્માએ વિ. સં. ૧૬૦૫માં રચેલા [2]**ક્ષેમકુતૂહલ** ગણાવી શકાય. ગુજરાતીમાં પાકશાસ્ત્રને લગતી જાતજાતની કૃતિઓ છે.[3] વળી જે જૈન સાહિત્ય કાનડીમાં રચાયું છે તેમાં સૂપશાસ્ત્ર સંબંધી કૃતિ છે. પરંતુ સંસ્કૃતમાં આવી કોઈ કૃતિ કોઈ જૈન ગૃહસ્થે–શ્રાવિકાએ પણ રચી હોય એમ જણાતું નથી. **વસુદેવહિંડી**માં જે 'પોરાગમ' એવો ઉલ્લેખ છે તે શું પાકશાસ્ત્ર છે કે એના કોઈ એક અંગરૂપ વિષય સાથે સંબદ્ધ છે ? ગમે તે હો પણ એ સંસ્કૃતમાં છે કે કેમ અને એની રચના જૈનને હાથે થયેલી છે કે કેમ એ પ્રશ્ન તો ઊભા જ રહે છે.

**શ્રી હિમાંશુવિજયજીના લેખો (પૃ. ૪૮૪-૪૮૮)માં પ્રગટ કરવા યોગ્ય ગ્રંથોની નોંધ મુનિ હિમાંશુવિજયજીએ આપી છે. તેમાંથી કેટલાક.....**

અપશબ્દ ખંડન : કીર્તિચન્દ્ર (પાટણ), અપૌરુષેય-દેવનિરાકરણ યશોદેવ (પાટણ), એક સમયજ્ઞાન-દર્શનવાદ (કોડાય), દૃષ્ટાન્તદૂષણ (ડિક્કન કોલેજ-પુના), નાસ્તિકનિરાકરણમ્ (લીંબડી), પંચદર્શનખંડન (કોડાય), વેદખંડન (પાટણ), વેદબાહ્ય નિરાકરણ : હરિભદ્રસૂરિ : (ડિક્કન-પુના), દ્વિજવદનચપોટિકા : હેમચન્દ્રસૂરિ (લાલબાગ), સર્વજ્ઞવાદસ્થલ (ડિક્કન-પુના), ધર્મોત્તર ટિપ્પણ : મલ્લવાદી : (જેસલમેર), મંગલપાદ : યશોવિજયજી, સિદ્ધાન્તતર્કપરિષ્કાર યશોવિજયજી, સ્યાદ્વાદમંજૂષા : યશોવિજયજી, પાંડિત્યદર્પણ : ઉદયચન્દ્ર : જેસલમેર, લીલાવતીસાર મહાકાવ્ય-જિનરત્નસૂરિહ (જેસલમેર), અલંકારવર્ણન : નરેન્દ્રપ્રભ (અમદાવાદ), કાવ્યામ્નાય-અમરચન્દ્ર, વાગ્ભટ્ટાલંકારવૃત્તિ-જિનપવર્ધન-કુમુદચન્દ્ર (અમદાવાદ) - રાજહંસોપાધ્યાય (અમદાવાદ), ઋષભોલ્લાસકાવ્ય (અમદાવાદ), કવિગુહ્યકાવ્ય-રવિધર્મ : (જેસલમેર), ચન્દ્રદૂતકાવ્ય જંબૂકવિ, નલોદયકાવ્ય રવિદેવ (ડિક્કન-પુના), નેમિદૂત વિક્રમ (લિંબડી).

[વિશેષ યાદી પેજ નં : ૧૮૫ ઉપર]

---

૧. આ ''ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ''માં છપાયેલા છે.

૨. આ ''આયુર્વેદીય ગ્રન્થમાળા''માં વૈદ્ય જાદવજી ત્રિકમજીએ છપાવેલ છે. એનો સંક્ષિપ્ત પરિચય શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીએ **આયુર્વેદનો ઈતિહાસ** (પૃ. ૨૨૭)માં આપ્યો છે.

૩. આની એક સૂચી મેં **રસોઈનું રસાયણ** નામના પુસ્તકના અવલોકનમાં આપી છે. એ અવલોકન ''માનસી'' (વ. ૧૦, અં. ૩)માં છપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૩૪

# પ્રકરણ ૧૫ : વિજ્ઞાન

'વિજ્ઞાન'નો સામાન્ય અર્થ 'વિશિષ્ટ જ્ઞાન' એમ થાય છે. વળી આ શબ્દના બીજા પણ અર્થ કરાય છે : (૧) શાસ્ત્રીય જ્ઞાન, (૨) અનુભવ-જ્ઞાન અને (૩) બ્રહ્મજ્ઞાન. અહીં તો હું આ શબ્દ ભૌતિક-શાસ્ત્ર, રસાયન-શાસ્ત્ર, જીવ-શાસ્ત્ર, ભૂસ્તર-શાસ્ત્ર, ખનિજ-શાસ્ત્ર, ધાતુ-શાસ્ત્ર એમ વિવિધ વૈજ્ઞાનિક શાખાઓને અંગેના ગ્રંથો એ અર્થમાં વાપરું છું. અન્ય શબ્દોમાં કહું તો જેને અંગ્રેજીમાં સાયન્સ (science) કહે છે તેને લગતા ગ્રંથો એમ અહી હું 'વિજ્ઞાન' શબ્દથી સૂચવું છું.

**કલાકલાપ** (લ. વિ. સં. ૧૨૮૦)– **ચ. પ્ર.** (પૃ. ૧૨૬)માં 'વાયડ' ગચ્છના **જિનદત્તસૂરિ**ના શિષ્ય **અમરચન્દ્રસૂરિ**ની કૃતિઓ ગણાવાઇ છે. એમાંની એકનું નામ અહીં **કલાકલાપ** એમ અપાયું છે અને એનો 'શાસ્ત્ર' તરીકે ઉલ્લેખ કરાયો છે. શું એમાં ૭૨ કે ૬૪ કળાઓનું નિરૂપણ હશે ? **ક્ષેમેન્દ્રે** **કલાવિલાસ** રચ્યો છે તેના જેવી આ કૃતિ હશે ? **કલાકલાપ**ની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી એટલે એ કૃતિના વિષય વિષે ખાતરીથી શું કહેવાય ?

**મૃગ-પક્ષિ-શાસ્ત્ર** (લ. વિ. સં. ૧૩૨૫)– આના કર્તા **હંસદેવ** છે. એઓ **શૌં**ડદેવના આશ્રિત–કૃપાપાત્ર (protege) થાય છે. ઈ.સ.ની ૧૩મી સદીમાં વિદ્યમાન આ **હંસદેવે** બે ખંડમાં ૧૭૧૨ શ્લોકમાં આ કૃતિ રચી છે. પ્રાણિ-વિદ્યા (zoology)ના આ વિરલ પુસ્તકની એક હાથપોથી ત્રિવેન્દ્રમના ''રાજમહેલ-પુસ્તકાલય''માં છે. આ પુસ્તકમાં પશુ-પંખીના આયુષ્ય વિષે ઉલ્લેખ છે. એની સંક્ષિપ્ત નોંધ ''જૈ. સ. પ્ર.'' (વ. ૯, અં. ૭, પૃ. ૩૪૦)માં લેવાઈ છે. **અંગ્રેજી અનુવાદ**– આ શ્રી**સુન્દરાચાર્યે** પ્રકાશિત કર્યો છે. જુઓ જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ([૧]ભા. ૫) ''લાક્ષણિક સાહિત્ય'' (પૃ. ૨૫૦) આમાં અપાયેલી ''સહાયક ગ્રંથોકી સૂચી''માં મારા ત્રણ પુસ્તકનો ઉલ્લેખ છે. તે પૈકી એક તે **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧) છે. બીજાં બે પુસ્તકો તે **આગમોનું દિગ્દર્શન** અને **પા. ભા. સા.** છે. ઉપર્યુક્ત, ભા. ૫માં સંસ્કૃત ઉપરાંત પાઇય કૃતિઓનો પણ પરિચય અપાયો છે.

P. ૨૩૫ **ગજ-પ્રબંધ, ગજ-પરીક્ષા યાને હસ્તિપરીક્ષા** (લ. વિ. સં. ૧૨૧૫)– આના કર્તા જગદેવના પિતા **દુર્લભરાજ** હોવાનું મનાય છે. શું ૧૫૦૦ શ્લોક જેવડી જે કૃતિનો ઉલ્લેખ **જૈ. ગ્રં.** (પૃ. ૩૬૧)માં છે તે જ આ છે ? શું એમાં **પાલકાપ્ય**ના [૨]**હસ્ત્યાયુર્વેદ**નો ઉપયોગ કરાયો છે ?

**તુરંગ-પ્રબંધ** (લ. વિ. સં. ૧૨૧૫)– આના કર્તા જગદેવના પિતા **દુર્લભરાજ** હોવાનું મનાય છે.

---

૧. આ ભાગ ''પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન'' તરફથી સને ૧૯૬૯માં પ્રકાશિત થયો છે. એના લેખક પં. **અંબાલાલ** પ્રે. શાહ છે. [બૃહદ્ ઈતિહાસના સાતેય ભાગનું પુનર્મુદ્રણ એ જ સંસ્થા દ્વારા થયું છે. આ ભાગોનો ગુજરાતી અનુવાદ આ. **સોમ**ચન્દ્રસૂરિ મ. સા. ના માર્ગદર્શન મુજબ થઇ રહ્યો છે.]

૨. આમાં હાથીનાં લક્ષણ, વર્ણ, લગભગ ૧૮૦ રોગો અને એની ચિકિત્સા, હાથીના પાલન, એને પકડવાની રીત ઇત્યાદિ વિષે નિરૂપણ છે. આ ચાર સ્થાનમાં કુલ ૧૬૦ અધ્યાયમાં રચાયેલી કૃતિ પૂનાની ''આનંદાશ્રમ ગ્રંન્થમાલા''માં પ્રસિદ્ધ કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શાલિ-હોત્ર**– આ ઘોડા પારખવાની વિદ્યાને અંગેની કૃતિ હશે. આ નામની ૧૩૮ શ્લોકની કૃતિ ભોજે રચી છે.

**અશ્વાદિગુણ**– આ નામથી એક કૃતિ **જૈ. ગ્રં.** (પૃ. ૩૬૧)માં નોંધાયેલી છે એમાં ઘોડા વગેરેના ગુણો વર્ણવાયા હશે. **શ્વ-શકુનાધ્યાય**– **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૦૦)માં આ કૃતિનું નામ **શ્વાનશકુનાધ્યાય** અપાયું છે. એ ઉપરથી મેં આ નામ યોજ્યું છે. આ કૃતિની નોંધ **પત્તન.સૂચી** (ભાગ ૧, પૃ. ૧૨૬)માં છે. આ કૃતિમાં ૨૨ પદ્યો છે. એમાં કૂતરાની હિલચાલ ઉપરથી શુકન જાણવાની હકીકત અપાઈ છે.

**શ્વાન-સપ્તતિકા**– આ નામની એક કૃતિ **જૈ. ગ્રં.** (પૃ. ૩૫૭)માં નોંધાયેલી છે. શું એ સંસ્કૃતમાં છે ?

[1]**શ્વ-રુદિત**– **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૮૬)માં "[2]શુનોરુત" નામની કૃતિની એક હાથપોથી સુરતના જૈનાનંદ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ છે. એ હાથપોથી મેં જોઈ તો જણાયું કે એ એક પત્રની હાથપોથી છે અને એમાં ૨૫ પદ્યો છે. એના પ્રારંભમાં "श्रीशंषे(खे)श्वरा(२)पार्श्व नाथाय नम:" એમ છે. અંતમાં "इति शुनरुतं समाप्तं ।।श्री।। छ ॥ श्री ।।" એવો ઉલ્લેખ છે.

પ્રારંભમાં આ કૃતિનું આદ્ય પદ્ય નીચે મુજબ છે :– P. ૨૩૬

"प्रस्थाने च प्रवेशे च स्वग(गृ)हाभ्यन्तरेऽपि वा।
शुना वै रुदितं चित्रं प्रवक्ष्याम्यनुपूर्वश(:) ।।१।।"

આ કૃતિમાં પોતાના ઘરથી પ્રસ્થાન કે એમાં પ્રવેશ કરતી વેળા કૂતરાની પ્રવૃત્તિ કેવી છે તે ઉપરથી મળનારા ફળનો ઉલ્લેખ કરાયો છે. જેમ કે ગામમા પેસતાં મનુષ્યના કરતાં પહેલાં જો કૂતરો પ્રવેશે તો એ મનુષ્યને ગામમાંથી ઇષ્ટ ભોજન અને સુખે નિવાસ મળે (શ્લો. ૩). જે વ્યક્તિને પ્રસ્થાનની વેળાએ કૂતરાનું મુખ માંસથી અથવા અન્ય ભક્ષ્યથી પૂર્ણ દેખાય તેને લાભ થાય અને એનું કાર્ય સિદ્ધ થાય (શ્લો. ૬). હરિત (લીલી વસ્તુ)ને મુખમાં રાખી કૂતરો દોડતો જોવાય તો રાજાની કૃપા અને ખ્યાતિ મળે અને ચિન્તવેલું કાર્ય સફળ થાય (શ્લો. ૧૩). પ્રસ્થાનના સમયે જો કૂતરો ડાબી બાજુથી જમણી બાજુ જાય તો પ્રસ્થાન દુઃખકર જાણી ન કરવું (શ્લો. ૧૫). જો કૂતરો અકાળે વિસ્વર અને તીક્ષ્ણ રુદન કરતો હોય તો મોટો ક્ષય ઉપસ્થિત થશે એમ જાણવું (શ્લો. ૨૦). મધ્યાહ્નના સમયે ગામમાં ઊંચું મુખ રાખીને કૂતરો રડે તો આગનો ભય રહે (શ્લો. ૨૧)

**કાક-રુત**– આ કૃતિની એક હાથપોથી અહીંના (સુરતના) જૈનાનંદ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૩)માં છે. એ જોતાં જણાયું છે. કે આ લગભગ **અઢીસો** વર્ષ ઉપરની ગુજરાતી ભાષામાં લખાયેલી કૃતિ છે. એમાં કાગડાને ઉદ્દેશીને ત્રણ પિંડ બનાવી જાતજાતના પ્રશ્નોના ઉત્તર વિચારાયા છે.

**ધનુર્વેદ–આ કૃતિની જૈ. ગ્રં.** (પૃ. ૩૬૨)માં નોંધ છે.

---

૧. આ નામ મેં યોજ્યું છે.

૨. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૦૦)માં ૨૦ પાઇય પદ્યોમાં રચાયેલી અને **શ્વાનરુતશકુનવિચાર** એવા નામાંતરવાળી **શ્વાનરુત** નામની કૃતિની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૩૭ **ધનુર્વિદ્યા અને એની વૃત્તિ**– આ કૃતિઓ વિષે **જૈ. ગ્રં.** (પૃ. ૩૬૨)માં ઉલ્લેખ છે. શું આ બંને કૃતિ સંસ્કૃતમાં છે અને એના કર્તા જૈન છે ?

**સમસ્તરત્નપરીક્ષા**– આ નામ ઉપરથી એમ જણાય છે કે એમાં તમામ જાતનાં [1]રત્નોની પરીક્ષાનું નિરૂપણ હશે. આ ૬૦૦ શ્લોક જેવડી કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ, ૩૬૩)માં છે. સંગ્રામસિંહે **બુદ્ધિસાગર**માં રત્નાદિની પરીક્ષાનો વિષય ચર્ચ્યો છે.

**રયણપરિક્ખા** (લ. વિ. સં. ૧૩૭૦)– આ નામની એક કૃતિ ઠક્કર [2]**ફેરુ**એ 'કલિકાલચક્રવર્તી' **અલાઉદ્દીન** ખીલજીના રાજ્યમાં પોતાના પુત્ર **હેમપાલ**ને બોધ કરાવવા માટે રચી છે. એ પ્રાકૃતમાં છે.

[3]**હીરક-પરીક્ષા**– આ કોઈ દિગંબરે ૯૦ શ્લોક જેવડી રચેલી કૃતિનું નામ વિચારતાં એમ લાગે છે કે હીરાની પરીક્ષા કેમ કરવી એ બાબત આ કૃતિમાં ચર્ચાઈ હશે.

P. ૨૩૮ **ધાઉપ્પત્તિ** (ધાતૂત્પત્તિ) (લ. વિ. સં. ૧૩૭૫)– આના કર્તા ઠક્કર ફેરુ છે. શું આ કૃતિ સંસ્કૃતમાં છે ?

[4]**મષી-વિચાર**- જેસલમેરના ભંડારમાં આ કૃતિની હાથપોથી હોવાનો અને એમા તાડપત્ર તેમજ કાગળ ઉપર લખવા માટે કામમાં લેવાની શાહી (મષી) કેમ બનાવવી એ હકીકત હોવાનો ઉલ્લેખ **જૈ. ગ્રં.** (પૃ. ૩૬૨)માં છે. આ સંબંધમાં કેટલીક માહિતી **જૈન ચિત્ર કલ્પદ્રુમ**માંનું વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીનું લખાણ (પૃ. ૩૭-૪૫) પૂરી પાડે છે.

**લેખ-પદ્ધતિ**– આની નોંધ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૩૮)માં છે.

**લેખન-પ્રકાર**–**જૈ. ગ્રં.** (પૃ. ૩૬૨)માં આ કૃતિ વિષે ઉલ્લેખ છે.

**વિજ્ઞાન-ચંદ્રિકા વિજ્ઞાનાર્ણવ અને વિજ્ઞાનાર્ણવોપનિષદ્**– આ ત્રણે કૃતિની નોંધ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૩૫૫)માં છે.

[સુવર્ણ-રુપ્યસિદ્ધિશાસ્ત્ર– સંપા. જે. સી. સિકદર. ઇ. સ. ૧૯૯૮. પ્રકા. પં. સુખલાલજી ગ્રંથમાલા.]

---

૧. કેટલાંક રત્નોનાં નામ **અભિ. ચિ.** (કાંડ ૪, શ્લો. ૧૨૯-૧૩૪)માં અપાયાં છે. શ્લો. ૧૨૯ની સ્વોપજ્ઞ વિવૃતિમાં **વાચસ્પતિ**ના નામથી રત્નની આઠ જાતિ ગણાવાઈ છે : (૧) હીરો, (૨) મોતી, (૩) સુવર્ણ, (૪) રૂપું, (૫) ચન્દન (૬) શંખ, (૭) ચર્મ અને (૮) વસ્ત્ર. વિવિધ જાતનાં રત્નોનો–હીરા, મોતી વગેરેનો અનેક આકૃતિઓ અને ચિત્રો સહિત પરિચય જી. એફ. હર્બર્ટ **સ્મિથ**કૃત (Gem-stones and their distinctive characters) નામના પુસ્તકમાં અપાયો છે. એની "મેથ્યુએન ઍન્ડ કંપની લિમિટેડ" તરફથી લંડનથી બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૧૩માં પ્રકાશિત કરાઈ છે.

૨. એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ. ૧૯૪, ૧૯૬, ૧૯૯ અને ૨૩૮.

૩. આ કૃતિની નોંધ પ્રો. **પિટર્સ**ને એમના ચોથા હેવાલમાં લીધી છે. એનો ક્રમાંક ૧૫૦૪ છે.

૪. આ નામ મેં યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકરણ ૧૬ : નીતિશાસ્ત્ર P. ૨૩૯

'નીતિ' એ અનેકાર્થી શબ્દ છે. એના (૧) સદાચાર, (૨) આચરણને અંગેના નિયમો, (૩) ચાલચલગત, (૪) રાજનીતિ, (૫) પદ્ધતિ અને (૬) ધોરણ એમ વિવિધ અર્થ કરાય છે. આ પૈકી અંતિમ બે અર્થ તો અત્ર અપ્રસ્તુત છે.

આચરણના નિયમોનું શાસ્ત્ર તેમજ રાજનીતિનું શાસ્ત્ર પણ 'નીતિશાસ્ત્ર' કહેવાય છે. વ્યવહારકુશળતાને પણ એમાં સ્થાન છે. વિશેષમાં બોધદાયક મિતાક્ષરી વચનો-વાક્યોનો-નીતિસૂત્ર (maxim)નો-[૧]સુભાષિતોનો પણ આ નીતિશાસ્ત્રમાં સમાવેશ કરાય છે. આમ વિવિધ બાબતો ઉપર નીતિશાસ્ત્ર પ્રકાશ પાડે છે. એને અંગેની કૃતિઓ હવે આપણે વિચારીએ તે પૂર્વે એ વાત નોંધી લઈશું કે 'ધર્મ' એ અંગ્રેજી શબ્દ રીલિજીયન (religion) કરતાં વિશેષ વ્યાપક હોવાથી એમાં નીતિ (ethics)નો અંતર્ભાવ થાય છે, પરંતુ કેવળ નીતિમય જીવન એ કંઈ ધાર્મિક જીવન નથી એટલે કે નીતિને ધર્મ સાથે લેવાદેવા હોય જ એમ નહિ. તેમ છતાં નીતિમય જીવન જીવવું એ માનવતાના સોપાનનું પ્રથમ પગથિયું તો છે જ.

## (૧) સામાન્ય નીતિ P. ૨૪૦

[૨]**પ્રશ્નોત્તરરત્નમાલા યાને** [૩]**રત્નમાલિકા** (ઉ. વિ. સં. ૯૦૦)– આ ૨૯ પદ્યોની કૃતિનો વિષય સામાન્ય નીતિ છે અને એ પ્રશ્ન અને ઉત્તર દ્વારા ઘણી સુગમ સંસ્કૃત ભાષામાં ચર્ચાયો છે. આના કર્તા [૪]**વિ**મલસૂરિ છે તો કેટલાકને મતે દિ. **જિ**નસેનના અનુરાગી **અ**મોઘવર્ષ છે.[૫] કેટલાક આને 'બૌદ્ધ' કૃતિ

---

૧. સુભાષિતો સદાચારના દ્યોતક અને પોષક છે. એને લગતા સંગ્રહને અંગ્રેજીમાં એન્થોલોજી (anthology) કહે છે. એમાં સૈકાઓનો અનુભવ મધુરી વાણીમાં વિશદ રીતે રજૂ કરાયેલો હોય છે.

૨. આ કૃતિ "કાવ્યમાલા" (ગુ. ૭)માં ઈ. સ. ૧૯૦૭માં (ત્રીજી આવૃત્તિ) છપાયેલી છે. **દે**વેન્દ્રકૃત ટીકા સહિત એ **હી**રાલાલ હંસરાજે જામનગરથી ઈ. સ. ૧૯૧૪માં છપાવી છે.

૩. જુઓ H I L (Vol. II, p. 559 fn.)

૪. કોઈ કોઈ એમને **વી**રસંવત્ ૫૩૦માં **પઉમચરિય** રચનારા **વિ**મલસૂરિ માને છે. વળી કેટલાક 'વિમલ'ને બદલે **વિ**મલસૂરિ માને છે. વળી કેટલાક 'વિમલ'ને બદલે **વિ**મલચન્દ્ર નામ રજૂ કરે છે.

૫. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૨૦). અહીં કહ્યું છે કે તિબેટી અનુવાદમાં **અ**મોઘવર્ષનું નામ છે. આ સંબંધમાં પં **લા**લચન્દ્ર ગાંધીએ "આચાર્ય શ્રીવિજય-વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ." (પૃ. ૫૭-૬૫)માં છપાયેલા એમના લેખનામે "શ્વેતાંબર ગુરુ વિમલસૂરિની પ્રશ્નોત્તરરત્નમાલા"માં વિરુદ્ધ મત દર્શાવ્યો છે. તેમ કરવા માટે એમણે નીચે મુજબનાં કારણ આપ્યાં છે :–

(અ) **પ્રશ્નોત્તરરત્નમાલા**ની ઘણી તાડપત્રીય હાથપોથીઓ પણ શ્વેતાંબરોના ભંડારોમાં જોવાય છે અને વિ. સં. ૧૨૨૩થી આ કૃતિના કર્તા શ્વેતાંબર **વિ**મલ હોવાની પરંપરા જળવાઈ રહી છે.

(આ) **અ**મોઘવર્ષના નામવાળું પદ્ય આર્યાને બદલે અનુષ્ટુભ્માં છે તે વ્યાજબી નથી.

(ઈ) **અ**મોઘવર્ષ દીક્ષા લીધા બાદ પોતાનો પૂર્વાવસ્થાના નામે–રાજા તરીકે ઉલ્લેખ કરે એ સમુચિત ન ગણાય.

(ઈ) **અ**મોઘવર્ષના નામવાળું પદ્ય કેટલું પ્રાચીન છે તેની તપાસ થવી ઘટે.

(ઉ) **પ્રશ્નોત્તરરત્નમાલા**ના 'તિબેટી' અનુવાદમાં **અ**મોઘવર્ષનું નામ મળે છે એ માટે પ્રમાણ દર્શાવાયું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૪૧ તો કેટલાક આને વૈદિક [1]હિંદુઓની કૃતિ ગણે છે.[2] એ ગમે તે હો, પણ એ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આ કૃતિ સર્વમાન્ય–સર્વધર્મસંમત થઈ શકે તેવી છે અને થઈ છે. આના ઉપર નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :–

(૧) **વૃત્તિ**– આ ૨૧૩૪ શ્લોક જેવડી છે. એનો પ્રારંભ ''चन्द्रादित्यमहौषधी'' થી થાય છે. એની રચના **ય**શોઘોષના શિષ્ય હેમપ્રભે વિ. સં. ભુવન-શ્રુતિ-રવિ એટલે ૧૨૭૩માં કરી છે એમ **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૭૬)માં ઉલ્લેખ છે. પં. **લાલ**ચન્દ્ર ગાંધીએ તો એમના લેખમાં વિ. સં. ૧૨૨૩નો ઉલ્લેખ કર્યો છે.

(૨) [3]**ટીકા**– આ ૭૩૨૬ શ્લોક જેવડી ટીકાના કર્તા 'રુદ્રપલ્લીય' ગચ્છનાં **સં**ઘતિલકના શિષ્ય દેવેન્દ્ર છે. એમણે આ ટીકા વિ. સં. ૧૪૨૯માં રચી છે અને પ્રત્યેક પ્રશ્નને અંગે એકેક કથા આપી છે.

(૩) **વૃત્તિ**– આ **મુ**નિભદ્રે રચી છે. HIL (Vol. II, p. 559, fn.) માં **મ**ણિભદ્રનો ઉલ્લેખ છે તે શું સાચો છે ?

(૪) **ટીકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

**રૂપાંતર**–ભવ્યોત્તમ મુનિએ આ **પ્રશ્નોત્તરરત્નમાલા**નું રૂપાંતર પાઇયનું કર્યું છે.[4] **શાઇફનર**
P. ૨૪૨ (Schiefner) દ્વારા તિબેટી રૂપાંતર તિબેટીમાં અને જર્મનમાં સંપાદિત કરાયું છે.[5] ઈ. સ. ૧૮૬૭માં [6]ફ્રેન્ચ અનુવાદ છપાયો છે.[7]

**સમાનનામક કૃતિ**– ઉત્તમર્ષિની એક કૃતિનું નામ **પ્રશ્નોત્તર-રત્નમાલા** છે.

**નીતિશાસ્ત્ર** (લ. વિ. સં. ૧૩૦૦)– આના કર્તા **તિ**લકપ્રભસૂરિ છે. એઓ 'પૂર્ણિમા' ગચ્છના **દે**વસૂરિના શિષ્ય થાય છે. એમણે **સુભાષિતાવલી** રચી છે. આ બંને કૃતિનો ઉલ્લેખ **અ**જિતપ્રભસૂરિએ વિ. સં. ૧૩૦૭માં રચેલા **શાંતિનાથચરિત્ર**ની પ્રશસ્તિ (શ્લો.)માં કર્યો છે. ઉપર્યુક્ત **તિ**લકપ્રભસૂરિએ આ **નીતિશાસ્ત્ર** રચ્યું તે પૂર્વે **ભાવનાસાર** રચ્યો હતો.

[8]**નીતિધનદ**[9] (વિ. સં. ૧૪૯૦)– આના કર્તા **ધ**નદ છે. એમને **ધ**ન્યરાજ અને **ધ**નરાજ પણ

૧. કેટલાક આ કૃતિના કર્તા તરીકે **શુક** યતીન્દ્રનો ઉલ્લેખ કરે છે.
૨. જુઓ (HIL (Vol. II pp. 557-560) **મં**જૂશ્રી, ગણેશ, અને **મ**હાવીર'ને ઉદ્દેશીને પણ મંગલાચરણો જોવાય છે. કોઈકે કર્તા તરીકે **શં**કરાચાર્યનો ઉલ્લેખ કર્યો છે.
૩. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૪૦.
૪. પવોલિનિએ કરેલું પાઇઅ રૂપાંતર GSAI (II pp. 153-163)માં છપાયું છે.
૫. એ રૂપાંતર પેટ્રોપોલીથી ઈ. સ. ૧૮૫૮માં પ્રસિદ્ધ થયું છે.
૬. Indische Streifen (I, pp. 210. ff) માં બે રૂપાંતરોના જર્મન અનુવાદો પ્રસિદ્ધ થયા છે. શ્લો. ૮, ૧૦, ૨૬ અને ૨૭નો **વિ**ન્તર્નિન્સે કરેલો અંગ્રેજી અનુવાદ HIL (Vol. II, pp. 559-560)માં અપાયો છે.
૭. "Indian Historical Quarterly (V, p. 1431)માં ઈ. સ. ૧૯૨૯માં **વિ**ધુશેખર ભટ્ટાચાર્યનો લેખ છપાયો છે.
૮. આ તેમજ **શૃંગાર-ધનદ** અને **વૈરાગ્ય-ધનદ** એ ત્રણે શતકો ''કાવ્યમાલા'' (ગુ. ૧૩)માં ઈ. સ. ૧૯૧૬માં મુદ્રિત થયાં છે.
૯. આ કૃતિને **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૨૧૬)માં **નીતિ-શતક** કહી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે છે. **મં**ડન મંત્રીના કાકા [1]**દે**હડના પુત્ર થાય છે. એમની માતાનું નામ **ગં**ગાદેવી હતું. આ **ધનદે** ભર્તૃહરિકૃત **શતકત્રય**ની પેઠે ત્રણ શતકો રચ્યાં છે. એને **ધનદ-ત્રિશતી** તરીકે ઓળખાવાય છે. આ પૈકી એક શતક તે **નીતિ-ધનદ** છે, અને બીજાં બે તે **શૃંગાર-ધનદ** અને **વૈરાગ્ય-ધનદ** છે. **નીતિ-ધનદ** નામની કૃતિ મંડપદુર્ગમાં વિ.સં. ૧૪૯૦માં રચાયેલી છે. એમાં **ધ**નદે પોતાનો પરિચય આપ્યો છે. સાથે સાથે એમાં એમણે **જિ**નભદ્રસૂરિનું સ્મરણ કર્યું છે. P. ૨૪૩

**નીતિશાસ્ત્ર** (લ. વિ. સં. ૧૫૩૦)– આ **ધ**ર્મશ્રેષ્ઠીની કૃતિ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૩૪માં લખાયેલી મળે છે.

[2]**નીતિસાર**– આ ૧૧૩ પદ્યની કૃતિના રચનાર દિ. **ઈ**ન્દ્રનંદિ છે. 'ઇન્દ્રનંદિ' શબ્દ આના આદ્ય પદ્યમાં છે. અંતિમ પદ્ય કર્તાની પ્રશંસારૂપ છે તો એ કર્તાના કોઈ ભક્તે ઉમેર્યું હશે. ૭૦મા પદ્યમાં પ્રભાચન્દ્ર તેમજ **ને**મિચન્દ્રનો ઉલ્લેખ છે.

**નીતિસારસમુચ્ચય**– આના કર્તાનું નામ **કું**દકુંદાચાર્ય છે.

**નીતિ-રસાયણ**– આના કર્તા **શુ**ભચન્દ્ર છે. શું એમણે જ વિ. સં. ૧૬૦૮માં **પાંડવ-પુરાણ** રચ્યું છે ?

**નીતિગ્રન્થ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**નીતિસાર**– **પ્ર**ભાચન્દ્રે તેમજ **સ**મયભૂષણે આ નામની એકેક કૃતિ રચી છે.

[3]**સજ્જન-ચિત્ત-વલ્લભ**– આ સામાન્ય નીતિને લગતી ૨૫ પદ્યોની કૃતિના કર્તા **મ**લ્લિષેણ છે. ત્રીજા પદ્ય ઉપરથી એઓ દિ. હોય એમ લાગે છે. એ પદ્યમાં **મ**લ્લિષેણનો ઉલ્લેખ છે.

**ટીકા**– આ લઘુ કૃતિના ઉપર કોઈકની ટીકા છે. અભિનવ **શ્રુ**તમુનિએ કાનડીમાં આ મૂળ કૃતિની ટીકા રચી છે.

[4]**રત્નમાલા**– આ સદાચારને અંગેની ૬૭ શ્લોકની કૃતિ છે. એ દિ. **સ**મંતભદ્રના શિષ્ય **શિ**વકોટિની રચના છે. એના સંપાદકના મતે આ કૃતિના પ્રણેતા **આરાહણા**ના કર્તાથી ભિન્ન છે, કેમકે શ્લો. ૨૨, ૬૩ અને ૬૪ એ **આરાહણા**માંના નિરૂપણથી ભિન્ન મત દર્શાવે છે. વિશેષમાં એમણે કહ્યું છે કે શ્લો. ૬૫ **યશસ્તિલક**માંથી ઉદ્ધૃત કરાયો હશે. P. ૨૪૪

## (૨) સુભાષિતો

**સૂક્તિસમુચ્ચય** (લ. વિ. સં. ૧૦૨૫)– આના કર્તા **યશસ્તિલક** (વિ. સં. ૧૦૧૬), **નીતિવાક્યામૃત** [5]વગેરે રચનારા દિ. **સો**મદેવસૂરિ હોવાનું કેટલાક માને છે.

---

૧. એઓ ગુર્જર પાદશાહનો ગર્વ તોડનારા ઘોરી **આલમ**શાહના મંત્રી થાય છે. એમણે 'ખરતર' ગચ્છના મુનિઓ પાસેથી તીર્થંકરોનાં ચરિત્રો સાંભળી તત્ત્વોપદેશ પ્રાપ્ત કર્યો હતો.

૨. આ 'મા. દિ. ગ્રં.''માં ગ્રંથાંક ૧૩ નામે ''તત્ત્વાનુશાસનાદિસંગ્રહ''માં પૃ. ૫૮-૬૯માં વિ. સં. ૧૯૭૫માં છપાવાયો છે.

૩. આ નામની એક કૃતિ પં. **ને**મિદાસે રચી છે.

૪. આ ''મા. દિ. ગ્રં.''માં ગ્રંથાંક ૨૧માં વિ. સં. ૧૯૭૯માં છપાવાઈ છે.

૫. જુઓ પૃ. 161.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**સુભાષિત-રત્ન-સન્દોહ** (વિ. સં. ૧૦૫૦)– આના કર્તા દિ. [2]**અમિતગતિ** બીજા છે. એઓ 'માથુર' સંઘના **માધવસેન**ના શિષ્ય અને [3]**નેમિષેણ**ના પ્રશિષ્ય થાય છે.[4] એમણે [5]**આરાધના,** [6]**ઉપાસકાચાર** યાને
P. ૨૪૫ **શ્રાવકાચાર** [7]**ભાવના-દ્વાત્રિંશતિકા,** [8]**ધર્મપરીક્ષા,** [9]**પંચસંગ્રહ** અને ૧૨૧ પદ્યનો [10]**સામાયિક-પાઠ** પણ રચ્યાં છે. પ્રસ્તુત કૃતિ એમણે ૯૨૨ પદ્યોમાં ૩૨ પ્રકરણોમાં વિભક્ત કરી વિ. સં. ૧૦૫૦માં રચી છે. આપ્તનું સ્વરૂપ વિચારતી વેળા વૈદિક હિંદુઓના દેવોની કડક સમાલોચના ૨૬મા પ્રકરણમાં કરાઈ છે. વિશેષમાં અંતમાં ૨૧૭ પદ્યો દ્વારા શ્રાવકોના ધર્મ વિષે નિરૂપણ કરાયું છે અને એ રીતે **શ્રાવકાચાર**ની આ નાની આવૃત્તિ ગણાય. સ્ત્રીઓના ગુણો અને દોષો, ઇન્દ્રિયોનો નિગ્રહ વગેરે બાબતો આ કૃતિમાં આલેખાઈ છે.

[11]**હેમચન્દ્ર-વચનામૃત** (લ. વિ. સં. ૧૨૨૦[12])– આ રચના 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**એ વિ. સં. ૧૨૨૦ની આસપાસમાં રચેલા **ત્રિષષ્ટિ.**ના દસે પર્વમાંથી ચૂંટી કાઢેલાં વચનામૃતોના સંગ્રહરૂપ છે. આ

---

૧. આની બીજી આવૃત્તિ "કાવ્યમાલા" (ગુ. )માં ઈ. સ. ૧૯૦૯માં છપાઈ છે. આ મૂળ કૃતિ હિંદી અનુવાદ સહિત "હરિભાઈ દેવકરણ જૈન ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૩ તરીકે છપાઈ છે. વળી આ કૃતિ આર. **શ્મિટ** અને **હર્ટલ** એ બેના સંયુક્ત જર્મન અનુવાદ સહિત **Z D M G** માં બે કટકે ઇ.સ. ૧૯૦૫ અને ઈ. સ. ૧૯૦૭માં Vol. 59 માં અને 61 માં છપાઈ છે. **સુભાષિતરત્નસંદોહ**ના નામથી મૂળ કૃતિ, એના **દયાળજી** ગંગાધર ભણસાળીએ શરૂ કરી લગભગ પૂર્ણ કરેલા અને છેલ્લાં સો એક પદ્યોના ભોગીલાલ અમરતલાલ જવેરીએ કરેલા ગુજરાતી ભાષાંતર સહિત હીરજી ગંગાધર ભણસાળીએ વિ. સં. ૧૯૮૮માં પ્રકાશિત કરી છે. મૂળ કૃતિ અશુદ્ધ છપાઈ છે.

૨. "આચાર્ય અમિતગતિ" એ નામનો પં. **નાથૂ**રામ પ્રેમીનો લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૭૨-૧૮૨)માં છપાયો છે.

૩. એમના ગુરુ તે 'વીતરાગ' **અ**મિતગતિ યાને **અ**મિતગતિ પહેલા છે. એ **અ**મિતગતિ **વીર**સેનના શિષ્ય **દે**વસેનના શિષ્ય થાય છે. એ **અમિત**ગતિ પહેલાએ **યોગસાર-પ્રાભૃત** રચ્યું છે એમ કેટલાક કહે છે.

૪. એમની શિષ્ય-પરંપરા નીચે મુજબ છે :–
**શાન્તિ**ષેણ, **અમરસેન**, **શ્રી**ષેણ, **ચન્દ્ર**કીર્તિ અને વિ. સં. ૧૨૪૭માં 'અપભ્રંશ'માં **છક્કમોવએસ** રચનાર **અ**મરકીર્તિ.

૫. આ **વિજયોદયા** અને **દર્પણ**ની સાથે છપાઈ છે.

૬. આ કૃતિ "અનંતકીર્તિ દિગંબર જૈન ગ્રંથમાલા"માં વિ. સં. ૧૯૭૯માં છપાઈ છે.

૭. આને **સામાયિકપાઠ** પણ કહે છે. આ ૩૩ પદ્યની કૃતિ "મા. દિ. ગ્રં."માં ગ્રંથાંક ૧૩માં પૃ. ૧૩૨-૧૩૭માં વિ. સં. ૧૯૭૫માં છપાઈ છે.

૮. આ કૃતિ હિન્દી અનુવાદ સહિત ઘણાં વર્ષો ઉપર છપાઈ છે.

૯. આ "મા. દિ. ગ્રં."માં ગ્રંથાંક ૨૫ તરીકે ઈ.સ. ૧૯૨૭માં છપાયો છે.

૧૦. આ કૃતિ "મા. દિ. ગ્રં.માં ગ્રંથાંક ૨૧ નામે "સિદ્ધાન્તસારાદિસંગ્રહ"માં ૧૭૦-૧૯૧માં વિ. સં. ૧૯૭૯માં છપાઈ છે.

૧૧. આ કૃતિ 'વિજયધર્મસૂરિગ્રન્થમાલા"માં પુસ્તક ૩૬ તરીકે વિ. સં. ૧૯૯૩માં પ્રકાશિત થયેલી છે. આમાં બે અનુક્રમણિકાઓ અપાઈ છે. પહેલીમાં પર્વ અને સર્ગના ક્રમાંક અપાયા છે અને બીજીમાં વિષયનો ઉલ્લેખ માનનીય-વર્ગ, કુટુંબ-વર્ગ, રાજ-વર્ગ, દ્વન્દ્વ-વર્ગ, ગુણિ-વર્ગ, અવગુણિ-વર્ગ ઈત્યાદિ વર્ગો પાડીને કરાયો છે. વિશેષમાં એને દેવ-કાંડ (૪૮), માનવ-કાંડ (૪૭૬), તિર્યક્-કાંડ (૬૫) અને અજીવ-કાંડ (૩૨૪) એમ ચાર કાંડમાં વિભક્ત કર્યા છે. અહીં ૪૮ ઈત્યાદિ વચનોની સંખ્યા છે.

૧૨. આ રચનાસમય **હેમચન્દ્રવચનામૃત**ગત સંસ્કૃત લખાણને અંગેનો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંગ્રહમાં સાતમા પર્વ પૂરતો અંશ ન્યાયતીર્થ સાહિત્યતીર્થ મુનિશ્રી **હિ**માંશુવિજયે યોજ્યો છે અને એનો ગુજરાતી અનુવાદ પણ એમણે કર્યો છે, જ્યારે બાકીનાં નવે પર્વમાંથી વચનામૃતો એકત્રિત કરી તેનો ગુજરાતી અનુવાદ મુનિશ્રી જયન્તવિજયજીએ કર્યો છે. આ સમગ્ર **સં**ગ્રહમાં ૯૧૫ વચનામૃતો છે. આમાં P. ૨૪૬
કેટલાંક વચનામૃતો એવાં છે કે જેમાં બબ્બે નીતિવાક્યો સંકળાયેલાં છે.

આ સંગ્રહમાં પરમાત્મા, સૂર્ય, ચન્દ્ર, મુનિ, સંત, ગુરુ, વડીલ, શિષ્ય, અતિથિ, સાધર્મિક, આપ્ત, ચક્રવર્તી, મંત્રી, સુભટ, સારથિ, પ્રજા, બ્રાહ્મણ, મિત્ર, શત્રુ, સ્ત્રી, પશુ, પક્ષી, રાજનીતિ ઇત્યાદિને લગતાં વચનામૃતો છે.

[1]**સૂક્તિમુક્તાવલી, સિન્દૂરપ્રકર યાને સોમશતક** (લ. વિ. સં. ૧૨૫૦)– આના કર્તા **સો**મપ્રભસૂરિ છે. એઓ 'પોરવાડ' વૈશ્ય **સ**ર્વદેવના પુત્ર અને **જિ**નદેવના પૌત્ર થાય છે. એમણે કુમારાવસ્થામાં 'બૃહદ્' ગચ્છના **અ**જિતદેવના શિષ્ય **વિ**જયસિંહ પાસે દીક્ષા લીધી હતી અને એઓ ટૂંક સમયમાં આચાર્ય બન્યા હતા. એમણે વિ. સં. ૧૨૪૧માં [2]**કુમારવાલપડિબોહ** રચ્યો છે. વળી [3]**સુમઈનાહચરિય,** [4]**શતાર્થ-કાવ્ય** અને એની [5]સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ [6]**શૃંગારવૈરાગ્યતરંગિણી** પણ એમની P. ૨૪૭
કૃતિઓ છે. એમનો સ્વર્ગવાસ 'શ્રીમાલ' નગરમાં વિ. સં. ૧૨૮૪ની આસપાસમાં થયાનું મનાય છે. એમના પટ્ટધર તે જગચ્ચન્દ્રસૂરિ છે.

આ પ્રાસાદિક કૃતિ સૂક્તિરૂપ મુક્તકોની માળા જેવી હોવાથી એનું **સૂક્તિમુક્તાવલી** એવું નામ કર્તાએ અંતિમ શ્લોકમાં દર્શાવ્યું છે. આ કૃતિનો પ્રારંભ 'સિન્દૂર-પ્રકર'થી થતો હોવાથી એનું આ નામ પડ્યું છે. એમાં સો શ્લોક હોવાથી એના કર્તાનું નામ જોડી એને **સોમશતક** કહે છે. **ભ**ર્તૃહરિકૃત **નીતિશતક** જોઈને કર્તાએ આ શતક રચ્યું હશે. એ વિવિધ છંદોમાં ગુંથાયેલું છે.

---

૧. આ કાવ્ય "**કાવ્યમાલા**" (ગુ. ૭)માં ઈ. સ. ૧૯૦૭માં (ત્રીજી આવૃત્તિ) છપાયું છે. એ **હ**ર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યા સહિત અમદાવાદથી ઈ. સ. ૧૯૨૪માં પ્રસિદ્ધ થયું છે. **ભી**મસી માણેક તરફથી આ કાવ્ય આ વ્યાખ્યા, એને અંગેનો કોઈકનો બાલાવબોધ તેમજ પં. **બ**નરસીદાસે વિ. સં. ૧૬૯૧માં આ કાવ્ય પરત્વે કરેલ હિંદી કવિત્ત સહિત ઈ. સ. ૧૯૦૨માં પ્રસદ્ધિ કરાયું છે. વળી આ મૂળ કૃતિ **હ**ર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યા સહિત "હંસવિજય ફ્રી લાયબ્રેરી" તરફથી ઈ. સ. ૧૯૨૪માં છપાવાઈ છે. શ્રી. **મા**વજી દામજી શાહે મૂળ કૃતિ પદ્યાનુક્રમણિકા, શબ્દ-કોષ અને ગુજરાતી અનુવાદ સહિત પ્રસિદ્ધ કરી છે અને એની ચોથી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૬માં બહાર પડી છે.

૨. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૧૮)

૩. એજન, પૃ. ૧૧૭-૧૧૮.

૪. આ કાવ્ય એની સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ એના ગુજરાતી અનુવાદ સહિત **અનેકાર્થસાહિત્યસંગ્રહ**ના પ્રથમ વિભાગમાં ઈ. સ. ૧૯૩૫માં છપાવાયું છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧

૬. આ **પ્રકરણરત્નાકર** (ભા. ૨. પૃ. ૨૧૭-૨૪૭)માં ગુજરાતી અનુવાદ સહિત ઈ. સ. ૧૮૭૬માં છપાયું છે. **નં**દલાલની ટીકા સહિત આ કૃતિ વડોદરાના શ્રાવક જગજીવને વિ. સં. ૧૯૪૨માં છપાવી છે. "જૈન સ્વયંસેવક મંડળે" ઇન્દોરથી આ કૃતિ મારા ગુજરાતી અનુવાદ અને સ્પષ્ટીકરણ સહિત ઇ.સ. ૧૯૨૩માં છપાવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિષય–** મંગલાચરણથી શરૂ કરાયેલા આ શતકમાં શ્લો. ૯-૯૨-રૂપ એકવીસ ચતુષ્ટયમાં એકેક વિષય રજૂ કરાયો છે. આ ૨૧ની નોંધ શ્લો. ૮માં જોવાય છે. જિનેશ્વર, ગુરુ, ધર્મ અને સંઘની મહત્તા, અહિંસાદિ પાંચ [1]મહાવ્રતો, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય ઉપર વિજય, સહૃદયતા તેમજ દાન, શીલ, તપ અને ભાવ અહીં વર્ણવાયા છે. ટૂંકમાં આમ અહીં જૈન ધર્મ અને નીતિ સાથે સંબંધ ધરાવનારા વિવિધ વિષયો સુબોધ અને હૃદયંગમ શૈલીએ રજૂ કરાયા છે. આમાંના કેટલાંક પદ્યો
P. ૨૪૮ **કુમારવાલપડિબોહ**માં અને "भवारण्यं"થી શરૂ થતું ૯૭મું પદ્ય **શૃંગાર-વૈરાગ્ય-તરંગિણી**માં ૪૫મા પદ્ય તરીકે જોવાય છે.

**ઉલ્લેખ–** જલ્હણદેવે પોતાની **સૂક્તિમુક્તાવલી** (લ. વિ. સં. ૧૨૫૦)માં આ કાવ્યનો **સોમ**પ્રભસૂરિના નામથી ઉલ્લેખ કર્યો છે અને "लक्ष्मीः पश्यति (? सर्पति)" થી શરૂ થતું ૭૬મું પદ્ય ઉદ્ધૃત કર્યું છે.

**વૃત્તિઓ–** આ **સોમશતક** જૈન સમાજમાં ઘણું પ્રિય બનતાં એના ઉપર વિવિધ વૃત્તિઓ રચાઈ છે :–

(૧) **વૃત્તિ** – આના કર્તા 'ખરતર' ગચ્છના **જિન**હિતસૂરિના શિષ્ય **કલ્યાણ**રાજના શિષ્ય **ચા**રિત્રવર્ધન છે. એમણે આ વૃત્તિ વિ સં. ૧૫૦૫માં રચી છે.

(૨) **વ્યાખ્યા–** 'ભૂર્ભુવસ્વસ્ત્રયી'થી શરૂ થતી આ વ્યાખ્યા **જિન**સાગરના શિષ્ય **ધર્મ**ચન્દ્રે રચી છે.

(૩) **વ્યાખ્યા–** આ 'નાગપુરીય તપા' ગચ્છના **ચન્દ્ર**કીર્તિસૂરિના શિષ્ય **હર્ષ**કીર્તિસૂરિએ રચી છે.

(૪) **ટીકા–** આના કર્તા 'ખરતર' ગચ્છના **જિન**તિલકસૂરિ છે. આની એક હાથપોથી વિ. સં. ૧૬૬૨માં લખાયેલી મળે છે.

(૫) **ટીકા–** આ **ગુણ**કીર્તિસૂરિની વિ. સં. ૧૬૬૭ની રચના છે. એઓ 'મલધારી' ગચ્છના **ગુણ**નિધાનસૂરિના અનુગામી થાય છે.

(૬) **ટીકા–** આના કર્તા **વિમલ**સૂરિ છે.

(૭) **ટિપ્પણ– આ ભાવ**ચારિત્રે રચ્યું છે.

(૮) **ટીકા–** આના કર્તાનું નામ જાણવામાં નથી.

**પ્રમોદકુશલ**ગણિના નામે જે **સિન્દૂરપ્રકર**નો ઉલ્લેખ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૪૨)માં છે તે શું પ્રસ્તુત **સિન્દૂરપ્રકર**ની ટીકા તો નથી ને ?

P. ૨૪૯ **ઇટાલિયન અનુવાદ– સિન્દૂર-પ્રકર**નો **પ**વોલિનિએ [2]ઇટાલિયન ભાષામાં અનુવાદ કર્યો છે. એ અનુવાદ એફ. એલ. પુસે દ્વારા રચાયેલા ઉપોદ્ઘાત સહિત SIFI (II, 33-72) માં ઈ. સ. ૧૮૯૮માં છપાયો છે.

**અનુકરણો–** પ્રસ્તુત **સિન્દૂર પ્રકર**ના અનુકરણરૂપે **કર્પૂર-પ્રકર, કસ્તૂરી-પ્રકર** અને **હિંગુલ-પ્રકર** રચાયા છે.

---

૧. પ્રાણાતિપાત-વિરમણ, મૃષાવાદ-વિરમણ, અદત્તાદાન-વિરમણ, અબ્રહ્મવિરમણ અને પરિગ્રહ-વિરમણ.

૨. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "જર્મન અને ઈટાલિયન અનુવાદોથી અલંકૃત જૈન કૃતિઓ." આ લેખ જૈ. ધ. પ્ર. (પુ. ૬૯, અં. ૧)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સૂક્તાવલી** (લ. વિ. સં. ૧૨૮૦) – **ચ. પ્ર.** (પૃ. ૧૨૬)માં **પદ્માનંદ મહાકાવ્ય** વગેરે રચનારા **અ**મરચન્દ્રસૂરિની કૃતિઓ ગણાવતી વેળા આનો ઉલ્લેખ કરાયો છે પણ આ કૃતિની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી.

[1]**વિવેક-કલિકા અને** [2]**વિવેક-પાદપ** (લ. વિ. સં. ૧૨૮૦) – આ બે સૂક્તિસંગ્રહ છે અને એ બંનેના કર્તા **અલંકાર-મહોદધિ**ના પ્રણેતા **ન**રેન્દ્રપ્રભસૂરિ છે. પહેલા સૂક્તિ સંગ્રહમાં ૧૧૦ પદ્યો અને બીજામાં ૪૨૧ પદ્યો હોવાનું અનુમનાય છે.

**વિવેકકલિકા** ભિન્ન ભિન્ન છંદોમાં રચાયેલી છે. જ્યારે **વિવેકપાદ**નાં ઉપલબ્ધ ૧૦૯ પદ્ય પૈકી ૧૦૭ અનુષ્ટુભ્‌માં છે. બાકીનાં બે પદ્ય પ્રશસ્તિ-રૂપ છે અને એ બે પદ્યો અનુક્રમે શાર્દૂલવિક્રીડિત અને P. ૨૫૦
વસન્તતિલકા છંદમાં છે. આ બંને કૃતિમાંથી [3]અવતરણો **પત્તન.સૂચી** (ભા. ૧ પૃ. ૧૮૭)માં અપાયાં છે. પરંતુ આ બંને કૃતિ પાટણના ભંડારની એક ખંડિત તાડપત્રીય હાથપોથીમાં અપૂર્ણ સ્વરૂપે મળે છે. એ હાથપોથીમાં **વિવેકકલિકા**નાં ૬૯ અને **વિવેકપાદપ**નાં ૧૦૯ પદ્યો મળે છે. એ ઉપરથી જાણી શકાય છે કે આ બંને કૃતિઓ મોટે ભાગે સુભાષિતો પૂરાં પાડે છે, જ્યારે જૈન ધર્મને લગતી બાબતો ઓછા પ્રમાણમાં નિરૂપાઈ છે.

**સુભાષિતાવલી** (લ. વિ. સં. ૧૨૮૦)– આના કર્તા **તિ**લકપ્રભ-સૂરિ છે. એઓ 'પૂર્ણિમા' ગચ્છના **દે**વસૂરિના શિષ્ય થાય છે. એમણે **નીતિશાસ્ત્ર** રચ્યું છે. એઓ વિ. સં. ૧૩૦૭માં **શાંતિનાથચરિત્ર** રચનારા **અ**જિતપ્રભસૂરિના ગુરુ **વી**રપ્રભના ગુરુ હોય એમ ભાસે છે. જો એમ જ હોય તો એમની આ રચના વિ. સં. ૧૨૮૦ની આસપાસની હશે.

[4]**સૂક્ત-રત્નાકર** (લ. વિ. સં. ૧૨૮૦)– આના કર્તા ગૃહસ્થ **મા**ઘસિંહ ઉર્ફે **મ**ન્મથસિંહ છે. એઓ વિદ્યાસિંહના પુત્ર થાય છે. એમણે આ કૃતિ બે ભાગમાં વિભક્ત કરી છે. એનું પરિમાણ ૮૮૬૫ શ્લોક જેવડું છે. આની એક હાથપોથી વિ. સં. ૧૩૪૭માં લખાયેલી છે.[5]

**સૂક્તિ-સમુચ્ચય** (લ. વિ. સં. ૧૨૯૦)– આ નામ મેં યોજ્યું છે. આના કર્તા [6]**વ**સ્તુપાલ છે. P. ૨૫૧
**સો**મેશ્વરકૃત **ઉલ્લાઘ-રાઘવ** (અંક ૮) ઉપરથી જણાય છે કે વસ્તુપાલને સૂક્તિઓ રચવાનો શોખ હતો. એમની કેટલીક સૂક્તિ **નરનારાયણાનન્દ**ના બીજા પરિશિષ્ટમાં અપાયેલી છે.

---

૧-૨. આ બે વિષે કેટલીક માહિતી ડૉ. **સાં**ડેસરાએ એમની નિમ્નલિખિત કૃતિ (પૃ. ૧૪૨-૧૪૩)માં આપી છે :–
Literary Circle of Mahamatya Vastupala and its contribution to Sanskrit Litarature.
આ કૃતિ ''સિં. જૈ. ગ્રં.'માં ઈ. સ. ૧૯૫૩માં પ્રકાશિત કરાઈ છે.

૩. **વિવેકપાદપ**નો શ્લો. ૨૪ અને **વિવેકકલિકા**ના શ્લો,. ૧૨, ૩૯ અને ૮૦ ઉપર્યુક્ત અંગ્રેજી કૃતિમાં ઉદ્ધૃત કરાયા છે.

૪. આ નામની એક કૃતિ **ધ**ર્મકુમારે રચી છે.

૫. જુઓ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૧૩૭).

૬. એમને અને સાથે સાથે એમના ભાઈ **તે**જપાલને **વી**રધવલ રાજાએ વિ.સં. ૧૨૭૬માં મંત્રી નીમ્યા હતા (જુઓ **જૈ. સા. સં. ઈ.**નું પૃ. ૩૫૫). **વ**સ્તુપાલનું અવસાન વિ. સં. ૧૨૯૬માં થયું હતું. (જુઓ **જૈ. સા. સં. ઈ.**નું પૃ. ૩૬૯).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સૂક્તાવલી યાને સૂક્ત-સંગ્રહ**– આ ૧૫૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **લક્ષ્મણ** છે. એની શરૂઆત''सूक्तिरत्नसुधा'' થી થાય છે અને એની એક હાથપોથી પાટણના ભંડારમાં છે.

[1]**સૂક્ત-મુક્તાવલી** (લ વિ. સં. ૧૫૨૫)– આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં ૧૨૭ અધિકાર છે. સૌથી પ્રથમ અધિકાર ધર્મોપદેશને અંગેનાં ૫૦ સૂક્તોરૂપ છે. ૪૭મો અધિકાર મૂર્ખને લગતો છે અને એમાં દસ પદ્યો છે. આ કૃતિ સૂક્ત અર્થાત્ સુભાષિતરૂપ મોતીની માળા છે. એમાંનાં ઘણાંખરાં સૂક્તો સંસ્કૃતમાં છે; કેટલાંક પાઇયમાં છે તો કોઈકોઈ [2]જૂની ગુજરાતીમાં છે. એ ભાષા જોતાં એમ અનુમનાય કે આ કૃતિ **વિ**ક્રમની પંદરમી સદી પહેલાંની નહિ હશે.

P. ૨૫૨ **સૂક્તાવલી યાને** [3]**કર્પૂર-પ્રકર** (ઉ. વિ. સં. ૧૫૫૦)– આ **વજ્ર**સેનના શિષ્ય **હ**રિ (હરિષેણ)ની કૃતિ છે. એમાં ૧૭૯ પદ્યમાં ૮૭ દ્વાર દ્વારા શ્રાવકના [4]બાર વ્રતો, દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો, [5]સાત ક્ષેત્રો, શબ્દાદિ પાંચ વિષયો અને ક્રોધાદિ ઉપર વિજય એમ વિવિધ વિષયો નિરૂપાયા છે. પ્રસંગોપાત્ત વિષયને વ્યક્ત કરનાર ઉદાહરણોનું સૂચન કરાયું છે. આ કૃતિને એના કર્તાએ **સૂક્તાવલી** કહી છે. એને કેટલાક **સુભાષિતકોશ** પણ કહે છે. આના અંતિમ પદ્યમાં ગ્રંથકારે પોતાના ગુરુ **વજ્રસેન**ને **ત્રિષષ્ટિસાર**ના અને પોતાને **નેમિચરિત્ર**ના કર્તા કહ્યા છે.

**વિવરણો**– ''કર્પૂરપ્રકર''થી શરૂ થતી આ કૃતિ ઉપર 'ખરતર' ગચ્છના **જિ**નવર્ધનસૂરિના શિષ્ય [6]**જિનસાગરસૂરિએ જૈ. ગ્રં.** (પૃ. ૧૭૬) પ્રમાણે વિ. સં. ૧૫૫૧માં અવચૂરિ રચી છે અને એના મૂળમાં
P. ૨૫૩ સૂચવાયેલા ઉદાહરણોનો કથા દ્વારા સ્ફોટ કર્યો છે. 'તપા' ગચ્છના **લક્ષ્મી**સાગરસૂરિના શિષ્ય જયરાજે, **હ**ર્ષકુલે, **ય**શોવિજયગણિએ તેમજ અન્ય કોઈકે પણ એકેક ટીકા રચી છે.[7]

---

૧. આ ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી ઈ. સ. ૧૯૨૨માં પ્રકાશિત થયેલી છે. અંતમાં આ કૃતિમાંના પદ્યોની અકારાદિ ક્રમે સૂચી અપાઈ છે. વળી ૧૨૭ અધિકારોનાં નામ અનુક્રમે આપી એનાં પદ્યોની સંખ્યા દર્શાવાઈ છે.

૨. જુઓ ૧૧૬મો અધિકાર (પત્ર ૯૧આ-૯૨આ).

૩. આ કૃતિ ગુજરાતી અનુવાદ અને **જિ**નસાગરની ટીકા સહિત **હ**રિશંકર કાલિદાસે ઈ. સ. ૧૯૦૧માં છપાવી છે. મૂળ કૃતિ ઉપર્યુક્ત ટીકા તેમજ **સો**મચન્દ્રકૃત **કથામહોદધિ** સહિત **હી**રાલાલ હંસરાજે ઈ. સ. ૧૯૧૬માં પ્રસિદ્ધ કરી છે. વળી **જિ**નસાગરીય ટીકા સહિત મૂળ કૃતિ ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૭૫માં પ્રકાશિત થઈ છે. (એમાં ટીકાનો રચના સમય અપાયો નથી.) આ ઉપરાંત મૂળ કૃતિ શ્રી**વિ**જયનેમિસૂરિના શિષ્યરત્ન શ્રી. **વિ**જયપદ્મસૂરિએ વિ. સં. ૨૦૦૩માં રચેલાં ગુજરાતી પદ્યાત્મક ટીકા, શ્લોકાર્થ અને સ્પષ્ટાર્થ સહિત ''જૈ. ગ્રં. પ્ર. સ.'' તરફથી થોડાંક વર્ષ ઉપર છપાઈ છે, પરંતુ એમાં પ્રકાશનવર્ષનો ઉલ્લેખ નથી.

૪. આ બાર વ્રતો નીચે મુજબ છે :–
સ્થૂલ-પ્રાણાતિપાત-વિરમણ, સ્થૂલ-મૃષાવાદ-વિરમણ, સ્થૂલ-અદત્તાદાન-વિરમણ, સ્વદારસંતોષ, પરિગ્રહનું પરિમાણ, દિગ્વ્રત, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડવિરમણ, સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ,

૫. જિન-પ્રતિમા, જિન-મંદિર, શ્રુતજ્ઞાન તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રો ગણાય છે.

૬. એમણે 'દેવકુલપાટક' નગરમાં **શાન્તિ**નાથના બિંબની પ્રતિષ્ઠા વિ. સં. ૧૪૯૪માં કરાવી હતી.

૭. **મે**રુસુંદરે બાલાવબોધ અને **ધ**નવિજયે સ્તબક (ટબ્બો) રચ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સૂક્ત-મુક્તાવલી** (લ. વિ. સં. ૧૬૦૦)– આ નામની ૨૩૩૨ શ્લોક જેવડી એક અજ્ઞાતકર્તક કૃતિની હાથપોથી વિ. સં. ૧૬૧૮માં લખાયેલી છે. શું આ કૃતિ તે જ પૃ. ૨૫૧માં નોંધાયેલી **સૂક્તમુક્તાવલી** છે ?

**સૂક્ત-સંગ્રહ** (લ. વિ. સં. ૧૬૨૦)– આના કર્તા **લક્ષ્મી**કલ્લોલગણિ છે. એઓ **હર્ષ**કલ્લોલના શિષ્ય થાય છે. એમણે **આયાર** ઉપર **તત્ત્વાવગમા** નામની અવચૂરિ **સૌ**ભાગ્યહર્ષના રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૫૮૩થી ૧૫૯૭માં ગાળામાં રચી છે. વળી એમણે **નાયાધમ્મકહા** ઉપર **મુગ્ધાવબોધા** નામની વૃત્તિ **સો**મવિમલસૂરિના રાજ્યમાં અર્થાત્ વિ. સં. ૧૫૯૦થી ૧૬૩૭ના ગાળામાં રચી છે.

**અવચૂરિ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

[1]**સૂક્ત-રત્નાવલી** (વિ. સં. ૧૬૪૭)– આના કર્તા **હી**રવિજયસૂરિના પટ્ટાલંકાર **વિ**જયસેનસૂરિ છે. એમણે વિ. સં. ૧૬૪૭માં 'અનુષ્ટુભ્'માં ૫૧૧ પદ્યોમાં આ કૃતિ રચી છે અને એ દ્વારા વિવિધ વિષયનાં મનોરમ અને સચોટ સુભાષિતો પૂરાં પાડ્યાં છે.

**સૂક્તરત્નાવલી** (લ. વિ. સં. ૧૬૫૦– **વિજયપ્રશસ્તિ** કાવ્યની વૃત્તિની પ્રશસ્તિ (શ્લો. ૫૩) ઉપરથી જણાય છે કે **હે**મવિજયગણિએ **સૂક્ત-રત્નાવલી** રચી છે પણ એ ઉપર્યુક્ત કૃતિથી ભિન્ન હોવી જોઈએ કેમકે એમાં તો **વિ**જયસેનસૂરિનું જ નામ છે. આ **હે**મવિજયગણિ એ **લક્ષ્મી**ભદ્રની શાખામાં થયેલા P. ૨૫૪ 'તપા' ગચ્છના **અ**મરવિજયના શિષ્ય **ક**મલવિજયના શિષ્ય થાય છે. એઓ કુશળ કવિ હતા. એમણે નિમ્નલિખિત કૃતિઓ રચી છે :–

(૧) **અ**ન્યોક્તિમુક્તાવલી યાને **અ**ન્યોક્તિમુક્તામહોદધિ, (૨) **ઋ**ષભ-શતક, (૩) **ક**થારત્નાકર,[2] (૪) [3]**ક**સ્તૂરીપ્રકર, (૫) [4]**કી**ર્તિલ્લોલિની, (૬) [5]**જિ**નસ્તવન-ચતુર્વિંશતિકા યાને ચતુર્વિંશતિજિનસ્તુતિ, (૭) **જિ**નસ્તુતિ, (૮) [6]**પા**ર્શ્વનાથ-ચરિત, (૯) [7]**વિ**જયપ્રશસ્તિ, (૧૦) **સ**દ્ભાવશતક અને (૧૧) **સ્તુ**તિત્રિદશતરંગિણી.

આ ઉપરાંત એમણે અનેક સ્તોત્રો રચ્યાં છે.[8] એમની આ **સૂક્તરત્નાવલી** પ્રસિદ્ધ થવી ઘટે.

---

૧. આ કૃતિ "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૬૯માં પ્રકાશિત થઈ છે અને એમાં કેટલેક સ્થળે પદ્યો ખંડિત છે. આ નામની બીજી પણ કૃતિ છે. [**સૂ. ર.** નું તાજેતરમાં પુનઃ પ્રકાશન થયું છે.]

૨. [પં. હીરાલાલ હંસરાજે પ્રતાકારે બે ભાગમાં પ્રગટ કરેલ 'કથારત્નાકર' ગ્રંથ આ. મુનિચન્દ્રસૂરિના હાથે સંપાદિત થઈ આ. ૐકારસૂરિજ્ઞાનમંદિર ગ્રંથાવલી સૂરતથી પુસ્તકાકારે પ્રગટ થયો છે. આમાં Introduction શ્રીહરિવલ્લભ ભાયાણીએ લખ્યું છે.]

૩. આ કૃતિ ભીમસી માણેકે ઈ. સ. ૧૯૦૮માં પ્રકાશિત કરી છે.

૪. આ **વિ**જયસેનસૂરિની પ્રશસ્તિરૂપ કૃતિ છે.

૫. આ **જૈન-સ્તોત્ર-સમુચ્ચય** (પૃ. ૨૬૭-૨૮૪)માં પ્રકાશિત થયેલી છે.

૬. આ વિ. સં. ૧૬૩૨માં રચાયેલું ચરિત "ચુનીલાલ ગ્રંથમાલા"માં **ભી**ખીબાઈ ચુનીલાલ પન્નાલાલ તરફથી વિ. સં. ૧૯૭૨માં છપાવાયું છે.

૭. આ કાવ્ય ગુણવિજયની **વિજયદીપિકા** નામની ટીકા સહિત "ય. જૈ. ગ્રં."-માં **વી**રસંવત્ ૨૪૩૭માં પ્રસિદ્ધ કરાયું છે. [જિનશાસન આ. ટ્રસ્ટે આનું પુનર્મુદ્રણ કર્યું છે.]

૮. હેમવિજયગણિએ ગુજરાતીમાં **કમલવિજયરાસ** વિ. સં. ૧૬૬૧માં રચ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સૂક્તિ-રત્નાકર** (લ. વિ. સં. ૧૬૫૦)– આ **ધાતુમંજરી** વગેરે રચનારા [1]**સિદ્ધિચન્દ્રગણિએ** સંકલિત કરેલી કૃતિ છે. એમાં ૩૭૭ સુભાષિતોનો સંગ્રહ કરાયો છે. એમાં વિવિધ [2]ગ્રન્થકારો અને [3]ગ્રન્થો વિષે
P. ૨૫૫ ઉલ્લેખ છે. જે [4]**વૃદ્ધપ્રસ્તાવોકિતરત્નાકર** આ જ ગણિએ રચ્યો છે તે શું પ્રસ્તુત કૃતિથી ભિન્ન છે ?

**સૂક્તિ-દ્વાત્રિંશિકા- યાને સૂક્ત-દ્વાત્રિંશિકા** (લ. વિ. સં. ૧૬૫૦)– આ કૃતિ 'દોધક' છંદમાં ૩૨ પદ્યમાં વિ. સં. ૧૬૫૦માં મુનિ **સાર**ંગ કવિએ રચી છે.

**સ્વોપજ્ઞ વિવરણ**– કર્તાએ જાતે આ કૃતિને વિ. સં. ૧૬૫૦માં વિવરણથી વિભૂષિત કરી છે.

[5]**કસ્તૂરી-પ્રકર** (લ. વિ. સં. ૧૬૫૦)– આ **ક**મલવિજયગણિના શિષ્ય **હે**મવિજયગણિની ૧૮૨ કારિકા પૂરતી રચના છે. એમણે આ કૃતિ **હીર**વિજયસૂરિના રાજ્ય દરમ્યાન રચી છે.

**સ્વોપજ્ઞ વૃત્તિ**– ઉપર્યુક્ત **કસ્તૂરી-પ્રકર** ઉપર કર્તાએ જાતે વૃત્તિ રચી છે.

**કસ્તૂરી-પ્રકરણ–સો**મસુંદર ઉપાધ્યાયે ૧૦૦૦ શ્લોક જેવડું **કસ્તૂરી-પ્રકરણ** રચ્યું છે. **સં**વેગસુંદરે પણ આ નામની કૃતિ રચી છે.

[6]**હિંગુલ-પ્રકર** (લ. વિ. સં. ૧૭૦૦)– આના દ્વિતીય પદ્યનો પ્રારંભ '[7]હિંગુલપ્રકર'થી થાય છે.
P. ૨૫૬ એના કર્તા ઉપા. **વિ**નયસાગર છે. એમણે આ કૃતિ મુખ્યતયા 'અનુષ્ટુભ્'માં રચી છે. અને એને પ્રક્રમોમાં વિભક્ત કરી છે. શ્લો. ૧૫ અને ૧૬માં સૂચવાયા મુજબ આમાં [8]૧૮ પાપસ્થાનકને અંગે ૧૮ પ્રક્રમો, [9]૭ વ્યસન સંબંધી ૭, [10]દાનાદિ ચાર પ્રકારના ધર્મ પરત્વે ૪ તેમજ જિનેન્દ્રપૂજા, ગુરુ-ભક્તિ અને ઉદ્યમને અંગે એકેક પ્રક્રમ છે. આ પ્રત્યેક પ્રક્રમમાં ચચ્ચાર કે પાંચ પાંચ પદ્યો છે.

---

૧. એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ. ૫૪-૫૫.

૨-૩. આનાં નામ માટે જુઓ **ભાનુચન્દ્રગણિચરિત** (પૃ. ૬૩-૬૪) અને એની શ્રી. **મો.** દ. દેસાઈની પ્રસ્તાવના (પૃ. ૭૩)

૪. આનો ઉલ્લેખ **સિદ્ધિચન્દ્રગણિએ ભક્તામરસ્તોત્ર**ની ટીકામાં કર્યો છે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૬૪)માં કહ્યું છે.

૫. આ કૃતિ પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૫૪

૬. આ કૃતિ ''હિંગુલ-પ્રકરણ'' એવા નામથી પં. **હી**રાલાલ હંસરાજના ગુજરાતી અનુવાદ સહિત **ભી**મસી માણેક તરફથી ઈ. સ. ૧૯૦૦માં છપાવાઈ છે. એનું આદ્ય પદ્ય હાથપોથી લખનારનું હશે એમ લાગે છે. બીજુ પદ્ય 'હિંગુલ'થી શરૂ થાય છે અને આ કૃતિનો વાસ્તવિક પ્રારંભ આ પદ્યથી જ હશે એમ લાગે છે. એ પદ્ય નીચે મુજબ છે :–

'हिंङ्गुलप्रकरोऽयं च बालारुणो विचक्षणाः।
तर्कयन्तीति यं दृष्ट्वा पद्मप्रभो मुदेऽस्तु सः ।।''

૭. ''હિંગુલ''નો અર્થ 'હિંગલોક' થાય છે.

૮. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રત્યરતિ, પરાપવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય.

૯. દ્યૂત, માંસ, મદિરા, વેશ્યા, આખેટ (શિકાર), ચોરી અને પરદારગમન

૧૦. દાન, શીલ, તપ અને ભાવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**અનુવાદ**– આનો ગુજરાતી અનુવાદ પં. **હી**રાલાલ હંસરાજે કર્યો છે.

**કર્તા–હિંગુલપ્રકર**ના કર્તા **વિ**નયસાગર તે કોણ એ નક્કી કરવા માટે પૂરતાં [2]સાધન નથી. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૦૬)માં એક **વિ**નયસાગરનો કાવ્યકાલ વિ. સં. ૧૬૧૭માં દર્શાવાયો છે. અને પૃ. ૮૭૨માં એમના ગચ્છ તરીકે 'ખરતર'નો ઉલ્લેખ છે. પૃ. ૬૫૬માં 'અંચલ' ગચ્છના **વિ**નયસાગર વિષે કહ્યું છે કે એઓ **ક**લ્યાણસાગરસૂરિ (વિ. સં. ૧૬૭૦-વિ. સં. ૧૭૧૮)ના શિષ્ય થાય છે. એમણે **ભોજવ્યાકરણ** રચ્યું છે તેમજ એમણે **સારસ્વત** વ્યાકરણનાં સૂત્રોને છંદોબદ્ધ કરી **વૃદ્ધચિન્તામણિ** નામના ગ્રંથમાં ગૂથ્યાં છે.

આ બે **વિ**નયસાગર ઉપરાંત **વિ**નયસાગર નામના એક ત્રીજા મુનિવર પણ છે.[3] શું આ ત્રણમાંથી P. ૨૫૭
કોઈ એક અત્ર અભિપ્રેત છે કે પ્રસ્તુત ઉપા. **વિ**નયસાગર આ બધાથી ભિન્ન છે એ જાણવું બાકી રહે છે. આ પરિસ્થિતિમાં **હિંગુલપ્રકર**નો રચનાસમય મેં કેવળ કલ્પનાના આધારે સૂચવ્યો છે.

**સદ્ભાષિતાવલી** (વિ. સં. ૧૬૬૦)– **સ**કલકીર્તિએ લગભગ ૪૦૦ સુભાષિતોના સંગ્રહનું સંકલન કર્યું છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૭૧માં લખાયેલી છે. શું આ કૃતિ તે જ એમણે રચેલી **સુભાષિતરત્નાવલી** યાને **સુભાષિતાવલી છે ?**

**સુભાષિત-વિજય-મત-શાસ્ત્ર**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**આર્યાગાથા**– આ મુખ્યતયા 'આર્યા'માં રચાયેલાં ૧૪૦ પદ્યોની કૃતિ છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. એમાં અનેક સુભાષિતો અપાયેલાં છે. આકૃતિનાં પ્રારંભનાં બે પદ્યો અને અંતમાંનાં ત્રણ પદ્યો મેં D C G C M (Vol. XVIII, pt. 1, p. 269)માં આપ્યાં છે. આ અપ્રસિદ્ધ કૃતિની એક જ હાથપોથી મળતી હશે એમ **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૩૪) જોતાં અનુમનાય છે.

**સુભાષિતરત્નકોશ**– આના કર્તા **મુ**નિદેવ આચાર્ય છે. એમાં ૫૮ કારિકા છે. શું આ કૃતિ સંસ્કૃતમાં છે ?

[4]**સૂક્તમુક્તાવલી યાને સૂક્તિમુક્તાવલી**– આના કર્તા **મે**ઘપ્રભસૂરિ છે. એનો પ્રારંભ "श्रीवर्धमानमभिनौमि" થી થાય છે.

[5]**સૂક્તરત્નાવલી**[6] (ઉ. વિ. સં. ૧૮૪૭)– આના કર્તા **ક્ષ**માકલ્યાણ છે. એઓ વિ. સં. ૧૮૦૧માં જન્મ્યા હતા. એઓ 'ખરતર' ગચ્છના **અ**મૃતધર્મના શિષ્ય થાય છે. એમણે પોતાના દાદાગુરુ **જિ**નલાભસૂરિએ

૧. આ ભીમશી માણેકદ્વારા ઈ.સ. ૧૯૦૦માં પ્રકાશિત છે.

૨. **હિંગુલપ્રકર**ની વિવિધ હાથપોથીઓ જોવા મળે તો **હિંગુલપ્રકર** ક્યારે રચાયું તે વિષે અનુમાન થઈ શકે. કોઈક હાથપોથીમાં તો એ કૃતિ ક્યારે લખાઈ તેનો પણ નિર્દેશ હોય તો ના નહિ.

૩. જુઓ પૃ. ૮૦.

૪. આ "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૮માં પ્રસિદ્ધ થયેલી છે.

૫. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત "શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર" તરફથી અહીંથી (સુરતથી) આ છપાતી વેળાએ (વિ. સં. ૨૦૧૨)માં પ્રકાશિત કરાઈ છે. એની પ્રસ્તાવના (પૃ. ૧૧-૧૨)માં **ક્ષ**માકલ્યાણની ૨૫ કૃતિની નોંધ છે.

૬. આ નામની બીજી ત્રણ કૃતિ છે. જુઓ પૃ. 155, 156.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૫૮ વિ. સં. ૧૮૩૩માં રચેલા **આત્મ(પ્ર)બોધ**નો પ્રથમાદર્શ લખ્યો હતો. વિશેષમાં એમણે નીચે મુજબ ગ્રંથો રચ્યા છે :–

**ખ**રતરગચ્છપટ્ટાવલી (વિ. સં. ૧૮૩૦), **દ**શપર્વકથા (વિ. સં. ૧૮૩૫), **પ**રસમયસારવિચારસંગ્રહ, **પ્ર**શ્નોત્તરસાર્ધશતક (વિ. સં. ૧૮૫૧), **ય**શોધરચરિત (વિ. સં. ૧૮૩૯), **વિ**ચારશતકબીજક અને **સ**મરાદિત્યચરિત (વિ. સં. ૧૮૭૩)

વળી એમણે નિમ્નલિખિત કૃતિ ઉપર વિવરણ રચ્યું છે :–

**ગૌ**તમીય કાવ્ય, **જી**વવિચાર, **ત**ર્કસંગ્રહ, **ભૂ-ધાતુ, મે**રુત્રયોદશી, **સિ**રિવાલકહા (**શ્રી**પાલચરિત્ર) અને **સૂ**ક્તરત્નાવલી (સ્વરચિત).[૧]

આ કૃતિમાં ૧૦૮ પદ્યો છે. એ ઉપજાતિ, અનુષ્ટુભ, વગેરે છંદોમાં રચાયેલાં છે. એમાં પુરાતન આધ્યાત્મિક પરંપરા અને ભારતીય નૈતિકતાને લક્ષ્યમાં રાખી વિવિધ વિષયો આલેખાયા છે. જેમકે શત્રુંજયાદિ તીર્થોની પ્રશંસા, ધર્મ, ગુરુ અને દેવ એ તત્ત્વત્રયીનું સ્વરૂપ, **અમરકોશ**નું આદ્ય પદ્ય લઈને સમસ્યારૂપે **પાર્શ્વ**નાથની પાંચ પદ્યની સ્તુતિ, 'કલિ' યુગનું વર્ણન, કામવિકાર, બ્રહ્મચર્યની નવ વાડ, કાર્યસિદ્ધિનાં [૨]પાંચ કારણો, ઇન્દ્રિયોનો વિજય, મનની ચંચળતા, પ્રમાદના [૩]પાંચ અને [૪]આઠ પ્રકારો, સંતોષ, આત્માનું સ્વરૂપ, [૫]ચાર ગતિ, પરનિન્દાની નિન્દા, આત્મનિન્દા, ગુરુને નિવેદન, અન્તર્લાપિકા
P. ૨૫૯ અને બહિર્લાપિકા દ્વારા સુભાષિત, નિરોષ્ઠ્ય પદ્યો દ્વારા **મ**હાવીરસ્વામીની સ્તુતિ, ધર્માચાર્ય (**જિ**નલાભસૂરિ) અને વિદ્યાગુરુઓ ઉપા. **રા**જસોમ અને **રા**મવિજયની સ્તુતિ અને કર્તાના નામ (**ક્ષ**માકલ્યાણ)નો નિર્દેશ.

**સ્વોપજ્ઞ વૃત્તિ**– આ સંક્ષિપ્ત વૃત્તિમાં અંતમાં ચાર પદ્યો છે. એમાં કહ્યું છે કે આ વૃત્તિ વિ. સં. ૧૮૪૭માં મકસૂદાબાદમાં 'ઊકેશ' વંશના **મૂ**લચન્દ્રના પુત્ર **ધોં**કલચન્દ્ર અને **કી**ર્તિચન્દ્રના આગ્રહથી રચી.

[૬]**સુભાષિત-પદ્ય-રત્નાકર**– આ [૭]જૈન તેમજ અજૈન ગ્રંથોમાંથી વિવિધ વિષયોને લગતાં પ્રાસંગિક પદ્યો-સુભાષિતાદિના મુનિશ્રી જયંત-વિજયજીના શિષ્ય મુનિશ્રી **વિ**શાળવિજયજીએ કરેલા સંગ્રહરૂપ છે અને એનો ગુજરાતીમાં અનુવાદ એમણે કર્યો છે. આ પ્રમાણે તૈયાર કરાયેલી કૃતિનું નામ એમણે **સુભાષિત-પદ્ય-રત્નાકર** રાખ્યું છે. કયા કયા ગ્રંથોમાંથી અવતરણરૂપે પદ્યો લેવાયાં છે તેનો નિર્દેશ તે તે પદ્યની નીચે કરાયો છે. કેટલાંક પદ્યો પાઇયમાં પણ છે.

---

૧. એમણે ગુજરાતીમાં પણ કેટલીક કૃતિઓ રચી છે. એનાં તેમજ સંસ્કૃત કૃતિનાં નામ માટે જુઓ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૬૭૬-૬૭૭.)

૨. કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને પૂર્વકૃત કર્મ.

૩. મદ્ય, કષાય (ક્રોધાદિ), ઇન્દ્રિયોના વિષય, નિદ્રા અને વિકથા (શ્લો. ૪૫).

૪. અજ્ઞાન, સંશય, વિપર્યય, વિભાવોનો રાગ, દ્વેષ, વિસ્મરણ દુષ્પ્રણિધાન અને ધર્મકાર્યનો અનાદર (શ્લો. ૫૦-૫૧).

૫. નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય સંબંધી ગતિ.

૬. આ સંગ્રહાત્મક કૃતિ પાંચ ભાગમાં "શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાલા"માં પુ. ૨૭, ૩૧, ૩૪, ૫૨ (ભા. ૪) અને ૪૮ (ભા. ૫) તરીકે ઉજ્જૈનથી અનુક્રમે વિ. સં. ૧૯૯૧, '૯૨, '૯૩, '૯૫ અને '૯૫માં પ્રકાશિત કરાઈ છે. પાંચમો ભાગ જિનેશ્વરની સ્તુતિઓ વગેરેના સંગ્રહરૂપ છે.

૭. આમાં **ત્રિષષ્ટિ. સિન્દૂરપ્રકર, ધર્મકલ્પદ્રુમ, ઉપદેશપ્રાસાદ** ઇત્યાદિનો સમાવેશ કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**જૈન-સૂક્ત-સન્દોહ**– આ એક આધુનિક સંગ્રહાત્મક કૃતિ છે. એમાં અપાયેલાં સૂક્તોનો સંગ્રહ પં. [2]કૈલાસસાગરગણિએ કર્યો છે. આ કૃતિમાં એમણે મંગળ તરીકે પાંચ પદ્યો આપી સમ્યગ્દર્શનથી ૧૪૪ P. ૨૬૦ વિષયોની શરૂઆત કરી છે. ત્યાર બાદ કેટલાંક પ્રકીર્ણક શ્લોક, સુભાષિત-રત્ન-ખંડો અને વચનામૃતો તેમજ અંતિમ મંગળરૂપે ત્રણ પદ્યો આપી આની પૂર્ણાહુતિ કરી છે. આ પદ્યાત્મક કૃતિનાં ઘણાંખરાં [3]પદ્યો સંસ્કૃતમાં છે. મુખ્યતયા [4]જૈન કૃતિઓને લક્ષીને આ રચના કરાઈ છે. આ કૃતિ શ્રમણોનાં પાંચ મહાવ્રતો તેમજ શ્રાવકોનાં બાર વ્રતો, [5]બાર ભાવના વગેરે બાબતો ઉપર પણ પ્રકાશ પાડે છે.

**અન્ય કૃતિઓ**– આ ઉપરાંત સુભાષિતોને અંગે કેટલીક કૃતિઓ જોવાય છે. તેમાં કેટલીકના કર્તાનાં નામ જાણવામાં છે અને કેટલીકનાં નથી. પ્રથમ પ્રકારની કૃતિઓ નીચે મુજબ છે :–

(૧) **સુભાષિતકોશ**– આ કૃતિ **રામચન્દ્રે** રચી છે.
(૨) **સુભાષિતગ્રંથ**– આના કર્તા **કીર્તિ**વિજય છે.
(૩) **સુભાષિતષટ્ત્રિંશિકા**– આ નામની બે કૃતિઓ છે. એકના કર્તા **જ્ઞાન**સાગર છે અને બીજાના 'લુંકા' ગચ્છના **યશ**સ્વિગણિ છે.
(૪) **સુભાષિતાર્ણવ**– આ **શુભ**ચન્દ્રની રચના છે.
(૫) [6]**સૂક્તસમુચ્ચય**– આના કર્તા આચાર્ય **રવિ**ગુપ્ત છે.
(૬) **સૂક્તાવલી** – આ **તત્ત્વ**વલ્લભની રચના છે. P. ૨૬૧
(૭) **સૂક્તિમુક્તાવલી** – આ નામની ત્રણ કૃતિઓ છે. એના કર્તાનાં નામ **શ્રુત**મુનિ, **સોમ**દેવ અને **સોમ**સેન છે.
(૮) **સૂક્તિરત્નાવલી** – આના કર્તા અભયચંદ્ર છે.

[**સૂક્તિરત્નાવલી**– આના કર્તા વિજયસોમસૂરિ છે. મુનિ મોક્ષરતિ વિ. ધ્વારા સંપાદિત થઈ પરમપદ પ્રકાશન મુંબઈથી પ્રસિદ્ધ થઇ છે.]

બીજા પ્રકારની કૃતિઓનાં નામ નીચે મુજબ છે :–

**સુ**ભાષિત, **સુ**ભાષિતશતક, **સુ**ભાષિતષટ્ત્રિંશિકા, **સુ**ભાષિતસારોદ્ધાર, **સુ**ભાષિતાર્ણવ, **સૂ**ક્તસંગ્રહ, **સૂ**ક્તસંદોહ અને **સૂ**ક્તાવલી યાને **સુ**ભાષિતસંગ્રહ.

---

૧. આ કૃતિ ''બુદ્ધિસાગરસૂરીશ્વર-ગ્રંથમાળા''માં ગ્રંથાંક ૧ તરીકે વિ. સં. ૨૦૦૭માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. એઓ શ્રીબુદ્ધિસાગરસૂરિના શિષ્ય શ્રી**કીર્તિ**સાગરસૂરિના પ્રશિષ્ય થાય છે. એમના ગુરુનું નામ **જિતેન્દ્રસાગર** છે.

૩. આ **ત્રિષષ્ટિ**.માંથી ઉદ્ધૃત કરાયાં છે.

૪. અજૈન કૃતિઓ તરીકે **અત્રિ-સંહિતા, આરણ્યકોપનિષદ્, મનુસ્મૃતિ, રામાયણ, મહાભારત, યોગવાસિષ્ઠ. વરાહ-પુરાણ, શં**કરાચાર્યકૃત મનાતાં **ચર્પટ-પંજરિકા** અને **મોહ-મુદ્ગર, પંચગંગ, હિતોપદેશ** ઈત્યાદિ કૃતિઓ પસંદ કરાઈ છે.

૫. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિની દુર્લભતા અને ધર્મનું સ્વાખ્યાતત્વ.

૬. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૪૮)માં આ કૃતિનો ''સૂક્તાનિ''એ નામે ઉલ્લેખ જોઈ મેં આ નામ યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૩) [૧]રાજનીતિ

[૨]**નીતિવાક્યામૃત** (લ. વિ. સં. ૧૦૨૫) – આના કર્તા દિ. તાર્કિક કવિ **સો**મદેવસૂરિ છે. એઓ 'દેવ' સંઘના **ય**શોદેવના શિષ્ય **ને**મિદેવના શિષ્ય થાય છે અને **મ**હેન્દ્ર ભટ્ટારકના અનુજ થાય છે. એમણે **શ**કસંવત્ ૮૮૧ (વિ. સં. ૧૦૧૬)માં **યશસ્તિલક-ચંપૂ** નામની કૃતિ રચી છે. **નીતિવાક્યામૃત**ની પ્રશસ્તિમાં **યશોધર-ચરિત્ર**નો જે ઉલ્લેખ છે તે આ જ કૃતિ છે. વિશેષમાં આ ગ્રંથકારની (૧) [૩]**ત્રિવર્ગ-મહેન્દ્ર-**
P. ૨૬૨ **માતલિ-સંજલ્પ,** (૨) [૪]**યુક્તિ-ચિન્તામણિ** અને (૩) [૫]**ષણ્ણવતિ-પ્રકરણ** એ ત્રણ કૃતિઓનો પણ અહીં નિર્દેશ છે પણ એકે હજી સુધી તો મળી આવી નથી આ ઉપરાંત એમની કૃતિ તરીકે [૬]**સ્યાદ્વાદોપનિષદ્** અને **સૂક્તિ-સમુચ્ચય** જેવી કૃતિઓ ગણાવાય છે.

પં. નાથૂરામ પ્રેમીના [૭]મતે કનોજના રાજા **મ**હેન્દ્રને માટે યોજાયેલી આ **નીતિવાક્યામૃત** નામની કૃતિ ગદ્યમાં સૂત્રરૂપે રચાયેલા ૩૨ સમુદ્દેશમાં વિભક્ત છે. એમાં રાજા અને રાજ્ય-શાસન સાથે સંબંધ ધરાવનારી પુષ્કળ માહિતી અપાઇ છે. આ [૮]રાજનીતિને અંગેનો મહત્ત્વનો ગ્રંથ છે. આ પૂર્વે 'મૌર્ય' વંશના [૯]**ચન્દ્રગુપ્ત**ને માટે **ચા**ણક્યે [૧૦]**અર્થશાસ્ત્ર** રચી આ વિષયનો આકર-ગ્રંથ પૂરો પાડ્યો છે. ત્યાર પછી **કા**મંદકે એના સંક્ષેપરૂપે પદ્યમાં **નીતિસાર** રચ્યો છે.

**નીતિવાક્યામૃત** (પૃ. ૩૬, ૧૦૭, ૧૭૧ (ઇ.) જોતાં જણાય છે કે એમાં **વિ**ષ્ણુગુપ્ત અને
P. ૨૬૩ **ચા**ણક્યનો તેમજ એમના [૧૧]**અર્થશાસ્ત્ર**નો ઉલ્લેખ છે. વિવિધ નીતિકારો અને સ્મૃતિકારોના ગ્રંથોનો લાભ લઈ આ **નીતિવાક્યામૃત** રચાયું છે.

---

૧. આનો અંતર્ભાવ ચાર પુરુષાર્થ પૈકી અર્થ-પુરુષાર્થમાં કરાય છે. જુઓ **જૈ. સા. ઇ.** (પૃ. ૬૧).

૨. આ ગ્રંથ અજ્ઞાતકર્તૃક સંસ્કૃત ટીકા તેમજ એ ટીકાગત પદ્યાત્મક અવતરણોની સૂચી સહિત "મા. દિ. ગ્રં."માં ગ્રંથાંક ૨૨ તરીકે વિ. સં. ૧૯૭૯માં છપાયો છે. મૂળની એક સુંદર તાડપત્રીય હાથપોથી મળે છે. "सोमदेवसूरिका नीतिवाक्यामृत" નામનો પં **ના**થૂરામ પ્રેમીનો મનનીય લેખ **જૈ. સા. ઇ.** (પૃ. ૬૧-૯૨)માં છપાયો છે. એ લેખ તે આ સટીક કૃતિની ભૂમિકા રૂપે હતો એનો અંશતઃ વિસ્તાર છે.

૩. **મ**હેન્દ્ર અને એના સારથિ **મા**તલિ વચ્ચેની ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ-પુરુષાર્થને અંગેની ચર્ચા સંવાદરૂપે આમાં રજૂ કરાઈ હશે.

૪. આ તર્કવિષયક ગ્રંથ હશે.

૫. આ કૃતિમાં ૯૬ પ્રકરણ હોવાં જોઈએ પણ એના વિષય વિષે જાણવું બાકી રહે છે.

૬. જુઓ ઉપર્યુક્ત લેખના પરિશિષ્ટરૂપ **શ**કસંવત્ ૮૮૮નું દાનપત્ર (પૃ. ૯૧).

૭. જુઓ એમનો "જૈ. સિ. ભા." (ભા. ૧૧, અં. ૨)માં છપાયેલો લેખ "सोमदेव और महेन्द्रदेव"

૮. આ વિષય **યશસ્તિલક** (આશ્વાસ ૩)માં પણ સારી રીતે ચર્ચાયો છે.

૯. **તિલોયપણ્ણત્તિ** પ્રમાણે મુકુટધારી રાજાઓ પૈકી જૈન દીક્ષા લેનાર તરીકે આ નૃપતિ અંતિમ છે.

૧૦. પૃથ્વીના લાભ અને એના રક્ષણ માટે જેટલાં અર્થશાસ્ત્રો પૂર્વાચાર્યોએ પ્રસ્થાપિત કર્યા છે પ્રાયઃ તે સર્વેનો સંગ્રહ કરી આ **અર્થશાસ્ત્ર** યોજાયું છે એમ એનાં પ્રારંભમાં કહ્યું છે.

૧૧. આની **નીતિવાક્યામૃત** સાથે તુલના માટે જુઓ **જૈ. સા. ઇ.** (પૃ. ૬૪-૬૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ટીકા**—આના કર્તાનું કે એમના ગુરુનું નામ **હ**રિબલ હશે એમ લાગે છે. એઓ **હ**રિના ભક્ત હોય એમ જણાય છે એટલે આ [2]સંસ્કૃત ટીકા કોઈ વૈષ્ણવે—અજૈને રચી હશે. આ ટીકામાં અનેક અવતરણો અપાયાં છે એથી એ મહત્ત્વની છે. એમાં જે કેટલીક કૃતિઓનો ઉલ્લેખ છે તે આજે મળતી નથી.

## (૪) પ્રકીર્ણક

[3]**બુદ્ધિસાગર** (વિ. સં. ૧૫૨૦)– આના કર્તા જૈન ગૃહસ્થ સોની **સં**ગ્રામસિંહ છે. એઓ માળવાના **મ**હમદ ખલ્વા (ખીલજી)ના ભાંડાગારિક (ભંડારી) હતા અને **ર**ત્નસિંહસૂરિના પટ્ટાલંકાર **ઉ**દયવલ્લભસૂરિના ભક્ત હતા. એમના પિતાનું નામ **ન**રદેવ હતું. એઓ સોની **સાં**ગણના વંશજ થાય છે. માંડવગઢના આ ઓસવાળે સર્વદર્શનોને સંમત એવી આ કૃતિ વિ. સં. ૧૫૨૦માં ચાર તરંગમાં ૪૧૪ (૮૭+૧૦૭+૭૦+૧૫૦) પદ્યોમાં ગોદાવરીને તીરે પ્રતિષ્ઠાનપુરમાં નિઝામ ઉપરની વિજયયાત્રાને પ્રસંગે રચી છે.

ધર્મ, નય, વ્યવહાર અને પ્રકીર્ણક નામના ચાર તરંગ પૈકી પ્રથમમાં દેવ, ગુરુ તેમજ પાંચ મહાવ્રતરૂપ ધર્મનું સ્વરૂપ આલેખાયું છે. બીજામાં રાજા, રાણી, રાજકુમાર, મંત્રી, અધિકારી, પ્રજાના સેવક તેમજ અશ્વ વગેરેનાં લક્ષણો વિચારાયાં છે. ત્રીજામાં વિશ્વાસ ક્યાં રાખવો અને સોગન ન ખાવા એ વાત કહી વાસ્તુનું નિરૂપણ કરાયું છે. ચોથામાં શરીરનું સ્વરૂપ, વૈદ્યકસાર, જ્યોતિઃસાર, સામુદ્રિકસાર, સ્ત્રીનું P. ૨૬૪
સ્વરૂપ, રત્ન [4]આદિની પરીક્ષા તેમજ મંત્રાદિ ચાર યોગ એમ વિવિધ વિષયો રજૂ કરાયા છે. આ ચોથા તરંગમાં મોતીનાં આઠ ઉત્પત્તિસ્થાન દર્શાવાયાં છે : (૧) [5]હાથીનું કુંભસ્થળ, (૨) નાગની ફેણ, (૩) શુક્તિ, યાને છીપ, (૪) શંખ, (૫) અભ્ર, (૬) મત્સ્ય, (૭) ડુક્કરની દાઢ અને (૮) વાંસ.[6] આ **સં**બંધમાં અહીં કહ્યું છે કે હમણાં તો શુક્તિમાંથી થનારું મોતી વિશેષ મળે છે. વળી અહીં એવો પણ ઉલ્લેખ છે કે શંખ, વાંસ, ડુક્કર, હાથી, નાગ, અભ્ર અને મત્સ્યમાંથી ઉદ્ભવતાં મોતી ઉત્તરોત્તર એકેકથી ચડિયાતાં અને અવેધ્ય હોય છે.

આમ આ નાનકડી કૃતિ **ચાણક્ય-નીતિ** અને **કામંદક-નીતિ** જેવા પ્રૌઢ ગ્રંથોની સંક્ષિપ્ત આવૃત્તિરૂપ છે.

---

૧. આ મા. દિ. ગ્રં. ૨૨માંપ્રકાશિત છે. જુઓ પૃ. ૨૬૧.
૨. **ને**મિનાથે કાનડીમાં એક ટીકા રચી છે.
૩. આ કૃતિ "ઋ. કે. શ્વે. સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૩૬માં છપાયેલી છે. એનું **મ**ણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કરેલું ગુજરાતી ભાષાંતર ઈ. સ. ૧૮૯૧માં "વડોદરા દેશી કેળવણી ખાતું" તરફથી છપાવાયું છે.
૪. 'આદિ'થી વજ્ર, મોતી, પદ્મરાગ અને નામમણિ એ ચાર અહીં અભિપ્રેત છે.
૫. આ માટે જુઓ, **ભક્તામરસ્તોત્ર** (શ્લો. ૩૫)
૬. **અ**ગસ્ત્યે કહ્યું છે કે :–

"द्विपेन्द्रजीमूतवराहशङ्ख-मत्स्याहिशुक्त्युद्भववेणुजानि ।
मुक्ताफलानि प्रथितानि लोके तेषां तु शुक्त्युद्भवमेव भूरि ॥"

આ પદ્ય **કુમારસમ્ભવ** (સ. ૧, શ્લો. ૬)ની **મ**લ્લિનાથે રચેલી **સંજીવની** નામની વ્યાખ્યામાં જોવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૬૫ 

# પ્રકરણ ૧૭ : અજૈન લાક્ષણિક સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો

સમસ્ત વિશ્વના સાહિત્યને આપણે જૈન અને અજૈન એમ બે વર્ગમાં વિભક્ત કરી શકીએ. અજૈન સાહિત્ય એ જૈન સાહિત્ય કરતાં અતિશય વિપુલ છે. એ સાહિત્યના ભારતીય અને અભારતીય એમ બે વિભાગ પાડી શકાય. અત્ર ભારતીય સાહિત્ય પ્રસ્તુત છે. એના સર્જનમાં વૈદિક હિંદુઓ અને બૌદ્ધોનો મુખ્ય ફાળો છે. અહીં [1]અજૈન સાહિત્યથી મુખ્યતયા આ બે જ સંપ્રદાયોના લાક્ષણિકાદિ સાહિત્યને અંગેના નીચે મુજબના વિષયોની કેટલીક કૃતિઓ અભિપ્રેત છે :–

(૧) વ્યાકરણ, (૨) કોશ, (૩) છંદ, (૪) અલંકાર, (૫) ગણિત, (૬) નિમિત્ત, (૭) વૈદ્યક, (૮) નીતિ, (૯) શ્રવ્ય કાવ્ય (૧૦) દૃશ્ય કાવ્ય, (૧૧) ન્યાય અને (૧૨) યોગ.

'શ્રવ્ય' કાવ્યથી મહાકાવ્ય, ખંડ-કાવ્ય અને ગદ્યાત્મક કાવ્ય એમ ત્રણ સમજવાનાં છે. આમ અહીં મુખ્ય ૧૨ વિષયો છે અને પેટા-વિષયોને ભિન્ન ગણાતાં ૧૪ થાય છે. આ પૈકી હું અહીં પહેલા [2]આઠ વિષયની કૃતિઓનો ક્રમવાર વિચાર કરું તે પૂર્વે ''જૈન માનસ'' વિષે થોડોક ઉલ્લેખ કરીશ.

P. ૨૬૬ **જૈન માનસ–** 'જૈન માનસ' એટલે અનેકાંતવાદનું ક્રીડાંગણ. આથી તો આત્મૌપમ્યની અનુપમ ભાવનાથી ઓતપ્રોત જૈન શ્રમણો ગમે તે દર્શનની અને ગમે તે વિષયની ઉત્તમ કોટિની કૃતિઓનું સંવર્ધન અને સંરક્ષણ કરતાં જરા યે સંકોચ ન અનુભવે એ સ્વાભાવિક છે. વિશેષ આનંદની વાત તો એ છે કે અજૈન મંતવ્યો અનુસાર કાવ્ય રચતાં પણ એઓ ખંચાયા નથી એટલું જ નહિ પણ એને પોતાના સાંપ્રદાયિક રંગથી રંગવાનું અનુચિત પગલું એમણે ભર્યું નથી. આમ એમણે ઉદારતાની સાચી લહાણી કરી છે અને સાહિત્યની સર્વદેશીય સેવા બજાવી છે.

સમ્યક્-શ્રુત અને મિથ્યા-શ્રુતની વ્યાખ્યાનો (૧) વિષય અને પ્રણેતા તેમજ (૨) અધિકારી એમ બે રીતે વિચાર થઈ શકે છે[3] અને મિથ્યા-શ્રુતને પણ સમ્યગ્દૃષ્ટિ સમ્યક્-શ્રુત તરીકે પરિણમાવી શકે છે. જૈન દર્શનની આવી આદર્શ નીતિને લઈને જૈન શ્રમણો એમ સાચે જ માનતા હતા અને આજે યે માને છે કે સાહિત્ય અને વિજ્ઞાન એ કોઈનાં બાપીકાં ક્ષેત્ર નથી; સમસ્ત વિદ્યાવ્યાસંગી જનોનો એના ઉપર અધિકાર છે.

---

૧. મુસ્લિમ, પારસી અને ખ્રિસ્તી કોમની કૃતિઓ પૈકી ફક્ત એક મુસ્લિમની અને તે પણ અપભ્રંશમાં જ રચાયેલી કૃતિ પર જૈન વિવરણ છે. એવી રીતે ભાષાની દૃષ્ટિએ મુખ્યતયા સંસ્કૃત અને ક્વચિત્ પાઇય કૃતિઓ ઉપર વિવરણો છે. આથી કરીને દ્રાવિડ કૃતિઓ ઉપર જૈનોએ સંસ્કૃતમાં વિવરણો રચ્યાં હોય તો તે વાત અહીં જતી કરાઈ છે.

૨. શ્રવ્ય અને દૃશ્ય કાવ્ય વિષે દ્વિતીય ખંડના પ્રથમ ઉપખંડમાં અને ન્યાય અને યોગ વિષે એ દ્વિતીય ખંડના દ્વિતીય ઉપખંડમાં વિચાર કરાયો છે.

૩. આ બાબત મેં ''જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન'' નામના મારા લેખ (લેખાંક ૨, પૃ. ૧૩૧)માં દર્શાવી છે. આ લેખના લેખાંક ૧-૬ ''હિંદુ મિલનમંદિર'' (વર્ષ ૮, અં. ૨-૭)માં છ કટકે છપાયા છે. આ લેખ મેં ગુજરાતીમાં રચેલાં ૧૪૦ સૂત્રો અને એના વિવરણરૂપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ફાળો**– અજૈન કૃતિઓને અંગે જૈનોનો જે ફાળો છે તેમાં મોટે ભાગે વિવરણો છે. એની સંખ્યા લગભગ ૨૦૦ની છે. આનાથી અજૈન કાવ્યોની પાદ-પૂર્તિઓની સંખ્યા ઉતરતી છે અને એનાથી પણ અલ્પ સંખ્યા કેટલીક અજૈન કૃતિઓના સંક્ષેપ કે સારાંશરૂપ રચનાઓની છે.

## (૧) વ્યાકરણ

P. ૨૬૭

[૧]**અષ્ટાધ્યાયી** (ઉ. ઇ. સ. પૂ. ચોથી સદી) – ઉપલબ્ધ સંસ્કૃત વ્યાકરણોમાં આ સૌથી પ્રાચીન છે. એ આઠ અધ્યાયોમાં વિભક્ત કરાયેલું હોવાથી એને **અષ્ટાધ્યાયી** કહે છે. એના પ્રત્યેક અધ્યાયમાં ચાર ચાર પાદ છે. આ વ્યાકરણમાં આશરે ૪૦૦૦ સૂત્રો છે. ચીની મુસાફર **હ્યુ**એનસંગને મતે આ વ્યાકરણનું પરિમાણ ૧૦૦૦ શ્લોકનું છે.[૨]

આ વ્યાકરણે **અષ્ટક, વૃત્તિસૂત્ર** તેમજ **શબ્દાનુશાસન** પણ કહે છે. આ વ્યાકરણ કાળ અને ઉપસર્જન વગેરેની પરિભાષાઓથી રહિત છે.

[૩]**શં**કરાચાર્ય દ્વારા પ્રશંસિત આ વ્યાકરણના પ્રણેતાનાં **દા**ક્ષીપુત્ર, [૪]**શાલા**તુરીય, **પા**ણિનિ ઇત્યાદિ વિવિધ નામો છે તેમાં અંતિમ નામ વિશેષતઃ પ્રચલિત છે અને એને લઈને તો એમના વ્યાકરણને 'પાણિનીય' કહે છે. આ વ્યાકરણને અંગે પાઠાંતરો જોવાય છે. કેટલાક તો પાણિનિના સ્વકીય પ્રવચન-ભેદથી ઉદ્ભવ્યાં છે. આ પ્રવચન-ભેદને લઈને **અષ્ટા.**ની લઘુસૂત્ર-પાઠ અને બૃહત્સૂત્ર-પાઠ એમ બે વાચનાઓ મળે છે.

**પા**ણિનિએ પોતે ગણપાઠ, ધાતુપાઠ, ઉણાદિસૂત્ર અને લિંગાનુશાસન **અષ્ટા.**નાં [૫]પરિશિષ્ટ રૂપે રચ્યાં છે.[૬] P. ૨૬૮

**પા**ણિનિએ **આપિશલ** વ્યાકરણનો મુખ્યતયા ઉપયોગ કર્યો છે. અને એમના પુરોગામી વૈયાકરણોનાં અનેક સૂત્ર અપનાવ્યાં છે.[૭] પ્રાતિશાખ્યોનાં અને શ્રૌતસૂત્રોનાં અનેક સૂત્ર પાણિનીય સૂત્ર સાથે સમાનતા ધરાવે છે.[૮] **પા**ણિનિની પૂર્વે છંદોબદ્ધ વ્યાકરણ હશે એમ લાગે છે.

**શબ્દાવતાર**– આ **અષ્ટા.** ઉપરનો ન્યાસ છે. આ ન્યાસ હજી સુધી તો મળી આવ્યો નથી. આનું પરિમાણ ૩૦૦૦૦ શ્લોક હોવાનું કહેવાય છે. આ ન્યાસના કર્તા દિ. **પૂ**જ્યપાદ છે. જુઓ પૃ. ૧૬.

---

૧. આ વ્યાકરણ જર્મન અનુવાદ સહિત **બ્હોટલિંગે** ઇ. સ. ૧૮૮૭માં પ્રકાશિત કર્યું હતું.

૨. જુઓ **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૧૪૧).

૩. એમણે **બ્રહ્મસૂત્ર** ઉપર **શારીરક-ભાષ્ય,** દસ મુખ્ય ઉપનિષદો અને **ભગવદ્ગીતા** ઉપર ટીકા તેમજ અનેક સ્તોત્રો રચ્યાં છે. નવાઈની વાત એ છે કે પૂર્વે રચેલી કોઈ પણ કૃતિનો ત્યાર બાદ રચાયેલી કૃતિમાં પોતાના નામે ઉલ્લેખ નથી. જુઓ Sanskrit Literature (The P.E.N. Books. The Indian Literatures No. XII) નું પૃ. ૫૧.

૪. 'શલાતુર' એ **પા**ણિનિના પૂર્વજોનું વતન ગણાય છે.

૫. **અષ્ટા.** (૧-૩-૨)ની **કાશિકા**-વૃત્તિ પ્રમાણે આ ચાર પરિશિષ્ટો ખિલ-ગ્રંથો છે.

૬. જુઓ **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૧૫૯).

૭-૮. એજન (ભા. ૧, પૃ. ૧૫૮-૧૫૯).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કાશિકા** (લ. વિ. સં. ૭૦૦)– એ જયાદિત્ય અને **વામન**ના [1]સંયુક્ત પરિશ્રમનું ફળ છે. [2]**પતંજલિકૃત** **મહાભાષ્ય** અને **ભર્તૃહરિ**કૃત **વાક્યપદીય** પછીની, **અષ્ટા.**ને અંગેની [3]મહત્ત્વની કૃતિ તરીકે આનો ઉલ્લેખ કરાય છે. આ વૃત્તિમાં **મહાભાષ્ય**ને અનેક સ્થળે ન અનુસરતાં, પ્રાચીન વૃત્તિઓનું
P. ૨૬૯ અનુસરણ કરાયું છે. **ઇત્સિંગ**ના મતે જયાદિત્યનું અવસાન વિ. સં. ૭૧૮ની આસપાસમાં થયું હતું. **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૩૩૪) પ્રમાણે **વામન** વિ. સં. ૭૦૦ની પહેલાં થયાં છે.

[4]**કાશિકાવિવરણ-પંજિકા**– આ પંજિકાના કર્તાનું નામ જિનેન્દ્રબુદ્ધિ છે. એમને કેટલાક વિદ્વાનો 'બૌદ્ધ' ગણે છે. "જૈ. સિ. ભા." (વર્ષ ૮, પત્ર ૫૮)માં એઓ 'જૈન' હોવાની સંભાવના કરાઈ છે. એમની આ પંજિકા એ ઉપર્યુક્ત **કાશિકા**ની સૌથી પ્રાચીન વ્યાખ્યા છે. એને 'ન્યાસ' પણ કહે છે. આના ઉપર **મ**હામિશ્રની ટીકા છે.

આ ઉક્તિના સંગ્રહરૂપ [5]કૃતિની બે હાથપોથીઓનો પરિચય D C G C M (Vol. II, pt. [6]1)માં ક્રમાંક ૩૮૬ અને ૪૧૭ તરીકે અપાયો છે. પ્રારંભમાં ભારતીના સ્મરણપૂર્વકનું પદ્ય છે. ત્યાર બાદ વિભક્તિનું સ્વરૂપ ગદ્યમાં આલેખાયું છે. પાઇય શબ્દોનાં સંસ્કૃત સમીકરણો (દા. ત. कराइ=क्रियते અને जणाइ=ज्ञायते ) આ કૃતિનો મહત્ત્વનો અને સૌથી મોટો અંશ છે.

**પદવ્યવસ્થા**– આના કર્તા **વિમલકીર્તિ** છે. એમણે **પાણિનિ**કૃત **અષ્ટા.** પ્રમાણે સંસ્કૃત ધાતુઓનાં પદ જાણવાના નિયમો સૂત્રોને પદ્યાત્મક સ્વરૂપ આપી રજૂ કર્યા છે. એમણે પોતાને 'વિદ્વાન' કહ્યા છે.

**ટીકા** (વિ. સં. ૧૬૮૧)– આ ૩૩૦૦ શ્લોક જેવડી ટીકાના કર્તા **ઉદયકીર્તિ** છે. એઓ 'ખરતર' ગચ્છના **સા**ધુકીર્તિના શિષ્ય **વિ**મલતિલકના શિષ્ય **સા**ધુસુન્દરના શિષ્ય થાય છે. એમણે આ ટીકા બાલજનોના બોધાર્થે વિ. સં. ૧૬૮૧માં રચી છે. એના અંતમાં એમણે છ પદ્યની પ્રશસ્તિ આપી છે. આની મૂળ સહિતની એક હાથપોથી વિ. સં. ૧૭૧૩માં **સુ**ખસાગરગણિના શિષ્ય **સ**મયહર્ષને માટે લખાયેલી મળે છે. આ હાથપોથીનો અવતરણપૂર્વક પરિચય "પદવ્યવસ્થાસૂત્રકારિકા સટીકા" નામથી D C G C M (Vol. II, pt. 1, pp. 191-193)માં અપાયો છે.

---

૧. ભારતીય સાહિત્યમાં એવી કેટલીક કૃતિઓ છે કે જે દ્વિકર્તૃક છે. જેમકે **સ્કન્દે** અને **મ**હેશ્વરે મળીને રચેલી **નિરુક્ત**ની ટીકા.

૨. **સં. વ્યા. ઇ.** (ભા ૧, પૃ. ૩૩૩) પ્રમાણે **કાશિકા** જે આજે ઉપલબ્ધ છે તેની પાંચ અધ્યાય પૂરતી રચના જયાદિત્યની છે અને બાકીની **વામન**ની છે. અસલમાં બંનેએ પૃથક્ પૃથક્ આઠે અધ્યાયની વૃત્તિ રચી હશે. (જુઓ **સં. વ્યા. ઇ.** (પૃ. ૩૩૬). જયાદિત્યની અપેક્ષાએ **વામન**ની રચના વિશેષ પ્રૌઢ છે.

૩. **કાશિકા** કરતાં પ્રાચીન એવી **કુણિ** નામની વૃત્તિમાં ગણપાઠને સ્થાન નથી, જ્યારે આ **કાશિકા**માં છે.

૪. આ પંજિકા **શ્રી**શચન્દ્ર ચક્રવર્તીએ ઇ. સ. ૧૯૧૩-૧૯૨૫માં છપાવી છે. જુઓ DCGCM (Vol. II, pt. I, p. 56).

૫. જુઓ પૃ. 54.

૬. આ ભાગમાં વૈદિક અને પાણિનીય વ્યાકરણોને લગતી હાથપોથીઓનો પરિચય ડૉ. **શ્રી**પાદ કૃષ્ણ બેલ્વલકરે આપ્યો છે. એમાં **ઉક્તિરત્નાકર**ને સ્થાન અપાયું છે એટલે એ પાણિનીય વ્યાકરણને લગતી કૃતિ ગણાય. એ હિસાબે મેં એની અહીં નોંધ લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશ્રાન્તવિદ્યાધર** (ઉ. વિ. સં. ૬૦૦) – આ વ્યાકરણને 'જૈન' કૃતિ માની એનો પરિચય દ્વિતીય પ્રકરણ (પૃ. ૨૩-૨૪)માં મેં આપ્યો છે. જો એના પ્રણેતા **વામન** અજૈન જ હોય તો આ 'અજૈન' કૃતિ ગણાય અને એ હિસાબે એનો ઉલ્લેખ અહીં થવો ઘટે.

**ન્યાસ**– મલ્લવાદીએ આ ન્યાસ રચ્યો હતો (જુઓ પૃ. ૨૪) પણ એ હજી સુધી તો અપ્રાપ્ય છે.

[1]**કાતન્ત્ર** (ઉ. વિ. સં. ૩૫૦) – આ કેવળ લૌકિક સંસ્કૃતનું ઘણું પ્રાચીન વ્યાકરણ છે. એને [2]**કલાપક** અને **કૌમાર** પણ કહે છે. એની રચના **અષ્ટા.**ને આધારે નહિ પણ અન્ય કોઈ પ્રાચીન વ્યાકરણને આધારે થયેલી હોય એમ જણાય છે. એના બે ભાગ પડે છે : (૧) આખ્યાતાન્ત અને (૨) કૃદન્ત. પ્રથમ ભાગના કર્તા તરીકે [3]શર્વવર્માનો અને બીજા ભાગના કર્તા તરીકે **કાત્યાયન**નો ઉલ્લેખ કરાય છે. **સં. વ્યા.** P. ૨૭૦ **ઇ.** (ભા. ૧, પૃ. ૪૦૪)માં એના કર્તાએ **કાતન્ત્ર**ને **મહાભાષ્ય** કરતાં પ્રાચીન ગણ્યું છે.[4] **કાતન્ત્ર**નો થોડોક ભાગ મધ્ય એશિયામાંથી મળી આવ્યો હતો. એનો ધાતુપાઠ તિબેટી ભાષામાં આજે પણ મળે છે. કવિ **ધન**પાલે **શોભનસ્તુતિ**ની ટીકા (શ્લો. ૪)માં પોતાના નાના ભાઈ મુનીશ્વર **શો**ભનને અંગે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :–

"कातन्त्रचन्द्रोदिततन्त्रवेदी"

આ ઉપરથી એક સમયે **કાતન્ત્ર**નો ખૂબ પ્રચાર હશે એમ ફલિત થાય છે.[5] એમાં લગભગ ૧૪૦૦ સૂત્રો છે અને એ વિશેષતઃ પ્રચલિત પ્રયોગોને જ સ્પર્શે છે એથી એ લોકપ્રિય બન્યું હશે એમ લાગે છે.

**કાતન્ત્ર** ઉપર જે વૃત્તિઓ મળે છે તેમાં **દુ**ર્ગસિંહકૃત વૃત્તિ સૌથી પ્રાચીન ગણાય છે.[6] આ વૃત્તિમાં **ભાર**વિકૃત **કિરાતાર્જુનીય**માંથી અને **મયૂર**કૃત **સૂર્યશતક**માંથી એકેક અવતરણ અપાયું છે. એ ઉપરથી

---

૧. આ **રૂપમાલા** વૃત્તિ સહિત **હીરા**ચંદ નેમિચંદે મુંબઈથી વિ. સં. ૧૯૫૨માં છપાવ્યું છે. ત્યાર બાદ **બિ**હારીલાલ કથનેરાએ ઈ. સ. ૧૯૨૭માં આ વ્યાકરણ છપાવ્યું છે.

૨. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૭૪)માં **કાતન્ત્ર**ના નામાંતર તરીકે **કલાપ**નો ઉલ્લેખ છે.

૩. આને બદલે **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૨૯૪)માં **શિવ**શર્મા અને **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૩)માં **સર્વ**વર્મન્ નામ છે.

૪. ડૉ. **શામ**શાસ્ત્રીનો એક લેખ Mythic Journalના ઈ. સ. ૧૯૨૮ના જાન્યુઆરીના અંકમાં છપાયો છે. તેમાં એમણે કહ્યું છે કે **કાતન્ત્ર** ઈ. સ. ની ત્રીજી સદીમાં રચાયું હોવું જોઈએ. જુઓ "જૈ. સ. પ્ર." (વ. ૭, અં. ૧-૩, પૃ. ૮૦ ટિ.)

૫. "પુરાતત્ત્વ" (૨, ૪૧૯)માં છપાયેલા લેખમાં જિનવિજયજીએ જે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે તેમાં **કાલાપક** અને **કાતન્ત્ર**ને ભિન્ન ગણ્યા છે :–
"ગૂજરાતમાં વ્યાકરણ-ગ્રંથોમાં પહેલું સ્થાન **કાલાપક**ને અને બીજું સ્થાન **કાતન્ત્ર**ને મળેલું હતું. ગૂજરાતમાં રચાયેલા ગ્રંથોમાં પ્રમાણરૂપે જ્યાં વ્યાકરણનાં સૂત્રો મળી આવે છે ત્યાં મોટે ભાગે આ જ બે વ્યાકરણોનાં હોય છે." - **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૯૫).
આ લેખમાં **વિદ્યાનંદ** વ્યાકરણનો ઉલ્લેખ છે પણ એને દિ. કૃતિ ગણી છે તો શું એ સાચી વાત છે ?

૬. જુઓ **સં. વ્યા. ઇ.** (ભા ૧, પૃ. ૪૦૭).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૭૧ દુર્ગસિંહ **ભારવિ મયૂર**થી પૂર્વવર્તી નથી એમ ફલિત થાય છે. **સં. વ્યા. ઇ.** (ભા. ૧, પૃ. ૪૦૯) પ્રમાણે આ *દુર્ગસિંહ એ **કાશિકા**ના કર્તા કરતાં પ્રાચીન છે.*

**ચ. પ્ર.** (વસ્તુપાલ-પ્રબંધ, પૃ. ૨૨૬)માં દુર્ગસિંહકૃત વૃત્તિનો ઉલ્લેખ છે.

''ભારતીય વિદ્યા'' (વર્ષ ૨, અં. ૩)માં શ્રી, **અ**ગરચંદ નાહટાનો ''जैनेतर ग्रन्थों पर जैन विद्वानोंकी [1]टीकायें'' નામનો લેખ છપાયો છે. એમાં એમણે **કાતન્ત્ર**ને અંગે નવ વૃત્તિઓ નોંધી છે :–

(૧) **દૌર્ગસિંહીવૃત્તિ** – આ ૩૦૦૦ શ્લોકની વૃત્તિના કર્તા **પ્રદ્યુમ્ન**સૂરિ (વિ. સં. ૧૩૬૯) છે.
(૨) [2]**દુર્ગપદપ્રબોધવૃત્તિ** – આ 'ખરતર' ગચ્છના પ્રબોધમૂર્તિ (**જિનપ્રબોધ**સૂરિ)ની વિ. સં. ૧૩૨૮ની રચના છે.
(૩) **બાલાવબોધવૃત્તિ**– આ 'અંચલ' ગચ્છના **મે**રુતુંગસૂરિએ વિ. સં. ૧૪૪૪માં રચી છે.
(૪) [3]**કાતન્ત્રવિસ્તાર** – આના કર્તા **વ**ર્ધમાન છે. [4]**કર્ણદેવોપાધ્યાય** એ એમનું નામાંતર હશે એમ શ્રી **અ**ગરચંદ નાહટાએ કહ્યું છે.

**કાતન્ત્રવિસ્તર**– આના કર્તા કવિ **વ**ર્ધમાન છે અને એની 'કન્નડ' લિપિમાં લખાયેલી ૧૩૪ પત્રની (પંક્તિ પ્રતિપત્ર ૫, અક્ષર પ્રતિપંક્તિ ૩૬) હાથપોથી મળે છે એમ **ક. તા. ગ્રં.** (પૃ. ૧૦૭)માં ઉલ્લેખ છે. પૃ. ૩૨૨ પ્રમાણે આ કવિ **વ**ર્ધમાને **શ્રીપાલચરિત** રચ્યું છે. **કાતન્ત્રવિસ્તાર** નામ સાચું છે કે **કાતન્ત્રવિસ્તર** એ વાત બાજુ પર રાખીએ તો પણ આ કૃતિ **કાતન્ત્ર**ના સ્પષ્ટીકરણરૂપ હશે એમ જણાય છે.

P. ૨૭૨ (૫) **કાતન્ત્રરૂપમાલા** – આના કર્તા દિ. ત્રૈવિદ્ય [5]**ભાવ**સેન છે.
(૬) **કાતન્ત્રરૂપમાલાલઘુવૃત્તિ** – આના કર્તા દિ. **સ**કલકીર્તિ છે.
(૭) **કાતન્ત્રદીપકવૃત્તિ** – આના કર્તા **મુ**નીશ્વરસૂરિના શિષ્ય **હ**ર્ષચન્દ્ર હશે.
(૮) **કાતન્ત્રભૂષણ** – આ [6]૨૪૦૦૦ શ્લોક પૂરતી કૃતિના કર્તા **ધ**ર્મઘોષ છે.
(૯) [7]**વૃત્તિત્રયનિબંધ** – આ ૭૦૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **રાજ**શેખરસૂરિ છે.
[(૧૦) **બાલાવબોધ**– અંચલગચ્છના મહેન્દ્રસૂરિના શિષ્ય **મે**રૂતુંગની આ કૃતિ છે. **સત્તરીભાસ**ની ૧૪૪૯માં રચેલી ટીકામાં કર્તાએ આનો ઉલ્લેખ કર્યો છે.]

---

૧. આ જાતની ટીકાઓની સંક્ષિપ્ત નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૩૦૪, ૩૦૫ ૩૩૪ અને ૩૩૫)માં અપાયેલી છે. એને લક્ષ્યમાં રાખી મેં **શોભન-સ્તુતિ**ની મારી (સંસ્કૃત ભૂમિકામાં સુચવાયા મુજબ **વીર**સંવત્ ૨૪૫૪માં લખેલી) ભૂમિકા (પૃ. ૩૦-૩૧)માં એની નોંધ લીધી છે. અહીં જે **તર્કરહસ્યદીપિકા**નો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે એટલે એ રદ કરવો ઘટે.
૨. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૩)માં આનો ''વૃત્તિવિવરણપંજિકાદુર્ગપદપ્રબોધ'' તરીકે ઉલ્લેખ છે.
૩. આની એક હાથપોથી વિ. સં. ૧૪૫૩માં લખાયેલી છે.
૪. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૪)માં **વ**ર્ધમાનને રાજા **ક**ર્ણદેવના પુરોહિત કહ્યા છે અને શું એઓ જૈન છે એવો પ્રશ્ન ઉઠાવાયો છે.
૫. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૪)માં એમની કૃતિ તરીકે **રૂપમાલાવૃત્તિ**નો ઉલ્લેખ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૩૫માં લખાયેલી છે.
૬. આ સંખ્યા ખરી છે ?
૭. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૮૪)માં ત્રણ પૂર્વવર્તી ટીકાને આધારે ૩૧૦૦ શ્લોક જેવડી અને પદ્યમાં રચાયેલી **કૌમારસારસમુચ્ચય** નામની જે ટીકાનો ઉલ્લેખ છે તે તો આ નથી ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૮૩)માં **ઢુંઢુક**ના પુત્ર **મહાદેવે** રચેલી **શબ્દસિદ્ધિવૃત્તિ**નો ઉલ્લેખ છે. એની તાડપત્રીય પ્રતિ વિ. સં. ૧૩૪૦માં લખાયેલી છે. વળી આ પૃષ્ઠમાં ઉપા. **વીરસિંહ**ના શિષ્ય **ગૌતમે** ૪૦૦૦ શ્લોક જેવડી **દૌર્ગસિંહીદીપિકા** રચ્યાનો ઉલ્લેખ છે. પૃ. ૮૪માં **ગોલ્હણ**કૃત **ચતુષ્કવૃત્તિ**નો **મોક્ષેશ્વર** (અજૈન ?) કૃત [1]**આખ્યાનવૃત્તિ**નો, **પૃથ્વીચંદ્રસૂરિ**કૃત વૃત્તિનો અને એક અજ્ઞાતકર્તૃક વૃત્તિનો ઉલ્લેખ છે.

**બૃ.ટિ.**માં ૩૨૫ શ્લોક જેવડા **કાલાપકવિશેષવ્યાખ્યાન**ની નોંધ છે.

[2]**કલાપ-વ્યાકરણ-સંધિ-ગર્ભિત-સ્તવ-કલાપ** વ્યાકરણનાં ''सिद्धो वर्णसमाम्नायः'' જેવાં સંધિસૂત્રની P. ૨૭૩
પૂર્તિરૂપે આ સ્તવ ૨૩ પદ્યોમાં ઋષભદેવના ગુણોત્કીર્તનરૂપે રચાયેલો છે.

**અવચૂરિ**—આના કર્તાનું નામ જાણવામાં નથી.

**બાલશિક્ષા**—આ ગુજરાતી ભાષા દ્વારા **કાતન્ત્ર** નામનું સંસ્કૃત વ્યાકરણ શિખવવા માટેનું સાધન છે. એ **સાઢાક**ના પુત્ર કૂરસિંહના પુત્ર **સંગ્રામસિંહે** વિ. સં. ૧૩૩૬માં કરેલી રચના છે. આ **સંગ્રામસિંહ** જૈન હશે એમ પં. **લાલચન્દ્ર** ભ. ગાંધીએ ''બાલશિક્ષા'' નામના એમના લેખમાં કહ્યું છે. એ હિસાબે આનો અહીં હું વિચાર કરું છું. પ્રારંભમાં પરબ્રહ્મને પ્રણામ કરી કર્તાએ આ વ્યાકરણના 'પ્રક્રમ' નામના આઠ *વિભાગોનાં નામ ગણાવ્યાં છે :—*

*(૧) સંજ્ઞા, (૨) સંધિ, (૩) સ્યાદિ, (૪) કારક, (૫) સમાસ, (૬) અન્યોક્તિ-વિજ્ઞાન, (૭)* સંસ્કાર અને (૮) ત્યાદિ.

સાતમા પ્રક્રમમાં લગભગ ૬૦૦ ગુજરાતી શબ્દો એના સંસ્કૃત પર્યાય સાથે અપાયા છે.[3] એમાંનાં ઘણાંખરાં ક્રિયાપદ છે. આ વ્યાકરણમાં **શૃંગારતિલકાલંકાર, કુમારસંભવ, શિશુપાલવધ** વગેરેમાંથી અવતરણ અપાયાં છે.

**સારસ્વત વ્યાકરણ**— સામાન્ય રીતે આના કર્તા તરીકે **અનુભૂતિ**-સ્વરૂપાચાર્ય (વિ. સં. ૧૩૦૦)નું નામ સૂચવાય છે, પણ **સં. વ્યા. ઈ.** (ભા. ૧, પૃ. ૪૫૩) પ્રમાણે તો એઓ આ વ્યાકરણની પ્રક્રિયાને સરલ કરનારા છે અને **સારસ્વત**ના વાસ્તવિક કર્તાનું નામ તો **નરેન્દ્રાચાર્ય** છે. **જિ. ૨. કો.** (ખંડ ૧, પૃ. ૪૩૩) પ્રમાણે પણ **અનુભૂતિસ્વરૂપાચાર્યે** તો કોઇકે રચેલાં સરસ્વતી-સૂત્રોની **પ્રક્રિયા** રચી છે. P. ૨૭૪

[4]**ભોજ-વ્યાકરણ** (લ. વિ. સં. ૧૬૬૫)—આના પ્રણેતા પાઠક **વિનયસાગર** છે. એઓ *'વિધિ'* પક્ષના [5]**કલ્યાણસાગરસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે આ પદ્યાત્મક વ્યાકરણ કચ્છના રાજા નામે **ભારમલ્લ**ના

૧. 'આખ્યાન' નહિ પણ 'આખ્યાત' જોઈએ.

૨. આ સ્તવ પ્રકાશિત છે ?

૩. આને લઈને આપણે આ વિભાગને અકારાદિ ક્રમ વિનાના પ્રાચીન ગુજરાતી-સંસ્કૃત કોશ તરીકે ઓળખાવી શકીએ

૪. આ વ્યાકરણ ઉમરસી રાયસીની વિધવા **જેતબાઈએ** વિ. સં. ૧૯૭૫માં મુંબઈથી પ્રકાશિત કર્યું છે. પ્રારંભમાં બે પાનાં જેટલો સંસ્કૃતમાં ઉપોદ્ઘાત છે.

૫. સંસ્કૃત ઉપોદ્ઘાતમાં સૂચવાયું છે કે **સુધર્મસ્વામી**થી ૩૪મી પાટે આ સૂરિ થયા વિ. સં. ૧૬૫૮માં એઓ હસ્તિનાપુરી આસપાસ વિહરતા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુત્ર **ભોજ**ની તુષ્ટિ માટે એની આજ્ઞાથી રચ્યું છે. આ વ્યાકરણ ત્રણ વિભાગમાં વિભક્ત છે. એ વિભાગોને અનુક્રમે પ્રથમા વૃત્તિ, દ્વિતીયા વૃત્તિ અને તૃતીયા વૃત્તિ કહી છે. એમાં અનુક્રમે ૭૦૦ (પત્ર ૧અ-૨૯આ), ૧૦૭૮ (પત્ર ૨૯આ-૬૭આ) અને ૨૫૦ (પત્ર ૬૭આ-૭૬આ) પદ્યો છે. આમ એકંદર ૨૦૨૮ પદ્યો છે. એ પૈકી ઘણાંખરાં 'અનુષ્ટુભ્'માં છે.

પ્રથમા વૃત્તિનો પ્રારંભ **લો**કેશને પ્રણામ કરીને કરાયો છે. બીજા પદ્યમાં **સ**રસ્વતીએ સંજ્ઞ સૂત્રો રચ્યાં છે એમ કહ્યું છે. ત્રીજા પદ્યની શરૂઆત "अ इ उ ऋ लृ समानाः"થી કરાઈ છે. આમ આ વ્યાકરણ **સારસ્વત** વ્યાકરણનાં [1]સૂત્રોનું પદ્યાત્મક વિવરણ છે.[2] આ પ્રથમા વૃત્તિના અંતમાં પ્રશસ્તિરૂપે બે પદ્યો છે. એમાં **ભો**જ રાજા રાજ્ય કરે છે એવો ઉલ્લેખ છે. આથી આ કૃતિ એ રાજાના રાજ્ય દરમ્યાન રચાઈ છે એમ ફલિત થાય છે.

P. ૨૭૫ દ્વિતીયા વૃત્તિની શરૂઆત શ્રીધરને નમનપૂર્વક કરાઈ છે. ત્યાર બાદ ધાતુઓના પ્રત્યયોનો અધિકાર હાથ ધરાયો છે. આમ આ 'ત્યાદિ'ની વૃત્તિ છે. આના અંતમાં પણ પ્રથમા વૃત્તિની પેઠે પ્રશસ્તિરૂપે બે પદ્યો અપાયાં છે અને તે પણ લગભગ એનાં એ જ છે.

તૃતીયા વૃત્તિના પ્રારંભમાં **શં**ભુને નમસ્કાર કરાયો છે અને અંતમાં પહેલી બે વૃત્તિની જેમ બે પદ્યો પ્રશસ્તિરૂપે છે. ત્યાર પછી નીચે મુજબનું એક વધારાનું પદ્ય છે :

"अवताद् वो हयग्रीवः कमलाकर ईश्वरः । सुरासुरनराकारमधुपापीतपत्कजः ॥"

આ **સારસ્વત** વ્યાકરણ તરફ જૈનોની અભિરુચિ સૂચવે છે. આની વિશેષ પ્રતીતિ તો એથી થાય છે કે એના ઉપર નીચે મુજબની ૧૯ જૈન ટીકાઓ મળે છે :–

(૧) **દીપિકા યાને ઢુંઢિકા** – આ વૃત્તિ 'વટ' ગચ્છના **વિ**નયસુન્દરના શિષ્ય **મે**ઘરત્ને વિ. સં. ૧૫૩૬માં રચી છે. આને કેટલાક ઢુંઢિકા કહે છે. આનું પરિમાણ લગભગ ૭૫૦૦ શ્લોક જેટલું છે. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૩૪)માં ૪૫૦૦ જેટલું કહ્યું છે તે સમુચિત નથી. વળી ગચ્છનો 'બૃહત્ ખરતર' તરીકેનો ઉલ્લેખ ભ્રાન્ત છે. આની વિ. સં. ૧૬૦૫માં લખાયેલી હાથપોથી મળે છે. એ 'મહિમાભક્તિ' ભંડારમાં છે.

(૨) **વૃત્તિ** – દયારત્ને વિ. સં. ૧૬૨૬ની આસપાસમાં આ વૃત્તિ રચી છે.

(૩) **ક્રિયાચન્દ્રિકા**– વિ. સં. ૧૬૪૧માં 'ખરતર' ગચ્છના **ગુ**ણરત્ને આ રચી છે.

P. ૨૭૬ (૪) **ન્યાસ** – આ **ર**ત્નહર્ષ અને **હે**મરત્નના સંયુક્ત પરિશ્રમનું ફળ છે.

(૫) **રૂપરત્નમાલા** – **ભા**નુમેરુના શિષ્ય [3]**ન**યસુન્દરે ૧૪૦૦૦ શ્લોક જેવડી આ ટીકા વિ. સં. ૧૬૭૬માં રચી છે.

---

૧. સરોવરમાં પદ્મો જેમ ભમતા ભમરાઓની શ્રેણિમાં શોભે છે તેમ અંતર્ભૂત સૂત્રો પદ્યોની શ્રેણિમાં શોભે છે. જુઓ પૃ. ૭૬આ, શ્લો. ૨૪૪.

૨. કેટલાક પ્રયોગો **પા**ણિનિના વ્યાકરણને આધારે અપાયા છે. જુઓ પત્ર ૭૬આ

૩. **જિ. ર. કો.** (ખંડ ૧, પૃ. ૪૩૪) પ્રમાણે આ **ધ**નરત્નના શિષ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૬) **વૃત્તિ** – 'ખરતર' ગચ્છના **હેમનંદન** અને **રત્નહર્ષ**ના શિષ્ય **સહજકીર્તિ**એ **લક્ષ્મીકીર્તિ**ની સહાયતાથી વિ. સં. ૧૬૮૧માં આ રચી છે.

(૭) [1]**ટીકા-ચન્દ્રકીર્તિસૂરિ**એ આ ટીકા વિક્રમની ૧૭મી સદીમાં રચી છે. **સારસ્વત-ધાતુપાઠ** રચનારા હર્ષકીર્તિસૂરિએ આનો પ્રથમાદર્શ લખ્યો છે.

(૮) **ટીકા** – હર્ષકીર્તિસૂરિએ આ રચી છે.[2]

(૯) **પ્રક્રિયા-વૃત્તિ**– વિક્રમની ૧૭મી સદીના 'ખરતર' ગચ્છના **વિશાલકીર્તિ**ની આ રચના છે.

(૧૦) **ટીકા** – 'તપા' ગચ્છના ઉપા. **ભાનુચન્દ્રે** આ રચી છે.

(૧૧) **ટીકા** – આની રચના **ભાનુચન્દ્ર**ના શિષ્ય **દેવચન્દ્રે** પદ્યમાં કરી છે.

(૧૨) **ટિપ્પનક**– આ હરિભદ્રની શિષ્ય **ક્ષેમેન્દ્રે** વિ. સં. ૧૬૯૨માં રચ્યું છે. **ભાનુચન્દ્રગણિ**એ ૨૧૫૦ શ્લોક જેવડું જે ભાષ્યવિવરણ રચ્યું છે તે આ ટિપ્પનકની ટીકા છે એમ કેટલાક કહે છે.

(૧૩) **પંજિકા** – આના કર્તા **ધર્મદેવ** છે.

(૧૪) **વૃત્તિ** – આ વૃત્તિ છંદોબદ્ધ છે. એ 'અંચલ' ગચ્છના **કલ્યાણસાગર**ના શિષ્ય **વિનયસાગરે** રચી છે. P. ૨૭૭

(૧૫) **સિદ્ધાન્તચન્દ્રિકા** – આના કર્તા **જ્ઞાનતિલક** છે.

(૧૬) **સિદ્ધાન્તરત્ન** – આના કર્તા **જિનેન્દ્ર** છે.

(૧૭) **ન્યાયરત્નાવલી** – આ ૧૩૦૦ શ્લોક જેવડી ટીકાના કર્તા **દયાનંદ** છે.

(૧૮) **સારદીપિકા** – **યતીશે** આ વૃત્તિ ૨૨૦૦ શ્લોક જેવડી રચી છે.

(૧૯) [3]**પંચસંધિટીકા** – આના કર્તા **સોમશીલ** છે.

**સિદ્ધાન્ત-ચન્દ્રિકા**– આ **સારસ્વત** વ્યાકરણની અજૈન [4]રામાશ્રમે રચેલી ટીકા છે. એ ટીકા ઉપર નીચે મુજબની જૈન ટીકાઓ છે :–

(૧) **ટીકા** – આ અજ્ઞાતકર્તૃક છે.

(૨) **ટિપ્પન** – આના કર્તા **ચન્દ્રકીર્તિસૂરિ** છે કે જેમણે **સારસ્વત** વ્યાકરણ ઉપર વૃત્તિ રચી છે.

(૩) **વૃત્તિ** – 'ખરતર' ગચ્છના **ભક્તિવિજય**ના શિષ્ય **સદાનંદગણિ**એ આ વૃત્તિ વિ. સં. ૧૭૯૮માં રચી છે. આને કેટલાક **સુબોધિની** કહે છે.

(૪) **વૃત્તિ** – **વિજયવર્ધન**ના શિષ્ય **જ્ઞાનતિલકે** વિક્રમની ૧૮મી સદીમાં આ રચી છે.

૧. આ "વેંકટેશ્વર મુદ્રણાલય" તરફથી છપાઈ છે. [ભીમશી માણેકે પ્રગટ કરી છે.]

૨. જુઓ **અમરવિજયજી**ના શિષ્ય **ચતુરવિજયજી**નો લેખ "જૈનેતર સાહિત્ય અને જૈનો." આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૫૪, અં. ૯)માં છપાયો છે.

૩. ઉપા. **રાજસી**એ **પંચસંધિ-બાલાવબોધ** રચ્યો છે.

૪. શ્રી **અગરચંદ** નાહટાએ **રામચન્દ્રાશ્રય** એવું નામ દર્શાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫) **સુબોધિની** – 'ખરતર' ગચ્છના **રૂ**પચન્દ્રે (**રા**મવિજયે) **વિક્રમ**ની ૧૮મી સદીના અંત ભાગમાં આ રચી છે.

P. ૨૭૮ **સારસ્વત–મંડન** (લ. વિ. સં. ૧૪૭૫) – આના કર્તા **અલંકાર-મંડન** વગેરેના રચનારા જૈન ગૃહસ્થ **મં**ડન મંત્રી છે. એમણે આ ૧૫૦૦ શ્લોક જેવડી કૃતિ **સારસ્વત** વ્યાકરણને અંગે રચી છે. એની તાડપત્રીય પ્રતિ વિ. સં. ૧૫૦૪માં લખાયેલી છે અને એ પાટણના ભંડારમાં છે.

**ધાતુપાઠ** (વિ. સં. ૧૬૬૩) – આ **સારસ્વત** વ્યાકરણને અંગેનો ધાતુપાઠ છે. એ 'નાગપુરીય તપા' ગચ્છના **હ**ર્ષકીર્તિસૂરિએ વિ. સં. ૧૬૬૩માં રચ્યો છે. એના ઉપર **ધાતુતરંગિણી** નામની સ્વોપજ્ઞ વૃત્તિ છે.

[1]**વીરસ્તવ** (ઉ. વિ. સં. ૧૭૮૦)– આ **પાર્શ્વ**ચન્દ્રે ૧૧ પદ્યમાં રચેલો અને **સારસ્વત** વ્યાકરણના 'સંજ્ઞા' અધિકારનાં સૂત્રોનાં પદોથી અંકિત સ્તવ છે.

**ટીકા** – આ ટીકા 'પૂર્ણિમા' ગચ્છના **ભા**વપ્રભસૂરિએ રચી છે. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

[2]**સિદ્ધાન્તરત્નિકા** (લ. વિ. સં. ૧૮૫૦) – આ 'નાગપુરીય તપા' ગચ્છના **સા**ગરચન્દ્રસૂરિના શિષ્ય **જિ**નચન્દ્રે સરસ્વતી-સૂત્રોને લક્ષીને રચેલું વ્યાકરણ છે. એ **જિ**નચન્દ્રે 'ખરતર' ગચ્છના **ક્ષ**માકલ્યાણને **ગુણસાગર-ચરિત્ર** અને **પૃથ્વીચન્દ્ર-ચરિત્ર**ની રચનામાં સહાય કરી હતી.

**સારસ્વત-વિભ્રમની** અવચૂર્ણિ–આપણે પૃ. ૮૬-૮૭માં જોઈ ગયા તેમ ૨૧ કારિકાની એક કૃતિને **હૈમ-વિભ્રમ** તેમજ **સારસ્વત-વિભ્રમ** પણ કહે છે. એ કૃતિ ઉપર 'ખરતર' ગચ્છના **મ**તિભદ્રગણિના શિષ્ય **ચા**રિત્રસિંહે 'ખરતર' ગચ્છના **જિ**નમાણિક્યસૂરિના પટ્ટધર **જિ**નચન્દ્રસૂરિના રાજ્યમાં વિ. સં.
P. ૨૭૯ ૧૬૨૫માં ધોળકામાં [3]અવચૂર્ણિ રચી છે અને એ દ્વારા વ્યાકરણવિષયક કોયડાઓનો ઉકેલ **સારસ્વત** વ્યાકરણનાં સૂત્રો આપી કર્યો છે. '**च**' કારથી જે કેટલીક બાબતો સમજવાની છે તે બાબતો એકંદર ૧૧ કારિકારૂપે આ અવચૂર્ણિમાં અપાઇ છે[4] અને એમાંની બે અવચૂર્ણિકારની રચના છે. વળી **હૈમવિભ્રમ**ની ગુણચન્દ્રસૂરિકૃત વૃત્તિવાળી આ વૃત્તિમાં "**यूथानि गूथानि**" થી શરૂ થતું છઠ્ઠું પદ્ય છે તે આ **સારસ્વત-વિભ્રમ**માં નથી. કોઈ કોઈ સ્થળે પાઠાંતર છે તેને લક્ષીને આ અવચૂર્ણિ રચાઈ છે.

**અનિટ્-કારિકા**– આના કર્તા વિષે ખબર નથી. એને અંગે ત્રણ સ્પષ્ટીકરણો મળે છે :–

(૧) **ટીકા** – આ અજ્ઞાતકર્તૃક છે.

(૨) **વિવરણ** – હર્ષકીર્તિસૂરિએ વિ. સં. ૧૬૬૩માં આ રચ્યું છે.

(૩) **વિવરણ** – આના કર્તા **ક્ષ**મામાણિક્ય છે. આ વિવરણની એક હાથપોથીનો સંક્ષિપ્ત

૧. આ સ્તવ ભાવપ્રભસૂરિકૃત ટીકા સહિત **સ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૬૧અ-૬૪અ)માં છપાયો છે.
૨. આ કૃતિ "જૈન જ્ઞાન ભંડાર સમાજ" તરફથી વીસનગરથી વિ. સં. ૧૯૬૬માં પ્રકાશિત કરાઈ છે. વળી એ "ય. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૩૦માં છપાઈ છે.
૩. આ મૂળ કૃતિ સહિત "ઋ. કે. શ્વે. સં." તરફથી ઇ. સ. ૧૯૨૭માં પ્રકાશિત છે. જુઓ પૃ. ૮૬
૪. જુઓ પત્ર ૩૬, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૭, ૪૯ અને ૫૦. પત્ર ૩૬માં વધારાની બે કારિકા, ૪૧મામાં બે, ૪૨મામાં બે (આ બે પદ્યો અવચૂરિકારની રચના છે) અને બીજાં બધાં પત્ર ઉપર એકેક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિચય D C G C M (Vol. II, pt. 1, p. 187) માં અપાયો છે. ત્યાં કહ્યું છે કે અનિટ્કારિકામાં [1]૧૧ પદ્યો છે. અને એ કાતન્ત્ર વ્યાકરણને અનુસરતાં હોય એમ જણાય છે.

આ વિવરણ વિનીત **અક્ષયચન્દ્ર**ના પઠનાર્થે જલંધરમાં **ક્ષમા**માણિક્યગણિએ રચ્યું છે એમ એના અંતિમ પદ્યમાં ઉલ્લેખ છે.

**અવચૂરિ–અનિટ્કારિકા** ઉપર [2]બે અવચૂરિ છે. એમાંની એક મુનિ **ભા**વરત્ને લખી છે. 'અવચૂરિ' શબ્દ વિચારતાં આ બંને અવચૂરિના કર્તા જૈન અને તે પણ શ્વેતાંબર હોય એમ લાગે છે. આને શ્રી. **અ**ગરચંદ નાહટાએ અવચૂરિ કહી છે.

**ભૂ-ધાતુ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

**ભૂ-ધાતુ**-વૃત્તિ– આ વૃત્તિ 'ખરતર' ગચ્છના [3]**ક્ષમા**કલ્યાણે વિ. સં. ૧૮૨૮માં રચી છે.

**ભૂધાતુ-વૃત્તિ-સંગ્રહ** – આના કર્તા **જિ**નલાભસૂરિ છે.

## (૨) કોશ

P. ૨૮૦

[4]**અમર-કોશ**– આ **નામલિંગાનુશાસન**ના કર્તા **અમર**સિંહને ઘણાખરા વિદ્વાનો અજૈન-બૌદ્ધ માને છે. એથી હું એમની કૃતિ વિષે અહીં વિચાર કરું છું. એમના આ કોશનું નામ ન સાંભળ્યું હોય એવી સંસ્કૃતજ્ઞ વ્યક્તિ ભાગ્યે જ હશે. આ કોશ જે સ્વરૂપે અત્યાર સુધી મળ્યો છે તે જોતાં એમાં (૧) સ્વરાદિ, (૨) ભૂમ્યાદિ અને (૩) સામાન્ય એમ ત્રણ કાંડ છે. પ્રથમ કાંડમાં સ્વર્ગ, પાતાલ ઇત્યાદિ દસ વર્ગ છે; બીજામાં ભૂમિ વગેરે દસ વર્ગ છે; અને ત્રીજામાં વિશેષ્યનિઘ્ન ઇત્યાદિ પાંચ વર્ગ છે.

**ક્રિયાકલાપ**– વિ. સં. ૧૨૫૦ થી ૧૩૦૦ના ગાળામાં થઈ ગયેલા દિ. **આશાધરે અમરકોશ** ઉપર ટીકા રચી છે એમ અનગારધર્મામૃત ઉપરની એમની વૃત્તિની પ્રશસ્તિ ઉપરથી જણાય છે. પરંતુ હજી સુધી તો એ ટીકા મળી આવી નથી. આ ટીકાનું નામ **ક્રિયાકલાપ** છે એમ કેટલાક કહે છે, પણ એ તો આ દિ. પંડિતની અન્ય કૃતિ છે.

[5]**શંખેશ્વર-પાર્શ્વનાથ-સ્તુતિ**- આ **અમરકોશ**ના [6]આદ્ય પદ્યનાં ચાર ચરણની પૂર્તિરૂપે ચાર અને પ્રશસ્તિનું એક પદ્ય એમ પાંચ પદ્ય **ક્ષમા**કલ્યાણે **સૂક્તરત્નાવલી**માં શ્લો. ૧૨-૧૬ તરીકે રચ્યાં છે (જુઓ

---

૧. આ પૈકી આદ્ય અને અંતિમ એ બે પદ્યો D C G C M (Vol. II, pt. 1, p.187.)

૨. આ બેનાં અવતરણ માટે જુઓ D C G C M (Vol. II, pt. 1, )નાં અનુક્રમે પૃ. ૧૮૯ અને ૧૯૧.

૩. એમની વિવિધ કૃતિઓની નોંધ માટે જુઓ પૃ. ૨૫૮.

૪. આનાં વિવિધ પ્રકાશનો જોવાય છે. જેમકે **પાં**ડુરંગ જાદવજી દ્વારા "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૯૨૧માં પ્રકાશિત આઠમું સંસ્કરણ અને આ જ મુદ્રણાલય તરફથી **ભટ્ટો**જિ દીક્ષિતના પુત્ર **ભા**નુજિ દીક્ષિતે રચેલી **વ્યાખ્યાસુધા** યાને **રામાશ્રમી** નામની વૃત્તિ સહિતની મૂળ કૃતિનું ઈ. સ. ૧૯૪૪માં પ્રકાશિત છઠ્ઠું સંસ્કરણ.

૫. આ સ્તુતિ અવચૂરિ સહિત **સ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૮૮આ-૮૯અ)માં છપાવાઈ છે.

૬. "यस्य ज्ञानदयासिन्धोरगाधस्यानघा गुणाः । सेव्यतामक्षयो धीराः ! सश्रिये चामृताय च ॥"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૃ. ૨૫૮). પ્રથમ ચરણ પ્રથમ પદ્યના પ્રથમ ચરણરૂપે, દ્વિતીય ચરણ દ્વિતીય પદ્યના દ્વિતીય ચરણરૂપે એમ અહીં યોજના કરાઈ છે.

P. ૨૮૧

## (૩) છન્દ

[1]**શ્રુતબોધ**– આના કર્તા તરીકે કેટલાક **કાલિદાસ**નું તો કેટલાક **વરરુચિ**નું નામ સૂચવે છે. આ ૪૪ પદ્યની નાનકડી કૃતિ એના પ્રણેતાએ પોતાની પત્નીને સંબોધીને રચ્યાનું કહેવાય છે. આમાં એમણે આઠ ગણો ગણાવી, આર્યા વગેરેનાં લક્ષણોથી શરૂઆત કરી, કયો અક્ષર ગુરુ છે અને કયો લઘુ છે એ રીતે, યતિના નિર્દેશપૂર્વક સમવૃત્તોનાં લક્ષણો આપ્યાં છે. આ **શ્રુતબોધ** ઉપર નીચે મુજબની છ જૈન ટીકાઓ છે :–

(૧) **વૃત્તિ**– આના કર્તા **નાનક** ઉર્ફે **જીમૂતાનંદ**ના શિષ્ય [2]હંસરાજ છે. એમણે આ **વૃત્તિ** વિ. સં. ૧૬૪૫માં રચી છે.

(૨) **વૃત્તિ**– આના રચનાર 'નાગપુરીય તપા' ગચ્છના **ચન્દ્રકીર્તિ**-સૂરિના શિષ્ય **હર્ષકીર્તિ**સૂરિ છે. આમ આ વિક્રમની ૧૭મી સદીની કૃતિ છે.

(૩) **વૃત્તિ** – આના કર્તા **નય**વિમલ છે.

(૪) **વૃત્તિ** – આ વાચક **મેઘચન્દ્ર**ના શિષ્યની રચના છે. આનો પ્રારંભ "श्रीमत्सारस्वतं" થી થાય છે[3] તો શું આ જ વૃત્તિ "વેંકટેશ્વર *મુદ્રણાલય" તરફથી છપાઈ છે ?*

(૫) **પુરાણી વૃત્તિ** – આના કર્તા **કાન્તિ**વિજય છે.

(૬) **ટીકા** – આના કર્તા **મા**ણિક્યમલ્લ છે.

P. ૨૮૨ [4]**વૃત્ત-રત્નાકર** (લ. વિ. સં. ૧૦૦૦)– આના કર્તા શૈવ શાસ્ત્રના જાણકાર **પવ્યેક**ના પુત્ર **કે**દારભટ્ટ છે. એમનો સમય ઈ. સ. ૧૦૦૦ની આસપાસનો ગણાય છે.[5] એમણે રચેલી આ પદ્યાત્મક કૃતિ **શ્રુતબોધ** કરતાં મોટી છે. એ નિમ્નલિખિત છ અધ્યાયમાં વિભક્ત છે :–

(૧) સંજ્ઞા, (૨) માત્રાવૃત્ત, (૩) સમવૃત્ત, (૪) અર્ધસમવૃત્ત, (૫) વિષમવૃત્ત અને (૬) પ્રસ્તાર.

**ટીકાઓ**– આ વૃત્તરત્નાકર ઉપર નીચે મુજબની છ જૈન ટીકાઓ રચાઈ છે :–

---

૧. આ કૃતિ "श्रीमत्सारस्वतं धाम"થી શરૂ થતી વૃત્તિ તેમજ સટીક **વૃત્તરત્નાકર** સહિત **ક્ષે**મરાજ કૃષ્ણદાસે "વેંકટેશ્વર મુદ્રણાલય" તરફથી વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત કરી છે. **શ્રુતબોધ**ની આ વૃત્તિમાં **વૃત્તરત્નાકર**માંથી અવતરણો અપાયાં છે.

૨. શું આ જૈન છે ?

૩. જુઓ પ્રો. **પિટર્સન**ના ત્રીજા હેવાલનું પરિશિષ્ટ (પૃ. ૨૨૫).

૪. આ "હરિતોષ સમિતિ" દ્વારા અને "વેંકટેશ્વર મુદ્રણાલય" તરફથી છપાયો છે.

૫. જુઓ A B O R I (Vol. XVII, pp 397-399) માં છપાયેલો શ્રી. પી. કે. **ગો**ડેનો લેખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) [1]**ઉપાધ્યાયનિરપેક્ષા**– આ નામની વૃત્તિના કર્તા **આસડ** છે. આ **આસડ** તે **વિક્રમ**ની તેરમી સદીમાં વિદ્યમાન, 'કવિસભાશૃંગાર'ના બિરુદથી વિભૂષિત અને **મેઘદૂત** ઉપર ટીકા રચનારા **આસડ** જ હશે એમ લાગે છે.

(૨) **વૃત્તિ**– **'વાદી દે**વસૂરિના સંતાનીય [2]જયમંગલસૂરિના શિષ્ય [3]**સોમચ**ન્દ્રગણિએ આ વૃત્તિ વિ. સં. ૧૩૨૯માં રચી છે.

(૩) **ટિપ્પનક**– 'ખરતર' ગચ્છના **જિ**નભદ્રસૂરિના શિષ્ય **ક્ષે**મહંસે આ ટિપ્પનક રચ્યું છે. એઓ **વિક્ર**મની ૧૫મી સદીમાં થઈ ગયા છે.

(૪) **બાલાવબોધ** – 'ખરતર' ગચ્છના **મે**રુસુન્દરે આ **બાલાવબોધ** રચ્યો છે. એઓ **વિક્ર**મની સોળમી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા.

(૫) **વૃત્તિ** – આ વૃત્તિ **સ**મયસુંદરગણિએ વિ. સં. ૧૬૯૪માં રચી છે. P. ૨૮૩

(૬) વૃત્તિ – આના કર્તા **હ**ર્ષકીર્તિસૂરિના શિષ્ય **અ**મરકીર્તિના શિષ્ય **ય**શઃકીર્તિ છે.

## (૪) અલંકાર

[4]**કાવ્યાદર્શ**[5] (લ. વિ. સં. ૭૦૦) – આની રચના [6]દંડીએ કરી છે. એમનો સમય ઇ. સ. ૬૦૦થી ૭૦૦ના ગાળાનો ગણાય છે. કેટલાકને મતે **ભા**રવિ એમના પિતામહના મિત્ર થાય છે. એમના આ **કાવ્યાદર્શ**માં ત્રણ પરિચ્છેદ છે. જેઓ ચાર ગણાવે છે તેઓ ત્રીજાના બે ભિન્ન ભિન્ન વિભાગ પાડી તેમ કરે છે. એમાં લગભગ ૬૬૦ પદ્યો છે. પ્રથમ પરિચ્છેદમાં કાવ્યની વ્યાખ્યા આપી એના ગદ્ય, પદ્ય અને મિશ્ર એમ ત્રણ પ્રકાર સુચવાયા છે. ગદ્યના આખ્યાયિકા અને કથા એવા બે ભેદ સૂચવી એ બેમાં વાસ્તવિક રીતે કશો તફાવત નથી એમ અહીં કહેવાયું છે. સાહિત્યના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર એમ ચાર પ્રકાર દર્શાવાયા છે. વૈદર્ભી અને ગૌડી એ બે રીતિ, દસ ગુણો, અનુપ્રાસ તેમજ કવિ બનવા માટેની ત્રિવિધ યોગ્યતા એ વિષયો પણ પ્રથમ પરિચ્છેદમાં જોવાય છે.

દ્વિતીય પરિચ્છેદમાં અલંકારની વ્યાખ્યા આપી પાંત્રીસ અલંકારો ગણાવાયા છે.

